# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

# વાર્ષિક વહીવટી અહેવાલ
# ૨૦૦૨-૨૦૦૩

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
# ૨૦૦૨-૨૦૦૩ વાર્ષિક વહીવટી અહેવાલ

## અનુક્રમણિકા


| **પ્રકરણ નંબર** | **પ્રકરણનું નામ** | **પાના નંબર** |
|---|---|---|
| | અનુક્રમણિકા | I થી III |
| | મ્યુનિસિપલ કમિશનરશ્રીનું નિવેદન | IV થી X |
| | આંકડાકીય વિશ્લેષણ | XI થી XVII |
| ૧ | હદ વસતિ અને બંધારણ | ૧ થી ૨ |
| ૨ | **સામાન્ય વહીવટી તંત્ર** | ૩ |
| ૨.૧ | સેક્રટરી ઓફિસ | ૩ થી ૧૧ |
| ૨.૨ | સેન્ટ્રલ ઓફિસ | ૧૨ થી ૧૪ |
| ૨.૩ | ટેક્ષ વિભાગ | ૧૫ થી ૧૯ |
| ૨.૪ | કોમ્પ્યુટર ખાતુ | ૨૦ થી ૨૧ |
| ૨.૫ | ઈલેક્શન ખાતુ | ૨૨ થી ૨૩ |
| ૨.૬ | વેલફેર ખાતુ | ૨૪ થી ૨૫ |
| ૨.૭ | ગુમાસ્તાધારા ખાતુ | ૨૬ થી ૨૯ |
| ૨.૮ | લીગલ ખાતુ | ૩૦ થી ૩૨ |
| ૨.૯ | હિલ ગાર્ડન પ્રાણી સંગ્રહાલય અને બાલવાટિકા | ૩૩ થી ૩૭ |
| ૨.૧૦ | નાંણા ખાતુ | ૩૮ થી ૫૭ |
| ૨.૧૧ | સેન્ટ્રલ રેકર્ડ ખાતુ | ૫૮ થી ૬૦ |
| ૨.૧૨ | પ્લાનીગ એન્ડ ફાયનાન્સ સેલ | ૬૧ થી ૬૯ |
| ૨.૧૩ | ઓક્ટ્રોય વિભાગ | ૭૦ થી ૭૪ |
| ૨.૧૪ | કંટ્રોલ રૂમ | **૭૫ થી ૭૬** |
| ૨.૧૫ | મ્યુનિસિપલ સ્નાનાગાર | ૭૭ થી ૭૯ |
| ૨.૧૬ | સંસ્કાર કેન્દ્ર ( મ્યુઝિયમ ) | ૮૦ થી ૮૧ |
| ૨.૧૭ | વીજીલન્સ ખાતુ | ૮૨ થી ૮૩ |
| ૨.૧૮ | પબ્લીસીટી ખાતુ | ૮૪ |
| ૨.૧૯ | સેન્ટ્રલ સ્ટોર્સ | ૮૫ થી ૮૮ |
| ૨.૨૦ | ઈન્ડસ્ટ્રીયલ રીલેશન ખાતુ | ૮૯ થી ૯૩ |
| ૨.૨૧ | સેન્ટ્રલ પુલ ઓફ ટાઈપીસ્ટ | ૯૪ |
| ૨.૨૨ | ઓડિટ ખાતુ | ૯૫ થી ૯૭ |
| **૨.૨૩** | હેરીટેજ ડીપાર્ટમેન્ટ | ૯૮ થી ૧૦૦ |

| | | |
|---|---|---|
| ૩ | **એસ્ટેટ એન્ડ ટાઉન ડેવલપમેન્ટ વિભાગ** | ૧૦૧ |
| ૩.૧ | એસ્ટેટ વિભાગ | ૧૦૧ થી ૧૧૬ |
| ૩.૨ | નગરવિકાસ ખાતુ | ૧૧૭ થી ૧૨૪ |
| ૪ | **ઈજનેર વિભાગ** | ૧૨૫ |
| ૪.૧ | વોટર પ્રોજેક્ટ | ૧૨૬ થી ૧૨૭ |
| ૪.૨ | બ્રીજ ડિવીઝન | ૧૨૮ થી ૧૨૯ |
| ૪.૩ | રોડ પ્રોજેક્ટ | ૧૩૦ થી ૧૩૪ |
| ૪.૪ | ડ્રેનેજ પ્રોજેક્ટ | ૧૩૫ થી ૧૪૦ |
| ૪.૫ | સાબરમતી શુધ્ધિકરણ યોજના | ૧૪૧ થી ૧૫૦ |
| ૪.૬ | પાણી પુરવઠો તથા દુધેશ્વર વોટર વર્કસ | ૧૫૧ થી ૧૫૯ |
| ૪.૭ | ઈજનેર મધ્ય ઝોન | ૧૬૦ થી ૧૬૨ |
| ૪.૮ | ઈજનેર પૂર્વ ઝોન | ૧૬૩ થી ૧૬૫ |
| ૪.૯ | ઈજનેર પશ્ચિમ ઝોન | ૧૬૬ થી ૧૭૦ |
| ૪.૧૦ | ઈજનેર ઉત્તર ઝોન | ૧૭૧ |
| ૪.૧૧ | ઈજનેર દક્ષિણ ઝોન | ૧૭૨ થી ૧૭૩ |
| ૪.૧૨ | બગીચા ખાતુ | ૧૭૪ થી ૧૭૫ |
| ૪.૧૩ | દીવા બત્તી | ૧૭૬ થી ૧૭૯ |
| ૪.૧૪ | સેન્ટ્રલ વર્કશોપ | ૧૮૦ થી ૧૮૩ |
| ૪.૧૫ | સેન્ટ્રલ લેબોરેટરી | ૧૮૪ થી ૧૮૬ |
| ૪.૧૬ | સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ વિભાગ | ૧૮૭ થી ૧૯૦ |
| ૪.૧૭ | સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ | ૧૯૧ થી ૧૯૨ |
| ૫ | ફાયર બ્રિગેડ | ૧૯૩ થી ૨૦૦ |
| ૫.૧ | કોમ્યુનિકેશન વિભાગ | ૨૦૧ થી ૨૦૩ |
| ૬ | **આરોગ્ય અને તબીબી સેવાઓ** | ૨૦૪ |
| ૬.૧ | જન્મ મરણ ખાતુ | ૨૦૪ |
| ૬.૨ | રોગ પ્રતિકારક રસીઓ | ૨૦૫ |
| ૬.૩ | એપેડેમિક સેલ | ૨૦૫ |
| ૬.૪ | તબીબી વિભાગ | ૨૦૫ થી ૨૦૬ |
| ૬.૫ | ચેપીરોગ હોસ્પિટલ | ૨૦૬ |
| ૬.૬ | ન્યુ ચેસ્ટ ક્લીનીક ( ટી.બી. હોસ્પિટલ ) | ૨૦૬ |
| ૬.૭ | સ્લોટર હાઉસ | ૨૦૬ થી ૨૦૭ |
| ૬.૮ | મેલેરિયા વિભાગ | ૨૦૭ |
| ૬.૯ | પબ્લીક હેલ્થ લેબોરેટરી | ૨૦૭ |
| ૬.૧૦ | ફ્લાઈંગ સ્કવોર્ડ | ૨૦૭ થી ૨૦૮ |

| | | |
|---|---|---|
| ૬.૧૧ | સંકલિત બાળ વિકાસ યોજના | ૨૦૮ થી ૨૦૯ |
| ૬.૧૨ | બાળ લકવા નાબુદી અભિયાન | ૨૦૯ થી ૨૧૯ |
| ૬.૧૩ | કુટુંબ કલ્યાણ એકમ | ૨૨૦ થી ૨૨૧ |
| ૬.૧૪ | અર્બન કોમ્યુનીટી ડેવ. ( યુ.સી.ડી ) | ૨૨૨ થી ૨૨૪ |
| ૬.૧૫ | મધ્યાહન ભોજન યોજના | ૨૨૫ થી ૨૨૮ |
| ૬.૧૬ | હેલ્થ ખાતાની ઝોન લેવલે થતી કામગીરી<br>૧. મધ્ય ઝોન<br>૨. ઉત્તર ઝોન<br>૩. દક્ષિણ ઝોન<br>૪. પૂર્વ ઝોન<br>૫. પશ્ચિમ ઝોન | ૨૨૯ થી ૨૩૩ |
| **૭** | **કન્ઝરવન્સી સેવાઓ** | ૨૩૪ |
| ૭.૧ | રેફયુઝ વિભાગ (સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ) | ૨૩૪ થી ૨૩૬ |
| ૭.૨ | ઢોર ત્રાસ અંકુશ વિભાગ (સી.એન.સી.ડી.) | ૨૩૭ થી ૨૩૯ |
| **૮** | **તબીબી સેવાઓ (હોસ્પિટલો )** | |
| ૮.૧ | શેઠ વાડીલાલ સારાભાઈ જનરલ હોસ્પિટલ | ૨૪૦ થી ૨૫૨ |
| ૮.૨ | શેઠ લલ્લુભાઈ ગોરધનદાસ મ્યુ. જનરલ હોસ્પિટલ | ૨૫૩ થી ૨૫૮ |
| ૮.૩ | શ્રીમતી શા.ચી.લા. મ્યુ. જનરલ હોસ્પિટલ | ૨૫૯ થી ૨૬૪ |
| ૮.૪ | શેઠ ચી.હ. નગરી આંખની હોસ્પિટલ | ૨૬૫ થી ૨૭૧ |
| **૯** | **સાર્વજનિક કેળવણી (સ્કૂલ બોર્ડ )** | ૨૭૨ |
| ૯.૧ | પ્રાથમિક શિક્ષણ | ૨૭૨ થી ૨૮૨ |
| ૯.૨ | માધ્યમિક શાળાઓ | ૨૮૩ થી ૨૮૪ |
| ૯.૩ | શ્રીમતી એન.એચ.એલ.મ્યુ. મેડીકલ કોલેજ | ૨૮૫ થી ૨૯૦ |
| ૯.૪ | પુસ્તકાલયો અને વાંચનાલયો | ૨૯૧ થી ૨૯૨ |
| ૯.૫ | બાલભવન | ૨૯૩ થી ૨૯૫ |
| ૯.૬ | વ્યાયામ વિદ્યાલય | ૨૯૬ થી ૨૯૭ |
| ૯.૭ | શેઠ માણેકલાલ જેઠાલાલ પુસ્તકાલય | ૨૯૮ થી ૩૦૯ |
| ૧૦ | અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ | ૩૧૦ થી ૩૧૮ |

# વાર્ષિક વહીવટી અહેવાલ ૨૦૦૨-૨૦૦૩

## મ્યુનિસિપલ કમિશનરશ્રીનું નિવેદન

ભારતના પશ્ચિમ ક્ષેત્રમાં ઔદ્યોગિક, વ્યાવસાયીક, રોજગાર, સાંસ્કૃતિક તથા શૈક્ષણિક દ્રષ્ટિએ રાષ્ટ્રનું સાતમા નંબરનું સ્થાન ધરાવતું શહેર એટલે અમદાવાદ. ધી બી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ની કલમ ૯૪(૧) મુજબ આ અમદાવાદ મહાનગરપાલિકાનો સને ૨૦૦૨-૨૦૦૩ ના વર્ષનો વાર્ષિક વહીવટી અહેવાલ રજુ કરતાં આનંદ અનુભવું છું. અમદાવાદ શહેર કે જે આગળ વધવા સાથે ફરજીયાત સેવાઓની સાથે સાથે મહત્તમ મરજીયાત સેવાઓ પણ પુરી પાડવા કટીબધ્ધ છે. જે વધતા જતાં નાણાંકીય તેમજ કામગીરીના ભારણને પહોંચી વળવા તમામ ક્ષેત્રે પ્રયત્નશીલ છે અને સહીયારા પ્રયત્નો તથા કુશળ વહીવટી માર્ગદર્શન તેમજ સંચાલન વડે ઉપલબ્ધ થતાં નાણાંનો શહેરી સમાજની સગવડો તથા જરૂરીયાત માટે ઉપયોગ કરવા કટીબધ્ધ છે. આ ઉપયોગના મુલ્યાંકનની પારાશીશીરૂપ વાર્ષિક વહીવટી અહેવાલ શહેરની તમામ ગતિવીધીઓનું પ્રતિબીંબ પાડે છે.

હાલના સાયબર યુગમાં અમદાવાદ શહેરની વિકાસશીલ શહેર તરીકેની રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ થયેલ પ્રતિષ્ઠાને અનુરૂપ શહેરનો સાંસ્કૃતિક, શૈક્ષણિક વિકાસ તેમજ વિવિધ ક્ષેત્રે સુઆયોજીત વિકાસ કરવાના પ્રયત્નોના પરિણામ દેખાવા લાગ્યા છે, શહેરને રળીયામણું બનાવવાના સુપરિણામ નજરે ચઢી રહ્યા છે.

અહેવાલી વર્ષમાં મ્યુનિસિપલ બોર્ડની ૩૯ બેઠકો મળી, જેમાં ૯૦૦ કામનો નિકાલ થયેલ. જેથી બેઠક દીઠ કામના નિકાલની સરેરાશ ૨૩.૦૭ થઈ. સ્ટેન્ડીંગ કમિટીની ૭૦ બેઠકોમાં ૧૨૯૧ કામોનો નિકાલ થયેલ હતો. ટ્રાન્સપોર્ટ કમિટીની ૩૦ બેઠકોમાં ૩૧૩ કામોનો નિકાલ થયેલ. ઉપરાંત જુદી જુદી સ્પેશ્યલ કમિટીઓની કુલ ૧૭૮ બેઠકોમાં ૯૧૮ કામોનો નિકાલ થયેલ. વર્ષ દરમ્યાન મળેલ કોઈ પણ મિટીંગ કોરમના અભાવે નિષ્ફળ નિવડી ન હતી.

મ્યુનિ. કોર્પોરેશનની નાણાંકીય જવાબદારીઓ પુરી પાડવા આવક મેળવવાના મુખ્ય સાધનો પૈકી ઓક્ટ્રોયની થતી રોજેરોજની રોકડ આવક તથા પ્રોપર્ટી ટેક્ષની આવક મુખ્ય સ્રોત છે. જેની વસુલાત વધુ સઘન તથા પરિણામલક્ષી કામગીરીને લઈને લક્ષાંક મુજબની રહી છે. ૨૦૦૨-૦૩ ના વર્ષ દરમ્યાન રેવન્યુ આવક રૂા. ૬૧૫૬૪.૧૫ લાખ રહેલ છે અને રેવન્યુ ખર્ચ રૂા. ૫૮૧૯૦.૧૧ લાખ થયેલ છે. આમ ખર્ચ કરતાં આવક રૂા. ૩૩૭૪.૦૪ લાખ વધુ થયેલ છે.

રેવન્યુ આવક પૈકી ઓક્ટ્રોયની આવક રૂા. ૩૬૧૩૦.૫૭ લાખ થયેલ છે.જે અગાઉના વર્ષની તુલનામાં ૧૭.૬૫% નો ગ્રોથ ગણી શકાય.જયારે પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા.૧૨૧૨૧.૫૭ લાખ થઈ છે. એકદંરે ગત વર્ષની સરખામણીમાં રેવન્યુ આવકમાં ૯.૫૭% તથા રેવન્યુ ખર્ચમાં ૪.૦૦%નો વધારો થયેલ છે.

અહેવાલી વર્ષમાં મ્યુનિ. કોર્પોરેશનનું શરૂઆતનું દેવું રૂા. ૫૦૬૧૪.૨૮ લાખનું હતુ.જેમાં મ્યુ.કોર્પોરેશનના સીમાચિહન રૂપ પગલા તરીકે અહેવાલી વર્ષ દરમ્યાન કોઇ જ નવી લોન લેવામાં આવેલ નથી જયારે વર્ષ દરમ્યાન જેમાંથી રૂા. ૧૩૪૮૮.૨૧ લાખ વર્ષ દરમ્યાન ભરપાઈ થતાં, વર્ષાન્તે દેવું રૂા. ૪૭૧૨૬.૦૭ લાખ બાકી રહ્યું હતું.

અન્ય કોર્પોરેશનો શહેરના નાગરિકોને નાગરિક સેવા તથા સગવડો પુરી પાડતી જે ફરજો નિભાવે છે, તે જોતાં અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન એ દેશની શ્રેષ્ઠ સેવાઓ આપતી મ્યુનિ. કોર્પોરેશન પૈકીની એક કોર્પોરેશન છે. ઉદાહરણીય સેવાઓ આપવા સતત પ્રયત્નશીલ રહેવું જરૂરી છે એ સનાતન સત્યના સિધ્ધાંતરૂપ અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશને ભારતીય સંવિધાનના-૭૪માં સુધારાને અનુરૂપ વિકેન્દ્રીકરણની નિતી અપનાવી શહેરી વિસ્તારના ૪૩ વોર્ડ બનાવી તેને પાંચ ઝોનમાં વહેંચી પ્રાથમિક જરૂરિયાતની સેવાઓ જેવી કે પાણી, ગટર, રસ્તા, સફાઈ, લાઈટ તથા આરોગ્યની સેવાઓ તમામ નાગરિકોને ઉપલબ્ધ થાય તેવું વહીવટી માળખું ગોઠવેલ છે, વહીવટી તંત્રમાં કાર્યદક્ષ અધિકારીઓની સેવાઓ વધુ સુદ્રઢ બનાવવા વર્કનોમ્સ, તાલીમ, કોમ્પ્યુટરાઈઝેશન સંસ્થામાં નવા જોડાતાં કર્મચારીઓને તાલીમ, કોર્પોરેશનની તમામ વિભાગોની કામગીરીનો પરિચય, વિશેષ જાણકારી તથા કર્મચારીઓ, અધિકારીઓની સારી કાર્યક્ષમતા-કામગીરીને પ્રમાણપત્ર, વિગેરેથી બિરદાવી પ્રોત્સાહીત કરવામાં આવે છે, જ્યારે બિન કાર્યક્ષમ તથા ભ્રષ્ટ પુરવાર થતાં કર્મચારીઓને શિક્ષા, દંડ, વિજીલન્સ ખાતા મારફત કડક તપાસ તથા દેખરેખ રાખવામાં આવે છે. શહેરના સાંસ્કૃતિક વિકાસ તેમજ સ્મારકોની જાળવણી વિગેરે માટે તથા અન્ય કામગીરી માટે ઉચ્ચ ગુણવત્તાયુક્ત વ્યવસાયીકોની સેવાઓ વિગેરે દ્વારા શહેરના નાગરિકોને મહત્તમ સુખાકારી પ્રાપ્ત કરવા વહીવટીતંત્રને તૈયાર કરવા પ્રયત્ન કરવામાં આવે છે.

શહેરના નાગરિકો તથા પર્યટકોને આકર્ષણસમા કાંકરિયા તળાવ અને બાળકોના પ્રિય એવા પ્રાણીસંગ્રાલય, બાલવાટિકા વિગેરે આધુનિક ઉપકરણોથી વધુ આકર્ષક અને લોકભોગ્ય બનાવાયેલ છે. વર્ષ ૨૦૦૨-૨૦૦૩ માં ૨૦૧૭૩૧૦ મુલાકાતીઓએ આ સંકુલની મુલાકાત લીધી હતી. શહેરના નાગરિકોની સુવિધા માટે તથા તરણસ્પર્ધાના આયોજનો માટે અન્ય રાજ્યોની સરખામણીમાં ખુબ જ ઓછા દરે શહેરમાં ૧૪ સ્નાનાગારોની સુવિધાઓ ઉપલબ્ધ છે.

કલારસિકો અને જ્ઞાનપિપાસુઓને સંતોષવા તથા પ્રોત્સાહિત કરવાની પ્રવૃત્તિઓ સંસ્કાર કેન્દ્ર તથા વાંચનાલયો દ્વારા અવિરત ચાલતી રહે છે.

ધી ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ ૧૯૭૬ની જોગવાઈઓ તેમજ બી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ની જોગવાઈ હેઠળ તૈયાર થયેલ બિલ્ડીંગ બાયલોઝના અમલ કોર્પોરેશનના એસ્ટેટ અને નગર વિકાસ વિભાગ દ્વારા કરવામાં આવે છે. શહેરના કોટ વિસ્તારના રહેઠાણ તથા વેપારી સંકુલોનો પધ્ધતિસરનો વિકાસ બીલ્ડીગ બાયલોઝ સ્કીમ રેગ્યુલેશન અને ડેવલપમેન્ટ કંન્ટ્રોલ રેગ્યુલેશનનો આધાર લઈને નિષ્ણાંત સ્થપતિઓની સલાહ લઈને કરવામાં આવી રહ્યો છે.

નગર વિકાસ ખાતામાં વર્ષ ૨૦૦૨-૦૩ ના બાંધકામની ૭૬૮ અરજીઓ આવી. જેમાં અગાઉની નિકાલ થયા વગરની ૧૪૩૪ અરજીઓ ઉમેરતાં કુલ ૨૨૦૨ અરજીઓ પૈકી ૨૧૯૩ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો. જ્યારે ૯ અરજીઓ બાકી રહી હતી. અમલીકરણ વિભાગ દ્વારા ગેરકાયદેસર ૧૨૭ રહેઠાણ તથા ૧૪૩ બિનરહેઠાણના મળી એમ કુલ ૨૭૦ કેસોમાં અમલ થયેલ છે. શહેરી વિસ્તારમાં નાગરિક સેવાઓ માટે અગવડરૂપ બનતાં ગેરકાયદેસરના દબાણો તથા જાહેર મિલકતોમાં થતાં દબાણો દૂર કરવા આ પ્રકારના બાંધકામો તોડી પાડવા, લારી-ગલ્લા દૂર કરવા તથા ભારે દંડ વસુલ કરવા જેવા પગલાં લેવાય છે. અહેવાલી વર્ષમાં સમગ્ર શહેરમાંથી કુલ ૧૮૫૫૧ દબાણ દૂર કરવામાં આવ્યા હતા.

નાગરિક સેવાઓમાં સૌથી અગ્રતાક્રમે મુકી શકાય તેવી શુદ્ધ પીવાલાયક પાણી પુરી પાડવાની સેવાઓ છે. અહેવાલી વર્ષ દરમ્યાન પ્રતિદીન સરેરાશ ૫૦૫૫.૧૫ લાખ લીટર્સ શહેરમાં પાણી પુરૂ પાડવામાં આવ્યું, એટલે કે વ્યક્તિદીઠ દૈનિક સરેરાશ ૧૩૮.૧૫ લીટર્સ પાણી આપવામાં આવ્યું. ઉપરાંત શહેરમાં ૧૮ નવા બોરીંગ બનાવવામાં આવ્યા.૭૫ ટ્યુબવેલ સ્ટેશનો હાલ ચાલુ હાલતમાં કાર્યરત છે તેમજ બુસ્ટર પંપની સંખ્યા ૪૯૨ થી વધારી ૫૦૫ ની કરવામાં આવી છે. અગાઉ પાણીની સમસ્યા હળવી બનાવવા રાજ્ય સરકાર સાથે ધરોઈ બંધના પાણીમાં ભાગીદારી અંગેની ચાલતી કામગીરી સામે રાજ્ય સરકારે ધરોઈ બંધના પાણીમાંની કોર્પોરેશનની ભાગીદારી રદ કરવાનો નક્કી કરેલ હોઈ અન્ય વિકલ્પો દ્વારા પાણી મેળવવાના પ્રયાસોમાં ભાગરૂપે કોતરપુર વોટર વર્કસ ખાતે ટ્રીટમેન્ટ દ્વારા પાણી મેળવવાના પ્રયત્નો શરૂ કરેલ. પરંતુ પ્લાન્ટ માટે નદીમાંથી રોવોટરના જોઈએ તેટલો જથ્થો ન મળવાથી તે કામગીરી પણ હાલ થતી નથી. રાસ્કા પ્રોજેકટ અન્વયે શેઢી કેનાલમાંથી મહી નદીનું પાણી મેળવીને શહેરનો પાણી પુરવઠો જાળવી રાખવામાં આવ્યો છે.

વ્યવસ્થિત રીતે ગંદા પાણીના નિકાલ માટે શહેરમાં ડ્રેનેજ સીસ્ટમ કાર્યરત છે. શહેર વિસ્તારમાં સમાવાયેલ નવી હદમાં ડ્રેનેજ લાઈન નાંખવાનું કામ નરોડા, નિકોલ તથા ઓઢવ વિસ્તારમાં અને સરદારનગરથી હંસપુરા સેકન્ડરી પાઈપલાઈન લેઈડ કરવાની કામગીરી ચાલુ છે. શહેરના મુખ્ય બે ટર્મીનલ સુએજ પમ્પીંગ સ્ટેશનો વાસણા અને પીરાણા મારફતે રોજના સરેરાશ અનુક્રમે ૧,૫૪,૯૮૩.૦૦ લાખ ગેલન તથા ૨,૦૩,૪૧૦.૦૦ લાખ ગેલન ગંદુ પાણી પંમ્પીંગ કરવામાં આવે છે.

નાગરિકોની અવરજવર અને માલસામાનની ઝડપી સુવિધાજનક હેરાફેરી માટે અડચણમુક્ત પહોળા અને સરળ રોડ જરૂરી છે. હાલમાં વાહનોની વધતી જતી સંખ્યા જોતાં રોડ રીસરફેઈસ તથા પહોળા બનાવવાનું આયોજન અને અમલ રોડ પ્રોજેકટ દ્વારા કરાયેલ છે. અહેવાલી વર્ષ દરમ્યાન સમગ્ર શહેરમાં કુલ ૨૮ રસ્તાઓ ૧૦.૮૪ કી.મી. લંબાઈના કુલ રૂા.૪૪.૬૫ લાખના ખર્ચે રીસરફેઈસ કરવામાં આવ્યા છે. તેમજ ૫.૮૮ કી.મી. લંબાઈના ૧૪ રસ્તા રૂા. ૩૮.૪૦ લાખના ખર્ચે પહોળા કરવામાં આવ્યા છે. ફૂટપાથ પેવીંગનું કામ રૂા. ૨૦.૬૦ લાખના ખર્ચે કરવામાં આવ્યું છે.

શહેરી વિસ્તારમાં ટ્રાફીક સિગ્નલો પાસે થતો ટ્રાફીકનો અતીશય ધસારો અને શહેરમાંથી પસાર થતી રેલ્વે લાઈન ઉપરના ક્રોસીંગોપાસે જામ થતા ટ્રાફીકના ધસારાથી ઉભી થતી અગવડો નિવારવા ફલાય ઓવર્સ અને અન્ડરપાસીસ બનાવવાની જોગવાઇ કરવામાં આવે છે.જે અંતર્ગત અખબારનગર અને ગુજરાત હાઇકોર્ટ નજીકના અન્ડરપાસ જાહેરજનતા માટે ખુલ્લા મુકવામાં આવેલ છે.શહેરી જમીન ટોચધારાની ફાજલ જમીનમાં શહેરી ગરીબોને ૨૫ ચો.મી. પ્લોટ ફાળવવાની જાહેરાત કરી છે.હુડકો પાસેથી લોન મળ્યા બાદ આવાસો બાંધવાની કામગીરી શરૂ કરવામાં આવશે.અહેવાલી વર્ષમાં ઇસ્ટઇન્ડીયા સુઅરેજ ફેઇસ-૧ અને ફેઇસ-રની મહત્વની કામગીરી કરવામાં આવી છે.જી.આઇ.ડી.સી. એલ્ફ્યુઅન્ટ ડીસ્પોઝલ સ્કીમ તથા ખારીકટ કેનાલ રીમોડલીંગ કામગીરી પણ કરવામાં આવી છે.

શહેર ના ઝડપી વિકાસને ધ્યાનમાં લઈ વધતા જતાં ટ્રાફીક તથા રાત્રી દરમ્યાન પણ અવરજવરથી ધમધમતાં રહેતાં રસ્તાઓ સહિત તમામ વોર્ડમાં સ્ટ્રીટલાઈટની સુવિધા વધુ સક્ષમ બનાવવા જાહેર માર્ગો ઉપર ૨૬૫૦૦ સોડિયમ ફીટીંગ્સ લગાડાયેલ છે.

અહેવાલી વર્ષમાં શહેરના જૂના અને નવા વિસ્તારોમાં એકંદરે કુલ ૪ નવા સ્વીચીંગ પોઈન્ટ્સ તથા સ્ટ્રીટલાઈટ સુધારવાના અનેક કામો કરવામાં આવ્યા.૪૩૬ નવા થાંભલા નાંખવામાં આવ્યા. ચાલી અને ઝૂંપડપટ્ટીઓમાં પણ ૧૧ વોલ્ટ સી.એફ.એલ. ટ્યુબલાઈટની સંખ્યા વધારીને ૧૧૩૨૯ જેટલી કરવામાં આવી. અહેવાલી વર્ષમાં ૨૫૪૫૧ હજાર કી.વો. વીજ વપરાશ થયેલ. જેનો કુલ ખર્ચ રૂા. ૮૦૦.૪૦ લાખ જેટલો થયેલ.

નાગરિકોના આરોગ્યરૂપી સુખનો આધાર એવી શહેરની સફાઈ કામગીરીમાં જાહેર રસ્તાઓ, પોળો, સોસાયટીના કચરાની નિયમિત સફાઈ અંગે તંત્રને હંમેશા સતર્ક રખાય છે. એકઠા થયેલા કચરા સહિત કચરાપેટીમાં ઠલવાતા અન્ય કચરાને જેસીબી મશીન, લોડર મશીન, ટીપર મશીન, ટ્રક વિગેરે વાહનો દ્વારા ઉપાડી નિયત જગ્યાએ ડમ્પીંગ સાઈટ પર ઠાલવી જંતુનાશક દવાઓ છાંટી ઉપર માટી પુરાણનો થર કરી નિકાલ કરાય છે. અહેવાલી વર્ષમાં કુલ ૩૮૫૯૭૦ મેટ્રીક ટન કચરાનો નિકાલ થયેલ. જેનો એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ સાથે કુલ રૂા. ૬૯૫.૧૧ લાખનો ખર્ચ થયેલ.

શહેરી નાગરિકોના આરોગ્યની જાળવણી તેમની રોગપ્રતિકારક શક્તિઓની જાળવણી જાહેર આરોગ્યની જાળવણી, ખાદ્ય પદાર્થો અને અન્ય પ્રદૂષણમુક્ત રાખવા તેમજ રોગોના ઉપદ્રવોને ઉગતા જ ડામવા વિગેરે જેવી પ્રાથમિક અગત્યની મ્યુનિ. કોર્પોરેશનની જવાબદારી અંગે યોજનાબધ્ધ કાર્યક્રમો યોજવા, અન્ય આવશ્યક પગલાં લેવા હંમેશા જાગૃત રીતે કામગીરી હાથ ધરાય છે. આ માટે શહેરમાં ૧૯ ડીસ્પેન્સરી,૮ પ્રસુતિગૃહો, ૧ દાંતનું દવાખાના અને ૩ રેફરલ હોસ્પીટલોની સેવા ઉપલબ્ધ છે. ખાદ્ય અને અખાદ્ય ૪૦ નવા લાયસન્સો અપાયેલ છે. શરતોના ભંગ બદલ કુલ ૬૦૩ ફરીયાદો વર્ષ દરમ્યાન કરવામાં આવી. શહેરમાં ચાલી અને ઝૂંપડપટ્ટી વિસ્તારની વસ્તીનું જીવનધોરણ ઉંચું લાવવા તેના રહીશો, ઔદ્યોગીક ગૃહો, પ્રાઈવેટ સેક્ટર, સ્વૈચ્છીક-સામાજિક સંસ્થાઓના સહયોગથી અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનએ સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ અન્વયે ''પંડિત દિનદયાળ ઉપાધ્યાય અંત્યોદય યોજના'' હેઠળ વ્યવસ્થિત અમલ કરેલ છે.સ્લમ વિસ્તારના રહીશોના આરોગ્યની જાળવણી અને બાળકોને રોગમુક્ત રાખવાના વિશેષ પ્રયાસો, વિવિધ કાર્યક્રમો અને મોબાઈલ ડિસ્પેન્સરી દ્વારા કરવામાં આવેલ છે. શહેરની ત્રણેય જનરલ હોસ્પિટલોમાં અત્યાધુનિક સાધનો વસાવી દાન વિગેરે મળવાથી નવી સુવિધાઓ મળવાથી જન સામાન્યને મહત્તમ તબીબી સેવા મળે તેનો પ્રયત્ન કરવામાં આવેલ છે. ટી.બી. હોસ્પીટલ દ્વારા નવા, જૂના મળી કુલ ૧૯૨૦૦ દર્દીઓને સારવાર આપવામાં આવી છે.

મોટી ઉધરસ, ધનુર, ડીપ્થેરીયા, ઓરી તથા બાળલકવા જેવા બાળકોની માંદગી અને મૃત્યુ માટે કારણભૂત રોગો સામે રક્ષણ આપવા રસીકરણની વ્યવસ્થા વીનામૂલ્યે મળે તેવી સગવડ કરવામાં આવેલ છે. બાળકો તથા સગર્ભા માતાઓને રોગોથી રક્ષણ આપવાના પૂર્વ પ્રયાસરૂપે પોલિયો, ત્રિગુણી, બી.સી.જી., ટી.ટી., ઓરી અને દ્વિગુણી જેવી રસીઓ દરેક વિસ્તારના જન્મ નોંધણી કેન્દ્રો, રેફરલ હોસ્પીટલ, મ્યુનિ. મેટરનીટી હોમ, કામદાર રાજ્ય વીમા કેન્દ્રો વિગેરે મળીને કુલ ૩૭ કેન્દ્રો દ્વારા આપવામાં આવે છે. બાળલકવા નાબુદીના વૈશ્વિક સ્તરે ચાલતા અભિયાનના ભાગરૂપે સમગ્ર રાષ્ટ્રમાં બાળલકવા નાબુદી અભિયાનના પ્રવાહમાં અગ્રેસર રહેલ.

રાષ્ટ્રીય મેલેરીયા નાબૂદી યોજના હેઠળ જરૂરિયાત મુજબ દવાઓનો છંટકાવ કરવા ફોગીંગ મશીનો થી ધુમાડો કરવાની કામગીરી રાજ્ય સરકારશ્રી દ્વારા પૂરી પડાતી વિના મૂલ્યે દવાઓની સહાયથી કરવામાં આવે છે.

મેલેરિયા રોગના દર્દી પારખવા લેવાયેલ લોહીના ૯૩૦૭૯ નમુના પૈકી ૧૦૫૦ જેટલા કેસોને મેલેરિયા દર્દી તરીકે જાહેર કરવામાં આવેલ.

સામાજિક તથા આર્થિક રીતે નબળા વર્ગના બાળકો તથા માતાઓને આરોગ્ય તથા શૈક્ષણિક સેવાઓ પૂરી પાડવા કેન્દ્ર સરકારશ્રીની સહાયથી ૨ યુનિટોમાં દરેક યુનિટ દીઠ ૧૧૧ આંગણવાડીઓ દ્વારા તેમના વિકાસનો પ્રયત્ન થાય છે.

આંકડાકિય પરિસ્થિતિ જોતાં ૨૦૦૨-૦૩ના વર્ષમાં મરણ દરનું પ્રમાણ દર હજારે ૭.૦૦ અને જન્મ દરનું પ્રમાણ હજારે ૨૧.૮ રહેલ છે.

ઝૂંપડપટ્ટી અને ચાલી વિસ્તારમાં રહેતા અને ગરીબી રેખા નીચે જીવતા નાગરિકોના સર્વાંગી વિકાસાર્થે, રાજ્ય સરકારશ્રીના સહયોગથી પ્લાન ઓફ એક્શન હેઠળ તેઓ સ્વપ્રયત્નોથી આત્મનિર્ભર બને તેવી સેવાકીય પ્રવૃત્તિઓ અર્બન કોમ્યુનિટી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ હેઠળ કરવામાં આવે છે.જે પૈકી કેન્દ્ર સરકારની રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ શહેરી ગરીબ એવા ૧૯૯૫ લાભાર્થીઓને કુટુંબના મુખ્ય કમાનાર વ્યકિતની અવસાનથી મળેલ આંશિક ખોટને પુરવા માટે વધુમાં વધુ રૂ.૧૦,૦૦૦ ની મર્યાદામાં ૧૩૦.૫૫ લાખની ગ્રાંટની ચુકવણી વોર્ડવાઈઝ સીનીયોરીટી ધ્યાનમાં લઇને કરવામાં આવે છે.

ફરજીયાત સેવાઓ પૈકીની એક સેવા ફાયરબ્રિગેડની છે. શહેરમાં બનતા આગના બનાવો ઉપરાંત કુદરતી આપત્તિઓ જેવી કે પુર અને અતિવૃષ્ટિમાં ત્વરીત અને અત્યંત જોખમી સેવા પણ ફાયરબ્રિગેડના કર્મચારીઓ સરળતાથી બજાવે છે. આધુનિક ટૅકનોલોજીથી સજ્જ સાધનોવાળા વાહનોથી ૧૦ ફાયર સ્ટેશનો સાથે ફાયરબ્રિગેડનું તંત્ર હંમેશા સજાગ કામગીરી કરે છે. ૧૮ એમ્બ્યુલન્સ ગાડીઓ, ૧૨ નાની શબવાહીની અને ૧ મોટી શબવાહીની નાગરિક સેવામાં ઉપલબ્ધ છે. અહેવાલી વર્ષમાં મ્યુનિ. હદમાં રૂા. ૬૧૮૪.૭૬ લાખનું તથા મ્યુ. હદ બહાર રૂા. ૨૫૭.૮૫ લાખનું આગ અને પાણીથી નુકશાન થયું હતું.

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની પ્રાથમિક શિક્ષણ સમિતી અને ૧૯૨૦ થી નગરના લાખો બાળકો કે જેમાં આર્થિક અને શૈક્ષણિક રીતે પછાત એવા ઝૂંપડપટ્ટી અને ચાલીઓમાં રહેતા બાળકો સવિશેષ છે તેમને પ્રાથમિક શિક્ષણ પુરૂ પાડે છે. સમિતીના નિતીવિષયક નિર્ણયો શિક્ષણ સમિતિ લે છે. જેનો વહીવટ સ્કુલબોર્ડ શાસનાધિકારી કરે છે. અહેવાલ વર્ષમાં જુદા જુદા માધ્યમોની કુલ ૫૬૧ શાળાઓ મારફતે ૨૨૪૮૪૪ બાળકોને પ્રાથમિક શિક્ષણ આપવામાં આવેલ. શિક્ષક દીઠ સરેરાશ સંખ્યા ૪૫.૫૭ વિદ્યાર્થીની રહેલ છે. વર્ગદીઠ વિદ્યાર્થીની સરેરાશ ૪૫ ની હતી. કુલ શિક્ષકોની સંખ્યા ૫૨૨૬ હતી. શિક્ષણ કાર્યક્ષમતા વધારવા માટે શિક્ષકોને પ્રશિક્ષિત કરવા તેમજ અભ્યાસક્રમ બદલાય ત્યારે શિક્ષકોને નવી તરાહથી માહિતગાર કરવા ''નૂતન તાલીમ વિભાગ'' હેઠળ શિબિરો યોજી શિક્ષકોને વધુ વ્યાવસાયિક દ્રષ્ટિકોણ સાથે સુસજ્જ કરવામાં આવે છે.

બાળકોને અભ્યાસક્રમ ઉપરાંત વ્યાવસાયિક દષ્ટિએ તૈયાર કરવા અનેકવિધ ઔદ્યોગિક શિક્ષણ આપવાની કામગીરી જેવી કે ઘડીયાળ ઉદ્યોગ, સુથારી ઉદ્યોગ, શિવણ ઉદ્યોગ, માટી, કાગળ પૂંઠા કામ, પર્યાવરણ જાગૃતિ પ્રોજેક્ટ ઉપરાંત ઉલ્લાસમય પ્રવૃત્તિઓના અભ્યાસ, તરંગ-ઉલ્લાસમય ઉદ્યોગ હેઠળ કરાવાય છે. આધુનિક જગત સાથે કદમ મિલાવવા બાળકોને કોમ્પ્યુટર શિક્ષણ, સ્કાઉટ ફાઈડ પ્રવૃત્તિ, સાક્ષરતા અભિયાન, બસ પર્યટન, રાસ-

ગરબા સ્પર્ધા, રાયફલ પ્રવૃત્તિ, વિજ્ઞાન મેળા, રાત્રી અભ્યાસ વર્ગ, રસીકરણ યોજના, વ્યાયામ પ્રવૃત્તિ વિગેરેને શિક્ષણ પ્રવૃત્તિ સાથે સાંકળી લેવામાં આવેલ છે.

ઉચ્ચ શિક્ષણ સેવા એ અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની મરજિયાત સેવાઓ પૈકીની એક સેવા છે. અદ્યતન તબીબી અભ્યાસમાં સ્નાતક, અનુસ્નાતક કક્ષાના તબીબી અભ્યાસ માટેની મ્યુનિ. મેડિકલ કોલેજનું સંચાલન કરે છે.જેમાં પ્રથમ ટર્મમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૬૦૮ અને બીજી ટર્મમાં ૬૩૨ હતી.

માધ્યમિક શિક્ષણ માટે એક ગર્લ્સ હાઈસ્કૂલ સહીત પાંચ માધ્યમિક શાળાઓ દ્વારા મધ્યમવર્ગ અને ગરીબ વિદ્યાર્થીઓને લાભ અપાય છે. સંસ્કૃત ભાષાના જ્ઞાનવાંચ્છુઓ તથા સંસ્કૃત ભાષાના જ્ઞાન દ્વારા વેદ, કર્મકાંડ, જ્યોતિષશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, વેદાંત, અર્થશાસ્ત્ર, પુરાણ વિગેરે વિષયોના અભ્યાસ માટે સંસ્કૃત પાઠશાળાનું સંચાલન થાય છે. પુસ્તકાલય, વાંચનાલયો, બાલભવનો, વ્યાયામ શાળા જેવી સુવિધાઓ પણ પુરી પડાય છે.

વાંચન શોખીન અને જ્ઞાન પિપાસુઓના હાર્દમાં અગ્રેસર એવા ''માણેકલાલ જેઠાલાલ પુસ્તકાલય'' ઉપરાંત ૧૨ પુસ્તકાલય, ૮ વાંચનાલય અને ૫ બાલભવન કાર્યરત છે.

શહેરના જુદા જુદા વિસ્તારમાં આવેલ કોમ્યુનિટી હોલ, ઓડિટોરિયમ, ટાઉનહોલ, પિકનિક હાઉસ વગેરે સામાજિક, ધાર્મિક કે અન્ય હેતુ માટે ભાડે આપી અહેવાલી વર્ષમાં રૂા. ૧૫૪.૬૫ લાખ આવક મેળવેલ છે. પ્રાથમિક શાળાના મકાન પણ આ રીતે ભાડે અપાય છે.

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના સેવાલક્ષી વહીવટમાં સંલગ્ન સ્વાયત્ત સંસ્થા એ.એમ.ટી.એસ. છે જેનો વહીવટ ટ્રાન્સપોર્ટ કમિટી દ્વારા થાય છે. ૧૯૪૭માં ૧૧૨ બસોથી કુલ ૩૮ રૂટ ઉપર બસો મૂકી એ.એમ.ટી.એસ.ની શરૂઆત થયેલ.જે સંખ્યા અહેવાલી વર્ષમાં રોડ ઉપર ફરતી બસોની સંખ્યા ૪૧૦ અને રૂટોની સંખ્યા ૧૧૫ થઇ છે. ઉત્તરોત્તર શહેરના વિકાસ સાથે વાહન સેવામાં પણ પ્રગતિ થયેલ છે. અહેવાલી વર્ષમાં સંસ્થાએ દરરોજ સરેરાશ ૩૮૫૬૮૨ મુસાફરોને સેવા આપી રૂા. ૪૯૮૪.૭૦ લાખની આવક મેળવી છે. વિદ્યાર્થીઓ માટે કન્સેશન દરે શાળા સુધી અવરજવર, શહેરના જોવાલાયક સ્થળો માટે લક્ઝરી ટુરિસ્ટ કોચ, શારીરિક અપંગો માટે અડધા દરે, સ્વાતંત્ર્ય સેનાની અને અંધ વ્યક્તિઓને વિનામૂલ્યે મુસાફરીની સગવડ આપવામાં આવે છે. સામાજિક કે ધાર્મિક પ્રસંગોએ સ્પેશ્યલ વર્ધીની સગવડ પણ આપવામાં આવે છે.

અહેવાલ વર્ષમાં એ.એમ.ટી.એસ.ની સેવાઓનો કુલ ખર્ચ રૂા. ૧૦૧૩૪.૫૩ લાખ થયો. જેની સામે આવક રૂા. ૪૯૮૪.૭૦ લાખ થઈ. જેથી કુલ ખોટ રૂા. ૫૧૪૯.૮૩ લાખની થઈ. આ સેવામાં સંસ્થાને સતત ખોટ થતી રહી છે. છતાં પણ શહેરીજનોની સુવિધાને ધ્યાનમાં રાખીને મ્યુનિ. કોર્પોરેશન તરફથી લોન સહાય પૂરી પાડીને પણ આ સેવા ચાલુ રખાયેલ છે.

સંનિષ્ઠ પ્રયાસો અને આયોજનબધ્ધ પગલા દ્વારા મહત્તમ આવક મેળવવા અને તે દ્વારા શ્રેષ્ઠ વિકાસ સાધવા તથા સેવા પૂરી પાડવાના ધ્યેયને લક્ષમાં રાખી થયેલ અસરકારક કામગીરીના પરિણામ સ્વરૂપ અહેવાલ વર્ષમાં રૂા. ૧૩૭૬૧.૫૭ લાખના કેપીટલ ખર્ચે વિકાસના કામો કરવામાં આવ્યા છે.

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની આવક તથા સેવાઓ સુધારવા મ્યુનિ. અધિકારીઓ અને કર્મચારીઓએ કરેલ ખંતપૂર્વકની કામગીરી ખરેખર બિરદાવવાપાત્ર રહેલ છે. જે થકી શહેરના વિકાસ કાર્યોના ઝડપી પરિણામો મળેલ છે.

શહેરના નાગરિકો તથા ચુંટાયેલા પ્રતિનિધિઓ તથા હોદ્દેદારોના સુંદર સાથ સહકાર અને માર્ગદર્શન તેમજ ખામીઓ પ્રત્યેના અંગૂલીનિર્દેશ કોર્પોરેશનની કામગીરીની કાર્યક્ષમતા તથા ગુણવત્તા માટે નોંધપાત્ર રીતે મળતો રહેલ છે. શહેરના જાગૃત અને લોકાભિમુખ અખબારો દ્વારા કોર્પોરેશનની સિધ્ધિઓની પ્રસિધ્ધી તથા ઉણપો પ્રત્યે દોરાયેલ ધ્યાનના કારણે વહીવટી તંત્ર વધુ જાગૃત અને ઉત્સાહિત બનેલ છે. જેની ખાસ નોંધ લઈ સૌને આ તબક્કે હૃદયપૂર્વક આભાર માની વિરમું છું.

**મ્યુનિસિપલ કમિશનર**

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**
**આંકડાકીય વિશ્લેષણ**

(૧) વહીવટી એકમ — અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન
સરદાર પટેલ ભવન, દાણાપીઠ
અમદાવાદ ૩૮૦૦૦૧

(૨) વહીવટી એકમનું વિવરણ

| અ.નં. | વિગત | ૧૯૮૧-૮૨ | ૧૯૯૧-૯૨ | ૨૦૦૨-૦૩ |
|---|---|---|---|---|
| ક | ઈલેક્શન વોર્ડ | ૩૬ | ૪૩ | ૪૩ |
| ખ | કાઉન્સીલરોની સંખ્યા | ૧૦૫ | ૧૨૭ | ૧૨૯ |
| ગ | કાયદાકીય સમિતિઓ | ૩ | ૩ | ૩ |
| ઘ | અન્ય સમિતિઓ | ૯ | ૧૨ | ૧૪ |

(૩) વસતિ અને વિસ્તાર

| અ.નં. | વિગત | ૧૯૮૧ | ૧૯૯૧ | ૨૦૦૧ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | વસતિ | ૨૦૫૯૭૨૫ | ૨૮૭૬૭૧૦ | ૩૫૨૦૦૮૫ |
| | (ક) પુરુષ | ૧૦૯૯૮૯૯ | ૧૫૨૨૯૭૫ | ૧૮૬૭૨૪૯ |
| | (ખ) સ્ત્રી | ૯૫૯૮૨૬ | ૧૩૫૩૭૫૫ | ૧૬૫૨૮૩૬ |
| ૨ | સ્ત્રીઓનું પ્રમાણ (દર ૧૦૦૦ પુરુષોએ) | ૮૭૩ | ૮૮૯ | ૮૮૫ |
| ૩ | શિક્ષણનું પ્રમાણ | ૬૪.૦૮ | ૬૬.૮૭ | ૮૨.૯૧ |
| ૪ | કુલ વિસ્તાર ( ચો. કી.મી.) | ૯૮.૧૫ | ૧૯૦.૮૪ | ૧૯૦.૮૪ |
| ૫ | વસતિની ઘનતા ( દર ચો. કી.મી. દીઠ ) | ૨૦૯૮૫ | ૧૫૦૭૪ | ૧૮૪૪૫ |
| ૬ | અનુસુચિત જાતિ | ૨૬૯૨૩૦ | ૩૭૬૧૨૭ | ૪૨૬૭૪૩ |
| ૭ | અનુસુચિત જનજાતિ | ૧૫૩૦૩ | ૨૩૦૯૫ | ૩૪૧૨૧ |

૩.૧ ૨૦૦૧ની વસતિ ગણતરીના આધાર મુજબ ઝોનવાર વિસ્તાર, વસતિ અને વસતિની ગીચતા

| અ.નં. | ઝોન | વિસ્તાર ચો.કી.મી. | વસતિ | ગીચતા દર ચો.કી.મી દીઠ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | મધ્ય ઝોન | ૧૬.૫૦ | ૫૭૭૭૯૭ | ૩૫૦૧૮ |
| ૨ | પશ્ચિમ ઝોન | ૪૨.૩૨ | ૬૭૫૩૬૨ | ૧૫૯૫૮ |
| ૩ | ઉત્તર ઝોન | ૩૨.૧૯ | ૭૭૯૭૪૨ | ૨૪૨૨૩ |
| ૪ | પૂર્વ ઝોન | ૨૭.૫૧ | ૭૮૪૨૩૪ | ૨૮૫૦૭ |
| ૫ | દક્ષિણ ઝોન | ૭૨.૩૨ | ૭૦૨૯૫૦ | ૯૭૨૦ |
| | કુલ | ૧૯૦.૮૪ | ૩૫૨૦૦૮૫ | ૧૮૪૪૫ |

૪ જન્મ મરણના આંકડા

| અ.નં. | વિગત | ૧૯૮૧ | ૧૯૯૧ | ૨૦૦૨ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | નોંધાયેલ જન્મ | ૭૦૪૧૧ | ૮૨૯૯૨ | ૭૮૧૮૫ |
| ૨ | જન્મનું પ્રમાણ | ૩૪.૧૮ | ૨૮.૮૫ | ૨૧.૭૭ |
| ૩ | નોંધાયેલ મૃત્યુ | ૨૩૧૬૩ | ૨૯૨૭૨ | ૨૫૧૮૫ |
| ૪ | મૃત્યુ પ્રમાણ | ૧૧.૨૫ | ૧૦.૧૮ | ૭.૦૦ |
| ૫ | બાળ મરણો | ૪૫૩૧ | ૩૩૪૨ | ૨૨૧૦ |
| ૬ | બાળ મરણનું પ્રમાણ | ૬૪.૩૫ | ૪૦.૨૭ | ૨૮.૨૭ |
| ૭ | માતૃ મરણ | ૪૭ | ૨૨ | ૧૦ |
| ૮ | માતૃ મરણનું પ્રમાણ | ૦.૬૭ | ૦.૨૭ | ૦.૧૩ |

(૫) તબીબી સેવાઓ

| અ.નં. | વિગત | ૧૯૮૧-૮૨ | ૧૯૯૧-૯૨ | ૨૦૦૨-૦૩ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ચેપી રોગની હોસ્પિટલ | ૧ | ૧ | ૧ |
| ૨ | પથારીની સંખ્યા | ૧૧૦ | ૧૧૦ | ૧૧૦ |
| ૩ | નગરી આંખની હોસ્પિટલ | ૧ | ૧ | ૧ |
| ૪ | પથારીઓની સંખ્યા | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ |
| ૫ | ન્યુ ચેસ્ટ ક્લીનીક | ૧ | ૧ | ૧ |
| ૬ | પથારીઓની સંખ્યા | ૩૨ | ૩૨ | ૩૨ |
| ૭ | જનરલ હોસ્પિટલ | ૩ | ૩ | ૩ |
| ૮ | પથારીઓની સંખ્યા | ૧૬૦૫ | ૧૭૫૪ | ૨૦૨૫ |
| ૯ | રેફરલ હોસ્પિટલ | - | ૫ | ૪ |
| ૧૦ | પથારીઓની સંખ્યા | - | ૧૬૨ | ૭૫ |
| ૧૧ | પ્રસુતિગૃહોની સંખ્યા | ૨૨ | ૧૮ | ૮ |
| ૧૨ | પથારીઓની સંખ્યા | ૫૯૪ | ૪૬૦ | ૧૦૮ |
| ૧૩ | ઓ.પી.ડી. દવાખાનાની સંખ્યા | ૩૫ | ૨૮ | ૧૯ |
| ૧૪ | દાંતના દવાખાનાની સંખ્યા | ૪ | ૪ | ૧ |

(૬) લોકોની સુવિધાઓ

| અ.નં. | વિગત | ૧૯૮૧-૮૨ | ૧૯૯૧-૯૨ | ૨૦૦૨-૦૩ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | પાણી પુરવઠો<br>(ક) દૈનિક ( લાખ લીટર્સ)<br>(ખ) સરેરાશ પ્રતિ વ્યક્તિદીઠ (લીટર્સ) | <br>૪૩૬૧.૯૯<br>૧૯૯.૯૦ | <br>૪૨૩૪.૩૭<br>૧૪૭.૧૯ | <br>૫૦૫૫.૧૫<br>૧૩૭.૯૨ |
| ૨ | વર્ષાન્તે પાણીની પાઈપલાઈનની લંબાઈ (કી.મી.) | ૧૬૯૩.૬૭ | ૨૦૮૨.૦૨ | ૨૫૯૪.૩૩ |
| ૩ | વર્ષાન્તે પાણીના જોડાણો ( સંખ્યા ) | ૧૬૦૩૫૯ | ૨૦૮૭૫૦ | ૨૬૪૪૫૮ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | રસ્તાની લંબાઈ (કી.મી.)<br>(ક) પાકા રસ્તા<br>(ખ) કાચા રસ્તા<br>(ગ) દર ચો.કી.મી. વિસ્તાર દીઠ રસ્તાની લંબાઈ | ૧૦૫૪.૩<br>૯૪૦.૦૦<br>૧૧૪.૩<br>૧૦.૭ | ૧૨૧૪.૦<br>૧૦૧૫.૪<br>૧૯૮.૬<br>૬.૪ | ૧૩૧૮.૨<br>૧૨૩૯.૩<br>૭૮.૯<br>૬.૯ |
| ૫ | ગટરલાઈનની લંબાઈ (કી.મી.) | ૯૩૨.૫ | ૧૦૬૦.૩ | ૧૩૦૫.૦ |
| ૬ | સ્ટ્રોમ વોટર ડ્રેઈન ( કી.મી.)<br>વરસાદીપાણીના નિકાલની લાઈન | ૨૨૯.૦ | ૨૬૮.૪ | ૩૧૮.૭ |
| ૭ | દીવા બત્તીની સંખ્યા<br>(ક) ટયુબ લાઈટ<br>(ખ) મરક્યુરી લાઈટ<br>(ગ) સોડિયમ લાઈટ<br>(ઘ) સામાન્ય ગોળાઓ<br>(ચ)ફ્લડ લાઈટ | ૩૯૭૯૮<br>૧૩૪૬૩<br>૧૩૭૦૭૧<br>૧૬૫<br>૧૩૦૯૯<br>- | ૬૦૯૯૩<br>૨૯૮૧૨<br>૧૫૫૨૫<br>૧૫૨૧<br>૧૪૧૩૫<br>- | ૭૮૨૦૦<br>૩૮૬૨૯<br>૮૬૩૧<br>૨૬૫૦૦<br>૪૪૪૦<br>- |
| ૮ | (ક) સફાઈ કામદારો<br>(ખ) કચરાનો નિકાલ (પ્રતિદીન સરેરાશ મેટ્રીક ટન )<br>(ગ) પ્રતિ વ્યકિતદીઠ સરેરાશ કચરાનો નિકાલ ( ગ્રામમાં ) | ૩૮૭૬<br>૮૬૭<br>૪૧૭ | ૭૦૧૫<br>૧૬૭૧<br>૫૬૮ | ૭૪૫૧<br>૧૦૫૭<br>૨૮૯ |
| ૯ | (ક) અગ્નિશામક મથકો<br>(ખ) આગના બનાવો<br>(ગ) આગના બનાવોમાં નુકશાન ( રૂ. લાખમાં ) | ૯<br>૬૧૦<br>૨૦૬.૫૦ | ૯<br>૭૭૮<br>૧૧૭૬.૮૪ | ૧૦<br>૧૬૩૯<br>૬૪૪૨.૫૮ |

(૭) સાર્વજનિક કેળવણી

| અ.નં. | વિગત | ૧૯૮૧-૮૨ | ૧૯૯૧-૯૨ | ૨૦૦૨-૦૩ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | પ્રાથમિક શાળાઓ | ૪૯૬ | ૫૫૫ | ૫૬૧ |
| ૨ | વિદ્યાર્થીઓ | ૨૧૬૯૦૩ | ૨૫૭૯૪૨ | ૨૨૨૭૭૭ |
| ૩ | શિક્ષકો | ૫૫૭૮ | ૬૪૮૯ | ૫૧૨૩ |
| ૪ | મેડીકલ કોલેજ | ૧ | ૧ | ૧ |
| ૫ | માધ્યમિક શાળાઓ | ૧ | ૫ | ૫ |

(૮) અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ

| અ.નં. | વિગત | ૧૯૮૧-૮૨ | ૧૯૯૧-૯૨ | ૨૦૦૨-૦૩ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | કુલ બસોની સંખ્યા | ૬૬૨ | ૭૩૨ | ૬૮૭ |
| ૨ | રસ્તા ઉપર ફરતી બસો | ૫૫૧ | ૬૧૨ | ૪૧૦ |
| ૩ | કુલ રૂટસની સંખ્યા | ૨૦૮ | ૨૩૨ | ૧૧૫ |
| ૪ | રૂટસ કી.મી. | ૨૧૭૩.૯૦ | ૨૭૦૧.૮૨ | ૧૮૮૮.૯૦ |
| ૫ | મુસાફરોની સંખ્યા ( લાખમાં) | ૩૦૬૩ | ૨૬૩૩ | ૧૪૦૮ |
| ૬ | પ્રતિદીન મુસાફરોની સરેરાશ સંખ્યા ( લાખમાં ) | ૮.૭૯ | ૭.૧૯ | ૩.૮૬ |
| ૭ | બસ / વસતિનું પ્રમાણ | ૪૭૫૦ | ૫૯૬૬ | ૧૦૯૭૬ |
| ૮ | પ્રતિદીન સરેરાશ આવક ( રૂ. હજારમાં) | ૩૨૭ | ૯૯૩ | ૧૩૬૬ |
| ૯ | પ્રતિદીન સરેરાશ ખર્ચ ( રૂ.હજારમાં) | ૪૦૪ | ૧૨૧૨ | ૨૭૭૭ |
| ૧૦ | પ્રતિદીન સરેરાશ ખોટ ( રૂ. હજારમાં) | ૭૭ | ૨૧૯ | ૧૪૧૧ |

(૯) નાંણાકીય માહિતી ( રૂ. લાખમાં )

| અ.નં. | વિગત | ૧૯૮૧-૮૨ | ૧૯૯૧-૯૨ | ૨૦૦૨-૦૩ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | રેવન્યુ આવક | ૫૦૦૩.૯૭ | ૧૭૪૬૫.૫૨ | ૬૧૫૬૪.૧૫ |
| ૨ | રેવન્યુ ખર્ચ | ૫૨૪૯.૭૭ | ૧૭૪૮૫.૧૩ | ૫૮૧૯૦.૧૧ |
| ૩ | આવક/ ખર્ચનો તફાવત | -૨૪૫.૮૦ | -૧૯.૬૧ | (+)૩૩૭૪.૦૪ |
| ૪ | કરની વસુલાત<br>(ક) ઓકટ્રોય<br>(ખ) પ્રોપર્ટી ટેક્ષ | ૪૦૬૩.૮૭<br>૨૭૯૨.૧૫<br>૧૨૭૧.૭૨ | ૧૩૩૦૨.૯૮<br>૯૭૨૪.૮૪<br>૩૫૭૮.૧૪ | ૪૮૨૫૨.૧૪<br>૩૬૧૩૦.૫૭<br>૧૨૧૨૧.૫૭ |
| ૫ | ખાસ કાયદા મુજબની આવક | ૬.૪૫ | ૨૩.૯૮ | ૧૭.૩૯ |
| ૬ | માલ મિલ્કતમાંથી તથા કરદર સિવાયની તથા અધિકારનીરૂએ થતી આવક | ૩૦૨.૯૭ | ૧૩૯૭.૩૭ | ૨૯૫૨.૩૨ |
| ૭ | સરકારી ગ્રાંટ | ૫૭૮.૫૬ | ૨૫૫૧.૧૬ | ૮૯૧૮.૦૭ |
| ૮ | બીજી આવક | ૫૨.૧૨ | ૧૯૦.૦૩ | ૧૪૨૪.૨૩ |
| ૯ | રેવન્યુ ખર્ચ<br>એ. એસ્ટાબ્લીશમેન્ટ<br>બી. વહીવટી અને જનરલ ખર્ચ<br>સી. વીજળી એનર્જી પાવરફ્યુઅલ<br>ડી. મરામત નિભાવ<br>ઈ. વિશેષ ખર્ચ/સર્વિસ પ્રોગ્રામ ખર્ચ<br>એફ. ગ્રાંટ<br>જી. લોન ચાર્જીસ<br>એચ. અન્ય ખર્ચ/રીઝર્વ ફંડ (કોન્ટ્રીબ્યુશન) | ૫૨૪૯.૭૭<br>૧૭૬૯.૪૫<br>૨૦૪.૬૪<br>૩૫૯.૯૯<br>૪૩૨.૦૧<br>૮૮.૬૫<br>૧૦૯૯.૭૪<br>૧૨૮૧.૩૨<br>૧૩.૯૭ | ૧૭૪૮૫.૧૩<br>૬૯૨૦.૮૩<br>૫૩૨.૨૧<br>૧૮૫૫.૩૫<br>૧૩૬૮.૭૮<br>૨૪૦.૭૨<br>૪૧૬૩.૮૫<br>૨૩૭૬.૩૪<br>૨૭.૦૫ | ૫૮૧૯૦.૧૧<br>૨૩૭૭૧.૩૧<br>૧૫૩૫.૩૭<br>૬૭૭૭.૨૮<br>૨૩૩૧.૨૬<br>૧૭૧૭.૯૪<br>૧૨૬૭૨.૧૦<br>૯૨૪૮.૩૧<br>૧૩૬.૫૪ |
| ૧૦ | મુખ્ય સદર મુજબ રેવન્યુ ખર્ચ | | | |

| | | | | |
|---|---|---|---|---|
| | એ. સામાન્ય કારભાર અને કરની વસુલાત | ૪૧૪.૯૦ | ૨૧૦૧.૭૧ | ૮૨૬૧.૦૬ |
| | બી. પ્રોપર્ટી લેન્ડ એક્વી. એન્ડ મેનેજમેન્ટ | ૧૨૪.૬૦ | ૩૫૧.૩૦ | ૧૨૧૭.૩૦ |
| | સી. લોકોની સલામતી | ૧૬૯.૪૩ | ૫૮૬.૮૦ | ૧૮૮૬.૧૨ |
| | ડી. પાણી પુરુ પાડવું | ૩૫૨.૭૬ | ૧૮૯૩.૦૫ | ૬૬૦૫.૪૨ |
| | ઈ. કન્ઝરવન્સી સેવાઓ | ૨૭૫.૩૯ | ૧૦૧૧.૬૯ | ૨૮૯૧.૭૨ |
| | એફ. લોકોની તંદુરસ્તી | ૧૫૦.૭૩ | ૩૯૨.૩૩ | ૯૩૫.૪૦ |
| | જી. રસ્તા સાફ- ધોવા- કચરો ઉપાડવો | ૩૬૫.૭૪ | ૧૫૦૦.૫૩ | ૫૫૨૫.૦૮ |
| | એચ. વૈદકિય સેવાઓ | ૫૬૮.૦૭ | ૧૮૨૫.૪૬ | ૪૮૭૭.૩૩ |
| | આઈ. માર્કેટ- કતલખાના | ૮.૬૮ | ૧૦.૨૬ | ૨૧.૦૮ |
| | જે. જન્મ-મરણની નોંધણી | ૧૨.૯૬ | ૨૭.૫૬ | ૧૨૮.૧૫ |
| | કે. બગીચા-સંગ્રહસ્થાન તથા રમતગમતના મેદાનો | ૮૩.૧૮ | ૨૪૨.૩૩ | ૬૦૪.૭૭ |
| | એલ. માહિતી પ્રસારણ | ૮.૮૨ | ૧૫.૭૧ | ૧૮૬.૩૨ |
| | એમ. જાહેર બાંધકામ | ૭૦.૪૯ | ૨૨૯.૯૫ | ૧૬૭૦.૧૩ |
| | એન. રસ્તા-પુલો-ફુટપાથ અને વરસાદી ગટરો | ૧૭૧.૪૩ | ૫૮૮.૩૭.૩૦ | ૧૪૬૯.૦૪ |
| | ઓ. સાર્વજનિક કેળવણી | ૮૮૯.૧૦ | ૩૪૭૯.૩૬ | ૧૧૦૦૫.૮૪ |
| | પી. લોન ચાર્જીસ | ૧૨૮૧.૩૨ | ૨૩૭૬.૩૪ | ૯૨૪૮.૩૧ |
| | ક્યુ. લાયસન્સ દબાણ અને શોપ્સ એક્ટનો વહીવટ | ૨૮.૮૬ | ૮૧.૭૦ | ૧૩૯.૬૨ |
| | આર. પરચુરણ ખર્ચ | ૨૭૩.૨૪ | ૭૭૦.૬૭ | ૧૫૧૭.૪૨ |
| | કુલ | ૫૨૪૯.૭૭ | ૧૭૪૮૫.૧૩ | ૫૮૧૯૦.૧૧ |
| ૧૧ | કેપીટલ વર્કસનું ખર્ચ | ૧૨૩૮.૪૭ | ૨૧૬૦.૩૩ | ૧૩૭૬૧.૫૭ |
| | એ. રસ્તા-ફુટપાથ-પોળ પેવમેન્ટ | ૧૫૨.૦૪ | ૬૩.૩૨ | ૨૯૯.૭૪ |
| | બી. પુલો | ૨૬.૯૩ | ૨૧.૮૬ | ૧૦.૬૭ |
| | સી. સ્ટ્રોમ વોટર ડ્રેઈન | ૫૮.૮૯ | ૫.૩૬ | ૭૫.૦૧ |
| | ડી. મકાનો | ૧૬૩.૮૭ | ૨૪.૭૪ | ૧૭૯.૧૯ |
| | ઈ. લાઈટીગ | ૫૭.૦૪ | ૧૬.૮૭ | - |
| | એફ. બગીચા-રમતગમતના સાધનો, મેદાનો, પબ્લીક પ્લેસીસ | ૧૬.૨૪ | ૮.૦૫ | ૫૯.૮૦ |
| | જી. પ્લાન મશીનરી અને ઈક્વી. | ૪૩.૩૯ | ૪૫.૫૫ | ૧૯.૪૩ |
| | એચ. આર્થિકરીતે નબળા વર્ગના કામો | ૫૮.૩૬ | ૩.૪૮ | ૬૨.૯૦ |
| | આઈ. જાહેર જાજરૂ પેશાબખાના | ૬.૪૨ | ૧.૨૧ | ૨૯.૧૩ |
| | જે. મોટર અને ટ્રાન્સ વાહનોની ખરીદી | - | - | ૪૨.૨૧ |
| | કે. ઓફિસ ફર્નીચર,ફીક્ષચર એન્ડ ઈક્વીપમેન્ટ | - | - | - |
| | એલ. જમીન સંપાદન | ૯.૬૦ | ૧૮.૧૬ | ૫.૭૮ |
| | એમ. વોટર પ્રોજેક્ટ | ૪૫૭.૯૭ | ૭૨૩.૩૭ | ૧૩૨૯.૬૫ |
| | એન. ડ્રેનેજ પ્રોજેક્ટ | ૧૪૮.૦૭ | ૪૧૪.૬૩ | ૧૩૪.૩૧ |
| | ઓ. હાઉસીગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ | ૩૧.૫૦ | ૨૫.૬૩ | - |
| | પી. સ્લમ ક્લી. સ્લમ નેટવર્કીગ પ્રોજેક્ટ વર્કસ | ૦.૪૬ | - | ૨૩.૬૫ |
| | ક્યુ. સુએઝ ફાર્મ | ૬.૭૯ | - | - |

| | | | | |
|---|---|---|---|---|
| | આર. નાની બચતની ગ્રાંટના કામો | - | ૩૧.૫૫ | - |
| | એસ. ધારાસભ્યોને રાજ્ય સરકારે ફાળવેલ ગ્રાંટના કામો | - | ૫૫.૮૮ | ૪૩૯.૯૦ |
| | ટી. સંસદસભ્યશ્રીની ગ્રાંટના કામો | - | - | ૨૫૯.૩૩ |
| | યુ. એન.આર.સી.પી.ની ગ્રાંટના કામો | - | - | ૧૯૯૩.૭૫ |
| | વી. ગુ.મ્યુ.ફા.બોર્ડની ગ્રાંટના કામો | - | - | ૧૬૦.૨૨ |
| | ડબલ્યુ. લાઈટ,ડ્રેનેજ, જી.આઈ.ડી.સી. | - | ૭૦.૬૯ | - |
| | એક્ષ. વર્લ્ડ બેન્ક સહાય હેઠળના કામો | - | ૭૭.૭૭ | - |
| | વાય. રીવરફ્રન્ટ ડેવ. બોર્ડ | - | ૫૩૩.૭૧ | ૧૦.૦૦ |
| | ઝેડ. જી.આઈ.ડી.સી. એફલ્યુઅન્ટ ડિસ્પોઝલ સ્કીમ | - | - | ૨૮.૪૪ |
| | એ૧. દસમાં નાંણાપંચની ગ્રાંટના કામો | - | - | ૧૭૨.૦૮ |
| | એ૨.જીએસડીએમએ એડીબી ગ્રાંટમાંથી કામો. | - | - | ૬૧૫.૫૫ |
| | એ૩ ધરતીકંપની ગ્રાંટમાંથી સ્લમ અને હેલ્થ કવાટર્સ મરામતના કામો | - | - - | ૨૫૪.૪૮ |
| | એ૪ હુડકોની લોનની પુનઃચુકવણી | - | - | ૩૭૨૪.૭૩ |
| | એ૫ આઇ.સી.આઇ.સી.આઇની લોનની પુનઃચુકવણી | - | - | ૩૫૦૦.૦૦ |
| | એ૬ ઇ ગવર્નન્સ | - | - | ૨૬૩.૦૯ |
| | બી૧. પરચુરણ | ૦.૯૦ | ૧૮.૫૦ | ૬૮.૫૩ |

## પત્રક ૧

### ગુજરાતની ૧ લાખ કે તેથી વધુ વસતિવાળા મહાનગરપાલિકાઓ તથા નગરપાલિકાઓની ૨૦૦૧ની વસતિ ગણતરી મુજબની વસતિ

| અ.નં. | શહેર | વસતિ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | અમદાવાદ (એમ. સી.) | ૩૫૨૦૦૮૫ |
| ૨ | સુરત (એમ. સી.) | ૨૪૩૩૮૩૫ |
| ૩ | વડોદરા (એમ. સી.) | ૧૩૦૬૨૨૭ |
| ૪ | રાજકોટ (એમ. સી.) | ૯૬૭૪૭૬ |
| ૫ | ભાવનગર (એમ. સી.) | ૫૧૧૦૮૫ |
| ૬ | જામનગર (એમ. સી.) | ૪૪૩૫૧૮ |
| ૭ | જુનાગઢ(એમ.) | ૧૬૮૫૧૫ |
| ૮ | નડીયાદ(એમ.) | ૧૯૨૯૧૩ |
| ૯ | ગાંધીનગર(એન.એ.સી.) | ૧૯૫૯૮૫ |
| ૧૦ | ભરૂચ ( એમ.) | ૧૪૮૧૪૦ |
| ૧૧ | નવસારી(એમ.) | ૧૩૪૦૧૭ |
| ૧૨ | પોરબંદર ( એમ.) | ૧૩૩૦૫૧ |
| ૧૩ | વેરાવલ-પાટણ(એમ.) | ૧૪૧૩૫૭ |
| ૧૪ | સુરેન્દ્રનગર -દૂધરેજ( એમ.) | ૧૫૬૧૬૧ |
| ૧૫ | આણંદ ( એમ.) | ૧૩૦૬૮૫ |
| ૧૬ | ગોધરા(એમ.) | ૧૨૧૮૭૯ |
| ૧૭ | વેજલપુર(એમ.) | ૧૧૩૪૪૫ |
| ૧૮ | પાટણ(એમ.) | ૧૧૨૨૧૯ |
| ૧૯ | કલોલ(એમ.) | ૧૦૦૦૦૮ |
| ૨૦ | પાલનપુર(એમ.) | ૧૧૦૪૧૯ |
| ૨૧ | ઘાટલોડીયા(એમ.) | ૧૦૬૬૮૪ |
| ૨૨ | જેતપુર-નવાઘઢ(એમ.) | ૧૦૪૩૧૨ |
| ૨૩ | બોટાદ(એમ.) | ૧૦૦૧૯૪ |

નોંધઃ- (૧) એમ.સી. = મહાનગરપાલિકા (૨) એમ. = મ્યુનિસિપાલીટી (૩) એન.એ.સી. = નોટીફાઈડ એરીયા કમિટી

## પત્રક ૨

### ૨૦૦૧ની વસતિ ગણતરીના આધારે તૈયાર કરવામાં આવેલ મ્યુનિસિપલ ઈલેક્શન વોર્ડ મુજબની વસતિ

| અ.નં. | ઈલેક્શન વોર્ડનું નામ | વસતિ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | ખાડિયા | ૫૪૫૭૦ |
| ૨. | કાલુપુર | ૬૧૧૦૬ |
| ૩. | દરિયાપુર | ૬૩૦૮૧ |
| ૪. | શાહપુર | ૬૨૬૯૪ |
| ૫. | રાયખડ | ૬૪૬૪૬ |
| ૬. | જમાલપુર | ૬૬૫૩૬ |

| | | |
|---|---|---|
| ૭. | પાલડી | ૭૪૯૫૭ |
| ૮. | વાસણા | ૧૦૩૫૬૯ |
| ૯. | ગાંધીગ્રામ | ૬૭૧૨૨ |
| ૧૦. | નવરંગપુરા | ૬૦૨૩૦ |
| ૧૧. | સરદારપટેલ સ્ટેડીયમ | ૭૨૮૭૮ |
| ૧૨. | નારણપુરા | ૮૩૨૭૨ |
| ૧૩. | નવા વાડજ | ૬૮૩૧૩ |
| ૧૪. | જુના વાડજ | ૭૧૯૪૭ |
| ૧૫. | સાબરમતી | ૭૩૦૭૪ |
| ૧૬. | દુધેશ્વર | ૬૮૦૨૬ |
| ૧૭. | માધુપુરા | ૭૦૫૯૮ |
| ૧૮. | ગીરધરનગર | ૬૬૫૪૦ |
| ૧૯. | અસારવા | ૫૩૯૪૬ |
| ૨૦. | નરોડા રોડ | ૮૩૭૫૧ |
| ૨૧. | સરસપુર | ૭૧૦૫૨ |
| ૨૨. | પોટલીયા | ૮૦૪૭૧ |
| ૨૩. | કુબેરનગર | ૮૭૫૯૭ |
| ૨૪. | સરદારનગર | ૯૯૮૭૩ |
| ૨૫. | સૈજપુર | ૭૯૬૩૭ |
| ૨૬. | ઠક્કરબાપાનગર | ૧૨૯૧૭૯ |
| ૨૭. | નરોડા મુઠીયા | ૯૪૨૩૬ |
| ૨૮. | બાપુનગર | ૯૦૦૩૧ |
| ૨૯. | રખિયાલ | ૭૫૧૧૧ |
| ૩૦. | ગોમતીપુર | ૬૮૪૭૬ |
| ૩૧. | રાજપુર | ૭૩૦૯૬ |
| ૩૨. | અમરાઈવાડી | ૭૬૫૧૩ |
| ૩૩. | ભાઈપુરા- હાટકેશ્વર | ૧૦૨૬૬૫ |
| ૩૪. | નિકોલ રોડ | ૧૨૦૩૧૪ |
| ૩૫. | ઓઢવ | ૧૦૬૪૫૧ |
| ૩૬. | ખોખરા મહેમદાબાદ | ૭૧૫૭૭ |
| ૩૭. | મણીનગર | ૮૭૯૦૦ |
| ૩૮. | કાંકરીયા | ૬૯૫૧૭ |
| ૩૯. | બહેરામપુરા | ૭૭૫૪૮ |
| ૪૦. | દાણીલીમડા | ૧૧૦૩૧૩ |
| ૪૧. | બાગેફીરદોશ | ૧૨૧૯૯૮ |
| ૪૨. | વટવા | ૧૨૧૭૨૫ |
| ૪૩. | ઈસનપુર | ૧૧૩૯૪૯ |
| | કુલ | ૩૫૨૦૦૮૫ |

# પ્રકરણ ૧
# હદ વસતિ અને બંધારણ

ગુજરાત રાજયનું મોખરાનું ઔદ્યોગિક અને વાણિજય કેન્દ્ર એવું અમદાવાદ શહેર સાબરમતી નદીના કિનારે૨૦ – ૧ ઉત્તર અક્ષાંસ અને ૭૨-૪૭ પૂર્વ રેખાંશ ઉપર આવેલું છે. ભારતના શહેરોમાં સાતમા ક્રમે આવતું આ શહેર રાષ્ટ્રીય ધોરી માર્ગ નંબર ૮ ઉપર આવેલ છે અને અન્ય શહેરો તેમજ નગરો સાથે રેલ્વે રસ્તા અને વિમાની સેવાઓથી સંકળાયેલ છે. તા. ૬-૬-૭૦ ના રોજ ગુજરાત રાજયનું પાટનગર ગાંધીનગર મુકામે ફેરવવામાં આવ્યું ત્યાં સુધી તે ગુજરાત રાજયનું પાટનગર હતું. અમદાવાદ શહેર ભારતના યુગપુરુષ અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી તથા ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની કર્મભૂમિ છે. દેશને સ્વતંત્રતા મળી તે પૂર્વે અમદાવાદ મ્યુનિસિપાલીટીનું નોકરશાહી સ્વરૂપ બદલીને તેને રાષ્ટ્રીય સ્વરૂપ આપવામાં સરદાર વલ્લભભાઈ પટેલ, બળવંતરાય પ્રમોદરાય ઠાકોર, ગણેશ વાસુદેવ માવલંકર ( દાદા સાહેબ), હરીપ્રસાદ વ્રજરાય દેસાઈ તથા મણીલાલ ચતુરભાઈ જેવા મહાનુભાવોનો ગૌરવવંતો ફાળો છે.

અમદાવાદ સ્થાનિક સ્વરાજય સંસ્થા - મ્યુનિસિપલ કોર્પોરેશન - બ્રીટીશ અમલની ભેટ છે. અંગ્રેજ શાસનમાં નગરસેવાનો ભાર પ્રજાજનો પોતે પોતાને શિરે ઉપાડી લે એવી જાતની સ્વયંભૂ પ્રેરણાથી રચાયેલી સુધરાઈનો પ્રથમ દાખલો આખા હિંદને અમદાવાદે પુરો પાડયો છે. જે અમદાવાદની વિશિષ્ટતાઓ પૈકીની એક ગૌરવભરી ઘટના કહી શકાય.

હદઃ- સને ૧૮૮૭ માં શહેરનો કુલ વિસ્તાર ૫.૭૨ ચો.કી.મી.હતો. ૧૮૭૨ થી ૧૯૫૧ સુધીમાં શહેરનો વિસ્તાર વધીને ૫૨.૪૭ ચો.કી.મી. થયેલો. ૧૯૫૧ થી ૧૯૬૧ ના વર્ષો દરમ્યાન આ વિસ્તાર વધીને ૯૨.૯૮ ચો.કી.મી. થયેલ. ૧૯૬૧ થી ૧૯૭૧ સુધીના સમયગાળામાં શહેરના વિસ્તારમાં કોઈ વધારો થયેલો નથી. ૧૯૭૧ થી ૧૯૮૧ ના સમયગાળામાં વધેલા વિસ્તારો સહિત શહેરનો કુલ વિસ્તાર ૯૮.૮૪ ચો.કી.મી. થવા પામ્યો હતો. છેલ્લે ૨૩ મી ફેબ્રુઆરી ૧૯૮૬ થી શહેરના પૂર્વ વિભાગોના ૯૨.૦૦ ચો.કી.મી. વિસ્તારો મ્યુનિસિપલ લીમીટમાં ભેળવવામાં આવતા શહેરનો વિસ્તાર ૧૯૦.૮૪ ચો.કી.મી. જેટલો થયેલ છે.

**વસતિઃ-** અમદાવાદ શહેરની વસતિ ૧૮૭૨ માં ૧૧૯૬૭૨ હતી. તે ૧૯૫૧ માં ૮૩૭૧૬૩ થઈ અને ત્યારબાદ ક્રમે ક્રમે વધતા ૨૦૦૧ ની વસતિ ગણતરી મુજબ ૩૫૧૫૩૬૧ થઈ છે. આમ, ૧૮૭૨ થી ૧૯૫૧ સુધીના ૮૦ વર્ષના ગાળામાં શહેરની વસતિ લગભગ ૭ ગણી થઈ અને ૧૯૫૧ થી ૨૦૦૧ સુધીના ૫૦ વર્ષના સમયગાળામાં શહેરની વસતિ વધીને લગભગ સવા ચાર ગણી જેટલી થવા પામી છે. વસતિની ગીચતા જે ૧૮૭૨ માં દર ચો.કી.મી. ૨૧૯૭૭ ની હતી તે ૧૯૭૧ માં ઘટીને ૧૭૦૫૩ ની થઈ. તેમજ ૧૯૮૧ માં વળી પાછી વધીને ૨૦૯૮૫ થયેલ. પરંતુ ત્યારબાદ ૧૯૮૬ માં પૂર્વનો ઓછી વસતિવાળો ઔદ્યોગિક વિસ્તાર મ્યુ. લીમીટમાં સમાવવાને કારણે ૨૦૦૧ માં ઘટીને ૧૮૪૨૦ થઈ છે.

શહેરનું વિભાજન પાંચ ઝોન અને ૪૩ વોર્ડમાં કરવામાં આવેલ છે. ૨૦૦૧ ની વસતિ ગણતરી મુજબ શહેરમાં રહેણાકના ઘરોની કુલ સંખ્યા ૬૯૨૨૫૭ છે. કુલ વસતિમાં પુરુષોની સંખ્યા ૧૮૬૭૨૪૯ અને સ્ત્રીઓની સંખ્યા ૧૬૫૨૮૩૬ છે. જે પૈકી ૧૪૪૭૩૮૦ પુરુષો અને ૧૧૦૫૩૫૧ સ્ત્રીઓ ભણેલા છે. એટલે કે અક્ષરજ્ઞાનની ટકાવારી પુરુષોમાં ૮૮.૯૯ અને સ્ત્રીઓમાં ૭૬.૦૯ ટકા છે. સરેરાશ અક્ષરજ્ઞાનની ટકાવારી ૮૨.૯૧ છે.

**બંધારણ :-** ધી બોમ્બે પ્રોવિન્શીયલ મ્યુ.કોર્પો.એક્ટ ૧૯૪૯ મુજબ શહેરનો વહીવટ ચાલે છે. આ કાયદાની કલમ ૪(૧) મુજબ મહાનગરપાલિકાનું બંધારણ નીચે મુજબ છે.

૧. મહાનગરપાલિકા

૨. સ્થાયી સમિતી

૩. મ્યુનિસિપલ કમિશનર

૪.પરિવહન સમિતિ

૫. પરિવહન વ્યવસ્થાપક

આ ઉપરાંત  અધિનિયમની કલમ ૪(૨) મુજબ પ્રાથમિક કેળવણી અંગેની મહાનગરપાલિકા ઉપર નાંખવામાં આવેલ ફરજો સને ૧૯૪૭ ના મુંબઈ પ્રાથમિક કેળવણી અધિનીયમના ઠરાવ અનુસાર બજાવવી અને સદરહું અધિનિયમના હેતુઓ માટે શહેરમાંની સઘળી માન્ય શાળાઓના નિયંત્રણ અંગે શાસનાધિકારીશ્રી નિમવાનો અધિકાર મ્યુ.કોર્પોરેશનનો છે.

ધી બોમ્બે પ્રોવિન્શીયલ મ્યુ. કોર્પો. એક્ટ ૧૯૪૯ અને તેમાં થયેલ સુધારા વધારા મુજબ સમગ્ર કોર્પોરેશનનો વહીવટ કરવામાં આવે છે. મ્યુ. બોર્ડ નિતી વિષયક નિર્ણયો લે છે. જેનો અમલ મ્યુ. કમિશનર કરે છે. તેઓ મ્યુ. સેક્રેટરી અને મ્યુ. ચીફ ઓડિટર સિવાયની તમામ ઓફિસોનું સંચાલન કરે છે. એક્ટની જોગવાઈ મુજબ સ્ટેન્ડીંગ કમિટી, ટ્રાન્સપોર્ટ કમિટી અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતી એ કાયદાકીય ( સ્ટેટ્યુટરી) સમિતીઓ છે. અન્ય સમિતીઓ પણ વહીવટના જુદા જુદા ખાતાઓના નિતીવિષયક નિર્ણયો લે છે. ટ્રાન્સપોર્ટ મેનેજર પરિવહન સેવાઓનું અને શાસનાધિકારી પ્રાથમિક શાળાઓનું સંચાલન કરે છે. વાડીલાલ સારાભાઈ હોસ્પિટલ અને શેઠ એમ.જે. લાયબ્રેરીનું સંચાલન ટ્રસ્ટડીડ મુજબ બોર્ડ ઓફ ડાયરેક્ટર મારફતે કરવામાં આવે છે.

# પ્રકરણ ૨

## સામાન્ય વહીવટી તંત્ર

ધી બોમ્બે પ્રોવિન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ-૧૯૪૯ મુજબ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો વહીવટ ચલાવવામાં આવે છે. કોર્પોરેશનનો વહીવટ બે ભાગમાં વહેંચાયેલ છે. (૧) ચુંટાયેલ સભ્યશ્રીઓનું બનેલ બોર્ડ અને (૨) મ્યુનિસિપલ કમિશનરશ્રી

મ્યુ.બોર્ડમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા નીતિવિષયક નિર્ણયો લેવામાં આવે છે. જેનો મ્યુનિસિપલ કમિશનરશ્રી અમલ કરે છે. ચીફ ઓડિટ ઓફિસ તથા સેક્રેટરી ઓફિસનું સંચાલન સ્ટે.કમિટી કરે છે. જ્યારે અ.મ્યુ.ટ્રા.સ.નું સંચાલન ટ્રાન્સપોર્ટ મેનેજર કરે છે. પ્રાથમિક શાળાઓનું સંચાલન એડમીનીસ્ટ્રેટીવ ઓફિસર- સ્કુલ બોર્ડ દ્વારા કરવામાં આવે છે. શેઠ વાડીલાલ સારાભાઈ હોસ્પિટલ અને શેઠ માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલયનું સંચાલન ટ્રસ્ટ ડીડ અન્વયે સ્વતંત્ર બોર્ડ દ્વારા કરવામાં આવે છે. તે સિવાયનાં કોર્પો.નાં તમામ ખાતાઓનું સંચાલન મ્યુનિ.કમિશનરશ્રી, મ્યુનિ.બોર્ડે લીધેલ નીતિ વિષયક નિર્ણયનાં આધારે કરે છે.

**૨.૧ સેક્રેટરી ઓફિસઃ-**

અહેવાલના વર્ષ દરમ્યાન તા.૧/૪/૨૦૦૨થી તા.૩૧/૩/૨૦૦૩ સુધીના સમય માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ચુંટાયેલાં ૧૨૯ સભ્યશ્રીઓએ વહીવટ ચલાવ્યો હતો. તા.૧૭/૯/૨૦૦૦ ના રોજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સામાન્ય ચૂંટણીઓ થયા બાદ તા.૧૬/૧૦/૨૦૦૦ થી નવું બોર્ડ અસ્તિત્વમાં આવેલ હતું. જેમાં ૧૨૯ કાઉન્સીલરશ્રી શહેરનાં જુદા જુદા વોર્ડમાંથી ચુંટાઈને આવ્યા હતા. કુલ ૧૨૯ બેઠકોમાં બિન અનામત ૬૫ તથા અનામત ૬૪ બેઠકોનો સમાવેશ થાય છે.

અહેવાલના વર્ષ દરમ્યાન તા. ૧/૪/૨૦૦૨થી તા.૩૧/૩/૨૦૦૩ સુધીમાં અ.મ્યુ.કોર્પો.ની મળેલ કુલ ૩૯ બેઠકોમાં કુલ ૯૦૦ કામોનો નિકાલ કરવામાં આવ્યો હતો. બેઠકદીઠ સરેરાશ ૨૩.૦૭ કામોનો નિકાલ થયો હતો. જેનું પ્રમાણ ગતવર્ષે ૨૫.૦૭નું હતું.

અહેવાલી વર્ષ દરમ્યાન મેયરશ્રી તરીકે શ્રી હિંમતસિંહ પી. પટેલ, ડે.મેયરશ્રી તરીકે શ્રી ખેમચંદભાઇ એચ. સોલંકી, સ્ટે.કમિટીનાં ચેરમેન તરીકે શ્રી બદરુદ્દીન જી. શેખે કાર્યભાર સંભાળ્યો હતો. ટ્રાન્સપોર્ટ કમિટિના ચેરમેન તરીકે શ્રી સુરેન્દ્રભાઇ કે.બક્ષીએ કાર્યભાર સંભાળ્યો હતો. અહેવાલી વર્ષ દરમ્યાન બંધારણીય કામકાજ દર્શાવતુ પત્રક ૨.૧.૧ તથા જુદી જુદી કમીટીઓનાં ચેરમેનશ્રી તરીકે કાર્યભાર સંભાળનાર માન.સભ્યશ્રીઓની માહિતી દર્શાવતુ પત્રક ૨.૧.૨માં સામેલ છે.

અહેવાલી વર્ષ દરમ્યાન મ્યુ.કોર્પો.ની મળેલ કુલ મીટીગોમાં સભ્યશ્રીઓની હાજરી દર્શાવતી માહિતી સામેલ પત્રક ૨.૧.૩ માં દર્શાવવામાં આવી છે. જ્યારે મીટીગ પ્રમાણે સભ્યશ્રીઓની હાજરીની વિગતવાર માહિતી પત્રક ૨.૧.૪ માં દર્શાવવામાં આવી છે.

અહેવાલી વર્ષ દરમ્યાન અ.મ્યુ.કોર્પો.ની એક પણ મીટીગ કોરમના અભાવે નિષ્ફળ નીવડી ન હતી. અહેવાલી વર્ષમાં સ્ટે.કમિટીની કુલ ૭૦ બેઠકોમાં ૧૨૯૧ કામોનો નિકાલ કરવામાં આવ્યો હતો. એટલે કે બેઠકદીઠ સરેરાશ ૧૮.૪ કામોનો નિકાલ થયો હતો જ્યારે ટ્રાન્સપોર્ટ કમિટીની કુલ ૩૦ બેઠકોમાં કુલ ૩૧૩ કામોનો નિકાલ કરવામાં આવ્યો હતો. જે બેઠકદીઠ સરેરાશ ૧૦.૪ કામોનો નિકાલ થયો હતો. ગત વર્ષે સ્ટે.કમિટીમાં બેઠકદીઠ સરેરાશ ૨૦.૪ કામોનો નિકાલ થયો હતો. જયારે ટ્રાન્સપોર્ટ કમિટીમાં બેઠકદીઠ સરેરાશ ૧૮.૮ કામોનો નિકાલ થયો હતો. અન્ય સ્પેશિયલ કમિટીઓની બેઠકદીઠ નિકાલ થયેલ કામોની માહિતી સામેલ પત્રક ૨.૧.૫ માં દર્શાવી છે. જે મુજબ બેઠકદીઠ સરેરાશ સૌથી વધુ સરેરાશ નિકાલ ૧૫.૭ કામોનો રોડઝ એન્ડ બીલ્ડીગ કમિટી અને બેઠકદીઠ સરેરાશ સૌથી ઓછો ૧.૨ જેટલા કામોનો નિકાલ રીક્રીએશન એન્ડ કલ્ચરલ કમિટીમાં થયો હતો. અહેવાલી વર્ષ દરમ્યાન મ્યુ.સેક્રેટરી તરીકે શ્રી ભાનુપ્રસાદ પી.ચૌહાણે કાર્યભાર સભાળ્યો હતો.

## પત્રક ૨.૧.૧
## સને ૨૦૦૨/૨૦૦૩ના વર્ષ દરમ્યાન બંધારણીય કામકાજ દર્શાવતું પત્રક

| અ.નં. | વિગત | માહિતી |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | મહાનગરપાલિકાનું નામ :- | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન |
| ૨. | જેના અન્વયે બંધારણ થયું હોય તે અધિનિયમ | ધી બોમ્બે પ્રોવિન્શીયલ મ્યુ.કોર્પો. એક્ટ ૧૯૪૯ |
| ૩. | ચો.કી.મી. વિસ્તાર | ૧૯૦.૮૪ |
| ૪. | વિસ્તારની અંદર વસતિ ( ૨૦૦૧ ની વસતિ ગણતરી અનુસાર) | ૩૫,૧૫,૩૬૧ |
| ૫. | નિયુક્ત બેઠકો સહિત બેઠકોની કુલ સંખ્યા | ૧૨૯ |
| ૬. | (ક) નિયુક્ત કરેલ સભ્યો<br>(ખ) મતદાર વિભાગ દ્વારા ચુંટાયેલ સભ્યો | -<br>૧૨૯ |
| ૭. | (ક) મહિલા અનામત<br>(૧) સામાન્ય<br>(૨) અનુ.જાતિ<br>(૩) પછાત વર્ગ<br>કુલ<br>(ખ)<br>(૧) અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકો<br>(કુલ ૧૭ પૈકી ૬ મહિલા અનામત)<br>(૨) અનુસૂચિત જનજાતિ માટે અનામત બેઠકો<br>(કુલ ૧૩ પૈકી ૪ મહિલા માટે)<br>(૩) આદિ જાતિ માટે અનામત<br>કુલ અનામત બેઠકો | ૪૩<br>૩૩<br>૬<br>૪<br>૪૩<br><br>૧૧<br><br>૯<br><br>૧<br>૬૪ |
| ૮. | સામાન્ય બેઠકો | ૬૫ |
| ૯. | કુલ બેઠકો | ૧૨૯ |
| ૧૦. | આસન ૧૧ અને ૧૨માં જણાવેલ બેઠકો સહિત યોજાયેલી કુલ બેઠકોની સંખ્યા (૧/૪/૨૦૦૨ થી ૩૧/૩/૨૦૦૩) | ૩૯ |
| ૧૧. | આસન ૧૦માં કુલ બેઠકોમાંથી કાર્યસાધક સંખ્યા(કોરમ) ના અભાવે નિષ્ફળ સાબિત થઈ હોય તેવી બેઠકોની સંખ્યા | - |
| ૧૨. | આસન ૧૦ માંથી દર્શાવેલ કુલ બેઠકોમાંથી મુલતવી રાખવામાં આવી હોય તેવી બેઠકોની સંખ્યા | ૨૫ |
| ૧૩. | દરેક બેઠકમાં હાજર હોય તેવા સભ્યની સરેરાશ ટકાવારી | ૮૪.૬૧ |

## પત્રક ૨.૧.૨
## અન્ય કમિટીઓના ચેરમેનશ્રીઓની માહિતી દર્શાવતું પત્રક

| અ.નં. | કમિટીનું નામ | હોદ્દેદારનું નામ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | વોટર સપ્લાય એન્ડ સુઅરેજ કમિટી | શ્રી લીયાકતઅલી ડી.ઘોરી |
| ૨. | રોડઝ એન્ડ બીલ્ડીગ કમિટી | શ્રી મહંમદયુસુફ એમ.સૈયદ |
| ૩. | હેલ્થ કમિટી | શ્રી નરેન્દ્રભાઇ જે. બ્રહમભટ્ટ |
| ૪. | ટાઉન પ્લાનીગ કમિટી | શ્રી હસનખાન એસ. પઠાણ |
| ૫. | હાઉસીગ એન્ડ ઈમ્પ્રુવમેન્ટ કમિટી | શ્રી દિનેશકુમાર એસ. શર્મા |
| ૬. | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ કમિટી | શ્રી મુસ્તાકઅહેમદ એસ.પઠાણ |
| ૭. | રીક્રીએશન એન્ડ કલ્ચરલ કમિટી | શ્રી સમુબેન એ.નાડીયા |
| ૮. | હોસ્પિટલ કમિટી | શ્રી તૌફીકખાન બી.પઠાણ |
| ૯. | લીગલ કમિટી | શ્રી રાજેન્દ્રભાઇ બી. બ્રહમભટ્ટ |
| ૧૦. | એસ્ટેટ મેનેજમેન્ટ કમિટી | શ્રી હર્ષદભાઇ પી.ભટ્ટ |
| ૧૧. | ઓક્ટ્રોય કમિટી | શ્રી કિશનસિંહ બી. તોમર |
| ૧૨. | ટેક્ષ કમિટી | શ્રી વિનોદચંદ્ર બી. મોદી |
| ૧૩. | માધ્યમિક શાળા સંચાલન સમિતી | શ્રી મંગળભાઇ એસ. સુરજકર |
| ૧૪. | સ્ટાફ સિલેક્શન એન્ડ એપોઈમેન્ટ કમિટી | મેયરશ્રી હિંમતભાઇ પી.પટેલ |

## પત્રક ૨.૧.૩ (અ)
## તા.૧/૪/૨૦૦૨ થી ૩૧/૩/૨૦૦૩ સુધીમાં મળેલ મ્યુ. બોર્ડની મિટીંગમાં મ્યુ. કાઉન્સીલરશ્રીઓની હાજરી દર્શાવતું પત્રક

| અનુ. નં | સભ્યશ્રીનું નામ | કુલ મીટીંગોની સંખ્યા | કુલ હાજરીની સંખ્યા | હાજરીની ટકાવારી | રીમાકર્સ |
|---|---|---|---|---|---|
| ૧. | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | શ્રી હેમાબેન ઉર્વિશભાઈ મહેતા | ૩૯ | ૩૪ | ૮૭ | |
| ૨. | શ્રી મયુરભાઈ નટવરલાલ દવે | ૩૯ | ૩૩ | ૮૫ | |
| ૩. | શ્રી ભૂષણકુમાર અશોકકુમાર ભટ્ટ | ૩૯ | ૨૯ | ૭૪ | |
| ૪. | શ્રી જયશ્રીબેન વીનુભાઈ શાહ | ૩૯ | ૩૪ | ૮૭ | |
| ૫. | શ્રી કૃષ્ણવદન સોમનાથભાઈ બ્રહમભટ્ટ | ૩૯ | ૨૮ | ૭૨ | |
| ૬. | શ્રી સુરેન્દ્ર કાંતિલાલ બક્ષી | ૩૯ | ૩૩ | ૮૫ | |
| ૭. | શ્રી નાઝમીન મોહંમદશફી બાસ્તાવાલા | ૩૯ | ૨૮ | ૭૨ | |
| ૮. | શ્રી વિનોદચંદ્ર ભેરુભાઈ મોદી | ૩૯ | ૩૯ | ૧૦૦ | |
| ૯. | શ્રી હસનખાન સમશેરખાન પઠાણ | ૩૯ | ૩૪ | ૮૭ | |
| ૧૦. | શ્રી સ્મિતાબેન દિપકકુમાર શાહ | ૩૯ | ૩૭ | ૯૫ | |
| ૧૧. | શ્રી વિનોદભાઈ કચરાભાઈ પટેલ | ૩૯ | ૩૮ | ૯૭ | |
| ૧૨. | શ્રી રૂકનોદ્દીન મોહંમધુસેન મોમીન | ૩૯ | ૩૪ | ૮૭ | |
| ૧૩. | શ્રી અનિશાબેગમ યુસુફઅલી મિરઝા | ૩૯ | ૩૧ | ૭૯ | |
| ૧૪. | શ્રી લીયાકતઅલી ડોસુમીયા ઘોરી | ૩૯ | ૩૯ | ૧૦૦ | |
| ૧૫. | શ્રી મહંમદરફીક ગુલામમુસ્તુફા શેખ | ૩૯ | ૩૬ | ૯૨ | |
| ૧૬. | શ્રી રાબીયાબેન સમશુભાઈ છીપા | ૩૯ | ૩૯ | ૧૦૦ | |
| ૧૭. | શ્રી મોહંમદયુસુફ મોહંમદઈકબાલ સૈયદ | ૩૯ | ૩૯ | ૧૦૦ | |
| ૧૮. | શ્રી ઈમરાન યુસસુફભાઈ ખેડાવાલા | ૩૯ | ૩૬ | ૯૨ | |
| ૧૯. | શ્રી સુધાબેન શ્રેયસભાઈ દેસાઈ | ૩૯ | ૩૩ | ૮૫ | |
| ૨૦. | શ્રી રાકેશ જશવંતલાલ શાહ | ૩૯ | ૩૩ | ૮૫ | |
| ૨૧. | શ્રી દિપકભાઈ નવનીતલાલ ભટ્ટ | ૩૯ | ૨૯ | ૭૪ | |
| ૨૨. | શ્રી કલ્પનાબેન નવિનચંદ્ર રાવળ | ૩૯ | ૩૪ | ૮૭ | |
| ૨૩. | શ્રી અમીત પોપટલાલ શાહ | ૩૯ | ૩૨ | ૮૨ | |
| ૨૪. | શ્રી જ્યોતિન્દ્રભાઈ છબીલદાસ મહેતા | ૩૯ | ૩૪ | ૮૭ | |
| ૨૫. | શ્રી માલીનીબેન ભરતગીરી અતીત | ૩૯ | ૨૨ | ૫૬ | + |
| ૨૬. | શ્રી તુલસીભાઈ કેશવભાઈ પરમાર | ૩૯ | ૨૭ | ૬૭ | |
| ૨૭. | શ્રી ભાવિનભાઈ નલીનભાઈ શેઠ | ૩૯ | ૨૦ | ૫૧ | + |
| ૨૮. | શ્રી મંજૂલાબેન ગોંવિદભાઈ પાટડીયા | ૩૯ | ૨૦ | ૫૧ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૯. | શ્રી પ્રફુલ્લભાઇ મહેશભાઇ રાવલ | ૩૯ | ૩૩ | ૮૫ | |
| ૩૦. | ડો. અનીલભાઇ મીઠાભાઇ પટેલ | ૩૯ | ૩૪ | ૮૭ | |
| ૩૧. | શ્રી ગીતાબેન યોગેશભાઇ પટેલ | ૩૯ | ૩૪ | ૮૭ | |
| ૩૨. | શ્રી જવાહર આશારામ ભાટીયા | ૩૯ | ૩૪ | ૮૭ | |
| ૩૩. | શ્રી જતીનભાઇ રસીકભાઇ શાહ | ૩૯ | ૩૦ | ૭૭ | |
| ૩૪. | શ્રી લીના રાજેન્દ્રભાઇ અધ્વર્યુ | ૩૯ | ૩૨ | ૮૨ | |
| ૩૫. | શ્રી નીતીન વાડીભાઇ પટેલ | ૩૯ | ૩૧ | ૭૯ | |
| ૩૬. | શ્રી ગૌતમભાઇ નવલચંદ શાહ | ૩૯ | ૨૧ | ૫૪ | + |
| ૩૭. | શ્રી રંજનબેન વિનીતભાઇ પટેલ | ૩૯ | ૩૪ | ૮૭ | |
| ૩૮. | શ્રી રમણભાઇ અંબાલાલ પટેલ | ૩૯ | ૩૯ | ૧૦૦ | |
| ૩૯. | ડો. કમલેશભાઇ બાબુભાઇ પટેલ | ૩૯ | ૩૧ | ૭૯ | |
| ૪૦. | શ્રી હંસાબેન પ્રવિણભાઇ પટેલ | ૩૯ | ૩૬ | ૯૨ | |
| ૪૧. | શ્રી મણીલાલ સોમાભાઇ પરમાર | ૩૯ | ૩૯ | ૧૦૦ | |
| ૪૨. | શ્રી નારણભાઇ જીવાભાઇ પટેલ | ૩૯ | ૩૯ | ૧૦૦ | |
| ૪૩. | શ્રી જયાબેન જવાહરભાઇ ટુંડિયા | ૩૯ | ૩૯ | ૧૦૦ | |
| ૪૪. | શ્રી સુરેન્દ્ર કાનમલ જીરાવાલા | ૩૯ | ૨૫ | ૬૪ | + |
| ૪૫. | શ્રી ઉદેસીગ દલપુજી સોલંકી | ૩૯ | ૩૨ | ૮૨ | |
| ૪૬. | શ્રી ઈન્દિરાબેન શામજીભાઇ પરમાર | ૩૯ | ૩૬ | ૯૨ | |
| ૪૭. | શ્રી ઇકબાલભાઇ ઇબ્રાહીમભાઇ મનસુરી | ૩૯ | ૩૬ | ૯૨ | |
| ૪૮. | શ્રી જીતેન્દ્રભાઇ ચુનીલાલ ચૌહાણ | ૩૯ | ૩૨ | ૮૨ | |
| ૪૯. | શ્રી ચંદ્રકલાબેન આનંદભાઇ ગાયકવાડ | ૩૯ | ૩૯ | ૧૦૦ | |
| ૫૦. | શ્રી કાનાજી શંકરજી ઠાકોર | ૩૯ | ૩૪ | ૮૭ | |
| ૫૧. | શ્રી જશવંતસીગ વિસાજી ઠાકોર | ૩૯ | ૨૮ | ૭૨ | |
| ૫૨. | શ્રી સવિતાબેન પ્રકાશભાઇ ચાવડા | ૩૯ | ૩૨ | ૮૨ | |
| ૫૩. | શ્રી દિનેશકુમાર ધનજીભાઇ ભીલ | ૩૯ | ૩૦ | ૭૭ | |
| ૫૪. | શ્રી નરેન્દકુમાર જેઠાલાલ બ્રહમભટ્ટ | ૩૯ | ૩૫ | ૯૦ | |
| ૫૫. | શ્રી કિર્તીબેન હસમુખભાઇ પટેલ | ૩૯ | ૩૦ | ૭૭ | |
| ૫૬. | શ્રી રમેશભાઇ સોનજીભાઇ પટ્ટણી | ૩૯ | ૩૩ | ૮૫ | |
| ૫૭. | શ્રી બિપીનભાઇ અંબાલાલ પટેલ | ૩૯ | ૨૭ | ૬૯ | |
| ૫૮. | શ્રી કમળાબેન કાળીદાસ પટ્ટણી | ૩૯ | ૩૨ | ૮૨ | |
| ૫૯. | શ્રી પ્રશાંત યાજ્ઞિકભાઇ જાદવ | ૩૯ | ૩૦ | ૭૭ | |
| ૬૦. | શ્રી કિશનસિંહ બાબુસિંહ તોમર | ૩૯ | ૩૨ | ૮૨ | |
| ૬૧. | શ્રી શાંતાબેન શાંતિલાલ પંચાલ | ૩૯ | ૩૪ | ૮૭ | |
| ૬૨. | શ્રી મંગળભાઇ હીરાભાઇ સુરજકર | ૩૯ | ૩૭ | ૯૫ | |
| ૬૩. | શ્રી રાજેન્દ્રભાઇ બાબુલાલ બ્રહમભટ્ટ | ૩૯ | ૩૮ | ૯૭ | |
| ૬૪. | શ્રી મંજુલાબેન ત્રિકમલાલ પટેલ | ૩૯ | ૨૨ | ૫૬ | + |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬૫. | શ્રી કિરીટભાઇ જીવણભાઇ પરમાર | ૩૯ | ૩૪ | ૮૭ | |
| ૬૬. | શ્રી રમેશભાઇ શામજીભાઇ પટેલ | ૩૯ | ૩૩ | ૮૫ | |
| ૬૭. | શ્રી સૂર્યાબેન મણીલાલ પટેલ | ૩૯ | ૩૬ | ૯૨ | |
| ૬૮. | શ્રી રમેશભાઇ બેચરજી ચૌધરી | ૩૯ | ૩૬ | ૯૨ | |
| ૬૯. | શ્રી દિનેશકુમાર શ્રીદયાલ શર્મા | ૩૯ | ૩૭ | ૯૫ | |
| ૭૦. | શ્રી આશાબેન મુળચંદ ટેકવાણી | ૬ | ૫ | ૮૩ | તા.૧૯/૨/૨૦૦૩ થી ચૂંટાયા |
| ૭૧. | શ્રી રમેશલાલ થાંવરદાસ કૌરાણી | ૩૯ | ૨૯ | ૭૪ | |
| ૭૨. | શ્રી અશોક પરમાનંદ હાસાણી | ૩૯ | ૩૪ | ૮૭ | |
| ૭૩. | શ્રી દેવિકાબેન ધોંડુરાવ સોનવણે | ૩૯ | ૩૬ | ૯૨ | |
| ૭૪. | શ્રી દિપકભાઇ નારણભાઇ મકવાણા | ૩૯ | ૩૭ | ૯૫ | |
| ૭૫. | શ્રી દિનેશભાઇ કોદરભાઇ મકવાણા | ૩૯ | ૩૦ | ૭૭ | |
| ૭૬. | શ્રી અંજનાદેવી નારાયણસિંહ તોલાણી | ૨૭ | ૧૫ | ૫૬ | |
| ૭૭. | શ્રી મનુભાઇ જયરામભાઇ કાથરોટીયા | ૩૯ | ૩૨ | ૮૨ | |
| ૭૮. | શ્રી અમૃતભાઇ વીરાભાઇ પટેલ | ૩૯ | ૩૨ | ૮૨ | |
| ૭૯. | શ્રી ડો.કલ્પના પ્રકાશચંદ્ ભટ્ટ | ૩૯ | ૩૩ | ૮૫ | |
| ૮૦. | શ્રી અશોકકુમાર ગોવિંદભાઇ પટેલ | ૩૯ | ૨૫ | ૬૪ | |
| ૮૧. | શ્રી વલ્લભભાઇ કુબેરભાઇ પટેલ | ૩૯ | ૩૪ | ૮૭ | |
| ૮૨. | શ્રી શાંતાદેવી રામાપીરસીગ રાજપુત | ૩૯ | ૩૯ | ૧૦૦ | |
| ૮૩. | શ્રી ઘનશ્યામભાઇ પુમચંદ બારોટ | ૩૯ | ૩૯ | ૧૦૦ | |
| ૮૪. | શ્રી ભાનુભાઇ મેઘજીભાઇ પટેલ | ૩૯ | ૩૯ | ૧૦૦ | |
| ૮૫. | કુમારી રત્નાબેન ડાહયાભાઇ વોરા | ૩૯ | ૩૫ | ૯૦ | |
| ૮૬. | શ્રી હર્ષદભાઇ લાલજીભાઇ સોલંકી | ૩૯ | ૩૪ | ૮૭ | |
| ૮૭. | શ્રી તૌફીકખાન બાસીતખાન પઠાણ | ૩૯ | ૩૫ | ૯૦ | |
| ૮૮. | શ્રી મીઠીબેન ગોવિંદભાઇ નાગર | ૩૯ | ૩૫ | ૯૦ | |
| ૮૯. | શ્રી ડાહયાભાઇ વીરાભાઇ પરમાર | ૩૯ | ૩૨ | ૮૨ | |
| ૯૦. | શ્રી મહંમદઇકબાલ કાસમભાઇ શેખ | ૩૯ | ૩૯ | ૧૦૦ | |
| ૯૧. | શ્રી સમુબેન અંબાલાલ નાડીયા | ૩૯ | ૨૯ | ૭૪ | |
| ૯૨. | શ્રી હિંમતસિંહ પ્રહલાદસિંહ પટેલ | ૩૯ | ૩૫ | ૯૦ | |
| ૯૩. | શ્રી મુસ્તાકઅહેમદ સિકંદરખા પઠાણ | ૩૯ | ૩૫ | ૯૦ | |
| ૯૪. | શ્રી મણીબેન પોપટભાઇ સોલંકી | ૩૯ | ૩૯ | ૧૦૦ | |
| ૯૫. | શ્રી બળદેવભાઇ નાગજીભાઇ દેસાઇ | ૩૯ | ૩૯ | ૧૦૦ | |
| ૯૬. | શ્રી ગંગારામ શીવલાલ પ્રજાપતિ | ૩૯ | ૩૧ | ૭૯ | |
| ૯૭. | શ્રી સુરેખાબેન બાબુભાઇ દેસાઇ | ૩૯ | ૩૦ | ૭૭ | |
| ૯૮. | શ્રી ગણપતભાઇ મોતીભાઇ પરમાર | ૩૯ | ૨૬ | ૬૭ | |
| ૯૯. | શ્રી અરવિંદભાઇ વિશ્વનાથ ચૌહાણ | ૩૯ | ૩૬ | ૯૨ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦૦. | શ્રી મધુબેન ચંદુભાઇ પટેલ | ૩૯ | ૩૨ | ૮૨ | |
| ૧૦૧. | શ્રી ખુશાલસીગ નારસીગ રાજપુત | ૩૯ | ૧૯ | ૪૯ | |
| ૧૦૨. | શ્રી ધીરુભાઇ દેવશીભાઇ સાવલીયા | ૩૯ | ૩૧ | ૭૯ | |
| ૧૦૩. | શ્રી નીતાબેન હીરાભાઇ શર્મા | ૩૯ | ૩૪ | ૮૭ | |
| ૧૦૪. | શ્રી હર્ષદભાઇ પુરુષોત્તમભાઇ ભટ્ટ | ૩૯ | ૩૭ | ૯૫ | |
| ૧૦૫. | શ્રી જગદીશભાઇ ઇશ્વરભાઇ પટેલ | ૩૯ | ૩૩ | ૮૫ | |
| ૧૦૬. | શ્રી હેમાબેન રોહિતભાઇ પટેલ | ૩૯ | ૩૩ | ૮૫ | |
| ૧૦૭. | શ્રી જયોર્જ જોસેફ ડાયસ | ૩૯ | ૩૪ | ૮૭ | |
| ૧૦૮. | શ્રી વિદ્યુત જયંતિલાલ દેસાઇ | ૩૯ | ૩૭ | ૯૫ | |
| ૧૦૯. | શ્રી ભારતીબેન પ્રવિણભાઇ પટેલ | ૩૯ | ૩૦ | ૭૭ | |
| ૧૧૦. | શ્રી અસીતભાઇ રવિન્દ્રપ્રસાદ વોરા | ૩૯ | ૩૪ | ૮૭ | |
| ૧૧૧. | શ્રી રશ્મિ ચંદુલાલ શુકલ | ૩૯ | ૩૨ | ૮૨ | |
| ૧૧૨. | શ્રી નિશાબેન કલ્પેશકુમાર ઝા | ૩૯ | ૩૪ | ૮૭ | |
| ૧૧૩. | શ્રી બળવંતભાઇ મોહનભાઇ પરમાર | ૩૯ | ૩૪ | ૮૭ | |
| ૧૧૪. | શ્રી ધર્મેન્દ્ર ચંપકલાલ શાહ | ૩૯ | ૩૪ | ૮૭ | |
| ૧૧૫. | શ્રી કમળાબેન કાંતિભાઇ ચાવડા | ૩૯ | ૩૯ | ૧૦૦ | |
| ૧૧૬. | શ્રી સિરાજખાન રહેમાનીગુલ પઠાણ | ૩૯ | ૩૯ | ૧૦૦ | |
| ૧૧૭. | શ્રી ખેમચંદ હીરાલાલ સોલંકી | ૩૯ | ૩૯ | ૧૦૦ | |
| ૧૧૮. | શ્રી રઝીયાબાનુ ફિરોઝઅહેમદ રંગરેજ | ૩૯ | ૩૧ | ૭૯ | |
| ૧૧૯. | શ્રી જયંતિલાલ બેચરદાસ પરમાર | ૩૯ | ૩૯ | ૧૦૦ | |
| ૧૨૦. | શ્રી બદરુદ્દીન ગુલામમયુદ્દીન શેખ | ૩૯ | ૩૧ | ૭૯ | |
| ૧૨૧. | શ્રી મનીષાબેન રણછોડલાલ પટેલ | ૩૯ | ૩૨ | ૮૨ | |
| ૧૨૨. | શ્રી કરશનભાઇ રામદાસભાઇ પટેલ | ૩૯ | ૩૩ | ૮૫ | |
| ૧૨૩. | શ્રી અશોકભાઇ રણછોડદાસ પટેલ | ૩૯ | ૩૨ | ૮૨ | |
| ૧૨૪. | શ્રી અમીતાબેન કાંતિલાલ પટેલ | ૩૯ | ૩૪ | ૮૭ | |
| ૧૨૫. | શ્રી ગીરીશકુમાર મંગળદાસ પંડયા | ૩૯ | ૩૩ | ૮૫ | |
| ૧૨૬. | શ્રી કરસનભાઇ કાનાભાઇ મુંધવા | ૩૯ | ૩૨ | ૮૨ | |
| ૧૨૭. | શ્રી રમાબેન કીર્તિકુમાર જોષી | ૩૯ | ૩૩ | ૮૫ | |
| ૧૨૮. | શ્રી જગાભાઇ કરમણભાઇ ભરવાડ | ૩૯ | ૨૮ | ૭૨ | |
| ૧૨૯. | શ્રી યોગેશકુમાર રતિલાલ દેસાઇ | ૩૯ | ૩૧ | ૭૯ | |

**+ નિશાનીવાળા સભ્યશ્રીઓ કુલ મીટીંગોની એકંદર સંખ્યાના ૨/૩ ( બે તૃતીયાંસ )કરતાં ઓછી મીટીંગોમાં હાજર હતાં.**

# પત્રક ૨.૧.૪

## તા.૧.૪.૨૦૦૨ થી તા. ૩૧.૩.૨૦૦૩ સુધી મળેલ મ્યુ.બોર્ડની મીટીંગોમાં કાઉન્સીલરશ્રીઓની હાજરી દર્શાવતુ પત્રક

| અ.નં. | તારીખ | મીટીંગ સંખ્યા | કુલ સભ્ય સંખ્યા | ખાલી જગા | હાજર સભ્ય સંખ્યા | હાજરીની ટકાવારી | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧. | ૯/૪/૦૨ | ૧ | ૧૨૯ | ૧ | ૧૧૮ | ૯૨.૧૮ | - |
| ૨. | ૩૦/૪/૦૨ | ૪ | ૧૨૯ | ૧ | ૧૨૨ | ૯૫.૩૧ | - |
| ૩. | ૨૮/૫/૦૨ | ૩ | ૧૨૯ | ૧ | ૧૧૬ | ૯૦.૬૨ | - |
| ૪. | ૨૫/૬/૦૨ | ૩ | ૧૨૯ | ૧ | ૧૨૨ | ૯૫.૩૧ | - |
| ૫. | ૨૬/૭/૦૨ | ૧ | ૧૨૯ | ૧ | ૧૧૫ | ૮૯.૮૪ | - |
| ૬. | ૩૦/૭/૦૨ | ૧ | ૧૨૯ | ૧ | ૧૧૧ | ૮૬.૭૧ | - |
| ૭. | ૧૩/૮/૦૨ | ૧ | ૧૨૯ | ૧ | ૧૧૨ | ૮૭.૦૫ | - |
| ૮. | ૧૬/૮/૦૨ | ૪ | ૧૨૯ | ૧ | ૧૧૭ | ૯૧.૪૦ | - |
| ૯. | ૨૪/૯/૦૨ | ૨ | ૧૨૯ | ૧ | ૧૧૭<br>૬૩ | ૯૧.૪૦<br>૪૯.૨૧ | - |
| ૧૦. | ૧/૧૦/૦૨ | ૩ | ૧૨૯ | ૧ | ૧૨૬ | ૯૭.૬૭ | - |
| ૧૧. | ૨૫/૧૦/૦૨ | ૨ | ૧૨૯ | ૧ | ૧૨૪ | ૯૬.૮૭ | - |
| ૧૨. | ૨૬/૧૧/૦૨ | ૩ | ૧૨૯ | ૧ | ૯૮ | ૭૬.૫૬ | - |
| ૧૩. | ૨૭/૧૨/૦૨ | ૧ | ૧૨૯ | ૧ | ૧૧૮ | ૯૨.૧૮ | - |
| ૧૪. | ૨૮/૧/૦૩ | ૧ | ૧૨૯ | ૧ | ૧૧૩ | ૮૮.૨૮ | - |
| ૧૫. | ૩૧/૧/૦૩ | ૪ | ૧૨૯ | ૨ | ૧૦૯ | ૮૫.૮૨ | - |
| ૧૬. | ૧૮/૨/૦૩ | ૧ | ૧૨૯ | ૨ | ૧૨૨ | ૯૬.૦૬ | - |
| ૧૭. | ૧૯/૨/૦૩ | ૧ | ૧૨૯ | ૧ | ૧૨૨ | ૯૫.૩૧ | - |
| ૧૮. | ૨૦/૨/૦૩ | ૧ | ૧૨૯ | ૧ | ૧૧૯ | ૯૨.૯૬ | |
| ૧૯. | ૨૫/૨/૦૩ | ૨ | ૧૨૯ | ૧ | ૧૦૭<br>૫૭ | ૮૩.૫૯<br>૪૪.૫૩ | |
| ૨૦. | ૨૫/૩/૦૩ | ૨ | ૧૨૯ | ૧ | ૧૦૯ | ૮૫.૧૫ | |
| | કુલ | ૩૯ | | | | | |

## પત્રક ૨.૧.૫
## અહેવાલી વર્ષ દરમ્યાન જુદી જુદી સ્પે.કમિટીઓની બેઠક દ્વારા નિકાલ થયેલ કામની માહિતી દર્શાવતુ પત્રક

| અનુ.નં | કમિટીનું નામ | બેઠકોની સંખ્યા | નિકાલ કરેલ કામની સંખ્યા | બેઠક દીઠ સરેરાશ નિકાલ થયેલ કામની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | વોટર સપ્લાય એન્ડ સુઅરેજ કમિટી | ૧૬ | ૧૧૩ | ૭.૦ |
| ૨ | રોડઝ એન્ડ બીલ્ડીગ કમિટી | ૧૬ | ૨૫૧ | ૧૫.૭ |
| ૩ | હેલ્થ કમિટી | ૧૭ | ૬૬ | ૩.૮ |
| ૪ | ટાઉન પ્લાનીગ કમિટી | ૧૨ | ૨૬ | ૨.૨ |
| ૫ | હાઉસીગ એન્ડ ઈમ્પ્રુવમેન્ટ કમિટી | ૩ | ૭ | ૨.૩ |
| ૬ | સોલિડ વેસ્ટ  મેનેજમેન્ટ કમિટી | ૧૬ | ૧૬૨ | ૧૦.૧ |
| ૭ | રીક્રીએશન એન્ડ કલ્ચરલ કમિટી | ૧૨ | ૧૪ | ૧.૨ |
| ૮ | હોસ્પિટલ કમિટી | ૧૭ | ૧૩૮ | ૮.૧ |
| ૯ | લીગલ કમિટી | ૧૧ | ૨૪ | ૨.૨ |
| ૧૦ | એસ્ટેટ મેનેજમેન્ટ કમિટી | ૧૩ | ૨૩ | ૧.૭ |
| ૧૧ | ઓક્ટ્રોય કમિટી | ૧૫ | ૨૭ | ૧.૮ |
| ૧૨ | ટેક્ષ કમિટી | ૧૪ | ૧૯ | ૧.૪ |
| ૧૩ | માધ્યમિક શાળા સંચાલન સમિતી | ૯ | ૨૦ | ૨.૨ |
| ૧૪ | સ્ટાફ સિલેક્શન એન્ડ એપોઈન્મેન્ટ કમીટી | ૭ | ૨૮ | ૪.૦ |
| | **કુલ** | **૧૭૮** | **૯૧૮** | **૫.૨** |

# ૨.૨ સેન્ટ્રલ ઓફિસ

બી.પી.એમ.સી.એક્ટ ૧૯૪૯ની કલમ-૯૪ મુજબ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની તમામ વહીવટી જવાબદારી મ્યુનિ.કમિશનરશ્રીની છે.મ્યુ.કમિશ્નરશ્રી તેમના અધિકારીશ્રીઓ અને કર્મચારીઓની નિમણૂંક, બઢતી, બદલી, સીનીયોરીટી જેવા કામોનો નિર્ણય લઇ સેન્ટ્રલ ઓફિસ મારફતે અમલ કરાવે છે. આમ સેન્ટ્રલ ઓફિસ મ્યુ.કમિશનરશ્રી અને ડે.મ્યુ.કમિશનર(વહીવટ)શ્રીની સીધી દેખરેખ નીચે કામ કરે છે. આ ઓફિસમાં મુખ્યત્વે ત્રણ વિભાગ છે.

(૧)શિરસ્તેદાર વિભાગ (૨) હેડ ક્લાર્ક વિભાગ.(૩)સંકલન વિભાગ

**(૧) શિરસ્તેદાર વિભાગ :-**

મ્યુનિ.કોર્પોરેશનના તમામ ખાતાઓમાં કામ કરતા અધિકારીઓ તથા કર્મચારીઓની નિમણૂંક, ફેરબદલી, બઢતી, કર્મચારીઓનાં સીનીયોરીટી લીસ્ટ બનાવવા, કર્મચારીઓને કાયમ કરવા, ખાતાકીય પરીક્ષા લેવી, ઈનસર્વિસ ટ્રેનીગ વિગેરે કામગીરી આ વિભાગ દ્વારા કરવામાં આવે છે. હાઈકોર્ટ, દિવાનીકોર્ટ, લેબરકોર્ટમાં એસ્ટાબ્લીશમેન્ટ અંગેના તમામ કેસો અંગેની માહિતી પુરી પાડવાની કામગીરી પણ આ વિભાગ દ્વારા થાય છે.ગ્રેડેશન લીસ્ટ તૈયાર કરવા, વિવિધ ખાતાઓમાં જગા ભરવી, બઢતી, ઈન્ટરવ્યુ અંગેની તજવીજ કરવી, રાજ્ય સરકારનાં ક્ષેત્રમાં આવતી જગાઓની મંજૂરી લેવી, મહેકમ અંગે રાજ્ય સરકારશ્રી સાથે પત્રવ્યવહાર, પોલીસી(નીતિ)ના હુકમ, ભરતી અને બઢતીના નિયમો અંગેની કાર્યવાહી તેમજ ફાઈલોની જાળવણીની કામગીરી વહીવટી સ્ટાફ દ્વારા કરવામાં આવે છે.ઉપરાંત જુદી જુદી સંસ્થાઓમાં યોજાતા સેમીનારમાં કોર્પોરેશનના પ્રતિનિધિ મોકલવા નક્કી કરાવવા સ્ટે.કમિટીની જરૂરી મંજૂરી મેળવી આપવાનું કામ કરે છે.

રાજ્ય સરકારની નીતી મુજબ રોસ્ટરનું અમલીકરણ કરાવવું, રાજ્ય સરકાર દ્વારા માંગવામાં આવેલ રોસ્ટર અંગેની માહિતી પુરી પાડવી, કર્મચારીઓનાં રોસ્ટર બઢતીના પ્રશ્નોમાં અભિપ્રાય આપવા વિગેરે કામગીરી કરે છે.જુદા જુદા ખાતાઓમાં રોસ્ટર રજીસ્ટરો રાખવા અને રખાવવાની કામગીરી કરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં વર્ગ ૧ થી ૪ ની વિવિધ જગાઓ માટે ૬૧ રોસ્ટર અભિપ્રાય આપવામાં આવેલ છે.જુદા જુદા વર્ગ માટેની સ્વીકારેલ અરજીઓની સંખ્યા ૯૧ જેટલી છે.જેમાંથી જુદા જુદા ખાતાઓ માટે જુદા જુદા વર્ગના ૨૩૬ ઉમેદવારોને ઇન્ટરવ્યુમાં બોલાવવામાં આવેલ.તે પૈકી ૪૨ ઉમેદવારોની પસંદગી થવા પામેલ.વર્ષ દરમ્યાન ૮૮૯ જી.ડી.ઇએસટી ઠરાવો પાડવામાં આવેલ.

અહેવાલી વર્ષમાં જુદા જુદા ખાતામાંથી અત્રે ૧૭૨૧ પત્રો અને રાજ્ય સરકારમાંથી ૫૮૭૯ પત્રો આવેલ.મ્યુ. કોર્પો.માં રાજ્ય સરકારશ્રીની નીતિ અનુસાર હાલમાં ફાઈલીંગ સીસ્ટમ પણ અપનાવવામાં આવેલ છે. વર્ગ ૧,૨ અને ૩ માં કલેરીકલ વહીવટી/ ટેકનીકલ કેડરમાં આવતા અધિકારીશ્રીઓ /કર્મચારીઓના વાર્ષિક ખાનગી અહેવાલ સરકયુલર દ્વારા જે તે વર્ષના અંતે ખાતામાંથી ભરાવીને મંગાવવામાં આવે છે. અહેવાલી વર્ષમાં આશરે ૧૪૩૦ જેટલા વાર્ષિક ખાનગી અહેવાલ સ્વીકારવામાં આવેલ છે. તેમજ દરેક અધિકારી /કર્મચારીઓના સરનામા, શૈક્ષણિક લાયકાત, તાલીમ લીધી હોય તેની વિગત તેમજ સર્વિસમાં જોડાયા તારીખથી કયા કયા ખાતે નોકરી કરી તે અંગેની પર્સનલ ઇન્ફર્મેશન સીસ્ટમ માટે કોમ્પ્યુટર ખાતા મારફતે પ્રોગ્રામીગની કાર્યવાહી પૂર્ણ કરેલ છે.તેની ડેટા એન્ટ્રીનું કામ હાલ ચાલુ છે.

**(૨) હેડ ક્લાર્ક વિભાગ :-**

મ્યુનિ.કમિશનરશ્રીના નામે આવતી ખાતાની અરજીઓ તથા સરકારી ખાતાઓની તથા અર્ધસરકારી કે અન્ય સંસ્થાઓ તરફથી રૂબરૂ આવતી અરજીઓ અને ટપાલ મારફતે કે રૂબરૂ આવતી અરજીઓ ઈન્વર્ડ રજીસ્ટરમાં નોંધ કરી આ ટપાલો સંબંધિત ખાતાઓને મોકલવાની તથા સરકાર સાથેના પત્રવ્યવહારની કામગીરી આ વિભાગ

દ્વારા કરવામાં આવે છે. આ તમામ અરજીઓની તથા ખાતાકીય પત્રોની છેલ્લા પાંચ વર્ષની વિગતવાર માહિતી આ સાથેના સામેલ પત્રક ૨.૨.૧ માં દર્શાવવામાં આવી છે. અહેવાલી વર્ષમાં સરેરાશ દૈનિક ૭૩ અરજીઓની નોંધણી કરવામાં આવી છે.

રાજ્ય સરકાર કે અન્ય સંસ્થાઓ તરફથી માંગવામાં આવતી માહિતી જુદા જુદા ખાતાઓમાંથી લેખિત કે ટેલીફોન દ્વારા એકત્રિત કરીને જે તે સંસ્થાને મોકલવામાં આવે છે. મ્યુ.કમિશનર તરફથી ખાતાના અધિકારીઓ અગર કર્મચારીઓને માહિતી સૂચના કે આદેશ આપવા પરિપત્રો આ વિભાગ દ્વારા મોકલવામાં આવે છે. વિવિધ કમિટીઓનાં અધ્યક્ષશ્રીઓ તરફથી રાખવામાં આવતા રાઉન્ડનાં પરિપત્રો પ્રસિધ્ધ કરી, સંબંધિત અધિકારીશ્રીઓને જાણ કરવાની કામગીરી પણ આ વિભાગ દ્વારા કરવામાં આવે છે. મ્યુનિ.કમિશનરશ્રી, ડે.મ્યુ. કમિશનરશ્રીઓ, ખાસ ફરજ પરનાં અધિકારીશ્રી, સીક્યુરીટી સુપ્રિ.શ્રી, આસી મેનેજરશ્રીની ઓફિસ તથા ઘરનાં ટેલીફોન બીલોની ચુકવણું કરવાની વ્યવસ્થા અત્રેથી થાય છે. કેટલીક સંસ્થાઓમાં મ્યુનિ.કોર્પો.સભ્ય હોવાથી તેમનાં વાર્ષિક લવાજમ ભરવાની તજવીજ અત્રેથી થાય છે.

મ્યુ.કોર્પો.ની મિલકતો, મકાનો, જમીનો, પ્લોટો, ઓક્ટ્રોયનાકા, મ્યુનિ.સ્નાનાગાર, હોસ્પિટલોની સાચવણી તથા ઉચ્ચતર અધિકારીઓ વહીવટી વડાઓની સલામતી અને જાહેર પ્રસંગોએ વ્યવસ્થા સાચવવા માટે મ્યુ.કોર્પો. દ્વારા જુદી જુદી ખાનગી સીક્યુરીટી સંસ્થાઓની સેવા લેવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન આવી ૮ સીક્યુરીટી સંસ્થાઓ પાસેથી ૧૯૭ યુનીટમાં(૧ યુનીટ = ૪ સીક્યુરીટી ગાર્ડ)૭૮૮ ગાર્ડની સેવાઓ લેવામાં આવેલ છે. જે અંગે વાર્ષિક રૂા.૨૦૮.૦૦ લાખનો ખર્ચ થયેલ છે.અહેવાલી વર્ષમાં રૂા.૬૫૦૦/૧૦૫૦૦ની ગ્રેડ તથા તે ઉપરની ગ્રેડના અધિકારીશ્રીઓના પ્રોપર્ટી રીટર્નના ૩૧૦ પત્રકો સ્વીકારવામાં આવેલ છે.

<u>(૩)સંકલન વિભાગ-</u>

વિવિધ ખાતાઓ તરફથી તથા મ્યુનિસિપલ કાઉન્સીલરશ્રીઓ તરફથી આવતી દરખાસ્ત તથા ૧૩ જેટલી વિવિધ કમિટીઓ તરફથી જે તે ખાતાના કરવાના થતા કામો સ્ટે.કમિટી મારફતે મંજુર કરવા અંગેની કામગીરી આ વિભાગ દ્વારા થાય છે.અહેવાલી વર્ષ દરમ્યાન વિવિધ કમિટીઓમાં ૧૦૪૭ જેટલા ઠરાવો થયેલ.જ્યારે સ્ટે.કમિટીમાં થયેલ ઠરાવોની સંખ્યા ૧૨૯૧ છે.વર્ષ દરમ્યાન મ્યુ.જનરલ બોર્ડમાં ૮૯૫ જેટલા ઠરાવ થયેલ છે.અહેવાલી વર્ષ દરમ્યાન ચીફ ઓડિટ ખાતા તરફથી કાઢવામાં આવેલ વાંધાઓ પૈકી વિવિધ ખાતાઓ સાથે પત્રવ્યવહાર તથા રીમાઈન્ડર દ્વારા ૬૫% જેટલા વાંધાઓનો નિકાલ કરાવવામાં આવેલ.ઉપરાંત મ્યુનિસિપલ કોર્પોરેશનના બજેટ સમયે મ્યુનિ.કાઉન્સીલરશ્રીઓ તરફથી પુછવામાં આવેલ ૪૭૬ પ્રશ્નો પૈકીના ૪૧૨ જવાબો જે તે ખાતામાંથી મેળવી જે તે કાઉન્સીલરશ્રીને પાઠવવામાં આવેલ છે.

સમગ્ર મ્યુનિ.કોર્પો.ની વહીવટી સેવાઓ, સરકારશ્રીનાં આદેશ તેમજ મુખ્યમંત્રીશ્રીનાં લોકદરબાર દ્વારા માંગવામાં આવતી માહિતી અને પ્રશ્નોત્તરનું સંકલન તથા નિરાકરણની કામગીરી મ્યુ.કોર્પો.ખાતે ડેપ્યુટેશનથી નિમાયેલ ખાસ ફરજ પરનાં અધિકારીશ્રી મારફતે થાય છે.

**પત્રક ૨.૨.૧**

**છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન આવેલ પત્રો, અરજીઓની સંખ્યા દર્શાવતું પત્રક**

| અ.નં | વર્ષ | પ્રજા તરફથી આવેલ અરજીઓની સંખ્યા | રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર કે અન્ય સંસ્થા તરફથી આવેલ પત્રોની સંખ્યા | ખાતાકીય પત્રોની સંખ્યાઅને મેયર,ડે.મેયર તમજ સ્ટે.કમિટી ચેરમેનશ્રીના પત્રો | કુલ પત્રોની સંખ્યા | આવેલ પત્રો તથા અરજીઓની દૈનિક સરેરાશ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | | | | | | |
| ૧ | ૧૯૯૮-૯૯ | ૧૫,૫૦૦ | ૮,૦૨૬ | ૪,૧૪૮ | ૨૭,૬૭૪ | ૧૦૪ |
| | | | | | | |
| ૨ | ૧૯૯૯-૦૦ | ૧૮૩૭૮ | ૭૦૪૯ | ૫૧૭૦ | ૩૦૫૯૭ | ૧૧૫ |
| | | | | | | |
| ૩ | ૨૦૦૦-૦૧ | ૧૦૯૦૧ | ૯૬૫૧ | ૬૦૨૩ | ૨૬૫૭૫ | ૧૦૦ |
| | | | | | | |
| ૪ | ૨૦૦૧-૦૨ | ૧૧૦૧૦ | ૬૯૩૯ | ૫૯૪૫ | ૨૩૮૯૪ | ૯૦ |
| | | | | | | |
| ૫ | ૨૦૦૨-૦૩ | ૯૯૧૨ | ૫૮૭૯ | ૩૫૭૬ | ૧૯૩૬૭ | ૭૩ |

## ૨.૩ ટેક્ષ વિભાગ

ધી બોમ્બે પ્રોવિન્શીયલ મ્યુનિસિપલ કોર્પો.એક્ટ ૧૯૪૯ અન્વયે કોર્પોરેશનની ફરજિયાત અને મરજિયાત ફરજોનું વર્ણન કરવામાં આવેલું છે. આ ફરજો અદા કરવા ફાળવેલ નાણાંકીય સાધનો પૈકી પ્રોપર્ટી ટેક્ષ એક આવકનું સાધન છે જે કોર્પો.ની કુલ રેવન્યુ આવકનાં ૨૩.૪૧ % થી પણ વધુ આવક મેળવી આપે છે.

ટેક્ષ ખાતાની સૌથી મહત્વની કામગીરી મિલકતની આકારણી કરવાની છે. જે તે ઝોનના ડે.એસેસર અને ટેક્ષ કલેકટર)શ્રીની સીધી દેખરેખ નીચે ઝોનના ડીવીઝનલ સુપ્રિ.તેમજ વોર્ડ ઈન્સ્પેકટરો સ્થળ તપાસ કરી આકારણી કરે છે.મિલકતનાં ઉપયોગમાં ફેરફાર થયો હોય, ભાડુઆત બદલાયા હોય , અથવા બાંધકામમાં વધારો થયો હોય તો તેવી મિલકતોની આકારણી સુધારવામાં આવે છે.આકારણી સુધારવાના તમામ કેસોમાં ખાસ નોટિસો બજાવવામાં આવે છે.નવી મિલકતોની પણ આકારણી કરવામાં આવે છે.અને ખાસ નોટિસો આપવામાં આવે છે.

કરદાતાઓ દ્વારા કરવામાં આવેલી વાંધા અરજીઓનો નિકાલ એપેલેટ ઓફિસરો મારફત કરવામાં આવેલ છે.આ એપેલેટ ઓફિસરો એસેસર એન્ડ ટેક્ષ કલેક્ટરશ્રીની સીધી દેખરેખ નીચે વાંધાઓના નિકાલની કાર્યવાહી કરે છે. કરદાતાઓને જરૂરી પુરાવા રજૂ કરવા જણાવવામાં આવેછે. અહેવાલી વર્ષમાં આવેલ ૧૧૪૮ વાંધા અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે.

મિલકતની આકારણી નક્કી થયા પછી પ્રત્યેક મિલકતના ટેક્ષનાં માંગણાના બીલો તથા ખાસ નોટિસો કોમ્પ્યુટર ખાતા ધ્વારા તૈયાર કરવામાં આવે છે. વહીવટી સરળતા ખાતર અને કરદાતાઓને વધુ સારો ન્યાય મળી રહે તે હેતુથી ટેક્ષખાતાના ૫૦૦૦ એન્ટ્રી દીઠ એક વોર્ડની રચના કરવામાં આવેલ છે.જે મુજબ ટેક્ષ ખાતામાં કુલ ૧૭૮ વોર્ડ બનાવવામાં આવેલ છે.અહેવાલી વર્ષમાં રહેણાંકવાળી મિલકતોની સંખ્યા અને બિનરહેણાંકવાળી મિલકતોની મળી કુલ ૯,૫૪,૯૪૦ મિલકતોનાં બીલો આપવામાં આવ્યા છે.જુદા જુદા વોર્ડમાં માંગણાના બીલો જુદા જુદા સમયે તૈયાર કરવામાં આવેછે. બી.પી.એમ.સી. એકટ ૧૯૪૯ ના સુધારા મુજબ કલમ ૧૪૧(ક) અનુસાર નિયત તારીખ પછી માંગણા બીલ ઉપર ૧૮% દંડની વ્યાજની રકમ વસુલ કરવામાં આવે છે.

અહેવાલી વર્ષમાં ચાલુ માંગણું રૂા.૨૩૫.૮૧ કરોડ હતું.જ્યારે કુલ વસુલાત રૂા.૧૨૩.૮૦ કરોડ આવી હતી.જુની ફોર્મ્યુલાની પાછલી બાકી છા.૯૩૩.૬૨કરોડ માંગણું હતું.

ટેક્ષ ખાતાની કામગીરી માટે ૨૭ ડિવિઝનલ સુપ્રિન્ટેન્ડન્ટસ ૧૭૮ વોર્ડ ઈન્સ્પેક્ટરો અને ૫૪ ડિવિઝનલ ક્લાર્ક કામગીરી બજાવે છે. અહેવાલી વર્ષમાં તમામ ઝોનના વોર્ડોના કરની પહોંચો કોમ્પ્યુટરાઈઝડ કાઉન્ટર્સ પર બનાવવામાં આવે છે. કરદાતાનાં બીલોમાં સુધારાવધારા તથા તે અંગે કોમ્પ્યુટર ફોર્મ ભરવાની કામગીરી વાંધાના નિકાલને કારણે આકારણીમાં ફેરફારની કામગીરી તેમજ મિલકતનાં પ્રકારમાં ભાગલાને લીધે અન્ય કોઈપણ કારણસર થયેલ ફેરફારની કામગીરી વોર્ડ ઈન્સ્પેક્ટર્સ તથા ડિવિ. ક્લાર્ક કરે છે. આકારણી અંગે પ્રતિવર્ષ જાહેરનામું બહાર પાડવામાં આવે છે.બહાર પાડવામાં આવેલ જાહેરનામા તથા ખાસ નોટીસો જે ખાતા દ્વારા આપવામાં આવે છેતેની સામે કુલ ૧૧૪૮ વાંધા અરજીઓ આવેલ છે.જેનો અહેવાલી વર્ષમાં નિકાલ કરવામાં આવેલો.વાંધા અરજીઓના નિકાલ પછી અને માંગણાના બીલો મલ્યા પછી જો કરદાતાઓને અસંતોષ હોય તો કરદાતા સ્મોલ કોઝ કોર્ટમાં ૧૫ દિવસમાં અપીલ કરી શકે છે. અહેવાલી વર્ષમાં આવી ૭૫૪અપીલો થઇ છે. હાઇકોર્ટમાં ૭૧ અપીલો દાખલ થઇ છે. સુપ્રિમ કોર્ટમાં એકપણ અપીલ દાખલ થયેલ નથી.

મિલકતની આકારણી બાબતના વાંધાના નિકાલની અનેવસુલાતની કામગીરી ટેક્ષ ખાતા મારફતે કરવામાં આવે છે.ડે.મ્યુ.કમિ.(ટેક્ષ)શ્રીની સીધી દેખરેખ નીચે એસેસર એન્ડ ટેક્ષ કલેક્ટરશ્રીનાંરોજબરોજના સંચાલન નીચે ટેક્ષ ખાતાની કામગીરી સરળ બનાવવાનાં હેતુથી ડેપ્યુટી એસેસર એન્ડ ટેક્ષ કલેક્ટરશ્રીઓ આસી.મેનેજરો અને સુપરવાઈઝરી સ્ટાફની નિમણૂંક કરવામાં આવી છે.

પ્રોપર્ટી ટેક્ષ ઉપરાંત લાઈફ ટાઈમ વ્હીકલ ટેક્ષ વસુલ કરવાની કામગીરી કરવામાં આવે છે. અહેવાલી વર્ષ સુધીમાં ૧૦,૬૦,૩૦૪ યાંત્રિક વાહનો નોંધાયેલા છે.અહેવાલી વર્ષમાં રૂા.૧૯૧.૭૪ લાખ લાઈફ ટાઈમ વ્હીકલ ટેક્ષ વસુલ કરવામાં આવ્યો છે. વ્હીકલ ટેક્ષ વિભાગમાં ૧ ડિ.સુ.,૧ ઈન્સ્પેક્ટર્સ,૮ ઈન્ડોર ક્લાર્ક ફરજ બજાવે છે. લાઈફ ટાઈમ વ્હીકલ ટેક્ષ અંગેનું પત્રક ૨.૩.૪ આ સાથે સામેલ છે.મ્યુનિસિપલ કોર્પોરેશનના વહીવટનું વિકેન્દ્રીકરણ કરવામાં આવેલું છે.દરેક ઝોનમાં તેમને લગતા વોર્ડોની કામગીરી કરવામાં આવે છે.

શહેરમાં ચાલતાં સિનેમા થીએટરો પાસેથી શો ટેક્ષ વસુલ લેવામાં આવે છે.ગુજરાત સરકારે જે ચલચિત્રોને કરમુક્તિઆપી હોય તેવા ચલચિત્રો ચાલતા હોય ત્યારે તેને શો ટેક્ષમાંથી મુક્તિ આપવામાં આવે છે.અહેવાલી વર્ષ દરમ્યાન શો-ટેક્ષનીરૂા.૧૦.૫૭ લાખ વસુલાત કરવામાં આવી છે.

ધંધાર્થે વપરાતાં પાણી અંગે મીટરથી અપાતા કનેકશનો માટે મીટર રીડર તથા સિનિયર મીટર રીડરની દેખરેખ નીચે મીટર રીડીગ લઈ કોમ્પ્યુટરથી બીલો તૈયાર કરવામાં આવતા હતા. અહેવાલી વર્ષમાં મીટર ટેક્ષની આવક રૂા.૪૨.૨૬ લાખ થયેલ છે.ત્યારબાદ સ્ટે.ક.ઠ.નં.૯૨૩તા.૧/૧૨/૨૦૦૧ અનુસાર જુની મીટર પધ્ધતિ ની જગાએ હવે પ્રો-રેટા ચાર્જીસ પધ્ધતિ અપનાવેલ છે.જે મુજબ હવેથી ઝોનવાઈઝ મીટર ટેક્ષની કાર્યવાહી કરવાની થશે.

ખાનગી તથા ઘરવપરાશનાં બગીચાઓ તેમજ એક હજાર ચો.મી.થી વધુ મોટા બગીચાઓ માટે ગાર્ડન ટેક્ષ વસુલ લેવામાં આવે છે. દર ૧૦૦ કુંડા દીઠ રૂ.૧૨ /- અને તેના પ્રત્યેક ભાગ માટે નિયત દરે વસુલાત લેવામાં આવે છે. અહેવાલી વર્ષમાં બગીચા ટેક્ષની આવક રૂા.૩૪૮૬૬/- થવા પામેલ છે.

## પત્રક ૨.૩.૧
## છેલ્લા પાંચ વર્ષની ટેક્ષની વસુલાત અને સામાન્ય રેવન્યુ આવકમાં તેનું પ્રમાણ દર્શાવતુ પત્રક

| અ.નં. | વર્ષ | સામાન્ય રેવન્યુ આવક (રૂા.લાખમાં) | ટેક્ષની વસુલાત (રૂા.લાખમાં) | સામાન્ય રેવન્યુ આવક સામે ટેક્ષની આવકની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | ૧૯૯૮-૯૯ | ૫૬૩૪૬.૮૨ | ૧૨૨૪૮.૧૪ | ૨૧.૭૪ |
| ૨. | ૧૯૯૯-૦૦ | ૫૫૮૪૫.૬૧ | ૧૧૯૪૫.૨૪ | ૨૧.૩૯ |
| ૩. | ૨૦૦૦-૦૧ | ૫૬૨૫૮.૪૪ | ૯૭૮૨.૦૫ | ૧૭.૩૮ |
| ૪. | ૨૦૦૧-૦૨ | ૫૦૮૧૪.૮૮ | ૧૨૧૫૧.૦૦ | ૨૩.૯૧ |
| ૫. | ૨૦૦૨-૦૩ | ૫૨૮૯૨.૦૦ | ૧૨૩૮૦.૧૮ | ૨૩.૪૧ |

## પત્રક ૨.૩.૨
## ઝોન વાઈઝ પ્રોપર્ટી ટેક્ષની છેલ્લા ૩ વર્ષની વસુલાતની માહિતી દર્શાવતુ પત્રક

| અ.નં. | ઝોન | ૨૦૦૦-૦૧ | ૨૦૦૧-૦૨ | ૨૦૦૨-૦૩ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | મધ્યસ્થ કચેરી | ૧૩૨૪.૪૦ (૧૩.૫૪) | ૧૪૮૫.૯૪ (૧૨.૨૨) | ૧૬૬૯.૦૯ (૧૩.૪૮) |
| ૨. | મધ્યઝોન | ૧૭૪૪.૯૧ (૧૭.૮૪) | ૨૨૫૩.૮૦ (૧૮.૫૬) | ૨૩૨૭.૧૩ (૧૮.૮૦) |
| ૩. | પશ્ચિમઝોન | ૪૧૦૧.૨૮ (૪૧.૯૩) | ૩૯૮૪.૬૦ (૩૨.૭૯) | ૪૧૫૧.૫૧ (૩૩.૫૩) |
| ૪. | પૂર્વઝોન | ૮૭૨.૪૪ (૮.૯૨) | ૧૪૮૦.૬૧ (૧૨.૧૯) | ૧૨૭૯.૪૮ (૧૦.૩૪) |
| ૫. | ઉત્તરઝોન | ૭૯૪.૭૨ (૮.૧૨) | ૧૫૦૨.૯૧ (૧૨.૩૭) | ૧૪૨૩.૮૮ (૧૧.૫૦) |
| ૬. | દક્ષિણઝોન | ૯૪૪.૩૦ (૯.૬૫) | ૧૪૪૩.૨૨ (૧૧.૮૭) | ૧૫૨૯.૦૯ (૧૨.૩૫) |
| | કુલ | ૯૭૮૨.૦૫ (૧૦૦.૦૦) | ૧૨૧૫૧.૦૮ (૧૦૦.૦૦) | ૧૨૩૮૦.૧૮ (૧૦૦.૦૦) |

**પત્રક ૨.૩.૩**

**વ્હીકલ ટેક્ષ વિભાગમાં તા.૩૧.૩.૦૩ સુધીમાં નોંધાયલ જુદા જુદા પ્રકારનાં વાહનોની સંખ્યા દર્શાવતુ પત્રક**

| અ.નં. | વાહનોનો પ્રકાર | વાહનોની કુલ સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | સ્કુટર તથા મોટર સાયકલ | ૮.૨૪,૫૮૯ |
| ૨. | ઓટો રીક્ષા | ૫૦,૧૩૯ |
| ૩. | મોટરકાર | ૧,૩૩,૯૧૩ |
| ૪. | ટેક્સી | ૮,૯૩૧ |
| ૫. | પેસેન્જર બસ | ૨,૯૩૨ |
| ૬. | મોટર ટ્રક | ૨૩,૭૫૭ |
| ૭. | લોડીગ ટેમ્પો - લોડીગ રીક્ષા | ૧૬,૦૪૩ |
| | **કુલ** | **૧૦,૬૦,૩૦૪** |

## પત્રક ૨.૩.૪.
## આજીવન વાહન વેરાના દર દર્શાવતુ પત્રક

| અ.નં. | વાહનની ઉંમર (વર્ષમાં) | વાહનની ઉંમર મુજબ ટકા | સ્કુટર મો.સા. દ્વિચક્રી વાહન | ઓટો રીક્ષા | લોડીંગ ટેમ્પો/લોડીંગ રિક્ષા | જીપ મોટરકાર | ટેક્ષી | પેસેન્જર બસ | લોડીંગ મેટાડોર, ટ્રક |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| સ૧ | ૦-૧ | ૧૦૦% | ૫૪૦ | ૬૦૦ | ૯૦૦ | ૧૦૮૦ | ૧૮૦૦ | ૩૦૦૦ | ૪૫૦૦ |
| ૨ | ૧-૨ | ૯૫% | ૫૧૩ | ૫૭૦ | ૮૫૫ | ૧૦૨૬ | ૧૭૧૦ | ૨૮૫૦ | ૪૨૭૫ |
| ૩ | ૨-૩ | ૯૦% | ૪૮૬ | ૫૪૦ | ૮૧૦ | ૯૭૨ | ૧૬૨૦ | ૨૭૦૦ | ૪૦૫૦ |
| ૪ | ૩-૪ | ૮૫% | ૪૫૯ | ૫૧૦ | ૭૬૫ | ૯૧૮ | ૧૫૩૦ | ૨૫૫૦ | ૩૮૨૫ |
| ૫ | ૪-૫ | ૮૦% | ૪૩૨ | ૪૮૦ | ૭૨૦ | ૮૬૪ | ૧૪૪૦ | ૨૪૦૦ | ૩૬૦૦ |
| ૬ | ૫-૬ | ૭૫% | ૪૦૫ | ૪૫૦ | ૬૭૫ | ૮૧૦ | ૧૩૫૦ | ૨૨૫૦ | ૩૩૭૫ |
| ૭ | ૬-૭ | ૭૦% | ૩૭૮ | ૪૨૦ | ૬૩૦ | ૭૫૬ | ૧૨૬૦ | ૨૧૦૦ | ૩૧૫૦ |
| ૮ | ૭-૮ | ૬૫% | ૩૫૧ | ૩૯૦ | ૫૮૫ | ૭૦૨ | ૧૧૭૦ | ૧૯૫૦ | ૨૯૨૫ |
| ૯ | ૮-૯ | ૬૦% | ૩૨૪ | ૩૬૦ | ૫૪૦ | ૬૪૮ | ૧૦૮૦ | ૧૮૦૦ | ૨૭૦૦ |
| ૧૦ | ૯-૧૦ | ૫૫% | ૨૯૭ | ૩૩૦ | ૪૯૫ | ૫૯૪ | ૯૯૦ | ૧૬૫૦ | ૨૪૭૫ |
| ૧૧ | ૧૦-૧૧ | ૫૦% | ૨૭૦ | ૩૦૦ | ૪૫૦ | ૫૪૦ | ૯૦૦ | ૧૫૦૦ | ૨૨૫૦ |
| ૧૨ | ૧૧-૧૨ | ૪૫% | ૨૪૩ | ૨૭૦ | ૪૦૫ | ૪૮૬ | ૮૧૦ | ૧૩૫૦ | ૨૦૨૫ |
| ૧૩ | ૧૨-૧૩ | ૪૦% | ૨૧૬ | ૨૪૦ | ૩૬૦ | ૪૩૨ | ૭૨૦ | ૧૨૦૦ | ૧૮૦૦ |
| ૧૪ | ૧૩-૧૪ | ૩૫% | ૧૮૯ | ૨૧૦ | ૩૧૫ | ૩૭૮ | ૬૩૦ | ૧૦૫૦ | ૧૫૭૫ |
| ૧૫ | ૧૪ થી વધુ | ૩૦% | ૧૬૨ | ૧૮૦ | ૨૭૦ | ૩૨૪ | ૫૪૦ | ૯૦૦ | ૧૩૫૦ |

+ રૂ/. ૫/- ટોકન ફી.

# ૨.૪ કોમ્પ્યુટર ખાતુ

અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનના કોમ્પ્યુટર વિભાગ દ્વારા તેની ચાલુ સિસ્ટીમો જેવીકે પ્રોપર્ટી ટેક્ષ, વ્હીકલ ટેક્ષ, પે-રોલ સીસ્ટમ, એફ.એ.એસ, વોટર મીટર વિગેરેની અહેવાલી વર્ષ દરમ્યાન સફળ સંચાલન કરી જરૂરી આઉટપુટ સમયાંતરે લેવાની કામગીરી કોમ્પ્યુટર ખાતું સમય મર્યાદામાં ચોકસાઇ પૂર્વક પૂર્ણ કરી જેતે ખાતે પહોચાડે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરીજનોની પાયાની જરૂરીયાતોની કામગીરીમાં પારદર્શકતા લાવવા તથા સવલતો પૂરી પાડવા ઇ-ગર્વનન્સ પ્રોજેક્ટ દ્વારા તમામ ઝોનનું લીંક અપ લીઝ લાઇન દ્વારા કરી કોમ્પ્યુટરાઇઝેશન હેઠળ નીચેની સુવિધા આવરી લેવામાં આવેલ છે.

(૧) શહેરમાં જુદા જુદા ઝોનમાં કુલ છ સીટી સીવીક સેન્ટર અને એક કલેકશન સેન્ટર મારફત નીચે દર્શાવેલ સેવાઓ ઉપલબ્ધ કરાયેલ છે.

(૨) પ્રોપર્ટી ટેક્ષ કલેકશન,માસ્ટર મેઇન્ટેનન્સ,પ્રોપર્ટી ટેક્ષ બિલીગ વગેરે

(૩) વ્હીકલ ટેક્ષ કલેકશન,નવા રજીસ્ટ્રેશન,વ્હિકલનું બિલીગ વગેરે

(૪) બિલ્ડીગ પ્લાન એપ્રુવલ અને બિલ્ડીગ યુઝ પરમીશન

(૫) ગુમાસ્તાધારા રજીસ્ટ્રેશન, રીન્યુઅલ

(૬) જન્મ-મરણ નોંધણી

(૭) કમ્પ્લેઇન રીડ્રેસલ સિસ્ટમ હેઠળ પાયાની સવલતો જેવી કે પાણી ,ગટર,રસ્તા,સ્ટ્રીટલાઇટ,જનરલ કમ્પ્લેઇનની ઓનલાઇન નોંધણી

(૮) અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની વેબસાઇટ www.egovamc.com દ્વારા નાગરીક ઘર બેઠા પણ કોર્પોરેશનને લગતી વિવિધ માહિતી મેળવી શકે તેવી વ્યવસ્થા ગોઠવાયેલ છે.

(૯) નાણાકીય વર્ષ ૨૦૦૨-૨૦૦૩ ના નવી ફોર્મ્યુલા મુજબ ટેક્ષના બીલો આશરે ૧૦.૫૦ લાખ પ્રોસેસ કરી પ્રિન્ટ કરી આપેલ છે.

(૧૦) પે-રોલ સિસ્ટમમાં કર્મચારીઓનાં પગારબીલ,પગાર સ્લીપ,કપાત પત્રકો વિગેરે દર માસે નિયમિત સમયમર્યાદામાં છાપી જે તે વિભાગના કર્મચારીઓને અલગ અલગ ઇસ્યુ કરેલ છે. મકાન એડવાન્સ, વાહન એડવાન્સની કર્મચારી વાઇઝ વાર્ષિક હિસાબી સ્લીપ નાણાકીય વર્ષ ૨૦૦૨-૨૦૦૩ માટે છાપી આપવામાં આવેલ છે.કર્મચારીઓના ઇન્કમટેક્ષ ફોર્મ નંબર ૧૬-એ નું પ્રિન્ટીગ કાર્ય સને ૨૦૦૨-૨૦૦૩ માટે સમયસર પ્રિપ્રીન્ટેડ સ્ટેશનરી ઉપર કરી આપવામાં આવેલ છે. આ ઉપરાંત કર્મચારીની ૨૦૦૧-૨૦૦૨ના વર્ષ માટે સી.પી.એફ., જી.પી.એફ. ની સ્લીપો સમયસર પ્રિન્ટીગ કરી આપેલ છે.

(૧૧) એમ.જે. લાયબ્રેરીના પે-રોલ નું સફળતાપૂર્વક સંચાલન કરી તેઓની પ્રિમાઇસીસમાં લોડ કરી પ્રતિમાસ પેરોલ તેઓને તેમના વિભાગમાં જ તૈયાર કરી પ્રિન્ટ કરી શકાય તેવી વ્યવસ્થા કરેલ છે.

(૧૨) રીટાયરમેન્ટ બેનીફીટ સિસ્ટમ ને એકાઉન્ટસ વિભાગમાં સર્વર તથા નેટવર્કીગની મદદથી પેન્શન,પી.એફ.,ગ્રેજયુઇટી, હક્ક રજાના હિસાબો તથા જી.આઇ.એસના મોડયુલને આવરી લઇ ગુજરાતીભાષામાં રીપોર્ટ તૈયાર કરી શકાય તેવી સુવીધા ઉપલબ્ધ કરી અમલીકૃત કરેલ છે.

(૧૩) ઓડીટ વિભાગને સંપૂર્ણપણે કોમ્પુટરાઇઝેશન હેઠળ આવરી લઇ વાંધાઓ,તેના નિકાલ તથા વાર્ષિક અહેવાલ કોમ્પ્યુટર ઉપર નેટવર્કીગ દ્વારા તૈયાર કરી શકાય તેવી વ્યવસ્થા કરેલ છે.

(૧૪) લીગલ ખાતાના હાઇકોર્ટ,સીટી સીવીલ કોર્ટના તમામ રેકર્ડનુ કોમ્પ્યુટરાઇઝેશન હાથ ધરી પૂર્ણ કરાયેલ છે.

(૧૫) નાણાં વિભાગના માસિક અહેવાલો, બજેટ તથા કમિટીમાં મુકાતા અહેવાલોના પત્રકોને ગુજરાતી ભાષામાં નાણાં વિભાગની જરૂરીયાત મુજબ કોમ્પ્યુટરાઇઝ કરી પ્રિન્ટ કરી શકાય તેવી વ્યવસ્થા પ્રોગ્રામમા જરૂરી ડેવેલોપમેન્ટ કરી ઉપલબ્ધ કરી આપેલ છે.

(૧૬) વ્હીકલ ટેક્ષ સીસ્ટમમાં નવી નવ સીરીઝોના ૮૪,૨૧૯ વાહનોના ટેક્ષ બિલો વર્ષ દરમ્યાન છાપી આપવામાં આવેલ છે. જે વાહનોના વાહન વેરાની રકમ ભરાઇ ગઇ હોય તેવા વાહનોના બિલ ઇશ્યુ કરાયેલ નથી રોડ

રીકવરી માટે જરૂરી એવા બાકી પત્રકો સમય મર્યાદામાં છાપી રીકવરી કામગીરીને વધુ પ્રોત્સાહીત કરવામાં આવેલ છે.

(૧૭) ફાયનાન્શીયલ એકાઉન્ટીંગ સીસ્ટમમાં નાણાંકીય વર્ષ દરમ્યાન માસિક રીકન્સીલીએશન મોડીફીકેશન, એબસ્ટ્રેક્ટ લોડીગ અને અપડેશન તથા ફાઈનલ પ્રોસેસીગ નિયમીત રીતે કરી આપવામાં આવેલ છે. ગુજરાતી ભાષામાં બજેટની કામગીરી નાણાં વિભાગની માંગણી મુજબ તૈયાર કરી આપવામાં આવેલ છે. અહેવાલી વર્ષમાં ઇશ્યુ કરવામાં આવેલ ચેકોના નામના સુધારા કરવા માટેના મોડયુલ, એકાઉન્ટ માસ્ટર તેમજ બજેટ કન્ટ્રોલની એન્ટ્રી અને મોડીફીકેશનની કામગીરી તેમજ નાણાં વિભાગની માંગણી મુજબના રીપોર્ટસ્ તૈયાર કરી આપવામાં આવેલ છે.

(૧૮) એચ.બી.એ. માટે આવેલ એપ્લીકેશનના ડેટા માટે એકાઉન્ટ્સ વિભાગની સુચના અને નિયમ અનુસાર ઉપયોગમાં લઇ એન્ટ્રી મોડયુઅલ્સ્ તથા લોન માટેની સીનીયોરીટીનું લીસ્ટ તૈયાર કરી આપેલ છે.

(૧૯) પ્રો.ફંડ વિભાગમાં કર્મચારીઓને અપાતી લોનની માહિતી, ડીપાર્ટમેન્ટના કર્મચારી દ્વારા જ એન્ટર કરી શકાય તે મુજબના મોડયુઅલ કોમ્પ્યુટર ખાતેથી તૈયાર કરી પ્રો.ફંડ ડીપાર્ટમેન્ટની સીસ્ટમમાં લોડ કરી આપેલ છે.

## ૨.૫ ઈલેક્શન ખાતુ

રાજય ચુંટણીપંચ, ગાંધીનગરના આદેશ ક્રમાંક –રાચપ/ચટણ/ મનપા /પીડીઇ ૨૦૦૨-નપ-મતય-૧-ક તા.૫/૧૨/૨૦૦૧તા.૨૪/૫/૨૦૦૨ અનુસાર ગુજરાત વિધાનસભા મતદાર વિભાગોની તા.૧/૧/૨૦૦૨ના રોજની સ્થિતિએ તૈયાર થયેલ આખરી પ્રસિધ્ધિ થયેલ મતદાર યાદીઓ ઉપરથી તા.૧/૧/૨૦૦૨ની સ્થિતિએ મહાનગરપાલિકાના ઈલેકશન વોર્ડ નં.૧ થી ૪૩ની નવેસરથી અદ્યતન રીતે મુળ મતદારયાદી સને ૨૦૦૨ તથા પુરવણી મતદારયાદી નં.૧ સને૨૦૦૨ તૈયાર કરવા આ વોર્ડોના સીમાંકન મુજબ સમાવિષ્ટ થતા ૧૪ વિધાનસભા વિભાગના મતદારોને લોકેશનવાઇઝ/ભાગવાર પોસ્ટીગ કરી તૈયાર કરી તેની તા.૧૬/૧૨/૦૨ના રોજ પ્રાથમિક પ્રસિધ્ધિની કાર્યવાહી સંદર્ભે આવેલ મતદારયાદીમાં નામ/સુધારા/કમીકરવાની તથા નામ દાખલ કરવાની નમુના ક મુજબની અંદાજે ૨૦,૦૦૦ જેટલી અરજીઓનો નિકાલ રાજ્ય ચૂંટણી પંચ -ગાંધીનગર દ્વારા નિયત કરવામાં આવેલ ૧૫ દિવસની સમયમર્યાદામાં ઘનિષ્ટ ઝુંબેશ ચલાવી કામગીરી પ્રક્રિયામાં હતી તે ગાળામાં જ વિધાનસભા મતદાર વિભાગોની સામાન્ય ચૂંટણીઓ સને ૨૦૦૨જાહેર થયેલ આ ચૂંટણીઓમાં વિધાનસભાની મતદારયાદીઓમાં થયેલ ક્ષતિઓને ધ્યાનમાં લઇ રાજ્ય ચૂંટણી પંચ-ગાંધીનગર દ્વારા તા.૧/૧/૨૦૦૧ની સ્થિતિએ તૈયાર થયેલ મહાનગરપાલિકાની મતદારયાદીઓમાં સમાવિષ્ટ છે અને તારીખ ૧/૧/૨૦૦૨ ની સ્થિતિએ તૈયાર થયેલ મહાનગરપાલિકાની મતદારયાદીઓમાં સમાવિષ્ટ નથી અને મહાનગરપાલિકા વિસ્તારમાં વસવાટ કરે છે.તેવા મતદારોને આપમેળે(સુઓમોટો)થી મહાનગરપાલિકાની પુરવણી મતદારયાદી નં.૨ સને ૨૦૦૨માં સમાવિષ્ટ કરવા આદેશ ક્રમાંક-રાચપ/ચટણ/મનપા/મતય/૬/૨૦૦૨/ક તા.૨૧/૧૨/૨૦૦૨થી આદેશ કરવામાં આવેલ.તદ્અનુસાર ખાતા દ્વારા વિશાળ અને ઘનિષ્ટ ઝુંબેશ ચલાવી મતદારોના નામો સામ-સામે મેળવી જે મતદારોના નામો મળી ન શક્યા તેવા મતદારને મહાનગરપાલિકાની પુરવણી મતદારયાદી નં.૨ સને ૨૦૦૨માં સમાવેશ કરી, મતદારયાદીઓ કોમ્પ્યુટરાઇઝડ તૈયાર કરી અમદાવાદ મહાનગરપાલિકા ની મુળ મતદારયાદી સને ૨૦૦૨ , પુરવણી મતદારયાદી નં.૧ તથા પુરવણી મતદારયાદી નં.૨ સને ૨૦૦૨ની ઇલે.વોર્ડ નં.૨૪ સરદારનગરની તા.૧૬/૧/૦૩ના રોજ ઇલે.વોર્ડનં.૨૬, ઠક્કર બાપાનગરની તા.૨૪/૨/૦૩ના રોજ તથા ઇલે.વોર્ડનં.૧થી ૨૩, ૨૫, ૨૭થી ૪૩ની આખરી પ્રસિધ્ધિ૨૦૦૨,ની આખરી પ્રસિધ્ધિ તા.૨૫/૩/૦૩ના રોજ ચૂંટણી પંચ દ્વારા નિયત કરવામાં આવેલ. પ્રસિધ્ધિના સ્થળો ઉપર વોર્ડવાર પ્રસિધ્ધ કરવામાં આવેલ.તદ્અનુસાર અમદાવાદ મહાનગરપાલિકાના ઇલે.વોર્ડ નં.૧ થી ૪૩ના મતદારોની સંખ્યા પુરૂષ ૧૮,૪૨,૪૧૯+સ્ત્રી મતદારો ૧૬,૫૦,૯૪૫ મળી કુલ મતદારો ૩૪,૯૩,૩૬૪ મતદારો થયેલ છે.

ઉપરોક્ત મતદારયાદીઓ તૈયાર કરવાની સાથે સાથે જ ભારતના ચૂંટણી પંચ દ્વારા ગુજરાત વિધાનસભા મત વિભાગોની સામાન્ય ચૂંટણીઓ સને૨૦૦૨ યોજવા અંગેનો કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ.સદરહુ ચૂંટણીઓને અનુલક્ષીને મહાનગરપાલિકા વિસ્તારમાં પાળવાની થતી આદર્શ આચારસંહિતાના પાલન અંગેની વિશિષ્ટ અને ઘનિષ્ટ કામગીરી ખાતા દ્વારા હાથ

ધરવામા આવેલ.  તદ્અનુસાર મહાનગરપાલિકાના વિવિધ ખાતાઓ તેમજ કલેકટરશ્રી, અમદાવાદ ની ચૂંટણી શાખા તેમજ આચારસંહિતા પાલન અંગેના નિયુક્ત નોડલ ઓફિસરશ્રી સાથે સંયોજન ગોઠવી આચારસંહિતાનું સચોટ પાલન કરી સંપૂર્ણ કામગીરી કોઈપણ ગૂંચ કે ફરિયાદ સિવાય પૂર્ણ કરવામાં આવેલ.

ઉપરોક્ત કામગીરીની સાથે સાથે જ રાજય ચૂંટણીપંચ-ગાંધીનગર દ્વારા જાહેર કરવામાં આવેલ કાર્યક્રમ અનુસાર અમદાવાદ મહાનગરપાલિકાના ઈલે.વોર્ડ નં.૨૪ સરદારનગરની એક ખાલી પડેલ બેઠક માટેની પેટાચૂંટણી તા.૧૬/૨/૨૦૦૩ના રોજ કરવા અનુસંધાને સદરહુ ચૂંટણીમાં ઉપયોગી તમામ સ્ટેશનરી,કન્ટીજન્સી,બુથ સામગ્રી વિગેરે જરૂરી માત્રામાં અને ચોક્કસ સમયમર્યાદામાં નિયત કાર્યક્રમ પ્રમાણે જ નિયુક્ત ચૂંટણી અધિકારીશ્રીને પુરી પાડવામાં આવેલ.

હાલમાં ઈલેકશન ખાતામાં નીચે મુજબની કામગીરી પ્રક્રિયામાં છે.

(૧) અમદાવાદ મહાનગરપાલિકાના ઈલે.વોર્ડ નં.૨૬ ઠક્કરબાપાનગરની એક બેઠકની પેટા ચૂંટણી તા.૨૬/૪/૨૦૦૩ના રોજ કરવા અનુસંધાને કરવાની થતી પ્રાથમિક તબક્કાની કામગીરી.

(૨) અમદાવાદ મહાનગરપાલિકાના ઈલે.વોર્ડ.નં.૧ થી ૪૩ ની મતદારયાદીઓ સને ૨૦૦૨ કોમ્પ્યુટરાઈઝડ તૈયાર થઈ આવેલ.તમામ યાદીઓનુ ભાગવાર ચેકીગ સર્ટીફીકેટ તેમજ સિકકા લગાવવા અંગેની કામગીરી

(૩)અમદાવાદ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણીઅસો સને ૨૦૦૦ સમયે શહેર ચૂંટણી અધિકારી અને જીલ્લા કલેકટરશ્રીની  ચૂંટણી શાખાને ફાળવવામાં આવેલ ગ્રાંટ પૈકી થયેલ ખર્ચના હિસાબો,વાઉચરો ચેક કરી જમાખર્ચી કરાવવા અંગેની તેમજ ઈલે.વોર્ડ નં.૨૪ તથા ૨૬ની પેટા ચૂંટણીના કામ સારૂ ચૂંટણી અધિકારીશ્રીને ફાળવવામાં આવેલ ચૂંટણી ગ્રાંટ પૈકી થયેલ ખર્ચના હિસાબો/વાઉચરો ચેક કરી જમાખર્ચી કરાવવા અંગેની કામગીરી.

## ૨.૬ વેલ્ફેર ખાતુ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વ્યાપક હિતોને લગતી કલ્યાણકારી પ્રવૃતિ દ્વારા સંસ્થા અને તેના કર્મચારીઓ વચ્ચે કડીરૂપ ભૂમિકા ભજવતા વેલ્ફેર ખાતાની કામગીરીની રૂપરેખા અહેવાલી વર્ષમાં નીચે મુજબ રહેવા પામેલ છે.

**(૧) નોકરી દરમ્યાન અવસાન પામેલ કર્મચારીનાં કુટુંબ માટેઃ-**

નોકરી દરમ્યાન અવસાન પામેલ કર્મચારીઓના નિરાધાર થતાં કુટુંબને સહાયરૂપ થવાં તેમના આશ્રિતને અગ્રિમતાના ધોરણે નોકરી આપવાના એડમી. ઠ. નં. ૧૩૭૫ તા.૨-૧૨-૭૫ મુજબ આશ્રિતોને રાજય સરકારના પ્રવર્તમાન ઠરાવ મુજબ વર્ગ-૩ અને ૪માં નોકરી આપવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન કુલ ૧૩૪ આશ્રીતોને રહેમરાહે નોકરી આપવામાં આવી હતી.આ અંગે વિગતવાર માહિતિ પત્રક ૨.૬.૧. માં દર્શાવવામાં આવી છે.

**(૨) મૃત્યુ રાહત યોજનાઃ-**

નોકરી દરમ્યાન કર્મચારીનું મૃત્યુ થાય તો "મૃત્યુ રાહત યોજના હેઠળ" અવસાન પામેલ કર્મચારીના વારસદારોને તા.૩૦-૬-૯૭ના મ્યુ.કો.ના ઠ.નં.૧૧૭૧ થી રૂા.૨૫૦૦/-ની સહાય વેલ્ફેર ફંડમાંથી આપવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન આ રાહત યોજનાનો લાભ મૃત્યુ પામેલ ૧૪૨ કર્મચારીઓના વારસદારોને સંબંધિત ખાતા દ્વારા આપવામાં આવેલ છે.

**(૩)ઘોડિયાઘરની વ્યવસ્થાઃ-**

મ્યુ. કમ્પાઉન્ડમાં ફરજ બજાવતી મહિલા કર્મચારીઓના નાના બાળકોની સંભાળ માટે ઘોડિયાઘરની પ્રવૃતિ ચલાવવામાં આવે છે. જેમાં બાળકોની સારસંભાળ રાખવા માટ એક આયા તથા એક સફાઇ કામદાર રાખવામાં આવેલ છે. અહેવાલી વર્ષમાં ૮ બાળકોએ આ વ્યવસ્થાનો લાભ લીધો હતો.

**(૪) લેડીઝ રૂમઃ-**

મ્યુ. કમ્પાઉન્ડમાં ફરજ બજાવતી મહિલા કર્મચારીઓ માટે લેડીઝ રૂમ ચલાવવામાં આવે છે અને તે લેડીઝરૂમની જરૂરીયાત મુજબ જરૂરી ચીજ વસ્તુઓ વેલ્ફેર ખાતા ધ્વારા પૂરી પાડવામાં આવે છે.

**(૫) ગ્રુપ વીમા યોજના :-**

સ્ટે.ક.ઠ. નં ૧૫૨૨/ તા. ૨૬-૩-૯૮ મુજબ તા.૧-૪-૯૮ થી રાજય સરકારનાં ધોરણે ગ્રુપ વીમા યોજનાની સ્કીમ અમલમાં આવેલ છે. જેમાં ગ્રેડ વાઇઝ કપાત રિસ્ક પ્રિમીયમ તથા વેલ્ફેર ખાતા ધ્વારા વર્ષ દરમ્યાન આપવામાં આવેલ રિબેટની રકમ નીચે મુજબ છે.

| કેટેગરી | કર્મચારીનીસંખ્યા | કુલ જી.આઇ.એસ | રિસ્ક પ્રિમીયમ | રિબેટની કુલ રકમ |
|---:|---:|---:|---:|---:|
| એ | ૩૫૧ | ૮,૧૬,૦૦૦ | ૨,૪૪,૮૦૦ | ૬૦,૮૪૦ |
| બી | ૫૫૩ | ૬,૪૨,૪૦૦ | ૧,૯૨,૭૨૦ | ૫૧,૩૯૨ |
| સી | ૪,૪૬૫ | ૨૬,૪૩,૩૫૦ | ૭,૯૩,૦૨૦ | ૨,૧૧,૪૮૨ |
| ડી | ૧૩,૮૨૮ | ૪૦,૩૧,૦૫૦ | ૧૨,૦૯,૩૦૪ | ૩,૨૨,૪૮૨ |
| કુલ | ૧૯,૧૯૭ | ૮૧,૩૨,૮૦૦ | ૨૪,૩૯,૮૪૪ | ૬,૪૬,૧૯૬ |

ઉપરોક્ત તમામ કલ્યાણકારી પ્રવૃતિઓ માટે વિવિધ યોજના અન્વયે સહાયરૂપ થઇ કર્મચારીઓ તેમજ તેમના આશ્રિતોના ઉત્કર્ષ માટે આ ખાતું પ્રયત્નશીલ રહે છે.જેની કન્ટીજન્સી પાછળ અંદાજીત રકમ રૂા.૨૫,૦૦૦/- નો ખર્ચ અહેવાલી વર્ષ દરમ્યાન કરવામાં આવેલ છે.

## પત્રક ૨.૬.૧
## અવસાન પામેલ કર્મચારીઓનાં આશ્રિતને નોકરી આપવા માટેની આવેલ અરજીઓની માહિતી દર્શાવતું પત્રક

| વર્ષ | ગત વર્ષ સુધીની બાકી અરજીઓ | ચાલુ વર્ષે નવી આવેલ અરજીઓ | કુલ અરજીઓ | નિકાલ કરેલ અરજીઓ | | | વર્ષાન્તે બાકી અરજીઓ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | નોકરી માટે ભલામણ કરેલ અરજી | ફાઈલ કરેલ અરજીઓ | નિકાલ થયેલ કુલ અરજીઓ | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| | | | | | | | |
| ૦૦/૦૧ | ૧૧૨ | ૧૨૫ | ૨૩૭ | ૧૫૦ | ૧૦ | ૧૬૦ | ૭૭ |
| | | | | | | | |
| ૦૧/૦૨ | ૭૭ | ૧૪૧ | ૨૧૮ | ૧૫૪ | ૩૯ | ૧૯૩ | ૨૫ |
| | | | | | | | |
| ૦૨/૦૩ | ૨૫ | ૧૫૫ | ૧૮૦ | ૧૩૪ | ૧૮ | ૧૫૨ | ૨૮ |

# ૨.૭ ગુમાસ્તાધારા ખાતુ

ફેક્ટરી એક્ટ લાગુ પડતો ન હોય તેવી સંસ્થાઓને જેમકે દુકાનો, વેપારી પેઢીઓ, હોટલો અને થિયેટરોને સને ૧૯૪૮નો બોમ્બે શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટ લાગુ પડે છે. આ એકટનો તથા પેમેન્ટ ઓફ વેજીસ એક્ટનો અમલ કરાવવાનું તથા તેના કેસો કોર્ટમાં દાખલ કરી કસુરદારને યોગ્ય નશ્યત કરાવવાનું કામ ગુમાસ્તાધારા ખાતા દ્વારા કરવામાં આવે છે. આ એક્ટ તમામ દુકાનો, વેપારી પેઢીઓ, રેસીડેન્શીયલ હોટલો, રેસ્ટોરન્ટ, ખાનપાનની જગ્યાઓ, સિનેમા, નાટકો, થીયેટરો અને જાહેર આનંદપ્રમોદની તમામ સંસ્થાઓને લાગુ પડે છે.અહેવાલી વર્ષ સુધીમાં આવી સંસ્થાઓની કુલ સંખ્યા ૪,૦૪,૦૪૩ જેટલી છે. ગત વર્ષેમાં આવી સંસ્થાઓની સંખ્યા ૩,૮૯,૨૭૫ હતી. અહેવાલી વર્ષે આ સંસ્થાઓમાં કામ કરતા ગુમાસ્તાઓની સંખ્યા ૩,૦૧,૮૬૨ તથા સંસ્થાના માલિકના કુંટુબીજનોની સંખ્યા ૫૪૯૬૫ હતી. જેનું પ્રમાણ ગત વર્ષે અનુક્રમે ૨,૮૪,૨૧૨ અને૪૬૬૦૨ જેટલુ હતું.

સને ૧૯૪૮ ધી બોમ્બે શોપ્સ એન્ડ એસ્ટા.એક્ટનાં કાનુન ભંગ અંગે પગારમાં કાપકૂપ, કાયદા મુજબની નોટીસ વગર નોકરીમાંથી છૂટા કરવા તથા હક્કરજાનો પગાર અને નોટીસ પગાર ન મળવાને કારણે નોકરો તરફથી લેખિત ફરિયાદો વધુ આવે છે. જે ગુમાસ્તાઓની તેમના હક્ક પ્રત્યેની જાગૃતિ દર્શાવે છે. પેમેન્ટ ઓફ વેજીસ એક્ટના ભંગ અંગેની ફરિયાદોનો નિકાલ કોર્ટનાં આશ્રય વગર પણ કરવામાં આવે છે. જે સંસ્થાઓમાં બાળ કામદાર માલુમ પડે તેની સામે એક્ટની કલમ ૩૨ મુજબ પગલાં ભરવામાં આવે છે.

અમદાવાદ મ્યુનિ.કોર્પોનાં હદવિસ્તાર સાથે એકટના અમલ નીચે નોંધાયેલ સંસ્થાઓની સંખ્યા પ્રતિવર્ષ વધતી જાય છે. સરકારે પ્રસિધ્ધ કરેલ રજીસ્ટ્રેશન રીન્યુઅલ અંગેના રૂલ અનુસાર અહેવાલી વર્ષ દરમ્યાન રીન્યુઅલ ફી ની આવક રૂા.૧૦.૬૪ લાખ થઈ છે.

બોમ્બે પ્રોવિન્સિયલ મ્યુ.કોર્પો. એકટ ૧૯૪૯ હેઠળ મ્યુ.કોર્પો.નાં વિસ્તારની દુકાનો, વેપારીગૃહો, હોટલો, નાસ્તાગૃહો, સિનેમાગૃહો, અને જાહેર મનોરંજનની સંસ્થાઓ જેવા
નાના વેપારીગૃહોના કર્મચારીઓને ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટા. એકટ ૧૯૮૦ જે સંસ્થાઓને લાગુ પડે છે. તેમાં આ યોજના હેઠળ ૧ લી જાન્યુ. ૧૯૮૧થી ગુમાસ્તાઓ માટેની "ફરજીયાત ગ્રુપ વીમા યોજના" દાખલ કરાવવામાં આવેલ છે. આ યોજના અન્વયે જે કર્મચારીઓ પૂર્ણ સમયનાં હોય, ૧૮ વર્ષથી ઉપર અને ૬૦ વર્ષથી નીચેની ઉંમરના હોય તેઓને લેવામાં આવે છે. સંસ્થાનાં માલિકે પ્રત્યેક કર્મચારી દીઠ રૂા.૬/- તથા કર્મચારીએ પ્રિમિયમ ફાળા પેટે દર વર્ષે રૂા.૬/- મળી કુલ રૂા.૧૨/- દર વર્ષે ૧૫મી જાન્યુ. અગાઉ ભરવાના હોય છે. વીમાની રકમ મૃત્યુ પામેલ કર્મચારીનાં વારસદારોને વધુમાં વધુ રૂા.૧૦,૦૦૦/- સુધી જીવનવીમા કોર્પો. ચૂકવે છે.

અહેવાલી વર્ષમાં અગાઉની બાકી ફરિયાદો પૈકી ૪૬૭૭નો નિકાલ થયેલ છે. જેમાંથી દંડ પેટે રૂા.૦.૫૧ લાખ વસૂલ કરેલ છે. વર્ષ દરમ્યાન રીન્યુઅલ ફીની આવક કલમ ૭ અને ૮ એટલે કે નવી સંસ્થાઓનાં રજીસ્ટ્રેશન અંગેના 'એ' ફોર્મની આવક તથા નોંધણીમાં ફેરફાર અંગેની 'ઇ' ફોર્મની આવક અને રજીસ્ટ્રેશનના ડુપ્લીકેટ ફોર્મની આવક મળી એકંદર કુલ આવક રૂા. ૧૫.૭૪ લાખની થઇ છે જે ગત વર્ષે રૂા.૨૫.૨૭ લાખની થયેલ હતી.

એક્ટ નીચેની સંસ્થાઓમાં કામ કરતાં નોકરો તથા પ્રજાના સહકાર વિના આ એક્ટનો અમલ કરવો મુશ્કેલ છે. આવા નોકરો, નોકરી ગુમાવવાના ભયથી સહકાર આપતા નથી. પરંતુ હાલમાં નોકરોના યુનિયનો અસ્તિત્વમાં આવતા જાય છે. જે એક નવી આશાનું શુભચિન્હ ગણી શકાય.

સને ૧૯૪૮ના બોમ્બે શોપ્સ એન્ડ એસ્ટા.ની કલમ ૭૧ મુજબ ગુમાસ્તાધારા ખાતા તરફથી પ્રતિવર્ષ રીપોર્ટ મ્યુ.કમિશનરશ્રી દ્વારા સરકારશ્રીને મોકલવામાં આવે છે.

આ ખાતાની કામગીરીને કોમ્પ્યુટરાઈઝ કરી, ઓનલાઈન કરવામાં આવેલ છે. જેમાં ગુમાસ્તાધારા નિયમોનુસાર પ્રમાણપત્ર તેમજ પહોંચો કોમ્પ્યુટરથી પ્રિન્ટ કરી ઈસ્યુ કરવામાં આવે છે. ગુમાસ્તાધારાની કામગીરી પારદર્શક બનાવવા પ્રત્યેક સંસ્થાના માલિકોને દરેક માહિતી મળી રહે તે હેતુસર એક માહિતી પત્રીકા બહાર પાડવામાં આવેલ છે.જેથી સંસ્થાના માલિકોને દરેક માહિતી મળી રહેતી હોવાથી કામગીરીમાં સરળતા  રહે છે.

ચાલુ વર્ષે ખાતા દ્વારા સાઈનબોર્ડની સર્વેની કામગીરી ચાલુ રાખવામાં આવેલ છે.અગાઉ ૪૨૩૩૧ સાઈનબોર્ડનો સર્વે કરવામાં આવેલ હતો.અહેવાલી વર્ષમાં વધુ ૧૦,૬૦૦ સાઈન સર્વે કરવામાં આવતા સર્વે કરેલ સાઈનબોર્ડની સંખ્યા અહેવાલી વર્ષના અંતે ૫૨,૯૩૧ થયેલ છે. અહેવાલી વર્ષમાં સાઈન બોર્ડની રૂા.૪.૩૫લાખની આવક મેળવેલ છે.તા.૨૭/૧૧/૦૨થી ઈ.ગર્વનન્સ પ્રોજેક્ટ હેઠળ ગુમાસ્તાધારા પ્રમાણપત્ર ઈસ્યુ કરવાની તથા પ્રમાણપત્ર રીન્યુ કરવાની તથા અન્ય કામગીરી શહેરના છ સીવીક સેન્ટરોમાં ઓનલાઈન ચાલુ કરવામાં આવેલ છે.આથી સંસ્થાના માલિકો શહેરના કોઈપણ સીવીક સેન્ટર પરથી પ્રમાણપત્ર તથા અન્ય કામગીરી કરી શકે તેવી સરળ કામગીરી ચાલુ કરવામાં આવેલ છે.

## પત્રક ૨.૭.૧
## ઈન્સ્પેક્ટર્સ મારફતે જુદી જુદી સંસ્થાઓની કરવામાં આવેલ તપાસ અને અનિયમિત માલુમ પડેલ સંસ્થાઓ સામે કરવામાં આવેલ ફરિયાદોની વિગત દર્શાવતુ પત્રક

| અનુ.નં | વિગત | ૦૦-૦૧ | ૦૧-૦૨ | ૦૨-૦૩ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | મુલાકાત લીધેલ સંસ્થાઓની કુલ સંખ્યા | ૪૫૨ | ૧૫ | -- |
| | (અ) નિયમિત | ૧૩૦ | - | -- |
| | (બ) અનિયમિત | ૩૨૨ | ૧૫ | -- |
| ૨. | વર્ષની શરૂઆતમાં બાકી ફરિયાદો | ૨૮૫૪૦ | ૨૭૯૦૫ | ૨૭૮૪૦ |
| ૩. | વર્ષ દરમ્યાન કરવામાં આવેલ ફરિયાદ | ૬૬૨ | ૧૫ | - |
| | ફરિયાદો કુલ (૨+૩) | ૨૯૨૦૨ | ૨૭૯૨૦ | ૨૭૮૪૦ |
| ૪. | નિકાલ કરેલ ફરિયાદો | ૧૨૯૭ | ૮૦ | ૪૬૭૭ |
| ૫. | વર્ષાંતે બાકી ફરિયાદો | ૨૭૯૦૫ | ૨૭૮૪૦ | ૨૩૧૬૩ |
| ૬. | કુલ ફરિયાદો સામે નિકાલ થયેલ ફરિયાદોની ટકાવારી | ૪.૪૪ | ૦.૨૯ | ૧૬.૮૦ |
| ૭. | દંડની રકમ ( રૂા. લાખમાં) | ૪.૫૫ | ૦.૩૩ | ૦.૫૧ |

## પત્રક ૨.૭.૨
## સાઈનબોર્ડની સંખ્યા અને આવક દર્શાવતુ પત્રક

| અનુ.નં | વિગત | ૦૦-૦૧ | ૦૧-૦૨ | ૦૨-૦૩ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | સાઈનબોર્ડની સંખ્યા | ૩૪૪૧૫ | ૪૨૩૩૧ | ૫૨૯૩૧ |
| | | | | |
| ૨ | આવક ( રૂા. લાખમાં) | ૩.૮૭ | ૩.૪૧ | ૪.૩૫ |

## પત્રક ૨.૭.૩
## ગુમાસ્તાધારાની આવક દર્શાવતુ પત્રક ( રૂા. લાખમાં)

| અનુ.નં | વિગત | ૦૦-૦૧ | ૦૧-૦૨ | ૦૨-૦૩ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | એ અને ઈ ફોર્મની આવક તથા ડુપ્લીકેટ ફોર્મ ફી | ૪.૫૪ | ૪.૬૬ | ૫.૧૦ |
| ૨ | રીન્યુઅલ ફી ની આવક | ૧૬.૪૭ | ૨૦.૬૧ | ૧૦.૬૪ |
| | **કુલ** | **૨૧.૦૧** | **૨૫.૨૭** | **૧૫.૭૪** |

## સપત્રક ૨.૭.૪
## વીમા યોજના હેઠળ આવરી લીધેલ સંસ્થાઓના કામદારો અને ફાળાની રકમ દર્શાવતુ પત્રક

| અનુ.નં | વર્ષ | સંસ્થાની સંખ્યા | ગુમાસ્તાઓની સંખ્યા | ફાળાની રકમ રૂા. લાખમાં |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ૨૦૦૦-૦૧ | ૨,૧૪૪ | ૬,૯૪૮ | ૦.૮૩ |
| ૨ | ૨૦૦૧-૦૨ | ૧,૬૪૧ | ૬,૦૭૮ | ૦.૭૩ |
| ૩ | ૨૦૦૨-૦૩ | ૭૨૪ | ૨,૪૭૮ | ૦.૩૦ |

## પત્રક ૨.૭.૫
## નોંધાયેલ સંસ્થાઓનું વર્ગીકરણ અને કામદારોની સંખ્યા દર્શાવતુ પત્રક

| અ.નં. | સંસ્થાઓનું વર્ગીકરણ | ૦૦-૦૧ | | ૦૧-૦૨ | | ૦૨-૦૩ | |
|---|---|---|---|---|---|---|---|
| | | સંખ્યા | કામદાર | સંખ્યા | કામદાર | સંખ્યા | કામદાર |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | દુકાનો | ૨૯૩૩૮૩ | ૧૧૬૪૭૩ | ૩૦૯૫૬૯ | ૧૧૮૦૭૪ | ૩૧૯૯૪૦ | ૧૨૦૧૩૮ |
| ૨ | અન્ય વેપારી સંસ્થાઓ | ૭૦૯૪૭ | ૧૪૧૮૨૮ | ૭૪૪૩૭ | ૧૪૭૪૭૨ | ૭૮૬૮૪ | ૧૫૪૯૭૮ |
| ૩ | રહેંણાંકવાળી હોટલો | ૪૯૫ | ૪૦૧૬ | ૫૧૪ | ૪૦૬૪ | ૫૨૪ | ૪૦૮૪ |
| ૪ | રેસ્ટોરન્ટ | ૪૬૦૯ | ૧૬૧૬૯ | ૪૬૯૨ | ૧૬૪૯૦ | ૪૮૫૭ | ૧૬૯૦૫ |
| ૫ | સિનેમા | ૬૦ | ૧૦૯૬ | ૬૩ | ૧૧૦૫ | ૬૮ | ૧૧૦૯ |
| | **કુલ** | **૩૭૪૪૯૪** | **૨૭૯૫૮૨** | **૩૮૯૨૭૫** | **૨૮૭૨૦૫** | **૪૦૪૦૪૩** | **૨૯૭૨૧૪** |

## ૨.૮ લીગલ ખાતુ

મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટી મ્યુનિ.કમિશ્નરશ્રીઓ તેમજ ખાતાના અધિકારીઓને પાવર્સ ડેલીગેશન કરવાની, મ્યુ. કોર્પો.ના સ્ટેન્ડિંગ ઓડર્સ, બાયલોઝ, રેગ્યુલેશન તથા અન્ય નીતિનિયમોમાં સુધારા વધારા કરવાની તથા નિયમો બનાવવાની કામગીરી વિ. તમામ પ્રકારની કાનુની કાર્યવાહી લીગલ ખાતા દ્વારા હાથ ધરવામાં આવે છે. જુદી જુદી કોર્ટોમાં મ્યુ.કોર્પો. વિરુધ્ધ દાખલ થતાં દાવાઓ તથા મ્યુ.કોર્પો. તરફથી કરવામાં આવતાં દાવાઓમાં વકીલ રોકવાની, તેઓને ફી ચુકવવાની, કોર્ટના ચુકાદાઓનો અમલ કરાવવાની કે ચુકાદા વિરૂધ્ધ અપીલ કરાવવાની, બી.પી.એમ.સી.એકટ તથા પી.એફ.એ. એકટ હેઠળની ફરિયાદ અંગેની કામગીરી તથા તમામ ખાતાઓને કાનુની માર્ગદર્શન કે સલાહસૂચનો આપવાની કામગીરી કરવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન આ ખાતા દ્વારા નીચે મુજબ કામગીરી કરવામાં આવેલ છે.

(૧) મ્યુ.કમિ.શ્રીને પોતાની સત્તા બી.પી.એમ.સી. એકટ ૧૯૪૯ની કલમ ૪૯(૧) હેઠળ ડે.મ્યુ.કમિ.શ્રીઓને અને કલમ ૬૯(૧) મુજબ મ્યુ.અધિકારીઓને સોંપવાની સત્તા મળેલ છે. અહેવાલી વર્ષમાં કુલ ૩૯ ડેલીગેશન ડેપ્યુટેશન ઓર્ડર તથા ૩ જેટલા હુકમો અધિકારીઓની રજા દરમ્યાન અન્ય અધિકારીઓને ચાર્જ સોંપવા સંબંધમાં કરવામાં આવેલ છે.

(૨) મ્યુ.કોર્પો.ના બાયલોઝ, રેગ્યુલેશન, સ્ટે.ઓર્ડરોમાં સુધારા કરાવવા તથા નિયમો બનાવવા અને જુદા જુદા ખાતાઓમાંથી આપતી દરખાસ્ત સંબંધે તજવીજ કરવાની કે નવા નિયમો તથા ચાલુ નિયમોમાં સુધારા વધારા સામે જાહેર વાંધાઓ મંગાવવા, વર્તમાન પત્રો તથા ગેઝેટમાં નોટીસો પ્રસિધ્ધ કરાવવાની તથા મંજૂર થયેલ દરખાસ્તોને રાજય સરકારની મંજૂરી માટે મોકલવાની કામગીરી કરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં વિનિમયો તથા કર્મચારીઓની ભરતી-બઢતી તથા લાયકાત અંગેના નિયમો અંગે કુલ-૧ આર.જી.એન.ઠરાવોથી સુધારા કરવામાં આવ્યા છે.

(૩) સુપ્રિમકોર્ટ, હાઈકોર્ટ, સિટી સિવિલ કોર્ટ, સ્મોલ કોઝ કોર્ટ, સેશન્સ કોર્ટ, મેટ્રોપોલીટન કોર્ટમા મ્યુ. કોર્પો. વિરુધ્ધ થતાં અને મ્યુ.કોર્પો. દ્વારા થતાં કેસોમાં મ્યુ. કોર્પો. તરફથી રજૂઆત કરવા કોર્ટવાઈઝ એડવોકેટોની પેનલ રોકવા ઉપરાંત કોર્ટ દ્વારા અપાતા ચુકાદાના હુકમો-એવોર્ડને જે-તે ખાતામાં મોકલી આપી અમલ કરવાની તજવીજ કરવામાં આવે છે.અહેવાલી વર્ષમાં ઉપરોક્ત કોર્ટોમાં નીચે મુજબની કામગીરી થયેલ છે.

(અ) મેટ્રો.મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૬ અને ૮ માં ઓકટ્રોય સ્ટે.ઓર્ડરનો ભંગ, પી.એફ.એ. હેઠળની ફરિયાદો તથા બી.પી.એમ.સી.એકટ હેઠળની ફરિયાદો-દાવાઓ દાખલ થાય છે.સને ૨૦૦૨ના વર્ષ દરમ્યાન શરૂઆતમાં કોર્ટોમાં ૧૧૮૩ કેસો બાકી હતા. વર્ષ દરમ્યાન નવા ૨૨૨ કેસો દાખલ થયેલ છે. નિકાલ થયેલ ૧૦૬ કેસો પૈકી કોર્પો.ની તરફેણમાં ૯ કેસો અને વિરુધ્ધમાં ૮૮ કેસો નિકાલ થયેલ છે.જ્યારે અન્ય રીતે ૯ કેસોનો નિકાલ થયેલ છે.વર્ષને અંતે કુલ ૧૩૦૬ કેસો બાકી રહયા હતા.

(બ) સીટી સિવિલ કોર્ટમાં વર્ષની શરૂઆતમાં ૬૩૬૩ દાવા પેન્ડીંગ હતા. વર્ષ દરમ્યાન ૫૫૫ દાવા નવા દાખલ થયેલ.૩૬૫ દાવાઓનો નિકાલ થતા ૬૫૫૩ દાવાઓ બાકી રહેલ. મ્યુ. તરફેણમાં ૩૧૨ દાવાઓ અને વિરુધ્ધમાં ૧૦ દાવાઓ અને મ્યુ.કોર્પો.સામે થયેલ અને પાછા ખેંચવામાં આવેલ દાવાઓ ૪૩ હતા.

(ક) હાઈકોર્ટમાં ચાલતા કેસો માટે જુદા જુદા એડવોકેટોની પેનલો રોકવામાં આવેલ. વર્ષની શરૂઆતમાં હાઈકોર્ટમાં ૫૩૨૬ કેસો પેન્ડીંગ હતા. વર્ષ દરમ્યાન ૬૭૯ કેસો નવા દાખલ થયેલ હતા. વર્ષ દરમ્યાન ૧૨૪૬ કેસોનો નિકાલ થયેલ હતો.તે પૈકી ૯૭૮ કેસો મ્યુ.તરફેણમાં અને ૨૩૩ વિરુધ્ધમાં રહેવા પામેલ.આમ વર્ષને અંતે ૪૭૫૯ કેસો બાકી રહેલા હતા.

(ડ) સ્મોલ કોઝ કોર્ટમાં વર્ષની શરૂઆતમાં ૪૦ કેસો પેન્ડીંગ હતા.વર્ષ દરમ્યાન૨૮ કેસો નવા દાખલ થયેલ હતા.વર્ષ દરમ્યાન ૨ કેસોનો નિકાલ મ્યુનિ.કોર્પો.ની તરફેણમાં થયેલ છે..જ્યારે ૧ કેસનો નિકાલ મ્યુનિ.કોર્પો.ની વિરુધ્ધમાં થયેલ છે. વર્ષને અંતે કુલ ૬૫ કેસો બાકી રહેલા હતા.

(ઇ) સુપ્રિમ કોર્ટમાં વર્ષની શરૂઆતમાં ૧૭૯ કેસો પેન્ડીગ હતા. વર્ષ દરમ્યાન ૭ કેસો નવા દાખલ થયેલ હતા. વર્ષ દરમ્યાન એક કેસનો નિકાલ થયેલ હતો અને તે મ્યુનિ. કોર્પોરેશનની તરફેણમાં નિકાલ થયો હતો. વર્ષના અંતે કુલ ૧૮૫ કેસો બાકી રહેલ.

ઉપરોકત કોર્ટોમાં મ્યુ.કોર્પો.ના પેનલ ઉપરના એડવોકેટોને નિયત કરેલ ફી ચૂકવવામાં આવે છે. કેસની અગત્યતા ધ્યાનમાં લઇ સ્પે. ફી થી પણ સીનીયર કાઉન્સીલરો પણ રોકવામાં આવલે છે.કવર્ષ દરમ્યાન એડવોકેટોને રૂા.૭૫.૭૮ લાખ પ્રોફેશનલ ફી ચૂકવવામાં આવેલ છે.

કોર્ટોની કામગીરી ઉપરાંત લીગલ ખાતા દ્વારા તમામ ખાતાઓને કાયદાકીય સલાહ માર્ગદર્શન તથા કાનુની અભિપ્રાય આપવાની કામગીરી કરવામાં આવેછે.ઉપરાંત પેનલ ઉપર મ્યુ.એડવોકેટ તરીકે રોકેલા શ્રી. નાણાંવટી એન્ડ નાણાંવટી એડવોકેટને પણ અભિપ્રાય આપવાની કામગીરી સોંપવામાં આવેલ છે.વર્ષ દરમ્યાન તેઓએ લેટલાક કેસોમાં કાનૂની સલાહ/અભિપ્રાય આપેલ છે.

લીગલ ખાતાની કામગીરી સીની.લીગલ આસી.શ્રીની સીધી દેખરેખ નીચે ઓફિસ સુપ્રિ.શ્રી, જુની લીગલ આસી.શ્રી,હેડકલાર્કશ્રી, સીની,કલાર્ક, જુની.કલાર્ક તથા પટાવાળાઓ સહિત ૨૬ કર્મચારીઓ સંભાળે છે. અહેવાલી વર્ષ દરમ્યાન રૂા.૨૨.૫૩ લાખનું એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ થયેલ છે.

**પત્રક ૨.૮.૧**

**સુપ્રિમકોર્ટમાં ચાલતાં કેસોની છેલ્લા ત્રણ વર્ષની માહિતી દર્શાવતું પત્રક**

| અ.નં. | વર્ષ | વર્ષની શરૂઆતમાં બાકી કેસો | વર્ષ દરમ્યાન નવા દાખલ થયેલ કેસો | કુલ કેસો | વર્ષ દરમ્યાન નિકાલ કરેલ કેસો | કુલ કેસોસામે નિકાલ કરેલ કેસની ટકાવારી | વર્ષાન્તે બાકી રહેલ કેસો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ૨૦૦૦-૨૦૦૧ | ૧૬૮ | ૪ | ૧૭૨ | - | ૦ | ૧૭૨ |
| ૨ | ૨૦૦૧-૨૦૦૨ | ૧૭૨ | ૮ | ૧૮૦ | ૧ | ૦.૫૦ | ૧૭૯ |
| ૩ | ૨૦૦૨-૨૦૦૩ | ૧૭૯ | ૭ | ૧૮૮ | ૧ | ૦.૫૦ | ૧૮૭ |

## પત્રક ૨.૮.૨

## હાઈકોર્ટમાં ચાલતા કેસોની છેલ્લા ત્રણ વર્ષની માહિતી દર્શાવતુ પત્રક

| અ.નં. | વર્ષ | વર્ષની શરૂઆતમાં બાકી કેસો | વર્ષ દરમ્યાન નવા દાખલ થયેલ કેસો | કુલ કેસો | વર્ષ દરમ્યાન નિકાલ કરેલ કેસો | કુલ કેસોસામે નિકાલ કરેલ કેસની ટકાવારી | વર્ષાન્તે બાકી રહેલ કેસો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ૨૦૦૦-૨૦૦૧ | ૩૫૨૦ | ૧૨૮૩ | ૪૮૦૩ | ૧૬૯ | ૩.૫ | ૪૬૩૪ |
| ૨ | ૨૦૦૧-૨૦૦૨ | ૪૬૪૪ | ૧૯૬૩ | ૬૬૦૭ | ૧૨૮૧ | ૧૯.૪ | ૫૩૨૬ |
| ૩ | ૨૦૦૨-૨૦૦૩ | ૫૩૨૬ | ૬૭૯ | ૬૦૦૫ | ૧૨૪૬ | ૨૦.૮ | ૪૭૫૯ |

## પત્રક ૨.૮.૩

## સીટી સિવીલ સેસન્સ તથા સ્મોલ કોઝ કોર્ટના  કેસોની છેલ્લા ત્રણ વર્ષની માહિતી દર્શાવતું પત્રક

| અ.નં. | વર્ષ | વર્ષની શરૂઆતમાં બાકી કેસો | વર્ષ દરમ્યાન નવા દાખલ થયેલ કેસો | કુલ કેસો | વર્ષ દરમ્યાન નિકાલ કરેલ કેસો | કુલ કેસોસામે નિકાલ કરેલ કેસની ટકાવારી | વર્ષાન્તે બાકી રહેલ કેસો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ૨૦૦૦-૨૦૦૧ | ૬૨૨૩ | ૬૫૯ | ૬૮૮૨ | ૩૮૧ | ૫.૫ | ૬૫૦૧ |
| ૨ | ૨૦૦૧-૨૦૦૨ | ૬૫૦૧ | ૪૯૭ | ૬૯૯૮ | ૬૩૫ | ૯.૧ | ૬૩૬૩ |
| ૩ | ૨૦૦૨-૨૦૦૩ | ૬૩૬૩ | ૫૫૫ | ૬૯૧૮ | ૩૬૫ | ૫.૩ | ૬૫૫૩ |

## પત્રક ૨.૮.૪

## મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ  કોર્ટ નં .૬ અને ૮ ના કેસોની છેલ્લા ત્રણ વર્ષની માહિતી

| અ.નં. | વર્ષ | વર્ષની શરૂઆતમાં બાકી કેસો | વર્ષ દરમ્યાન નવા દાખલ થયેલ કેસો | કુલ કેસો | વર્ષ દરમ્યાન નિકાલ કરેલ કેસો | કુલ કેસોસામે નિકાલ કરેલ કેસની ટકાવારી | વર્ષાન્તે બાકી રહેલ કેસો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ૨૦૦૦-૨૦૦૧ | ૮૭૩ | ૮૭ | ૯૬૦ | ૬૮ | ૭.૦ | ૮૯૨ |
| ૨ | ૨૦૦૧-૨૦૦૨ | ૮૯૨ | ૩૦૮ | ૧૨૦૦ | ૨૭ | ૨.૫ | ૧૧૭૩ |
| ૩ | ૨૦૦૨-૨૦૦૩ | ૧૧૭૩ | ૨૩૨ | ૧૪૦૫ | ૯૬ | ૬.૮ | ૧૩૦૯ |

## ૨.૯ હીલગાર્ડન, પ્રાણીસંગ્રહાલય અને બાલવાટિકા

અમદાવાદ શહેરમાં આવેલ કાંકરિયા તળાવની ફરતે, ઉંચીનીચી ટેકરીઓનો વિકાસ કરી, હીલ ગાર્ડનના વિકાસની સાથે સને ૧૯૫૧માં કમલાનેહરુ ઝૂઓલોજીકલ ગાર્ડનની સ્થાપના કરવામાં આવી હતી. સ્થાપના સમયે ઝૂ માં જુદા જુદા પ્રાણીઓ, પક્ષીઓ અને સરિસૃપોનુ પ્રદર્શન કરવામાં આવતુ હતું. પ્રાણીસંગ્રહાલયને ઝૂ ઓથોરીટી નવી દિલ્હીની માન્યતા મળતા તેનાં નીતિનીયમ અનુસાર સંચાલન કરવામાં આવે છે.સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી ,નવી દિલ્હીના માન્ય ઝૂ માં હાલ અમદાવાદ ઝૂનો મોટા ઝૂ માં સમાવેશ થયેલ છે.

દરવર્ષે ઝૂ ની સમીક્ષા-સૂચનો સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી દ્વારા કરવામાં આવે છે.અને તેનું સફળ અમલીકરણ કરવામાં આવે છે.

**<u>પ્રાણીસંગ્રહાલયઃ-</u>**

વિશ્વનાં વિવિધ દેશોનાં વિવિધ પશુ પક્ષીઓ અને સરીસૃપો આ પ્રાણીસંગ્રહાલયમાં છે. જેની સંખ્યા ૨૨૦૦ જેટલી છે.ઝૂનાં જાનવરોની વૈજ્ઞાનિક ઢબે સારસંભાળ રાખવામાં આવે છે. જાનવરોને કુદરતી વાતાવરણ મળી રહે તે રીતે પિંજરામાં માળા અને જરૂરી સગવડો પૂરી પાડવામાં આવતી હોવાથી પશુ-પક્ષીઓનું સરળતાથી પ્રજનન થાય છે. જેથી તેમની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થવા પામ્યો છે. અત્રેના ઝૂ માં કિંમતી પક્ષીઓ જેવા કે ક્રાઉન્ડપીજીયન, રોઝીપેલીકન, નીકોબારપીજીયન, સફેદ મોર તથા હિપોપોટેમસ વિ.ના બચ્ચા થતા તેમની સંખ્યામાં નોંધપાત્ર વધારો થવા પામેલ છે.હિપોપોટેમસનું બચ્ચુ ભારતના તમામ ઝૂ પૈકી અમદાવાદ ઝૂમાં સૌ પ્રથમ વાર થવાને લીધે મુલાકાતીઓમાં આકર્ષણ વધેલ છે.અહેવાલી વર્ષ દરમ્યાન સર પીટર સ્કોટ ટ્રસ્ટ,જામનગર ઝૂ સાથે જાનવરોનો વિનિમય કરતાં અમદાવાદ ઝૂમાંથી ત્રણ શાહુડી જામનગર ઝૂને આપીને બદલામાં તેમની પાસેથી આફ્રિકન ક્રૌન્ડ ક્રેન નં.૩ મેળવવામાં આવેલી છે.જેથી પક્ષીઓની તમાં ઉમેરો થઇને નવીન પક્ષી આવવાથી મુલાકાતીઓના આકર્ષણમાં વધારો થયેલ છે.

**<u>વેટરનીટી સર્વીસીસઃ-</u>**

ઝૂ માં રાઉન્ડ ધ કલોક વેટરનીટી ડોકટર્સ, જાનવરોનું બારીકાઈથી નીરીક્ષણ કરી, તાત્કાલીક સારવાર આપે છે. જરૂરીયાત મુજબ જાનવરોને ઝૂ હોસ્પિટલ ખાતે ઈન્ડોર પેશન્ટ તરીકે વૈજ્ઞાનિક સારવાર આપવામાં આવે છે. જાનવરોને જરૂરી રસીઓ ડી-વર્મીન, ડીસઈન્ફેકશન તથા સીઝન પ્રમાણે એન્ટીસ્ટ્રેસની સારવાર આપવામાં આવે છે. તે માટે આધુનિક ઓપરેશન થીયેટર, લેબોરેટરી તથા ઈમરજન્સી મેસેજ માટે વાયરલેસ સીસ્ટમનો ઉપયોગ કરવામાં આવે છે. જાનવરોમાં માલુમ પડતા વિવિધ રોગનાં નિદાન માટે જરૂરી નમૂના મેળવી, રોગસંશોધન કચેરી, પશુપાલન ખાતુ અમદાવાદ વેટરનીટી કોલેજ આણંદ તથા જરૂરીયાત મુજબ પ્રાઈવેટ લેબોરેટરીમાં મોકલી તેમના અહેવાલ મુજબ ઘનિષ્ઠ સારવાર આપવામાં આવે છે.અને દરેક કિંમતી જાનવરોની ટ્રીટમેન્ટ તેમજ હીસ્ટ્રી કાર્ડમાં નોંધ કરવામાં આવે છે.

**<u>નવીન પ્રોજેકટઃ-</u>**

જાનવરોને કુદરતી વાતાવરણ મળી રહે તે હેતુથી સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી નવી દિલ્હી તથા અ.મ્યુ.કોર્પો.ના સહયોગથી વાઘ અને સિંહના ઓપનમોટ પાંજરા બનાવવામાં આવેલ છે. અહેવાલી વર્ષમાં વાંદરાના નાના પાંજરા હતા તેને મોટા પાંજરા કરવા માટે સેન્ટ્રલ ઝૂ ઓથોરીટીએ રૂા.૫.૨૫ લાખની ૧૦૦% ગ્રાંટ આપતાં વાંદરાના નાના પાંજરાને ત્રણ મોટા પાંજરા બનાવી વાંદરાઓને છોડીને

કામ પૂર્ણ કરેલ છે.જયારે રીછના પાંજરા માટે રૂા.૧૨.૫૦લાખ ૫૦% મુજબની ગ્રાંટ આપતા રીછનુ ં ઓપનમોટ પાંજરૂ તૈયાર થઇ ગયેલ છે.ઝૂમાં હોસ્પિટલનું નવીનીકરણ સેન્ટ્રલ ઝૂ ઓથોરીટીએ ૧૦૦% ગ્રાંટરૂપે રૂા.૨૫.૨૭ લાખ આપેલ છે.જેની કામગીરી ટુંક સમયમાં શરૂ થનાર છે.

**ઝૂ એજયુકેશનઃ-**

ઝૂ ની મુલાકાતે આવતાં શાળાના બાળકો તથા અન્ય સંસ્થાની વ્યકિતઓને ઝૂ ને લગતું શિક્ષણ આપવા ઝૂ તસ્વીર પ્રદર્શન રૂમ બનાવવામાં આવ્યો છે.તેમાં ફીલ્મ શો,સ્લાઇડ શો વિ. બતાવી પશુ-પક્ષીઓની માહિતી પુરી પાડવામાં આવે છે.ઉપરાંત ઓવરહેડ પ્રોજેકટર પણ વસાવવામાં આવેલ છે.ભારતના પક્ષ્મિમ વિભાગમાં આવેલ ઝૂની એનીમલ કીપર્સની તાલીમ આપવાની કામગીરી અમદાવાદ ઝૂને સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી નવી દિલ્હીએ સોંપેલ છે.અહેવાલી વર્ષમાં સદર તાલીમ પ્રોગ્રામમાં પાંચ વિવિધ ઝૂમાં કુલ-૧૫એનીમલ કીપરોએ તાલીમ મેળવેલ હતી.જે મુજબ અત્યાર સુધી ૭૫ જેટલા તાલીમાર્થી એનીમલ કીપરને તાલીમબધ્ધ કરવામાં આવેલ છે.

**એનીમલ રેસ્કયુ પ્રોગ્રામ**

કાંકરીયા ઝૂ દ્વારા મ્યુનિસિપલ હદમાં શહેરીજનો તથા મહાનુભાવોની ફરિયાદને આધારે શહેરમાં ઉત્પાત મચાવતા વાંદરા,માંકડા, હાથી તથા સર્પોને પકડવાની કામગીરી ઝૂ ખાતાની ટીમ દ્વારા કરવામાં આવે છે.સદર કામગીરી માટે રૂા.૦.૯૦લાખની ગ્રાંટ સેન્ટ્રલ ઝૂ ઓથોરીટીએ આપેલ હતી.

**રસાલા ગાર્ડન :-**

એલીસબ્રીજ વિસ્તારમાં ૧૯૯૨માં આ ગાર્ડનની શરૂઆત થઇ હતી. જેમાં જાતજાતના પશુ-પક્ષીઓને રાખી મીની ઝૂ વિકસાવવામાં આવેલ છે. જેમાં મુલાકાતીઓના આકર્ષણ માટે જાત જાતના પશુ-પક્ષીઓને મુકી મીની ઝૂ વિકસાવવામાં આવેલ છે.અહેવાલી વર્ષ દરમ્યાન ૧૩ નવા પાંજરાઓ બનાવેલ હોવાથી સાબર, કાંચનમૃગ, નીલગાય, સીયામીસ બિલાડીઓ મુકવામાં આવેલ છે. રસાલા નેચર પાર્કમાં જીરાફનું સ્ટ્રકચર ઝૂલા લપસણી અને સુંદર બગીચાઓ હોવાથી નેચર પાર્ક મુલાકાતીઓનું આકર્ષણ બની ગયેલ છે.

**બગીચાઓ :-**

કાંકરીયા તળાવની ફરતાં આવેલ વન ટ્રી હીલ ગાર્ડન, નગીના વાડી, કાંકરીયા પાર્ટી પ્લોટ, ઓપનએર થીયેટરમાં કિંમતી ફૂલછોડ, લોન પ્લોટ વિ. ઉછેરીને સુંદર બગીચાઓ બનાવવામાં આવેલ છે.અહેવાલી વર્ષ દરમ્યાન ગુજરાત હોર્ટ્રી કલ્ચરલ એસોસીએશન દ્વારા યોજીત શહેરના બગીચાઓની હરીફાઇમાં નગીનાવાડી બગીચાને પ્રથમ ઇનામ અને વન ટ્રી હીલ ગાર્ડન બગીચાને તૃતીય ઇનામ પ્રાપ્ત થયેલ છે.

**ચાચા નહેરૂ બાલવાટિકા :-**

બાળકોના બૌધ્ધિક વિકાસ અને જ્ઞાન સાથે ગમ્મત મળે તે માટે ચાચા નહેરૂ બાલવાટિકા બનાવવામાં આવ્યુ છે.છેલ્લા પાંચ વર્ષથી ચાચા નહેરૂ બાલવાટિકાએ અ.મ્યુ.કોર્પો.ના મનોરંજન માટેનું એક ટોચનું સ્થાન પ્રાપ્ત કરેલ છે. ૩૦૦ વર્ષ જુનો કલાત્મક હિંડોળો, સતત પાણી રેલાવતી પનિહારી તથા આધુનિક રમકડાં બાળકોને ખૂબજ આનંદ આપે છે.

**નાવડી ઘરઃ-**

લાકડાની કોતરણીવાળા પશુ-પક્ષીઓનાં રમકડાં, ફોટોગ્રાફ્સ તથા આઝાદી અગાઉના રજવાડાની આશરે ૨૦૦૦ વર્ષ જૂની ચલણી નોટો તથા સિકકાઓ ગોઠવવામાં આવ્યા છે.

**<u>બાળ પુસ્તકાલય :-</u>**

બાળકોને મનગમતાં ચિત્રો તથા પુસ્તકો ઉપરાંત રજવાડી લડાઈના સાધનો તથા રંગબેરંગી પતંગીયા ગોઠવવામાં આવ્યા છે.

**<u>ઢીંગલીઘર :-</u>**

વિશ્વની વિવિધ દેશોની ઢીંગલીઓ, મહાપુરૂષોના ફોટોગ્રાફ્સ મુકી આ ઢીંગલીઘરની આજુબાજુ ગામડાનુ તથા ખેતરનું વાતાવરણ ઉભું કરવામાં આવ્યુ છે.

**<u>કાચઘર :-</u>**

અહીં કોન્કેલ અને કોનવેક્સ આયનાઓ દ્વારા શરીરના થતાં વિવિધ દેખાવો આગવું આકર્ષણ પેદા કરે છે. ધાતુઓ તથા લાકડાનાં હાથી ઘોડા વિ. ના સ્ટેચ્યુ મુકવામાં આવ્યા છે.

**<u>નભોદર્શન :-</u>**

અહી આકાશીગ્રહો, નક્ષત્રો, અને તારાઓની ઓળખ તેમજ રાશિઓની માહીતી મળે છે.

**<u>મોડલ રેલ્વે પ્રદર્શન :-</u>**

મે-૯૨ માં આ પ્રદર્શન ખુલ્લુ મુકવામાં આવ્યુ. જેમાં વિજળીથી ચાલતી ઓટોમેટીક મોડલ રેલ્વે ટ્રેન દ્વારા બ્રીજ, લોકો શેડ, ક્રોસિંગ વિગેરે બનાવવામાં આવ્યા છે. એક સાથે પાંચ ટ્રેનો દોડતી દર્શાવાય છે.

**<u>બકરાગાડી :-</u>**

ઘોડાગાડી, ઘોડેસ્વારી અને બકરાગાડી દ્વારા બાળકોને મનોરંજન મળે છે. જેની સવારીમાં બાળકોને અનેરો આનંદ મળે છે.

**<u>એમ્યુઝમેન્ટ પાર્ક :-</u>**

મે-૯૫ થી શરૂ કરવામાં આવેલ એમ્યુઝમેન્ટ પાર્કમાં કોલંબસ, કપરકાબી, ટાયગરટ્રેન, ઉલ્ટાપુલ્ટા, મુનવોકર, જેટપ્લેન, નૌકાવિહાર, બેબીકાર, દેડકાગાડી, એકવાબોલ થતા ૩થી૪ નાના બાળકો માટેની કોઇન રાઇડસ મૂકવામાં આવેલ છે.

**<u>નૌકાવિહારઃ-</u>**

નભોદર્શનની આજુબાજુ નાનું તળાવ બનાવી ચારે બાજુથી પાણીનો ધોધ પાડી તળાવમાં હલેસા વાળી બોટ મુકવામાં આવી છે.

**<u>પાણીનું ઝરણું:-</u>**

જંગલનું કુદરતી દૃશ્ય ઉભું કરવા ઢીંગલીઘરની પાછળના ભાગમાં એક પાણીનું ઝરણું તથા વાઘની ગુફા બનાવવામાં આવેલ છે.

**<u>ચિલ્ડ્રન ટ્રાફિક સેન્ટરઃ-</u>**

બાળકોને ટ્રાફિક નિયમોની સમજ આપવા, તથા જ્ઞાન સાથે ગમ્મતના હેતુથી અગાઉના સાયકલ ગ્રાઉન્ડમાં લાયોનેસ કલબ ઓફ કર્ણાવતી એ ચિલ્ડ્રન ટ્રાફિક સેન્ટર ઉભું કર્યુ છે. અહી નાનો પેટ્રોલપંપ, પાર્કીગ, બસસ્ટેન્ડ, ક્રોસીગ, ઓવરબ્રીજ, પોસ્ટનો ડબો તથા જાનવરો દ્વારાં ટ્રાફિકના નિયમો સમજાવતાં બોર્ડ મુકવામાં આવેલ છે.

**ઓપનએર થીયેટર :-**

રવિવારની સાંજે હરિફાઇ, પપેટ શો, જાદુનાં ખેલ તથા સાંસ્કૃતિક ક્રાર્યક્રમનું આયોજન કરી બાળકોમાં રહેલી સર્જનશકિતનો વિકાસ કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. હાલ અહી નાનાં મોટાં સૌને આનંદ સાથે જ્ઞાન મળે તે હેતુથી વિડીયો પ્રોજેકટ દ્વારા ડીસ્કવરી તથા નેશનલ જોગ્રોફીક અને કાર્ટૂન પીકચર રાત્રે ૮-૦૦ થી ૧૦-૩૦ સુધી બતાવવામાં આવે છે.

**વોટરપાર્ક :-**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા પ્રાયવેટ પાર્ટી સાથે પબ્લીક પાર્ટનરશીપના ભાગરૂપે એક સુંદર વોટરપાર્ક બનાવવામાં આવેલ છે.જે તા.૧૮/૨/૦૨ના રોજ માનનીય મેયર સાહેબશ્રીના વરદ્ હસ્તે ખુલ્લું મુકવામાં આવેલ છે.આ વોટરપાર્કમાં જુદા જુદા પ્રકારની સ્લાઇડો નાના બાળકો માટે અલગથી નાની સ્લાઇડ જેવીકે કાઈગ ટ્રી,શાવર ઝુલા,કન્વેયર બેલ્ટ,રીવોલ્વીગ રેન્ટોરંટ સાથેનો અદ્યતન સગવડવાળો વોટરપાર્ક બનાવવામાં આવેલો છે.વોટરપાર્કમાં વોટર સ્લાઇડ ઉપરાંત સોનાબાથ,સ્ટીમબાથ તથા જીમ્નેશીયમ સાથે સાથે બર્થડે પાર્ટી હોલ તથા કોન્ફરન્સની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ છે.આ વોટરપાર્ક ભવિષ્યનું આકર્ષણ સબમરીન લેક તથા ટ્રેન દ્વારા વાનગીઓ પીરસતો ડાઈનીગ હોલ છે.

**પ્રાકૃતિક સંગ્રહસ્થાન :-**

ઈ.સ. ૧૯૭૫માં અસ્તિત્વમાં આવેલ આ મ્યુઝીયમમાં ગુજરાતના દુર્લભ પક્ષીઓના તથા પ્રાણીઓના ૧૫ આકર્ષક ડાયનોમાં રજૂ કરવામાં આવ્યા છે. જેનાથી મુલાકાતીઓના માનસપટ ઉપર તે પક્ષીઓનું તથા પ્રાણીઓનું આબેહુબ સ્વરૂપ ખડુ થાય છે. અહીં માર્ગદર્શનસેવા આપવામાં આવે છે. અને ફોટોગ્રાફી પણ કરવા દેવામાં આવે છે.

પ્રાણીસંગ્રહાલય, બાલવાટિકા, પ્રાકૃતિક સંગ્રહાલય તથા એમ્યુઝમેન્ટ પાર્કની છેલ્લાં ચાર વર્ષની મુલાકાતીઓની સંખ્યા તથા આવક દર્શાવતુ પત્રક અનુક્રમે ૨.૯.૧ તથા ૨.૯.૨ સામેલ છે.

## પત્રક ૨.૯.૧

છેલ્લા ચાર વર્ષમાં મુલાકાતીઓની સંખ્યા દર્શાવતું પત્રક

| અનુ.નં | વિગત | ૧૯૯૯/૦૦ | ૨૦૦૦/૦૧ | ૨૦૦૧/૦૨ | ૨૦૦૨/૦૩ |
|---|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩ | ૪ | ૫ | ૬ |
| | | | | | |
| ૧. | પ્રાણીસંગ્રહાલય | ૧૭,૩૮,૯૯૨ | ૧૫,૭૮,૯૭૨ | ૧૩૪૨૧૦૦ | ૯૬૫૫૭૩ |
| | | | | | |
| ૨. | બાલવાટિકા | ૧૪,૫૧,૭૦૦ | ૧૩,૯૭,૮૯૦ | ૧૨૬૮૪૫૦ | ૧૦૪૦૬૮૪ |
| | | | | | |
| ૩. | પ્રાકૃતિક સંગ્રહાલય | ૬૬,૨૪૫ | ૬૭,૭૬૭ | ૩૩૭૭૧ | ૧૧૦૫૩ |
| | | | | | |
| | કુલ | ૩૨,૫૬,૯૩૭ | ૩૦,૪૪,૬૨૯ | ૨૬૪૪૩૨૧ | ૨૦૧૭૩૧૦ |

**પત્રક ૨.૯.૨**

**વિભાગવાર ફીની છેલ્લા ૪ વર્ષની આવક દર્શાવતું પત્રક ( રૂા. લાખમાં )**

| વર્ષ | પ્રાણી સંગ્રહાલય | બાલવાટિકા | પ્રાકૃતિક સંગ્રહાલય | એમ્યુઝમેન્ટ પાર્ક (૫૦%મુજબ) | વોટરપાર્ક (૩૦% મુજબ) | કુલ આવક |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | | | | | | |
| ૧૯૯૯/૦૦ | ૭૩.૭૮ | ૨૬.૮૭ | ૧.૨૨ | ૩૯.૫૩ | - | ૧૪૧.૪૦ |
| | | | | | | |
| ૨૦૦૦/૦૧ | ૬૭.૫૯ | ૨૫.૬૩ | ૧.૨૮ | ૩૯.૧૮ | - | ૧૩૩.૬૮ |
| | | | | | | |
| ૨૦૦૧/૦૨ | ૫૬.૭૧ | ૨૩.૮૦ | ૦.૩૪ | ૩૬.૪૪ | - | ૧૧૭.૨૯ |
| | | | | | | |
| ૨૦૦૨/૦૩ | ૪૦.૫૯ | ૧૯.૮૮ | ૦.૧૬ | ૨૮.૪૫ | ૯.૯૨ | ૯૯.૦૦ |
| | | | | | | |

## ૨.૧૦ નાણાં ખાતુ

અમદાવાદ મ્યુ.કોર્પો.ના સમગ્ર નાણાંકીય વ્યવહારો તથા નાણાં સંબંધિત વ્યવહારોની કામગીરી નીચે જણાવેલ અલગ-અલગ વિભાગો દ્વારા કરવામાં આવે છે. નાણાં ખાતુ આસી.મ્યુ.કમિશનરશ્રીની દેખરેખ નીચે, ડે.મ્યુ.કમિ.શ્રીની ( ફાયનાન્સ)શ્રી ના અંકુશ નીચે કાર્ય કરે છે.

| અ.નં | વિભાગનું નામ | અ.નં. | વિભાગનું નામ |
|---|---|---|---|
| ૧. | તિજોરી વિભાગ | ૧૧. | તસલમાત વિભાગ |
| ૨. | એ.એ.જી.વિભાગ | ૧૨. | લોન વિભાગ |
| ૩. | નોકર એડવાન્સ વિભાગ | ૧૩. | સ્ટોર વેરીફીકેશન વિભાગ |
| ૪. | પી.એફ.વિભાગ | ૧૪. | ખાતાવહી વિભાગ |
| ૫. | જી.આઇ.એસ. | ૧૫. | બજેટ વિભાગ |
| ૬. | એવોર્ડ સેલ | ૧૬. | એલ.આઇ.સી.વિભાગ |
| ૭. | નિવૃત્તિના લાભ વિભાગ | ૧૭. | ઈન્કમટેક્ષ વિભાગ |
| ૮. | પેન્શન વિભાગ | ૧૮. | એલ.ટી.સી. વિભાગ |
| ૯. | પેમેન્ટ વિભાગ | | |
| ૧૦. | ગ્રાન્ટ વિભાગ | | |

અહેવાલી વર્ષમાં નાણાંખાતાના જુદા જુદા વિભાગની કામગીરી નીચે મુજબ છે.

**(૧) તિજોરી વિભાગ :-**

સમગ્ર કેશ તથા ચેક પેમેન્ટની કામગીરી ઉપરાંત ફીક્સ ડીપોઝીટ અંગેની કામગીરી આ વિભાગ દ્વારાં કરવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન નીચે મુજબનાં નાણાંકીય વ્યવહારો કરવામાં આવ્યા છે.

| | ટ્રાન્ઝેક્શન પ્રકાર | ટ્રાન્ઝેક્શન નંબર | રકમ રૂા.(લાખમાં) |
|---|---|---|---|
| ૧. | રોકડ રીસીપ્ટ | ૩૨૭૮૨ | ૩૬૯૧૯.૭૮ |
| ૨. | બેંક રીસીપ્ટ | ૧૦૨૦૩ | ૧૨૮૧૦૫.૯૫ |
| ૩. | રોકડ પેમેન્ટ | ૨૪૨૭૩ | ૧૭૮૪૩.૮૩ |
| ૪. | બેંક પેમેન્ટ | ૩૯૨૫૪ | ૧૫૩૦૮૭.૧૨ |
| | કુલ | ૧૧૩૫૮૨ | ૩૪૯૨૮૨.૦૭ |

**(૨) એ.એ.જી. વિભાગઃ-**

આ વિભાગના એસ્ટા.ને લગતા અભિપ્રાયો જેવા કે પગાર ફિક્સેશન, સર્વિસબુકોના રેકર્ડ ચેકીંગ વિગેરે કામગીરી કરવામાં આવે છે.સને ૨૦૦૨-૦૩ના વર્ષમાં કુલ ૩૧૨૧ અભિપ્રાયો વિવિધ પ્રકારના જેવા કે સ્ટેગર્ડ ઇન્ક્રિમેન્ટ,પગાર ફિક્સેશન,સ્પ.રજાઓને લગતા,ડબલ ચાર્જ એલાઉન્સને લગતા સ્વૈચ્છિક નિવૃતિને લગતા ઘરભાડાને લગતા,વાહન ભથ્થા,સસ્પેન્ડ થયેલા કર્મચારીઓના પગાર અંગેના અભિપ્રાયો આપવામાં આવેલ છે.

**(૩) નોકર એડવાન્સ વિભાગઃ-**

આ વિભાગ મ્યુ.કોર્પો.ના કર્મચારીઓના કાયમી અને એકટીંગ કર્મચારીઓનેવિવિધ પ્રકારની લોનો આપે છે.તેમાં મુખ્યત્વે મકાન લોન મોટરકાર લોન,સ્કુટર લોન અને સાયકલ લોન આપે છે. ઉપરાંત સ્કુલ બોર્ડ, વા.સા.હોસ્પિટલ, એમ.જે.લાયબ્રેરીનાં કર્મચારીઓને મકાન બાંધવા તથા રીપેરીગ માટેની લોન આપવામાં આવે

છે. અહેવાલી વર્ષમાં મકાન લોન પેટે મ્યુ.કો.ના ૯ કર્મચારીઓને બીજા ત્રીજ હપ્તા પેટે રૂા.૨.૩૨લાખની લોન ચૂકવવામાં આવેલ છે..મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ સ્કૂલ બોર્ડના કુલ ૧૮ કર્મચારીઓને લોન પેટે વધુ જમા આવેલરકમ રૂા.૦.૪૭ લાખ રીફંડ પેટે ચૂકવવામાં આવેલ છે.વ્યાજની ગણતરીના ૨૫ સર્ટિફિકેટ તથા લોન ક્લીયરન્સ સર્ટિફિકેટ ૨૪૫૯ ઇસ્યુ કર્યા છે.

**(૪) પી.એફ.વિભાગઃ-**

નિવૃતિ, અવસાન, સ્વૈચ્છિક નિવૃતિ મેળવતાં કર્મચારીઓ તથા ફરજ પરનાં કર્મચારીઓનાં જી.પી.એફ. તથા સી.પી.એફ. અંગેની કપાતનાં હિસાબો તથા કર્મચારીઓને પી.એફ.ની એકત્રીત રકમ પર લોન આપવાની કામગીરી આ વિભાગમાં કરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં ૯૯૫૭ કર્મચારીઓને કુલ રૂા.૨૧૭૦.૦૮ લાખની લોન આપવામાં આવેલ છે.૭૩૦ સર્વિસ બુકોમાં વર્ષ દરમ્યાન ફાઈનલ પી.એફ.ની ચૂકવણી પેટે કર્મચારીઓને સી.પી.એફ.ફંડમાંથી રૂા.૩૫.૧૯ લાખ અને જી.પી.એફ.ફંડમાંથી રૂા.૧૮.૨૫ લાખની ચૂકવણી કરેલ છે.તે ઉપરાંત લીંક ઇન્સ્યુરન્સ પેટે૮૮ કર્મચારીઓને રૂા.૧૮.૨૫ લાખ ચૂકવવામાં આવેલ છે.

ઉપરાંત પી.એફ.વિભાગ દ્વારા સને ૨૦૦૧-૦૨ના વર્ષની વાર્ષિક હિસાબોની સ્લીપો વહેંચવામાં આવેલ છે.૨૦૦૧-૦૨ના ઓડિટ વાંધાઓ ૭૧૭નો નિકાલ કરી બ્રોડશીટમાં હિસાબો સુધાર્યા.નવા નિમણૂંક પામેલ કર્મચારીઓને પૂરાવા તપાસી એમ્પ્લોઇ નંબર આપવામાં આવેલ છે.

**(૫) જી.આઈ.એસ.વિભાગ :-**

અહેવાલી વર્ષ દરમ્યાન જી.આઇ.એસ. સ્કીમ દ્વારા નિવૃત, મરણ, અનફીટ, તેમજ સ્વૈચ્છિક નિવૃતિ અંગે કુલ ૮૫૨ કર્મચારીઓને કુલ રૂા.૫૫.૮૮ લાખ જી.આઇ.એસ. ફંડ જેટલી રકમ ચૂકવવામાં આવેલ છે.

**(૬) એવોર્ડ સેલ વિભાગઃ-**

આ વિભાગ દ્વારા રાજય સરકારના ધોરણે પાંચમાં પગારપંચના અમલ આપવાની કામગીરી કરવામાં આવેલ છે. અહેવાલી વર્ષ દરમ્યાન લગભગ ૧૯૮૬ના એવોર્ડ ફિક્સેશન માટેની ૧૨૦ સર્વિસબુકો તથા ૧૯૯૬ના પાંચમા પગારપંચ મુજબ ૨૩૦ સર્વિસબુકોના ફિકસેશન કરી આપેલ છે.

મ્યુનિસિપલ કર્મચારીઓને સ્ટે.ક.ઠ.નં.૫૬ તા.૨૦/૪/૨૦૦૨થી ઉચ્ચતર પગાર ધોરણ આપવા ઠરાવેલ છે.ઉચ્ચતર પગારધોરણ મેળવવાપાત્ર આશરે ૨૧૦૦૦ કર્મચારીઓની સર્વિસબુકોની દરેક એન્ટ્રી ચેક કરી, રજાના હિસાબોની નોંધો તેમજ ઇન્ક્રિમેન્ટની નોંધ ,સજાની નોંધ ન હોય તો કરાવી ૧-૧-૦૩થી ઉચ્ચતર પગાર ધોરણનો અમલ કરાવેલ છે.

(૭)નિવૃત્તિના લાભ વિભાગઃ -

નાણાં ખાતાના આ વિભાગમાં મુખ્યત્વે વર્ષ દરમ્યાન વિવિધ કારણોસર નોકરીમાંથી મુક્ત થતા કર્મચારીઓના ગ્રેજયુઇટી,મૃત્યુ રાહત યોજના,લેણી નીકળતી રજાના રોકડ નાણાંમાં રૂપાંતર,કોમ્યુટેડ પેન્શન તેમજ પેન્શન બાંધણી કરવાની કામગીરી કરવામાં આવે છે.સને ૨૦૦૨-૦૩માં ગ્રેજયુઇટીના કુલ ૮૫૭ તથા ૨૩૪ મોંઘવારી તફાવતના મળી કુલ ૧૦૯૧ અભિપ્રાય આપવામાં આવેલ છેઅને તે પેટે લગભગ રૂા.૯૨૦.૧૦ લાખ ચૂકવવામાં આવેલ છે.મૃત્યુ રાહત યોજનાના ૧૪૫ કેસમાં રૂા.૩.૭૬લાખ ચૂકવવામાં આવેલા છે.પેન્શન યોજના અન્વયે સને ૨૦૦૨-૦૩માં ૭૨૬ કર્મચારીઓને કોમ્યુટેડ પેન્શનની ગણતરી કરીનેરૂા.૩૨૮૯.૧૩લાખ જેટલા નાણાં ચૂકવવામાં આવેલ છે.

**(૮)પેન્શન વિભાગઃ-**

મ્યુનિસિપલ કોર્પો.દ્વારા સને ૧-૧-૮૩ થી પેન્શન યોજના સ્વીકરવામાં આવી છે.સને ૨૦૦૨-૦૩ ના વર્ષમાં કુલ પેન્શનર્સની સંખ્યા ૮૮૦૮ થઇ છે.વર્ષ દરમ્યાન કુલ રૂા.૨૬૬૨.૭૨ લાખ જેટલી રકમ નિયમિત રીતે પેન્શન તરીકે ચૂકવામાં આવેલ છે.ઉપરાંત મેડીકલ રીમ્બર્સમેન્ટ સ્કીમમાં જોડાયેલ પેન્શનરોનાં તબીબી

સારવારનાં બીલોના નાણાંની ચૂકવણીની કામગીરી કરવામાં આવેછે. સારવાર પુસ્તિકા આપવાની કામગીરી થાય છે. ઉપરાંત પેન્શનર્સના ખોવાઇ ગયેલ, ફાટી ગયેલ તેમ જ ફેમીલી પેન્શનના કિસ્સામાં નવા પેન્શન કાર્ડ બનાવવાની કામગીરી કરવામાં આવે છે. વર્ષ દરમ્યાન આવી ૯૫ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે.પેન્શનરોના વાર્ષિક આવકના પ્રમાણપત્ર માટે ૨૩૦૦ જેટલી અરજી આવેલ તેના વાર્ષિક પ્રમાણપત્ર આપેલ છે.૧૫ વર્ષ પૂરા કરતા પેન્શનરોના પુન;સ્થાપનની કામગીરી કરવામાં આવેલ છે. વર્ષ દરમ્યાન ફેમીલે પેન્શનના નિકાલના કેસોની સંખ્યા ૩૪૭ છે.તા. ૧-૧-૮૬ પહેલાં નિવૃત્ત થયેલ આશરે ૨૦૪ ગુજરાત સરકારના ૫૦ ટકા મુજબ પેન્શનઅને ૩૦ ટકા કુટુંબ પેન્શન આપવાના જી.આર.મુજબ પેન્શન ફીક્સેશન કરીને એરીયર્સની બીલ બનાવવાની કામગીરી કરવામાં આવેલ છે.

**(૯) પેમેન્ટ વિભાગઃ-**

વિવિધ ખાતાઓમાંથી આવતાં કર્મચારીઓનાં એસ્ટાબ્લીશમેન્ટને લગતાં પગાર બીલો, પગાર પુરવણી, રોજીંદા મજૂરોનાં પુરવણી બીલો, પાર્ટ ટાઈમ, ફુલ ટાઈમ, મલ્ટી પરપઝ મસ્ટરો, ટી.એ.ડી.એ.નાં બીલો, બોનસ, ફેસ્ટીવલ, ફુડ, મોંઘવારીના પુરવણી બીલો, મેડીકલ રીઈમ્બર્સમેન્ટનાં બીલો, ઈન્ક્રીમેન્ટ તફાવતનાં બીલો, ઓડીટ વિભાગનાં પાર્ટ બીલો, એબસ્ટ્રેક્ટ વિગેરની પાસીંગની કામગીરી કરવામાં આવે છે.

**(૧૦) ગ્રાંટ વિભાગઃ-**

રાજ્ય સરકાર તરફથી મળતી ગ્રાંટ તથા સરકારી લોન મેળવવાની સમગ્ર પ્રક્રિયા, તેનાં હિસાબો મેઈન્ટેઈન કરવાની કામગીરી આ વિભાગ દ્વારાં કરવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન રૂા ૪૪૧૩.૩૫ લાખની ગ્રાંટ મેળવવાની તથા રૂા.૧૦૦૮.૮૭ લાખ વ્યાજની સરકારી લોનની ચુકવણી કરવાની કામગીરી કરેલ છે.

**(૧૧) તસલમાત વિભાગઃ-**

અહેવાલી વર્ષમાં ફુડ, ફેસ્ટીવલ તથા એડવાન્સીસના હિસાબોની કુલ ૫૫૩૩ એન્ટ્રીઓ નોંધેલ છે. અહેવાલી વર્ષમાં આ વિભાગ કોમ્પ્યુટરાઈઝડ કરવામાં આવતા કોમ્પ્યુટરમાં એન્ટ્રીઓ કરી જરૂરી સુધારા વધારા કરેલ છે. આ વિભાગે કરેલ કામગીરી નીચે મુજબ છે.

| અ.નં. | બજેટ હેડ | એન્ટ્રીની સંખ્યા | ઉધારખર્ચ ઉધાર(લાખમાં) | જમાખર્ચી જમા(લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | ફેસ્ટીવલ એડવાન્સ | ૩૩૫૪ | ૨૯૩.૨૦ | ૩૦૧.૪૮ |
| ૨. | ફૂડગ્રેઈન એડવાન્સ | ૧૦૯૭ | ૦.૧૦ | ૧૦૪.૪૨ |
| ૩. | માલસામાન જમીનપ્રાપ્તિ માટે એડવાન્સ | ૯૨૭ | ૮૯૬.૬૬ | ૮૬૭.૬૭ |
| ૪. | બજેટ પ્રોવિઝનનાં અભાવે એડવાન્સ | ૮૬ | ૮.૮૨ | ૩૫.૧૧ |
| ૫. | મુસાફરીભથ્થાઅંગેએડવાન્સ | ૬૯ | ૭.૯૨ | ૧૧.૧૪ |
| | કુલ | ૫૫૩૩ | ૧૨૦૬.૭૦ | ૧૩૧૯.૮૨ |

**(૧૨) લોન વિભાગઃ-**

પબ્લીક લોન તથા અન્ય નાણાંકીય સંસ્થાઓ પાસેથી લોન મેળવવાની તથા લોનનાં વ્યાજ તથા મુદલની ચુકવણી કરવાની ઉપરાંત લોન અને સીકીંગ ફંડના હિસાબો રાખવાની કામગીરી આ વિભાગમાં કરવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન પબ્લીક લોન, હુડકો,બોન્ડ ઈસ્યુ, એલ.આઈ.સી. વિ. નાણાંકીય સંસ્થાઓ પાસેથી મેળવેલ લોનનાં મુદલ પેટે રૂા.૧૩૪૮૮.૨૧ લાખ તથા વ્યાજ પેટે રૂા------- લાખ ચુકવણી કરવાની કામગીરી કરેલ છે.

**(૧૩) સ્ટોર વેરીફીકેશન વિભાગઃ-**

મ્યુ.કોર્પો.નાં ૧૧૭ ખાતાઓમાં રોજમેળ, ઈમ્પ્રેશકેશ, પોસ્ટેજ, રેવન્યુ તથા મ્યુ.કોર્પો. હસ્તકના દવાખાનાઓમાં દવાઓ, કન્ટીજન્સી, ઈન્જેક્શન્સ, લીનન, ટીકીટ બુક બેલેન્સ, જામીન બોન્ડ, ડેડ સ્ટોક પત્રક, મોર્ટગેજ ડીડ, વિગેરે ચેક કરવાનું કાર્ય કરે છે.

**(૧૪) ખાતાવહી વિભાગઃ-**

વાઉચરો તેમજ ચિલનોનું ચેકલીસ્ટ સાથે ચેકીગ કરી કોમ્પ્યુટરમાં જરૂરી સુધારા વધારા કરી, મ્યુ.કોર્પો.નાં હિસાબો કરવાની તથા અનામતનાં હિસાબો રાખવાની કામગીરી આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.

**(૧૫) બજેટ વિભાગઃ-**

મ્યુ.કોર્પો.નું જનરલ બજેટ તૈયાર કરી સ્ટે.કમિટી તથા બોર્ડમાં મંજુર કરાવવાની વિધી આ વિભાગ દ્વારા કરવામાં આવે છે. સ્કુલ બોર્ડ, એમ.જે.લાયબ્રેરી તથા વી.એસ.હોસ્પિટલનાં બજેટની મંજૂરી બજેટ વિભાગ દ્વારા લેવામાં આવે છે. એડવાન્સીસનાં બજેટ તૈયાર કરી મંજુરી મેળવવી, કેશફ્લો નીતિ નકકી કરવી, તથા તેના રીલીઝ અંગેની મંજૂરી મેળવવી, બજેટ અંગેના અભિપ્રાયો આપવા, રીએપ્રોપ્રિએશન સ્ટે.કમિટીમાં મંજુર કરાવવા, વિવિધ નાણાંકીય સંસ્થાઓ તથા ગવર્નમેન્ટને નાણાંકીય પરિસ્થિતી અંગેના આંકડાઓ તથા માહિતી પુરા પાડવાની કામગીરી વર્ષ દરમ્યાન કરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં સને ૨૦૦૩-૨૦૦૪નું બજેટ તથા ૨૦૦૨-૨૦૦૩નાં રીવાઈઝ બજેટ તૈયાર કરવામાં આવેલ છે. ઉપરાંત વી.એસ.હોસ્પિટલ, એમ.જે.લાયબ્રેરી ત્થા સ્કૂલ બોર્ડનો કેશફ્લો નકકી કરવાની કામગીરી આ વિભાગ સંભાળે છે.

**(૧૬) બેંક રીકન્સીલીએશન (એફ.એ.એસ.) વિભાગઃ-**

આ વિભાગમાં બેન્ક બુક તથા બેન્ક સ્ટેટમેન્ટનાં હિસાબો વચ્ચેના તફાવતને શોધી, તેની મેળવણી કરવામાં આવે છે.ઉપરાંત જે તે વિભાગ તરફથી પાસીગ અંગે આવતા બીલોના કોડ ચેક કરવાની કામગીરી એફ.એ.એસ. વિભાગ દ્વારા કરવામાં આવે છે.

**(૧૭) એલ.ટી.સી. વિભાગઃ-**

આ વિભાગમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના તમામ ખાતાઓના તથા વા.સા.હોસ્પિટલ તથા મેડીકલ કોલેજના કર્મચારીઓના એલ.ટી.સી. અભિપ્રાય આપવામાં આવે છે. તથા મ્યુનિ. કોર્પો.ના કર્મચારીઓના એલ.ટી.સી. બીલો પાસ કરવાની કામગીરી કરવામાં આવે છે. મ્યુનિ. કોર્પો.ના તમામ કર્મચારીઓ તથા અધિકારીશ્રીઓના ટી.એ.ડી.એ.નો અભિપ્રાય આપવાની તથા મ્યુનિ. કોર્પો.ના, શેઠ વા.સા.હોસ્પિટલ, એમ.જે.લાયબ્રેરીના તમામ કર્મચારીઓ તથા અધિકારીશ્રીઓના વાર્ષિક ઇન્કમટેક્ષ પત્રકો ચેક કરી તેમને ભરવાની થતી ઇન્કમટેક્ષની રકમ નકકી કરવામાં આવે છે.

રેવન્યુ એકાઉન્ટનો સારાંશ :-

અહેવાલી રેવન્યુ એકાઉન્ટની શરૂઆતની સિલક રૂા.૧૭૧.૩૦ લાખની હતી. વર્ષ દરમ્યાન રેવન્યુ આવક રૂા.૬૧૫૬૪.૧૫ લાખ થયેલ છે. ગત વર્ષે રેવન્યુ આવક રૂા.૫૬૧૮૪.૫૩ લાખ સામે રેવન્યુ આવક હતી.આમ રવન્યુ આવકમાં ૨૦૦૧-૦૨ની સરખામણીમાં એકંદરે રૂા.૫૩૭૯.૬૨ લાખનો વધારો થયેલ છે. આ અંગેની મા હિતી દર્શાવતું પત્રક ૨.૧૦.૧ સામેલ કરેલ છે. આવકના મુખ્ય સાધનોની વિગત નીચે મુજબ છે.

**૧.ઓક્ટ્રોય :-**

ઓક્ટ્રોયની આવક સને ૨૦૦૧-૦૨માં રૂા. ૩૦૭૦૮.૮૨ લાખ હતી તે વધીને અહેવાલી વર્ષમાં રૂા.૩૬૧૩૦.૫૭ લાખ થયેલ છે. ૨૦૦૧-૦૨ના વર્ષની સરખામણીમાં ઓક્ટ્રોયની આવકમાં ૧૭.૬૬% વધારો થયેલ છે.

**૨.પ્રોપર્ટી ટેક્ષ :-**

પ્રોપર્ટી ટેક્ષની ગતવર્ષની આવક રૂા૧૨૧૫૮.૨૩ લાખની હતી જે અહેવાલી વર્ષમાં રૂા. ૧૨૧૨૧.૫૭ લાખ થયેલ છે.

**૩. ખાસ કાયદા મુજબની આવક :-**

આ આવક ગતવર્ષે રૂા.૧૭.૭૧ લાખની હતી જે અહેવાલી વર્ષમાં રૂા.૧૭.૩૯ લાખ થયેલ છે.

**૪. મ્યુ.માલમિલ્કતમાંથી કર-દર સિવાયની તથા અધિકારની રૂએ થતી આવક :-**

આ આવક ગતવર્ષે રૂા.૩૧૨૯.૩૩ લાખ હતી જે અહેવાલી વર્ષમાં રૂા. ૨૯૫૨.૩૨ લાખની થયેલ છે. ગત વર્ષની સરખામણીમાં રૂા. ૧૭૭.૦૧ લાખનો તથા ટકાવારીની દ્રષ્ટિએ૫.૬૬%નો ઘટાડો દર્શાવે છે.

**૫.ગ્રાંટ અને કોન્ટ્રીબ્યુશન :-**

ગ્રાન્ટ અને કોન્ટ્રીબ્યુશનની આવક ગત વર્ષે માં રૂા.૮૯૩૫.૯૨ લાખ હતી. જે ઘટીને અહેવાલી વર્ષમાં રૂા.૮૯૧૮.૦૭ લાખ થયેલ છે.

ગત વર્ષની સરખામણીમાં અહેવાલી વર્ષમાં રેવન્યુ ખર્ચમાં રૂા.૨૨૩૫.૯૦ લાખનો વધારો થયેલ છે. જેમાં એસ્ટાબ્લીશમેન્ટમાં ૧.૦૫% નો વધારો થયેલ છે. એનર્જી વીજળીના હેડમાં ૧.૨૮ % નો ઘટાડો થયેલ છે. એકંદરે રેવન્યુ ખર્ચમાં ૪.૦૦%નો વધારો થયેલ છે.

અહેવાલી વર્ષમાં મ્યુ. કોર્પોરેશનની આવક ખર્ચ અને વિવિધ લોન અંગેની માહિતી પત્રક ૨.૧૦.૧ થી ૨.૧૦.૧૦ માં દર્શાવાઇ છે.

**પત્રક ૨.૧૦.૧**

**સને૨૦૦૧-૨૦૦૨ ની સરખામણીમાં ૨૦૦૨-૨૦૦૩ ના વર્ષમાં રેવન્યુ આવક ખર્ચ અને સિલકમાં ફેરફાર દર્શાવતુ પત્રક (રૂા.લાખમાં)**

| અ.નં. | વિગત | ૦૧-૦૨નું ખરેખર | ૦૨-૦૩નું ખરેખર | ૦૧-૦૨ ની સરખામણીમાં વધઘટ | ૦૧-૦૨ની સરખામણીમાં ટકાવારી વધઘટ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | શરૂઆતની સિલક | ૧૭૧.૩૦ | ૪૦૧.૬૭ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨. | આવક | ૫૬૧૮૪.૫૩ | ૬૧૫૬૪.૧૫ | +૫૩૭૯.૬૨ | +૯.૫૭% |
| ૩. | ખર્ચ | ૫૫૯૫૪.૧૬ | ૫૮૧૯૦.૧૧ | +૨૨૩૫.૯૫ | +૪.૦૦% |
| ૪. | વર્ષાંતે સરપ્લસ( ૨-૩) | ૨૩૦.૩૭ | ૩૩૭૪.૦૪ | +૩૧૪૩.૬૭ | - |
| ૫. | કુલ સરપ્લસ (૧+૪) | ૪૦૧.૬૭ | ૩૭૭૫.૭૧ | +૩૩૭૪.૦૪ | - |
| ૬. | કેપીટલ એકાઉન્ટમાં ટ્રાન્સફર | ૦.૦૦ | ૩૭૦૦.૦૦ | +૩૭૦૦.૦૦ | - |
| ૭. | આખરની સિલક | ૪૦૧.૬૭ | ૭૫.૭૧ | -૩૨૫.૯૬ | - |

**પત્રક ૨.૧૦.૨**
**સને ૨૦૦૧-૦૨ની સરખામણીમાં ૨૦૦૨-૦૩ નાં વર્ષમાં રેવન્યુ આવકમાં મુખ્ય બજેટમાં ટકાવારી ફેરફાર દર્શાવતુ પત્રક (રૂા. લાખમાં)**

| અ.નં. | બજેટ હેડ | રેવન્યુ આવક | | ટકાવારી |
|---|---|---|---|---|
| | | ૨૦૦૧-૦૨ | ૨૦૦૨-૦૩ | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | ઓક્ટ્રોય | ૩૦૭૦૮.૮૨ | ૩૬૧૩૦.૫૭ | +૧૭.૬૬ % |
| ૨. | પ્રોપર્ટી ટેક્ષ તથા અન્ય બીજા કર | ૧૨૧૫૮.૨૩ | ૧૨૧૨૧.૫૭ | - ૦.૩૦ % |
| | મ્યુ.કર તથા દરનું કુલ | ૪૨૮૬૭.૦૫ | ૪૮૨૫૨.૧૪ | +૧૨.૫૬ % |
| ૩. | ખાસ કાયદા મુજબની આવક | ૧૭.૭૧ | ૧૭.૩૯ | - ૧.૮૦ % |
| ૪. | નોન ટેક્ષની આવક | ૩૧૨૯.૩૩ | ૨૯૫૨.૩૨ | - ૫.૬૬ % |
| ૫. | ગ્રાંટ અને કોન્ટ્રીબ્યુશન | ૮૯૩૫.૯૨ | ૮૯૧૮.૦૭ | - ૦.૨૦ % |
| ૬. | અન્ય આવક | ૧૨૩૪.૯૨ | ૧૪૨૪.૨૩ | + ૧૫.૩૭ % |
| | કુલ | ૫૬૧૮૪.૫૩ | ૬૧૫૬૪.૧૫ | + ૯.૫૭ % |

**પત્રક ૨.૧૦.૩**
**અ.મ્યુ.કોર્પો.ની છેલ્લા ૨ વર્ષની આવકનો હિસાબ દર્શાવતુ પત્રક (રૂા. લાખમાં )**

| અ.નં. | વિગત | ૨૦૦૧-૦૨ | ૨૦૦૨-૦૩ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ઓક્ટ્રોય (નેટ) | ૩૦૭૦૮.૮૨ | ૩૬૧૩૦.૫૭ |
| ૨ | ટેક્ષની આવક | | |
| | ૨.૧ જનરલ ટેક્ષ | ૧૧૯૪૩.૫૭ | ૧૦૭૦૦.૭૭ |
| | ૨.૨ પાણીનો ટેક્ષ | ૮૧.૬૪ | ૫૫૬.૮૫ |
| | ૨.૩ કોન્ઝરવન્સી ટેક્ષ | ૦.૦૦ | ૦.૦૦ |
| | ૨.૪ વ્હીકલ ટેક્ષ | ૧૨૫.૧૭ | ૧૮૭.૭૩ |
| | ૨.૫ થીયેટર ટેક્ષ | ૭.૮૫ | ૧૦.૫૯ |
| | ૨.૬ વોટર અને સુઅરેઝ ચાર્જીસ | ૦.૦૦ | ૬૬૫.૬૩ |
| | કુલ | ૧૨૧૫૮.૨૩ | ૧૨૧૨૧.૫૭ |
| ૩ | ખાસ કાયદામુજબની આવક | | |
| | ૩.૧ ડબા એક્ટ મુજબની આવક | ૧૨.૭૦ | ૪.૨૭ |
| | ૩.૨ એડલ્ટ્રેશન એક્ટ મુજબની આવક | ૦.૨૨ | ૦.૦૭ |

| | | | |
|---|---|---|---|
| | ૩.૩ ગુમાસ્તાધારા અંગેની આવક | ૪.૨૮ | ૮.૦૦ |
| | ૩.૪ નર્સીંગ હોમ રજીસ્ટ્રેશન એક્ટ મુજબની આવક | ૦.૫૧ | ૫.૦૫ |
| | ૩.૫ ફાયર સેફટી ચાર્જ | ૩.૬૪ | ૦.૦૦ |
| | કુલ | ૨૧.૩૫ | ૧૭.૩૯ |
| ૪ | નોન- ટેક્ષ આવક | | |
| | ૪.૧ મ્યુ.જમીન તથા મકાનનાંથી આવક | ૨૨૦.૩૨ | ૩૩૪.૯૧ |
| | ૪.૨ મ્યુ.મિલ્કત પર જાહેરખબરની આવક | ૨૩૨.૩૦ | ૨૯૫.૪૬ |
| | ૪.૩ વોટર કનેક્શન ફી / ચાર્જીસ | ૨૨.૬૫ | ૩૩.૨૫ |
| | ૪.૪ નામ ટ્રાન્સફર ફી | ૦.૦૮ | ૦.૯૨ |
| | ૪.૫ એમ્બ્યુલન્સ તથા શબવાહિની ચાર્જીસ | ૧૧.૩૮ | ૧૦.૯૩ |
| | ૪.૬ મેડીકલ સર્વિસ ચાર્જીસ અને ફી | ૬૮૮.૦૨ | ૬૮૬.૪૪ |
| | ૪.૭ પરમીટ ફી | ૦.૦૧ | ૧.૫૪ |
| | ૪.૮ પ્લાન અને મકાન સ્કુટીની ફી | ૪૧.૨૪ | ૧૨૮.૧૪ |
| | ૪.૯ માર્કેટ અને સ્લોટર હાઉસ ફી | ૩.૨૦ | ૨.૬૯ |
| | ૪.૧૦ એજ્યુકેશન ફી | ૫૦૯.૧૪ | ૩૭૯.૨૦ |
| | ૪.૧૧ રજીસ્ટ્રેશન ફી | ૬૪.૮૬ | ૬૮.૬૯ |
| | ૪.૧૨ સ્ટેન્ડ ફી | ૧૦.૧૮ | ૮.૭૦ |
| | ૪.૧૩ ગેલેરી કવર ફી | ૦.૦૦ | ૦.૦૦ |
| | ૪.૧૪ ચાલી સફાઈ ફી | ૦.૦૦ | ૦.૦૦ |
| | ૪.૧૫ રસ્તા કપાત પુનઃ સ્થાપન ચાર્જ | ૪૦.૩૨ | ૫૨.૨૪ |
| | ૪.૧૬ ડ્રેનેજ કનેક્શન ફી / ચાર્જ | ૧૬.૫૮ | ૫૧.૧૩ |
| | ૪.૧૭ જોખમકારક અને ત્રાસદાયક ધંધાની લાયસન્સ ફી | ૩.૫૯ | ૩.૦૮ |
| | ૪.૧૮ ફેરિયાની લાયસન્સ ફી | ૦.૯૪ | ૦.૬૧ |
| | ૪.૧૯ ક્વાટર્સ હાયર પરચેઝ વેચાણની આવક | ૩.૫૬ | ૦.૮૫ |
| | ૪.૨૦ ડેવલપમેન્ટ  ચાર્જીસ | ૯.૭૫ | ૯૦.૪૯ |
| | ૪.૨૧ બેટરમેન્ટ ચાર્જીસ | ૮.૩૨ | ૩૬.૪૦ |
| | ૪.૨૨ ઝૂ પ્રવેશ ફી જોય રાઈડઝ ફી | ૧૨૧.૧૯ | ૯૪.૩૯ |
| | ૪.૨૩ મિલ્કતનાં વેચાણ / કાઢી નાંખવાથી થતી આવક | ૦.૦૨ | ૦.૦૦ |
| | ૪.૨૪ વોટર સપ્લાય ચાર્જ | ૨.૧૮ | ૧.૬૦ |
| | ૪.૨૫ સફાઈનો ચાર્જ | ૯.૨૧ | ૨૩.૬૫ |
| | ૪.૨૬ અન્ય સર્વિસ ફી અને ચાર્જીસ | ૪૩.૩૦ | ૮૨.૩૨ |
| | ૪.૨૭ ઈમ્પેક્ટ ફી | ૧૦૬૩.૩૫ | ૫૬૪.૬૯ |
| | કુલ | ૩૧૨૫.૬૯ | ૨૯૫૨.૩૨ |
| ૫ | ગ્રાંટ સબસીડી અને કોન્ટ્રીબ્યુશન | | |
| | ૫.૧ પ્રાથમિક કેળવણીની ગ્રાંટ | ૭૯૬૦.૦૦ | ૭૪૨૫.૦૦ |
| | ૫.૨ માધ્યમિક કેળવણીની ગ્રાંટ | ૦.૦૦ | ૯૬.૨૦ |

| | | | |
|---|---|---|---|
| | ૫.૩ વ્યાયામ કેળવણીની ગ્રાંટ | ૦.૦૦ | ૦.૬૦ |
| | ૫.૪ વૈદકીય ગ્રાંટ | ૦.૦૦ | ૦.૦૦ |
| | ૫.૫ એજ્યુકેશન સેસની ગ્રાંટ | ૬૩૪.૨૭ | ૯૯૨.૭૯ |
| | ૫.૬ ટ્રાફિક સિગ્નલ સબસીડી | ૦.૦૦ | ૦.૦૦ |
| | ૫.૭ મોટર વ્હીકલ એક્ટ ગ્રાંટ | ૦.૦૦ | ૦.૧૨ |
| | ૫.૮ રસ્તા મરામત - નિભાવ સબસીડી | ૧૩.૪૦ | ૧૪.૪૩ |
| | ૫.૯ રાષ્ટ્રીય મેલેરીયા નાબુદી ઝુંબેશની ગ્રાંટ | ૭.૨૮ | ૧૩.૮૬ |
| | ૫.૧૦ રોગ પ્રતિકારક રસી મુકવાની ગ્રાંટ | ૪૧.૮૫ | ૧૯.૪૩ |
| | ૫.૧૧ અર્બન કોમ્યુનીટી ડેવલપમેન્ટ ગ્રાંટ ( યુ.સી.ડી.) | ૩૯.૮૧ | ૧૦.૫૫ |
| | ૫.૧૨ પી.પી. પ્રોગ્રામની યોજનાની ગ્રાંટ | ૯.૬૬ | ૮.૮૨ |
| | ૫.૧૩ આઈ.સી.ડી.એસ. ગ્રાંટ | ૧૮.૨૭ | ૫૪.૭૨ |
| | ૫.૧૪ ફેમીલી પ્લાનીગ ગ્રાંટ | ૩૬.૩૪ | ૧૩૩.૬૫ |
| | ૫.૧૫ એકટ મુજબ થતો દંડ | ૧૨.૭૦ | ૪૮.૯૦ |
| | ૫.૧૬ અન્ય રેવન્યુ ગ્રાંટ | ૭.૩૧ | (-)૨.૧૯ |
| | ૫.૧૭ દાન | ૯.૦૫ | ૦.૦૦ |
| | ૫.૧૮ વેલ્ફેર અને કલ્ચર માટે સબસીડી | ૧.૭૭ | ૦.૦૦ |
| | ૫.૧૯ સેન્સસ ગ્રાન્ટ | ૦.૦૦ | ૦.૦૦ |
| | ૫.૨૦ એઈડ્સ પ્રોગામની ગ્રાન્ટ | ૦.૮૮ | ૧.૧૯ |
| | ૫.૨૧ ગોલ્ડન જયુબીલી એમ્પ્લોયમેન્ટ ગ્રાન્ટ | ૦.૦૦ | ૦.૦૦ |
| | ૫.૨૨ ભૂકંપ અંગેની ગ્રાન્ટ | ૧૪૩.૩૩ | ૦.૦૦ |
| | ૫.૨૩ રાહત કેમ્પમાં સગવડ પૂરી પાડવાની ગ્રાન્ટ | ૦.૦૦ | ૧૦૦.૦૦ |
| | કુલ | ૮૯૩૫.૯૨ | ૮૯૧૮.૦૭ |
| ૬. | અન્ય આવક | | |
| | ૬.૧ પુસ્તકો ચોપાનીયા ફોર્મ્સ અને માલસામાન વેચાણની આવક | ૭૮.૦૧ | ૬૮.૪૧ |
| | ૬.૨ પ્રિમીયમની આવક | ૭૦૪.૮૨ | ૨૦૮.૭૬ |
| | ૬.૩ લોન સ્ટાફ રીકવરી | ૧૨૭.૮૬ | ૧૪૫.૨૫ |
| | ૬.૪ વેપારી તથા કોન્ટ્રાક્ટર્સ પાસેથી મળેલી દંડની રકમ | ૭.૨૪ | ૨૨.૩૦ |
| | ૬.૫ વ્યાજની આવક | ૧૪૯.૦૧ | ૪૨૬.૮૩ |
| | ૬.૬ પરચુરણ આવક | ૧૬૭.૫૮ | ૫૫૨.૬૮ |
| | કુલ | ૧૨૩૪.૫૨ | ૧૪૨૪.૨૩ |
| | કુલ રેવન્યુ આવક | ૫૬૧૮૪.૫૩ | ૬૪૫૬૪.૧૫ |

## પત્રક ૨.૧૦.૪
## મુખ્ય બજેટ હેડ પ્રમાણે છેલ્લા બે વર્ષનું રેવન્યુ ખર્ચ દર્શાવતુ પત્રક( રૂા. લાખમાં)

| અ.નં. | બજેટ હેડ | ૨૦૦૧-૦૨ | ૨૦૦૨-૦૩ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | સામાન્ય કારભાર અને કરની વસુલાત | ૭૩૧૩.૧૭ | ૮૨૬૧.૦૬ |
| ૨. | મિલ્કત લેન્ડ એક્વીઝીશન એન્ડ મેનેજમેન્ટ | ૧૧૪૨.૧૪ | ૧૨૧૭.૩૦ |
| ૩. | લોકોની સલામતી | ૨૨૯૪.૯૪ | ૧૮૮૬.૧૨ |
| ૪. | પાણી પૂરૂ પાડવું | ૬૦૩૬.૭૪ | ૬૬૦૫.૪૨ |
| ૫. | કોન્ઝરવન્સી | ૨૮૫૨.૪૬ | ૨૮૯૧.૭૨ |
| ૬. | લોકોની તંદુરસ્તી | ૧૦૧૭.૨૯ | ૯૩૫.૪૦ |
| ૭. | રસ્તા સાફ,ધોવા,છાંટવા તથા કચરો ઉપાડવા | ૫૪૨૮.૮૩ | ૫૫૨૫.૦૮ |
| ૮. | વૈદકીય મદદ | ૫૦૭૩.૩૬ | ૪૮૭૭.૩૩ |
| ૯. | માર્કેટ અને કતલખાના | ૨૫.૪૦ | ૨૧.૦૮ |
| ૧૦. | જન્મ મરણની નોંધણી | ૯૯.૬૧ | ૧૨૮.૧૫ |
| ૧૧. | બગીચા,સંગ્રહસ્થાન,રમતગમતનાં મેદાનો-સાધનો | ૭૦૭.૮૧ | ૬૦૪.૭૭ |
| ૧૨. | માહિતી અને પ્રકાશન | ૨૪.૭૧ | ૧૮૬.૩૨ |
| ૧૩. | જાહેર બાંધકામ | ૧૮૦૬.૬૦ | ૧૬૭૦.૧૩ |
| ૧૪. | રસ્તા,પુલો,ફૂટપાથ અને સ્ટ્રોમ વોટર ડ્રેઈન | ૧૩૧૬.૮૫ | ૧૪૬૯.૦૪ |
| ૧૫. | સાર્વજનિક કેળવણી | ૧૧૩૪૪.૧૪ | ૧૧૦૦૫.૮૪ |
| ૧૬. | લોન ચાર્જીસ | ૭૭૭૬.૨૫ | ૯૨૪૮.૩૧ |
| ૧૭. | લાયસન્સીંગ,રીમુઅલ ઓફ એન્ક્રોચમેન્ટ એન્ડ એડમી ઓફ શોપ્સ એક્ટ | ૨૩૨.૩૦ | ૧૩૯.૬૨ |
| ૧૮. | પરચુરણ | ૧૪૬૧.૫૬ | ૧૫૧૭.૪૨ |
| | કુલ | ૫૫૯૫૪.૧૬ | ૫૮૧૯૦.૧૧ |

## પત્રક ૨.૧૦.૫
## મુખ્ય પેટા વિભાગો મુજબ રેવન્યુ ખર્ચનું વર્ગીકરણ

| અ.નં. | પેટા વિભાગનું નામ | ૨૦૦૧-૦૨ (રૂા. લાખમાં ) | ૨૦૦૨-૦૩ (રૂા.લાખમાં) | ટકાવારી વધઘટ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | એસ્ટાબ્લીશમેન્ટ | ૨૩૫૨૩.૨૫ | ૨૩૭૭૧.૩૧ | +૧.૦૫ % |
| ૨. | એડમીનીસ્ટ્રેટીવ અને જનરલ ખર્ચ | ૯૧૭.૨૫ | ૧૫૩૫.૩૭ | +૬૭.૪૦% |
| ૩. | મરામત અને નિભાવ | ૨૦૭૦.૭૭ | ૨૩૩૧.૨૬ | +૧૨.૫૮% |
| ૪. | એનર્જી-વીજળી-બળતણ અને કન્ઝ્યુએબલ સ્ટોર્સ | ૬૮૬૫.૩૫ | ૬૭૭૭.૨૮ | -૧.૨૮% |

| | | | | |
|---|---|---|---|---|
| ૫. | સર્વીસીસ તથા પ્રોગ્રામનાં ખર્ચા | ૧૫૦૪.૪૭ | ૧૭૧૭.૯૪ | +૧૪.૨૯% |
| ૬. | ગ્રાંટ, સબસીડી,કોન્ટ્રીબ્યુશન | ૧૩૨૪૩.૫૦ | ૧૨૬૭૨.૧૦ | -૪.૩૧% |
| ૭. | લોન ચાર્જીસ | ૭૭૭૬.૨૫ | ૯૨૪૮.૩૧ | +૧૮.૯૩% |
| ૮. | અન્ય ખર્ચ | ૫૩.૪૨ | ૧૩૬.૫૪ | +૧૫૫.૩૯% |
| | કુલ | ૫૫૯૫૪.૧૬ | ૫૮૧૯૦.૧૧ | ૪.૦૦% |

## પત્રક ૨.૧૦.૬
## મ્યુ.કોર્પો.નાં છેલ્લા બે વર્ષમાં ખર્ચનો હિસાબ દર્શાવતુ પત્રક

(રૂા.લાખમાં)

| અ.નં. | ખર્ચની વિગત | ૨૦૦૧-૦૨ | ૨૦૦૨-૦૩ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ક | સામાન્ય કારભાર અને કરની વસુલાત | | |
| | ૧. કોર્પો કમિટી અને સેક્રેટરી ઓફીસ | ૧૬૪.૦૦ | ૧૬૭.૬૪ |
| | ૨. ચીફ ઓડીટરની ઓફિસ | ૧૦૫.૭૨ | ૧૦૬.૮૪ |
| | ૩. મ્યુ.કમિશનરશ્રીનું પર્સનલ એસ્ટા. | ૩.૬૨ | ૩.૮૦ |
| | ૪. મ્યુ.કમિશનરશ્રીની સેન્ટ્રલ ઓફિસ | ૨૫૭.૬૧ | ૭૨૮.૭૦ |
| | ૫. લીગલ ડીપાર્ટમેન્ટ | ૭૧.૧૮ | ૧૦૨.૭૩ |
| | ૬. ઈન્ડસ્ટ્રીયલ રીલેશન ડીપાર્ટમેન્ટ | ૨૯.૯૦ | ૨૬.૭૬ |
| | ૭. આયોજન અને આંકડાખાતુ | ૨૫.૨૯ | ૨૩.૨૩ |
| | ૮. ટાઈપીસ્ટ પુલ | ૪૪.૮૪ | ૪૮.૪૪ |
| | ૯. સેન્ટ્રલ રેકર્ડ ઓફિસ | ૧૮.૭૬ | ૧૭.૬૧ |
| | ૧૦. નાણાંખાતુ | ૨૪૫.૯૮ | ૪૩૬.૯૫ |
| | ૧૧. સેન્ટ્રલ સ્ટોર્સ ઓફિસ | ૬૦.૪૧ | ૫૭.૩૬ |
| | ૧૨. મેટ્રો.મેજીસ્ટ્રેટની ઓફિસ | ૩૦.૬૮ | ૨૧.૭૩ |
| | ૧૩. બસ અંગેનું ખર્ચ | ૧૪.૦૫ | ૧૨.૩૮ |
| | ૧૪. મ્યુ.ઓફિસનાં ટેલીફોન અંગેનું ખર્ચ | ૧૩.૭૩ | ૧૫.૦૯ |
| | ૧૫. પરચુરણ | ૦.૦૦ | ૦.૦૦ |
| | ૧૬. ઈ.ડી.પી.સેલ કોમ્પ્યુટર ખાતુ | ૫૨.૭૯ | ૫૪.૦૯ |
| | ૧૭. ઈલેક્શન ખાતુ | ૫૯.૯૧ | ૧૧૭.૦૬ |
| | ૧૮. ઓક્ટ્રોય ખાતુ | ૧૦૩૬.૦૩ | ૯૪૧.૭૦ |
| | ૧૯. એસેસમેન્ટ એન્ડ ટેક્ષ કલેક્શન ડીપાર્ટમેન્ટ | ૬૯૮.૪૩ | ૬૧૮.૪૭ |
| | ૨૦. સરકારી એજ્યુકેશન સેસ ખાતુ | ૧૧.૮૨ | ૧૬.૯૪ |
| | ૨૧. ઓફિસનાં મકાનો | ૭૦.૧૭ | ૭૭.૫૯ |
| | ૨૨. પ્રોવિડન્ડ ફંડ, પેન્શન , ગ્રેજ્યુઈટી, કોન્ટ્રીબ્યુશન | ૪૧૧૮.૯૦ | ૪૬૨૬.૭૬ |
| | ૨૩. વીજીલન્સ ખાતુ | ૪૪.૯૭ | ૩૯.૨૨ |

| | | | |
|---|---|---|---|
| | ૨૪.	સેન્સસ ખાતુ | ૧૩૪.૩૫ | ૦.૦૦ |
| | કુલ | ૭૩૧૩.૧૭ | ૮૨૬૧.૦૬ |
| ખ | મિલ્કત લેન્ડ એક્વીઝીશન એન્ડ મેનેજમેન્ટ | | |
| | ૧. એસ્ટેટ એન્ડ સીટી ઈમ્પ્રુવમેન્ટ | ૮૬૯.૯૪ | ૭૮૬.૭૨ |
| | ૨. ટાઉન ડેવલપમેન્ટ | ૨૦૬.૮૮ | ૨૨૬.૯૫ |
| | ૩. એડીશનલ ટાઉન પ્લાનીગ ખાતુ | ૧૫.૮૩ | ૧૩૮.૬૭ |
| | ૪. એસ્ટેટ એક્વીઝીશન ખાતુ | ૪૫.૪૨ | ૬૩.૨૧ |
| | ૫. અર્બન સીટી ડેવલપમેન્ટ સંકલીતનગર | ૨.૦૪ | ૦.૬૩ |
| | ૬. એસ્ટેટ હુડકો – હાઉસીગ | ૨.૦૩ | ૧.૧૨ |
| | કુલ | ૧૧૪૨.૧૪ | ૧૨૧૭.૩૦ |
| ગ | લોકોની સલામતી | | |
| | ૧. બંબાખાતુ | ૪૬૩.૪૦ | ૫૧૦.૬૦ |
| | ૨. રોશની ખાતુ | ૧૭૯૮.૦૪ | ૧૩૧૧.૯૯ |
| | ૩. ટ્રાફિક કન્ટ્રોલ | ૧૭.૮૯ | ૩૨.૭૧ |
| | ૪. કોમ્યુનિકેશન ડીપાર્ટમેન્ટ | ૧૫.૬૧ | ૩૦.૮૨ |
| | કુલ | ૨૨૯૪.૯૪ | ૧૮૮૬.૧૨ |
| ઘ | પાણી પૂરૂ પાડવું | | |
| | ૧. દૂધેશ્વર વોટર વર્કસ | ૬૬૨.૦૩ | ૫૫૯.૯૩ |
| | ૨. બીજા પાણીનાં પંપીગ સ્ટેશનો | ૩૭૬૫.૧૩ | ૪૦૭૬.૭૮ |
| | ૩. પાણીની વહેંચણી | ૬૯૮.૭૯ | ૭૧૯.૧૯ |
| | ૪. કોતરપુર વોટર વર્કસ | ૩૦૧.૫૨ | ૨૪૭.૦૪ |
| | ૫. રાસ્કા વોટર પ્રોજેક્ટ | ૬૦૯.૨૭ | ૧૦૦૨.૪૮ |
| | કુલ | ૬૦૩૬.૭૪ | ૬૬૦૫.૪૨ |
| ચ | કન્ઝરવન્સી | | |
| | ૧. પીરાણા ટર્મીનલ સુએજ પંપીગ સ્ટેશન | ૨૮૨.૩૪ | ૨૯૧.૩૪ |
| | ૨. વાસણા ટર્મીનલ સુએજ પંપીગ સ્ટેશન | ૨૦૭.૪૨ | ૧૮૮.૧૫ |
| | ૩. જમાલપુર ડ્રેનેજ પંપીગ સ્ટેશન | ૯૧.૮૩ | ૧૧૨.૯૦ |
| | ૪. ન્યુ સબર્બન ડ્રેનેજ પંપીગ સ્ટેશન | ૯૭.૪૨ | ૧૦૧.૭૬ |
| | ૫. બ્રાંચ સુએજ  પંપીગ સ્ટેશન | ૪૨૦.૫૫ | ૪૦૦.૦૫ |
| | ૬. ડ્રેનેજ લાઈન | ૧૦૮૫.૯૭ | ૧૧૦૧.૪૪ |
| | ૭. ગલી ટ્રેપ સાફ | ૦.૨૪ | ૦.૦૦ |
| | ૮. કોન્ટ્રીબ્યુશન | ૦.૦૦ | ૦.૦૦ |
| | ૯. સુએજ ફાર્મ | ૩૭.૭૦ | ૩૪.૧૭ |
| | ૧૦.	વાસણા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ | ૩૫.૭૬ | ૩૩.૯૫ |
| | ૧૧.	પીરાણા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ | ૧૪૦.૨૩ | ૧૩૯.૨૨ |
| | ૧૨.	સેન્ટ્રલ લેબોરેટરી | ૭૩.૯૧ | ૬૮.૯૨ |

| | | | |
|---|---|---|---|
| | ૧૩. જાજરૂ અને પેશાબખાના | ૬૭.૫૦ | ૯૦.૭૩ |
| | ૧૪. ખાળકૂવા | ૧૨૬.૬૫ | ૧૨૮.૬૮ |
| | ૧૫. ખાનગી જાજરૂ | ૦.૦૦ | ૦.૦૦ |
| | ૧૬. ઓ.કે.ચેમ્પીયન | ૧૭૬.૩૨ | ૧૮૮.૬૨ |
| | ૧૭. ન્યુ પીરાણા ટ્રીટમેન્ટ પ્લાન્ટ | ૭.૩૪ | ૯.૮૪ |
| | ૧૮. ન્યુ વાસણા ટ્રીટમેન્ટ પ્લાન્ટ | ૧.૨૮ | ૧.૯૫ |
| | કુલ | ૨૮૫૨.૪૬ | ૨૮૯૧.૭૨ |
| છ | લોકોની તંદુરસ્તી | | |
| | ૧. હેલ્થ ખાતુ | ૩૫૬.૦૮ | ૩૧૨.૭૧ |
| | ૨. પબ્લીક હેલ્થ લેબોરેટરી | ૧૦.૨૨ | ૧૦.૮૮ |
| | ૩. ડીસ્ઈન્ફેક્શન્સ | ૩.૪૫ | ૧.૫૩ |
| | ૪. મચ્છર નિવારણ | ૧૬૧.૩૬ | ૧૫૪.૦૮ |
| | ૫. રાષ્ટ્રીય મેલેરીયા નાબુદી ઝૂંબેશ | ૧૨૪.૨૧ | ૧૨૦.૮૪ |
| | ૬. વિશેષ ખર્ચ | ૦.૦૦ | ૦.૦૦ |
| | ૭. ક્ષય નિવારણ | ૫.૬૭ | ૫.૧૧ |
| | ૮. હાનીકારક પ્રાણીઓનાં ઉપદ્રવથી બચવા | ૩૩.૬૬ | ૩૫.૪૨ |
| | ૯. શીતળા ટાંકવા | ૦.૦૦ | ૦.૦૦ |
| | ૧૦. વિસ્તૃત રોગ પ્રતિકારક રસી મુકવાની યોજના | ૪૮.૭૨ | ૪૦.૧૪ |
| | ૧૧. અર્બન કોમ્યુનીટી ડેવલપમેન્ટ | ૩૩.૪૪ | ૨૭.૬૧ |
| | ૧૨. ઢોરત્રાસ અંકુશ વિભાગ | ૮૬.૮૫ | ૯૬.૫૮ |
| | ૧૩. આઈ.સી.ડી.એસ.-૧ | ૧૮.૫૩ | ૨૧.૬૩ |
| | ૧૪. શહેરી કુટુંબ કલ્યાણ | ૭૩.૪૧ | ૭૦.૩૭ |
| | ૧૫. હરિજન કલ્યાણ કેન્દ્ર | ૦.૮૯ | ૦.૨૨ |
| | ૧૬. આઈ.સી.ડી.એસ.-૨ | ૭.૦૬ | ૯.૧૩ |
| | ૧૭. રીઝર્વ બેડ અંગે | ૦.૦૦ | ૦.૦૦ |
| | ૧૮. નહેરૂ રોજગાર યોજના | ૦.૦૦ | ૦.૦૦ |
| | ૧૯. બાળકન્યા યોજના | ૩.૪૭ | ૫.૦૦ |
| | ૨૦. અન્ય ફેમીલી પ્લાનીગ સ્કીમ | ૨.૮૪ | ૧.૨૪ |
| | ૨૧. ચાર મુદ્દા હેલ્થ પ્રોગ્રામ | ૪૭.૭૩ | ૨૨.૯૧ |
| | કુલ | ૧૦૧૭.૨૯ | ૯૩૫.૪૦ |
| જ | રસ્તા સાફ ધોવા,છાંટવા તથા શહેરનો કચરો ઉપાડવા | | |
| | ૧. રસ્તા સાફ કરવા | ૪૪૬૦.૩૯ | ૪૫૨૫.૭૬ |
| | ૨. શહેરનો કચરો ઉપાડવા | ૭૪૭.૪૭ | ૭૩૭.૩૫ |
| | ૩. છંટકાવ | ૦.૦૦ | ૦.૦૦ |
| | ૪. ચાલી,સોસાયટી તથા ઝૂંપડપટ્ટીમાં સફાઈ | ૨૨૦.૯૭ | ૨૭૧.૯૭ |
| | ૫. છંટકાવ | ૦.૦૦ | ૦.૦૦ |

| | | | |
|---|---|---|---|
| | કુલ | ૫૪૨૮.૮૩ | ૫૫૨૫.૦૮ |
| ઝ | વૈદકીય મદદ | | |
| | ૧. દવાખાના | ૨૧૫.૬૫ | ૧૮૪.૮૯ |
| | ૨. મેટરનીટી હોમ | ૨૫૩.૯૪ | ૨૩૫.૩૩ |
| | ૩. એલ.જી.હોસ્પિટલ | ૮૭૫.૬૮ | ૮૭૩.૯૬ |
| | ૪. શા.ચી.લા. હોસ્પિટલ | ૮૯૭.૮૨ | ૮૨૪.૯૩ |
| | ૫. શેઠ ચી.હ.નગરી હોસ્પિટલ | ૧૪૭.૪૬ | ૧૨૫.૩૩ |
| | ૬. ટી.બી.ક્લીનીક | ૪૧.૦૪ | ૩૫.૨૭ |
| | ૭. ચેપી રોગ હોસ્પિટલ | ૩૬.૯૦ | ૪૧.૦૩ |
| | ૮. ફેમીલી પ્લાનીગ | ૦.૦૦ | ૦.૦૦ |
| | ૯. એમ્બ્યુલન્સ | ૧૪.૪૩ | ૨૧.૮૬ |
| | ૧૦. ગ્રાંટ મેડીકલ | ૨૫૪૮.૧૩ | ૨૪૯૨.૫૪ |
| | ૧૧. પી.પી.પ્રોગ્રામ | ૪૨.૩૧ | ૪૨.૨૯ |
| | કુલ | ૫૦૭૩.૩૬ | ૪૮૭૭.૩૩ |
| ટ | માર્કેટ અને કતલખાના | | |
| | ૧. માર્કેટ | ૪.૭૩ | ૨.૦૧ |
| | ૨. કતલખાના | ૨૦.૬૭ | ૧૯.૦૭ |
| | કુલ | ૨૫.૪૦ | ૨૧.૦૮ |
| ઠ | જન્મમરણની નોંધણી | | |
| | ૧. જન્મમરણની નોંધણી | ૯૯.૬૧ | ૧૨૮.૧૫ |
| | કુલ | ૯૯.૬૧ | ૧૨૮.૧૫ |
| ડ | બગીચા,સંગ્રહસ્થાન અને રમતગમતનાં મેદાનો- સાધનો | | |
| | ૧. બગીચા | ૪૦૮.૫૦ | ૩૩૨.૩૬ |
| | ૨. આરબોરી કલ્ચર | ૧૦.૨૫ | ૯.૯૭ |
| | ૩. રમતગમતનાં મેદાનો –સાધનો વિ. | ૨.૪૩ | ૦.૭૫ |
| | ૪. કાંકરિયા તળાવ | ૦.૦૦ | ૦.૦૦ |
| | ૫. પીકનીક હાઉસ | ૦.૦૦ | ૦.૦૦ |
| | ૬. ફૂવારા તથા શહેર સુશોભન | ૩.૧૩ | ૩.૯૫ |
| | ૭. સ્ટેડીયમ | ૦.૨૪ | ૧.૧૩ |
| | ૮. બોટીગ ક્લબ | ૦.૦૦ | ૦.૦૦ |
| | ૯. ઝૂ ડીપાર્ટમેન્ટ | ૧૪૪.૩૦ | ૧૩૨.૮૧ |
| | ૧૦. મ્યુઝીયમ ( સંસ્કાર કેન્દ્ર) | ૨૩.૨૯ | ૧૩.૦૦ |
| | ૧૧. સ્વીમીંગ પુલ ( સ્નાનાગાર) | ૧૧૧.૪૨ | ૧૦૬.૪૨ |
| | ૧૨. ફીઝીયોથેરાપી સ્કુલ | ૪.૨૫ | ૪.૩૮ |
| | કુલ | ૭૦૭.૮૧ | ૬૦૪.૭૭ |
| ઢ | માહિતી અને પ્રકાશન | | |

| | | | |
|---|---|---|---|
| | ૧. માહિતી અને ફરિયાદ ખાતુ ( કન્ટ્રોલ રૂમ) | ૩.૬૦ | ૩.૫૩ |
| | ૨. મ્યુ.સેન્ટ્રલ લાયબ્રેરી | ૪.૮૫ | ૫.૪૨ |
| | ૩. પબ્લીસીટી ડીપાર્ટમેન્ટ | ૧૬.૨૬ | ૧૭૭.૩૭ |
| | કુલ | ૨૪.૭૧ | ૧૮૬.૩૨ |
| ણ | જાહેર બાંધકામ | | |
| | ૧. ઈજનેર ખાતુ ( સામાન્ય દેખરેખ) | ૬૯૦.૫૬ | ૯૦૯.૨૮ |
| | ૨. વર્કશોપ નં.૨ ( રોલર) | ૧૬૦.૬૨ | ૧૫૮.૩૧ |
| | ૩. સેન્ટ્રલ વર્કશોપ | ૯૫૫.૪૨ | ૬૦૨.૫૪ |
| | કુલ | ૧૮૦૬.૬૦ | ૧૬૭૦.૧૩ |
| ત | રસ્તા,પુલો,ફુટપાથ અને સ્ટ્રોમ વોટર ડ્રઈન | | |
| | ૧. રસ્તા,પુલો,ફૂટપાથ | ૧૨૪૫.૯૮ | ૧૩૯૧.૭૭ |
| | ૨. સ્ટ્રોમ વોટર ડ્રઈન | ૬૮.૮૨ | ૭૫.૯૦ |
| | ૩. બ્રીજ | ૨.૦૫ | ૧.૩૭ |
| | કુલ | ૧૩૧૬.૮૫ | ૧૪૬૯.૦૪ |
| થ | સાર્વજનિક કેળવણી | | |
| | ૧. પ્રાથમિક કેળવણી | ૧૦૫૩૫.૦૦ | ૧૦૦૨૫.૫૩ |
| | ૨. મ્યુ.ગર્લ્સ હાઈસ્કુલ | ૨૪.૩૬ | ૨૩.૯૨ |
| | ૩. મ્યુ.માધ્યમિક શાળાઓ અને તેની કેન્દ્રીય કચેરી | ૭૬.૧૫ | ૭૪.૮૧ |
| | ૪. સંસ્કૃત પાઠશાળા | ૦.૬૮ | ૦.૦૦ |
| | ૫. મ્યુ.વ્યાયામ વિદ્યાલય | ૧૪.૦૦ | ૧૫.૫૯ |
| | ૬. મ્યુ.મેડીકલ કોલેજ | ૪૬૦.૧૭ | ૬૧૧.૩૯ |
| | ૭. પુસ્તકાલય | ૯૨.૨૮ | ૯૪.૩૯ |
| | ૮. બાળ પુસ્તકાલય | ૧૪.૬૨ | ૧૩.૭૮ |
| | ૯. વિશેષ ખર્ચ | ૦.૦૦ | ૦.૦૦ |
| | ૧૦.ચીલ્ડ્રન ટ્રાફિક પાર્ક | ૦.૦૦ | ૦.૦૦ |
| | ૧૧. ગ્રાન્ટ | ૧૨૬.૮૮ | ૧૪૬.૪૩ |
| | કુલ | ૧૧૩૪૪.૧૪ | ૧૧૦૦૫.૮૪ |
| દ | લોન ચાર્જીસ | | |
| | ૧. લોનનું વ્યાજ | ૪૪૬.૫૬ | ૧૧૦૩.૧૫ |
| | ૨. સીકીગ ફંડનું કોન્ટ્રીબ્યુશન | ૦.૦૦ | ૭૭૬.૯૬ |
| | ૩. સરકારી લોનના મુદ્દલનું પેમેન્ટ કરવા | ૦.૦૦ | ૧૦.૦૦ |
| | ૪. સરકારી લોનનું વ્યાજ | ૩૧૭.૧૩ | ૧૦૧૪.૨૪ |
| | ૫. ડ્રેનેજ પ્રોજેક્ટ અંગેની વર્લ્ડ બેંકની લોનનું વ્યાજ | ૦.૦૦ | ૦.૦૦ |
| | ૬. વોટર પ્રોજેક્ટ અંગેની જી.વી.કો.ની લોન મુદ્દલનું પેમેન્ટ કરવા | ૪૨.૭૫ | ૪૨.૭૫ |
| | ૭. બોન્ડ ઈસ્યુનું વ્યાજ | ૧૪૦૦.૦૦ | ૨૨૬૦.૫૫ |

| | | | |
|---|---|---|---|
| | ૮. વોટર પ્રોજેક્ટ અંગેની જી.વી.કો.ની લોનનું વ્યાજ | ૧૫.૧૨ | ૧૧.૩૪ |
| | ૯. ગુ.હા.બોર્ડની લોનની મુદ્દલનું પેમેન્ટ કરવા | ૫.૧૭ | ૨૪.૮૮ |
| | ૧૦. ગુ.હા.બોર્ડની લોનનું વ્યાજ | ૦.૦૦ | ૧૨.૩૩ |
| | ૧૧. બેંકોમાંથી લીધેલ ઓવરડ્રાફ્ટનું વ્યાજ | ૦.૦૦ | ૦.૦૦ |
| | ૧૨. નરોડાનગર પંચાયતે પાણી પૂરવઠા માટે જી.વી.કો.ની લોનનાં મુદ્દલનું પેમેન્ટ કરવા | ૦.૦૦ | ૦.૦૦ |
| | ૧૩. નરોડાનગર પંચાયતે પાણી પૂરવઠા માટે જી.વી.કો.ની લોનનાં વ્યાજનું પેમેન્ટ કરવા | ૦.૦૦ | ૦.૦૦ |
| | ૧૪. વોટર પ્રોજેક્ટ અંગેની હુડકોની લોનનાં મુદ્દલનું પેમેન્ટ કરવા | ૨૫૮.૯૦ | ૦.૦૦ |
| | ૧૫. વોટર પ્રોજેક્ટ અંગેની હુડકોની લોનનુ વ્યાજ | ૩૪૧.૩૪ | ૦.૦૦ |
| | ૧૬. ડીસ્કાઉન્ટ અને કમીશન | ૪.૩૧ | ૫૪.૩૦ |
| | ૧૭. સ્ટેટ બેંકને વ્યાજ આપવા અંગેનું મહેનતાણું | ૧૧૧.૧૪ | ૫.૧૧ |
| | ૧૮. લોનની સરકારની ગેરંટી ફી | ૧૫૦.૪૨ | ૩૮.૯૪ |
| | ૧૯. સી.પી.એફ.,જી.પી.એફ.ઉપર વ્યાજ | ૩૨.૩૭ | ૧૭૧.૦૧ |
| | ૨૦. ભારે વરસાદથી મ્યુ.સેવાઓને થયેલ નુકશાન માટે સરકારશ્રી તરફથી મળેલ લોનનું પેમેન્ટ | ૦.૦૦ | ૦.૦૦ |
| | ૨૧. જી.એમ.એફ.બી.રીવોલ્વીંગ ફંડની ટૂંકાગાળાની લોનનું વ્યાજ | ૦.૦૦ | ૦.૦૦ |
| | ૨૨. જી.એમ.એફ.બી.રીવોલ્વીંગ ફંડની ટૂંકાગાળાની લોનનું મુદ્દલનું રીપેમેન્ટ | ૦.૦૦ | ૦.૦૦ |
| | ૨૩. બોન્ડ ઈશ્યુ માટેનો ખર્ચ | ૧૦.૬૪ | ૨૮.૮૩ |
| | ૨૪. બોન્ડ અંગેનો ફાળો | ૧૨૯૬.૯૩ | ૧૨૯૬.૯૩ |
| | ૨૫. હુડકો બ્રીજ પ્રોજેકટનું વ્યાજ | ૧૬૦.૯૭ | ૦.૦૦ |
| | ૨૬. હુડકો રોડ પ્રોજેકટનું વ્યાજ | ૩૦.૫૨ | ૦.૦૦ |
| | ૨૭. હુડકો પે એન્ડ યુઝ ટોયલેટ પ્રોજેકટ લોન | ૧૮.૨૪ | ૧૩.૨૫ |
| | ૨૮. હુડકો એસ.એન.પી. પ્રોજેકટ લોનનું વ્યાજ | ૦.૮૬ | ૦.૬૪ |
| | ૨૯. એચ.ડી.એફ.સી. લોન | ૮૯.૫૧ | ૨૦૯.૬૪ |
| | ૩૦. હુડકો બ્રીજ પ્રોજેકટ મુદ્દલ ચૂકવણી | ૬૨.૧૦ | ૦.૦૦ |
| | ૩૧. હુડકો પે એન્ડ યુઝ ટોયલેટ પ્રોજેકટ મુદ્દલ ચૂકવણી | ૪૯.૫૨ | ૪૯.૫૨ |
| | ૩૨. હુડકો એસ.એન.પી. પ્રોજેકટ લોન ચૂકવણી | ૨.૨૪ | ૨.૨૪ |
| | ૩૩. એન.એચ.પી.લોન ઇ. ડબલ્યુ. એસ.વ્યાજ | ૯૩.૬૫ | ૯૧.૬૦ |
| | ૩૪. હુડકો રાસ્કા પ્રોજેકટ વ્યાજ | ૮૨૭.૨૩ | ૪૮.૬૭ |
| | ૩૫. આઇ.ડી.બી.આઇ. લોન વ્યાજ | ૨.૦૮ | ૧.૫૬ |
| | ૩૬. રીપેમેન્ટ આઇ.ડી.બી.આઇ. લોન | ૧૪.૭૨ | ૨૩.૧૩ |
| | ૩૭. રીપેમેન્ટ હુડકો રોડ પ્રોજેકટ | ૧૧૯.૧૨ | ૦.૦૦ |

| | | | |
|---|---|---|---|
| | ૩૮. રીપેમેન્ટ રાસ્કા પ્રોજેક્ટ | ૭૦૨.૪૨ | ૦.૦૦ |
| | ૩૯. આઇ.સી.આઇ.સી.આઇ.વ્યાજ | ૫૯૯.૦૮ | ૯૫૭.૫૭ |
| | ૪૦.આઇ.સી.આઇ.સી.આઇ લીઝ રેન્ટ | ૭૧.૨૧ | ૬૩.૭૦ |
| | ૪૧.આઇ.સી.આઇ.સી.આઇ.લોનના મુદ્દલની ચૂકવણી | ૫૦૦.૦૦ | ૮૩૨.૫૪ |
| | ૪૨.એન.એચ.બી.ઇ.ડબલ્યુ.એસલોનનામુદ્દલની ચૂકવણી | ૦.૦૦ | ૧૦૨.૯૩ |
| | કુલ | ૭૭૭૬.૨૫ | ૯૨૪૮.૩૧ |
| ધ | લાયસન્સીગ,રીમુવલ ઓફ એન્ક્રોચમેન્ટ એન્ડ એડમી.ઓફ શોપ્સ એક્ટ | | |
| | ૧. ખાદ્ય વસ્તુઓની તપાસ તથા લાયસન્સીગ | ૯૧.૧૫ | ૯૨.૨૯ |
| | ૨. ગુમાસ્તાધારા ઓફિસ | ૨૫.૯૧ | ૨૩.૬૩ |
| | ૩. એન્ક્રોચમેન્ટ ખાતુ | ૧૧૫.૨૪ | ૨૩.૭૦ |
| | કુલ | ૨૩૨.૩૦ | ૧૩૯.૬૨ |
| ન | પરચુરણ | ૧૪૬૧.૫૬ | ૧૫૧૭.૪૨ |
| | એકદંર કુલ | ૫૫૯૫૪.૧૬ | ૫૮૧૯૦.૧૧ |

## પત્રક ૨.૧૦.૭
## સને ૨૦૦૨-૦૩ અંતે ઋણની પરિસ્થિતિ ( રૂા. લાખમાં)

| અ.નં. | લોનનું વર્ગીકરણ | તા.૧.૪.૨૦૦૨ ના રોજ બાકી લોન | નવી આવેલ લોન | ભરપાઈ કરેલ લોન | વર્ષાંતે બાકી લોન |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | પબ્લીક લોન | ૬૨૪૯.૦૧ | ૦.૦૦ | ૧૫૬૫.૦૦ | ૪૬૮૪.૦૧ |
| ૨. | સરકારી લોન | ૯૨૩૬.૬૭ | ૦.૦૦ | ૧૦.૦૦ | ૯૨૨૬.૬૭ |
| ૩. | જીવનવીમા કોર્પો.ની લોન | ૧૨૮.૨૬ | ૦.૦૦ | ૪૨.૭૫ | ૮૫.૫૧ |
| ૪. | ગુ.હા.બોર્ડની લોન | ૬૪.૮૭ | ૦.૦૦ | ૨૪.૮૮ | ૩૯.૯૯ |
| ૫. | હાઉસીગ એન્ડ અર્બન ડેવલપમેન્ટની લોન | ૩૮૮૩.૦૭ | ૦.૦૦ | ૩૭૭૬.૪૯ | ૧૦૬.૫૮ |
| ૬. | નેશનલ હાઉસીગ બોર્ડ લોન ઇ.ડબલ્યુ.એસ. | ૧૧૭૦.૫૯ | ૦.૦૦ | ૧૦૨.૯૩ | ૧૦૬૭.૬૬ |
| ૭. | ગુજ.મ્યુ.ફાય.ની લોન | ૭૮.૧૮ | ૦.૦૦ | ૦.૦૦ | ૭૮.૧૮ |
| ૮. | સીટી બોન્ડ | ૧૦૦૦૦.૦૦ | ૦.૦૦ | ૩૩૩૦.૦૦ | ૬૬૭૦.૦૦ |
| ૯. | એચ.ડી.એફ.સી.ની લોન | ૩૦૩.૬૩ | ૦.૦૦ | ૩૦૩.૬૩ | ૦.૦૦ |
| **૧૦** | **આઇ.સી.આઇ.સી.આઇ.-ની લોન** | **૯૫૦૦.૦૦** | **૦.૦૦** | **૪૩૩૨.૫૩** | **૫૧૬૭.૪૭** |
| **૧૧** | **ટેક્ષ ફ્રી બોન્ડ** | **૧૦૦૦૦.૦૦** | **૦.૦૦** | **૦.૦૦** | **૧૦૦૦૦.૦૦** |
| | **કુલ** | **૫૦૬૧૪.૨૮** | **૦.૦૦** | **૧૩૪૮૮.૨૧** | **૩૭૧૨૬.૦૭** |

## પત્રક ૨.૧૦.૮

## છેલ્લા ૨ વર્ષમાં થયેલ કેપીટલ આવકની માહિતી દર્શાવતુ પત્રક ( રૂા. લાખમાં)

| અ.નં. | વિગત | ૨૦૦૧-૦૨ | ૨૦૦૨-૦૩ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | રેવન્યુ આવકમાંથી કેપીટલમાં ટ્રાન્સફર | ૦.૦૦ | ૩૭૦૦.૦૦ |
| ૨. | હુડકોની લોન | ૩૯.૩૦ | ૦.૦૦ |
| ૩. | ઝૂંપડા ઉન્નતિકરણ માટે કેન્દ્ર સરકાર/રાજ્ય સરકારશ્રીની લોન/ લાભાર્થીઓનો ફાળો તથા ઈન્ડસ્ટ્રીઝનો ફાળો | ૦.૦૦ | ૨.૫૯ |
| ૪. | જી.આઈ.ડી.સી.એફલ્યુઈન્ટ ડીસ્પોઝલ સ્કીમ માટે લાભાર્થીઓનો ફાળો | ૬૮.૨૩ | ૧૩૯.૯૮ |
| ૫. | કેપીટલ ગ્રાંટ | | |
| | એ- જી.એમ.એફ.બીની ગ્રાંટ | ૨૦૮.૩૦ | ૩૩૮.૯૮ |
| | બી- ધારાસભ્યશ્રી ની ગ્રાંટ/સંસદસભ્યશ્રીની ગ્રાંટ | ૫૦૯.૯૫ | ૯૩૯.૯૫ |
| | સી.સાબરમતી શુધ્ધિકરણ યોજના માટે કેન્દ્ર સરકારની ગ્રાંટ | ૧૪૭૭.૦૦ | ૮૦૦.૦૦ |
| | ડી.૧૧મા નાણાં પંચની ગ્રાંટ | ૦.૦૦ | ૭૨૬.૯૭ |
| | ઈ.ઝૂના વિકાસઅર્થેડેવલોપમેન્ટ ઓથોરીટીની ગ્રાંટ | ૪૧.૦૨ | ૦.૦૦ |
| | એફ.સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ માટે સરકારશ્રીની ગ્રાંટ | ૪૪.૦૦ | ૧૪.૮૧ |
| | જી.સ્લમ ક્વાટર્સ રીપેરીગની ગ્રાંટ | ૫૨૯.૭૨ | ૦.૦૦ |
| | એચ.હેલ્થ ક્વાટર્સ રીપેરીગ ગ્રાંટ | ૩૯૭.૩૯ | ૦.૦૦ |
| | જી.જી-૩ સ્કૂલ રીપેરીગ ગ્રાંટ | ૭૦૦.૦૦ | ૦.૦૦ |
| | આઇ.ભૂકંપના કામ માટે ઓ.એન.જી.સી.ની ગ્રાંટ | ૦.૦૦ | ૪૭.૩૯ |
| ૬. | ફાયર ટેક્ષની આવક | ૩.૮૦ | ૬૮.૦૮ |
| ૭. | ચાલીઓ તથા સોસાયટીમાં વો.પાઈપ લાઈન, ડ્રેનેજ લાઈન,રસ્તા,રીસરફેસ તથા સ્ટ્રીટ | ૩૪.૯૪ | ૩૩.૨૫ |
| ૮. | અન્ય કેપીટલ આવક | ૩.૯૫ | ૯૧.૨૨ |
| ૧૩. | નેશનલ હાઉસીગ બોર્ડ પાસેથી લોન | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૪. | હાઉસીગ બોર્ડની સબસીડી | ૧૧૨.૨૦ | (-)૧૨.૮૦ |
| ૧૫. | ઈ.ડબલ્યુ.એસ.માટે લાભાર્થીઓનો ફાળો | ૦.૦૦ | ૭૩.૯૫ |
| ૧૬. | આઇ.સી.આઇ.સી.આઇ.પાસેથી લોન | ૧૦૦૦૦.૦૦ | ૦.૦૦ |
| ૧૭. | ટેક્ષ ફ્રી બોન્ડ ઇસ્યુ | ૧૦૦૦૦.૦૦ | ૦.૦૦ |
| ૧૮. | ભૂકંપ અન્વયે કરવાના કામો માટે જીએસડીએમએ/એડીબીની નાણાંકીય સહાય | ૦.૦૦ | ૬૧૫.૩૯ |
| | **કુલ કેપીટલ આવક** | **૨૪૧૬૯.૮૦** | **૭૫૭૯.૭૬** |

**પત્રક ૨.૧૦.૯**

**કેપીટલ વર્કસ લોન એકાઉન્ટનાં જુદા જુદા બજેટ હેડ હેઠળ છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલ ખર્ચની માહિતી દર્શાવતુ પત્રક**

| અ.નં. | બજેટ હેડ | ૨૦૦૧-૦૨ | ૨૦૦૨-૦૩ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | રોડ, ફૂટપાથ અને પોળ પેવમેન્ટ | ૫૦૨.૭૭ | ૨૯૯.૭૪ |
| ૨. | પુલો | ૨૫૧.૫૬ | ૧૦.૬૭ |
| ૩. | સ્ટ્રોમ વોટર ડ્રેઈન | ૫૦.૬૨ | ૭૫.૦૧ |
| ૪. | લાઈટીગ | ૧૫૨.૮૮ | ૦.૦૦ |
| ૫. | બિલ્ડીગ | ૯૫.૫૫ | ૧૭૯.૧૯ |
| ૬. | જાહેર સ્થળો | ૫૨.૬૨ | ૫૯.૮૦ |
| ૭. | પ્લાન્ટ,મશીનરી અને ઈક્વીપમેન્ટ | ૮૮.૨૭ | ૧૯.૪૩ |
| ૮. | મોટર ટ્રાન્સપોર્ટનાં સાધનો | ૩.૭૭ | ૪૨.૨૧ |
| ૯. | આર્થિક રીતે નબળા વર્ગ અંગેના કામો | ૭૮.૦૩ | ૬૨.૯૦ |
| ૧૦. | પબ્લીક જાજરૂ અને પેશાબખાના | ૪૬.૨૯ | ૨૯.૧૩ |
| ૧૧. | એક્વીઝીશનનાં કામો | ૭૪.૯૧ | ૫.૭૮ |
| ૧૨. | ઓફિસ ફર્નિચર,ફીક્ચર્સ,ઈક્વીપમેન્ટ | ૬.૨૪ | ૦.૦૦ |
| ૧૩. | વોટર પ્રોજેક્ટ | ૧૦૭૮.૬૬ | ૧૩૨૯.૬૫ |
| ૧૪. | ડ્રેનેજ પ્રોજેક્ટ | ૩૮૩.૨૭ | ૧૩૪.૩૧ |
| ૧૫. | સ્લમ નેટવર્કીગ પ્રોજેક્ટ | ૪૪.૩૧ | ૨૩.૬૫ |
| ૧૬. | જી.એમ.એફ.બીની ગ્રાંટ | ૨૧૦.૭૫ | ૧૬૦.૨૨ |
| ૧૭. | એમ.એલ.એ.ગ્રાંટમાંથી કરવાના કામો | ૧૬૨.૧૧ | ૪૩૯.૯૦ |
| ૧૮. | એમ.પી.ગ્રાંટમાંથી કરવાનાં કામો | ૨૧૩.૩૯ | ૨૫૯.૩૩ |
| ૧૯. | પરચૂરણ કામો | ૦.૦૦ | ૬૮.૫૩ |
| ૨૦. | એન.આર.સી.પી.ગ્રાંટમાંથી કરવાનાં કામો | ૧૩૪૬.૬૧ | ૧૯૯૩.૭૫ |
| ૨૧. | રીવર ફ્રન્ટ ડેવલોપમેન્ટ બોર્ડ | ૧૦.૦૦ | ૧૦.૦૦ |
| ૨૨. | જી.આઇ.ડી.સી.એફ્લ્યુઅન્ટ ડીસ્પોઝલ સ્કીમ | ૨૩૨.૦૪ | ૨૮.૪૪ |
| ૨૩. | ૧૦મા નાણાં પંચની હલામણ અંગેની ગ્રાંટ | ૧૦૯.૪૪ | ૧૭૨.૦૮ |
| ૨૪. | ઇ.ડબલ્યુ.એસ.હાઉસીગ પ્રોજેકટ | ૩૯૩.૫૪ | ૦.૦૦ |
| ૨૫. | વર્લ્ડ બેન્કની ગ્રાંટમાંથી સ્કૂલ રીપેરીગ | ૬૯૭.૨૯ | ૦.૦૦ |
| ૨૬. | વર્લ્ડ બેન્કની ગ્રાંટમાંથી સ્લમ/હેલ્થ ક્વાટર્સ રીપેરીગ | ૭૧૧.૩૦ | ૨૫૪.૪૮ |
| ૨૭. | રીપેમેન્ટ ઓફ હુડકો લોન(પ્રિ-પેમેન્ટ) | ૧૦૦૦૦.૦૦ | ૩૭૨૪.૭૩ |
| ૨૮. | જી.એસ.ડી.એમ.એ,એ.ડી.બી.ની ગ્રાંટ | ૦.૦૦ | ૬૧૫.૫૫ |
| ૨૯. | રીપેમેન્ટ ઓફ આઇ.સી.આઇ.સી.આઇ.લોન(પ્રિ-રીપેમેન્ટ) | ૦.૦૦ | ૩૫૦૦.૦૦ |
| ૩૦. | ઇ.ગર્વનન્સ | ૦.૦૦ | ૨૬૩.૦૯ |
| | **કુલ** | **૧૬૯૯૬.૨૨** | **૧૩૭૬૧.૫૭** |

**પત્રક ૨.૧૦.૧૦**

**છેલ્લા ૨ વર્ષ ના અમ.મ્યુ.કોર્પો.નાં સીકીગ ફંડમાંથી ફીક્સ  ડીપોઝીટ તથા સીક્યુરીટીમાં કરેલ રોકાણની વિગત દર્શાવતુ પત્રક**

(રૂા. લાખમાં)

| અ.નં. | વિગત | તા.૩૧.૩.૨૦૦૨ | ૩૧.૩.૨૦૦૩ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | સીકીગ ફંડની બેંક માં ફીક્ષ ડીપોઝીટ | ૩૧૧૫.૦૦ | ૯૦૦.૦૦ |
| ૨ | સીકીગ ફંડ સીક્યોરીટી | ૫૦.૦૦ | ૦.૦૦ |
| | **કુલ રોકાણ** | **૩૧૬૫.૦૦** | **૯૦૦.૦૦** |

# ૨.૧૧ સેન્ટ્રલ રેકર્ડખાતુ

અ.મ્યુ.કોર્પો.ના વિવિધ ખાતા પૈકી સેન્ટ્રલ રેકર્ડ વિભાગ અતિ મહત્વનો અને જાહેર જનતાની અવરજવરથી વ્યસ્ત હોવાની સાથે જાહેરજનતાના હિતાર્થે અનેક પ્રકારની કામગીરી કરે છે. આ વિભાગમાં જન્મમરણની નોંધ, બિલ્ડીંગ કન્સ્ટ્રક્શનના મંજુર થયેલા પ્લાન તથા તેના ઉપયોગની રજાચીઠઠીની નકલો મ્યુ.ટેક્ષ, ડીમાન્ડ, ઓક્ટ્રોય ખાતાના ઈમ્પોર્ટ બીલ વિગેરે દસ્તાવેજોની પ્રમાણિત નકલો આપવામાં આવે છે.

અહેવાલી વર્ષમાં જન્મમરણના રેકર્ડની અરજન્ટ નકલો મેળવવા માટે ૧૮૮૦૪ અરજીઓ આવેલી. આ તમામ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. જ્યારે આ અંગેની જનરલ ૧૨૭૬૨ તથા ગત વર્ષની ૧૬૫ મળી કુલ અરજીઓ મળી કુલ ૧૨૯૨૭ અરજીઓ પૈકી કુલ ૧૨૮૨૪ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ. વર્ષાંતે ૧૦૩ અરજીઓ બાકી રહી હતી. એટલે કે ૯૯ % કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી.

મિલકતની આકારણી અંગેના ઠરાવોની પ્રમાણિત નકલો મેળવવા માટે તથા ઓકટ્રોય ખાતાના ઈમ્પોર્ટ બીલોની પ્રમાણિત નકલો પ્લાન-રોડ લાઇનની નકલો,મતદારયાદીની નકલ મેળવવા પ્રજા તરફથી અરજીઓ આવે છે. અહેવાલી વર્ષમાં આવી ૨૪૮૩ અરજીઓ આવેલ. જેમાં ગત વર્ષની બાકી અરજીઓ ૨૩૪ મળી કુલ ૨૭૧૭ અરજીઓમાંથી વર્ષ દરમ્યાન ૨૬૩૧ અરજીઓનો નિકાલ થયેલ અને વર્ષના અંતે ૮૬ અરજીઓ બાકી રહેતા ૯૬% અરજીઓનો નિકાલ થવા પામેલ.

અહેવાલી વર્ષમાં ગુમાસ્તાધારાના પ્રમાણપત્રની નકલ તથા સેન્ટ્રલ ઓફીસના જી.ડી.ઇ.એસ.ટી. ઠરાવની નકલની ૬૨ અરજીઓ વર્ષ દરમ્યાન આવેલ. અગાઉની બાકી ૨ અરજીઓ સાથે થયેલ કુલ ૬૪ અરજીઓમાંથી વર્ષ દરમ્યાન ૫૫ અરજીઓનો નિકાલ થયેલ અને વર્ષાન્તે ૯ અરજીઓ બાકી રહેલ. આમ, વર્ષ દરમ્યાન ૮૫% અરજીઓ નિકાલ થયેલ. આ અંગેની વિગતવાર માહિતી પત્રક ૨.૧૧.૧માં દર્શાવી છે.

આ ખાતાના ટેન્ડર ઓફિસર દ્વારા જુદા જુદા ખાતાની જુદી જુદી કામગીરી માટે જાહેર નોટીસો આપીને મંગાવેલ ટેન્ડરો સ્વીકારીને ખોલવાની કામગીરી કરવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન કુલ ૨૬૮ વર્કીંગ દિવસો પૈકી ૬૪ દિવસ ટેન્ડર ખોલવાની કામગીરી કરવામાં આવી હતી. જેમાં જુદા જુદા ખાતાના કુલ ૧૦૬૮ ટેન્ડરો ખોલવામાં આવ્યા હતા. માસવાર ટેન્ડરોની વિગત પત્રક ૨.૧૧.૨ માં દર્શાવી છે. અને ખાતાવાર ટેન્ડરની માહિતી પત્રક ૨.૧૧.૩માં દર્શાવેલ છે.

જન્મમરણની અરજન્ટ નકલ લેવાનો ચાર્જ રૂા.૨૫/- લેવામાં આવે છે. જયારે જનરલ નકલનો ચાર્જ ફકત રૂા.૧૦/- છે. બાંધકામ પ્લાનની નકલ મેળવવાની ડીપોઝીટ પ્લાન દીઠ રૂા.૧૦૦/- છે. તેમજ રોડલાઇનની નકલોનો ચાર્જ રૂા.૧૦૦/- છે. ટેક્ષ ખાતાના હરકત રજીસ્ટર ઠરાવની નકલ મેળવવાનો ચાર્જ રૂા.૧૦/- છે.બી.યુ.પરમીશન,ઓકટ્રોય પહોંચ,ટેક્ષના ડીમાન્ડ દાખલાની નકલ,તેમજ ગુમાસ્તાધારાની નકલ આ તમામ નકલોનો ચાર્જ રૂા.૧૦/- છે. જી.ડી.ઇ.એસ.ટી. ઠરાવ વિ.ની પ્રમાણીત નકલોનો ચાર્જ રૂા.૫/- લેવાય છે.

અહેવાલી વર્ષમાં જન્મ મરણની નકલની ફી,પ્લાન,,રોડ લાઇન તેમજ અન્ય નકલોની આવક પેટે ૯.૬૯ લાખ થયેલ છે. જન્મ મરણના ફોર્મ વેચાણની આવક રૂા.૧.૮૬ લાખ થતાં કુલ આવક રૂા.૧૧.૫૦લાખ થયેલ.જેમાંથી રીફંડ રૂા.૦.૬૭લાખ ચૂકવાતાં નેટ આવક રૂા.૧૦.૮૮ લાખની થયેલ છે. ગત વર્ષે કુલ આવક રૂા. ૧૦.૦૬ લાખ થઈ હતી.

## પત્રક ૨.૧૧.૧

## વર્ષ ૨૦૦૨-૦૩ દરમ્યાન આવેલ અને નિકાલ થયેલ અરજીઓનું પૃથ્થકરણ

| અ. નં | પ્રમાણિત નકલ | અગાઉની બાકી અરજીઓ | નવી આવેલ અરજીઓ | કુલ અરજીઓ | નિકાલ કરેલ અરજીઓ | બાકી અરજીઓ | નિકાલ થયેલ અરજીઓની ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | જન્મમરણ (જનરલ) | ૧૬૫ | ૧૨૭૬૨ | ૧૨૯૨૭ | ૧૨૮૨૪ | ૧૦૩ | ૯૯ |
| ૨ | જન્મમરણ (અરજન્ટ) | - | ૧૮૮૦૪ | ૧૮૮૦૪ | ૧૮૮૦૪ | - | ૧૦૦ |
| ૩ | પ્લાન, રોડ લાઈન, બી.યુ. પરમીશન, રજાચીઠી, મતદાર યાદી, ઓકટ્રોય પહોંચ, ટેક્ષ ડીમાન્ડ અન્ય | ૨૩૪ | ૨૪૮૩ | ૨૭૧૭ | ૨૬૩૧ | ૮૬ | ૯૬ |
| ૪ | ગુમાસ્તાધારા, જી.ડી.એસ.ટી. ઠરાવ | ૨ | ૬૨ | ૬૪ | ૫૫ | ૯ | ૮૫ |

**પત્રક ૨.૧૧.૨**

**વર્ષ ૨૦૦૨-૦૩ માસવાર આવેલ ટેન્ડરોની માહિતી દર્શાવતુ પત્રક**

| માસનું નામ | કામના દિવસની સંખ્યા | માસ દરમ્યાન ટેન્ડર ખોલવાની રાખેલ કામગીરી ના દિવસો | કામકાજના દિવસો પૈકી ટેન્ડરની કામગીરી હાથ ધરાયેલ હોયતો તે દિવસોની ટકાવારી | આવેલ ટેન્ડરોની કુલ સંખ્યા | ટેન્ડર ખોલવાના દિવસ દીઠ સરેરાશ આવેલ ટેન્ડરની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| એપ્રિલ-૨૦૦૨ | ૨૧ | ૮ | ૩૮ | ૧૩૨ | ૧૭ |
| મે | ૨૩ | ૧૦ | ૪૩ | ૨૪૭ | ૨૫ |
| જૂન | ૨૪ | ૯ | ૩૮ | ૧૯૦ | ૨૧ |
| જુલાઈ | ૨૪ | ૭ | ૨૯ | ૩૭ | ૫ |
| ઓગષ્ટ | ૨૧ | ૬ | ૨૯ | ૫૬ | ૯ |
| સપ્ટેમ્બર | ૨૩ | ૫ | ૨૨ | ૧૨૪ | ૨૫ |
| ઓકટોબર | ૨૨ | ૩ | ૧૪ | ૫૯ | ૧૮ |
| નવેમ્બર | ૨૦ | ૪ | ૨૦ | ૧૯ | ૫ |
| ડીસેમ્બર | ૨૪ | ૩ | ૧૩ | ૫૨ | ૧૮ |
| જાન્યુ.૨૦૦૩ | ૨૪ | ૫ | ૨૧ | ૫૭ | ૧૧ |
| ફેબ્રુઆરી | ૨૧ | ૨ | ૧૦ | ૩૪ | ૧૭ |
| માર્ચ | ૨૧ | ૨ | ૧૦ | ૬૧ | ૩૧ |
| **કુલ** | **૨૬૮** | **૬૪** | **૨૪** | **૧૦૬૮** | **૧૭** |

**પત્રક ૨.૧૧.૩**

**વર્ષ ૨૦૦૨-૦૩ દરમ્યાન આવેલ ટેન્ડરોનું ખાતાવાઈઝ પૃથ્થકરણ**

| અનુ.નં | ખાતાનું નામ | આવેલ ટેન્ડરની સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | સેન્ટ્રલ સ્ટોર્સ | ૪૯૮ | ૪૭ |
| ૨ | સેન્ટ્રલ મેડીકલ સ્ટોર | ૨૦૩ | ૧૯ |
| ૩ | સેન્ટ્રલ વર્કશોપ | ૪૩ | ૪ |
| ૪ | એસ.ટી.પી. | ૭૧ | ૭ |
| ૫ | શા.ચી.લા. | ૨૮ | ૩ |
| ૬ | એસ્ટેટ | ૩૭ | ૩ |
| ૭ | લાઈટ | ૮૮ | ૮ |
| ૮ | ઝૂ | ૨૭ | ૨ |
| ૯ | **અન્ય** | ૭૩ | ૭ |
| | **કુલ** | **૧૦૬૮** | **૧૦૦** |

# ૨.૧૨ પ્લાનીંગ એન્ડ ફાયનાન્સ

સરકારશ્રી તરફથી મળતી જુદા જુદા પ્રકારની ગ્રાન્ટસ જેવી કે નાની બચતની ગ્રાંટ, ધારાસભ્યશ્રીની ગ્રાંટ, સંસદસભ્યશ્રીની ગ્રાંટ, મનોરંજન કરની ગ્રાંટ વિગેરે ગ્રાંટમાંથી કરવાના વિકાસના કામોના સંકલન અને નિયમનને લગતી તમામ કાર્યવાહી ઉપરાંત સરકારશ્રી અને સંશોધન કાર્ય કરતી અન્ય સંસ્થાઓ દ્વારા માંગવામાં આવતી જુદા જુદા પ્રકારની આંકડાકીય માહિતીનું સંકલન કરી, ચકાસણી કરી, જે તે સંસ્થાને મોકલવાની કામગીરી ઉપરાંત અમદાવાદ શહેરની આંકડાકીય રૂપરેખા પુસ્તિકાનું દર બે વર્ષે પ્રકાશન કરવું અને અમદાવાદ મહાનગરપાલિકાનો વાર્ષિક વહીવટી અહેવાલ તૈયાર કરવાનું  કામ આ ખાતામાં કરવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન ખાતા દ્વારા થયેલ  કામગીરી નીચે મુજબ છે.

**૨.૧૨.૧**

સને ૦૦/૦૧ના વર્ષના જુદા જુદા ખાતાઓમાંથી મેળવેલ વાર્ષિક વહીવટી અહેવાલની હસ્તપ્રત  તૈયાર કરવાની કામગીરી પૂર્ણ કરી, અહેવાલ છપાવવાની કામગીરી પૂર્ણ થવાની તૈયારીમાં છે તથા સને ૦૧/૦૨ ના અહેવાલની  સંકલનની કામગીરી પૂર્ણ કરી તેની હસ્તપ્રત તૈયાર કરવાની કામગીરી મહદ્અંશે પૂર્ણ થયેલ છે.

**૨.૧૨.૨**

અહેવાલી વર્ષ દરમ્યાન મુખ્યત્વે જુદા જુદા ખાતાઓમાંથી વિવિધ પ્રકારની આંકડાકીય માહિતી એકત્રીત કરેલ તેની વિગત નીચે મુજબ છે.

૧. નેશનલ ટેકનીકલ મેન પાવર ઈન્ફર્મેશન સીસ્ટમ, બોર્ડ ઓફ એપ્રેન્ટીસશીપ ટ્રેઈનીંગ વેસ્ટર્ન રીજીયન, મુંબઇની  કચેરી દ્વારા માંગેલ ૦૧/૦૨ ના વર્ષની જરૂરી માહીતી સંબંધિત સાત ખાતાઓમાંથી એકત્ર કરી ચકાસણી કરી મોકલી આપેલ છે.

૨. અમદાવાદ શહેરની આંકડાકીય રૂપરેખા પુસ્તિકાની માહિતીઃ    દર વર્ષે બહારની સંસ્થાઓ તેમજ અંદરના ખાતાઓ મળી ૪૮ સંસ્થાઓ પાસેથી માહિતી મેળવી દર બે વર્ષે  પુસ્તીકારૂપે  પ્રગટ કરવામાં આવે છે. કોમ્પ્યુટર ઉપર ડેટાબેંક બનાવવામાં આવેલ છે. જે અન્વયે ૦૦/૦૧  વર્ષની માહિતી એકત્ર કરવાની કામગીરી જે પ્રગતિમાં હતી તે પૂર્ણ કરી કોમ્પ્યુટર ઉપર અપડેટ કરાવેલ તથા ૨૦૦૧/૦૨ના વર્ષની માહિતી એકત્ર કરવાની  કામગીરી મહદઅંશે પૂર્ણ કરેલ તથા તેની ચકાસણી  કરી કોમ્પ્યુટર ઉપર અપડેટ કરાવેલ.તેમજ સદર પુસ્તિકાની ૨૦૦૧/૦૨ની આવૃત્તિની ૧૫૦ અંગ્રેજી તથા ૧૫૦ ગુજરાતી નકલો છપાવીને તૈયાર કરાવેલ.

૩. રાજ્ય સરકારશ્રીના અર્થશાસ્ત્ર તથા આંકડા બ્યુરો તરફથી પ્રકાશિત થતી સ્ટેટીસ્ટીક્સ ઓફ મ્યુ. ટાઉન્સ એન્ડ સીટીઝ ગુજરાત પુસ્તિકાને લગતી સને ૦૧/૦૨ની માહિતિ જુદા જુદા પાંચ પત્રકોમાં તૈયાર કરી મોકલી આપવામાં આવી છે. ઉપરાંત આ વિષય અન્વયે મ્યુ.તબીબી સંસ્થાઓની  માહિતિ પત્રક ૭ થી ૯ મુજબ તૈયાર કરી મોકલવામાં આવી છે.

૪. જિલ્લા આંકડા અધિકારી દ્વારા પ્રકાશિત કરવામાં આવતી અમદાવાદ જિલ્લાની આંકડાકીય રૂપરેખા પુસ્તિકા વિષય અન્વયે સને ૦૧-૦૨ ના વર્ષની અ.મ્યુ.કોર્પો.ને લગતી આંકડાકીય માહિતિ જુદા જુદા-૬ પત્રકોમાં એકત્રિત કરી  મોકલવામાં આવી છે.

૫. કોર્પોરેશનમાં તા.૩૧ ડીસે.૨૦૦૨ ના રોજ ફરજ બજાવતા કર્મચારીઓની જ્ઞાતિવાર,હોદ્દાવાર, અને વર્ગવાર માહિતિ કર્મચારીઓની પેરોલ સીસ્ટમના આધારે કોમ્પ્યુટર ખાતેથી મેળવી ચકાસી અને માલુમ પડેલ ક્ષતિઓ દૂર કરાવેલ. જેની ઉપરથી તૈયાર કરેલ વર્ગવાર, જાતિવાર માહિતિ પત્રક ૨.૧૨.૧ માં દર્શાવી .

૬. સીટી ડેવલપમેન્ટ સ્ટ્રેટેજી ઓફ અમદાવાદ વિષય અન્વયે સેપ્ટ દ્વારા માંગવામાં આવેલ જુદા જુદા વિષય અન્વયેની આંકડાકીય તથા અન્ય માહિતી સંબંધિત વિભાગોમાંથી સંકલિત કરી પૂરી પાડવામાં આવેલ.

૭. વસતી ગણતરી-૨૦૦૧ અન્વયે નેચરલ ડિલાઇનેશન ઓફ વોર્ડ બાઉન્ડ્રી સંદર્ભે નિયામકશ્રી,વસતી ગણતરી કચેરી તરફથી માંગવામાં આવેલ વિગતો એસ્ટેટ/નગર વિકાસ ખાતે સંકલન કરી પૂરી પાડવામાં આવેલ.

૮. ૨૦૦૧ ની વસતી ગણતરી અન્વયે વિશિષ્ટ કામગીરી બજાવનાર અધિકારી/કર્મચારીઓને મેડલ આપવા સંદર્ભેની ફાઇલ અન્વયે જરૂરી માહિતી સંબંધિત અધિકારીઓ પાસેથી મેળવવાની કામગીરી પ્રગતિમાં રહેલ.

**૨.૧૨.૩**

**રાજ્ય સરકાર તરફથી વિકાસના કામો માટે મળતી જુદા જુદા પ્રકારની ગ્રાંટને લગતી કામગીરી :-**

આ ગ્રાંટમાંથી કરવામાં આવતા વિકાસના કામોની પ્રાથમિક મંજૂરીથી શરૂ કરી દરેક કામનાં પૂર્ણતા-પ્રમાણપત્રો મોકલવા સુધીની તમામ કામગીરી આ ખાતામાં કરવામાં આવે છે. પ્રતિમાસ કામોનો પ્રગતિ અહેવાલ મેળવી જરૂર જણાય ત્યાં મ્યુ.કમિશનરશ્રીની તથા અન્ય અધિકારીશ્રીઓનાં અધ્યક્ષસ્થાને અમલીકરણ અધિકારીશ્રીઓની બેઠકોનું આયોજન કરી, થયેલ કામગીરીની સમીક્ષા કરવામાં આવે છે. અને પ્રતિમાસે જીલ્લા કલેક્ટરશ્રીને પ્રગતિ અહેવાલ મોકલવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન ગ્રાન્ટવાર થયેલ કામગીરી નીચે મુજબ છે.

**(ક) માન.ધારાસભ્યશ્રીની ગ્રાંટ હેઠળના કામો :-**

સને ૮૯/૯૦ થી મળતી આ ગ્રાંટ હેઠળ મહાનગરપાલિકાની હદવિસ્તારનાં ધારાસભ્યશ્રીઓ તેમના મતવિસ્તારને લગતી ન્યુનતમ જરૂરિયાતોને લગતાં વિકાસના કામો સૂચવે છે. જેની મોનીટરીંગને લગતી સમગ્ર કામગીરી આ ખાતામાં કરવામાં આવે છે. ધારાસભ્યદીઠ જે તે વર્ષમાં સરકારશ્રી દ્વારા નકકી કરવામાં આવતી ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. અહેવાલી વર્ષમાં રાજય સરકાર દ્વારા ધારાસભ્ય દીઠ રૂા.૫૦/- લાખની ગ્રાંટ સરકારશ્રીએ ફાળવેલ છે. કોઈ એક કામના ખર્ચની મર્યાદા વધુમાં વધુ રૂા. ૩/- લાખ સુધીની કરવામાં આવી છે. જુદા જુદા વર્ષની ગ્રાંટ હેઠળની અહેવાલી વર્ષના અંતે થયેલ પ્રગતિની વિગત નીચે મુજબ છે.

૧. સને ૯૯-૦૦ના વર્ષની ગ્રાન્ટ હેઠળ રૂા.૨૮૬.૭૧લાખના ખર્ચે ૬૬૭ કામો મંજુર થયા છે તે પૈકી તમામ કામોપૂર્ણ થયા છે અને વર્ષાન્તે રૂા.૨૫૩.૮૯ લાખનો ખર્ચ પડેલ છે.

૨. સને ૨૦૦૦-૦૧ ના વર્ષની ગ્રાન્ટ હેઠળ રૂા. ૨૮૦.૩૯લાખના ખર્ચે ૬૨૯ કામો મંજૂર થયા છે, તે પૈકી ૬૨૧ કાર્મો પૂર્ણ થયા છે.વર્ષાન્તે રૂા.૧૯૧.૮૬ લાખનો ખર્ચ પડેલ છે. ૪ કામો પ્રગતિમાં છે અને ૪ કામો શરૂ થયા નથી.

૩. સને ૨૦૦૧-૦૨ના વર્ષમાં આ ગ્રાન્ટ હેઠળ રૂા.૨૭૪.૩૬ લાખના ૪૭૧ કામો મંજૂર થયા છે.વર્ષાન્તે રૂા.૧૨૧.૧૯ લાખનો ખર્ચ થયેલ છે.૪૪૨ કામો પૂર્ણ થયા છે. ૧૮ કામો પ્રગતિમાં અને ૧૧ કામો અમલીકરણના વિવિધ તબકકે છે.

૪. ૨૦૦૨/૦૩ના વર્ષની ગ્રાંટ હેઠળ રૂા.૩૫૭.૫૩ લાખના ૫૩૬ કામ મંજુર થયા છે.વર્ષાન્તે રૂા.૧૧૩.૬૮લાખનો ખર્ચ પડેલ છે.૪૫૩ કામો પૂર્ણ થયા રે,૩૪ કામો પ્રગતિમાં છે તથા ૧૯૭ કામો અમલીકરણના વિવિધ તબકકે છે.

આમ અહેવાલી વર્ષમાં ૯૯-૦૦ ના વર્ષની ગ્રાંટના રૂ.૧૭.૩૩ લાખના ખર્ચે ૩૧ કામો ૦૦/૦૧ ના વર્ષની ગ્રાંટના રૂા૮૬.૦૩ લાખના ખર્ચે ૨૬૬ કામો તથા ૦૧-૦૨ના વર્ષની ગ્રાંટના રૂા.૧૧૬.૯૧ લાખના ખર્ચે ૩૬૫ કામો અને ૦૨-૦૩ના વર્ષની ગ્રાન્ટ હેઠળ રૂા.૧૧૩.૬૮ લાખના ખર્ચે ૪૫૩ કામો મળી કુલ

રૂા.૩૩૩.૯૫ લાખના ખર્ચે ૧૧૧૫ કામો પૂર્ણ થયા છે. સને ૦૧-૦૨ તથા ૦૨-૦૩ના વર્ષની ૩૧-૩-૦૩ અંતિત પ્રગતિ સામેલ પત્રક ૨.૧૨.૨ અને ૨.૧૨.૩ માં દર્શાવી છે.

**(ખ) માન.સંસદસભ્યશ્રીઓની ગ્રાંટ હેઠળના કામો :-**

સને ૯૩-૯૪ ના વર્ષથી શરૂ થયેલ આ ગ્રાંટ હેઠળના માન.સંસદસભ્યશ્રીઓ પોતાના મત વિસ્તારમાં ન્યુનતમ જરૂરિયાતના કામો કરાવી શકે છે. સને ૯૩-૯૪ માં સંસદસભ્યદીઠ રૂ.૫ લાખ અને ત્યાર પછીના ૯૪-૯૫ થી ૯૭-૯૮ સુધી સંસદસભ્યદીઠ રૂા.૧ કરોડની ગ્રાંટ અને ૯૮/૯૯ના વર્ષથી સંસદસભ્ય દીઠ રૂા.૨ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. આ ગ્રાંટ હેઠળ તેઓ કોઈ એક કામના ખર્ચની રકમ રૂ.૨૫/- લાખથી વધે નહી તે રીતે કામો સુચવી શકે છે.અહેવાલી વર્ષાન્તે જુદા જુદા વર્ષની ગ્રાન્ટ હેઠળ થયેલ કામગીરી નીચે મુજબ છે.

૧. સને ૯૯-૦૦ ના વર્ષની સંસદસભ્યશ્રીઓની ગ્રાંટમાંથી રૂા.૪૮૨.૧૬ લાખના ખર્ચે ૫૨૬ કામો મંજૂર થયેલ.તે પૈકી ૫૨૦ કામો પૂર્ણ થયેલ છે.જે અંગે રૂા.૪૩૪.૯૫ લાખનો ખર્ચ થયેલ છે.૧ કામ પ્રગતિમાં છે. જયારે ૫ કામ બાકીમાં છે.
૨. સને ૦૦-૦૧ના વર્ષની સંસદસભ્યશ્રીઓની ગ્રાંટમાંથી રૂા.૨૪૫.૨૯લાખના ખર્ચે ૨૭૮ કામો મંજૂર થયેલ. તે પૈકી ૨૭૫ પૂર્ણ થયેલ છે.જે અંગે રૂા ૧૭૦.૪૮ લાખનો ખર્ચ થયેલ છે.૧કામ પ્રગતિમાં જયારે ૨ કામો અમલીકરણના વિવિધ તબક્કે છે.
૩. સને ૦૧-૦૨ના વર્ષની સંસદસભ્યશ્રીઓની ગ્રાન્ટમાંથી રૂા.૧૯૦.૮૮લાખના ૧૪૧ કામો મંજુર થયેલ તે પૈકી ૧૨૯ કામો પૂર્ણ થયેલ છે.જેનો ખર્ચ રૂા.૧૧૬.૫૯ લાખનો થયેલ છે.૭ કામો પ્રગતિમાં છે તથા ૫ કામો અમલીકરણના વિવિધ તબકકે છે.
૪. અહેવાલી વર્ષ ૦૨-૦૩માં સંસદસભ્યશ્રીઓની ગ્રાંટમાંથી રૂા.૨૧૮.૧૮ લાખના ખર્ચે ૧૮૨કામો મંજૂર થયેલ, ૧૦૩ કામો પૂર્ણ થયેલ છે.૧૯ કામો પ્રગતિમાં છે, ૬૦ કામો શરૂ થયેલ નથી.વર્ષ આખરે ખર્ચ રૂા.૪૩.૯૦ લાખ થયેલ છે.

આમ અહેવાલી વર્ષમાં ૯૯-૦૦ની ગ્રાંટના રૂ.૧૮.૨૨ લાખના ખર્ચે ૧૦ કામો,૦૦-૦૧ની ગ્રાન્ટના રૂા.૭૨.૩૯ લાખના ખર્ચે ૬૮ કામો તથા ૦૧-૦૨ની ગ્રાન્ટના રૂા.૧૧૬.૧૨ લાખના ખર્ચે૧૨૬ કામો પૂર્ણ કરેલ છે અહેવાલી વર્ષની ગ્રાન્ટમાંથી રૂા.૪૩.૯૦ લાખના કુલ ૧૦૩ કામો આ ગ્રાન્ટમાંથી પૂર્ણ કરેલ છે. આમ સમગ્રતયા અહેવાલી વર્ષમાં આ ગ્રાન્ટમાંથી રૂા.૨૫૦.૬૩ લાખથી ૩૦૭ કામો પૂર્ણ થયા છે. સને ૦૧-૦૨ના વર્ષની તથા ૦૨-૦૩ના વર્ષની તા.૩૧-૩-૦૩ અંતિત પ્રગતિ દર્શાવતી માહિતી પત્રક ૨.૧૨.૪ અને ૨.૧૨.૫માં સામેલ છે.

માન.ધારાસભ્યશ્રી તથા સંસદસભ્યશ્રીની ગ્રાંટ હેઠળના ઉપરોક્ત વિશ્લેષણ ઉપરથી માલુમ પડે છે કે સતત ફોલોઅપને કારણે કામોની પ્રગતિની ઝડપમાં ઘણોજ વધારો થયેલ છે અને મળેલ ગ્રાંટનો મહદઅંશે ઉપયોગ થાય તે મુજબનું આયોજન હાથ ધરવામાં આવ્યુ છે.

## ૨.૧૨.૪ નગરપાલિકા નિયામકની કચેરી દ્વારા મળતી ગ્રાંટ

**(અ) દસમા નાણાંપંચની ગ્રાંટ**

વર્ષ ૯૭-૯૮ હેઠળ રૂા. ૪૦૩.૧૦ લાખ તથા વર્ષ ૯૮-૯૯ હેઠળ રૂા.૬૦૩.૪૨લાખની ગ્રાન્ટ નગરપાલિકા નિયામકની કચેરી દ્વારા ફાળવવામાં આવેલ. જેની સામે કોર્પોરેશનના મેચીંગ ફાળાના ૫૦% મુજબ રકમ ઉમેરી મળેલ ગ્રાંટ કરતાં દોઢ ગણી રકમના વિકાસના કામોની દરખાસ્ત મંજુર કરાવી કામો હાથ ધરવાના થતા હતા.તે અન્વયે અહેવાલી વર્ષના અંતે વર્ષ ૯૭-૯૮ હેઠળ મંજુર થયેલ રૂા.૬૦૨.૫૫ લાખના કુલ ૧૩૫

કામો પાકી ૧૩૨ કામો પૂર્ણ થયેલ તથા ૩ કામ મંજુરીના વિવિધ તબકકે રહેલ.તેમજ આ કામો હેઠળ કુલ ખર્ચ રૂા.૪૫૨.૭૭ લાખનો પડેલ છે.

વર્ષ ૯૮-૯૯ હેઠળ રૂા. ૭૪૯.૨૬ લાખના મંજુર થયેલ કુલ ૧૮૭ કામો પૈકી વર્ષાન્તે ૧૬૭ કામો પૂર્ણ થયેલ.૬ કામો પ્રગતિમાં રહેલ અને ૧૩ કામો અમલીકરણના વિવિધ તબક્કે છે.આ કામો હેઠળ રૂા.૫૨૧.૦૪ લાખનો ખર્ચ પડેલ છે.

વર્ષ ૯૯-૦૦ હેઠળ રૂા.૨૭૨.૫૭ લાખની ગ્રાન્ટ ફાળવેલ જેની સામે ૧૦૦% મુજબ કોર્પોરેશનનો મેચીગ ફાળો ગણી કુલ રૂા.૫૪૫.૧૪લાખની મંજુર કરાવવાની દરખાસ્ત પૈકી ગત વર્ષના અંત સુધીમાં રૂા.૨૬૮.૯૧ લાખના ૬૫ કામની દરખાસ્ત મંજુર થયેલ.અહેવાલી વર્ષમાં બીજા ૪૪ કામની રૂા.૧૯૩.૦૫ લાખની દરખાસ્ત મંજુરી અર્થે મોકલી આપેલ જેની મંજુરી મેળવવાની કાર્યવાહી પ્રગતિમાં રહેલ.મંજુર થયેલ કુલ ૬૫ કામો પૈકી વર્ષાન્તે ૨૭ કામ પૂર્ણ થયેલ,૮ કામા પ્રગતિમાં રહેલ અને ૪૮ કામો મંજુરીના વિવિધ તબક્કે રહેલ છે તેમજ આ કામો હેઠળ રૂા.૩૭.૩૦ લાખનો ખર્ચ પડેલ છે.

**(બ) અગિયારમા નાણાંપંચની ગ્રાંટ**

અગિયારમા નાણાંપંચની ભલામણ મુજબ નગરપાલિકા નિયામકની કચેરી દ્વારા રૂા.૧૫૦.૮૭ લાખની ગ્રાંટ મળેલ.જેની સામે ૫૦% મુજબ કોર્પો.નો મેચીગ ફાળો રૂા.૭૫.૪૩ લાખ ઉમેરી કુલ રૂા.૨૨૬.૩૦ લાખના અગ્રતાક્રમ મુજબના વિકાસના કામોની દરખાસ્ત મોકલવાની હતી.તે અન્વયે જે.સી.બી.મશીન નંગ-૬ ખરીદવાની રૂા.૧૦૪.૫૫ લાખની દરખાસ્ત મોકલેલ તે પૈકી ઓકટ્રોયની રકમ બાદ કરી રૂા.૧૦૨.૦૦લાખની દરકાસ્તની મંજુરી મળેલ. વર્ષ દરમ્યાન સદર સાધનોની ખરીદી પણ કરવામાં આવેલ છે.અને તે અંગે રૂા.૧૦૪.૫૫ લાખનો ખર્ચ થયેલ છે.

**૨.૧૨.૫ જી.એમ.એફ.બી. ની ગ્રાન્ટ :-**

ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ દ્વારા મનોરંજન કરની અગ્રીમ આવશ્યક સેવા તેમજ પછાત વિસ્તારની વર્ષ ૯૭-૯૮ થી ૯૯-૦૦ હેઠળ કુલ્લે મળવા પાત્ર રૂા.૫૮૬.૯૨ લાખની ગ્રાન્ટ સામે અહેવાલી વર્ષના અંત સુધીમાં કુલ ૧૯૯ કામોની રૂા.૫૬૩.૨૬ લાખની દરખાસ્તોની ગુ.મ્યુ. ફા.બોર્ડની મંજૂરી મળેલ છે.તે પૈકી૧૬૭ કામો પૂર્ણ થયેલ છે.૭ કામો પ્રગતિમાં અને ૨૫ કામો અમલીકરણના વિવિધ તબક્કે છે.આ કામો અંગે વર્ષાન્તે રૂા.૨૬૪.૧૧ લાખનો ખર્ચ થયેલ છે.

અહેવાલી વર્ષ દરમ્યાન સને ૯૮-૯૯ની ગ્રાંટ હેઠળ મંજુર થયેલ ૯ કામની રૂા.૧૫.૨૪ લાખની તેમજ ૯૯-૦૦ની ગ્રાંટ હેઠળ મંજુર થયેલ ૩ કામની રૂા.૧૫.૪૨ લાખની ગ્રાંટ ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ દ્વારા નહી ચુકવાતા આ કામો પૈકી શરૂ ન થયેલ કામો સ્થગિત કરાવવામાં આવેલ.

**<u>શહેરી ગરીબ વિકાસ યોજનાની ગ્રાંટ</u>**

આ યોજના હેઠળ ગુ.મ્યુ.ફા.બોર્ડ દ્વારા વર્ષ ૧૯૯૯-૦૦ હેઠળ ફાળવવામાં આવેલ.રૂા.૪૩૪.૨૩ લાખની ગ્રાંટ સામે ગત વર્ષના અંતે રૂા.૧૯૬.૨૭ લાખના કુલ ૧૧૦ કામ મંજુર થયેલ.અહેવાલી વર્ષમાં આ ગ્રાંટ હેઠળ બીજા ૧૦૮ કામની રૂા.૨૩૬.૯૨લાખની દરખાસ્ત ગુ.મ્યુ.ફા.બોર્ડ દ્વારા મંજુર કરવામાં આવેલ છે.તે ધ્યાને લેતાં કુલ મંજુર થયેલ ૨૧૮ કામો પૈકી વર્ષાન્તે ૧૩૭ કામો પૂર્ણ થયેલ છે. ૧૦ કામો પ્રગતિમાં છે અને ૭૧ કામો અમલીકરણના વિવિધ તબકકે છે. આ ગ્રાંટ હેઠળ અહેવાલી વર્ષમાં મંજુર થયેલ ૧૦૮ કામની રૂા.૨૩૬.૯૨લાખની દરખાસ્ત અન્વયેની ગ્રાંટ ગુ.મ્યુ.ફા.બોર્ડ દ્વારા રીલીઝ કરવામાં નહી આવતા આ કામો પૈકી શરૂ ન થયેલ કામો સ્થગિત કરાવી દેવામાં આવેલ.

વધુમાં માર્ચ ૨૦૦૩માં ગુ.મ્યુ.ફા.બોર્ડ તરફથી મનોરંજન કરની રૂા.૧૫૧.૨૭ લાખ તથા શહેરી ગરીબોની વિકાસ યોજના હેઠળ રૂા.૧૮૭.૭૧ લાખની ગ્રાંટ વર્ષ ૨૦૦૨-૦૩ હેઠળ ફાળવવામાં આવેલ છે. આ ગ્રાંટ હેઠળ લેવાના કામોની દરખાસ્ત નક્કી કરવાની કામગીરી પ્રગતિમાં રહેલ.

## ફાયનાન્સ સેલ

આ વિભાગ દ્વારા મ્યુ.કોર્પો.ના વિવિધ વિભાગોમાં કરવામાં આવતા ખર્ચ,ખરીદી કે નાણાંકીય બાબતોનું નિયમન કરાય છે.આ વિભાગ દ્વારા ટેન્ડર સ્ક્રુટીની કમિટી અને એસ્ટાબ્લીશમેન્ટ કમિટીની અંતર્ગત નાણાંકીય અંકુશ માટે ખર્ચમાં કરકસર કરવાનું મહત્વ ધ્યાનમાં રાખી વાસ્તવિક પરિસ્થિતિ તથા જરૂરિયાતની અનિવાર્યતા તેમજ મ્યુ.કોર્પો.ની નાણાંકીય પરિસ્થિતિ તથા અન્ય સંલગ્ન બાબતોનો અભ્યાસ કરી તેને અસરકારક બનાવવા માટે તેમજ આ બંને કમિટીની કામગીરી અને નિર્ણય લેવાની પ્રક્રિયા ઝડપી બનાવવા માટે સદર વિભાગ અગત્યનો ભાગ ભજવે છે.

ટેન્ડર સ્ક્રુટીની કમિટીમાં કોર્પો.ના કોઈપણ ખાતા દ્વારા એક લાખ રૂપિયાથી વધુ રકમમાં કરવામાં આવતી ખરીદીની દરખાસ્તોને ડે.મ્યુ.કમિ.શ્રીની બનેલી કમિટી દ્વારા નાણાંકીય અસરો અને ટેકનીકલ બાબતોને ધ્યાનમાં લઈ તપાસવામાં આવે છે. જે તે ખાતાના જવાબદાર અધિકારીઓને પણ હાજર રાખવામાં આવે છે. ચર્ચા-વિચારણા અને પ્રશ્નોત્તરીને અંતે દરખાસ્ત યોગ્ય જણાય તો તેને અમલીકરણ માટે મંજૂરી અર્થે ભલામણ કરાય છે. આ દરમ્યાન દરખાસ્તમાં ભાવ વધુ જણાય તો અન્ય સક્ષમ અધિકારી દ્વારા ફેરમુલ્યાંકન કે ચકાસણી કે મંતવ્ય જેવા કારણસર પરત પણ મોકલાય છે. ઉપરાંત આ કમિટી દ્વારા વર્ષ દરમ્યાન ખરીદી કરવા માટે વાર્ષિક રેટ કોન્ટ્રાક્ટની પાર્ટીઓની પસંદગી કે પ્રિક્વોલીફીકેશનની કાર્યવાહી કરવામાં આવે છે. આ કમિટી સામાન્ય રીતે અઠવાડિયામાં ઓછામાં ઓછી એક વાર મળતી હોય છે.

જુદા જુદા ખાતાઓમાં જુદી જુદી કેટેગરીની ઉઘાડવામાં આવેલ હંગામી તથા રોજીંદા દરની જગાઓની પૂરી થતી મુદત લંબાવવા કે કાયમ કરવા કે રદ કરવા અંગેની માહિતી અત્રેના પરિપત્રથી મેળવવામાં આવે છે. અને તેનો ચોકસાઈથી અભ્યાસ કરી સંપૂર્ણ વિગતો સાથેની દરખાસ્તો એસ્ટાબ્લીશમેન્ટ કમિટીમાં નિર્ણય અર્થે રજૂ કરવામાં આવે છે.જેમાં દરેક ડે.મ્યુ.કમિ.શ્રીઓ અને સંબંધિત ખાતાના જવાબદાર વડા અધિકારીશ્રીઓ હાજર રહે છે.આ કમિટીમાં ચર્ચા-વિચારણાને અંતે આવેલી હંગામી જગાઓને કાયમ કરવામાં કે તેની મુદત જરૂરિયાત મુજબ લંબાવવા અંગે નિર્ણય લેવામાં આવે છે. અને લાંબા સમયથી ખાલી જગા અથવા ખાતાની કામગીરીને બાધ ન આવે તેવી હંગામી તથા રોજીંદી જગાઓ રદ કરવાનો નિર્ણય પણ લેવાય છે.

ટેન્ડર સ્ક્રુટીની કમિટી દ્વારા ૧૮ ફાઇલોને મીટીંગમાં મંજુરી આપવાની કામગીરી થયેલ છે.આમ સને ૨૦૦૨-૦૩ના વર્ષમાં ટેન્ડર સ્ક્રુટીનીનું પણ કામ થયેલ છે.

અહેવાલી વર્ષમાં જુદા જુદા ખાતાઓમાં ચાલતી રોજીંદા/હંગામી જગ્યાઓની કેટેગરી મુજબની ૩૧/૦૩/૦૨એ ચાલુ રહેલ ૧૧૩૯ જગ્યાઓ પૈકી વર્ષ દરમ્યાન ૫૫૨ જગ્યાઓ ૩૧/૦૩/૦૩ સુધી ચાલુ રાખવાની મ્યુનિ.કમિ.શ્રીની મંજુરી મેળવવમાં આવેલ.જ્યારે ખાલી રહેલ ૫૮૭ જગ્યાઓ રદ ગણવાની મ્યુનિ.કમિ.શ્રીએ મંજુરી આપેલ છે.આમ આ ખાતુ કોર્પોરેશનમાં કાર્યદક્ષ નાણાંકીય આયોજનને પાર પાડવાની એક અગત્યની ફરજ અદા કરી વહીવટી તંત્રનું અગત્યનું અંગપૂરવાર થતું રહયું છે.ઉપરોક્ત કાર્ય ઉપરાંત મ્યુ.કોર્પો.દ્વારા પ્રગટ અને વિતરીત થતી ડાયરીઓ પૈકી કોમ્લીમેન્ટરી ડાયરીઓના વિતરણ બાબતમાં પણ અગત્યતા, અગ્રીમતા અને જરૂરીયાત મુજબ નિયમન કરે છે.જેમાં બચતનો અભિગમ કેન્દ્રસ્થાને હોય છે.

## પત્રક - ૨.૧૨.૧

તા.૩૧.૧૨.૨૦૦૨ ના રોજ અ.મ્યુ.કોર્પો.માં ફરજ બજાવતાં કર્મચારીઓની વર્ગવાર,જાતિવાર માહિતી દર્શાવતુ પત્રક

| અનુ.નં | જાતિ | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | અનુસુચિત જાતિ | ૨૪ | ૫૨ | ૭૫૩ | ૧૦૮૩૯ | ૧૧૬૬૮ |
| ૨ | અનુસુચિત જનજાતિ | ૧૩ | ૬૯ | ૩૩૯ | ૨૯૬ | ૭૧૭ |
| ૩ | સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત | ૧૧ | ૬૭ | ૫૯૨ | ૭૪૨ | ૧૪૧૨ |
| ૪ | શારિરીક ખોડખાંપણવાળા | ૧ | ૪ | ૮૬ | ૨૮ | ૧૧૯ |
| ૫ | અન્ય | ૧૪૨ | ૩૯૬ | ૩૫૭૫ | ૨૫૫૭ | ૬૬૭૦ |
| | **કુલ** | **૧૯૧** | **૫૮૮** | **૫૩૪૫** | **૧૪૪૬૨** | **૨૦૫૮૬** |

૧. ઉપરોકત કર્મચારીઓમાં અ.મ્યુ.ટ્રા.સ., વી.એસ.હોસ્પિટલ, મ્યુ.સ્કુલ બોર્ડ અને એમ.જે. લાયબ્રેરીના કર્મચારી તથા અ.મ્યુ.કોર્પો.ના ફીક્સ પગારવાળા અને રોજીંદા કર્મચારીઓનો સમાવેશ થતો નથી.

૨. પત્રકના વર્ગ ૧,૨,૩ અને ૪ માં નીચે દર્શાવ્યા મુજબના કર્મચારીઓનો સમાવેશ કરેલ છે.

અ. વર્ગ-૧ રૂા.૮૦૦૦-૧૪૦૫૦ અને તેથી વધુ ગ્રેડનાં અધિકારીઓ.

બ. વર્ગ-૨ રૂા.૬૫૦૦-૧૦૫૦૦ થી રૂા.૮૦૦૦-૧૩૫૦૦ સુધીની ગ્રેડના અધિકારીઓ.

ક. વર્ગ-૩ રૂા.૩૦૫૦-૪૫૯૦ થી ઉપરની ગ્રેડના પરંતુ ૬૫૦૦-૧૦૫૦૦ થે નીચેના ગ્રેડના કર્મચારીઓ.

ડ. વર્ગ-૪ રૂા.૩૦૫૦-૪૫૯૦(ફક્ત વર્ગ –૪ ના) અને તેની નીચેની ગ્રેડના તમામ કર્મચારીઓ

નોંધ :- જૂની ગ્રેડ રૂ.૯૫૦-૧૫૦૦(વર્ગ-૩) તથા ૯૫૦-૧૪૦૦(વર્ગ-૪) બંને ગ્રેડની નવી ગ્રેડ રૂ.૩૦૫૦-૪૫૯૦ મળેલ છે. પરંતુ જૂની ગ્રેડ ૯૫૦-૧૪૦૦ વાળા કર્મચારીઓનોજ આ પત્રકમાં વર્ગ-૪ માં સમાવેશ કરેલ છે. જયારે ૯૫૦-૧૫૦૦ વાળા કર્મચારીઓનો વર્ગ-૩માં સામવેશ કરેલ છે.

**પ્રાપ્તિસ્થાન :-**

મ્યુનિ.કોર્પો.ના કર્મચારીઓની પેરોલ સીસ્ટમના આધારે કોમ્પ્યુટર ડીપાર્ટમેન્ટમાંથી મેળવેલ માહિતીના સંકલનથી

## પત્રક ૨.૧૨.૨

## માન.ધારાસભ્યશ્રીની સને ૨૦૦૧-૨૦૦૨ ની ગ્રાંટ હેઠળ મંજૂર થયેલ કામોની તા.૩૧.૩.૦૩ સુધીની પ્રગતિ દર્શાવતું પત્રક

| અ.નં | માન.ધારાસભ્યશ્રીનું નામ | અંદાજી રકમ રૂ. લાખમાં | મંજૂર થયેલ રકમ રૂા. લાખમાં | ૩૧.૩.૦૩ અંતિત પડેલ ખર્ચ રૂા. લાખમાં | કામોની ભૌતિક પ્રગતિ | | | | | | કુલ કામની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | પૂર્ણ કામો | | | પ્રગતિમાં રહેલ કામો | શરૂ ન થયેલ કામો | પેન્ડીગ કામો | |
| | | | | | પૂ.પ્ર. મળેલ | પૂ.પ્ર. ન મળેલ | કુલ | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | શ્રી અશોકભાઈ ભટ્ટ | ૨૩.૯૩ | ૨૩.૯૬ | ૨૧.૩૪ | ૬૬ | ૧ | ૬૭ | ૧ | - | - | ૬૮ |
| ૨ | શ્રી અમરીષભાઈ પટેલ | ૨૬.૭૮ | ૨૬.૨૬ | ૯.૭૪ | ૨૭ | ૧૯ | ૪૬ | ૩ | ૩ | ૧ | ૫૩ |
| ૩ | શ્રી ભરતભાઈ બારોટ | ૩૧.૦૨ | ૧૬.૩૪ | ૧.૯૬ | ૩ | ૬ | ૯ | ૪ | ૧ | ૩ | ૧૭ |
| ૪ | શ્રી ફારૂકમહંમદ શેખ | ૬.૬૭ | ૩.૨૧ | ૦.૨૦ | ૧ | - | ૧ | - | ૧ | ૨ | ૪ |
| ૫ | શ્રી ગોરધનભાઈ ઝડફીયા | ૩૦.૦૪ | ૨૯.૫૪ | ૧૨.૨૧ | ૨૧ | ૧૪ | ૩૫ | ૭ | ૨ | ૧ | ૪૫ |
| ૬ | શ્રી હરેનભાઈ પંડયા | ૩૨.૯૩ | ૩૨.૯૩ | ૨૭.૩૧ | ૨૮ | ૫ | ૩૩ | - | ૧ | - | ૩૪ |
| ૭ | શ્રી કમલેશભાઈ પટેલ | ૨૮.૯૮ | ૨૮.૯૮ | ૩.૭૫ | ૬ | ૨૮ | ૩૪ | ૧ | ૧ | - | ૩૬ |
| ૮ | શ્રી કૌશિકભાઈ પટેલ | ૧૪.૪૭ | ૧૪.૩૨ | ૨.૮૦ | ૮ | ૨૩ | ૩૧ | ૧ | ૧ | - | ૩૩ |
| ૯ | શ્રી માયાબેન કોડનાની | ૩૨.૧૩ | ૧૯.૧૩ | ૬.૧૦ | ૧૩ | ૨૧ | ૩૪ | ૧ | ૧ | ૭ | ૪૩ |
| ૧૦ | શ્રી શૈલેશભાઈ પરમાર | ૨૭.૪૧ | ૨૭.૪૧ | ૮.૭૨ | ૩૧ | ૫૫ | ૮૬ | - | - | - | ૮૬ |
| ૧૧ | શ્રી ઉસ્માનગની દેવડીવાલા | ૨૬.૪૨ | ૨૬.૧૭ | ૧૫.૦૧ | ૨૩ | ૧૦ | ૩૩ | - | - | ૧ | ૩૪ |
| ૧૨ | શ્રી વિજયભાઈ પટેલ | ૩.૦૬ | ૧.૦૫ | ૧.૦૩ | ૧ | - | ૧ | - | - | ૧ | ૨ |
| ૧૩ | શ્રી નરહરીભાઈ અમીન | ૨૪.૭૯ | ૨૪.૭૯ | ૧૦.૮૦ | ૧૧ | ૨૦ | ૩૧ | - | - | - | ૩૧ |
| ૧૪ | **શ્રી અમીતભાઈ શાહ** | **૦.૨૭** | **૦.૨૭** | **૦.૨૨** | **૧** | - | **૧** | - | - | - | **૧** |
| | **કુલ** | **૩૦૮.૯૦** | **૨૭૪.૩૬** | **૧૨૧.૧૯** | **૨૪૦** | **૨૦૨** | **૪૪૨** | **૧૮** | **૧૧** | **૧૬** | **૪૮૭** |

## પત્રક ૨.૧૨.૩

## માન.ધારાસભ્યશ્રીની સને ૨૦૦૨-૦૩ ની ગ્રાંટ હેઠળ મંજૂર થયેલ કામોની તા.૩૧.૩.૦૩ અંતિત પ્રગતિ દર્શાવતુ પત્રક

| અનુ. નં | માન.ધારાસભ્યશ્રીનું નામ | અંદાજી રકમ રૂા. લાખમાં | મંજૂર થયેલ રકમ રૂા. લાખમાં | ૩૧.૩.૦૩ અંતિત પડેલ ખર્ચ રૂા. લાખમાં | કામોની ભૌતિક પ્રગતિ | | | | | | કુલ કામની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | પૂર્ણ કામો | | | પ્રગતિમાં રહેલ કામો | શરૂ ન થયેલ કામો | પેન્ડીંગ કામો | |
| | | | | | પૂ.પ્ર. મળેલ | પૂ.પ્ર. ન મળેલ | કુલ | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | શ્રી અશોકભાઈ ભટ્ટ | ૩૫.૯૦ | ૧૧.૯૭ | ૬.૦૧ | ૧૩ | ૧૪ | ૨૭ | ૧ | - | ૭૯ | ૧૦૭ |
| ૨ | શ્રી અમરીશભાઈ પટેલ | ૨૪.૦૪ | ૨૪.૦૪ | ૬.૨૨ | ૯ | ૨૯ | ૩૮ | ૨ | ૫ | - | ૪૫ |
| ૩ | શ્રી અમીતભાઈ શાહ | ૧.૦૩ | ૦.૨૭ | - | - | - | - | - | ૧ | ૧ | ૨ |
| ૪ | શ્રી ફારૂખમહમદ શેખ | ૯.૫૧ | ૯.૫૧ | ૦.૯૫ | ૩ | ૧૨ | ૧૫ | ૧ | ૨ | - | ૧૮ |
| ૫ | શ્રી ગોરધનભાઈ ઝડફીયા | ૪૨.૫૪ | ૪૧.૫૪ | ૧૭.૮૦ | ૩૨ | ૨૧ | ૫૩ | ૧ | ૭ | ૨ | ૬૩ |
| ૬ | શ્રી હરેનભાઈ પંડયા | ૪૩.૫૭ | ૪૩.૫૭ | ૨૭.૦૮ | ૩૩ | ૮ | ૪૧ | ૪ | ૧ | - | ૪૬ |
| ૭ | શ્રી કમલેશભાઈ પટેલ | ૩૫.૯૧ | ૩૫.૯૦ | - | - | ૩૨ | ૩૨ | ૩ | ૬ | - | ૪૧ |
| ૮ | શ્રી કૌશીકભાઈ પટેલ | ૧૮.૫૦ | ૧૪.૪૩ | ૯.૫૯ | ૧૪ | ૧૩ | ૨૭ | ૧ | - | ૪૬ | ૭૪ |
| ૯ | શ્રી ર્ડા.માયાબેન કોડનાની | ૨૧.૯૭ | ૧૦.૪૭ | ૦.૩૪ | ૨ | ૯ | ૧૧ | - | ૨ | ૬ | ૧૯ |
| ૧૦ | શ્રી નરહરીભાઈ અમીન | ૩૨.૭૯ | ૩૨.૭૯ | ૧૭.૧૦ | ૩૨ | ૯ | ૪૧ | ૪ | ૬ | - | ૫૧ |
| ૧૧ | શ્રી શૈલેશભાઈ પરમાર | ૪૮.૭૬ | ૪૮.૭૬ | ૬.૬૫ | ૧૩ | ૯૫ | ૧૦૮ | ૭ | ૫ | - | ૧૨૦ |
| ૧૨ | શ્રીઉસ્માનગની દેવડીવાલા | ૫૨.૧૬ | ૪૯.૧૨ | ૨૦.૬૬ | ૨૪ | ૧૬ | ૪૦ | ૪ | ૨ | ૩ | ૪૯ |
| ૧૩ | શ્રી ભરતભાઈ બારોટ | ૪૭.૩૦ | ૩૫.૧૬ | ૧.૨૬ | ૪ | ૧૬ | ૨૦ | ૬ | ૧૨ | ૧૦ | ૪૮ |
| | **કુલ** | **૪૧૩.૯૮** | **૩૫૭.૫૩** | **૧૧૩.૬૮** | **૧૭૯** | **૨૭૪** | **૪૫૩** | **૩૪** | **૪૯** | **૧૪૭** | **૬૮૩** |

પત્રક ૨.૧૨.૪

માન.સંસદસભ્યશ્રીની સને૨૦૦૧-૨૦૦૨ ની ગ્રાંટ હેઠળ મંજૂર થયેલ કામોની તા.૩૧.૩.૦૩ અંતિત પ્રગતિ દર્શાવતુ પત્રક

| અ.નં | માન.સંસદસભ્યશ્રીનું નામ | અંદાજી રકમ રૂા. લાખમાં | મંજૂર થયેલ ગ્રાન્ટ રૂા. લાખમાં | ૩૧.૩.૦૩ અંતિત કુલ ખર્ચ રૂા. લાખમાં | કામોની ભૌતિક પ્રગતિ | | | | | | કુલ કામની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | પૂર્ણ કામો | | | પ્રગતિમાં રહેલકામો | શરૂ ન થયેલ કામો | પેન્ડીગ કામ | |
| | | | | | પૂ.પ્ર. મળેલ | પૂ.પ્ર ન મળેલ | કુલ | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | શ્રી બ્રહમકુમાર ભટટ | ૧૨૫.૮૧ | ૧૨૦.૦૩ | ૭૦.૭૯ | ૩૯ | ૧૦ | ૪૯ | ૧ | | | ૧૨ |
| ૨ | શ્રી એલ.કે.અડવાણી | ૩૨.૨૩ | ૩૨.૧૧ | ૧૬.૬૯ | ૨૧ | ૫ | ૨૬ | ૫ | ૫ | | ૩૬ |
| ૩ | શ્રી રાજુભાઇ પરમાર | ૪૩.૨૪ | ૩૮.૭૪ | ૨૯.૧૧ | ૩૨ | ૨૨ | ૫૪ | ૧ | | ૨ | ૫૭ |
| | કુલ | ૨૦૧.૨૮ | ૧૯૦.૮૮ | ૧૧૬.૫૯ | ૯૨ | ૩૭ | ૧૨૯ | ૭ | ૫ | ૨ | ૧૪૩ |

પત્રક ૨.૧૨.૫

માન.સંસદસભ્યશ્રીની સને ૨૦૦૨ –૦૩ની ગ્રાંટ હેઠળ મંજૂર થયેલ કામોની તા.૩૧.૩.૦૩ અંતિત પ્રગતિ દર્શાવતુ પત્રક

| અ. નં. | માન.સંસદસભ્યશ્રીનું નામ | અંદાજી રકમ રૂા. લાખમાં | મંજૂર થયેલ ગ્રાન્ટ રૂા. લાખમાં | ૩૧.૩.૦૩ અંતિત કુલ ખર્ચ રૂા. લાખમાં | કામોની ભૌતિક પ્રગતિ | | | | | | કુલ કામની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | પૂર્ણ કામો | | | પ્રગતિમાં રહેલ કામો | શરૂ ન થયેલ કામો | પેન્ડીંગ કામો | |
| | | | | | પૂ.પ્ર. મળેલ | પૂ.પ્ર. ન મળેલ | કુલ | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | શ્રી જે.કૃષ્ણમૂર્તિ | ૧૫.૦૦ | - | - | - | - | - | - | - | ૧ | ૧ |
| ૨ | શ્રી એલ.કે.અડવાણી | ૫૮.૩૧ | ૪૦.૯૨ | ૩.૯૭ | ૫ | ૩ | ૮ | ૫ | ૧૦ | ૩ | ૨૬ |
| ૩ | શ્રી રાજુભાઇ પરમાર | ૨૮.૭૧ | ૨૬.૭૧ | ૧૨.૧૮ | ૯ | ૧૩ | ૨૨ | ૨ | ૧ | ૧ | ૨૬ |
| ૪ | શ્રી અહેમદભાઇ પટેલ | ૨૩.૦૦ | ૨૩.૦૦ | ૧૫.૫૧ | ૪૨ | ૭ | ૪૯ | - | ૨ | - | ૫૧ |
| ૫ | શ્રી હરીનભાઇ પાઠક | ૨૦૬.૪૫ | ૧૨૭.૫૫ | ૧૨.૨૪ | ૬ | ૧૮ | ૨૪ | ૧૨ | ૪૭ | ૪ | ૮૭ |
| | કુલ | ૩૩૧.૪૭ | ૨૧૮.૧૮ | ૪૩.૯૦ | ૬૨ | ૪૧ | ૧૦૩ | ૧૯ | ૬૦ | ૯ | ૧૯૧ |

# ૨.૧૩ ઓક્ટ્રોય વિભાગ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં જે માલ ઉપયોગ, ઉપભોગ કે વેચાણ માટે આયાત કરવામાં આવે છે. તેના પર મુંબઇ પ્રાંતીય મહાનગરપાલિકા અધિનિયમ ૧૯૪૯ની કલમ ૧૨૭/૨/અ મુજબ ઓક્ટ્રોય ડ્યુટી વસુલ કરવામાં આવે છે. રેલ્વે દ્વારા આયાત થતાં માલસામાન અંગેની રેલ્વે રસીદ ઉપરથી ઈમ્પોર્ટ બીલો બનાવી આપવામાં આવે છે. વેસ્ટર્ન રેલ્વે અને મ્યુનિ.કોર્પો.વચ્ચે થયેલ કરાર અનુસાર ઇમ્પોર્ટ બીલમાં જણાવેલ રકમ રેલ્વે સ્ટાફ માલની ડીલીવરી આપતી વખતે વસૂલ કરે છે. રેલ્વે નાકાઓની વસૂલાતની રકમ, કરાર મુજબ કમીશનની રકમ કાપી બાકીની ઓક્ટ્રોયની રકમનો ચેક દરમાસે, મ્યુ.કોર્પો.ને રેલ્વે મોકલી આપે છે. રસ્તા મારફતે આયાત થતાં માલ સામાનની ઓક્ટ્રોય સ્થળ ઉપર આયાત સમયે ઓક્ટ્રોય નાકા પર રોકડ અગર ચેકથી વસૂલ કરવામાં આવે છે.

રેલ્વેમાં આવતા મુસાફરોની સાથે આવેલ ઓક્ટ્રોયપાત્ર માલસામાનની ઓક્ટ્રોય વસૂલ લેવા ખાસ પેસેન્જર ટ્રેઈન ચેકીંગ સ્ટાફ નીમવામાં આવે છે.આંગડિયા મારફતે આયાત થતાં માલ પર ઓક્ટ્રોય ડ્યુટી વસૂલ કરવા સ્વતંત્ર વ્યવસ્થા કરવામાં આવી છે.રોડનાકા, રેલ્વેનાકા,એરપોર્ટ,એસ.ટી.બસ તથા પોસ્ટ પાર્સલ મારફતે આવતા માલસામાન પર ઓક્ટ્રોય કરની અન્ય પરચુરણ આવક તથા સુપરવીઝન ફી સાથેની કુલ વસૂલાત અહેવાલી વર્ષમાં રૂા. ૩૬૩૬૮.૬૦ લાખની થઇ છે. જેમાં રૂા.૬૭.૨૨ લાખ પરચૂરણ આવકનો સમાવેશ થાય છે.

અહેવાલી વર્ષમાં મેળવેલ કુલ આવક પૈકી મોટા નાકાઓ દ્વારા રૂા.૨૮૭૦૯.૬૫ લાખની આવક થયેલ, જે કુલ આવકનાં ૭૯.૦૯ % જેટલી થાય છે. અસલાલી નાકાની આવક રૂા.૧૨૮૪૬.૦૦ લાખ થઈ છે. જે કુલ આવકના ૩૫.૩૯% જેટલી છે. જયારે નારોલ સરખેજ નાકાની કુલ આવક રૂા.૮૨૪૩.૦૯લાખ થઈ છે. જે કુલ આવકના ૨૨.૭૧ % જેટલી છે.

નિયત કરેલ નાકાઓ સિવાય, ઓકટ્રોય ભર્યા સિવાય આડ-રસ્તા કે નેળિયા મારફતે આવતાં વાહનોની ચેકીંગની સઘન ઝૂંબેશ હાથ ધરી, ટ્રાન્સપોર્ટ કંપનીના ગોડાઉનો,વેપારી-સંસ્થા અને ખાનગી વેરહાઉસમાં જકાત વગર આયાત કરેલ માલ પકડી પાડી તેવા વેપારીઓની સામે જકાત વસૂલાતની કાર્યવાહી કરી તેની જકાત વસુલ કરી, તેની તપાસાર્થે આઇ ફોર્મ આપવાની કરવામાં આવેલ છે. તા. ૫-૨-૯૮થી શરૂ થયેલ ઇન્ટેલીજન્સ બ્રાંચમાં સીલેકટેડ ૧૦ કર્મચારીઓ ૨૪ કલાકની ફરજ બજાવે છે. મ્યુ.નાકા બહાર આડ રસ્તાઓ નાકાઓ પરથી ભાગેડુઓ દ્વારા થતી ચોરી માટે ઉપયોગમાં લેવાતાં પોઇન્ટો મ્યુ.હદમાં પોતાના અંગત વાહનો(સ્કુટરો/મોટર સાયકલ) અથવા તો ભાડે કરીને પ્રાયવેટ વાહનો દ્વારા રોડ ચેકીંગ કે સ્થળ તપાસ કરી, ઇન્ફોર્મર દ્વારા કે સદરહુ સ્ટાફ દ્વારા વોકીટોકી, રેડિયોસેટ, પેજર, વાયરલેસ સેટ કે ટેલિફોનથી માહિતી પહોંચાડી ઓકટ્રોય ચોરી કરનાર તત્વોને અંકુશમાં રાખવામાં આવે છે. વારંવાર ચોરી કરનાર શખ્સ/ પાર્ટી પકડાય તો તેની જાણ ઇન્કમટેક્ષ,સેલ્સટેક્ષ, એકસાઇઝ, કસ્ટમ વિભાગને કરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં ઇન્ટેલીજન્સ બ્રાંચ દ્વારા રૂા.૮૨.૬૬ લાખની રીકવરી કરવામાં આવી છે. તથા વર્ષ દરમ્યાન કરચોરીનાં ૨૯૨૭ કિસ્સાઓ પકડી પાડી રૂા.૩૯૯.૬૪ લાખની આવક મેળવવામા આવી છે.ઉપરાંત આઈ ફોર્મ આપવામાં આવેલ કિસ્સાઓ તપાસી તે દ્વારા રૂા.૧.૨૦ લાખની આવક મેળવવામાં આવી છે. છેલ્લા પાંચ વર્ષની ઓક્ટ્રોયની વિભાગવાર આવક મોટા નાકાની, નાના નાકાની, તથા અન્ય આવકની માહિતી પત્રક ૨.૧૩.૧ માં દર્શાવી છે. તથા ઓક્ટ્રોયનાં મુખ્ય રોડ નાકાઓની છેલ્લા બે વર્ષની તુલનાત્મક આવક પત્રક ૨.૧૩.૨ માં દર્શાવી છે.

અહેવાલી વર્ષમાં ઓક્ટ્રોય ગ્રોસ આવકનો અંદાજ આવક રૂા.૩૬૧.૦૦ કરોડ તથા રીફંડ ખર્ચનો અંદાજ રૂા.૧.૦૦ કરોડનો નકકી કરવામાં આવેલ. જે ગત વર્ષની મેળવેલ આવક રૂા.૩૦૮.૧૭ કરોડનાં ૧૭.૧૪% જેટલો વધારો ગણાય. અહેવાલી વર્ષમાં રૂા.૩૬૩.૦૧ કરોડની આવક મેળવેલ છે.જે અગાઉના વર્ષની તુલનામાં ૧૭.૮૦%નો ગ્રોથ ગણી શકાય.અહેવાલી વર્ષમાં આવકના વધારાનો દર નીચો રહેવા માટેના કારણો નીચે મુજબ છે.

(૧) પ્રવર્તમાન આર્થિક મંદીના કારણે લોકોની ખરીદશકિત ઘટતાં બજારમાં નાણાંકીય ફલો ઘટવાને કારણે આયાતી માલનું પ્રમાણ આયાતકારો દ્વારા ઘટાડવામાં આવેલ.

(૨) રાજયમાં વર્ષ દરમ્યાન જુદા જુદા સમયે કોમી તોફાનાને કારણે વેપાર ધંધા બંધ રહેવાને કારણે ઓકટ્રોયની આવક ઓછી થવા પામેલ છે.

(૩) નાની નગરપાલિકાઓ કે જે અમદાવાદ શહેરને અડીને આવેલ હોય ત્યાં તા.૧/૫/૨૦૦૧થી ઓકટ્રોય નાબૂદ કરવામાં આવતા વેપારીઓએ તેમના ગોડાઉનો,ધંધા,ફેક્ટરીઓ શીફ્ટ કરેલ છે.

આમ છતાં ઓકટ્રોય ચેકીગ સ્કોર્ડ તથા ઇન્ટેલીજન્સ બ્રાન્ચ દ્વારા ઓકટ્રોય ચેકીગની ઝુંબેશને ઘનિષ્ઠ તથા અસરકારક બનાવી, માથા ભારે તત્વોને નશ્યત કરી તેમજ નાકાઓ ઉપર અસરકારક સુપરવીઝન કરી યોગ્ય વ્યવસ્થા ગોઠવી કરચોરીના પ્રમાણને અંકૂશમાં રાખવામાં આવેલ છે.જેના કારણે ઓકટ્રોયખાતા દ્વારા સુચવેલ લક્ષ્યાંકના ૧૦૪.૬૧% અને મ્યુનિ.કોર્પોરેશને મંજુર કરેલ રીવાઇઝડ અંદાજ રૂા.૩૬૧ કરોડની સામે ૧૦૦.૫૬% જેટલી આવક મેળવી શકાઇ છે. આમ અહેવાલી વર્ષમાં ગત વર્ષની તુલનામાં રૂા.૫૪.૮૪કરોડની આવકનો વધારો થયેલ છે જે ૧૭.૮૦% જેટલો વધારો દર્શાવે છે.

ઓકટ્રોય રૂલ્સ એન્ડ સ્ટે.ઓડર્સ નં.૮ / ૨ ની જોગવાઈ મુજબ આયાતકારો,આયાત માલની પ્રોવીઝનલ વેલ્યુ એફ ફોર્મમાં ભરી, ઓકટ્રોય ભરી માલ છોડાવે તો ૩૦ દિવસમાં અસલ ભરતીયા ઓક્ટ્રોય ઓફિસમાં બતાવી જાય તેવી તા.૧-૧૦-૮૧ થી બંધ થયેલ પ્રથા તા.૯.૮.૮૮ થી પુનઃ ચાલુ કરવામાં આવી છે. નવી વ્યવસ્થા મુજબ પાર્ટીઓ પોતે તથા તેમના કર્મચારીઓ દ્વારા એફ ફોર્મ કલીયર કરવા નિયત ફોર્મમાં અરજી કરીને, નિકાલ કરવાની પ્રથા દાખલ કરવામાં આવેલ છે.જ્યારે એજન્ટોને મ્યુનિ.કોર્પોરેશને નક્કી કરેલ કરારમાં રૂા.૨૫૦૦૦/-ની ડીપોઝીટ લઈ તા.૯/૭/૧૯૯૮થી સારા એજન્ટોને જ કામ કરવા દેવામાં આવે છે. ગતવર્ષ દરમ્યાન ૧,૨૪,૧૮૮ એફ ફોર્મનો નિકાલ કરી રૂા.૧૨૭.૭૨ લાખની પ્રાપ્ત થતાં ફોર્મ દીઠ એવરેજ રૂા.૧૦૨.૮૫આવક થયેલ.અહેવાલી વર્ષમાં ૧,૧૯,૬૧૨ એફ ફોર્મનો નિકાલ કરી રૂા.૧૬૪.૭૫ લાખની આવક પ્રાપ્ત થતાં ફોર્મ દીઠ એવરેજ રૂા.૧૩૭.૭૪ની આવક થયેલ છે.જે ગત વર્ષ કરતાં ફોર્મ દીઠ એવરેજ રૂા.૩૪.૮૯નો વધારો દર્શાવે છે.

એફ ફોર્મનાં નિકાલ અંગે પાર્ટીને ઇન્ટીમેશન કાર્ડ લખીને જાણ કરવાની પ્રથા બંધ કરી સમયસર એફ ફોર્મના નિકાલ માટે સીધી ફરિયાદ દાખલ કરવામાં આવતાં ફરિયાદોની સંખ્યા અહેવાલી વર્ષમાં ૩૩,૩૩૪ થયેલ જેનાં દંડ પેટે આયાતકારો પાસેથી રૂા.૩૨.૪૪ લાખ વસુલ કરવામાં આવેલ છે. છેલ્લા પાંચ વર્ષની આ અંગેની માહિતી પત્રક-૨.૧૩.૪ માં દર્શાવી છે

ઓકટ્રોય નિયમ- ૧૧ની જોગવાઇ અન્વયે કરચોરી માલુમ પડે તો આયાતકાર સંસ્થાને આઇ ફોર્મ રેકવીઝીશન નોટીસ બજાવી, દસ્તાવેજી પુરાવા તપાસી કરચોરી માલુમ પડે તો જકાત વસુલાતની કામગીરી કરવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન ૧૬૦ રેક્વીઝીશન નોટીસો બજાવી રૂા.૧.૨૦ લાખની વસૂલાત મેળવવામાં આવી છે. સમય મર્યાદામાં હિસાબ રજૂ ન કરનાર સંસ્થા સામે કલમ ૩૯૯ અન્વયે કોર્ટ કાર્યવાહી કરવામાં આવી છે. વર્ષ દરમ્યાન આવી કુલ ૯ ફરિયાદો કરવામાં આવી છે.

પોસ્ટ મારફતે આવતા જકાતપાત્ર માલની જકાત વસુલ કરવાનું કામ પોસ્ટપાર્સલ વિભાગ દ્વારા થાય છે. પોસ્ટ ઓફિસમાંથી પોસ્ટ પાર્સલની વિગતો મેળવી આયાતકારોને નોટીસો આપવા છતાં જકાત વસુલ ન થાય તો ઈન્સ્પેક્ટર દ્વારા સ્થળ પર ઓક્ટ્રોય વસુલાતની કામગીરી કરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં ૭,૭૪૩ પોસ્ટ પાર્સલ આવેલ જેમાંથી કુલ રૂા.૬૬.૦૨ લાખની જકાત વસુલ કરવામાં આવી છે. ખાતા દ્વારા ૮,૨૨૪ જાવકો લખવામાં આવેલ.

ઓક્ટ્રોય નિયમ-૧૨ની જોગવાઈ મુજબ આયાત થતો માલ છ માસની સમયમર્યાદામાં તેની સ્થિતિ,દેખાવ કે સ્વરૂપમાં ફેરફાર કર્યા સિવાય નિકાસ કરવામાં આવે,માફીપાત્ર માલની જકાત વસુલ થઈ હોય અથવા માલની કિંમત કે વજનનાં આધારે વસુલ થયેલ જકાત વધુ વસૂલ થઇ હોય તેવાં કેસોમાં રીફંડ નિયમો અન્વયે રીફંડ આપવામાં આવે છે. અહેવાલી વર્ષની શરૂઆતમાં ૬૧૨૯ અરજીઓ બાકી હતી, અહેવાલી વર્ષ દરમ્યાન ૩૨૩૫ અરજીઓ નવી આવી તથા ૧૯૯૨ અરજીઓ રિઓપન થતાં કુલ ૧૧,૩૫૬ રીફંડની અરજીઓમાંથી ૪૧૮૪ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. વર્ષાંતે ૭૧૭૨ અરજીઓ નિકાલ વગરની બાકી રહી છે. અહેવાલી વર્ષ દરમ્યાન રૂા.૧૨૮.૫૮ લાખનાં રીફંડ બીલો બનાવી નાણાં ખાતે મોકલવામાં આવ્યા છે. રીફંડ અરજીઓનું બારીકાઈથી ચેકીગ કરવામાં આવતાં રીફંડનું પેમેન્ટ ઘટતુ જાય છે.સને ૧૯૯૭-૯૮માં આવેલ ૮૬૭૯ અરજીઓ સામે સને ૨૦૦૨-૦૩માં ૩૨૩૫ નવી અરજીઓ આવતાં અરજીઓમાં ૫૪૪૪ જેટલો ઘટાડો થયેલ છે.જે ૬૨.૭૩%નો ઘટાડો દર્શાવે છે.આ અંગેની છેલ્લા પાંચ વર્ષની માહિતી પત્રક ૨.૧૩.૫ માં દર્શાવી છે.

અહેવાલી વર્ષ દરમ્યાન ઓકટ્રોય ખાતાનાં ૧૧ કર્મચારીઓને ફરજ દરમ્યાન ગેરરીતી અને બેદરકારી આચરવા બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. તથા ૧૦ કર્મચારીઓને ચાર્જશીટ આપવામાં આવી છે.ઓકટ્રોય ખાતામાં વિવિધ કક્ષાના કુલ ૧૩૦૫ કર્મચારીઆની જગા છે.જે પૈકી કુલ ૪૮૦ જગાઓ ખાલી હોઈ ૮૨૫ ઓફિસ,નાકા તથા ચેકીગની કામગીરી કરે છે.આ તમામ શીડયુલ કર્મચારીઓનો વહીવટી ખર્ચ રૂા.૮૨૫.૨૩ લાખ છે. જે કુલ આવક રૂા. ૩૬૩.૦૧ કરોડનાં ૨.૨૭ % જેટલો નજીવો ગણી શકાય.

ખાતાના તમામ કર્મચારીઓનાં સાથ અને વખતોવખત મ્યુ.કમિશનરશ્રી તથા ડે.મ્યુ.કમિશનર(પૂર્વ ઝોન અને ઓકટ્રોય) શ્રી તરફથી ખાતાને મળેલ માર્ગદર્શનને પરિણામે રૂા.૩૬૩.૦૧ કરોડની આવક મેળવી શકાઈ છે.

**પત્રક ૨.૧૩.૧**

**છેલ્લા પાંચ વર્ષની ઓક્ટ્રોયની વિભાગવાર આવક (રૂ. લાખમાં )**

| અ.નં. | વર્ષ | મોટા નાકાની આવક | નાના નાકાની આવક | અન્ય આવક | કુલ આવક |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ૧૯૯૮-૯૯ | ૨૦૯૮૮.૬૬ | ૨૧૫૧.૭૬ | ૩૩૭૫.૭૮ | ૨૬૫૧૬.૨૦ |
| ૨ | ૧૯૯૯-૦૦ | ૨૪૫૭૬.૨૯ | ૨૬૪૫.૩૬ | ૩૮૨૧.૦૦ | ૩૧૦૪૨.૬૫ |
| ૩ | ૨૦૦૦-૦૧ | ૨૫૬૪૮.૯૧ | ૩૬૯૬.૯૮ | ૩૨૦૨.૦૦ | ૩૨૫૪૭.૮૯ |
| ૪ | ૨૦૦૧-૦૨ | ૨૪૮૮૬.૫૭ | ૨૯૬૫.૨૦ | ૩૦૧૮.૮૩ | ૩૦૮૭૦.૬૦ |
| ૫ | ૨૦૦૨-૦૩ | ૨૮૭૦૯.૬૫ | ૪૧૩૮.૩૭ | ૩૫૨૦.૫૮ | ૩૬૩૬૮.૬૦ |

**પત્રક ૨.૧૩.૨**

**ઓક્ટ્રોયનાં મુખ્ય રોડનાં નાકાઓની છેલ્લાં ૨ વર્ષની તુલનાત્મક આવક દર્શાવતુ પત્રક ( રૂા. લાખમાં)**

| અ.નં. | નાકાનું નામ | ૨૦૦૧-૦૨ | ૨૦૦૨-૦૩ | ૨૦૦૧-૦૨ની સરખામણીમાં ટકાવારી વધારો/ઘટાડો | ૨૦૦૨-૦૩ના વર્ષની આવકમાંટકાવારી |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | અસલાલી | ૧૧૧૬૭.૮૪ | ૧૨૮૪૬.૦૦ | ૧૫.૦૩ | ૩૫.૩૯ |
| ૨ | નારોલ -સરખેજ | ૭૩૪૯.૮૨ | ૮૨૪૩.૦૯ | ૧૨.૧૫ | ૨૨.૭૧ |
| ૩ | સરખેજ | ૧૯૯૮.૬૦ | ૨૦૪૩.૦૩ | ૨.૨૨ | ૫.૬૩ |
| ૪ | ચિલોડા રોડ | ૧૨૫૩.૩૫ | ૧૫૮૪.૧૯ | ૨૬.૪૦ | ૪.૩૬ |
| ૫ | હાંસોલ બ્રીજ | ૧૧૦૫.૭૨ | ૧૨૯૭.૫૮ | ૧૭.૩૫ | ૩.૫૭ |
| ૬ | હાથીજણ | ૬૯૫.૩૬ | ૮૬૨.૪૯ | ૨૪.૦૪ | ૨.૩૮ |
| ૭ | કલોલ-કોબા | ૪૭૦.૫૦ | ૬૧૫.૭૭ | ૩૦.૮૮ | ૧.૭૦ |
| ૮ | ઓઢવ રોડ | ૩૫૬.૧૫ | ૪૪૦.૦૬ | ૭૬.૫૭ | ૧.૨૧ |
| ૯ | આંગડિયા | ૩૨૬.૧૩ | ૩૯૨.૧૪ | ૧૩.૨૯ | ૧.૦૮ |
| ૧૦ | કેશવનગર | ૨૪૯.૨૩ | ૩૮૫.૩૦ | ૧૮.૧૪ | ૧.૦૬ |
|  | કુલ | ૨૪૯૭૨.૭૦ | ૨૮૭૦૯.૬૫ | ૧૫.૦૧ | ૭૯.૦૯ |

**પત્રક ૨.૧૩.૩**
**છેલ્લાં પાંચ વર્ષનાં એફ ફોર્મ નિકાલની વિગત દર્શાવતુ પત્રક**

| અ.નં | વર્ષ | નિકાલ થયેલ ફોર્મની સંખ્યા | વસુલાત રૂ. લાખમાં |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ૧૯૯૮-૯૯ | ૩,૪૮,૬૨૭ | ૨૩૯.૩૨ |
| ૨ | ૧૯૯૯-૦૦ | ૧,૯૫,૪૦૭ | ૧૬૩.૪૫ |
| ૩ | ૨૦૦૦-૦૧ | ૧,૩૪,૬૭૮ | ૧૩૬.૫૯ |
| ૪ | ૨૦૦૧-૦૨ | ૧,૨૪,૧૮૮ | ૧૨૭.૭૨ |
| ૫ | ૨૦૦૨-૦૩ | ૧,૬૨,૩૮૦ | ૧૬૪.૭૫ |

**પત્રક ૨.૧૩.૪**
**રિફંડ બિલોની વિગત દર્શાવતુ પત્રક**

| અ.નં. | વર્ષ | રીફંડ બીલોની સંખ્યા | ચૂકવેલ રકમ રૂ. લાખમાં |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ૧૯૯૮-૯૯ | ૨,૯૭૪ | ૧૦૨.૧૨ |
| ૨ | ૧૯૯૯-૦૦ | ૨,૫૧૧ | ૧૦૩.૬૦ |
| ૩ | ૨૦૦૦-૦૧ | ૩,૭૬૯ | ૧૧૪.૪૦ |
| ૪ | ૨૦૦૧-૦૨ | ૪,૦૬૧ | ૯૦.૦૧ |
| ૫ | ૨૦૦૨-૦૩ | ૩,૯૦૦ | ૧૨૮.૫૮ |

# ૨.૧૪ કન્ટ્રોલ રૂમ

અ.મ્યુ.કોર્પો.દ્વારા જનતાની પ્રાથમિક જરૂરીયાતની સેવાઓ જેવી કે પીવાનું શુધ્ધ પાણી પુરૂ પાડવું, ગંદા પાણીનો નિકાલ કરવો, સારા અને સુઘડ રસ્તા આપવા તથા તેના રીપેરીંગને કામગીરી કરવી, ફૂટપાથના પથ્થરોનું લેવલ સરખું કરવું, દિવાબત્તીની સારી સગવડ આપવી તથા પ્રાથમિક આરોગ્ય અને તબીબી સેવાઓ તેમજ પ્રાથમિક શિક્ષણની સુવિધા પૂરી પાડવી વિગેરે સંતોષવાની કામગીરી બજાવે છે. આ તમામ સેવાઓ જાહેરહીતને લગતી હોવાથી તે અંગે જનતાની રોજ ફરીયાદો આવતી જ રહે છે. આ ફરીયાદોના ઝડપી અને સમયસર નિકાલ માટે કંટ્રોલરૂમ દ્વારા પગલાં લેવામાં આવે છે. જનતાની ફરીયાદો જે તે ઝોનમાં જે તે અધિકારીશ્રીને પહોંચાડવામાં આવે છે. ખૂબ જ અગત્યની ફરિયાદોનો ૨૪ કલાકમાં અને બાકીની તમામ ફરિયાદોના ૭ દિવસમાં નિકાલ લાવવાના તમામ પ્રયત્ન કરવા કંટ્રોલ રૂમ દ્વારા જાણ કરવામાં આવે છે.

અહેવાલી વર્ષમાં નવી ફરિયાદો ૩૦૦૯ તથા વર્ષની શરૂઆતની ૧૪૩ ફરિયાદો મળી કુલ ૩૧૫૨ ફરિયાદો મળી હતી. જેમાં પૂર્વઝોનને લગતી ૧૭૦ ફરિયાદ, પશ્ચિમઝોનની ૨૧૪, ઉત્તરઝોનની ૩૯૭, દક્ષિણઝોનની ૩૭૧, મધ્યઝોનની ૮૮૩,બગીચાની ૨૦૦ અને લાઇટને લગતી કુલ ૭૭૪ ફરિયાદોનો નવી ફરિયાદોમાં સમાવેશ થાય છે. વર્ષ દરમ્યાન આવેલ કુલ ફરિયાદો પૈકી પૂર્વ ઝોનની ૧૫૮, પશ્ચિમ ઝોનની ૨૦૩ ઉતરઝોનની ૩૮૭ દક્ષિણ ઝોનની ૩૮૬ મધ્યઝોનની ૯૬૨,બગીચાની ૧૫૦ અને લાઇટ ખાતાની ૭૨૪ એમ કુલ ૨૯૭૦ ફરિયાદોનો વર્ષ દરમ્યાન નિકાલ કરવામાં આવ્યો હતો.આમ વર્ષાન્તે કુલ ૧૮૨ ફરિયાદો બાકી રહી હતી.

વર્ષ દરમ્યાન સૌથી વધુ ફરિયાદો મધ્યઝોનને લગતી આવેલ. જયારે સૌથી ઓછી પૂર્વઝોનને લગતી આવેલ. ઝોનવાર અરજીઓની માહિતી પત્રક ૨.૧૪.૧ માં દર્શાવેલ છે. તથા ઝોનવાર ફરિયાદોના પ્રકાર પ્રમાણેની માહિતી પત્રક ૨.૧૪.૨.માં દર્શાવી છે.

**પત્રક ૨.૧૪.૧**

**ઝોનવાઈઝ નોંધાયેલ અને નિકાલ થયેલ ફરિયાદોની માહિતી દર્શાવતું પત્રક**

| અ.નં | ઝોનનું નામ | અગાઉની બાકી ફરિયાદો | વર્ષ દરમ્યાન આવેલ ફરિયાદો | વર્ષ દરમ્યાન કુલ ફરિયાદો | નિકાલ થયેલ ફરિયાદો | વર્ષાંતે બાકી રહેલ ફરિયાદો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | પૂર્વ | - | ૧૭૦ | ૧૭૦ | ૧૫૮ | ૧૨ |
| ૨ | પશ્ચિમ | - | ૨૧૪ | ૨૧૪ | ૨૦૩ | ૧૧ |
| ૩ | મધ્ય | ૧૦૪ | ૮૮૩ | ૯૮૭ | ૯૬૨ | ૨૫ |
| ૪ | ઉત્તર | - | ૩૯૭ | ૩૯૭ | ૩૮૭ | ૧૦ |
| ૫ | દક્ષિણ | ૨૯ | ૩૭૧ | ૪૦૦ | ૩૮૬ | ૧૪ |
| ૬ | લાઇટ | ૧૦ | ૭૭૪ | ૭૮૪ | ૭૨૪ | ૬૦ |
| ૭ | બગીચા | - | ૨૦૦ | ૨૦૦ | ૧૫૦ | ૫૦ |
| | **કુલ** | **૧૪૩** | **૩૦૦૯** | **૩૧૫૨** | **૨૯૭૦** | **૧૮૨** |

## પત્રક ૨.૧૪.૨
## ફરિયાદોના પ્રકારવાર અને ઝોનવાર માહિતી દર્શાવતું પત્રક સને ૨૦૦૨-૦૩

| વિગત | હેલ્થ ખાતુ | રેફ્યુઝ | મેલેરીયા | પાણી | ડ્રેનેજ | રોડ | એસ્ટેટ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| **૧. પૂર્વઝોન** | | | | | | | | |
| શરૂઆતની બાકી ફરિયાદ | - | - | - | - | - | - | - | - |
| વર્ષદરમ્યાન આવેલી નવી ફરિયાદ | ૨૫ | - | ૩૦ | ૩૩ | ૩૫ | ૪૦ | ૭ | ૧૭૦ |
| કુલ ફરિયાદ | ૨૫ | - | ૩૦ | ૩૩ | ૩૫ | ૪૦ | ૭ | ૧૭૦ |
| વર્ષદરમ્યાન નિકાલ કરેલ ફરિયાદ | ૨૫ | - | ૨૬ | ૩૨ | ૩૩ | ૩૫ | ૭ | ૧૫૮ |
| વર્ષાન્તે બાકી ફરિયાદ | - | - | ૪ | ૧ | ૨ | ૫ | - | ૧૨ |
| **૨. પશ્ચિમઝોન** | | | | | | | | |
| શરૂઆતની બાકી ફરિયાદ | - | - | - | - | - | - | - | - |
| વર્ષદરમ્યાન આવેલી નવી ફરિયાદ | ૪૫ | - | ૩૫ | ૩૫ | ૪૦ | ૫૯ | - | ૨૧૪ |
| કુલ ફરિયાદ | ૪૫ | - | ૩૫ | ૩૫ | ૪૦ | ૫૯ | - | ૨૧૪ |
| વર્ષદરમ્યાન નિકાલ કરેલ ફરિયાદ | ૪૪ | - | ૩૫ | ૩૫ | ૩૫ | ૫૪ | - | ૨૦૩ |
| વર્ષાન્તે બાકી ફરિયાદ | ૧ | - | - | - | ૫ | ૫ | - | ૧૧ |
| **૩. મધ્યઝોન** | | | | | | | | |
| શરૂઆતની બાકી ફરિયાદ | ૭૦ | - | ૫ | ૪ | ૧૮ | ૭ | - | ૧૦૪ |
| વર્ષદરમ્યાન આવેલી નવી ફરિયાદ | ૮૦ | - | ૯૩ | ૨૧૦ | ૨૫૦ | ૨૫૦ | - | ૮૮૩ |
| કુલ ફરિયાદ | ૧૫૦ | - | ૯૮ | ૨૧૪ | ૨૬૮ | ૨૫૭ | - | ૯૮૭ |
| વર્ષદરમ્યાન નિકાલ કરેલ ફરિયાદ | ૧૪૫ | - | ૯૦ | ૨૧૦ | ૨૬૦ | ૨૫૭ | - | ૯૬૨ |
| વર્ષાન્તે બાકી ફરિયાદ | ૫ | - | ૮ | ૪ | ૮ | - | - | ૨૫ |
| **૪. ઉત્તરઝોન** | | | | | | | | |
| શરૂઆતની બાકી ફરિયાદ | - | - | - | - | - | - | - | - |
| વર્ષદરમ્યાન આવેલી નવી ફરિયાદ | ૫૦ | - | ૪૭ | ૧૦૫ | ૯૫ | ૧૦૦ | - | ૩૯૭ |
| કુલ ફરિયાદ | ૫૦ | - | ૪૭ | ૧૦૫ | ૯૫ | ૧૦૦ | - | ૩૯૭ |
| વર્ષદરમ્યાન નિકાલ કરેલ ફરિયાદ | ૫૦ | - | ૪૫ | ૧૦૦ | ૯૨ | ૧૦૦ | - | ૩૮૭ |
| વર્ષાન્તે બાકી ફરિયાદ | - | - | - | - | - | - | - | - |
| **૫. દક્ષિણઝોન** | | | | | | | | |
| શરૂઆતની બાકી ફરિયાદ | ૫ | - | ૫ | ૫ | ૮ | ૬ | - | ૨૯ |
| વર્ષદરમ્યાન આવેલી નવી ફરિયાદ | ૭૧ | - | ૭૫ | ૭૫ | ૭૬ | ૭૪ | - | ૩૭૧ |
| કુલ ફરિયાદ | ૭૬ | - | ૮૦ | ૮૦ | ૮૪ | ૮૦ | - | ૪૦૦ |
| વર્ષદરમ્યાન નિકાલ કરેલ ફરિયાદ | ૭૨ | - | ૭૫ | ૭૫ | ૮૪ | ૮૦ | - | ૩૮૬ |
| વર્ષાન્તે બાકી ફરિયાદો | ૪ | - | ૫ | ૫ | - | - | - | ૧૪ |

# ૨.૧૫ મ્યુનિસિપલ સ્નાનાગાર

અમદાવાદ શહેરના નાગરિકોના મનોરંજન તથા સારા આરોગ્ય તથા સુખાકારીના હેતુથી શહેરમાં ૮ મોટા અને ૬ નાના બાળ સ્નાનાગારોનું સંચાલન કરવામાં આવે છે.વાસણા વિસ્તારના નાગરીકો માટે વાસણા મ્યુ.સ્નાનાગાર રૂા.૮૦ લાખના ખર્ચે બનાવવામાં આવેલ છે.જેનું કામ ચાલુ સાલે પૂર્ણ કરી જાહેર જનતા માટે ખુલ્લો મુકવામાં આવનાર છે.મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલીત તમામ સ્નાનાગારોમાં જરૂરી રીનોવેશનના કામો કરાવીને આ સ્નાનાગારો અદ્યતન બનાષ્વવામાં આવેલ છે.આ ંગે જરૂરીયાત મુજબ કુલ રૂા.૮૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.ચાલુ સાલે સ્ટેડીયમ સ્નાનાગારમાં સ્ટીમબાથ,સોનાબાથ તથા વાસણા સ્નાનાગાર પર સ્ટીમબાથ,સોનાબાથ તથા જીમ્નેશીયમ તથા એરોબીક્સ હોલ ચલુ કરવાનું આયોજન છે.

અહેવાલી વર્ષમા શહેરના બે વિશાળ સ્નાનાગારો લાલ દરવાજા પાસે આવેલ ર.લ.સ્નાનાગાર,નવરંગપુરામાં આવેલ સરદાર પટેલ સ્નાનાગાર ઉપરાંત નાના મોટા અન્ય સ્નાનાગારોની ફી સામાન્ય તથા કન્સેશન  દરની માહિતી આ સાથે સામેલ પત્રક ૨.૧૫.૧માં દર્શાવી છે.અહેવાલી વર્ષમાં તમામ મ્યુ.સ્નાનાગારોમાં જાણકાર થતા શિખાઉ એવા ૧૯૦૨૨ સભ્યોએ લાભ લીધેલ છે.સભ્યો અંગેની વિગતવાર માહિતી પત્રક ૨.૧૫.૨માં દર્શાવી છે.સ્નાનાગારની અહેવાલી વર્ષની કુલ આવક રૂા.૬૦.૦૫ લાખ થયેલ છે.સભ્ય ફીની આવક રૂા.૫૬.૫૩લાખ તથા ફોર્મ ફી અને અન્ય આવક રૂા.૩.૫૨લાખ થયેલ છે. આ અંગેની વિગતવાર માહિતી પત્રક ૨.૧૫.૩માં દર્શાવેલ છે.

સ્નાનાગારમાં જે તરવૈયાઓ રાજ્ય,રાષ્ટ્રિય કે આંતર રાષ્ટ્રિયકક્ષાએ માન્ય સંસ્થા દ્વારા આયોજીત સ્વીમીંગ ચેમ્પીયનશીપમાં ભાગ લઇ  પ્રથમ, દ્વિતીય કે તૃતીય ક્રમાંક મેળવેલ હોય તેઓને અ. મ્યુ.કોર્પો.ના કોઇપણ સ્નાનાગારમાં ફકત રૂા. ૩૧ માં સી.કાર્ડ બનાવીને સભ્યપદ આપવામાં આવે છે. તેઓને સ્નાનાગારનો સમય પુરો થયા બાદ એક કલાક માટે સ્વીમીંગની પ્રેકટીસ નકકી કરેલ નિયમોને આધીન કરવા દેવામાં આવે છે.

આમ સ્નાનાગાર ખાતા દ્વારા અમદાવાદ શહેરના નાગરીકોને થતા સ્નાનાગારના સભ્યોને સ્વીમીંગની સારી સગવડો મળી રહે તે માટે નવા આયોજન સતત ચાલુ રહેલ છે.

## પત્રક ૨.૧૫.૧

## મ્યુ.સ્નાનાગારોની ફી નાં સામાન્ય અને કન્સેસન દરની આવક દર્શાવતુ પત્રક

(ફી ના દર રૂા.)

| અ. નં. | વિગત | 'અ' વર્ગ સરદાર પટેલ સ્ટે. સ્નાનાગાર | | 'બ' વર્ગ લાલ દરવાજા અને કાંકરીયા સ્નાનાગાર | | 'ક વર્ગ' અન્ય તમામ સ્નાનાગાર | |
|---|---|---|---|---|---|---|---|
| | | કન્સેસન દર | સામાન્ય દર | કન્સેસન દર | સામાન્ય દર | કન્સેસન દર | સામાન્ય દર |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| **અ.** | **જાણકાર સભ્યો માટે** | | | | | | |
| ૧ | પ્રવેશ ફી | ૬૦ | ૬૦ | ૬૦ | ૬૦ | ૬૦ | ૬૦ |
| ૨ | સભ્ય ફી | | | | | | |
| | ક) માસિક | ૬૦ | ૧૨૦ | ૪૫ | ૯૦ | ૩૦ | ૪૫ |
| | ખ) ત્રિમાસિક | ૧૩૫ | ૨૭૦ | ૧૦૫ | ૧૯૫ | ૬૦ | ૧૨૦ |
| | ગ) વાર્ષિક | ૪૯૫ | ૭૮૦ | ૧૯૫ | ૩૭૫ | ૧૩૫ | ૨૭૦ |
| | ઘ) વાર્ષિક રીન્યુઅલ ફી | ૩૦ | ૩૦ | ૩૦ | ૩૦ | ૩૦ | ૩૦ |
| **બ.** | **શિખાઉ સભ્યો માટે** | | | | | | |
| ૧ | પ્રવેશ ફી | ૬૦ | ૬૦ | ૬૦ | ૬૦ | ૬૦ | ૬૦ |
| ૨ | ૨ માસની સત્ર તાલીમ ફી | ૨૪૦ | ૩૦૦ | ૧૯૫ | ૨૪૦ | ૧૮૦ | ૨૧૦ |
| ૩ | રીન્યુઅલ ફી | ૩૦ | ૩૦ | ૩૦ | ૩૦ | ૩૦ | ૩૦ |
| **ક.** | **જનરલ** | | | | | | |
| ૧ | ડુપ્લીકેટ કાર્ડ ફી | ૩૮ | ૩૮ | ૩૮ | ૩૮ | ૩૮ | ૩૮ |
| ૨ | ફોર્મ ફી | ૧૫ | ૧૫ | ૧૫ | ૧૫ | ૧૫ | ૧૫ |

તમામ સ્નાનાગારોમાં હરિફાઇ પ્રવેશ ફી (૧) રમત દીઠ રૂા. ૮/-
(૨) રીલે ટીમ દીઠ રૂા. ૩૮/-
(૩) વોટર પોલો દીઠ રૂા. ૭૫/-

## પત્રક ૨.૧૫.૨

## સને ૨૦૦૨-૨૦૦૩ના વર્ષમાં મ્યુ.સ્નાનાગારોની સભ્ય સંખ્યા તથા આવક અંગેની માહિતી

| અ. નં. | સ્નાનાગારનુ નામ અને સરનામુ | જાણકાર સભ્યો | | મોટા શિખાઉ સભ્યો | | બાળ શિખાઉ સભ્યો | | જાણકાર સભ્યો | | મોટા શિખાઉ સભ્યો | | બાળ શિખાઉ સભ્યો | | કુલ સભ્ય ફી (રૂ.લાખ માં) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સામાન્ય | કન્સેસન | સામાન્ય | કન્સેસન | સામાન્ય | કન્સેસન | સામાન્ય ફી | કન્સેસન ફી | સામાન્ય ફી | કન્સેસ ન ફી | સામાન્ય ફી | કન્સેસન ફી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ૧ | સરદાર પટેલ સ્ટેડિયમ સ્નાનાગાર,નવરંગપુરા | ૫૮૫ | ૫૧૮ | ૯૮૧ | ૯૭૬ | - | - | ૪.૯૧ | ૨.૮૭ | ૩.૫૩ | ૨.૯૩ | - | -- | ૧૪.૨૪ |
| ૨ | શ્રી.ર.લ. સ્નાનાગાર, લાલદરવાજા | ૧૬૩ | ૨૧૯ | ૧૩૯ | ૧૧૪ | ૧૧ | ૭૭ | ૦.૭૨ | ૦.૫૩ | ૦.૪૨ | ૦.૨૯ | ૦.૦૩ | ૦.૨૦ | ૨.૧૯ |
| ૩ | શ્રી હિરાલાલ મ્યુ. સ્નાનાગાર, કાંકરીયા | ૯૭૬ | ૨૦૩૯ | ૫૯૯ | ૬૫૩ | ૭૮ | ૧૦૫૧ | ૪.૦૮ | ૪.૮૯ | ૧.૭૭ | ૧.૫૭ | ૦.૨૩ | ૨.૬૨ | ૧૫.૧૬ |
| ૪ | શ્રી કાંતિલાલ ફૂલચંદ ઘીયા મ્યુ.સ્નાનાગાર, સાબરમતી. | ૪૭૮ | ૫૧૪ | ૩૫૮ | ૨૫૫ | ૧૧૧ | ૪૧૭ | ૧.૫૮ | ૦.૮૭ | ૦.૯૭ | ૦.૬૯ | ૦.૩૦ | ૧.૧૭ | ૫.૫૮ |
| ૫ | લાલભાઈ છબાભાઈ મ્યુ. સ્નાનાગાર,ખોખરા. | ૨૫૧ | ૯૭૫ | ૩૯૪ | ૨૯૨ | ૬૬ | ૪૫૬ | ૦.૮૩ | ૨.૧૦ | ૧.૦૬ | ૦.૬૮ | ૦.૨૨ | ૧.૦૪ | ૫.૯૩ |
| ૬ | અસારવા મ્યુ.સ્નાનાગાર, અસારવા. | ૫૧૪ | ૬૮૮ | ૪૪૫ | ૨૮૫ | ૬૫ | ૩૧૩ | ૧.૬૩ | ૧.૨૮ | ૧.૧૭ | ૦.૬૮ | ૦.૧૮ | ૦.૭૪ | ૫.૬૮ |
| ૭ | શ્રી.વસંત ગજેન્દ્ર ગડકર સ્નાનાગાર સરસપુર | ૨૩૭ | ૬૮૮ | ૧૮૪ | ૯૪ | ૧૨ | ૭૪ | ૦.૭૫ | ૦.૪૨ | ૦.૪૯ | ૦.૨૩ | ૦.૦૩ | ૦.૧૮ | ૨.૧૦ |
| ૮ | શ્રી.સોમેન્દ્ર પ્રભાશંકર દવે મ્યું સ્નાનાગાર સરસપુર | ૭૧૭ | ૪૭૬ | ૬૦૮ | ૩૩૫ | - | - | ૧.૫૭ | ૧.૬૩ | ૦.૯૧ | ૧.૫૪ | - | -- | ૫.૬૫ |
| | કુલ | ૩૯૨૧ | ૫૬૫૮ | ૩૭૦૮ | ૩૦૦૪ | ૩૪૩ | ૨૩૮૮ | ૧૬.૦૭ | ૧૪.૫૯ | ૧૦.૩૨ | ૮.૬૧ | ૦.૯૯ | ૫.૯૫ | ૫૬.૫૩ |

**સભ્ય ફીની આવક રૂા.૫૬.૫૩લાખ + ફોર્મ ફીની આવક તથા અન્ય આવક૩.૫૨ લાખ =કુલ આવક ૬૦.૦૫ લાખ**

## ૨.૧૬ સંસ્કાર કેન્દ્ર

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સંચાલિત સંસ્કાર કેન્દ્રની લાયબ્રેરીમાં કલા અને તેને લગતા પુસ્તકો વાંચવા માટે વસાવવામાં આવ્યા છે.અહીં ભોંયતળીયે આવેલ આર્ટ ગેલેરીમાં વિના મૂલ્યે પ્રદર્શન યોજવા માટે સાત દિવસ સુધી આપવામાં આવે છે.અહેવાલી વર્ષ દરમ્યાન સાંસ્કૃતિક કાર્યક્રમો,કલા પ્રદર્શનો,સમુહ લગ્નો તથા સેમીનારો યોજવામાં આવેલા જેની વિગતવાર માહિતી નીચે મુજબ છે.

અહેવાલી વર્ષના આરંભે કોમી અશાંત પરિસ્થિતિનું નિર્માણ થતાં લગભગ ૬ માસ સુધી પ્રદર્શનો,સેમીનારો શક્ય બન્યા ન હતા.બાકીના અડધા વર્ષમાં પ્રદર્શન ખંડમાં કેમલીન લિ.દ્વારા ચિત્રસ્પર્ધા મોટા પાયે યોજાયેલ. મદદનીશ મત્સ્યોદ્યોગ કચેરી,ગુજરાત સરકાર દ્વારા એક્વેરીયમ ફીશ પ્રદર્શન યોજવામાં આવેલ.જેનો લગભગ ૫૦,૦૦૦ જેટલા લોકોએ પ્રદર્શન નિહાળી આનંદ માણ્યો હતો. નેધરલેન્ડ કાઉન્સીલ ફોર ટ્રેડ દ્વારા 'એ હીસ્ટ્રી ઓફ ટુ ડે' ના તસ્વીર પ્રદર્શનની લગભગ ૮૦,૦૦૦ જેટલી વ્યક્તિઓએ મઝા માણી હતી.એક્સપ્રેસીવ એઈટ કલા સંસ્થા દ્વારા યોજીત ચિત્રસ્પર્ધાનો લાભ કલાપ્રેમી બાળકોની સાથે સાથે વાલીઓએ લીધો હતો.આ સ્પર્ધાને અંતે ઈનામ વિતરણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.આ સિવાય વિનસ માર્કેટીગ અને વટવા ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશને ઈન્ડસ્ટ્રીયલ મશીનરી અને ધંધા રોજગારની માહિતી હજારો માનવીઓને પૂરી પાડી હતી.ભારત સરકારની વિવર્સ સર્વિસ સેન્ટર સંસ્થાએ તાન્તવી તાણાવાણાથી હાથશાળ પર ગુંથાયેલ કાપડના બેનમુન નમુનાઓ પ્રદર્શીત કરી લોકોને મંત્રમુગ્ધ બનાવી દીધા હતા.સી.આઈ.આઈ.સંસ્થા જેવી આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા એગી ફેર અને પેટ્રોમાઈનેક્સ પ્રદર્શનને ગુજરાત રાજ્યના સહકારથી યોજવામાં આવેલ.જને આશરે બે લાખ જેટલી વ્યક્તિઓએ નિહાળેલ.દેશવિદેશના ઉદ્યોગપતિઓએ સેમીનારમાં ભાગ લઈ પ્રદર્શનને ચાર ચાંદ લગાવી દીધા હતા.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રક્ષાબંધન પર રાખડીઓનું પ્રદર્શન યોજવામાં આવેલ.ત્યારે મ્યુ. બાલભવનના બાળકોએ ભાગ લઈ પ્રદર્શનને દેદીપ્યમાન બનાવ્યુ હતુ.

આમ આ વર્ષ દરમ્યાન જુદી જુદી સંસ્થાઓ ગુજરાત રાજ્ય દ્વારા જુદા જુદા શૈક્ષણીક કલાવિષયક તેમજ પ્રસંગોચીત પ્રદર્શનો સેમીનાર ,ચિત્રસ્પર્ધાઓ યોજવામાં આવ્યા હતા. અ. મ્યુ. કોર્પો. દ્વારા વારંવાર પ્રસંગોપાત સંસ્કાર કેન્દ્રમાં સત્કાર સમારંભો તથા જમણવારના પ્રસંગો યોજવામાં આવ્યા હતા.

.

પ્રદર્શનોમાં સામાજીક, સહકારી,સરકારી સંસ્થાઓ એસોસીએશન કોમર્શીયલ તથા ધાર્મિક સંસ્થાઓને ખુલ્લા પ્લોટમાં નિયત દરે ભાડે આપવાથી સંસ્કાર કેન્દ્ર દ્વારા મ્યુનિ.કોર્પોરેશનને ફક્ત છ માસમાં કુલ રૂા.૩.૩૭ લાખની આવક થવા પામી છે. વર્ષની શરુઆતમાં કોમી તોફાનોની અશાંત પરિસ્થિતિના કારણે બુકીગ રદ થવાથી આવકમાં ઘટાડો નોંધાયેલ છે.

## પત્રક ૨.૧૬.૧

## સને ૨૦૦૨-૨૦૦૩ દરમ્યાન યોજેલ પ્રદર્શનોની માહિતી દર્શાવતુ પત્રક.

| અનં. | તારીખ | પ્રદર્શનનો પ્રકાર | પ્રદર્શન યોજનાર સંસ્થાનું નામ તથા સરનામું | મુલાકાતીઓની સંખ્યા | ભાડાની રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | તા.૨૦/૯/૦૨થી ૨૨/૯/૦૨ | આર્ટ વર્કશોપ (ચિત્ર કામ) | કેમલીન લિ.૫/૩૨ બ્લોક નં.૫ સ્વયં શક્તિ એપાર્ટ.વેજલપુર,અમદાવાદ- | ૧૫૦૦ | ૬૦૦ |
| ૨ | તા.૪/૧૦/૦૨થી ૬/૧૦/૦૨ | ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્ટ | વિનસ માર્કેટીંગ ૬૦૫,લાલભાઇ ચેમ્બર્સ ગુસાપારેખની પોળ માણેકચોક અમદાવાદ-૧ | ૭૦૦૦૦ | ૬૦૦૦૦ |
| ૩ | તા.૨૬/૧૦/૦૨થી ૨૮/૧૦/૦૨ | એક્વેરીયમ ફીશ પ્રદર્શન | ગુજરાત રાજ્ય મત્સ્યોદ્યોગ ખાતુ મત્સ્યભવન,પુષ્પકુંજ ચાર રસ્તા,કાંકરીયા અમદાવાદ-૮ | ૫૦૦૦૦ | ૬૦૦ |
| ૪ | તા.૧૬/૧૧/૦૨થી ૨૫/૧૧/૦૨ | એ હીસ્ટ્રી ઓફ ટુ ડે ફોટોગ્રાફી | નેધરલેન્ડ કાઉન્સીલ ફોર ટ્રેડ પ્રમોશન ૩૧,સંમતિ સોસા.નવરંગપુરા પોલીસ સ્ટેશન સામેઅમદાવાદ-૯ | ૮૦૦૦૦ | ૨૦૦૦ |
| ૫ | તા.૨૧/૧૧/૦૨થી૨૪/૧૧/૦૨ | એગ્રીફેર-૨૦૦૨ | સી.આઇ.આઇ ૨૦૩/૨૦૪સીયર્સ ટાવર ગુલબાઇ ટેકરા અમદાવાદ-૬ | ૧૦૦૦૦૦ | ૮૦૦૦૦ |
| ૬ | તા.૧૧/૧/૦૩ | સેમીનાર જમણવાર | ગુજરાત સ્ટેટ પ્લાસ્ટીક એસોસીએશન ૭મે માળ સ્પાન ટ્રેડ સેન્ટર પાલડી ચાર રસ્તા અમદાવાદ-૬ | ૪૦૦૦ | ૨૦૦૦૦ |
| ૭ | તા.૧૭/૧/૦૩થી ૨૫/૧/૦૩ | સમુહ લગ્નોત્સવ | સોળગામ લેઉઆ પટેલ સમુહ લગ્નોત્સવગામસમિતિ ટ્રસ્ટ અમદાવદ-૬ | ૨૫૦૦૦ | ૪૫૦૯ |
| ૮ | તા.૯/૨/૦૩ | ચિત્ર સ્પર્ધા | આર/૩ વિક્રમ એપાર્ટ.શ્રેયસ ક્રોસીગ પાસે આંબાવાડી અમદાવાદ-૯ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૯ | તા.૨૦/૨/૦૩ થી ૨૩/૨/૦૩ | તાન્તવી,કાપડ ડીઝાઇન પ્રદર્શન | વિવર્સ સર્વિસ સેન્ટર,ભારત સરકાર જથોમાળ પ્રિમીયર શોપીગ સેન્ટર મીરઝાપુર અમદાવાદ-૧ | ૬૦૦૦૦ | ૬૦૦૦૦ |
| ૧૦ | તાાં૧૪/૨/૦૩થી૧૬/૨/૦૩ | પેટ્રોમાઇનેક્સ | સી.આઇ.આઇ.૨૦૩/૨૦૪ સીયર્સ ટાવર,ગલબાઇ ટેકરા અમદાવાદ--૬ | ૧૨૦૦૦૦ | ૮૫૦૦૦ |
| ૧૧ | તા.૩/૩/૦૩ થી ૧૧/૩/૦૩ | ઈન્ડસ્ટ્રીયલ મશીનરી | વટવા ઈન્ડસ્ટ્રીયલ એસો. જી.આઇ.ડી.સી.વટવા અમદાવાદ-૫ | ૧૩૦૦૦૦ | ૧૪૫૦૯ |
| | કુલ | | | | ૩,૩૭,૪૧૮ |

# ૨.૧૭ વિજિલન્સ ખાતુ

અમદાવાદ મ્યુનિ.કોર્પો.ના વહીવટી વિભાગનાં તમામ ખાતાઓની નિયમિતતા બાબતની દેખરેખ વિજિલન્સ ખાતા દ્વારા કરવામાં આવે છે.વિજિલન્સ ખાતાની કામગીરીમાં અ.મ્યુ.કોર્પો.ના તમામ ખાતાની વહીવટી તથા ટેકનીકલ કામગીરી સંબધિત ખાતાના અધિકારી કે કર્મચારી વિરૂધ્ધ કરાતી ફરિયાદો અંગેની તપાસ તથા વિવિધ ખાતાઓની કામગીરીનું તેમજ કર્મચારીઓનું હાજરી ચેકિંગ સહિતની કામગીરીનો સમાવેશ થાય છે.આ કામગીરી બે વિભાગમાં વહેંચવામાં આવે છે. (અ )જનરલ (બ) ટેકનીકલ

**(અ) જનરલ :-**

મ્યુ.કોર્પોરેશનનાં તમામ ખાતાની વહીવટી કામગીરી ઉપર દેખરેખ જનરલ વિભાગ દ્વારા રાખવામાં આવે છે.વિજિલન્સ ખાતાની જનરલ કામગીરી ત્રણ આસી. મેનેજર દ્વારા કરવામાં આવે છે.

**(૧) આસી.મેનેજર જનરલ - ૧ :-**

વિજિલન્સ ખાતાની વહીવટી કામગીરી ઉપર દેખરેખ તેમજ વિજિલન્સ ટેક્ષ વિભાગના અધિકારી, શહેરમાં આવેલ તમામ કોમર્શીયલ સેન્ટર, ફેક્ટરીઓ, રહેઠાણની તપાસ કરી, જેની આકારણી કરવા પાત્ર હોય તેવા કિસ્સાની કાયદેસર આકારણી કરવા ટેક્ષ ખાતાને રીપોર્ટ મોકલવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન કુલ ૨૪૬ એન્ટ્રીઓનું ચેકીગ કરેલ છે.અહેવાલી વર્ષમાં સ્ટાફના અભાવે ઓક્ટ્રોય ચેકીગની કામગીરી કરી શકાઇ નથી.

**(૨) આસી.મેનેજર જનરલ ૨ :-**

હેલ્થ ડિપાર્ટમેન્ટ , રેફયુઝ, મેલેરીયા, સેનીટેશન, દવાખાના, મેટરનીટી હોમ, લેબોરેટરી, ફુડ ડીપાર્ટમેન્ટ, લાયબ્રેરી, સ્વીમીંગ પુલ, બાલભવન તથા ફાયર બ્રિગેડ વિ.ખાતાની વહીવટી કામગીરીની દેખરેખ, હાજરી ચેકીગની કામગીરી આસી.મેનેજર જનરલ-૨ દ્વારા કરવામાં આવે છે.

**(૩) આસી.મેનેજર જનરલ ૩ :-**

એકાઉન્ટ, એસ્ટેટ તથા ટી.ડી.ઓ.ની નોન ટેકનીકલ ફરિયાદોનો નિકાલ, વહીવટી કામગીરીની દેખરેખ, હાજરી ચેકિંગ વિગેરેને લગતી કામગીરી આસી.મેનેજર જનરલ -૩ દ્વારા કરવામાં આવે છે.

**(બ) ટેકનીકલ :-**

મ્યુનિ.કોર્પો.ના ટેકનીકલ ખાતાઓને લગતી ફરિયાદોનો નિકાલ આ વિભાગમાં થાય છે. ઈજનેર ખાતામાં લાયસન્સની કામગીરી માટે કુલ પાંચ ઝોનમાં પાંચ વિજિલન્સ ઓફિસરો(ટેક.) તથા ચાર ટેકનીકલ સુપરવાઇઝરોની નિમણૂંક કરવામાં આવેલ છે.તેઓશ્રી દ્વારા મ્યુનિ.કોર્પો.દ્વારા ટેન્ડરો મંગાવી કરાવવાના થતા કામોનું સુપરવીઝન,ફરીયાદોના નિકાલ તથા સ્ટાફની હાજરી ચેકીગની કામગીરી કરવામાં આવે છે.

એસ્ટેટ/ ટી.ડી.ઓ. ખાતાની કામગીરી માટે વિજિલન્સ ખાતે વિજિલન્સ ઓફીસર તથા સબ ઇન્સ્પેક્ટરની નિમણૂંક કરવામાં આવેલ છે. જેઓ સમગ્ર અમદાવાદ મ્યુનિ.કોર્પો.ની હદમાં થતાં ગેરકાયદેસર દબાણો તથા બાંધકામોને લગતી ફરીયાદોનો નિકાલ સ્ટાફની હાજરી ચેકીગની કામગીરી તેમજ કોઇ ગેરરીતિ અંગે આવેલ ફરીયાદોની તપાસ કરવામાં આવે છે.

લાઇટ,સેન્ટ્રલ વર્કશોપ,એસ.ટી.પી.,દૂધેશ્વર વોટર વર્કસ,ટયુબવેલ સ્ટેશનો તથા પંપીગ સ્ટેશનો તથા ફ્રેંચવેલોને લગતી કામગીરી માટે વિજિલન્સ ઓફીસર(ઇલે.એન્ડ મીકે.)ની નિમણૂંક કરવામાં આવેલ છે.જેઓ દ્વારા ઉપરોક્ત ખાતાઓને લગતી ફરીયાદોનો નિકાલ,સ્ટાફની હાજરી ચેકીગ તથા ગેરરીતિ અંગે આવેલ ફરીયાદોના નિકાલની કામગીરી ઉપરાંત વર્કશોપ તેમજ એ.એમ.ટી.એસ.ખાતા દ્વારા કરવામાં આવતી સ્ક્રેપ માલની હરાજી તથા

માલની ડીલીવરી સમયે હાજર રહી સુપરવીઝનની કામગીરી કરવામાં આવે છે.

**વિશિષ્ટ કામગીરી :-**

૧. અહેવાલી વર્ષમાં વિજિલન્સ ખાતામાં આવેલ ફરીયાદોની તપાસ કરી ૨૦ ફરીયાદોમાં તથ્ય જણાતાં આગળની જરૂરી કાર્યવાહી માટે ઇન્ડસ્ટ્રીયલ રીલેશન ખાતે જરૂરી કાર્યવાહી માટે સક્ષમ સત્તાની મંજુરીથી મોકલી આપેલ છે.તથા ફરીયાદો પૈકી ૬૦ ફરીયાદોમાં તથ્ય જણાતું ન હોવાથી સક્ષમ સત્તાની મંજુરીથી દફતરે કરવામાં આવેલ છે.

૨. શહેરની સુખાકારીને ધ્યાને લઇ શહેરને સુસ્વચ્છ બનાવવા માટે સફાઇ કામ સાથે સંકળાયેલ કર્મચારી/કામદારોનું અવારનવાર ૬૩ વખત ચેકીંગ કરી ૪૨૭૪ અનિયમિતતા અંગે સક્ષમ સત્તાની મંજુરીથી કામદારો સામે ખાતાકીય પગલાં લેવા માટ આઇ.આર. ખાતે મોકલવામાં આવેલ છે.

**૩.** અમદાવાદ મ્યુનિ.કોર્પો.સંચાલીત એલ.જી.હોસ્પિટલ,શા.ચી.લા.હોસ્પિટલ,અને વા.સા.જનરલ હોસ્પિટલમાં દાખલ થતા દર્દીઓ તથા ડૉક્ટર માટે હોસ્પિટલ રસોડામાં તૈયાર થતી ખાદ્યસામગ્રીનું સરપ્રાઇઝ ચેકીંગ કરી દૂધ,હળદર,ઘઉં જેવા ખાદ્ય પદાર્થના સેમ્પલ લઇ ઓછી ગુણવત્તાવાળા વેપારીઓને નોટીસ પાઠવી ખાદ્ય પદાર્થની ગુણવત્તા સુધારવાની કામગીરી કરાવેલ છે.

**૪.** વિજિલન્સ ખાતે ફરજ બજાવતા અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓની અન્ય ખાતે ફાળવણી થયેલ હોવા છતાં હયાત સ્ટાફ દ્વારા ડે.મ્યુનિ.કમિ.શ્રીના માર્ગદર્શન મુજબ જનરલ અને ટેકનીકલ વિભાગની તમામ કામગીરી અસરકારક રીતે બજાવી અગાઉના વર્ષો કરતાં વધુ ફરીયાદોના નિકાલ તથા અવારનવાર હાજરી ચેકીંગ/સેમ્પલ ટેસ્ટીંગ કરાવી જે તે ખાતા અને કર્મચારીઓની નિયમિતતા જળવાઇ રહે તે માટે જરૂરી પગલાં લેવાયેલ છે.

**૫.** ટેક્ષ મધ્યઝોનમાં જીનીંગ મીલમાં વિજિલન્સ તપાસ કર્યા સિવાયની મિલકતોની આકારણી કરાવી કોર્પોરેશનને અંદાજે ટેક્ષમાં રૂા.૧.૩૦ કરોડ રૂપિયાનો આર્થિક ફાયદો કાયમી ધોરણે કરાવી કસુરવારો સામે પગલાં લેવા ભલામણ કરેલ છે.

**પત્રક ૨.૧૭.૧**

**વિજિલન્સ જનરલ અને ટેકનીકલ વિભાગની સને ૨૦૦૨-૨૦૦૩ ની કામગીરી**

| અ.નં. | વિગત | જનરલ | ટેકનીકલ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | વર્ષની શરૂઆતની બાકી ફરિયાદો | ૨૦૭ | ૪૪૨ | ૬૪૯ |
| ૨ | વર્ષ દરમ્યાન નવી આવેલ ફરિયાદો | ૯૩ | ૧૧૦ | ૨૦૩ |
| | **કુલ ફરિયાદો** | **૩૦૦** | **૫૫૨** | **૮૫૨** |
| ૩ | વર્ષ દરમ્યાન તપાસેલ ફરિયાદો | ૬૫ | ૧૫ | ૮૦ |
| ૪ | વર્ષાન્તે બાકી ફરિયાદો | ૨૩૫ | ૫૩૭ | ૭૭૨ |

## ૨.૧૮ પબ્લિસિટી ખાતુ.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી યોજાનાર જાહેર સમારંભો, સન્માન સમારંભ, ઉદ્‌ઘાટન સમારંભ, જાહેર રસ્તા અને ચોકના નામાભિધાન સમારંભ, લોકાર્પણવિધિ, શિલારોપણ વિધિ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજન અંગેની કામગીરી તેમજ પ્રેસનોટ પ્રસિધ્ધી અને મ્યુ. કોર્પોના વિવિધ ખાતાઓના કામોને લગતી જાહેર ખબરો દૈનિકોમાં છપાવવા સંબંધી કામગીરી પબ્લિસિટી ખાતા દ્વારા થાય છે. ઉપરાંત મ્યુનિસિપલ કોર્પોરેશનના કામો સંબંધી દૈનિકોમાં પ્રસિધ્ધ થતા સમાચારોના પ્રેસકટીંગ મ્યુનિસીપલ કમિશ્નરશ્રી, મેયરશ્રી અને સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનશ્રી સમક્ષ રજૂકરી જે તે ખાતાને જરૂરી કાર્યવાહી માટે પબ્લિસિટી ખાતા દ્વારા જણાવવામાં આવે છે. લોકોપયોગી કામો માટે મ્યુનિસીપલ કોર્પોરેશનને મળતા અસામાન્ય દાનના સ્વીકાર અંગેની કામગેરી અત્રેથી કરવામાં આવે છે.

અહેવાલી વર્ષમાં મ્યુ. કોર્પો.ની સને ૨૦૦૩ની સાલની સચિત્ર ડેસ્ક ડાયરીઓ પ્રસિદ્ધ કરવામાં આવી હતી. જેને જાહેર જનતા તરફથી સારો પ્રતિસાદ મળેલ છે. આ ડાયરીમાં જુદા જુદા ખાતાની કામગીરી, જે અધિકારીઓનો સંપર્ક કરવો હોય તેમના નામ ફોન નંબરની વિગત, મ્યુ.કોર્પોરેશનમાં ચૂંટાયેલા હોદ્દેદારોના નામ, સરનામા, ફોન નંબર અન્ય સંસ્થાકીય ફોન નંબરો, રાજ્ય સરકારના અને પોલીસ ખાતાના અધિકારીઓના ફોન નંબર સહિતની માહિતી મ્યુ.ડાયરીમાં આવરી લેવામાં આવી છે.

ખાતા દ્વારા સંગીત ક્ષેત્રે, નાટય ક્ષેત્રે નિવૃત્ત થયેલા અશક્ત અને નબળા કલાકારોને આર્થિક સહાય અને વૈદકીય સારવારની મદદ કરવામાં આવે છે. આ યોજના અનુસાર અપાતા લાભોના અનુસંધાનમાં અહેવાલી વર્ષમાં રૂા.૧૦,૦૫૦/-ની સહાય ૧૬ કલાકારોને કરવામાં આવી છે.

અહેવાલી વર્ષમાં મ્યુ.કોર્પો.ના જુદા જુદા ખાતાઓ દ્વારા વિકાસ કામોને લગતી જાહેર ખબરો, ટેન્ડર નોટીસો ૬૬૮ જેટલી વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ કરવામાં આવી હતી. આ જાહેરખબરો છપાવવાનું કુલ ખર્ચ રૂા.૧૪૪.૩૨ લાખ થયું હતું. વર્ષ દરમ્યાન પ્રેસ કોન્ફરન્સના આયોજન, બજેટની પ્રેસ કોન્ફરન્સની તેમજ નાગરિકોને જાણ થાય તેવા સૂચનો-માહિતી રાખવા સંબંધી ખાસ પ્રેસ નોટ પ્રસિધ્ધ કરાવવાની વ્યવસ્થા ખાતા દ્વારા કરવામાં આવી હતી. આમ આ ખાતું પ્રચારનું એક માધ્યમ બનેલ છે. જાહેર આરોગ્યને લગતું લોક શિક્ષણ, મ્યુ.ટેક્ષ, મકાનના બાંધકામની લગતી સમજ દર્શાવતાં ૨૦ હોર્ડીંગ્સ ઉપર ડીઝાઇન સાથે સાહિત્ય પ્રકાશિત કરવામાં આવ્યું છે.

અહેવાલી વર્ષમાં શહેરના જુદા જુદા વોર્ડોમાં વિવિધ કામોના ઉદ્‌ઘાટન સમારંભો, પ્રતિમા અનાવરણવિધિ, નામાભિધાનવિધિ, ખાતમૂહૂર્તવિધિ, પ્રદર્શન, સાંસ્કૃતિક કાર્યક્રમ, સત્કાર સમારંભને લગતા ૪૮ જેટલા કાર્યક્રમોના આયોજન ખાતા દ્વારા થયા હતા. આ ફંકશનોના પ્રિન્ટિંગ, ફોટોગ્રાફીના કામો મહોત્સવ-ઉજવણીના તથા સ્વચ્છતા અને સ્વાસ્થસંબંધી જુદા જુદા સ્થળે પોસ્ટર, બેનરો-હોર્ડિંગ્સ વગેરે મૂકવાની વ્યવસ્થા ખાતા દ્વારા રૂા.૪.૭૧ લાખના ખર્ચે કરવામાં આવી હતી.

અ.મ્યુ.કોર્પો. દ્વારા કાંકરીયા તળાવની ફરતે વિખ્યાત કલાકારશ્રી દેવાંગ પટેલે અને ભાવના લાબડીયા ગ્રૃપ સાથે ગરબે રમીને લાખોની જનમેદનીએ "મેયર વિજયપદ્મ નગર ગરબા-૨૦૦૨" માં ભાગ લઇ એક નવો વિક્રમ સ્થાપ્યો હતો.

# ૨.૧૯ સેન્ટ્રલ સ્ટોર્સ

અમદાવાદ શહેરની જનતાની સુખસગવડો અને પ્રાથમિક જરૂરિયાતો પૂરી પાડવા અને શહેરના વિકાસ માટે અ.મ્યુ.કો.દ્વારા કરવામાં આવતા કામો માટે મ્યુ.સેન્ટ્રલ સ્ટોર્સ દ્વારા જરૂરી માલસામાન ખરીદવામાં આવે છે. મ્યુ.કોર્પો.નાં તમામ ખાતાઓને તેમનાં ઈન્ડેન્ટો મુજબ માલસામાન ઈશ્યુ કરવામાં આવે છે.જેથી ખાતાઓ દ્વારા વિકાસના તેમજ મરામત નિભાવના કામો કરવામાં સાનૂકૂળતા રહે છે.

અહેવાલી વર્ષમાં સેન્ટ્રલ સ્ટોર્સ ખાતા દ્વારા કુલ રૂા. ૫૪૭.૯૦ લાખનો માલસામાન ઈશ્યુ કરવામાં આવ્યો હતો. વર્ષે દરમ્યાન રૂા.૪૨૯.૪૬ લાખનો માલસામાન ખરીદ કરવામાં આવ્યો હતો.વર્ષની શરૂઆતમાં રૂા.૪૨૩.૯૫ લાખનો માલસામાન સ્ટોકમાં હતો. આમ વર્ષાંતે રૂા.૩૦૫.૫૦ લાખનો માલસામાન બાકી રહયો હતો. આ અંગેની છેલ્લા ત્રણ વર્ષની માહિતી પત્રક ૨.૧૯.૧ માં દર્શાવવામાં આવી છે.

મ્યુ.કોર્પો.નાં જુદા જુદા ખાતાઓની જરૂરિયાત મુજબ ઈન્ડેન્ટ દ્વારા સેન્ટ્રલ સ્ટોર્સમાંથી માલસામાન ઈશ્યુ કરવામાં આવે છે.અહેવાલી વર્ષમાં માસવાર કરેલ ખરીદી તથા ઈશ્યુની વિગતવાર માહિતી તથા ગતવર્ષની માહિતી સામેલ પત્રક ૨.૧૯.૨ માં દર્શાવવામાં આવી છે.

સેન્ટ્રલ સ્ટોર્સ મારફતે ઈજનેર ખાતા માટે બ્લેક ટેપ,મેટલ ગ્રીટ,કપચી ડસ્ટ તેમજ ક્વોરી સ્પાઉલ્સની ખરીદી કરવાનાં ટેન્ડરો સેન્ટ્રલ સ્ટોર્સ દ્વારા બહાર પાડી ખરીદીની મંજુરી મેળવી તે મુજબનો માલ બારોબાર ઈજનેર ખાતામાં મોકલવામાં આવે છે.અને તેનું પેમેન્ટ ઈજનેર ખાતા દ્વારા કરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં આમ કુલ ૨૮.૧૫ લાખની ખરીદી કરવામાં આવી છે. અત્રેના આવકજાવકના રજીસ્ટરો પ્રમાણે જુદા જુદા વિભાગ માટે છેલ્લા બે વર્ષમાં થયેલ ખરીદી તથા ઈશ્યુની માહિતી પત્રક ૨.૧૯.૩ માં દર્શાવેલ છે.

સેન્ટ્રલ સ્ટોર્સની ખરીદી મુખ્યત્વે ટેન્ડરો મંગાવીને કરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં આ ખાતાએ કુલ રૂા.૪૨૯.૪૬ લાખની ખરીદ કરી છે.છેલ્લા ત્રણ વર્ષની ખરીદી કરવા અંગે ટેન્ડરો,ઈન્કવાયરીઓ,ભાવમાંગની બજાર પરચેઝ કરવાની વિવિધ ખાતાઓની માંગણી સામેલ પત્રક ૨.૧૯.૪ માં દર્શાવી છે.

સમાચાર પત્રોમાં જાહેરખબર આપી ટેન્ડરો દ્વારા અને ભાવમાંગ દ્વારા ખરીદી કરવામાં આવે છે.બજાર કારકૂન દ્વારા રૂબરૂ જઈ ભાવ લાવીને નાની રકમની આઈટમો ની ખરીદી કરવામાં આવે છે. કેટલીક આઈટમો વાર્ષિક રેઈટ કોન્ટ્રાક્ટથી અને કેટલીક આઈટમોની ખરીદી વસ્તુઓનાં ઉત્પાદકો પાસેથી સીધી ખરીદવાનુ જરૂરી બને છે .જે મુજબ આર્થિક ફાયદા ઉપરાંત સારી ગુણવત્તાવાળો માલ મેળવી શકાય છે.મ્યુ.કોર્પો.ના જુદા જુદા ખાતાઓ દ્વારા પ્રિન્ટીગ કરાવવા અંગે આવતાં ઈન્ડેન્ટોના આધારે પ્રિન્ટીગ વિભાગ દ્વારા બહાર પાડવામા આવેલ પ્રિન્ટીગ કામ કરાવવા અંગેની ઈન્કવાયરીની સંખ્યાની છેલ્લા ત્રણ વર્ષની માહિતી પત્રક ૨.૧૯.૪ માં દર્શાવી છે.

સેન્ટ્રલ સ્ટોર્સનાં પ્રિન્ટીગ વિભાગ દ્વારા રૂ.૫૦૦૦/- ઉપરાંતના લેબરકામ માટે ટેન્ડરો કાઢવામાં આવે છે. મ્યુ.કોર્પો.નાં જુદા જુદા ખાતાઓમાં કામ કરતાં જે કર્મચારીઓને યુનિફોર્મ આપવાના હોય તેઓને સ્ટે.કમિટી ઠરાવ નં.૧૭૪૩ તા.૩૦.૧.૯૭ થી તથા મ્યુ.કોર્પો. ઠ.નં.૧૧૧૫ તા.૨૯.૩.૯૭ મુજબ ચોથા વર્ગના કાયમી તમામ કર્મચારીઓને દર બે વર્ષે ટેરીકોટન ડ્રેસ જોડ-૩ તથા પુરૂષ કર્મચરી તથા સ્ત્રી સફાઇ કામદારોને દર વર્ષે ટેરીકોટન ડ્રેસ જોડ-૨ આપવાની નીતી છે.આ અંગેની કાપડનીખરીદી સેન્ટ્રલ સ્ટોર્સખાતાના ડ્રેસ વિભાગ દ્વારા ટેન્ડરો તથા ઈન્ક્વાયરી કાઢી કરવામાં આવે છે. સેન્ટ્રલ સ્ટોર્સના જુદા જુદા વિભાગો દ્વારા મ્યુનિ.ખાતાઓમાં માલ ઈશ્યુ કરવામાં આવે છે તેની છેલ્લા ૩ વર્ષની ઈન્ડેન્ટોની સંખ્યાની વિભાગવાર માહિતી પત્રક ૨.૧૯.૫ માં દર્શાવી છે.

આમ, અહેવાલી વર્ષમાં સેન્ટ્રલ સ્ટોર્સ ખાતા દ્વારા સેન્ટ્રલ સ્ટોર્સની અને બીજા ખાતાઓ માટેની કુલ રૂા.૪૨૯.૪૬ લાખની ખરીદી કરવામાં આવી છે.જેના દ્વારા અમદાવાદ શહેરની જનતાની સુખાકારી અને પ્રાથમિક જરૂરિયાતોની સગવડો પુરી પાડવામાં મ્યુ.કોપો.ના સઘળા ખાતાઓને માલ ઇશ્યુ કરી ખાતાના કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક કામગીરી બજાવેલ છે.

### પત્રક ૨.૧૯.૧
### સેન્ટ્રલ સ્ટોર્સ ખાતાની છેલ્લા ત્રણ વર્ષની ખરીદી અને ઈશ્યુની માહિતી દર્શાવતુ પત્રક (રૂ. લાખમાં)

| અ.નં. | વર્ષ | ઉઘડતી સિલક | ખરીદી | ઈશ્યુ | બંધ સિલક |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ૨૦૦૦-૨૦૦૧ | ૪૯૧.૦૦ | ૧૪૧૯.૦૯ | ૧૨૯૭.૬૩ | ૬૧૨.૪૬ |
| ૨ | ૨૦૦૧-૨૦૦૨ | ૬૧૨.૪૬ | ૫૩૮.૩૬ | ૭૨૬.૮૭ | ૪૨૩.૯૫ |
| ૩ | ૨૦૦૨-૨૦૦૩ | ૪૨૩.૯૫ | ૪૨૯.૪૬ | ૫૪૭.૯૦ | ૩૦૫.૫૧ |

### પત્રક ૨.૧૯.૨
### છેલ્લા બે વર્ષમાં માસવાર ખરીદી અને ઈશ્યુની માહિતી દર્શાવતુ પત્રક (રૂા. લાખમાં)

| માસ | ૨૦૦૧-૨૦૦૨ | | ૨૦૦૨-૨૦૦૩ | |
|---|---|---|---|---|
| | ખરીદીની રકમ | ઈશ્યુની રકમ | ખરીદીની રકમ | ઈશ્યુની રકમ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| એપ્રિલ | ૧૬.૬૮ | ૧૪૯.૯૧ | ૮.૧૭ | ૩.૫૬ |
| મે | ૫૭.૩૧ | ૧૧૮.૨૦ | ૩.૬૨ | ૧૪.૯૭ |
| જૂન | ૧૦૩.૧૭ | ૭૯.૬૨ | ૩૨.૩૭ | ૧૦૩.૯૪ |
| જુલાઈ | ૪૩.૯૯ | ૭૧.૫૯ | ૧૦.૦૪ | ૪૧.૮૧ |
| ઓગષ્ટ | ૬૯.૬૧ | ૫૩.૬૮ | ૩૦.૪૮ | ૪૩.૩૫ |
| સપ્ટેમ્બર | ૪૮.૮૪ | ૬૦.૯૬ | ૨૩.૨૨ | ૩૧.૩૪ |
| ઓક્ટોબર | ૧૪૧.૯૬ | ૩૪.૫૨ | ૨૩.૫૦ | ૫૭.૧૧ |
| નવેમ્બર | ૧૪.૪૯ | ૨૨.૬૯ | ૩૯.૨૦ | ૪૧.૦૯ |
| ડીસેમ્બર | ૬.૮૫ | ૨૯.૯૬ | ૩૦.૬૩ | ૨૮.૮૨ |
| જાન્યુઆરી | ૧૫.૫૨ | ૪૮.૭૩ | ૫૭.૧૨ | ૩૨.૬૫ |
| ફેબ્રુઆરી | ૯.૪૫ | ૪૭.૨૨ | ૧૮.૮૨ | ૮૪.૮૧ |
| માર્ચ | ૧૦.૪૯ | ૯.૭૯ | ૧૫૨.૨૮ | ૬૪.૪૫ |
| એમ.જે.પુસ્તકાલય | - | - | - | ૦.૧૦ |
| સ્કુલ બોર્ડને સીધો ઈશ્યુ | - | - | - | ૦.૦૨ |
| **કુલ** | **૫૩૮.૩૬** | **૭૨૬.૮૭** | **૪૨૯.૪૫** | **૫૪૮.૦૨** |

**પત્રક ૨.૧૯.૩**
**જુદા જુદા વિભાગ પ્રમાણે છેલ્લા બે વર્ષમાં થયેલ ખરીદી તથા ઈશ્યુની માહિતી દર્શાવતુ પત્રક ( રૂ. લાખમાં)**

| અ.નં. | વિષય | ખરીદી | | ઈશ્યુ | |
|---|---|---|---|---|---|
| | | ૨૦૦૧-૦૨ | ૨૦૦૨-૦૩ | ૨૦૦૧-૦૨ | ૨૦૦૨-૦૩ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | કન્ટીજન્સી-૧ | ૩૪.૬૪ | ૧૯૧.૪૦ | ૪૮.૭૩ | ૫૭.૦૬ |
| ૨. | કન્ટીજન્સી-૨ | - | ૯.૨૫ | - | ૧૦.૯૭ |
| ૩. | પ્રિન્ટીગ | ૨૫.૦૫ | ૩૦.૨૦ | ૩૧.૯૭ | ૩૩.૯૭ |
| ૪. | હાર્ડવેર | ૮.૫૭ | ૧૮.૮૯ | ૧૫.૨૯ | ૧૯.૪૫ |
| ૫. | સીમેન્ટ | ૩૭.૪૧ | ૯.૩૦ | ૩૪.૬૭ | ૧૦.૫૪ |
| ૬. | ડ્રેસ | ૩૩.૭૯ | ૩૧.૯૬ | ૫૯.૯૨ | ૨૭.૯૭ |
| ૭. | સ્ટીલ | ૫.૯૨ | ૭.૯૦ | ૭.૨૪ | ૧૪.૩૦ |
| ૮. | સી.પી.સી. | ૩૯૨.૯૮ | ૧૩૦.૫૫ | ૫૨૯.૦૫ | ૩૭૩.૬૪ |
| | **કુલ** | **૫૩૮.૩૬** | **૪૨૯.૪૫** | **૭૨૬.૮૭** | **૫૪૭.૯૦** |

**પત્રક ૨.૧૯.૪**
**સેન્ટ્રલ સ્ટોર્સમાં છેલ્લા ૩ વર્ષ દરમ્યાન જુદા જુદા માધ્યમો દ્વારા કરેલ ખરીદીની સંખ્યાની માહિતી દર્શાવતુ પત્રક**

| અ.નં. | ખરીદીનું માધ્યમ | ૨૦૦૦-૦૧ | ૨૦૦૧-૦૨ | ૨૦૦૨-૦૩ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ટેન્ડર | | | |
| | અ.જનરલ | ૨૮૫ | ૧૪૫ | ૩૧૫ |
| | બ.ડ્રેસ | ૧૫ | - | - |
| ૨ | ભાવ માંગ | ૨૦ | ૮ | - |
| ૩ | ઈન્ક્વાયરી | | | |
| | અ.પ્રિન્ટીગ | ૪૪૨ | ૩૭૨ | ૪૦૫ |
| | બ.ડ્રેસ | ૨ | - | - |
| ૪ | બજારમાંથી રૂબરૂ ખરીદી | ૫૧ | ૮ | ૧૫ |

**પત્રક ૨.૧૯.૫**

**સેન્ટ્રલ સ્ટોર્સ દ્વારા જુદી જુદી આઈટમોનાં ઈશ્યુ થયેલ માલનાં ઈન્ડેન્ટની સંખ્યા ( છેલ્લા ૩ વર્ષની ) દર્શાવતુ પત્રક**

| અ.નં. | વિષય | ૨૦૦૦-૦૧ | ૨૦૦૧-૦૨ | ૨૦૦૨-૦૩ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | કન્ટીજન્સી | ૨૮૩૫ | ૩૩૨૧ | ૨૯૭૬ |
| ૨. | પ્રિન્ટીગ | ૫૭૭ | ૫૯૩ | ૫૪૦ |
| ૩. | હાર્ડવેર | ૧૧૯૭ | ૧૨૬૧ | ૫૭૭ |
| ૪. | સીમેન્ટ | ૭૮૯ | ૮૧૨ | ૩૯૮ |
| ૫. | ડ્રેસ | ૭૮૭ | ૧૨૦૨ | ૩૪૯ |
| ૬. | સ્ટીલ | ૪૫૭ | ૫૦૧ | ૪૦૧ |
| ૭. | સી.પી.સી. શીટ | ૨૯૫૪ | ૨૯૩૮ | ૨૧૫૬ |
| ૮. | એબ્સ્ટ્રેક્ટ | ૧૧૭૧૮ | ૭૪૪૭ | ૯૬૨૫ |
| | **કુલ** | **૨૧૩૧૪** | **૧૮૦૭૫** | **૧૭૦૨૨સ** |

# ૨.૨૦ ઈન્ડસ્ટ્રીયલ રીલેશન વિભાગ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા તેના કર્મચારીઓ વચ્ચે ઉભા થતાં ઔદ્યોગિક વિવાદો અંગેની કામગીરીનું વ્યવસ્થિત સંકલન તથા લેબર કોર્ટ તથા ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલમાં આવતા કેસોની કામગીરી તેમજ મ્યુ. કર્મચારીઓ વિરૂધ્ધની ખાતાકીય તપાસ અંગેની કામગીરી આ ખાતા દ્વારા કરવામાં આવે છે. આ કામગીરી મુખ્યત્વે લેબર સેલ તથા ઈન્કવાયરી સેલ એમ બે વિભાગમાં વહેંચાયેલી છે.

**(૧) લેબર સેલ :-**

આ વિભાગમાં લેબર ઓફિસર, આસી.મેનેજર (આઈ.આર.), વેલ્ફેર કમ લેબર ઓફિસરો તેમજ ખાતાની વહીવટી પાંખના ક્લેરીકલ સ્ટાફનો સમાવેશ થાય છે. જેઓ નીચે મુજબ કામગીરી કરે છે.

(અ) અ.મ્યુ.કોર્પો.માં મ્યુ.કર્મચારીઓનાં ૫૮ યુનીયનો છે. જેમના દ્વારા કર્મચારીઓના અનેકવિધ પ્રશ્નો રજૂ કરવામાં આવે છે. આ પ્રશ્નો અંગે સંબંધિત ખાતાની રીમાર્ક્સ મંગાવી યોગ્ય નિર્ણય લેવડાવવા કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. યુનીયનો દ્વારા અપાતી હડતાળની નોટીસ સંબંધીત કાર્યવાહીના અનુસંધાનમાં મ્યુ.કમિશનરશ્રી, ડે.મ્યુ. કમિશનરશ્રી સમક્ષ યુનીયનનાં પ્રતિનિધિઓ સાથે મીટીગોનું આયોજન આ સેલ દ્વારા કરવામાં આવે છે.

(બ) ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એક્ટ – ૧૯૪૭ ની જોગવાઈ હેઠળ લેબર કમિશનરશ્રીની કચેરીમાં મ્યુ. કર્મચારીઓની માંગણીઓ અંગે વિવિધ યુનિયનો દ્વારા સમાધાન કાર્યવાહીમાં જે ઔદ્યોગિક વિવાદ ઉપસ્થિત કરવામાં આવે છે. તે અંગે સંબંધિત ખાતાની રીમાર્કસ મેળવી, સક્ષમ સત્તા પાસે નિર્ણય લેવડાવી સમાધાન અધિકારીને જવાબ પાઠવવામાં આવે છે. અહેવાલી વર્ષમાં આવા ૩૯૨ કન્સીલીએશન કેસો મુકવામાં આવ્યા હતા તે તમામનાં જવાબો પાઠવવામાં આવ્યા હતા. જેમાંથી ૩૫૮ જેટલા કેસોનો નિકાલ થયેલ હતો.આ અંગેની વિગતવાર માહિતી પત્રક ૨.૨૦.૧માં આપવામાં આવેલ છે.

(ક) ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ, લેબરકોર્ટ, કન્ટ્રોલીગ ઓથોરીટી વિગેરેને રેફરન્સ થયેલ તથા અન્ય ઓથોરીટી સમક્ષના કેસોમા જે તે ખાતાઓમાંથી વિગતો મંગાવી મ્યુ.લેબર એડવોકેટશ્રી સંપર્કમાં રહી તેઓ પાસે લેખિત નિવેદનો તૈયાર કરાવી ઈન્ડસ્ટ્રીયલ તથા લેબરકોર્ટમાં ફાઈલ કરાવવામાં આવે છે. આ કોર્ટોમાં મુદતનાં દિવસે ખાતાનાં વેલ્ફેર કમ લેબર ઓફિસરો કોર્ટમાં હાજર રહી મ્યુ.લેબર એડવોકેટને મદદ કરે છે. મ્યુ.કોર્પો.ના કર્મચારી કે અધિકારીને મ્યુ.કોર્પો.તરફથી સાક્ષી આપવા હાજર રાખવાની વ્યવસ્થા પણ કરવામાં આવે છે. ઉપરાંત હાઈકોર્ટમાં ચાલતી સર્વિસ મેટરોની કામગીરી તથા લેબર કોર્ટ અને ટ્રીબ્યુનલનાં એવોર્ડ વિરૂધ્ધ અપીલ કરવાનું યોગ્ય જણાય તો તે અંગેની કાર્યવાહી ખાતા દ્વારા કરવામાં આવે છે.

અહેવાલી વર્ષની શરૂઆતમાં લેબર કોર્ટમાં ૩૧૫ કેસો પેન્ડીગ હતા. વર્ષ દરમ્યાન ૧૪૭ નવા કેસો દાખલ થયા હતાં. આમ કુલ ૪૬૨ કેસો પૈકી વર્ષ દરમ્યાન કુલ ૨૭ કેસોનો નિકાલ થયો છે.જયારે વર્ષાન્તે ૪૩૫ કેસો પેન્ડીગ રહયા છે. (પત્રક ૨.૨૦.૨) જયારે ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલમાં કુલ ૩૯૯ કેસો પેન્ડીગ હતા.વર્ષ દરમ્યાન નવા ૫૯ કેસો દાખલ થયા એમ કુલ ૪૫૮ કેસો પૈકી ૧૪૧ કેસોનો નિકાલ થતા વર્ષાન્તે ૩૧૭ કેસો બાકી રહયા હતા.આ અંગેની માહિતી પત્રક ૨.૨૦.૩માં દર્શાવેલ છે.

(ડ) ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એક્ટ-૧૯૪૭ ની કલમ ૨(પી) અન્વયે સમાધાન કરાવવાની કલમ ૩૩(૨)(બી) અન્વયે એપ્રુવલ એપ્લીકેશન કામગીરી તથા કલમ ૩૩(૩) અન્વયે યુનીયનનાં હોદ્દેદારોને રક્ષિત કામદાર તરીકે જાહેર કરવા અંગેની કાર્યવાહી આ ખાતા દ્વારા થાય છે. અહેવાલી વર્ષમાં ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ કલમ-૩૩ (૨)(બી) અન્વયે ખાતાકીય તપાસના અંતે બરતરફ કે દૂર કરાયેલ કર્મચારી સંબંધિત ૩૮ અરજીઓ ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ સમક્ષ ફાઈલ થઇ હતી અને રક્ષિત કામદારો અંગે કોઈ કામગીરી થઈ ન હતી.

(ઈ) કોન્ઝરવન્સી ખાતાનાં સફાઈ કામદાર નોકરી દરમ્યાન મૃત્યુ પામે અથવા અનફીટ થાય તેવા કેસમાં મ્યુ.કોર્પો.ની

નીતિ મુજબ તેમનાં આશ્રિતને નોકરી આપવાની કામગીરી આ વિભાગના વેલ્ફેર કમ લેબર ઓફિસર મારફતે હાથ ધરવામાં આવે છે. ગત વર્ષની ૧૪૩ અરજીઓ અને અહેવાલી વર્ષમાં આવેલ ૩૧૪ અરજીઓ મળી કુલ ૪૫૭ અરજીઓમાંથી ૧૮૨ કેસોમાં વારસદારને નોકરી આપવામાં આવતા,૪ કેસો નિતીમાં ન આવતા હોવાથી દફતરે કરવામાં આવેલ . બાકી ૨૭૧ અરજીઓની તપાસ બાકી રહેલ.

**(૨) ઈન્કવાયરી સેલ :-**

આ સેલમાં ૬ ઈન્કવાયરી ઓફિસરો, સંકલન અધિકારી(આઈ.આર.) તથા અન્ય ક્લેરીકલ સ્ટાફ ફરજ બજાવે છે.કર્મચારીઓની ફરજ પ્રત્યે બેદરકારી, નાણાંની ઉચાપત તથા અન્ય ગેરવર્તણુંક અંગે ખાતાકીય તપાસ કરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં સક્ષમ સત્તાના આદેશાનુસાર ૩૨૯ કેસોમાં ચાર્જશીટ, ૪૦૪ કેસોમાં શોકોઝ નોટીસ આપવામાં આવેલ, ૭૩ કેસોમાં કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવેલ. ૧૯૦ કેસોમાં ઈન્કવાયરી ઓફિસરોએ ઈન્ક્વાયરી પુરી કરી તેમનાં રીપોર્ટ સક્ષમ સત્તાને સુપ્રત કરેલ છે. જેના અનુસંધાનમાં ૨૦ કેસોમાં ૩ માસ માટે ૧ ઈન્ક્રીમેન્ટ , ૧૦ કેસોમાં ૬ માસ માટે ૧ ઈન્ક્રીમેન્ટ , ૧૫ કેસોમાં ૧ ઈન્ક્રીમેન્ટ ૧ વર્ષ ,૩ કેસોમાં ૧ ઈન્ક્રીમેન્ટ ૨ વર્ષ માટે, ૨૫ કેસોમાં ૧ ઈન્ક્રીમેન્ટ ભવિષ્યની અસર વગર રોકવાની,૬ કેસમાં ૧ ઈન્ક્રીમેન્ટ ભવિષ્યની અસર સાથે રોકવાની,૧ કેસમાં ૨ ઇન્ક્રીમેન્ટ ભવિષ્યની અસર સાથે રોકવાની કાયમી ધોરણે રોકવાની ,૨ કેસમાં ૨ ઇન્ક્રીમેન્ટ કાયમી ધોરણે રોકવાની,૨ કેસોમાં ૩ ઇન્કિમેન્ટ ભવિષ્યની અસર વિના રોકવાની,૨ કેસમાં ૩ ઇન્કિમેન્ટ કાયમી ધોરણે રોકવાની, ૧ કેસમાં ૫ ઇન્કિમેન્ટ નીચે ઉતારવાની ,૧૨ કેસોમાં દંડની શિક્ષા તેમજ ૨૦ કેસોમાં ચેતવણીની શિક્ષા તથા ૧૦ કેસોમાં પગારના લઘુત્તમ બેઝિક સ્તરે ઉતારવાની, ૩૮ કેસોમાં રીમુવલ/ડીસમીસ કરવાને હુકમો કરવામાં આવેલા છે.ઉપરાંત પોલીસ કેસ તથા લાંચ રૂશ્વત વિરોધી ખાતા દ્વારા માંગેલ જરૂરી માહિતી પુરી પાડવામાં આવે છે. સસ્પેન્ડ થયેલ કર્મચારી સંબંધે તેમના સબસીસ્ટન્સ એલાવન્સ અંગે મ્યુ. કોર્પો.ના નિયમાનુસાર સક્ષમ સત્તા પાસે નિર્ણય લેવડાવવાની કામગીરી કરવામાં આવે છે.

સેન્ટ્રલ ઓફિસ તથા વિજીલન્સ ખાતા દ્વારા મ્યુ.સ્ટાફનું અવારનવાર હાજરી ચેકીંગ કરી તેમાં ગેરહાજર માલુમ પડેલ કર્મચારીઓનો શોકોઝ નોટીસ દ્વારા ખુલાસો મેળવી કસુરદાર કર્મચારીને શિક્ષા કરવાની કામગીરી કરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં ગેરહાજર માલુમ પડેલ ૩૭૪ કર્મચારીઓને નોટીસ આપેલ. ૬૦ કર્મચારીઓને એક દિવસનાં પગાર જેટલી દંડની શિક્ષા, ૭૫ કર્મચારીઓને અડધા દિવસનાં પગારની રકમના દંડની શિક્ષા કરવામાં આવેલ તેમજ ૧૩ કર્મચારીઓને ચેતવણી આપવામાં આવેલ.૧૦ કર્મચારીઓનું૧ ઇન્ક્રિમેન્ટ ૬ માસ માટે રોકવા તેમજ ૬ કર્મચારીનું ૧ ઇન્ક્રિમેન્ટ ૧વર્ષ માટે રોકવા જેટલી શિક્ષા કરવામાં આવી છે.

વ્યક્તિગત મ્યુ.કર્મચારીઓના પ્રશ્નોના યોગ્ય નિકાલ થાય તે રીતે મ્યુ.કોર્પો. તથા કર્મચારીઓ વચ્ચે ઔદ્યોગિક સંબંધો જાળવવાનાં પ્રયત્નો કરવામાં આવે છે.વહીવટી તંત્રને મજૂર પ્રશ્નોનાં યોગ્ય માર્ગદર્શન અને સલાહ સૂચન આપવાનું આ ખાતાનું મુખ્ય ધ્યેય છે.

## પત્રક ૨.૨૦.૧
## ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એક્ટ ૧૯૪૭ અન્વયે જુદા જુદા યુનિયનો દ્વારા કન્સીલીએશન ઓથોરીટી સમક્ષ મુકવામાં આવેલ કેસોની છેલ્લા ત્રણ વર્ષની વિગત દર્શાવતુ પત્રક

| વર્ષ | વર્ષની શરૂઆતમાં બાકી કેસો | વર્ષ દરમ્યાન નવા દાખલ થયેલ કેસો | કુલ કેસો | વર્ષ દરમ્યાન નિકાલ થયેલ કેસો | વર્ષાંતે બાકી રહેલ કેસો |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | | | | | |
| ૨૦૦૦-૨૦૦૧ | ૪૩ | ૫૪ | ૯૭ | ૪૮ | ૪૯ |
| | | | | | |
| ૨૦૦૧-૨૦૦૨ | ૪૯ | ૩૬૭ | ૪૧૬ | ૨૭૦ | ૧૪૬ |
| | | | | | |
| ૨૦૦૨-૨૦૦૩ | ૧૪૬ | ૩૯૨ | ૫૩૮ | ૩૫૮ | ૧૮૦ |

## પત્રક ૨.૨૦.૨
## ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એક્ટ ૧૯૪૭ અન્વયે જુદા જુદા યુનિયનો દ્વારા લેબરકોર્ટ સમક્ષ મુકવામાં આવેલ કેસોની ત્રણ વર્ષની વિગત દર્શાવતુ પત્રક

| વર્ષ | વર્ષની શરૂઆતમાં બાકી કેસો | વર્ષ દરમ્યાન નવા દાખલ થયેલ કેસો | કુલ કેસો | વર્ષ દરમ્યાન નિકાલ થયેલ કેસો | વર્ષાન્તે બાકી રહેલ કેસો |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | | | | | |
| ૨૦૦૦-૨૦૦૧ | ૨૮૫ | ૨૭ | ૩૧૨ | ૪ | ૩૦૮ |
| | | | | | |
| ૨૦૦૧-૨૦૦૨ | ૩૦૮ | ૧૫ | ૩૨૩ | ૮ | ૩૧૫ |
| | | | | | |
| ૨૦૦૨-૨૦૦૩ | ૩૧૫ | ૧૪૭ | ૪૬૨ | ૨૭ | ૪૩૫ |

## પત્રક ૨.૨૦.૩
## ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટ ૧૯૪૭ અન્વયે જુદા જુદા યુનિયનો દ્વારા ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ સમક્ષ મુકવામાં આવેલ કેસોની વિગત દર્શાવતુ પત્રક

| વર્ષ | વર્ષની શરૂઆતમાં બાકી કેસો | વર્ષ દરમ્યાન નવા દાખલ થયેલ કેસો | કુલ કેસો | વર્ષ દરમ્યાન નિકાલ થયેલ કેસો | વર્ષાન્તે બાકી રહેલ કેસો |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | | | | | |
| ૨૦૦૦-૨૦૦૧ | ૪૨૭ | ૫૫ | ૪૮૨ | ૧૨૧ | ૩૬૧ |
| | | | | | |
| ૨૦૦૧-૨૦૦૨ | ૩૬૧ | ૧૦૮ | ૪૬૯ | ૭૦ | ૩૯૯ |
| | | | | | |
| ૨૦૦૨-૨૦૦૩ | ૩૯૯ | ૫૯ | ૪૫૮ | ૧૪૧ | ૩૧૭ |

## પત્રક ૨.૨૦.૪
## ઈન્કવાયરી સેલની કામગીરી દર્શાવતુ પત્રક

| અનુ. નં | વિગત | ૨૦૦૦-૦૧ | ૨૦૦૧-૦૨ | ૨૦૦૨-૦૩ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | | |
| ૧ | કર્મચારીઓને આપેલ શોકોઝ નોટીસની સંખ્યા | ૨૬૮ | ૮૯૩ | ૪૦૪ |
| ૨ | કર્મચારીઓને આપેલ ચાર્જશીટની સંખ્યા | ૧૬૯ | ૨૧૩ | ૩૨૯ |
| ૩ | સસ્પેન્ડ કરવામાં આવેલ કર્મચારીઓની સંખ્યા | ૫૪ | ૭૩ | ૭૩ |
| ૪ | હાજરી ચેકીગમાં ગેરહાજર માલુમ પડેલ કર્મચારીઓને આપેલ નોટીસની સંખ્યા | ૧૫૬૬ | ૫૩૬ | ૩૭૪ |
| ૫ | ૧ દિવસના પગારનાં દંડની શિક્ષા કરેલ કર્મચારીઓની સંખ્યા | ૯૦ | ૯૭ | ૬૦ |
| ૬ | ૧/૨ દિવસના પગારનાં દંડની શિક્ષા કરેલ કર્મચારીઓની સંખ્યા | ૨૦૫ | ૧૬૯ | ૭૫ |

**પત્રક ૨.૨૦.૫**

**નોકરી દરમ્યાન મૃત્યુ પામનાર કે અનફીટ થતાં સફાઈ કામદારનાં આશ્રિતને મ્યુ.નિતી- નિયમ મુજબ અપાયેલ નોકરીની છેલ્લા ૩ વર્ષની માહિતી દર્શાવતુ પત્રક**

| વર્ષ | ગતવર્ષની બાકી અરજીઓ | વર્ષ દરમ્યાન નવી આવેલ અરજીઓ | કુલ અરજીઓ | મંજુર કરેલ અરજીઓ | નામંજુર કરેલ અરજીઓ | વર્ષાન્તે બાકી અરજીઓ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | | | | | | |
| ૨૦૦૦-૨૦૦૧ | ૭૦ | ૨૭૨ | ૩૪૨ | ૨૦૦ | ૧૨ | ૧૩૦ |
| | | | | | | |
| ૨૦૦૧-૨૦૦૨ | ૧૩૦ | ૨૫૪ | ૩૮૪ | ૨૨૯ | ૧૨ | ૧૪૩ |
| | | | | | | |
| ૨૦૦૨-૨૦૦૩ | ૧૪૩ | ૩૧૪ | ૪૫૭ | ૧૮૨ | ૪ | ૨૭૧ |

# ૨.૨૧ સેન્ટ્રલ પુલ ઓફ ટાઈપીસ્ટ

મ્યુનિ.કોર્પોરેશનનાં જુદા જુદા ખાતાઓ જેવા કે એસ્ટેટ, ટાઉન ડેવેલપમેન્ટ, સેન્ટ્રલ ઓફિસ, લીગલ, ટેક્ષ, સેન્ટ્રલ રેકર્ડ, બગીચા, સી.એન.સી.ડી., સ્લોટર હાઉસ, ઝૂ, બાલવાટીકા, બાલભવન, મધ્યઝોન, વિગેરે ખાતાઓ દ્વારા કેન્દ્ર સરકાર, રાજય સરકાર તેમજ વિભાગીય કચેરીઓ તથા સંસ્થા સાથે જે પત્રવ્યવહાર કરવામાં આવે છે. તેના પત્રો જુદી જુદી માહિતીઓ, પત્રકો, ટેન્ડર ફોર્મ, સરકયુલરો ટાઈપ કરવાની કામગીરી આ ખાતા દ્વારા કરવામાં આવે છે. ઉપરાંત રાજય સરકારના અધિકારીઓ સાથે યોજાતી જુદી જુદી મીનીટસ અત્રે ટાઈપ કરવામાં આવે છે. મ્યુ. કોર્પો.નાં સેન્ટ્રલ રેકર્ડ ખાતાની દરરોજ ૭૫ થી ૧૦૦ નકલો ટાઈપ કરવાની કામગીરી ટાઈપીસ્ટ પુલ ખાતે કરવામાં આવે છે. મધ્યઝોન ખાતાનાં ટેન્ડર ફોર્મ, એબસ્ટ્રેકટ ફોર્મ, જરૂરી મંજૂરીઓ ટાઈપ કરવામાં આવે છે. જે ખાતાઓમાં ટાઈપીસ્ટની જગા નથી અથવા ટાઈપીસ્ટ રજા ઉપર હોય તેવા ખાતાની ટાઈપની કામગીરી આ ખાતા દ્વારા કરવામાં આવે છે.

ઉપરાંત ખાતામાં આવેલ ઝેરોક્ષ મશીનો તેમજ કોપી પ્રિન્ટર મશીનો દ્વારાં કોર્પોરેશનનાં તમામ ખાતાઓની ઝેરોક્ષ તેમજ પ્રિન્ટરને લગતી કામગીરી કરવામાં આવે છે.અહીં સરેરાશ દરરોજની ૨૦૦૦ થી ૨૫૦૦ જેટલી કોપીઓ કાઢવામાં આવે છે. સેન્ટ્રલ ઓફિસ તથા નાણાં ખાતાના સરકયુલરો, જી.ડી.એસ.ટી.ની કોપીઓ તેમજ અન્ય ખાતાઓની જરૂરી નોંધો તેમજ માહિતીની કોપી પ્રિન્ટર ઉપર નકલો કાઢવામાં આવે છે. કોપી પ્રિન્ટર મશીનો બલ્કમાં કોપીઓ નિકળે છે.ઉપરાંત અત્રેના ફેકસ મશીન દ્વારાં રાજય સરકારમાં,કેન્દ્ર સરકારમાં, જુદી જુદી અર્ધસરકારી કચેરીઓમાં, સંસ્થાઓમાં પત્રવ્યવહાર પણ કરવામાં આવે છે. કોર્પોરેશનનાં તમામ ખાતાનું સાયકલોસ્ટાઈલ (ડુપ્લીકેટીગનું) કામ આ ખાતામાં થાય છે.

મ્યુ. કોર્પોરેશનના જુદા જુદા ખાતાઓમાં ફરજ બજાવતા ટાઈપીસ્ટો અને સ્ટેનોગ્રાફરોને કોમ્પ્યુટરની તાલીમ કોમ્પ્યુટર ખાતાના સહયોગ દ્વારા કોમ્પ્યુટરની તાલીમ આપવામાં આવેલ છે. જે ખાતામાં કોમ્પ્યુટર મુકવામાં આવેલ છે તે ઉપર ટાઈપીસ્ટો-સ્ટેનોગ્રાફરો કોમ્પ્યુટર ઉપર પોતાની કામગીરી બજાવે છે.

# ૨.૨૨ ચીફ ઓડિટ ખાતુ

સ્ટેન્ડીંગ કમિટીના સીધા વહીવટ હેઠળ ચીફ ઓડિટ ખાતાના વડાની કામગીરી ચીફ ઓડિટરશ્રી સંભાળે છે,ચીફ ઓડિટખાતાની કામગીરી નીચે મુજબ પેટા વિભાગમાં વહેચાયેલી છે.

એ – ડે.મ્યુ.ચીફ ઓડિટર(મુખ્ય ઓફિસ)

(૧) એસ્ટાબ્લીશમેન્ટ ગ્રુપ

(૨) વાર્ષીક અહેવાલ

(૩)ઓકટ્રોય/એફ ફોર્મ

(૪)પૂર્વઝોન(પોસ્ટ ઓડિટ)

બી - ડે. મ્યુ.ચીફ ઓડિટર (એ.એમ.ટી.એસ.)

(૧) પ્રિ.ઓડિટ (એ.એમ.ટી.એસ.)

(૨) પોસ્ટ ઓડિટ(એ.એમ.ટી.એસ.)

(૩) શેઠ વા.સા.હોસ્પિટલ

(૪)એમ.જે.લાયબ્રેરી-પ્રી-ઓડિટ

(૫)એમ.જે.લાયબ્રેરી-પોસ્ટ-ઓડિટ

(૬)દ.ઝોન પોસ્ટ ઓડિટ

(૭)એ.એમ.ટી.એસ./વા.સા.હોસ્પિટલ/મા.જે.પુસ્તકાલયઅહેવાલગ્રુપ

(૮)વાઉચર ગ્રુપ/એકાઉન્ટ ગ્રુપ

સી-આસી.મેનેજરશ્રી(મુખ્યઓફીસ)

(૧)કોમ્પ્યુટરગ્રુપ

(૨)ઈજનેરગ્રુપ

(૩)મધ્યઝોન પોસ્ટ ઓડિટ

ડી-આસી.મેનેજરશ્રી(આઉટ ડોર)

(૧)ઉત્તર ઝોન પોસ્ટ ઓડિટ

(૨)આઉટ ડોર પોસ્ટ ઓડિટ

મ્યુ.કોર્પોરેશનના તથા ટ્રાન્સપોર્ટ ફંડના, વા.સા.હોસ્પિટલ અને મા.જે.પુસ્તકાલયની તમામ પ્રકારની આવક તથા ખર્ચના હિસાબી રેકર્ડનું ઓડિટ કરવાનું તથા એમ.જે.લાયબ્રેરી તથા એ.એમ.ટી.એસ. ના એસ્ટાબ્લીશમેન્ટ સિવાયના ખર્ચના તમામ બીલોનું એટલે કે વેપારીઓ તથા કોન્ટ્રાકટરોના બીલોનું પ્રિ. ઓડિટ કરવામાં આવે છે. તથા રોડ નાકાઓ મારફતે વસૂલ થતી ઓકટ્રોય ડયુટીના કકરન્ટ ઓડિટની કામગીરી આ ખાતા દ્વારા કરવામાં આવે છે. મ્યુ.કોપોરેશનનાં જુદા જુદા સ્ટોર્સ નાં સ્ટોર્સનું ફીઝીકલ વેરીફીકેશન અત્રેથી થાય છે.

અહેવાલી વર્ષ દરમ્યાન આ ખાતા દ્વારા લેવાયેલ જુદા જુદા ખાતાઓનાં વાંધાઓના ઝડપી નિકાલ અર્થે , જુદા જુદા સરકયુલર કરી, ખાતાઓની રૂબરૂ મુલાકાત લઈ વાંધાના નિકાલ અર્થે જરૂરી માર્ગદર્શન આપવા માટે સ્ટાફને મોકલી વર્ષના અંતે કોર્પોરેશનના ૬૬૨૧૫ અ.મ્યુ.ટ્રા.સ.ના ૧૯૧૪,મા.જે.પુસ્તકાલયના ૧૮૧૮ તથા વા.સા.હોસ્પીટલના ૩૬૮૮ જેટલા વાંધાઓ નિકાલ થયા વગરના બાકી રહેલ છે.આ અંગે વિગત દર્શાવતું પત્રક ૨.૨૨.૧ સામેલ કરેલ છે.

અહેવાલી વર્ષમાં વાંધા નિકાલઅને ફોલો અપ કારણે કોર્પોરેશનની રૂા.૧૭.૪૮ લાખ, અ.મ્યુ.ટ્રા.સ.ને રૂા.૦.૫૪ લાખ, મા.જે.પુસ્તકાલયની રૂા.૦.૦૭ મળી કુલ રૂા.૧૮.૦૮ લાખ જેટલી રકમનો સંસ્થાને આર્થિક ફાયદો થયેલ છે.

જુદા જુદા ખાતા દ્વારા પાડેલ ખર્ચ તથા આવેલ આવક અંગેના વાઉચરોનું ટ્રેસીંગ, સ્ક્રુટીની કરી, તે અંગેની વિગતોએકત્ર કરી તથા વાર્ષિક અહેવાલ તૈયાર કરી સ્ટે.કમિટીમાં તથા ટ્રાન્સપોર્ટ કમિટીમાં તથા એમ.જે.લાયબ્રેરી,વ્યવસ્થાપક મંડળ તથા વી.એસ.હોસ્પિટલ બોર્ડ સમક્ષ રજુ કરવામાં આવે છે.

આમ આ ખાતાની કામગીરીના કારણે મ્યુ.કોર્પોરેશનના તમામ ખાતાઓની સ્વચ્છ અને સરળ કામગીરી મેળવી શકાય છે.

**પત્રક ૨.૨૨.૧**
**મ્યુ.કોર્પો.એ.એમટી.એસ.,વી.એસ.હોસ્પીટલ તથા મા.જે  લાયબ્રેરીના બાકી વાંધા દર્શાવતું પત્રક**

| વિગત | ૨૦૦૦/૦૧ | ૨૦૦૧/૦૨ | ૨૦૦૨/૦૩ |
|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** |
| **મ્યુ.કોર્પોરેશન** | | | |
| વર્ષની શરૂના વાંધા | ૬૫૦૭૮ | ૬૬૦૦૬ | ૬૬૮૩૫ |
| નવા નિકળેલ વાંધા | ૫૦૩૦ | ૩૨૮૧ | ૩૯૪૩ |
| કુલ | ૭૦૧૦૮ | ૬૯૨૮૭ | ૭૦૭૭૮ |
| દફતરે થયેલ વાંધા | ૪૧૦૨ | ૨૪૫૨ | ૪૫૬૩ |
| વર્ષાન્તે બાકી વાંધા | ૬૬૦૦૬ | ૬૬૮૩૫ | ૬૬૨૧૫ |
| **અ.મ્યુ.ટ્રા.સ.** | | | |
| વર્ષની શરૂના વાંધા | ૧૨૫૬ | ૧૪૮૬ | ૧૬૭૫ |
| નવા નિકળેલ વાંધા | ૧૩૧૫ | ૧૪૨૫ | ૯૩૬ |
| કુલ | ૨૫૭૧ | ૨૯૧૧ | ૨૬૧૧ |
| દફતરે થયેલ વાંધા | ૧૦૮૫ | ૧૨૩૬ | ૭૦૦ |
| વર્ષાન્તે બાકી વાંધા | ૧૪૮૬ | ૧૬૭૫ | ૧૯૧૧ |
| **વા.સા.હોસ્પીટલ** | | | |
| વર્ષની શરૂના વાંધા | ૨૭૪૩ | ૩૦૨૭ | ૩૩૨૫ |
| નવા નિકળેલ વાંધા | ૪૧૩ | ૩૦૯ | ૩૭૧ |
| કુલ | ૩૧૫૬ | ૩૩૩૬ | ૩૬૯૬ |
| દફતરે થયેલ વાંધા | ૧૨૯ | ૧૧ | ૮ |
| વર્ષાન્તે બાકી વાંધા | ૩૦૨૭ | ૩૩૨૫ | ૩૬૮૮ |
| **મા.જે. પુસ્તકાલય** | | | |
| વર્ષની શરૂનાવાંધા | ૧૭૬૭ | ૧૭૪૩ | ૧૭૬૬ |
| નવા નિકળેલ વાંધા | ૨૫૯ | ૨૧૭ | ૫૬ |
| કુલ | ૨૦૨૬ | ૧૯૬૦ | ૧૮૨૨ |
| દફતરે થયેલ વાંધા | ૨૮૩ | ૧૯૪ | ૪ |
| વર્ષાન્તે બાકી વાંધા | ૧૭૪૩ | ૧૭૬૬ | ૧૮૧૮ |

## ૨.૨૩ હેરીટેજ વિભાગ :-

૬૦૦ વર્ષ પુરાણા ઐતિહાસીક એવા અમદાવાદ શહેરમાં ભારતીય શૈલીના કેટલાક જગવિખ્યાત ઈસ્લામીક સ્થાપત્યો ઉપરાંત બેનમૂન હિન્દુ અને જૈન મંદિરો આવેલા છે. તેના આ સ્થાપત્ય વારસામાં લાકડાની કોતરણીયુકત ઈમારતો મહત્વનું સ્થાન ધરાવેછે.આ શહેરના પ્રાચીન નગર આયોજનમાં સંખ્યાબંધ પોળોની બાંધણી અને જીવનશૈલીની આગવી વિશિષ્ટતા છે.અમદાવાદ શહેરના ગૌરવવંતા વારસાની શહેરના નાગરિકોને તેમજ વિદેશી પ્રવાસીઓને તેની જાણકારી થાય તેમજ આ મહામૂલા વારસાને જાળવી રાખવા તેમજ તેને ટકાવી રાખવા અંગે નાગરિકોમાં જાણકારી વધે તેમજ પરસ્પર સહકારથી તેનો ઉતરોત્તર વિકાસ થાય તે હેતુથી અ.મ્યુ.કો. દ્વારા હેરીટેજ પ્રોગામની રચના કરવામાં આવેલી છે.

અહેવાલી વર્ષમાં હેરીટેજ વિભાગની કામગીરી નીચે મુજબ રહેલ છે.

(૧) **હેરીટેજ વોકીંગ ટૂર :-** શહેરના કોટ વિસ્તારમાં આવેલ કોતરણીવાળા મકાનો, ઐતિહાસીક સ્થાપત્યો, મંદિરોનો પગપાળા ચાલીને ગાઈડ મારફતે પરિચય કરાવવા અંગે હેરીટેજ વોકીંગ ટુરનું આયોજન કરવામાં આવેલ છે.આ વોકીંગ ટુર શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુરથી દરરોજ સવારે ૮ વાગે પ્રથમ સ્લાઈડ શો બતાવ્યા બાદ શરૂ કરવામાં આવે છે. અને નકકી કરેલા રૂટ ઉપરના રસ્તેથી પસાર થઈ જુમ્મા મસ્જિદ ખાતે આ ટુર સમાપ્ત થાય છે.શહેરના નાગરિકો તેમજ વિદેશી પ્રવાસીઓ આ યાત્રામાં જોડાઈ શહેરના ગૌરવવંતા વારસા અંગે અચરજ, અહોભાવ સાથે સંતોષની લાગણી વ્યક્ત કરે છે.

(૨) **કવિ શ્રી દલપતરામનું નિવાસસ્થાન :-** ગુજરાતી ભાષાના મહાન કવિ અને સમાજસુધારક કે જેઓ લાંબેશ્વરની પોળમાં રહેતા હતા તે જમીનદોસ્ત થયેલ મકાનમાં મ્યુ.કોર્પોરેશને સ્વામિનારાયણ મંદિર કાલુપુરના સહકારથી કાંસાની પ્રતિમા પ્રસ્થાપિત કરેલ છે. તેમના જન્મ દિન ૨૧, જાન્યુઆરીના રોજ તત્કાલીન મેયરશ્રીના હસ્તે તેઓને પુષ્પાંજલીનો કાર્યક્રમ તેમજ કવિશ્રીના સ્મારક અંગેના બ્રોચરનો વિમોચન કરવામાં આવેલ.

(૩) **હેરીટેજ રેગ્યુલેશન્સ ફોર વોલ્ડ સીટી ઓફ અમદાવાદઃ-** હેરીટેજ રેગ્યુલેશન્સ ફોર વોલ્ડ સીટી અમદાવાદનો મુસદ્દો તૈયાર કરી રાજ્ય સરકારમાં ચકાસણીઅર્થે તેમજ અન્ય મહાનુભાવોને સૂચનો માટે મોકલવામાં આવેલ છે.

(૪) **ચબૂતરાઃ-** લગભગ દરેક પોળમાં પક્ષીઓને દાણા ચણવા માટે ચબૂતરા અને પરબડી આવેલા હોય છે. આવા ચબૂતરાઓ લાકડાની કોતરણી દ્વારા કે ચણતરથી તૈયાર કરેલા હોય છે. આવા અદ્દભૂત નકશીકામવાળા ચબૂતરાઓનું રીપેરીંગ કરવા આયોજન કરેલ છે. જેના ભાગરૂપે દરીયાપુર દરવાજા બહાર આવેલ ચબૂતરાને ખસેડવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જેમાં ફ્રાંસ સરકાર તરફથી આવેલ આર્કીટેક્ટનો સહયોગ લેવામાં આવેલ હતો.જેમાં રૂા.૧.૪૫લાખનો ખર્ચ થયો છે.

(૫) **માણેક બુરજઃ-** એલીસપુલ પહોળો કરી નવો વિવેકાનંદપુલ તૈયાર કરવા માટે માણેક બુરજનો કેટલોક ભાગ ઉતારી લેવાની જરૂર પડી હતી. જેને સાવધાનીપૂર્વક ઉતરાવી લઈ તેજ મટીરીયલ દ્વારા પુનઃસ્થાપન કરવા માટે રૂા.૨૦ લાખનો પ્રોજેક્ટ તૈયાર કરેલ છે. જેના ભાગ રૂપે પ્રથમ તબક્કા માટે રૂા.૫ લાખ શ્રી સ્વામીનારાયણ મંદિર સહયોગ કરવાની છે. તેનું કામ ટૂંક સમયમાં ચાલુ કરવામાં આવશે. તેમજ તેના માટે વિવિધ સંસ્થાઓ પાસેથી નાણાં મેળવવામાં આવશે.

(૬) **દ્વારકાધીશ મંદિરનું પુનઃસ્થાપન :-** સને ૧૪૧૨માં બાંધવામાં આવેલ રાયપુર વિસ્તારના વૈષ્ણવ સંપ્રદાયના દ્વારકાધીશ મંદિરના પુનઃસ્થાપન માટે કોર્પો. તરફથી આયોજન કરવામાં આવેલું અને તેને વર્લ્ડ મોન્યુમેન્ટ જાહેર કરવા રજુઆત કરવામાં આવતાં તેને માન્ય રાખી તેના રીપેરીંગ માટે આર્થિક સહાય વર્લ્ડ મોન્યુમેન્ટ ફંડ તરફથી મંજુર કરવામાં આવેલ છે. જેના માટે વર્લ્ડ મોન્યુમેન્ટસ મારફતે રૂા.૮૦ લાખની સહાય મેળવવામાં આવેલ તે રૂપિયા તેના રોસ્ટોરેશન માટે મેળવવામાં આવશે.

(૭) **સ્લાઇડ પ્રોજેક્ટઃ-** અમદાવાદ શહેરના સ્થાપત્ય વારસામાં લાકડાની કોતરણીયુક્ત ઈમારતો મહત્વનું સ્થાન ધરાવે છે.આવી ઈમારતો અંગે સ્લાઇડ તૈયાર કરાવી વોકીંગ ટુરના પ્રવાસીઓને પ્રોજેકટરમારફત સ્ક્રીન પર બતાવવામાં આવે છે.જુની ઘસાઇ ગયેલી સ્લાઇડોના સ્થાને નવી સ્લાઇડો બનાવવાની કામગીરી આસી.આર્કિટેક્ટ દ્વારા હાલમાં ચાલુ છે.

(૮) **ઓટોરીક્ષા ટુરઃ-** શહેર અને વિદેશના પ્રવાસીઓને ઓટોરીક્ષા દ્વારા અમદાવાદ શહેરની ઐતિહાસીક ઈમારતો તેમજ જોવાલાયક સ્થળો બતાવવા અંગે આયોજન કરવામાં આવેલ.બતાવવા લાયક સ્થળો અંગે માહિતીસાથેનું બ્રોશર,ઓટોરીક્ષા ઉપર લગાડવાના થતા સ્ટીકર,પ્રવાસીઓને આપવાની ટીકિટો અંગેનું સાહીત્યનુંડીઝાઇન,કલર વિ. નક્કી કરી તૈયાર કરાવવા અંગે સૈધ્ધાતિકમંજુરી મળેલ છે.

(૯) **વોલીન્ટીયર્સ/ગાઇડ ટ્રેનિંગ પ્રોજેક્ટઃ-** શહેરની ઐતિહાસીક ઈમારતો,જોવાલાયક સ્થળો અને સ્મારકો અંગે જાણકારી આપવા વ્યાખ્યાનો તથા સેમિનારનું આયોજન તથા શહેરની આજુબાજુ આવેલા સ્થળો જેવાકે અડાલજની વાવ,મોઢેરાનું સૂર્ય મંદિર,લોથલ વિ.નું સ્થળ નિદર્શન દ્વારા માર્ગદર્શન આપવા ટ્રેનિંગ પ્રોજેક્ટનું આયોજન કરવાનું નક્કી કર્યુ છે.જેમાં વિષય નિષ્ણાત દ્વારા પરિચય ાાપતા વ્યાખ્યાનો તથા સેમિનારનું આયોજન કરવામાં આવશે.

(૧૦) મ્યુનિ.કોર્પો.તરફથી નવા બાંધકામ તથા રીપેરીંગ માટે કોર્પો.ના ખર્ચે પાલક ખરીદવાનું આયોજન કરવામાં આવેલ છે.

(૧૧) ભુકંપથી મ્યુનિ. શાળાઓને થયેલ નુકસાન અંગે રીપેરીંગ કે નવું બાંધકામ આપવા અંગે-ભૂકંપથી કેટલીક મ્યુનિ.શાળાઓના મકાનો અંગે સર્વે કરાવી કઇ કઇ શાળામાં રીપેરીંગ કે નવું બાંધકામ કરવાનું છે તે અંગે ખર્ચનો અંદાજ તૈયાર કરી ૧૨ શાળાઓમાં રીપેરીંગ કરાવવા અંગે રૂા.૨૮લાખના ખર્ચે સ્ટે.કમિટિએ મંજુરી આપેલ છે.ત્યાર બાદ મ્યુનિ.જનરલ બોર્ડની મંજુરી મળતાં તે મુજબ રીપેરીંગ કોર્પો.ના ખર્ચે કરાવેલ છે.

(૧૨) **સંભવ –૩** :- અ.મ્યુ.કોર્પો.અને ફ્રાન્સ સરકારના પ્રતિનિધિઓ આઇ.આઇ.એમ.,ઇન્ટેક અને એક્ષપર્ટ આર્કિટેક્ટોના સહયોગથી સંભવ-૩નું આયોજન કરવામાં આવેલ.જેમાં રેવીટાલાઇઝેશન ઓફ વોલેડ સીટી ઓફ અમદાવાદ વિષય પર ચર્ચા કરવામાં આવેલ અને જરૂરી સૂચનો કરવામાં આવેલ.

(૧૩) **નાટકનું આયોજનઃ-** અ.મ્યુ.કો.અને સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે પોળ એટલેમોળું દહીં ને ઉપર કટકો ગોળ નાટક શહેરની પોળોમાં બતાવવામાં આવેલ.

(૧૪) **વિશ્વ વારસા દિનની ઉજવણીઃ-** તા.૨૭સપ્ટેમ્બર ૨૦૦૧ના રોજ વિશ્વ વારસા દિનની ઉજવણી નિમિત્તે એક દિવસનો વર્કશોપ યોજવામાં આવેલ.જેમાં હેરીટેજ વોક,વિવિધ સ્થળોની મુલાકાત બસ મારફતે રાખવામાં આવેલ.

(૧૫) **માર્ગદર્શન અને દોરવણી:-** સેપ્ટ,સ્કુલ ઓફ આર્કીટેક્ટ દિલ્હીના આર્કીટેક્ટ વિષયના વિધાર્થીઓને જરૂરી માર્ગદર્શન સ્કેચ અને નકશાઓ પૂરા પાડવામાં આવેલ છે.

(૧૬) **અગ્નિશામક વ્યવસ્થા:-** પોળની સાંકડી ગલીમાં આગ બુઝાવવા મોટરબાઇક સાથે પ્રેશર પંપ અને અન્ય સાધનો સાથેના ખાસ સેલની રચના કરવામાં આવી છે.

(૧૭) **પાંચકુવા દરવાજાના બુરજ ઉપર કામચલાઉ પોલીસચોકીનું બાંધકામ હાથ ધરવા બાબત:-** પાંચકુવા દરવાજા બુરજ ઉપર પોલીસ ચોકીનું બાંધકામ કરવા માટે તેમજ આ વિસ્તારના જુના ડેવલપમેન્ટ માટે રૂા.૧૩ લાખનો ખર્ચ પાંચકુવા મહાજન તરફથી કરવામાં આવશ તેમાં હેરીટેજ ખાતા મારફતે સહયોગ કરવામાં આવશે.

(૧૮) **સીટી મેપ ક્લોથ માઉન્ટીંગ:-** ફ્રાંસ સરકારના આર્કીટેક્ટ અને મ્યુ.કોર્પો.ના સહયોગ અમદાવાદ વોલ સીટી માટે સર્વે કરવામાં આવેલ છે.જેમાં વોલ સીટી વિસ્તારનો સર્વે કરી (૧)હાઉસ ડેટા બેઝ (૨)પોલ ડેટા બેઝ અને(૩)લેન્ડ યુઝ ડેટા તૈયાર કરવામાં આવલ છે આ માહિતીઓ ઘણીજ અગત્યની હોવાથી કાયમી ધોરણે જળવાઇ રહે તે માટે તેને ક્લોથ માઉન્ટીગ કરવામાં આવેલ છે.

(૧૯) **ડેવલપમેન્ટ ઓફ ભદ્ર ફોર્ટ આઝમખાન સરાઇ:-** ભદ્ર ફોર્ટ જેને આઝમખાન સરાઇથી ઓળખાય છે તેનો ડેવલપમેન્ટ પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવી રહયો છે. જેનો રીપોર્ટ બનતા સરકારશ્રીમાં રજુ કરવામાં આવશે.

(૨૦) **હેરીટેજ બિલ્ડીગ સેન્ટર:-** ફ્રાંસ સરકાર અને મ્યુ.કોર્પો.વચ્ચે તા.૧૮/૨/૦૩ના રોજ કરાર કરવામાં આવેલ છે.જેના ભાગ રૂપે હાજા પટેલની પોળ કાલપુરમાં આવેલ મકાનમાં હેરીટેજ બિલ્ડીગ સેન્ટર બનાવવામાં આવશે.જેનો ખર્ચ ફ્રાંસ સરકાર તરફથી ભોગવવામાં આવશે. જેમાં હેરીટેજ વિષય અંગે માર્ગદર્શન આપવામાં આવશે.

(૨૧) પેડેસ્ટ્રેઇનાઇઝેશન પ્રોજેક્ટ ઓફ (ભદ્રથી માણેકચોક વિસ્તાર) ભદ્રથી માણેકચોક વિસ્તારને પેડેસ્ટ્રઇનાઇઝેશન કરવાનો પ્રોજેક્ટ સેપ્ટ તેમજ એ.એમ.સી.ના સહયોગથી કરવામાં આવશે.જેમાં (૧)ટ્રાફીક અને ટ્રાન્સપોર્ટનો અભ્યાસ(૨)ફીઝીકલ સર્વે(૩) પાર્કીગ સ્ટડી(૪) હેરીટેજ રેસોર્સીસ ડોક્યુમેન્ટેશન અને(૫) સ્ટડી પ્લાન તૈયાર કરવા (૬) ડીઝાઇન ડેવલપમેન્ટ એન્ડ ડીટેલીગ પ્લાન વિ.કામો તેઓ દ્વારા કરવામાં આવશે.

(૨૨) **દાંડીપુલ રીપેરીંગ બાબત:-** ગાંધી આશ્રમ પાસે આવેલ દાંડીપુલના સમારકામ કરાવવા અંગે ગાંધી આશ્રમ તરફથી તેમજ ડે.મ્યુ.કમિશનરશ્રી (પશ્ચિમ ઝોન)ના આદેશ અનુસાર હાથ ધરવામાં આવી રહયો છે.

(૨૩) **રીસ્ટોરેશન ઓફ કેલીકો ડોમ રીલીફ રોડ,અમદાવાદ:-** હેરીટેજ વિભાગ દ્વારા કેલીકો ,ડોમ રીપેર કરવામાં આવશે.જેના માટે રૂા.૨૦ લાખનો અંદાજ તૈયાર કરવામાં આવેલ છે.

# પ્રકરણઃ૩

## એસ્ટેટ એન્ડ ટાઉન પ્લાનીંગ વિભાગ

ગુજરાતના અગ્રસ્થાન ધરાવતા અમદાવાદ શહેરના ઔધોગિકરણ તથા શહેરીકરણની ઝડપી પ્રક્રિયાને કારણે તથા વાણિજય ક્ષેત્રે પણ મોખરાનું સ્થાન ધરાવતા શહેર ઉપરનું ભારણ સતત વધતુ જ રહે છે. શહેરની આજુબાજુના વિસ્તારોમાંથી અનેક નાગરિકો ધંધા રોજગારની શોધમાં શહેરમાં આવતા જ રહે છે. જેના પ્રમાણમાં શહેરમાં નવા બાંધકામનું પ્રમાણ ઓછુ હોવાને કારણે રહેવાલાયક મકાનોની અછત સ્વાભાવિક રીતે વર્તાય છે. શહેરના સુવ્યવસ્થિત આયોજનાર્થે તથા તેના અમલની મહત્વની કામગીરી અ.મ્યુ.કો.ના એસ્ટેટ અને નગરવિકાસ ખાતા દ્વારા બજાવવામાં આવે છે.

એસ્ટેટ વિભાગની કામગીરીનું સંકલન તથા નીતિ-વિષયક નિર્ણયો ડે. મ્યુનિ.કમિ.(પશ્ચિમ ઝોન એન્ડ એસ્ટેટ)શ્રી ના માર્ગદર્શન હેઠળ ઓફિસર તથા ટાઉન ડેવલપમેન્ટ વિભાગની કામગીરી નગરવિકાસ અધિકારી ડે. મ્યુનિ.કમિ.(એડમી.)શ્રીના અંકુશ હેઠળ સંભાળે છે.

**૩.૧ એસ્ટેટ વિભાગ :-**

એસ્ટેટ ખાતુ બી.પી.એમ.સી.એકટ ૧૯૪૯ અન્વયે મળેલ સત્તાનુસાર વિવિધ કામગીરી સંભાળે છે. મ્યુ.કોમ્યુનીટી હોલ ભાડેથી આપવા, પગથિયા ફી વસુલ કરવી, મ્યુ.જમીન લાયસન્સ ફી થી આપવી, કાંકરીયા નૌકાવિહારનું આયોજન કરવું. મ્યુ.હદ અંગેની કામગીરી સંભાળવી, રોડ લાઇનો મુકવી, રસ્તાઓના નામ આપવા, હુડકો યોજના હેઠળ મકાનો ફાળવવા, ફેરીયાઓને લાયસન્સ આપવા, લારી સ્ટેન્ડ નકકી કરવા તથા પરવાના આપવા, ભયજનક મકાનો ઉતારવા તથા તેના સમારકામ માટે કોર્પો.એકટ કલમ ૨૬૪ મુજબ નોટિસો આપવી.જશોદાનગર સંકલિતનગર તથા અન્ય રબારી વસાહતોમાં ભાડા ઉઘરાવવાની કામગીરી નગર વિકાસની યોજનાઓ મંજૂર થાય તેના કબ્જા ફેરફારની નોટિસો આપવી, જમીનોની ફેરબદલી કરવી, નગરવિકાસ યોજના અન્વયે મ્યુ.કોર્પો.ની જમીનો સંપાદન કરવી, રસ્તાઓ પહોળા કરવા, સ્લમ કલી.કવાટર્સ, સ્ટાફ કવાટર્સ, મ્યુ. કોર્પોની માલિકીનાં રહેઠાણો, મકાનો, ગોડાઉનો, દુકાનો, માર્કેટ ભાડેથી આપવા તથા ભાડા ઉઘરાવવા, બેટરમેન્ટ ચાર્જના નાણાં વસુલ કરવા, બી.પી.એમ.સી.એકટની કલમ ૨૩૧ અન્વયે જાહેર રાજમાર્ગ ઉપરના ગેરકાયદેસર દબાણો દૂર કરવા, મ્યુ.માર્કેટ, હાઉસીંગ, હેલ્થ સેન્ટર, શોપીગ સેન્ટર વિગેરે. હેતુ માટેના પ્લોટો -૯૯ વર્ષના ભાડાપટ્ટેથી આપવાની કામગીરી આ ખાતુ સંભાળે છે. ખાતા દ્વારા વહીવટ કરવામાં આવતી જુદી જુદી મિલ્કતોની માહિતી પત્રક ૩.૧.૧ માં દર્શાવી છે. એસ્ટેટ ખાતાના જુદા જુદા વિભાગોની કામગીરી નીચેજણાવ્યા મુજબની છે.

**રેન્ટ વિભાગ :-**

મ્યુ.કોર્પો.એ બાંધેલ મિલ્કત જેવી કે મ્યુ.માર્કેટ, મીની-સ્ટોલ, છુટા છવાયા ગોડાઉનો, સ્લમ-કવાટર્સ, સ્ટાફ-કવાટર્સ, મીટ- ફીશ વિ. નું ભાડુ નિયમીત રીતે આ વિભાગ દ્વારા ઉઘરાવવામાં આવે છે. અહેવાલી વર્ષમાં આવી ૧૯૬૯૦ મિલ્કતોનું ભાડું ઉઘરાવવાથી રૂા.૪૦૨.૪૩ લાખની ભાડાની તથા પ્રીમીયમની આવક વસુલ આવેલ છે. હાલમાં નવી બાંધેલ દુકાનો ભાડે આપવાના બદલે પ્રિમીયમ લઇ ૯૯ વર્ષના ભાડેપટેથી તથા મીનેસ્ટોલો ૩૦ વર્ષના ભાડાપટાથી આપવાની પ્રથા ચાલુ કરવામાં આવી છે.મ્યુ.કોર્પો.ના જુદા જુદા ૨૯ પ્લોટોમાં કેન્દ્ર સરકારની એન્વાયરમેન્ટલ ઇમ્પ્રુવમેન્ટ સ્કીમ હેઠળ લોન મેળવી પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવામાં આવે છે.તેમાંથી અમુક પ્લોટોમાંના છાપરાવાસીઓને લાયસન્સ બનાવી તેમની પાસેથી લાયસન્સ ફી વસુલ કરવામાં આવે છે.દાણીલીમડામાં સાઇટ એન્ડ સર્વિસની યોજના હેઠળના

મકાનોને ઉપરદળનું કામ સ્ટેટબેન્ક ઓફ ઇન્ડીયાની લોન અપાવી ૩૧૫ મકાનો બંધાવ્યા છે.મ્યુ.મિલકતની ભાડાની ઉપજ અને અન્ય ઉપજ પત્રક ૩.૧.૨માં દર્શાવેલ છે.

**હુડકો વિભાગ :-**

હુડકોની સહાયથી જુદી જુદી સ્કીમ હેઠળ ઓછી આવક જૂથ રહેઠાણ યોજના આવક જૂથ રહેઠાણ યોજના નં.૧. માં બાપુનગર સ્ટેડિયમ પાસે ૭૨૦ મકાનો, વાડજમાં ૧૫૦ મકાનો, એમ.આઇ.જી.સ્કીમ હેઠળ ૧૯૨ મકાનો, ડબલ્યુ.એસ. સ્કીમ હેઠળ ૨૦૪ મકાનો ઓછી આવક જૂથ રહેઠાણ યોજના નં.૨ હેઠળ ૩૯૬ ઓછી આવક જૂથ રહેઠાણ યોજના નં.૩ હેઠળ ૩૯૬, એલોટમેન્ટ કરવામાં આવેલ મકાનોના લોનના હપ્તા વસૂલ કરવાની કામગીરી આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.

**લેન્ડ એકવીઝીશન બ્રાન્ચ:**

લેન્ડ એકવીઝીશન એકટ હેઠળ જમીન સંપાદનની તેમજ લેન્ડ સીલીગ એકટ હેઠળ ફાજલ જાહેર થયેલ જમીનો મેળવવાની કામગીરી આ બ્રાંચ કરે છે. જમીન સંપાદન કરવાની કાર્યવાહીમાં કોર્ટના દાવા થાય તો મ્યુ. એડવોકેટ શ્રી સરકારી વકીલને મળી કેસ ચલાવવા તથા તાકીદે નિકાલ કરવા અંગે જરૂરી કામગીરી પણ અત્રેથી થાય છે. અહેવાલી વર્ષમાં બ્રાન્ચની જાવક દર્શાવતું પત્રક ૩.૧.૩ માં દર્શાવેલ છે.

**સ્કીમ અમલ વિભાગ:**

ધી ગુજરાત ટાઉન પ્લાનીગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ ૧૯૭૬ મુજબ નગરવિકાસ યોજના સરકારશ્રીમાંથી આખરી મંજુર થઇ આવેલ સ્કીમોના જાહેર હેતુ માટેના રીઝર્વ પ્લોટસ તથા ટી.પી.રસ્તાઓનો કબજો મેળવવા તેમજ ખાનગી માલીકીની અદલાબદલી અંગેના કબજા ફેરફાર કરવા ટાઉનપ્લાનીગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ ૧૯૭૬ની કલમ ૬૭ તથા ૬૮ રૂલ્સ ૩૩ મુજબની નોટિસો આપવાની કામગીરી આ વિભાગ દ્વારા થાય છે. જેની સામે આવેલ વાંધા અરજીમાં રૂબરૂ હીયરીગ આપી આવેલ દાવા અંગે સિટી સિવિલ કોર્ટ, હાઇકોર્ટ વકીલને માહીતી પૂરી પાડી કેસનો નિકાલ થયા બાદ અમલ કરવામાં આવે છે. માલીક જાતે અમલ કરી જગા ખુલ્લી ન કરે તેવા કેસોમાં દબાણ વિભાગની મદદથી ઉપરદળ દૂર કરી જગા ખુલ્લી કરાવી કબજો મેળવી આપવામાં આવે છે. વળતર અંગની અરજી ઉપર ઇજનેર, દબાણ તથા અન્ય ખાતાઓને સ્કીમ વિગતો અંગે અભિપ્રાય આપવામાં આવે છે. રીઝર્વ પ્લોટસમાં કબજા મેળવી પ્રોપર્ટી સર્વેયરને સાચવવા માટે સોંપવામાં આવે છે. અહેવાલી વર્ષમાં કોર્ટ લીટીગેશન પત્રક ૩.૧.૪(અ)માં અને મેળવેલ કબજાની વિગત પત્રક ૩.૧.૪ (બ)માં દર્શાવેલ છે.

**મીન્સ પ્રોફિટ વિભાગ:**

મ્યુ. રીઝર્વ પ્લોટો (ઝૂંપડા સાથે) નો કબજો, સ્લીપવાળા છાપરાવાસીઓ પાસેથી મ્યુ. કોર્પો.ને નકકી કરેલ ધારાધોરણ મુજબ દર માસે કબ્જેદાર પાસે જઇને મીન્સ પ્રફીટ વસૂલ કરવામાં આવે છે.

**એસ્ટેટ વેલ્યુએશન વિભાગ :-**

મ્યુ. કર્મચારીઓના બિલ્ડીગ લોનની ફાઇલમાં કર્મચારીઓ જે તે વિસ્તારમાં ખરીદેલ મકાનના સંદર્ભમાં તેની જમીન કિંમત અને અભિપ્રાય આપવાની કામગીરી આ વિભાગમાં થાય છે. મ્યુ. કોર્પો.ના અન્ય ખાતા તથા ઝોનમાંથી થતી જમીન કે મિલ્કત વેચાણ કે ભાડે આપવા તથા વળતર ચૂકવવા જમીન કિંમત અહી નકકી કરવામાં આવે છે.

**એલ.એન.ડી. વિભાગ :-**

ભયજનક મકાન ઉતારવા જે તે સંબધિતને નોટીસ આપવામાં આવે છે. મકાનોના જોખમી ભયજનક ભાગ આ વિભાગ દ્વારા ઉતારી લેવામાં આવે છે. મકાન મરામત અંગે નોટીસો આપવામાં આવે છે. આ કામગીરીનું ઝોનવાઇઝ પત્રક ૩.૧.૫ માં દર્શાવેલ છે.

**જાહેરખબર વિભાગઃ-**

શહેરમાં મ્યુનિ.મિલકત કે જગાઓ ઉપર જાહેરાતના બોર્ડ વર્તમાનપત્રોમાં ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ કરી મંગાવી વધુ ઓફર કરનાર પાર્ટીને શરતો અનુસાર તથા બાકી વસુલ લઇ સ્કેચ મુજબ નિયત કરેલ સાઇઝનું બોડડ લગાવવાની પરવાનગી ત્રણ વષડ માટે આપવાનું કામ આ વિભાગ દ્વારા થાય છે.આ મુદત પુરી થતાં જાહેરાત બોર્ડની નવી સાઇઝને ત્રણ વષડ માટે રીન્યુઅલ લાયસન્સ ફી તથા ફીના ૨૫% પ્રમાણે ડીપોઝીટો સીક્યોરીટી ડીપોઝીટો તરીકે લઇને પરવાનગી આપવામાં આવે છે.આ રકમ પરવાનેદારને ટેન્ડરોની શરતોનું પાલન કરેલું હોયતો આપવામાં આવે છે.

મ્યુ.માલીકીના વિજળી તથા વેન્ટીલેશનના થાંભલા પર કિયોસ્ક મુકી જાહેરખબર માટે પરવાનગી આ વિભાગ દ્વારા આપવામાં આવે છે.આ માટે શહેરમાં ચાર વિભાગ રાખેલ છે.શહેરની ખાનગી માલીકીની મિલકતો પર જાહેરાતના એજન્ટો દ્વારા બોર્ડ મુકી જાહેરાત કરવામાં આવે છે. આ બોર્ડની નિયત કરેલ લાયસન્સ ફી વસુલ લઇ પરવાનગી આપવાનું કામ આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.છેલ્લા બે વર્ષની આવક નીચે મુજબ છે..

| અ.ન. | બજેટ હેડ | ૨૦૦૧-૦૨ રૂા.લાખમાં | ૨૦૦૨-૦૩ રૂા. લાખમાં |
|---|---|---|---|
| ૧ | મ્યુ.મિલ્કત ઉપરની જા x ખ ની આવક | ૧૬૧.૮૧ | ૧૮૭.૮૭ |
| ૨ | ખાનગી મિલ્કત ઉપરની જા x ખ ની આવક | ૩૩.૫૪ | ૯૯.૦૭ |
| ૩ | અનામત ખાતે જમા થયેલ આવક | ૩૯.૪૩ | ૧૦.૨૬ |
| ૪ | જા x ખ વિભાગની પરચુરણ આવક | ૦.૫૧ | ૦.૧૮ |
| | **કુલ** | **૨૩૫.૨૯** | **૨૯૭.૩૮** |

**લાયસન્સ પરમીટ વિભાગઃ**

શહેરની નિયત કરેલ સ્ટ્રીટ લેન્ડવાળી જગામાં પબ્લીક પાર્કિંગ, ટેલિફોન, એસ.ટી.સ્ટેન્ડના રોડ માટેની કામગીરી અત્રેથી કરી તે અંગેની ફી વસૂલ લેવામાં આવે છે. મ્યુ. સ્ટ્રીટ લેન્ડ ઉપર જૂના તથા નવા લારી સ્ટેન્ડોની લાયસન્સ ફી લેવામાં આવે છે.

**લારી સ્ટેન્ડ વિભાગ :-**

શહેરના ખુલ્લા પ્લોટો કે બિન ઉપયોગી જગામાં લારી સ્ટેન્ડ મુકરર કરી તેની લાયસન્સ ફી ની વસૂલાત, બાકી લાયસન્સ પરવાનેદારનું સ્ટેન્ડ કમી કરી દબાણ ઉપાડવું દાવા અંગે નિકાલની કામગીરી આ વિભાગ કરે છે. અહેવાલી વર્ષ દરમ્યાનની ઝોનવાઇઝ માહીતી પત્રક ૩.૧.૬માં સામેલ છે

**હોકર્સ લાયસન્સ ફીઃ**

મ્યુ.કોર્પો.ની હદમાં લારીની ફેરી કરનારાઓએ હોકર્સ લાયસન્સ મેળવવાના હોયછે. અહેવાલી વર્ષમાં કુલ ૪૧૦ ટીમ પ્લેટ આપવામાં આવેલ છ તેમજ હોકર્સ લાયસન્સ દ્વારા કુલ રૂા.૦.૭૦ લાખની વસુલાત કરવામાં આવી છે.

**<u>એસ્ટેટ દબાણ વિભાગ:</u>**

બી.પી.એમ.સી.એકટની કલમ ૨૩૧ અન્વયે આવા દબાણો દૂર કરી લોકોની અવરજવર માટે જગા ખુલ્લી કરવામાં આવે છે.આવા દૂર કરેલા દબાણો ગોડાઉનમાં જમા કરાય છે.અહેવાલી વર્ષમાં કુલ ૧૮૫૫૧ દબાણો દૂર કરેલ છે.જ્યારે દબાણ ગોડાઉનની આવક રૂા.૦.૬૮લાખ રહેવા પામેલ છે. ઝોનવાઇઝ દબાણને માહિતી પત્રક ૩.૧.૭માં દર્શાવેલ છે. કોર્ટ લીટીગેશનમાં થયેલ હુકમો અને અપાયેલ માર્ગદર્શક સિધ્ધાંતોને લઇ શહેરમાંથી દબાણો દૂર કરવાની યોજના સુપ્રિમ કોર્ટે માન્ય રાખતા સીટી સીવીલ કોર્ટે તમામ દાવા તથા હાઇકોર્ટ અને સુપ્રિમ કોર્ટે તમામ રીટ પીટીશનો કાઢી નાંખેલ તેથી દબાણ દૂર કરવામાં સરળતા રહે છે.

એસ્ટેટ દબાણ વિભાગ દ્વારા અ.મ્યુ.કો.ની હદના વિસ્તારમાં (૧)ટાટા ટેલિ.સર્વિસ લિમીટેડ(૨)ભારતી ટેલિ.લિમીટેડ(૩) બી.જી.બ્રોડ બેન્ડ નેટવર્ક ઇન્ડીયા(૪)બિરલા એ.ટી.એન્ડ ટી લિમીટેડ(૫)ફેસલ લિમીટેડ(સેલફોર્સ)ને જમીન ખોદાણ કરી ઓપ્ટીકલ ફાઇબર નાખવા તથા ગેસ ઓથોરીટી ઓફ ઇન્ડીયા લિમીટે, તથા અદાણી એક્ષપોર્ટ લિમીટેડ દ્વારા જમીનમાં ખોદાણ કરી ગેસ પાઇપ લાઇન નાખવાની કામગીરી મંજુરી આપવામાં આવે છે.અ.મ્યુ.કો.ના રીઝર્વ પ્લોટોમાં દરેક ઝોનમાં શાકભાજી બજાર,મીનીસ્ટોલ,રાત્રિ ખાણીપીણી બજાર એન્ડ પાર્ક,ચીલ્ડ્રન પાર્ક વિ.ના આયોજનનું કામકાજ દબાણ વિભાગ કરે છે.

**<u>એસ્ટેટ ડ્રોઈંગ વિભાગ:</u>**

મ્યુ. કોર્પો. એકટ ની કલમ ૨૧૦(૧)એ અને ૨૧૦(૧)બી તથા ૨૯૫ મુજબ તપાસ કરી રોડ લાઇનમાં ફેરફાર કરવાની કામગીરી તથા જમીન સંપાદન,રેવન્યુ ફી, અદલાબદલી વેચાણ ભાડાપટ્ટે સ્કીમ એકવીઝીશન હેઠળ સંપાદન કરેલ જમીનના સ્કેચ રાખવા તેની દાખલા બુકે નોંધ રાખવી, જમીન સેટ-બેકના કેસો લેન્ડ એકવીઝીશન હેઠળ સંપાદન કરવાની જમીનના સ્કેચ બનાવી તેની કોપીઓ પૂરી પાડવા , રોડ લાઇનના સીટી સર્વે મુજબના મૂળ સિરિઝ ૧૦ના સ્કેચ રીવાઇઝ રેકર્ડને ચેક કરી છેલ્લી રોડ લાઇન સ્થિતિ તૈયાર કરવી તથા નવી તૈયાર કરેલ સ્કીમની કોપી મુજબ ફેરો કોપી તૈયાર કરવી વિગેરે કામગીરી હેડ ડ્રાફટમેન મારફતે કરાવવામાં આવે છે.અહેવાલી વર્ષ દરમ્યાન આ વિભાગની કામગીરી દર્શાવતું પત્રક ૩.૧.૮ આ સાથે સામેલ છે

**<u>કોમ્પીટન્ટ ઓફિસરની કચેરી:</u>**

ગુજરાત પબ્લિક પ્રીમાઇસીસ એકટ ૧૯૭૨ અન્વયે ટેનન્ટ-ઇન-એરીયર્સ પેટા ભાડુત કરારની શરતોના ભંગ, મકાન અને જમીનોમાં ખાલી પ્રત્યક્ષ કબ્જા તથા ટ્રેસપાસર અંગે કેસ દાખલ કરવામાં આવે છે.આ પહેલા કોર્પો.નાં એડવોકેટશ્રી તરફથી ટેનેન્સી ટર્મિનેટની નોટિસ આપવામાં આવે છે.બી.પી.એમ.સી.એકટ કલમ-૪ની શોકોઝ નોટીસ આપવામાં આવે છે.સામાવાળાને જાતે અથવા વકીલ રોકી ખુલાસો કરવાની તક આપવામાં આવે છે. અત્યારબાદ જજમેન્ટના આધારે એકટ કલમ-૫ મુજબ ઇવીકશન ઓર્ડર બજાવીને મ્યુ. પ્રોપર્ટીનો ખાલી પ્રત્યક્ષ કબ્જો કોર્પો.ને આપવામાં આવે છે.મે. કોમ્પીટન્ટ ઓફિસરશ્રીના જજમેન્ટ વિરૂધ્ધ પાર્ટી બી.પી.એમ.સી.એકટની કલમ-૯ મુજબ અપીલ માટે સીટી સિવિલ કોર્ટમાં જઇ શકે છે.અહેવાલી વર્ષમાં બોર્ડ પર કુલ ૫૪૧ કેસો છે. જેમાંથી ઇવીકશન કેસો Nil છે. જેમાંથી સ્થળ પર એક મિલ્કતનો કબ્જો લીધો છે. આ વિભાગ દ્વારા અહેવાલી વર્ષમાં થયેલ કામગીરી દર્શાવતું પત્રક ૩.૧.૯ આ સાથે સામેલ છે.

**<u>એસ્ટેટ પબ્લીક હોલ મેનેજમેન્ટ:</u>**

એસ્ટેટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા શેઠ મંગળદાસ ટાઉનહોલ,ટાગોર મેમોરીયલ હોલ,ડૉ.બાબાસાહેબ આંબેડકર હોલ,મ્યુ. કોમ્યુનીટી હોલ, પીકનીક હાઉસ,પાર્ટી પ્લોટ, ઓપન-એર થીએટર ,સરદાર પટેલ સ્ટેડિયમ,કાંકરીયા ફુટબોલ ગ્રાઉન્ડ,કાંકરીયા નૌકાવિહાર વિ.નું સંચાલન તથા બુકિંગનું કામ સંભાળવામાં આવે છે.પ્રોગ્રામ પુરો થયા બાદ તેના રીફંડ બીલો બનાવવામાં આવે છે.તથા ભાડુ ઈલેક્ટ્રીક ચાર્જ,નુકસાનીની રકમ પર ૫% સર્વિસચાર્જ લેવામાં આવે છે.અહેવાલી વર્ષમાં મ્યુ.હોલની ડીપોઝીટ તથા ફીની માહિતી પત્રક ૩.૧.૧૦ માં દર્શાવેલ છે. કોમ્યુનીટી હોલ, પીકનીક હાઉસની છેલ્લા બે વર્ષ દરમ્યાન થયેલ વપરાશની વિગત પત્રક ૩.૧.૧૧માં દર્શાવેલ છે.પબ્લીક હોલની છેલ્લા બે વર્ષની ભાડાની આવક પત્રક ૩.૧.૧૨ માં દર્શાવેલ છે.

**<u>ટી.પી.એસ.ના અ.મ્યુ.કો.હસ્તકના જાહેર હેતુ માટે રિઝર્વ પ્લોટની વિગતઃ</u>**

ઝોનમાં આવતા ટી.પી.એસના જાહેર હેતુ માટેના પ્લોટો જાળવણી તથા તેના પર કોઇ દબાણ ન થાય તે માટે ઝોન કચેરીના પગી(વોચમેન) દ્વારા તે સાચવવામાં આવે છે.આ પ્લોટો ફરતે તારવાડ કે દિવાલ કરવામાં આવે છે.એક્વીઝીશન વિભાગમાં હાઉસીગ કેટેગરી ખુલ્લા પ્લોટોની યાદી મેળવી,જુદા જુદા હેતુઓ માટેના ખુલ્લા પ્લોટો અંગે ખાતા તરફથી માહિતી મંગાવીને પ્રો.સર્વેયર વિભાગમાંથી એસ્ટેટ ઓફીસર સમક્ષ મુકી અભિપ્રાય મોકલવામાં આવે છે.

**<u>સુએઝ ફાર્મ :</u>**

અ.મ્યુ.કો એ સમગ્ર શહેરના ગંદા પાણીના નિકાલ,અન્ડર ગ્રાઉન્ડ સીસ્ટમ,ડ્રેનેજ દ્વારા એકત્ર થતાગંદા પાણીના નિકાલ માટે વર્ષો અગાઉ સંપાદન કરેલ જમીન સાબરમતી નદીના પૂર્વ તરફના ભાગે પીરાણા સુએઝ ટ્રીટમેન્ટ તથા પશ્ચિમ તરફના ભાગે વાસણા ટ્રીટમેન્ટ પ્લાન્ટ આવેલ છે.પીરાણા સુએઝ ફાર્મની કુલ જમીન સર્વે પ્રમાણે ૨૬૬૨ એકર જયારે વાસણા સુએઝ ફાર્મની જમીન ૪૯૦ એકર છે.

પત્રક-૩.૧.૧

## એસ્ટેટ ખાતા દ્વારા વહીવટ કરવામાં આવતી મિલ્કતોની સંખ્યા દર્શાવતું પત્રક

| અ.ન. | મિલ્કતનું નામ | ૨૦૦૨-૦૩ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | સ્ટાફ કવાટર્સ | ૧૩૧૦ |
| ૨ | લેબર સ્ટાફ કવાટર્સ | ૪૯૭ |
| ૩ | સ્લમ કવાટર્સ | ૭૩૨૭ |
| ૪ | દુકાનો | ૨૪૫૫ |
| ૫ | મીની સ્ટોલ | ૬૬૧ |
| ૬ | મોટા સ્ટોલ | ૧૭૭ |
| ૭ | મીટ એન્ડ ફીશ સ્ટોલ | ૨૫૬ |
| ૮ | રેસ્ટોરેન્ટ | ૭ |
| ૯ | ગોડાઉન | ૪૩ |
| ૧૦ | ફેકટરી શેડ | ૮૯ |
| ૧૧ | ઓફિસો | ૪૪ |
| ૧૨ | દાણી લીમડા સાઈટો | ૩૧૫ |
| ૧૩ | લાટી બજાર લીઝ પ્લોટ | ૫૩ |
| ૧૪ | જમીન સાઈટો | ૭ |
| ૧૫ | લીઝ પ્લોટ | ૧ |
| ૧૬ | છુટક લીઝ એન્ટ્રી | ૧૨૫ |
| ૧૭ | મ્યુ. શાળાઓ | ૧૪૬ |
| ૧૮ | શાળાના રૂમ | ૨ |
| ૧૯ | બેંન્ક મકાન | ૪ |
| ૨૦ | પોસ્ટ ઓફિસ | ૨ |
| ૨૧ | પોલીસ ચોકી | ૩ |
| ૨૨ | સંકલીત નગર (જુહાપુરા) | ૨૨૪૮ |
| ૨૩ | એન્વાયરમેન્ટ સ્કીમ છાપરા | ૨૦૩૮ |
| ૨૪ | એકવીઝીશન ચાલી છાપરા | ૧૮૪૪ |
| ૨૫ | નાથાલાલ ઝઘડા બ્રીજ નીચની દુકાનો. | - |
| ૨૬ | નાથાલાલ ઝઘડા બ્રીજ નીચેના મીની સ્ટોલ | - |
| ૨૭ | નાથાલાલ ઝઘડા બ્રીજ નીચેના ગોડાઉન | - |
| ૨૮ | ઈ.ડબલ્યુ.એસ. દુકાનો | ૩૬ |
| | **કુલ** | **૧૯૬૯૦** |

## પત્રક -૩.૧.૨

## મ્યુ. મિલ્કત ભાડાની અન્ય ઉપજની વિગત દર્શાવતું પત્રક.( રૂા.લાખમાં)

| અ.ન. | મિલ્કતનું નામ | ૦૧-૦૨ | ૦૨-૦૩ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | મકાન-દુકાન | ૩૪.૮૯ | ૮૬.૨૬ |
| ૨ | સ્લમ-સ્કીમ | ૦.૭૪ | ૦.૮૬ |
| ૩ | ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ | ૧૧.૦૮ | ૯.૨૭ |
| ૪ | લાયસન્સ ફી | ૫.૨૦ | ૪.૦૭ |
| ૫ | લેબર કવાટર્સ | ૦.૬૫ | ૦.૪૨ |
| ૬ | નિર્વાસિત | ૧.૭૮ | ૬.૮૬ |
| ૭ | રબારી વસાહત | ૦.૯૭ | ૯.૮૧ |
| ૮ | દાણાપીઠ | ૦.૫૨ | ૦.૬૪ |
| ૯ | શાકમાર્કેટ | ૧.૬૧ | ૫.૨૭ |
| ૧૦ | મીટ માર્કેટ | ૦.૨૧ | ૦.૮૧ |
| ૧૧ | ફીશ માર્કેટ | ૫.૨૪ | ૩.૨૩ |
| ૧૨ | છૂટી જમીન | ૨.૪૭ | ૮.૭૧ |
| ૧૩ | પ્રિમીયમ | ૦.૭૯ | ૩.૧૧ |
| ૧૪ | પરચુરણ | ૦.૨૦ | ૦.૨૪ |
| ૧૫ | દાવા ખર્ચ | ૨.૦૦ | ૦.૭૦ |
| ૧૬ | કવાટર્સ હાયર પરચેઝ | ૦.૨૭ | - |
| ૧૭ | સંકલિત નગર | ૦.૧૮ | ૧૫.૬૩ |
| ૧૮ | મીની સ્ટોલ ભાડા | ૨.૩૯ | ૪૨.૫૩ |
| ૧૯ | સ્કૂલ બોર્ડ ભાડા | ૦.૪૪ | ૦.૭૦ |
| ૨૦ | અન્ય કવાટર્સ ભાડા | ૦.૨૭ | ૧.૧૮ |
| ૨૧ | અન્ય મકાન ભાડા | ૧.૫૩ | ૨.૭૯ |
| ૨૨ | ગોડાઉન ભાડા | ૧.૧૪ | - |
| ૨૩ | મીન્સ પ્રોફીટ | - | ૩૬.૪૧ |
| ૨૪ | બેટરમેન્ટ ચાર્જ | ૮.૮૭ | ૧૭.૧૬ |
| ૨૫ | નામ ટ્રાન્સફર ફી | ૧.૬૪ | - |
| ૨૬ | હુડકો | ૧.૧૪ | ૦.૫૦ |
| ૨૭ | સીકયોરીટી ફી / ડીપોઝીટ | ૦.૦૩ | - |
| ૨૮ | અન્ય ડીપોઝીટ | ૧૦૪.૯૦ | ૧૪૫.૨૭ |
|  | **કુલ** | **૧૯૧.૧૫** | **૪૦૨.૪૩** |

### પત્રક-૩.૧.૩
### સને ૨૦૦૨ -૨૦૦૩દરમ્યાન એસ્ટેટ એકવી. બ્રાન્ચની જાવક દર્શાવતું પત્રક.(રૂા. લાખમાં)

| અ.ન. | કેસ નં. | વિગત | ચુકવેલ રકમ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ETS/ACQ ૩૪૮૪ | અસારવા રે.સ.નં.૩૭૬ ભાગ પટ્ટા માટે જમીનનું ભાડું ચુકવેલ છે. | ૦.૦૧ |
| ૨ | ETS/PUR ૭૨ | કોતરપુર સ.નં.૭૬, ૭૭, ૭૮, ૮૧/૧, ૮૪/૩, વિ.૬૫૦ એમ.એલ.ડી. જળ શુધ્ધિકરણ પ્લાન્ટ માટે | ૦.૦૪ |

### પત્રક-૩.૧.૪(અ)
### સને ૨૦૦૨ –૨૦૦૩ વર્ષ દરમ્યાન થયેલ કોર્ટ લીટીગેશન પત્રક

| અ.નં. | વોર્ડ નંબર, સર્વે નંબર, ફા.પ્લોટ નં. | દાવાની વિગત |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ETS/PUR ૭૨ | નામદાર ગુજરાત હાઈકોર્ટમાં MCA ૯૬૪/૨૦૦૨ ૬૫૦ MLD જળ શુધ્ધિકરણ પ્લાન્ટ (કોતરપુર) ની જમીન સંપાદનની પ્રક્રિયામાં કોર્ટ ઉલ્લંઘનની કાર્યવાહી સામે કોર્ટ ઓફ કન્ટેમ્પ થયેલ છે. તા.૧૩/૯/૦૨ના રોજ રકમ ચુકવી આપેલ છે. |

### પત્રક-૩.૧.૪(બ)
### સને ૨૦૦૨ –૨૦૦૩ વર્ષ દરમ્યાન મેળવેલ કબજાની વિગત દર્શાવતુ પત્રક

| અ.નં. | ખાતાનો તુમાર નં. | સર્વે નં./ફા. પ્લોટ નં. | કબજા મેળવેલની વિગત |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ETS/PUR ૭૨ | કોતરપુર ૭૬, ૭૭, ૭૮, ૮૧, ૮૪ | તા.૧૩-૯-૦૨ના રોજ જમીન સંપાદન અધિકારી પાસેથી આગોતરો કબજો મેળવીનેજ ઈજનેર ખાતે કબજો સોપેંલ છે. |

## પત્રક - ૩.૧.૫

### સને ૨૦૦૨ -૨૦૦૩ દરમ્યાન એલ.એન.ડી. વિભાગની કામગીરી દર્શાવતું પત્રક.

| અ. ન. | વિગત | પૂર્વ | પશ્ચિમ | મધ્ય | ઉત્તર | દક્ષિણ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ભયજનક મકાનો ઉતારવા આપેલ નોટિસ | ૧ | ૮ | ૩૫ | ૪ | ૭ | ૫૫ |
| ૨ | ભયજનક મકાનો ઉતાર્યા | - | ૬ | ૧ | ૨૧ | ૭ | ૩૫ |
| ૩ | મકાન સમારકામ અંગે આપેલ નોટિસ | ૮ | ૧૩ | ૩૯ | ૬ | ૨૩ | ૮૯ |
| ૪ | ૧૦ ડી.મુજબ આપેલ સર્ટીફીકેટ | -- | - | - | ૧ | - | ૧ |
| ૫ | કોર્પો.એકટ કલમ૩૯૨(૧) બી મુજબ કોર્ટમાં કરેલ ફરિયાદ | - | ૨ | - | - | - | ૨ |
| ૬ | મ્યુ.માલિકીની જમીન ભાડાપટ્ટે આપેલ કેસો | - | - | ૧ | - | - | ૧ |
| ૭ | મ્યુ.રાજમાર્ગોની જમીન ભાડાપટ્ટે આપેલ કેસો | - | - | - | - | - | - |
| ૮ | રેવન્યુ ફી મેળવેલ જમીનની વિગતો મેળવવા | - | - | - | - | - | - |
| ૯ | જમીનનો અદલોબદલો કર્યા હોય તેવાં કેસો | - | - | ૧ | - | - | ૧ |
| ૧૦ | વિશેષ ધારામાંથી મુકિત મેળવેલ જમીનની વિગતો | - | - | - | - | - | - |
| ૧૧ | બક્ષીસ દાનમાં મેળવેલ જમીનની વિગતો | - | - | - | - | - | - |
| ૧૨ | મ્યુ.કોર્પો.એકટની ૨૦૫ કલમ મુજબ ખાનગી રસ્તાને મ્યુ.રાજમાર્ગ તરીકે જાહેર કરેલ કેસો. | ૭ કેસોની કાર્યવાહી ચાલુ | - | - | - | ૧ | ૧+૭કેસો નીકાર્ય. ચાલુ |
| ૧૩ | વૃક્ષારોપણ અંગે મ્યુ. કોર્પો.ને ઠરાવેલ નીતિ મુજબ મેળવેલ જમીન | - | - | - | - | - | - |
| ૧૪ | મ્યુ. સ્ટ્રીટ લેન્ડની જગા ભાડા પટ્ટે આપી લાઇટ માટે એન.ઓ.સી આપેલ હોય તેવાં કેસો. | - | - | - | ૧૭ | - | ૧૭ |
| | કુલ | ૯ | ૨૭ | ૭૬ | ૪૯ | ૩૭ | ૧૯૮ |

## પત્રક –૩.૧.૬

### સને ૨૦૦૨-૨૦૦૩ દરમ્યાન એસ્ટેટ પરમીટ લારી સ્ટેન્ડ વિભાગની લાયસન્સ ફી તથા અન્ય રકમ વસુલ કર્યાની વિગત દશાવતું પત્રક . (રૂા. લાખમાં)

| અ. ન. | બજેટ હેડનું નામ | પૂર્વ | પશ્ચિમ | મધ્ય | ઉત્તર | દક્ષિણ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | લારી સ્ટેન્ડની લાયસન્સ ફી | - | - | - | ૦.૨૫ | - | ૦.૨૫ |
| ૨ | લારી સ્ટેન્ડ પરચુરણ આવક | - | - | - | ૦.૭૩ | - | ૦.૭૩ |
| ૩ | લારી સ્ટેન્ડ અનામત | - | - | - | - | - | - |
| ૪ | અધ્ધર ચંદરવા લાયસન્સ ફી | ૦.૦૬ | - | ૦.૧૨ | - | - | ૦.૧૮ |
| ૫ | નિર્વાસિત પ્લોટોની અનામત સંખ્યા | - | - | - | - | - | - |
| ૬ | નિર્વાસિત પ્લોટોની લાયસન્સ ફી | ૦.૬૧ | ૧.૩૧ | ૧૨.૦૫ | ૨.૦૩ | ૦.૧૩ | ૧૬.૧૩ |
| ૭ | ટેમ્પરરી સ્ટેન્ડ લાયસન્સ ફી | - | - | ૫.૩૨ | ૧.૩૦ | ૧૧.૨૯ | ૧૭.૯૧ |
| ૮ | એસ્ટેટ લાયસન્સ અનામત | ૦.૦૭ | - | ૦.૦૧ | - | ૦.૭૮ | ૦.૮૬ |
| ૯ | રમતગમતનું મેદાન | - | - | - | - | - | - |
| ૧૦ | છુટી જમીન/ફ્રી હોલ્ડ લાયસન્સ ફી | ૦.૦૧ | ૦.૦૧ | - | ૦.૧૮ | - | ૦.૨૦ |
| ૧૧ | પગથિયાં | - | - | - | - | - | - |
| ૧૨ | એસ્ટેટ પરચુરણ (દબાણ) | ૬.૦૨ | ૨૩.૭૧ | ૧.૬૧ | ૭.૩૬ | ૨.૧૩ | ૪૦.૮૩ |
| ૧૩ | નિર્વાસિત પ્લોટ/ટ્રાન્સફર ફી | - | - | ૦.૦૪ | - | - | ૦.૦૪ |
| ૧૪ | મ્યુ.પ્લોટોની ભાડાની આવક | - | - | ૦.૦૧ | - | - | ૦.૦૧ |
| | કુલ | ૬.૭૭ | ૨૫.૦૩ | ૧૯.૧૬ | ૧૧.૮૫ | ૧૪.૩૩ | ૭૭.૧૪ |

## પત્રક ૩.૧.૭

### સને ૨૦૦૨-૨૦૦૩ દરમ્યાન ઝોનવાઇઝ દૂર કરવામાં આવેલ દબાણની માહિતી દર્શાવતું પત્રક.

| અ.ન. | ઝોનનું નામ | લારી | ગલ્લા | કેબીન | કોલુ | પરચુરણ | કાચા શેડ પાકા શેડ | ઓટલા | ક્રોસ વોલ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | મદય ઝોન | ૧૫૦ | ૧૦ | ૨૪ | ૨ | ૬૨૭૦ | ૧૩૨ | ૧૧ | ૪૧ | ૬૬૪૦ |
| ૨ | ઉત્તર ઝોન | ૧૦૦ | ૧૦ | ૩ | ૪ | ૩૩૫ | ૧૮૯ | ૧૦ | - | ૬૫૧ |
| ૩ | દક્ષિણ ઝોન | ૮૯ | - | ૨ | - | ૧૫૧૪ | ૧૪ | ૧૬૨ | ૯ | ૧૭૯૦ |
| ૪ | પૂર્વ ઝોન | ૩૪ | ૧ | ૨ | ૨ | ૫૪૩ | ૪૦ | ૪૩ | ૪૭ | ૭૧૨ |
| ૫ | પશ્ચિમ ઝોન | ૩૪૩ | ૧૦ | ૧૧ | ૧૬ | ૭૩૨૨ | ૩૫૦ | ૩૦૬ | ૪૦૦ | ૮૭૫૮ |
| | કુલ | ૭૧૬ | ૩૧ | ૪૨ | ૨૪ | ૧૫૯૮૪ | ૭૨૫ | ૫૩૨ | ૪૯૭ | ૧૮૫૫૧ |

**પત્રક-૩.૧.૮**

**સને ૨૦૦૨-૨૦૦૩ એસ્ટેટ ડ્રોઈગ બ્રાન્ચની વિગત દર્શાવતું પત્રક.**

| અ.ન. | કેસની ટુંકી વિગત | આવેલ કેસ | નિકાલ કરેલ કેસ | રિમાકર્સ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | રોડ લાઇનના અભિપ્રાય માટે આવેલ કેસો | ૨૪૧ | ૨૪૧ | - |
| ૨ | એકવીઝીશન કેસોની સંખ્યા | ૧૫૫ | ૧૫૫ | - |
| ૩ | લોકેશન કેસોની સંખ્યા | ૨૯ | ૨૫ | ૪ અં.પ્રો. |
| ૪ | નામ આપવાના કેસોની સંખ્યા | ૬૦૨ | ૬૦૨ | - |
| ૫ | દાખલા બુકે નોંધ રાખવાનાં કેસોની સંખ્યા | - | - | - |
| ૬ | પૂર્વ વિસ્તારમાટેની અરજી તથા લોકેશન કેસોની સંખ્યા | ૨૭ | ૨૭ | - |
| ૭ | અન્ય આવેલ કેસોની સંખ્યા | ૭ | ૨ | ૫ અં.પ્રો. |
| ૮ | રોડ લાઇન મુકવાનાં કેસોની સંખ્યા | ૨૦૧ | ૨૦૧ | - |
| | કુલ | ૧૨૬૨ | ૧૨૫૩ | ૯ અં.પ્રો. |

**પત્રક –૩.૧.૯**

**સને ૨૦૦૨ –૨૦૦૩ કોમ્પીટન્ટ ઓફિસરની કચેરીની કામગીરી દર્શાવતું પત્રક.**

| અ.ન. | વિગત | કેસોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | તા.૩૧-૩-૦૨ અંતિત બાકી કેસોની સંખ્યા | ૫૪૧ |
| ૨ | તા.૧-૪-૦૨ થી ૩૧-૩-૨૦૦૩ સુધી આવેલ નવા કેસોની સંખ્યા | - |
| ૩ | કુલ કેસો........... | ૫૪૧ |
| ૪ | દફતરે થયેલ કેસો | ૧ |
| ૫ | ઈવીકશન ઓર્ડર થયેલ કેસો | - |
| ૬ | સમાધાન થયેલ કેસો | - |
| ૭ | કુલ નિકાલ થયેલ કેસ (૪+૫+૬) | ૧ |
| ૮ | વર્ષાંતે બાકી રહેલ કેસો(૩-૭) | ૫૪૦ |
| ૯ | ૩૧-૩-૨૦૦૩ સુધીમા ઈવીકશન ઓર્ડર થયેલ પરંતુ કબ્જે લેવાના બાકી કેસોની સંખ્યા. | ૪૮૮ |
| ૧૦ | અહેવાલી વર્ષમાં કબ્જો લીધેલ કેસોની સંખ્યા | ૧ |

### પત્રક ૩.૧.૧૦
### સને ૨૦૦૨-૨૦૦૩ મ્યુ.કોમ્યુનીટી હોલ, મેમોરીયલ હોલ, પીકનીક હાઉસ વિ. ભાડે મેળવવા માટેની ડીપોઝીટ અને દૈનિક ભાડાની માહિતી દર્શાવતું પત્રક.

| અ ન. | વિગત<br>કોમ્યુનીટી હોલનું નામ અને સરનામું | ડીપોઝીટની રકમ રૂા. | દૈનીક ભાડું |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | લાલાકાકા હોલ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૨ | શ્યામપ્રસાદ વસાવડા હોલ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૩ | ખંડુભાઇ દેસાઇ હોલ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૪ | ઇન્દુલાલ યાજ્ઞિક હોલ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૫ | ડો.ઓચ્છવલાલ તલાટી હોલ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૬ | નરોત્તમદાસ ઝવેરી હોલ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૭ | વીર ભગતસિંહ હોલ | ૭૫૦ | ૭૫૦ |
| ૮ | લીલાધર ભટ્ટ હોલ | ૭૫૦ | ૭૫૦ |
| ૯ | વંસત રજબ હોલ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૦ | એલીસબ્રીજ હોલ | ૨૫૦ | ૨૫૦ |
| ૧૧ | દરિયાપુર કોમ્યુનીટી હોલ | ૫૦૦ | ૫૦૦ |
| ૧૨ | બળવંતરાય ઠાકોરહોલ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૧૩ | વાસુદેવ ત્રિપાઠી હોલ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૪ | ડી.કે.પટેલ હોલ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૧૫ | લાખાજી કુંવરજી હોલ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૬ | કાંકરીયા પીકનીક હાઉસ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૭ | નારણઘાટ પીકનીક હાઉસ એ.જમણવાર માટે<br>રીસેપ્સન માટે | ૧૦૦૦<br>૫૦૦ | ૧૦૦૦<br>૫૦૦ |
| ૧૮ | રતિલાલ સોમનાથ ચકુડીયા મહાદેવ પીકનીક હાઉસ | ૭૫૦ | ૭૫૦ |
| ૧૯ | કાંકરીયા પાર્ટી પ્લોટ-- જમણવાર માટે<br>રીસેપ્સન માટે<br>ગરબા માટે | ૧૫૦૦<br>૧૦૦૦<br>૨૫૦૦ | ૧૫૦૦<br>૧૦૦૦<br>૨૫૦૦ |
| ૨૦ | લાયન શરદ મહેતા પાર્ટી પ્લોટ-જમણવાર માટે<br>રીસેપ્સન માટે | ૧૦૦૦<br>૫૦૦ | ૧૦૦૦<br>૫૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૨૧ | ભવાનસિંહ પાર્ટી પ્લોટ-જમણવાર માટે<br>રીસેપ્સન માટે<br>ગરબા માટે | ૧૦૦૦<br>૫૦૦<br>૧૫૦૦ | ૧૦૦૦<br>૫૦૦<br>૧૫૦૦ |
| ૨૨ | અસારવા ગાર્ડન જમણવાર માટે | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૨૩ | ડો.બાબા સાહેબ આંબેડકર હોલ | ૧૫૦૦ | ૧૦૦૦ |
| ૨૪ | કાંકરીયા ફુટબોલ ગ્રાઉન્ડ | ૫૦૦ | ૫૦૦ |
| ૨૫ | સરદાર પટેલ સ્ટેડીયમ મેચ માટે | ૫૦૦ | ૧૦૦૦ |

**પત્રક-૩.૧.૧૧**

**ટાઉનહોલ, ટાગોર હોલ,આંબેડકર હોલની છેલ્લાં ૨ વર્ષની શીફટવાઈઝ વપરાશની માહિતી દર્શાવતું પત્રક**

| અ.ન. | હોલનું નામ | શીફટની વિગત | વર્ષ દરમ્યાન થયેલ વપરાશના દિવસો | | વર્ષના ૩૬૫ દિવસ દરમ્યાન હોલનો શીફટવાઈઝ ટકાવારી વપરાશ | |
|---|---|---|---|---|---|---|
| | | | ૦૧-૦૨ | ૦૨--૦૩ | ૦૧-૦૨ | ૦૨-૦૩ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ટાઉન હોલ | પ્રથમ<br>બીજી<br>ત્રીજી | ૭૪<br>૧૧૭<br>૨૨૫ | ૬૮<br>૧૩૮<br>૧૬૪ | ૨૦.૨૭<br>૩૨.૦૫<br>૬૧.૬૪ | ૧૮.૬૩<br>૩૭.૮૦<br>૪૪.૯૩ |
| ૨ | ટાગોર હોલ | પ્રથમ<br>બીજી<br>ત્રીજી | ૧૦૧<br>૧૨૫<br>૨૧૭ | ૮૦<br>૧૨૩<br>૧૮૬ | ૨૭.૬૭<br>૩૪.૨૫<br>૫૯.૪૫ | ૨૧.૯૧<br>૩૩.૬૯<br>૫૦.૯૫ |
| ૩ | ડો.આંબેડકર હોલ | પ્રથમ<br>બીજી<br>ત્રીજી | ૩<br>૩૬<br>૧૯ | ૧૧<br>૨૬<br>૧૦ | ૦.૮૨<br>૯.૮૬<br>૫.૨૦ | ૩.૦૧<br>૭.૧૨<br>૨.૭૩ |

## પત્રક-૩.૧.૧૨

## કોમ્યુનીટીહોલ તથા પીકનીક હાઉસની છેલ્લાં ૨ વર્ષની થયેલ ખરેખર વપરાશની માહિતી દર્શાવતું પત્રક.

| અ.ન. | કોમ્યુનીટી હોલનું નામ | વર્ષ દરમ્યાન કરેલ વપરાશના ખરેખર દિવસ | |
|---|---|---|---|
| | | ૦૧-૦૨ | ૦૧-૦૨ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | બળવંતરાય ઠાકોર | ૧૨૮ | ૧૨૮ |
| ૨ | શ્યામપ્રસાદ વસાવડા | ૬૫ | ૫૦ |
| ૩ | વસંત રજબ | ૫૧ | ૪૭ |
| ૪ | નરોત્તમ ઝવેરી | ૯૪ | ૫૫ |
| ૫ | ડો.ઓચ્છવલાલ તલાટી | ૪ | ૪ |
| ૬ | ખંડુભાઇ દેસાઇ | ૬૩ | ૭૧ |
| ૭ | લાલાકાકા હોલ | ૪૬ | ૨૮ |
| ૮ | ઈન્દુલાલ યાજ્ઞિક હોલ | ૯૦ | ૪૪ |
| ૯ | વીર ભગતસિંહ | ૪૯ | ૩૬ |
| ૧૦ | એલીસબ્રીજ હોલ | ૭ | ૭ |
| ૧૧ | દરિયાપુર | - | - |
| ૧૨ | ડી.કે. પટેલ હોલ | ૭૨ | ૫૭ |
| ૧૩ | લાખાજી કુંવરજી | ૫૦ | ૨૯ |
| ૧૪ | વાસુદેવ ત્રિપાઠી | ૩૩ | ૧૪ |
| ૧૫ | લીલાધર ભટ્ટ | ૨૦ | ૭ |
| ૧૬ | કાંકરીયા પાર્ટી પ્લોટ | ૧૧૮ | ૧૦૯ |
| ૧૭ | નારણઘાટ પીકનીક હાઉસ | ૪૪ | ૧૪ |
| ૧૮ | કાંકરીયા ઓપનએર થીયેટર | ૧૯ | ૨૯ |
| ૧૯ | લાયન શરદ મહેતા પાર્ટી પ્લોટ | ૨૧ | ૩૦ |
| ૨૦ | ભવાનસિંહ બાપુ પાર્ટી પ્લોટ | ૨૨ | ૧૩ |
| ૨૧ | હિતેન્દ્ર દેસાઇ પાર્ટી પ્લોટ | ૨૧ | ૨૩ |
| ૨૨ | સાબરમતી કો.ઓ.બેંક પાર્ટી- પ્લોટ | ૫૮ | ૨૭ |
| ૨૩ | લો ગાર્ડન પાર્ટી પ્લોટ | - | - |
| ૨૪ | સરદાર પટેલ સ્ટેડીયમ (પ્રેકટીસ વિકેટ) | | ૧૦૩ |
| ૨૫ | સરદાર પટેલ સ્ટેડીયમ (ક્રિકેટ મેચ) | ૭૩ | ૪૩ |
| ૨૬ | રૂક્ષ્મણીબેન ભાવસાર હોલ | ૬૧ | ૮ |
| ૨૭ | લાલા લજપતરાય(કાંકરીયા ફૂટબોલ ગ્રાઉન્ડ) | - | - |
| ૨૮ | રતિલાલ સોમનાથ (ચકુડીયા મહાદેવ પીકનીક હાઉસ) | ૨ | ૨ |

**પત્રક-૩.૧.૧૩**

**છેલ્લાં ૨ વર્ષની પબ્લીક હોલનાં ભાડાની આવક (રૂ.લાખમાં)**

| અ.ન. | હોલનું નામ | વર્ષ ૦૧-૦૨ | વર્ષ ૦૨-૦૩ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | શેઠ મંગળદાસ ટાઉન હોલ | ૫૬.૧૯ | ૧૮.૪૧ |
| ૨ | ટાગોર મેમોરીયલ હોલ | ૫૧.૮૨ | ૧૮.૨૯ |
| ૩ | ડો.આંબેડકર હોલ | ૦.૮૨ | ૦.૬૬ |
| ૪ | મ્યુ. કોમ્યુનીટી હોલ | ૩૭.૦૭ | ૩૬.૯૦ |
| ૫ | ઓપેનએર થિએટર | ૦.૪૫ | ૦.૪૨ |
| ૬ | પીકનીક હાઉસ | ૪.૬૪ | ૫.૦૨ |
| ૭ | ફૂટબોલ મેદાન | ૦.૦૧ | ૦.૦૩ |
| ૮ | સરદાર પટેલ સ્ટેડીયમ | ૦.૭૦ | ૦.૪૮ |
| ૧૦ | ઈજનેર નુકશાની મરામત નિભાવ | - | - |
| ૧૧ | પરચુરણ આવક | - | ૦.૧૪ |
| ૧૨ | વિશ્રાંતિગૃહ | - | - |
| | કુલ | ૧૫૧.૭૦ | ૮૦.૩૫ |

## ૩.૨ નગર વિકાસ ખાતુ

શહેરના વિકાસને ધ્યાનમાં  રાખી શહેરનો વિકાસ નકશો અને વિકાસ યોજનાઓ તૈયાર કરવી,નગર રચના યોજનાઓ તૈયાર કરવી અને નામદાર સરકારશ્રી પાસે મંજુર કરાવવી,મકાનો બાંધવાની પરવાનગી આપવી,મકાનમાં ફેરફાર કરવા અંગે તથા જમીનોના લે-આઉટ પ્લાનો મંજુર કરવાનું,ઇન્ડસ્ટ્રીયલ પરમીટ મેળવવા અંગે આકીટેક્ટ, એન્જીનીયર,  સર્વેયર, ક્લાર્ક ઓફ વર્કસ, અને સ્ટ્રકચરલ ડીઝાઈનરનાં રજીસ્ટ્રેશન કરવા અંગે, રોડ લાઈનમાં સંપાદિત થતી જગાનું વળતર ઠરાવવા અંગે, ગેરકાયદેસર બાંધકામો તથા ઉપયોગો અંગે નોટીસો આપવી તથા આ ગેરકાયદેસર બાંધકામ તોડાવવું તથા ઉપયોગ બંધ કરાવવો, ધારાકીય જોગવાઈ હેઠળ ફરિયાદો કરવી, ગરીબ અને આર્થિક રીતે પછાતવર્ગ તેમજ ઝૂંપડાવાસીઓ માટે વસવાટ અંગે આયોજન કરવું. આ તમામ કામગીરી નગર વિકાસ ખાતા દ્વારા થાય છે.અહેવાલી વર્ષમાં ગુજરાત રેગ્યુલેશન ઓફ અનઓથોરાઇઝડ ડેવલપમેન્ટ એક્ટ(ગૃડા) ૨૦૦૨ અંતર્ગત બિનપરવાનગીના બાંધકામોને નિયમીત કરવા અંગેની કામગીરી સુવ્યવસ્થિત રીતે હાથ ધરવામાં આવેલ છે.

અ.મ્યુ.કોર્પો.ની હદમાં બાંધકામની પ્રવૃતિના નિયંત્રણ અને નિયમન માટે ત્રણ પ્રકારની પ્રવૃતિ હાથ ધરાય છે.

૧. ધી બી.પી.એમ.સી.એક્ટ ૧૯૪૯ ની જોગવાઈઓ હેઠળની જોગવાઇઓનો અમલ કરાવવાનું કામ.

૨. ધી ટાઉન પ્લાનીગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ ૧૯૭૬ ની જોગવાઈઓ હેઠળ નગરરચના યોજનાઓ તૈયાર કરવાનું અને અમલી નગરરચના યોજના ધ્યાને લઇ વિકાસ પરવાનગીઓ આપવાનું કામ

૩. ધી ટાઉન પ્લાનીગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ ૧૯૭૬ હેઠળ તૈયાર કરવામાં આવેલ રીવાઇઝડ ડેવલપમેન્ટ કન્ટ્રોલ  રેગ્યુલેશન  બનાવવામાં આવેલ છે તેનો અમલ કરવાનું કામ.

***મકાન બાંધકામની અરજીઓ-***

પ્રજા તરફથી આવતી બાંધકામની અરજીઓનો નિકાલ, મકાન વપરાશની અરજીઓનો નિકાલ, ગેરકાયદેસર બાંધકામ માટે નોટીસો આપવી, અનધિકૃત ઉપયોગ બંધ કરવાની નોટીસો આપવી, કોર્ટ કામગીરી વિગેરે નગર વિકાસ ખાતા દ્વારા કરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં જુદા જુદા ઝોનમાં મકાન બાંધકામની ગત વર્ષની કુલ ૧૪૩૪ અરજીઓ પેન્ડીગ હતી.અને વર્ષ દરમ્યાન નવી કુલ ૭૬૮ અરજીઓ આવવાથી કુલ ૨૨૦૨ અરજીઓ થયેલ. જેમાંથી વર્ષ દરમ્યાન ૨૧૯૩ અરજીઆનો નિકાલ થતાં વર્ષાન્તે ૯ અરજીઓ બાકી રહેલ.જેની વિગતવાર માહિતી પત્રક ૩.૨.૧.માં અને છેલ્લા ૨ વર્ષ દરમ્યાન મકાન બાંધકામનાં પ્લાનની ઝોન વાઈઝ માહિતી સામેલ પત્રક ૩.૨.૨ માં દર્શાવવામાં આવી છે.

અહેવાલી વર્ષમાં મકાન બાંધકામની નિકાલ થયેલ ૨૧૯૩ અરજીઓમાં સૌથી વધુ પશ્ચિમઝોનમાં ૬૮૫ અરજીઓનો તથા  સૌથી ઓછો નિકાલ પૂર્વઝોનમાં ૧૪૩ અરજીઓનો કરવામાં આવેલ છે.મકાન વપરાશની  નિકાલ થયેલ ૧૧૫ અરજીઓમાં સૌથી વધુ ૫૪ પશ્ચિમઝોનમાં થયેલ છે.જ્યારે પૂર્વઝોનમાં ૧૨ પણ અરજીનો નિકાલ થયેલ નથી.ગેરકાયદેસર બાંધકામ, મકાન વપરાશ વિ.સંદર્ભમાં થયેલ કોર્ટ લીટીગેશન અન્વયે સીટી મેજીસ્ટ્રેટની કોર્ટમાં ૧૮૧ ફરિયાદો કરવામાં આવેલ છે. સીટી સીવીલ કોર્ટમાં ૨૧૬ અને હાઈકોર્ટમાં ૨૯ દાવાઓ ચાલુ છે. સુપ્રિમકોર્ટ માં એક દાવો ચાલુ છે.  આ અંગેની વિસ્તૃત માહિતી સામેલ પત્રક ૩.૨.૩ માં દર્શાવી છે.

ઝોનવાઈઝ બાંધકામની પરવાનગી માટે મળેલ પ્લાનની વિગત પત્રક ૩.૨.૪ માં દર્શાવી છે. જ્યારે મંજુર થયેલ પ્લાન અને ફાઇલ થયેલ પ્લાનની વિગત પત્રક ૩.૨.૫ માં દર્શાવી છે. ઝોનવાઇઝ મંજુર થયેલ પ્લાનની સંખ્યાની વિગતવાર માહિતી પત્રક ૩.૨.૬ માં દર્શાવી છે. પ્લાન જલદી મંજુર થાય તે માટે મંજુર થયેલ

પ્લાનનો સમયગાળો દર્શાવતુ પત્રક ૩.૨.૭ આ સાથે સામેલ છે. રહેઠાણના એકમ સામે કેટલાં રૂમ મુજબનાં પ્લાન મંજુર થયા છે તેની અંગેની વિગતવાર માહિતી પત્રક ૩.૨.૮ માં સામેલ છે.

**લાયસન્સ ફી વિભાગ :-**

મ્યુ.કોર્પો.ની હદના વિસ્તારમાં બાંધકામની પરવાનગી માંગનાર વ્યક્તિ/માલીકે નિયત ફોર્મમાં જરૂરી વિગતો ભરી, જરૂરી દસ્તાવેજો સાથે કરવા ધારેલ બાંધકામનાં પ્લાન મ્યુ.કોર્પો.નો પરવાનો ધરાવનાર એન્જીનીયર, આર્કીટેક્ટ, એન્જિનીયર,સ્ટ્રકચરલ ડીઝાઇનર તથા ક્લાર્કસ ઓફ વર્કસની જરૂરી સહીઓ સાથે રજુ કરવાના હોયછે. સર્વેયર મારફતે તૈયાર કરાવવાના હોય છે.સદર પરવાનો એન્જીનીયર ,આર્કીટેક્ટ,સ્ટ્રકચરલ ડીઝાઇનર તથા ક્લાર્કસ ઓફ વર્કસ જી.ડી.સી.આર.વિનિમય-૯.૩માંદર્શાવેલ લાયકાત તથા અનુભવના આધારે આપવામાં આવે છે. તેઓએ જી.ડી.એસ.આર. વિનિમય નં.૯.૩માં દર્શાવ્યા મુજબ ફરજો તથા જવાબદારીઓ નિભાવવાની રહેછે. આપવામાં આવનાર પરવાનો (લાયસન્સ) દરેક કેટેગરી માટેલાયસન્સ દીઠ લાયસન્સ ફીના રૂા.૧૦૦૦(નોન રીફંડેબલ) ડીપોઝીટ રૂા.૧૦૦૦ તથા લાયસન્સ સર્ટીફીકેટ તથા કન્ટીજન્સી ચાર્જ રૂા.૧૦૦ લેવામાં આવે છે. સદર પરવાનો પાંચ વર્ષની મુદત માટે આપવામાં આવે છે. અને દર પાંચ વર્ષે રીન્યુઅલ લાયસન્સ ફી લઇને રીન્યુ કરવામાં આવે છે.

અહેવાલી વર્ષમાં એન્જીનીયરના ૮૦,આર્કેટેક્ટના ૧૯ સ્ટ્રકચરલ ડીઝાઇનરના ૩૨ અને ક્લાર્કસ ઓફ વર્કસના ૫૦ મળી કુલ ૧૮૧ લાયસન્સ આપવામાં આવ્યા હતા. લાયસન્સ ફીની કુલ આવક રૂા.૩.૮૦ લાખ થઇ હતી.

**ડ્રોઈંગ વિભાગની કામગીરી :-**

આ વિભાગની કામગીરીમાં મુખ્યત્વે વિકાસ યોજનાના નકશા બનાવવા, નગર આયોજન યોજનાના નકશા બનાવવા, યોજનાના મુસદ્દા તૈયાર કરવા, વિવિધ નકશાઓની નકલ તૈયાર કરી વેચાણ આપવી, બાંધકામની અરજીઓ કે પ્રજા તરફથી આપતી અરજીઓના પ્લાન તપાસી વિકાસ યોજના તથા નગર આયોજન યોજનાની દરખાસ્તો મુજબ અભિપ્રાય આપવા, નકશાઓનું રેકર્ડ રાખવું, જાહેર જનતાને નકશા જોવાની સવલતો આપવી વિગેરે કાર્યવાહી થાય છે.

**અમલીકરણ વિભાગ (ડી.એસ.ઓ.) :-**

વગર રજાએ થતા ગેરકાયદેસર બાંધકામો કે વગર રજાએ થતો ઉપયોગ અટકાવવાની મહત્વની કામગીરી આ વિભાગ દ્વારા થાય છે. આવા બાંધકામો અટકાવવા તથા તેને દૂર કરવા અનધિકૃત ઉપયોગ થતો રોકવા કે બંધ કરાવવા કાયદેસરની કામગીરીની જોગવાઇઓ ધી બોમ્બે પ્રોવીન્શીયલ મ્યુનિસીપલ કોર્પોરેશન એક્ટ ૧૯૪૯ની કલમ ૨૬૦, ૨૬૭, ૨૬૮ તથા ૪૭૮ અને ધી ગુજરાત ટાઉન પ્લાનીગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટની કલમ ૨૯,૩૭ અને કલમ ૪૯ અન્વયે જે તે ઝોનના વોર્ડ ઇન્સ્પેકટરો નોટીસ સહિત અન્ય પગલાં અંગેની જરૂરી કાર્યવાહી કરે છે.આ અંગેની કાયદેસરની કાર્યવાહી પૂરી થયેથી વોર્ડ ઇન્સ્પેકટર તથા આસી.ટી.ડી.ઓ. દ્વારા આપેલ નોટીસ મુજબનો અમલ કરવામાં આવે છે.ખાતા દ્વારા કરાવેલ અમલ અંગેના ખર્ચની રકમ વસુલ લેવામાં આવે છે.અહેવાલી વર્ષમાં અમલની કાર્યવાહીની ઝોનવાઇઝ માહિતી નીચે મુજબ છે.

| ઝોન | કલમ ૨૬૦ | કલમ ૨૬૮ | કલમ ૪૭૮ | રહેઠાણનાં યુનીટ | બિન રહેઠાણનાં યુનીટ | કુલ યુનીટ | ડીપાર્ટ.ખર્ચની વસુલ આવેલ રકમ રૂા.માં |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| પશ્ચિમ | ૨૩ | ૧ | ૧ | ૩૭ | ૫૮ | ૯૫ | ૧,૩૧,૦૦૦ |
| મધ્ય | ૮ | - | - | ૨૧ | ૩૪ | ૫૫ | ૭૫,૦૦૦ |
| ઉત્તર | - | - | - | - | - | - | - |
| પૂર્વ | ૨૪ | ૧૨ | - | ૬૯ | ૫૧ | ૧૨૦ | ૫૧,૦૭૬ |
| દક્ષિણ | - | - | - | - | - | - | - |
| **કુલ** | **૫૫** | **૧૩** | **૧** | **૧૨૭** | **૧૪૩** | **૨૭૦** | **૨,૫૭.૦૭૬** |

અહેવાલી વર્ષમાં બિનપરવાનગીના બાંધકામો અંગે લીધેલ પગલાંના કેસોની સંખ્યા અને આપેલ નોટીસોની સંખ્યાની ઝોનવાઇઝ માહિતી નીચે મુજબ છે.

| અ.નં | વિગત | પશ્ચિમ ઝોન | મધ્ય ઝોન | ઉત્તરઝોન | પૂર્વ ઝોન | દક્ષિણ ઝોન |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | બિન પરવાનગીના બાંધકામો અંગે લીધેલ(૨૬૦ના કેસો) | | | | | |
| એ | પગલાંના કેસોની સંખ્યા | ૧૯૬ | ૩૩૯ | ૩૮૫ | ૨૫૦ | ૧૭૨ |
| બી | આપેલ નોટીસોની સંખ્યા | ૪૬૨ | ૪૨૦ | ૭૪૭ | ૫૦૮ | ૫૩૨ |
| ૨ | બિન પરવાનગીનો વપરાશ થતો અટકાવવા લીધેલ(૨૬૮ના કેસો) | | | | | |
| એ | પગલાંના કેસોની સંખ્યા | ૨૨ | ૦૮ | - | ૧૧૨ | ૧૪૨ |
| બી | આપેલ નોટીસોની સંખ્યા | ૧૨૫ | ૫૮ | - | ૧૯૦ | - |
| ૩ | બિન પરવાનગીએ કરેલ ચેઇન્જ ઓફ યુઝ અંગે લીધેલ(૪૭૮ના કેસો) | | | | | |
| એ | પગલાંના કેસોની સંખ્યા | ૦૭ | - | - | ૨ | ૦૯ |
| બી | આપેલ નોટીસોની સંખ્યા | ૧૩ | - | - | ૨ | ૧૫ |

**સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી.:-**

સાબરમતી નદીના બંને કાંઠાના વિસ્તારોને આયોજન કરી નદી કાંઠાને રમણીય, સુંદર તથા આકર્ષક બનાવી, આનંદ પ્રમોદનાં સાધનો વિકસાવવાના પ્રોજેકટ અંગેની કાર્યવાહી કરવા ૧૯૯૭માં કંપની બનાવવવામાં આવેલ સને ૧૯૯૭-૯૮ના વાર્ષિક બજેટમાં પાંચ કરોડની સીડ કેપીટલ તરીકે સહાય આપી સ્વાયત બોર્ડની રચના કરી બોર્ડ ઓફ ડીરેક્ટર્સની રચના કરવામાં આવી.

સાબરમતી રીવરફ્રંટ પ્રોજેક્ટ સુભાસબ્રીજથી વાસણા બેરેજ સુધી ૯ કી.મી.ના લાંબા પટ્ટાને બંને બાજુએ રીક્લેમ કરી અંદાજે ૪૦૦ એકર જમીન મેળવવાનું તથા એ જગાનું જુદા જુદા હેતુઓ ધ્યાનમાં રાખી પ્રોજેક્ટ કરવાનું

કામ અમદાવાદની એન્વાયર્નમેન્ટલ પ્લાનીગ કોલોબોરેટીવ નામની સંસ્થાને સોંપવામાં આવ્યુ છે.તથા આ વિસ્તારનું સર્વે કામ થીઓટેક એન્જીનીયર્સને સોંપવામાં આવેલ છે.

અહેવાલી વર્ષ દરમ્યાન જમીન સંપાદન બાબતે કલેકટરશ્રી તરફથી અમદાવાદ મ્યુનિ.કોર્પો.ઉપર કંપની માટે સરકારમાંથી ગુજરાત સરકાર મહેસુલ વિભાગ,ઠરાવ ક્રમાંક;જમન/૧૬૯૯/એમ.આર./૭૩/અ.૧ સચિવાલય,ગાંધીનગર તરફથી જમીન જે નદી કાંઠાના વિસ્તારની રાજ્ય સરકાર હસ્તક છે તે બાબતનો પત્ર મળેલ છે.સદર પ્રોજેક્ટમાં આવતા સ્લમ્સ બાબતેની સોશીયો ઇકોનોમીક સર્વે કંપનીમાં કન્સલ્ટન્ટ તરીકે ઇન્ટરકનેકશનલ ઇન્સ્ટીટયુટ ઓફ સોશીયલ ઇન્ટરપ્રીયોનરશીપ મેનેજમેન્ટ(આઇ.આઇ.એસ.ઇ.એમ.)ની નીમણૂંક કરેલ છે. જેઓએ આજ દિન સુધી આશરે ૧૪૫૦૦(ચૌદ હજાર પાંચસો)સ્લમ્સનું સર્વેનું કામ પુરૂ કરેલ છે.ફાયનલ આર.એન્ડ આર.પોલીસી બનાવી તેને બોર્ડ ઓફ ડિરેકટર્સની મંજુરી બાકીમાં છે.

એન્વાયર્નમેન્ટ ઇમ્પેક્ટ એસેસમેન્ટ નો રીપોર્ટ કે જે સેપ્ટ નામની સંસ્થાને કામ સોંપેલ હતું તેઓએ તેમનો ફાયનલ રીપોર્ટ કંપનીને સુપરત કરેલ છે.આ પ્રોજેક્ટ બાબતે ફાયનાન્સ માટે વર્ષ દરમ્યાન આઇ.ડી.એફ.સી.,હુડકો,તથા આઇ.સી.આઇ.સી.આઇ.માં કંપનીના ફાયનાન્સ માટેની રજુઆતો કરેલ છે. સદર ગાળા દરમ્યાન અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનમાંથી વહીવટી ખર્ચ માટે રૂા.૧૦ લાખ કંપનીને ફાળવેલછે તથા વખતો વખત જી.આઇ.ડી.બી.માંથી ટેકનીકલ સ્ટડી માટેનું ફંડ કંપનીને મળે છે.ડીટેઇલ્ડ ઇન્ફ્રાસ્ટ્રકચર ડીઝાઇન માટે મોન્ટ ગોમરી વોટસન ઇન્ડીયાની નીમણૂંક કરેલ છે.તેઓએ રીવાઇઝડ કોસ્ટ જેવી કે ઇલેકટ્રીક,ટેલીકોમ્યુનિકેશન ગટર પાણીનો નિકાલ વિગેરે સીસ્ટમનો રીવાઇઝડ રીપોર્ટ તૈયાર કરી દીધેલ છે.આર્કિટેક્ટ ડિઝાઇન માટે એચ.સી.પી.ડી.પી.એમ.નામની સંસ્થાની નિમણૂંક કરેલ છે.તેમણે આર્કિટેક્ટ ડિઝાઇન અંગેનું કામ ચાલુ કરેલ છે.આમ આ પ્રોજેકટમાં આવતા તમામ પાસાઓની બાબતમાં ઝીણવટભરી રીતે ચકાસણી કરી વિચાર કરવામાં આવેલ છે.

**પત્રક ૩.૨.૧**

**મકાન બાંધકામને લગતી અરજીની માહિતી દર્શાવતુ પત્રક**

| અ.નં. | વર્ષ | અગાઉનાં બાકી પ્લાન | નવા આવેલ પ્લાન | કુલ | નિકાલ થયેલ પ્લાન | વર્ષાંતે બાકી પ્લાન | નિકાલ કરેલ પ્લાનની ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧. | ૧૯૯૮-૯૯ | ૨૧૬૦ | ૧૫૬૬ | ૩૭૨૬ | ૧૩૯૫ | ૨૩૩૧ | ૩૭ |
| ૨. | ૧૯૯૯-૦૦ | ૨૩૩૧ | ૨૪૪૧ | ૪૭૭૨ | ૨૩૬૪ | ૨૪૦૮ | ૫૦ |
| ૩. | ૨૦૦૦-૦૧ | ૨૪૦૮ | ૧૧૯૭ | ૩૬૦૫ | ૨૦૦૫ | ૧૬૦૦ | ૫૬ |
| ૪. | ૨૦૦૧-૦૨ | ૧૬૦૦ | ૭૯૬ | ૨૩૯૬ | ૯૬૨ | ૧૪૩૪ | ૪૦ |
| ૫. | ૨૦૦૨-૦૩ | ૧૪૩૪ | ૭૬૮ | ૨૨૦૨ | ૨૧૯૩ | ૦૯ | ૯૯ |

## પત્રક ૩.૨.૨
## સને ૨૦૦૧-૦૨ અને ૨૦૦૨-૦૩ દરમ્યાન મકાન બાંધકામનાં પ્લાનની ઝોનવાઈઝ માહિતી દર્શાવતુ પત્રક

| અ.નં. | ઝોન | વર્ષ | અગાઉનાં બાકી પ્લાન | વર્ષ દરમ્યાન આવેલ પ્લાન | કુલ પ્લાન | નિકાલ થયેલ પ્લાન | વર્ષાંતે બાકી પ્લાન | નિકાલ થયેલ કામની ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧. | મધ્યઝોન | ૦૧-૦૨ | ૫૩૯ | ૭૨ | ૬૧૧ | ૧૩૭ | ૪૭૪ | ૨૨ |
| | | ૦૨-૦૩ | ૪૭૪ | ૧૦૬ | ૫૮૦ | ૫૮૦ | - | ૧૦૦ |
| ૨. | પશ્ચિમ ઝોન | ૦૧-૦૨ | ૩૪૫ | ૨૯૨ | ૬૩૭ | ૨૫૫ | ૩૮૨ | ૪૦ |
| | | ૦૨-૦૩ | ૩૮૨ | ૩૦૭ | ૬૮૯ | ૬૮૫ | ૪ | ૯૯ |
| ૩. | પૂર્વ ઝોન | ૦૧-૦૨ | ૮૫ | ૯૬ | ૧૮૧ | ૯૩ | ૮૮ | ૫૧ |
| | | ૦૨-૦૩ | ૮૮ | ૫૬ | ૧૪૪ | ૧૪૩ | ૧ | ૯૯ |
| ૪. | ઉત્તર ઝોન | ૦૧-૦૨ | ૨૩૭ | ૧૫૧ | ૩૮૮ | ૨૨૪ | ૧૬૪ | ૫૮ |
| | | ૦૨-૦૩ | ૧૬૪ | ૭૫ | ૨૩૯ | ૨૩૬ | ૩ | ૯૯ |
| ૫. | દક્ષિણ ઝોન | ૦૧-૦૨ | ૩૯૪ | ૧૮૫ | ૫૭૯ | ૨૫૩ | ૩૨૬ | ૪૪ |
| | | ૦૨-૦૩ | ૩૨૬ | ૨૨૪ | ૫૫૦ | ૫૪૯ | ૧ | ૯૯ |
| | કુલ | ૦૧-૦૨ | ૧૬૦૦ | ૭૯૬ | ૨૩૯૬ | ૯૬૨ | ૧૪૩૪ | ૪૦ |
| | | ૦૨-૦૩ | ૧૪૩૪ | ૭૬૮ | ૨૨૦૨ | ૨૧૯૩ | ૯ | ૯૯ |

## પત્રક ૩.૨.૩
## છેલ્લા ત્રણ વર્ષની બિલ્ડીંગ પરમીશનની અરજીઓ અને કોર્ટ લીટીગેશનને લગતી માહિતી દર્શાવતુ પત્રક

| અ.નં. | વિગત | ૨૦૦૦-૦૧ | ૨૦૦૧-૦૨ | ૨૦૦૨-૦૩ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | મકાન બાંધકામની અરજીઓનો નિકાલ | ૨૦૦૫ | ૯૬૨ | ૨૧૯૩ |
| ૨. | મકાન વપરાશની પરવાનગીની સંખ્યા | ૧૧૬ | ૩૨ | ૧૧૫ |
| ૩. | સીટી મેજીસ્ટ્રેટ કોર્ટમાં થયેલ ફરિયાદો | ૧૪૨ | ૯૮ | ૧૮૧ |
| ૪. | સીટી સિવીલ કોર્ટનાં દાવા | ૨૯૮ | ૨૭૫ | ૨૧૬ |
| ૫. | હાઈકોર્ટમાં ચાલુ દાવા | ૭૭ | ૩૦ | ૨૯ |
| ૬. | સુપ્રિમ કોર્ટમાં ચાલુ દાવા | ૧ | ૧ | - |

## પત્રક ૩.૨.૪
## બાંધકામની પરવાનગી માટે છેલ્લા ૨ વર્ષ દરમ્યાન ઝોન વાઈઝ,કેટેગરી વાઈઝ મળેલ પ્લાનની સંખ્યા દર્શાવતુ પત્રક

| અ.નં. | ઝોન | વર્ષ | નવા બાંધકામ (બી.એન.બી.) | સુધારા/વધારા (સી.આર.) | ભાગલા (બી.એન.એસ.) | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | મધ્ય | ૦૧-૦૨ | ૪૬ | ૧૯ | ૭ | ૭૨ |
| | | ૦૨-૦૩ | ૭૧ | ૩૩ | ૨ | ૧૦૬ |
| ૨. | પશ્ચિમ | ૦૧-૦૨ | ૧૮૭ | ૯૧ | ૧૪ | ૨૯૨ |
| | | ૦૨-૦૩ | ૧૮૯ | ૧૦૫ | ૧૩ | ૩૦૭ |
| ૩. | પૂર્વ | ૦૧-૦૨ | ૬૬ | ૨૫ | ૫ | ૯૬ |
| | | ૦૨-૦૩ | ૪૦ | ૧૩ | ૩ | ૫૬ |
| ૪. | ઉત્તર | ૦૧-૦૨ | ૧૧૨ | ૨૮ | ૧૧ | ૧૫૧ |
| | | ૦૨-૦૩ | ૬૦ | ૧૩ | ૨ | ૭૫ |
| ૫. | દક્ષિણ | ૦૧-૦૨ | ૧૨૦ | ૫૭ | ૮ | ૧૮૫ |
| | | ૦૨-૦૩ | ૧૮૨ | ૩૦ | ૧૨ | ૨૨૪ |
| | કુલ | ૦૧-૦૨ | ૫૩૧ | ૨૨૦ | ૪૫ | ૭૯૬ |
| | | ૦૨-૦૩ | ૫૪૨ | ૧૯૪ | ૩૨ | ૭૬૮ |

## પત્રક ૩.૨.૫
## મંજુર થયેલ પ્લાન અને ફાઈલ થયેલ પ્લાનની માહિતી દર્શાવતુ પત્રક

| અ.નં. | વર્ષ | નવુ બાંધકામ | | સુધારા વધારા | | ભાગલા | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજુર | ફાઈલ | મંજુર | ફાઈલ | મંજૂર | ફાઈલ | મંજૂર | ફાઈલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧. | ૦૧-૦૨ | ૨૨૪ | ૪૧૩ | ૭૯ | ૨૧૩ | ૧૦ | ૨૩ | ૩૧૩ | ૬૪૯ |
| | | | | | | | | | |
| ૨. | ૦૨-૦૩ | ૭૪૮ | ૭૯૦ | ૨૩૬ | ૩૬૮ | ૨૫ | ૨૬ | ૧૦૦૯ | ૧૧૮૪ |
| | | | | | | | | | |

**પત્રક ૩.૨.૬**

**સને ૨૦૦૨ –૦૩ દરમ્યાન મંજુર થયેલ પ્લાનની ઝોનવાઈઝ માહિતી દર્શાવતુ પત્રક**

| અ.નં. | ઝોન | વર્ષ | નવા બાંધકામ બી.એન.બી. | સુધારા વધારા સી.આર. | બાંધકામનાં ભાગલા બી.એન.એસ. | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | મધ્યઝોન | ૦૧-૦૨ | ૧૭ | ૫ | ૨ | ૨૪ |
| | | ૦૨-૦૩ | ૫૨ | ૨૮ | ૨ | ૮૨ |
| ૨. | પશ્ચિમઝોન | ૦૧-૦૨ | ૭૮ | ૬૨ | ૨ | ૧૪૨ |
| | | ૦૨-૦૩ | ૨૦૦ | ૧૧૧ | ૧૧ | ૩૨૨ |
| ૩. | પૂર્વઝોન | ૦૧-૦૨ | ૧૮ | ૮ | ૨ | ૨૮ |
| | | ૦૨-૦૩ | ૭૫ | ૨૨ | ૪ | ૧૦૧ |
| ૪. | ઉત્તર ઝોન | ૦૧-૦૨ | ૮૩ | - | ૨ | ૮૫ |
| | | ૦૨-૦૩ | ૧૬૫ | ૨૧ | ૧ | ૧૮૭ |
| ૫. | દક્ષિણ ઝોન | ૦૧-૦૨ | ૨૮ | ૪ | ૨ | ૩૪ |
| | | ૦૨-૦૩ | ૨૫૬ | ૫૪ | ૭ | ૩૧૭ |

**પત્રક ૩.૨.૭**

**મંજુર થયેલ પ્લાનની સમયમર્યાદાની ઝોનવાઈઝ માહિતી દર્શાવતુ પત્રક**

| અ.નં. | ઝોન | એક માસની અંદર | બે માસની અંદર | ત્રણ માસની અંદર | ત્રણ માસ ઉપર | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | મધ્યઝોન | ૩૦ | ૧૨ | ૧૨ | ૨૮ | ૮૨ |
| | ટકા | | | | | |
| ૨. | પશ્ચિમ ઝોન | ૭૦ | ૧૦૦ | ૫૨ | ૧૦૦ | ૩૨૨ |
| | ટકા | | | | | |
| ૩. | પૂર્વ ઝોન | ૧૨ | ૬ | ૧ | ૮૨ | ૧૦૧ |
| | ટકા | | | | | |
| ૪. | ઉત્તર ઝોન | - | - | - | ૧૮૭ | ૧૮૭ |
| | ટકા | | | | | |
| ૫. | દક્ષિણ ઝોન | ૨૪ | ૭૦ | ૨૩ | ૨૦૦ | ૩૧૭ |
| | ટકા | | | | | |
| | કુલ | ૧૩૬ | ૧૮૮ | ૮૮ | ૫૯૭ | ૧૦૦૯ |
| | ટકા | | | | | |

**પત્રક ૩.૨.૮**

**રહેઠાણનાં એકમ સાથે રૂમ્સની સંખ્યા દર્શાવતુ પત્રક**

| અ.નં. | વર્ષ | એક રૂમ | બે રૂમ | ત્રણ રૂમ | ચાર કે તેથી વધુ રૂમ્સ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | ૧૯૯૮-૯૯ | ૬૪ | ૧૧૨ | ૧૨૮ | ૨૭ | ૩૩૧ |
| ૨. | ૧૯૯૯-૦૦ | ૧૩૧ | ૧૭૧ | ૭૦ | ૭૦ | ૪૪૨ |
| ૩. | ૨૦૦૦-૦૧ | ૭૧ | ૨૨૦ | ૨૧૧ | ૧૮ | ૫૨૦ |
| ૪. | ૨૦૦૧-૦૨ | ૧૯૬૮ | ૧૭૩ | ૧૧૭ | ૦૨ | ૨૨૬૦ |
| ૫. | ૨૦૦૨-૦૩ | ૮ | ૭૬૮ | ૪૦૨ | ૧૩૧ | ૧૩૦૯ |

# પ્રકરણ ૪.

## ઈજનેર ખાતુ

અમદાવાદ મ્યુ. કોર્પો.ના ઈજનેર વિભાગ દ્વારા, શહેરના રસ્તા, પાણી, ગંદાપાણીનો તથા વરસાદી પાણીનો નિકાલ, પુલો, વિ.ને લગતાં મરામત નિભાવના કામો કરવામાં આવે છે. આ ખાતુ સીટી ઈજનેરશ્રીની સીધી દેખરેખ નીચે ચાલે છે. શહેરીજનોને પાયાની જરૂરિયાત, એવું પાણી એકત્ર કરી શુધ્ધ કરી પુરૂ પાડવું તેમજ તે મેળવવા માટેનાં નવા સાધનો ઉભા કરવા, ટ્રાફિક નિયંત્રણ માટેનાં ટ્રાફિક આયલેન્ડ તથા સિગ્નલો બનાવવા રોડ પર પટ્ટા દોરવા, ફ્લાય ઓવરબ્રીજ તથા અન્ડરપાસ તથા બમ્પ બનાવવા વિ. કામો પણ કરવામાં આવે છે. શહેરમાં જરૂર જણાય ત્યાં નવા પુલો બનાવવા, જુના પુલો પહોળા કરવા તથા તેનાં મરામત નિભાવ કામો કરવા, ગંદાપાણીને એકત્ર કરી, શુધ્ધ કરી યોગ્ય નિકાલ કરવો, નવી ગટરલાઈનો નાંખવી તથા શુધ્ધિકરણનાં જરૂરી પ્લાન્ટ તૈયાર કરવા વિ. કામગીરી કરવામાં આવે છે. સાઈટ એન્ડ સર્વિસીસ તથા મકાનોનાં પ્રોજેક્ટનાં બાંધકામની કાર્યવાહી કરવી. ફુવારા બનાવી શહેરને સુશોભિત કરવાની કામગીરી આ વિભાગ દ્વારા કરવામાં આવે છે. નદીના ઈન્ફીલ્ટ્રેશન કુવા, ફ્રેન્ચવેલ બોરીગોમાં પંપ મુકી અન્ડરગ્રાઉન્ડ ટાંકી દ્વારા શહેરને પાણી પુરૂ પાડવું, નવા કુવા બોરીંગો બનાવવા તથા તેના મરામત નિભાવ કરવા. રોડ પ્રોજેક્ટમાં નવા રોડ બનાવવા, રીસરફેસ કરવા, પહોળા કરવા, ફૂટપાથ બનાવવી તથા તેનાં મરામત નિભાવ જેવી કામગીરીઓ કરવામાં આવે છે. સીટી ઈજનેરશ્રી આ સઘળા કામો એડી.સી.ઈ.શ્રી તથા અન્ય અધિકારીઓ ખાતાના સ્ટાફનાં સહકારથી કરે છે. ઓફિસ સુપ્રિ. પ.વ.એકા., ઈ.શી. તથા અન્ય સંલગ્ન ખાતાની કામગીરી સંભાળે છે. તે સિવાયનાં કાર્યો એડી.સી.ઈ.શ્રી સંભાળે છે.

શહેરની વધતી જતી વસ્તી માટે જરૂરી વધારાનો પાણી પૂરવઠો મેળવવાની યોજનાને આનુષાંગિક કામો તથા પૂર્વ અમદાવાદની વો.પ્રો.ની કામગીરી એડી.સી.ઈ.(વો.પ્રો.) શ્રી સંભાળે છે. પાણીનાં પ્રશ્નોના કાયમી નિકાલ લાવવાની કામગીરી  આ વિભાગમાં થાય છે. ટયુબવેલ સ્ટેશનો બાંધવા, દૂધેશ્વર વો.વર્કસની ભૂગર્ભ સંગ્રહશક્તિમાં વધારો કરવા ઉપરાંત તેનાં કમ્પાઉન્ડમાં આવેલ બોરીગો પર પંપો મુકી, પાણી અન્ડરગ્રાઉન્ડ ટાંકીમાં લાવ્યા બાદ જનતાને પૂરૂ પાડવામાં આવે છે. બોરીગોમાં બગડેલાં પંપોમાં જરૂરી સુધારો કરી શક્ય હોય તેટલો પાણી પૂરવઠો મેળવી કુવા બોરીગોના મરામત નિભાવ ઉપરાંત પાણીની ટેન્કરોનાં ફેરા કરવામાં આવે છે.

ડ્રેનેજ પ્રોજેક્ટ ૧૬૪૩, આઈ.એન.જે. ઈસ્ટ અમદાવાદ પ્રોજેકટ, લો કોસ્ટ સેનીટેશન, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેકટ ૧૬૪૩, આઈ.એન.જે. વર્લ્ડ બેંક સહાય નીચેનાં ડ્રેનેજ પ્રોજેક્ટનાં કામો ઉપરાંત શહેરની ઉભરાતી ગટરોનાં પ્રશ્નો હલ કરવાનું કામ એડી.સી.ઈ.(ડ્રે.પ્રો.) શ્રી સંભાળે છે. પૂર્વ વિસ્તારમાં ડ્રેનેજ વોટર સપ્લાયની સગવડ પૂરી પાડવા, ઈસ્ટ અમદાવાદ સુઅરેઝ પ્રોજેકટની કામગીરી ઉપરાંત જી.આઈ.ડી.સી. એફલ્યુઅન્ટ  ટી.ડી.એસ.નું પ્રમાણ ઘટાડવામાં આવે છે. ક્રેડીટ ૧૨૮૦ આઈ.એન.સ્કીમમાં ડ્રેનેજનાં વિવિધ કામોનો સમાવેશ થાય છે. નદીની પૂર્વ - પશ્ચિમ વિસ્તારના ડ્રેનેજ લાઈનના કામો, સુધારણાનાં કામો,  ડ્રેનેજ પંપીગ સ્ટેશન બાંધવા, તથા તેની મરામત નિભાવનાં કામો, આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.

શહેરમાં મુખ્ય માર્ગો બનાવવા, રીસરફેસ કરવા ઝોનનાં રસ્તાઓ રીસરફેસ કરવા માર્ગો પહોળા કરવા, ફૂટપાથ બનાવવી, રોડનાં મરામત- નિભાવના કામો એડી.સી.ઈ.( રો.પ્રો.)શ્રી સંભાળે છે. બ્રીજ ટ્રાફિક વિભાગની સંપૂર્ણ કામગીરી પણ સંભાળે છે. શહેરના નદી ઉપરના, રેલ્વેબ્રીજનાં તથા ફ્લાય ઓવરબ્રીજના, ભૂગર્ભ ક્રોસિંગ વિ. કામો ઉપરાંત ટ્રાફિકને લગતી કામગીરી તથા તેનાં મરામત નિભાવની કામગીરી એડી.સી.ઈ.(રો.પ્રો.)શ્રી સંભાળે છે.

## ૪.૧ વોટર પ્રોજેક્ટ

**૧. ધરોઇ બંધની કામગીરી-**

અમદાવાદ શહેરની પાણીની માંગને પહોંચી વળવા અ.મ્યુ.કોર્પો.એ ગુજરાત સરકાર સાથે ચર્ચા કરી અમદાવાદ શહેરથી ૧૫૦ કિ.મી. ઉત્તરે બંધાતા ધરોઇ બંધમાંથીપાણી મેળવવા બંધના બાંધકામમાં ભાગીદાર થયેલ.તે મુજબ શહેરના પાણીના પ્રશ્નના કાયમી ઉકેલ માટે ધરોઇ બંધમાંથી શહેર માટે ૨૭૮ ક્યુસેક પાણી છોડવાનું નક્કી થયેલ. બંધમાં મ્યુ.કોર્પો. ૫૨.૧૦ % ભાગીદારી નકકી થયેલ અને રાજ્ય સરકારે ખર્ચના હિસ્સાની ૧/૩ રકમ માટે લોન આપવાની હતી.સદર બંધના ખર્ચ પેટે રાજ્ય સરકારે લોન પેટે ફકત રૂા.૧૦૦ લાખ આપેલ છે તથા મ્યુ.કોર્પો.ને પોતાના રૂા.૪૯૩ લાખ એમ કુલ રૂા.૫૯૩ લાખ ચુકવેલ પરંતુ તાજેતરમાં ધરોઇ બંધમાંથી પાણી મેળવતી લાભિત સંસ્થાઓએ કરાર કરેલ ન હોઇ અને ભાગીદારીની રકમ પણ ભરેલ ન હોઇ રાજ્ય સરકારે તા.૧-૪-૯૭થી આ ભાગીદારી રદ કરવાનું નકકી કરેલ છે.

**૨. રાસ્કા વિયર યોજના-**

તા.૧/૪/૨૦૦૦થી રાસ્કા પ્રોજેક્ટ અન્વયે મહી નદીનું પાણી શેઢી કેનાલ મારફતે જીંજર ગામ પાસે આવેલ પંપ હાઉસ મારફતે અ.મ્યુ.કો.ના કોતરપુર વોટર વર્ક્સના પ્લાન્ટ ખાતે લાવવામાં આવે છે અને ત્યારબાદ આ પાણી ટ્રંક મેઇન દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારના વોટર ડીસ્ટ્રી.સ્ટેશનનોને વિતરણ કરવામાં આવે છે.શેઢી કેનાલ મારફતે રાજ્ય સરકારે રોજનું ૬૫ એમ.જી.ડી.પાણી આપવાનું નક્કી કરેલ છે.કડાણા ડેમમાં ઉપલબ્ધ પાણીના જથ્થાને ધ્યાનમાં રાખીને સને ૨૦૦૨-૦૩ દરમ્યાન સરેરાશ દૈનિક ૫૦ એમ.જી.ડી.પાણી મળેલ છે.

ચાલુ સાલે રાસ્કા યોજના અન્વયે શેઢી કેનાલમાંથી નર્મદા/ મહી નદીનું પાણી મેળવીને શહેરનો પાણી પુરવઠો જાળવી રાખવામાં આવેલ છે.

**૩. સાબરમતી નદીમાં આવેલ ફ્રેંચવેલો**

સાબરમતી નદીમાં કુલ પાંચ ફ્રેંચવેલો આવેલા છે.અહેવાલી વર્ષમાં ચોમાસાના અંત ભાગમાં ઓગષ્ટ માસમાં નર્મદા નદીમાંથી નર્મદા કેનાલ મારફતે સાબરમતી નદીમાં પાણી છોડવામાં આવતા પાંચેય ફ્રેંચવેલો ચાલુ કરી દૈનિક ૩૦ એમજીડી પાણી મેળવવામાં આવેલ.જ્યાં સુધી સાબરમતી નદીમાં પાણી ઉપલબ્ધ હતુ ત્યાં સુધી ફ્રેંચવેલોમાંથી પાણી મેળવી પુરવઠો જાળવી રાખવાંમાં આવેલ છે.

**૪. વોટર સપ્લાય પ્રોજેક્ટ-**

અમદાવાદ શહેરની સને ૨૦૧૧ની વસ્તીની પાણીની જરૂરીયાત તથા નર્મદા કેનાલમાંથી મળનાર પાણીના જથ્થાને ધ્યાનમાં રાખી એક પાણીની નવી પાણીની યોજના બનાવેલ છે.આ યોજનાનો રૂા.૧૯૭.૫૪ કરોડનો ખર્ચ મંજૂર કરાવીને કામગીરી શરૂ કરવામાં આવેલ.જે પૈકી મોટા ભાગના જકામો અહેવાલીવર્ષમાં પૂરા કરવામાં આવેલ.જેની માહિતી નીચે મુજબ છે.

૧) વટવા ખાતે વટવા નિગમ વોટર ડીસ્ટ્રી.સ્ટેશનના નેટવર્કના કામો પુરા કરીને તા.૨૪/૬/૨૦૦૨થી કાર્યરત થયેલ છે.જેને કારણે આશરે ૬૦,૦૦૦ની વસ્તીને મળતા પાણીના પુરવઠામાં સુધારો થયેલ છે.

૨) કૃષ્ણનગર હાઉસીગ વોટર ડીસ્ટ્રી.સ્ટેશનના સીવીલ,મીકેનીકલ તથા ઈલેકટ્રીકલ અને ડીસ્ટ્રી.નેટવર્કના કામો પુરા કરીને માર્ચ-૨૦૦૩માં ઉદ્ઘાટન કરીને સ્ટેશન કાર્યરત કરવામાં આવેલ છે.જેના કારણે નરોડા ઠક્કરબાપાનગરની ૧લાખની વસ્તીને પાણીનો પુરવઠો મળતો થયેલ છે.

૩) મોટરા તથા દુધેશ્વર ખાતે ફ્રેંચવેલ બનાવવાનું કામ ૧૯૯૮માં શરૂ કરેલ છે.તે કામો અગાઉના વર્ષ સુધીમાં ૯૫% પુરા થયેલછેઅને ૫% કામજેમાં મુખ્યત્વે બંને ફ્રેંચવેલમાં રેડીયલ ડાઈવીગનું કામ બાકી હતુ તે કામ અહેવાલી વર્ષના અંતમાં પુરૂ થયેલ છે.આ કામના આનુસાંગિક કામો પુરાં થતાં ટુંક સમયમાં બંને ફ્રેંચવેલ ચાલુ કરવામાં આવશે.

આમ ઉપર જણાવેલ કામો તથા તે ઉપરાંત વોટર પ્રોજેક્ટને લગતા નાના મોટા કામો થઈને કુલ રૂા.૭૨૫.૫૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

**ટુંક સમયમાં શરૂ થનાર કામો-**

કોતરપુર ટ્રંક મેઈન્સ સાથે શહેરના હયાત ૩૫ વોટર ડીસ્ટ્રી.સ્ટેશનો તથા પ્રપોઝડ ૧૧ વોટર ડીસ્ટ્રી.સ્ટેશનોને એમ.એસ. તથા ડી.આઈ.પાઈપલાઈનો નાંખી જોડવાનું આશરે રૂા.૩૯.૩૦કરોડના કામની મંજુરી મેળવેલ છે.આ કામ ચાલુ કરેલ છે.

મણીનગર કરાંચી રેલ્વે ક્રોસીગ પાસે બ્રોડગેજ રેલ્વે લાઇન નીચે ૧૭૦૦ એમ.એસ.પાઈપ પુશીગ કરી ૧૨૦૦મી.મી.ડાયાની એમ.એસ.વોટર પાઈપલાઈન નાંખવાનું રૂા.૫૮.૧૩ લાખનું કામ મંજુર થયેલ છે.જેને રેલવેની મંજુરી મળતાં શરૂ કરવામાં આવશે.

જીંજર પંપ હાઉસ માટે શેઢી શાખા નહેર પર હેવી વ્હીકલ માટે પાકો રોડ બનાવવાની કામગીરીનું આયોજન કરેલ છે.જે પૈકી અ.મ્યુ.કો.રૂા.૧૯૯.૬૮લાખ નર્મદા નહેર વિભાગને જમા કરાવવામાં આવશે.આ તમામ કામો સને૨૦૦૩-૨૦૦૪માં પુરા કરવાનું આયોજન થયેલ છે.

# ૪.૨ બ્રીજ વિભાગ

અમદાવાદ શહેરની વધતી જતી વસ્તીની સાથે શહેરના ટ્રાફિકના પ્રશ્નો પણ એટલાજ વિકટ બનતા જાય છે.શહેરનું ઔધોગિક મહત્વ હોઇ બહારથી પણ ઘણા લોકો અવરજવર કરતા હોય છે.આથી ટ્રાફિક જંકશન આગળ રાહદારીઓની સુવિધા સગવડ અને સલામતી ખાતર તેમજ યાંત્રિક વાહનોની સુગમતા ખાતર અ.મ્યુ.કોર્પો.તરફથી સાબરમતી નદી ઉપરના હયાત બ્રીજ પહોળા કરવા, નવા બ્રીજ બનાવવા તથા જુદી જુદી જગાએ ફલાય ઓવરબ્રીજ તથા અંડરપાસ બનાવવાનું આયોજન ઇજનેરખાતાના બ્રીજ વિભાગ દ્વારા કરવામાં આવે છે.જેની વિગત નીચે મુજબ છે.

(૧) વાસણા પિરાણા છ લેઇનનો બ્રીજ

(૨) ૧૩૨ ફુટ રીંગ રોડ પર દક્ષિણી સોસાયટી પાસે બ્રોડગેજ રેલ્વે લાઇનો ઉપર ૪ લેઇનનો ફલાય ઓવર

(૩) જમાલપુર જંકશન ઉપર ફલાય ઓવર

(૪) કાલુપુર જંકશન

(૫) ૨૦૦ ફુટ હાઇવે ને ક્રોસ કરવો સોનીની ચાલી ફલાય ઓવર(ઓઢવ)

(૬) અખબારનગર નજીક રેલ્વે ક્રાંસીંગ નં.૬ નજીક અન્ડરપાસ

(૭) જુની હાઇકોર્ટ નજીક લેવલ ક્રોસીંગ નં.૧૨ ની જગ્યાએ અન્ડરપાસ

(૮) ઉસ્માનપુરા નજીક લેવલ ક્રોસીંગ નં.૧૧ ની જગ્યાએ અન્ડરપાસ

વાસણા-પિરાણા છ લેઇનનો નદી ઉપરનો બ્રીજ ૧૩૨ ુટના રીંગ રોડ ઉપર દક્ષિણી સોસાયટી પાસે ૪ લેઇનનો ફલાય ઓવર, જમાલપુર,કાલુપુર અને સોની ચાલી જંકશન ઉપરના ફલય ઓવરના પ્રપોઝલની ફીઝીબીલીટીની ચકાસણી,ડીટેઇલ્ડ સર્વે કામ, સોઇલ ઇન્વેસ્ટીગેશન વિ.કામગીરી પુરી કરીને ટેન્ડર,સ્પેશીફીકેશન તૈયાર કરવામાં આવેલ છે.આ પ્રોજેક્ટને માટે પુરતું બજેટ પ્રોવીઝન/જરૂરી કેશ ફલો તથા પ્રાયોરીટી મળ્યેથી આગળ કાર્યવાહી કરવામાં આવનાર છે.

ઉસ્માનપુરા અન્ડરપાસમાં સુચિત અન્ડરપાસની એલાઇનમેન્ટ નડતરરૂપ અન્ડર ગ્રાઉન્ડ સર્વિસ લાઇનનું શીફ્ટીંગનું કામ ચાલી રહેલ છે.સદર અન્ડરપાસની જગ્યાએ ત્રણ લેઇનનો ફલાય ઓવર કરવાનું નક્કી થતાં નવા ફલાય ઓવરના લીસ્ટમાં ઉસ્માનપુરા ફલાય ઓવરનું કામ લેવાતાં અન્ડરપાસનું કામ સ્થગિત કરવામાં આવેલ છે.

**અ.શહેરની ટ્રાફિકની સમસ્યા હલ કરવા નીચે જણાવેલ ફલાય ઓવર કરવાનું આયોજન કરેલ છે.**

૧. ઓમકાર રેલ્વે ક્રોસીંગ પર ફલાય ઓવર

૨. સ્વામી વિવેકાનંદ-હાથીજણ કોઝ વે ની જગ્યાએ બ્રીજ

૩. ડૉ.આંબેડકર ફલાય ઓવર બ્રીજને નરોડા રોડ અને કાલુપુર તરફ બંને સાઇડ એપ્રોચ કરવા

૪. શ્રેયસ ક્રોસીંગની જગ્યાએ ફલાય ઓવર

૫. ૨૦૦ ફુટના નરોડા-નારોલ હાઇવે બાયપાસ

અ.ઠક્કરબાપાનગર-ખોડીયારનગર જંકશન

બ.સોનીની ચાલી(ઓઢવ જંકશન)

ક.વસ્ત્રાલ જંકશન

ડ.સી.ટી.એમ.જંકશન

૬. ૧૨૦ ફુટ રીંગ રોડ માટે રેલ લાઇનો ઉપર ફલાય ઓવર

અ.ઉસ્માનપુરા ફલાય ઓવર ત્રણ લેઇનનો ફલાય ઓવર

બ.શ્રેયસ ફ્લાય ઓવર

૭. આશ્રમ રોડની સમાંતરે ફ્લાય ઓવર

અ.ઇન્કમ ટેક્ષ જંકશન

બ.નહેરૂ બ્રીજ જંકશન

૮. જમાલપુર ફ્લાય ઓવર

૯. કાલુપુર જંકશન

ઉપરોક્ત પ્લાનીંગમાં લીધેલ કામનો ફીઝીબીલીટી ચકાસણી તથા પ્રિલીમીનરી સર્વે કરવામાં આવેલ છે.આ પ્રોજેક્ટ પૈકી પ્રાયોરીટી મળ્યેથી તેમજ આ માટે જરૂરી બજેટ પ્રવીઝન તથા કેશ ફ્લોની ફાળવણી થયેથી ટેન્ડર મંગાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**બ.સ્પોર્ટસ સંકુલઃ-**

સરદાર પટેલ સ્ટેડીયમમાં ક્રિકેટની રમતની સાથે અન્ય રમતોના વિકાસ માટે સ્ટેડીયમમાં રમતગમત સંકુલ ઉભું કરવા સ્થળ ઉપરની જગ્યાએ અનુરૂપ પ્લાનીંગ કરવાનું જણાવતાં આર્કીટેક્ટ અને સ્ટ્રકચરલ એન્જી.મે સ્તુપ કન્સલ્ટન્ટ લી.ને તેના પ્લાનીંગનું કામ સોંપવામાં આવેલ.તેઓએ આ સ્ટેડીયમમાં મોડીફીકેશન કરવાનું કામ,રાત્રી મેચોનું આયોજન,અલગ અલગ સ્પોર્ટસના આયોજન અંગે પ્રોજેક્ટ રીપોર્ટ તૈયાર કરેલ છે.જે અદાજે રૂા.૯૫.૬૪ કરોડનો થાય છે.

**ક.પાર્કીંગ વ્યવસ્થાઃ-**

માણેકચોક પાસે બહુમાળી સ્કુટર પાર્કીંગ સંકુલ ઉભું કરવા અંગેના ટેન્ડર રૂા. ૭૬.૫૮ લાખને મંજુરી મળી ગયેલ છે.કોન્ટ્રાકટરને વર્ક ઓર્ડર આપી કામ શરૂ કરવામાં આવેલ છે.હુડકોમાં રૂા.૧૨૮.૫૮ લાખનો પ્રોજેક્ટ રીપોર્ટ લોનની મેળવણી માટે કરવામાં આવેલ છે.

## ૪.૩ રોડ પ્રોજેક્ટ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઇજનેર રોડ પ્રોજેકટ વિભાગમાં સમગ્ર શહેરના ૬૦ ફૂટ તથા તેથી પહોળા ટી.પી.રસ્તાને વધુ પહોળા કરી પાકા કરવાના કામો તથા હયાત પાકા રસ્તાઓને રીસરફેસ-રીગ્રેડ કરવાના કામો તેમજ કાચા રસ્તા પાકા કરવાની કામગીરી કરવામાં આવે છે.અહેવાલી વર્ષ દરમ્યાન છેલ્લા છ વર્ષ દરમ્યાન અમદાવાદ શહેરના જે મુખ્ય રસ્તાઓની સપાટી ખરાબ થઇ ગયેલ તેને રીગ્રેડ કરી રીસરફેસ કરવાની સઘન કામગીરી કરવામાં આવેલ છે.

અહેવાલી વર્ષમાં અમદાવાદ શહેરમાં રોડ પ્રોજેક્ટ દ્વારા જુદા જુદા પાંચ ઝોનમાં કરવામાં આવેલ રસ્તાઓની કામગીરીની વિગત નીચે મુજબ છે.

### ૧. <u>રસ્તા રીસરફેસની કામગીરી</u> :-

| અ.નં | ઝોનનું નામ | રીસરફેસ કરેલા રસ્તાની સંખ્યા | લંબાઈ કી.મી. | ખર્ચ રૂા.લાખમાં |
|---|---|---|---|---|
| ૧ | ઉત્તર ઝોન | ૧ | ૧.૫૦ | ૭.૫૦ |
| ૨ | દક્ષિણ ઝોન | ૭ | ૨.૬૨ | ૯.૭૨ |
| ૩ | પૂર્વ ઝોન | - | - | - |
| ૪ | મધ્ય ઝોન | ૬ | ૧.૫૨ | ૪.૯૮ |
| ૫ | પશ્ચિમ ઝોન | ૧૪ | ૫.૨ | ૨૨.૪૫ |

ઉત્તર ઝોનનો એક રસ્તો, દક્ષિણ ઝોનના સાત રસ્તા,મધ્ય ઝોનના છ રસ્તા તથા પશ્યિમ ઝોનના ચૌદ રસ્તા રીસરફેસ કરવામાં આવતા વર્ષ દરમ્યાન કુલ ૧૦.૮૪ કી.મી.લંબાઇના રસ્તા રૂા.૪૪.૭૨ લાખના ખર્ચે કરવામાં આવ્યા.

### ૨. <u>રસ્તા પહોળા કરવાની કામગીરી</u>:-

| અ.નં | ઝોનનું નામ | પહોળા કરેલા રસ્તાની સંખ્યા | લંબાઈ કી.મી. | ખર્ચ રૂા.લાખમાં |
|---|---|---|---|---|
| ૧ | ઉત્તર ઝોન | - | - | - |
| ૨ | દક્ષિણ ઝોન | ૧ | ૦.૪૩ | ૯.૩૮ |
| ૩ | પૂર્વ ઝોન | - | - | - |
| ૪ | મધ્ય ઝોન | - | - | - |
| ૫ | પશ્ચિમ ઝોન | ૧૩ | ૫.૪૫ | ૨૯.૦૨ |

દક્ષિણ ઝોનનો એક રસ્તા તથા પશ્ચિમ ઝોનના ૧૩ રસ્તા મળી કુલ ચૌદ રસ્તા વર્ષ દરમ્યાન ૫.૮૮ કી.મી લંબાઇના રૂા.૩૮.૪૦ લાખના ખર્ચે વર્ષ દરમ્યાન પહોળા કરવામાં આવ્યા હતા.

વર્ષ દરમ્યાન કોઇ રસ્તા પાકા કરવામાં આવેલ નથી.

આ વિભાગમાં બજેટ ફાળવેલ ન હોવાથી વર્ષ દરમ્યાન હુડકો સહાય, ફુટપાથની કામગીરી ,ગરીબ આવાસ યોજના,સ્ટ્રોમ વોટર ડ્રેઇનની કામગીરી થઇ શકેલ નથી.

## પત્રક ૪.૧.૧
## વોટર પ્રોજેકટની ભૌતિક સિધ્ધી દર્શાવતુ પત્રક

| અ.નં. | યોજનાનુ નામ | એકમ લક્ષ્યાંક | | ગતવર્ષના અંત સુધીમાં થયેલ પ્રગતિ | ૯૯-૦૦ માં થયેલ પ્રગતિ | ૩૧.૩.૯૯ અંતિત કુલ પ્રગતિ | સિધ્ધીની ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧. | ફ્રેન્ચવેલ | નંગ | ૨ | ૪૫ | ૪૫ કામ ચાલુ | ૪૫ | ૯૦ |
| ૨. | વોટર ડીસ્ટ્રી.સ્ટેશનો ઉપર વધારાની ભૂગર્ભ ટાંકીઓ | નંગ | ૧૬ | ૮૮ | ૧૨ કામ ચાલુ | ૮૮ | ૧૦૦ |
| ૩. | નવા વોટર ડીસ્ટ્રી સ્ટેશનો બાંધવા | નંગ | ૧૪ | ૮૦ | ૧૦ કામ ચાલુ | ૮૦ | ૯૦ |
| ૪. | વોટર ડીસ્ટ્રી પાઈપ લાઈનો નાંખવા | મીટર | ૨૫૦૦૦૦ | - | ૧૪૦૦૦૦ | - | ૫૬ |
| ૫. | નર્મદા લીકેજવર્ક | | | | | | |
| | અ. ડેડ રેગ્યુલેટર | નંગ | ૨ | - | - | - | - |
| | બ.આર.સી.સી ડક્ટ | મીટર | ૪૫૦૦ | - | - | - | - |
| | ક. ટ્રાન્સમીશન મેઈન્સ | મીટર | ૨૫૬૦૦ | ૨ | ૨૫૦૦ | ૨ | ૧૦ |
| ૬. | લીક ડીટેક્શન | ઉચ્ચક જોબ | - | - | - | - | - |
| ૭. | ઓવરહેડ ટાંકીઓ રીપેર કરી ઉપયોગમાં મુકવા | નંગ | ૧૮ | ૨ નંગ | ૧૦ નંગ ટાંકી વપરાશમાં મુકેલ | ૨ નંગ | ૬૭ |
| ૮. | રાસ્કા પ્રોજેકટ | | | | | | |
| | અ. પંપ હાઉસ | નંગ | ૧ | - | ૧ | - | ૧૦૦ |
| | બ.ટ્રંક મેઈન્સ ૨૧૦૦ ડાયા | | ૩૧૬૦૦ | - | ૩૧૬૦૦ | - | ૧૦૦ |
| | ક. ટ્રંક મેઈન્સ ૧૬૦૦ ડાયા | | ૧૦૪૩૩ | - | ૧૦૪૩૩ | - | ૧૦૦ |

## પત્રક ૪.૧.૨
## વોટર પ્રોજેક્ટની નાણાંકીય સિધ્ધી દર્શાવતુ પત્રક (રૂા. લાખમાં)

| અ.નં. | યોજનાનું નામ | અંદાજની રકમ | ગત વર્ષાંતે થયેલ કુલ ખર્ચ | ૯૯-૦૦ માં થયેલ ખર્ચ | ૩૧.૩.૦૦ અંતિત કુલ ખર્ચ | નાણાંકીય સિધ્ધી ટકામાં |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | પાણીની મૂળ ૧૯૭૩ માં તૈયાર કરેલ યોજના | ૮૯૩૮.૦૦ | ૮૭૮૩.૦૦ | ૮૦.૦૦ | ૮૮૬૩.૦૦ | ૯૯ |
| ૨. | વર્લ્ડ બેંકની સહાયથી શહેરની પૂર્વ હદમાં કરેલ કામ | ૧૧૫૮.૧૬ | ૧૦૯૦.૦૦ | ૭.૦૦ | ૧૦૯૭.૦૦ | ૯૮ |
| ૩. | ૧૯૯૭-૨૦૧૧ નો સીટી વોટર સપ્લાય પ્રોજેક્ટ | ૧૯૭૫૪.૦૦ | ૨૩૪૫.૪૭ | ૫૬૦૨.૦૮ | ૭૯૪૭.૫૫ | ૪૦ |
| ૪. | રાસ્કા પ્રોજેક્ટ | ૧૧૦૦૦.૦૦ | - | ૬૯૮૦.૦૦ | ૬૯૮૦.૦૦ | ૮૦ |

## પત્રક ૪.૩.૧
## રોડ પ્રોજેક્ટ મધ્યઝોનમાં રીસરફેસ કરવામાં આવેલ તથા પહોળા કરવામાં આવેલ રસ્તાઓની તથા ફૂટપાથની માહિતી દર્શાવતુ પત્રક

| અ.નં. | રસ્તાનુ નામ | લંબાઈ મીટર | પહોળાઈ મીટર | કુલ વિસ્તાર ચો.મી. | ખર્ચ લાખમાં | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| અ | રીસરફેસ કરવામાં આવેલ રસ્તાઓની માહીતી :- | - | - | - | - | - |
| બ | પહોળા કરવામાં આવેલ રસ્તાઓની માહીતી :- | | | | | |
| ૧. | શાહપુર કલ્યાણગ્રામ ચોકઠાથી માસ્તરકોલોની સુધીનો રસ્તો પહોળો કરવા | ૧૧૦<br>૧૬૫<br>૮૦ | ૨.૦૦<br>૪.૫૦<br>૧.૦૦ | ૨૨૦<br>૭૪૨<br>૮૦ | ૧.૧૭ | કામપૂરૂ |
| ૨. | સરદારબ્રીજ થી એસ.ટી. ચાર રસ્તા સુધીનો રસ્તો પહોળો કરવા | ૧૧૫૦ | ૧૦.૦૦ | ૧૧.૫૦૦ | ૧૨.૨૦ | કામચાલુ |
| | કુલ | ૧૫૦૫ | - | - | ૧૩.૩૭ | - |

## પત્રક ૪.૩.૩

## અહેવાલી વર્ષમાં પશ્ચિમઝોનમાં રીસરફેસ કરવામાં આવેલ તેમજ પહોળા કરવામાં આવેલ તેમજ પહોળા કરવામાં આવેલ રસ્તા તથા ફૂટપાથની માહિતી દર્શાવતુ પત્રક

| અ.નં. | રસ્તાનું નામ | લંબાઈ મીટર | પહોળાઈ મીટર | કુલ વિસ્તાર ચો.મી. | ખર્ચ લાખમાં | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| અ. | રીસરફેસ કરવામાં આવેલ રસ્તાઓ | - | - | - | - | - |
| બ | પહોળા કરવામાં આવેલ રસ્તાઓ | | | | | |
| ૧. | ૧૨૦ ફૂટ રીગ રોડ પર ડો.અમીનના ચોકઠાથી વિજય ચાર રસ્તા સુધી પેવર કામ કરવા | ૧૧૫૦ | ૧૪.૦૦ | ૧૬૧૦૦ | ૧૭.૪૫ | કામચાલુ |
| ૨. | ૧૨૦ ફૂટ રીગરોડ વિજયચાર રસ્તાથી નેહરુનગર ચોકઠા સુધી પેવર કામ કરવા | ૨૮૫૦ | ૧૪.૦૦ | ૩૯૯૦૦ | ૨૭.૮૧ | કામચાલુ |
| | કુલ | | | | ૪૫.૨૬ | |
| ૩. | સોલારોડથી પ્રગતિનગર થઈ અખબારનગર ચોકઠા થઈ ચીમનભાઈ પટેલ બ્રીજ સુધી ૧૩૨ ફૂટ રીગરોડ પાકો કરવા | ૧૫૦૦ | ૧૪.૪૦ | ૨૧૬૦૦ | ૧૩૦.૦૦ | કામચાલુ |
| | કુલ | | | | ૧૭૫.૨૬ | |
| ક | ફૂટપાથની વિગત | | | | | |
| ૧ | આશ્રમરોડ શિવ થીએટર ચીનુભાઇ ટાવર થઇ નેહરુબ્રીજ છેડા થઇ વી.એસ. હોસ્પિ. થઇ પાલડી ચાર રસ્તા સુધી રોડની બંને બાજુ ફૂટપાથ કરવા | ૨૫૦૦ | ૨.૫૦ | ૬૨૫૦ | ૧૦.૦૦ | - |
| ૨ | સરદારપટેલ બ્રીજના છેડે સંસ્કાર કેન્દ્ર પાસે તેમજ દિવાન બલ્લુભાઇ સ્કૂલ પાસે ફૂટપાથ કરવા | ૩૦૦ | ૩.૦૦ | ૯૦૦ | ૨.૦૦ | - |
| ૩ | આશ્રમરોડ ઇન્કમટેક્ષ સર્કલથી ઉસ્માનપુરા ઔડા ઓફિસ સુધી બંને બાજુ ફૂટપાથ કરવા | ૫૦૦ | ૨.૫૦ | ૧૨૫૦ | ૩.૦૦ | - |
| ૪ | ૧૨૦ ફૂટના રીગરોડ પર એલ.ડી.એન્જી. કોલેજના દરવાજાથી સહજાનંદ કોલેજ તરફ રસ્તાની એક બાજુ ફૂટપાથ કરવા. | ૪૦૦ | ૨.૫૦ | ૧૦૦૦ | ૨.૩૦ | |
| ૫ | ઇન્કમટેક્ષ સર્કલથી બાટા સર્કલ સુધીના રસ્તે બંને બાજુ ફૂટપાથ કરવા | ૫૦૦ | ૩.૫૦ | ૧૫૦૦ | ૩.૩૦ | |
| | કુલ | ૪૨૦૦ | | | ૨૦.૬૦ | |

## પત્રક ૪.૩.૪
## અહેવાલી વર્ષમાં ઉત્તરઝોનમાં રીસરફેસ કરવામાં આવેલ તથા પહોળા કરવામાં આવેલ તથા ફૂટપાથની માહિતી દર્શાવતુ પત્રક

| અ.નં. | રસ્તાનું નામ | લંબાઈ મીટર | પહોળાઈ મીટર | કુલ વિસ્તાર ચો.મી. | ખર્ચ લાખમાં | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| અ. | રીસરફેસ કરવામાં આવેલ રસ્તાની માહીતી | - | - | - | - | - |
| બ | પહોળા કરવામાં આવેલ રસ્તાની માહીતી | - | - | - | - | - |
| ક | ફૂટપાથની માહીતી | - | - | - | - | - |
| ડ | શહેરી ગરીબ આવાસ યોજના | | અંદાજી રકમ | | ખર્ચની રકમ | |
| ૧. | નરોડા વિમલ મીલ પાસે ફા.પ્લોટ નં. ૧૬માં શહેરી ગરીબો માટે ૧૦૪ આવાસો બાંધવા | | ૫૨.૯૭ | | ૨૯.૯૧ | કામચાલુ |
| ૨. | નરોડા શીતલનાથ સોસા. પાસે ફા.પ્લોટ નં.૨૦માં શહેરી ગરીબો માટે ૨૬૬ આવાસો બાંધવા | | ૧૨૭.૪૩ | | ૪૨.૨૦ | કામચાલુ |
| ૩. | નરોડા સત્યમ વિદ્યાલય પાસે ફા.પ્લોટ નં.૫૫માં શહેરી ગરીબો માટે આવાસો બનાવવા | | ૧૫૨.૮૩ | | ૨૦.૪૯ | કામચાલુ |
| | કુલ | | ૩૩૩.૨૩ | | ૯૨.૬૦ | |

## ૪.૪ ડ્રેનેજ પ્રોજેક્ટ

ઈજનેર વિભાગના ડ્રેનેજ ખાતામાં ઈસ્ટ અમદાવાદ સુઅરેજ પ્રોજેક્ટ ફેઇઝ-૧ અને ફેઇઝ-૨, પ્રાયોરીટી ઈન્ફ્રાસ્ટકચર પ્રોજેક્ટ, જી.આઇ.ડી.સી. એફલ્યુઅન્ટ ડીસ્પોઝલ સ્કીમ, ખારીકટ કેનાલ, વિ. પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. આ તમામ પ્રોજેક્ટમાં થયેલ કામો નીચે મુજબ છે.

### ઈસ્ટ અમદાવાદ સુઅરેજ પ્રોજેક્ટ ફેઈઝ-૧ :-

અમદાવાદ શહેરની નવી હદમાં સમાવવામાં આવેલ પૂર્વ વિસ્તારમાં ડ્રેનેજને લગતી સગવડો વ્યવસ્થિત રીતે પૂરી પાડી શકાય તે હેતુથી વિશ્વ બેન્કની આર્થિકસહાયથી ઈસ્ટ અમદાવાદ સુઅરેઝ પ્રોજેક્ટ ફેઇઝ –૧પૈકી ટાટા કન્સલ્ટીગ એન્જીનીયર્સ પાસે ડીઝાઇનીગ અને પ્લાનીગનું કામ કરાવી રૂા.૩,૧૮૨.૧૬ લાખનો પ્રોજેક્ટ મંજૂર કરાવેલ. જેમાં પ્રથમ તબકકામાં નીચે મુજબ કામો પૂરા થયા છે.

૧. નરોડાથી ઓઢવ સુધી ટ્રંક સુઅર લાઇન
૨. ઘોડાસરથી રાણીપુર સુધી નેશનલ હાઈવે સુધી ટ્રંક સુઅર લાઇન
૩. સરદારનગરથી હાંસોલ સુધી ટ્રંક સુઅર લાઇન
૪. નરોડા- ઓઢવ છોટાલાલની ચાલી પાસે નિકોલ વિરાટનગર તેમજ બાગે-ફિરદોસ સુએઝ પંપીગ સ્ટેશનના કામો પૂરા કરી કમિશનમાં મૂકવામાં આવેલ છે.
૫. નરોડા, નિકોલ અને ઓઢવ વિસ્તારમાં સેકન્ડરી સુઅર લાઇન નાંખવાના કામો
૬. ઇસનપુર,ઘોડાસર અને ફીજ એરિયામાં સેકન્ડરી સુઅર લાઇન નાંખવાના કામો
૭. ઓઢવ,રબારી વસાહત પાસે અર્બુદાનગર તેમજ અંબિકાનગર પાસે સુએઝ પંપીગ સ્ટેશનના કામો
૮. ઇસનપુર ઘોડાસરમાં સુએઝ પંપીગ સ્ટેશનના કામો

આ પ્રોજેક્ટ પૈકી અત્યાર સુધી કુલ ૩૭.૮૨ કરોડનો ખર્ચ પડેલ છે.આ કમો પુરા થવાથી ઉપરોક્ત વિસ્તારના ગટરના પાણીનો નિકાલ વ્યવસ્થિત રીતે થાય છે અને પર્યાવરણ રીતે વધુ સ્વાસ્થપ્રદ વાતાવરણ પેદા થશે.

### ઈસ્ટ અમદાવાદ સુઅરેજ પ્રોજેક્ટ ફેઈઝ-૨ :-

અમદાવાદ શહેરમાં સીસ્ટેમેટીક ડ્રેનેજ લાઈનો વર્ષોથી સંપૂર્ણ ક્ષમતાથી કામ કરી રહી છે. શહેરનાં વધતા જતા, વિસ્તારની સાથે વિકસીત વિસ્તારોમાં ડ્રેનેજ લાઈનોની સુવિધાઓ આપવાના નીચે મુજબ કામો હાથ ધરવામાં આવેલ છે.

શહેરનો પૂર્વ અમદાવાદ કે જેનો વિસ્તાર ૯૨.૦૦ ચો.કી.મી.છે.અને ૧૯૮૬થી અ.મ્યુ.કો.ની હદમાં સમાવવામાં આવેલ છે.તેમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર સગવડો નહી હોવાથી વર્લ્ડ બેંકથી સહાયથી આશરે ૨૫ ચો.કી.મી.નો વિસ્તાર સને ૮૬-૮૭માં આવરી લઇ ૧૩૫ કી.મી.લંબાઇમાં ડ્રેનેજ લાઇનો નાંખવાનું તેમજ ૯ પંપીગ સ્ટેશનો બાંધવાનું આયોજન કરવામાં આવેલ. તે પૈકી આઠ પંપીગ સ્ટેશનો કાર્યરત થયેલ છે.પૂર્વ અમદાવાદ સુઅરેઝપ્રોજેક્ટ ફેઇઝ-૨ વટવા, નારોલ, ઈસનપુર(પાર્ટ), ઘોડાસર(પાર્ટ), નારોલ ચોકડી, ઓઢવ રિમોટ, નિકોલ પાર્ટ, નરોડા ટી.પી.૨, નોબલનગર, મુઠિયા, વિંઝોલ વિસ્તારો આવરી લેવામાં આવેલા છે. જેમાં ડ્રેનેજ લાઈનો, સુઅરેજ પંપીગ સ્ટેશનો તથા વટવા ખાતે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવામાં આવનાર છે.સદરહું પ્રોજેક્ટ ડીસે-૨૦૦૧ સુધીમાં પૂરો કરવાનું વર્ક શીડયુલ તૈયાર કરવામાં આવેલ.જે આધારે ૧૯ ચો.કી.મી.ના વિકસીત રહેઠાણનાં વિસ્તાર માટે ૧૦૦ કી.મી.ની લંબાઈમાં ડ્રેનેજ નેટવર્કનું આયોજન કરી રૂા.૧૬.૮૩ કરોડના અંદાજો તૈયાર કરી મ્યુ.કોર્પો.ની મંજુરી મેળવી, વટવા તથા આજુબાજુના વિસ્તારમાં ૬ પાર્ટમાં જુદા જુદા ટેન્ડરો તેમજ ઓઢવ-નરોડા, નિકોલ,નોબલનગર ખાતે ચાર પાર્ટમાં ટેન્ડરો મંગાવી મંજુર કરવામાં આવેલ કામો હાલ ચાલુ છે. વટવા વિસ્તારમાં કુલ ૬ પાર્ટમાં સેકન્ડરી સુઅર લાઈનો નાંખવા અંગના કામનો રૂા.૧૫૫૬.૦૦ લાખનો અંદાજ મ્યુ.કોર્પો.ઠ.નં.૭૯૮/ ૨૨.૧.૯૯ થી મંજુર થયેલ છે.તેમજ નોબલનગર, નરોડા,

ઓઢવ રિમોટ, નિકોલ, વિ. વિસ્તારમાં ચાર પાર્ટમાં સેકન્ડરી સુઅર લાઇનો નાંખવાના કામનો રૂા.૫૯૩.૬૫ લાખનો રી.અંદાજ મ્યુ.કો.ઠ.નં.૨૬૬/૨૯.૬.૦૦ થી મંજૂર થયેલ છે. આ કામના ૧૦ પાર્ટ નીચે મુજબ છે.

૧. વટવા-નારોલ પાર્ટ-૧ વિસ્તારમાં સેકન્ડરી સુઅરલાઈન નાંખવાનાં કામનાં કોન્ટ્રાક્ટર રણજીત કન્સ્ટ્રક્શન કું. નું રૂા.૨૨૧.૫૦ લાખનું ટેન્ડર સ્ટે.ક.ઠ.નં.૯૪૮ તા.૧૭.૧૨.૯૮ થી મંજુર થયેલ છે. કોન્ટ્રાકટરે કામ ચાલુ કરેલ છે.માર્ચ-૨૦૦૨ સુધીમાં રૂા.૩૬.૮૨ લાખનું પેમેન્ટ કરવામાં આવેલ છે. સાઇટ પર ૩૦૦૪ મીટર લંબાઇમાં કામ કરવામાં આવેલ છે.

૨. વટવા-નારોલ પાર્ટ –૨ વિસ્તારમાં સેકન્ડરી સુઅરલાઈન નાંખવાનાં કામનાં કોન્ટ્રાક્ટર રણજીત કન્સ્ટ્રક્શન કું. નું રૂા.૨૩૭.૧૪ લાખનું ટેન્ડર સ્ટે.ક.ઠ.નં.૯૪૮ તા.૧૭.૧૨.૯૮ થી મંજુર થયેલ છે. કોન્ટ્રા. કામ ચાલુ કરેલ છે. કોન્ટ્રા. માર્ચ-૨૦૦૨ સુધીમાં રૂા.૧૬૫.૩૧ લાખનું પેમેન્ટ કરવામાં આવેલ છે. કુલ ૧૨૭૦૦ મીટર લંબાઇની પાઇપ લાઇન નાંખવામાં આવેલ છે.

૩. વટવા-નારોલ પાર્ટ-૩ માં વિસ્તારમાં સેકન્ડરી સુઅરલાઈન નાંખવાનાં કામનાં કોન્ટ્રાક્ટર શશી આર.શાહ નું રૂા.૩૯૦.૪૦ લાખનું રી ટેન્ડર સ્ટે.ક.ઠ.નં.૪૪૭ તા.૧૦.૧૧.૨૦૦૦થી મંજુર થયેલ છે. કોન્ટ્રા.ને માર્ચ-૦૨ સુધીમાં રૂા.૩૫૯.૬૪ લાખનું પેમેન્ટ કરવામાં આવેલ છે. કુલ ૨૫૩૩૧ મીટર લાંબાઇની પાઇપ લાઇન નાંખવામાં આવેલ છે.

૪. વટવા-નારોલ પાર્ટ-૪માં સેકન્ડરી સુઅરલાઈન નાંખવાનાં કામનાં કોન્ટ્રાક્ટર વિસત કન્સ્ટ્રક્શન કું.નું રૂા.૨૦૩.૭૯ લાખનું ટેન્ડર સ્ટે.ક.ઠ.નં.૯૪૮ તા.૧૭.૧૨.૯૮થી મંજુર થયેલ છે. આ કામ પેટે કોન્ટ્રાક્ટરને માર્ચ-૦૨ સુધીમાં રૂા.૧૯૬.૪૩ લાખનું પેમેન્ટ કરવામાં આવેલ છે. કુલ ૧૩૪૭૯ રનીંગ મીટર લાઇન નાંખવામા આવેલ છે.

૫. ઘોડાસર ટી.પી.-૧ અને ૨ પાર્ટ-૫ નાં વિસ્તારમાં સેકન્ડરી સુઅર લાઈન નાંખવાનાં કામનું કોન્ટ્રાક્ટર વિસત કન્સ્ટ્રક્શન કું.નું રૂા.૧૨૦.૧૪ લાખનું ટેન્ડર સ્ટે.ક.ઠ.નં.૯૪૮/૧૭.૧૨.૯૮ થી મંજુર થયેલ આ કામમાં કોન્ટ્રા.ને માર્ચ-૦૨ રૂા.૧૧૮.૬૩ લાખનું પેમેન્ટ કરવામાં આવેલ છે. કુલ ૮૨૨૩ મીટર લાઇન નાંખવમાં આવેલ છે.

૬. ઈસનપુર નોર્થ / સાઉથ તથા નારોલ ચોકડી પાર્ટ-૬ ના વિસ્તારમાં સેકન્ડરી સુઅર લાઈન નાંખવાનાં કામના કોન્ટ્રાક્ટર મે.એમ.એસ.ખુરાનાનું રૂા.૧૪૩.૯૬ લાખનું ટેન્ડર સ્ટે.ક.ઠ.નં.૯૪૮ તા.૧૭/૧૨/૯૮થી મંજુર કરેલ. આ કામમાં કોન્ટ્રા. ને માર્ચ-૨૦૦૨ સુધીમાં રૂા.૧૩૩.૫૧ લાખનું પેમેન્ટ કરવામાં આવેલ છે. કુલ ૯૧૬૩ મીટર લાઇન નાંખવામાં આવેલ છે.

૭. ઓઢવ વિસ્તારમાં સેકન્ડરી સુઅર લાઇન નાંખવામાં કામના કોન્ટ્રા. મે. શશી આર શાહનું રૂા.૯૨.૩૯ લાખનું ટેન્ડર સ્ટે.ક.ઠ.નં. ૧૬ તા.૩.૪.૯૯ મંજૂર થયેલ. આ કામમાં માર્ચ-૨૦૦૨ સુધીમાં કોન્ટ્રા.ને રૂા.૧૫૩.૬૬ લાખનું પેમેન્ટ કરવામાં આવેલ. કુલ ૧૨૧૬૪ રનીંગ મીટર પાઈપ લાઇન નાંખવામાં આવેલ છે.

૮. નરોડા ટી.પી.-૨ વિસ્તારોમાં સેકન્ડરી સુઅર લાઇન નાંખવાના કોન્ટ્રાકટર મે. વિસત કન્સ્ટ્રકશન કુ.નું રૂા. ૧૦૩.૭૫ લાખનું ટેન્ડર સ્ટે.ક.ઠ.ં.ન.૧૬ તા. ૩.૪.૯૯ થી મંજૂર થયેલ, કોન્ટ્રા. ને માર્ચ-૨૦૦૨ સુધીમાં રૂા.૧૦૦ લાખનું પેમેન્ટ કરવામાં આવેલ. કોન્ટ્રા. દ્વારા કુલ ૭૦૯૦ રનીંગ મીટર પાઇપ લાઇન નાંખવામાં આવેલ છે.

૯. નિકોલ પાર્ટ વિસ્તારમાં સેકન્ડરી સુઅર લાઇન નાંખવાના કામના કોન્ટ્રા. મે.પટેલ સિમેન્ટ કુ. નું રૂા.૮૦.૮૯ લાખનું ટેન્ડર સ્ટે.ક.ઠ.નં.૧૬ તા.૩.૪.૯૯ થી મંજૂર થયેલ. આ કામના કોન્ટ્રા.ને માર્ચ-૦૨ સુધીમાં રૂા.૫૪.૧૭ લાખ પેમેન્ટ કરવામાં આવેલ. કુલ ૩૯૫૦ મીટર લંબાઇના પાઇપ નાંખવામાં આવેલ છે.

૧૦.નોબલનગર વિસ્તારમાં ડ્રેનેજ લાઇન નાંખવાના કામના કોન્ટ્રા. મે. વિસત કન્ટ્ર.કુ.નું રૂા.૧૨૪.૯૯ લાખનું ટેન્ડર સ્ટે.ક.ઠ.નં.૨૮૫ તા.૨/૬/૨૦૦૦ થી મંજૂર થયેલ. માર્ચ-૨૦૦૨ સુધીમાં કોન્ટ્રા.ને પેમેન્ટ રૂા. ૧૨૨.૪૫ લાખ કરવામાં આવેલ છે. કુલ ૮૬૦૦ મીટર લંબાઇની પાઇપ નાંખવામાં આવેલ છે.

૧૩.ઈસ્ટ અમદાવાદ સુઅરેજ ફેઈઝ-૨ ના કામ અંગેની કન્સલ્ટન્સી મે.એ.આઈ.સી.વોટસનને સ્ટે.ક.ઠ.નં.૧૯૩૧ તા. ૨૦.૨.૯૭ થી મંજુર થયેલ. પ્રોજેક્ટની કુલ બેઝીક કોસ્ટ રૂા.૩૧.૦૦ કરોડની ૨.૨૫ % લેખેની ફી ચુકવવા પેટે કન્સલટન્ટને રૂા.૨૩.૫૭ લાખનું પેમેન્ટ કરવામાં આવેલ છે. ઈસ્ટ અમદાવાદ સુઅરેઝ પ્રોજેકટ-૨ની સિધ્ધી પત્રક ૪.૪.૧ માં દર્શાવી છે

.પ્રાયોરીટી ઈન્ફ્રાસ્ટ્રકચર-

વર્લ્ડ બેન્કની સહાય હેઠળના ડ્રેનેજ પ્રોજેક્ટની સાથે સાથે શહેરમાં ઉભરાતી ગટરોના પ્રશ્ન હલ થઇ શકે તે માટેના કામોનો આ પ્રોજેક્ટમાં સમાવેશ કરવામાં આવેલ છે.આ કામોમાં

(૧) ગોમતીપુર પંપીગ સ્ટેશન કરવા તથા ત્યાંથી ૧૮૦૦મી.મી.નીપાઈપ લાઇન દક્ષિણી સોસાયટી નજીક ૧૩૨ ફૂટના રસ્તા ઉપર ડક્ટ લાઇન સુધી જોડાવાનું કામ (૨)ચમનપુરા વિસ્તારમાં નવું ડ્રેનેજ પંપીગ સ્ટેશન બાંધવા.(૩)તથા તેના અપ સ્ટ્રીમ વિસ્તારમાં જુદા જુદા વ્યાસની વધારાની ડ્રેનેજ લાઇન નાંખવાના કામો મોટા ભાગે પુરા કરવામાં આવેલ છે.આ કામો પુરા થવાથી નીચેના વિસ્તારોને સગવડ મણવાથી ગટર ઉભરાવાના પ્રશ્નો દૂર થયેલ છે.ગોમતીપુર,રાજપુર,રખિયાલ,સરસપુર,નરોડા રોડતથા ચમનપુરા વિસ્તાર. આ પ્રોજેક્ટ અન્વયે અત્યાર સુધી રૂા.૫૦૯.૪૭લાખનો ખર્ચ થયેલ છે.

**અન્ય કામ-**

નવા ચમનપુરા પંપીગ સ્ટેશનની આઉટ ગોઈંગ લાઇન વારંવાર ઉભરાતી બંધ કરવા સરસપુર ઈટવાડા પાસે ૧૪૦૦ મી.મી. વ્યાસની લાઈનમાં જરૂરી સુધારા વધારા કરવા આયોજન કરવામાં આવેલ છે. સદર લાઇનના કામમાં ૩૬૨ મીટરનું પૂરેપૂરૂ કામ કરવામાં આવેલ છે.જ્યારે કોન્ટ્રા.ને અંદાજી ખર્ચ રૂા.૭૧.૦૭ લાખમાં રૂા.૫૩.૨૨લાખ ચૂકવવામાં આવેલ છે.

**જી.આઈ.ડી.સી. એફલુઅન્ટ ડીસ્પોઝલ સ્કીમ :-**

ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા નરોડા, ઓઢવ અને વટવામાં ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટનો વિકાસ થયેલ છે. ઉપરાંત નારોલમાં પણ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટનો વિકાસ થયેલ છે.પૂર્વ અમદાવાદની સીમા ઉપર આવેલ આ બધી જ ઈન્ડસ્ટ્રીઝને કારણે ખૂબ મોટા પ્રમાણમાં એફલુઅન્ટ ઉત્પન્ન થાય છે. તેઓ દ્વારા આ એફલુઅન્ટ હાલમાં ખારીકટ કેનાલ અથવા તો ખુલ્લી જગામાં ખેતરોમાં નાંખવામાં આવે છે. નામદાર હાઇકોર્ટ ગંદા પાણી અને કોમન એફલુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં શુધ્ધ કર્યા બાદ ટ્રંક મેઈનમાં નાંખવા જણાવેલ છે. ત્યાંથી પીરાણા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં લઈ જઇ આ શુધ્ધ થયેલ એફલુઅન્ટને અ.મ્યુ.કોર્પો.નાં શુધ્ધ થયેલા ડોમેસ્ટીક સુએજ સાથે મીક્ષ કરવાથી તેનું ટી.ડી.એસ.નું પ્રમાણ ઘટી ગયા બાદ આઉટફોલ દ્વારા સાબરમતી નદીમાં નાંખવામાં આવેશે. આ પ્રોજેક્ટની કુલ ૧૨૦ એમ.એલ.ડી. એફલુઅન્ટ માટે અંદાજીત કિંમત રૂા. ૩૧.૩૮ કરોડ થાય છે. કોર્ટનાં હુકમ મુજબ સંબંધિત સંસ્થાઓએ આ પ્રોજેક્ટના ખર્ચ માટેની રકમ આપવાની હતી તથા અ.મ્યુ.કોર્પો. રાજય સરકાર તરફથી ઇમ્પ્લીમેન્ટીગ એજન્સી તરીકે કાર્ય કરે છે. નરોડા, ઓઢવ, વટવા ઇન્ડસ્ટ્રીઝના કોમન એફલ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં શુધ્ધ થયેલ એફલ્યુઅન્ટ નરોડાથી પીરાણા સુધી નાંખવામાં આવનાર ટ્રંક મેઇનમાં નાંખવામાં આવશે. નરોડાથી પીરાણા સુધીનું કુલ ૧૨૦ એમ.એલ.ડી.ની ક્ષમતાની પાઇપ લાઇન નાંખવાના કામો પુરા કરાવવામાં આવેલ છે.તેમજ પીરાણા ખાતે એફલ્યુઅન્ટ પંપીગ સ્ટેશન, મીક્ષીગ ચેમ્બર, રાઇઝીગ મેઇન તેમજ આઉટ ફોલ સ્ટ્રકચર વિ. કામોનું ટેન્ડર મંજૂર કરાવી કામો પુરા કરાવવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. સદર પાઇપ લાઇનના કામો ઝડપથી પતે તે માટે કુલ તેર ભાગ પાડી ટેન્ડર મંગાવવામાં આવેલ છે. નરોડાથી પીરાણા સુધી ૨૬.૬૭ કી.મી. લંબાઇમાં તમામ ટેન્ડરો મંજૂર કરાવી કામ શરૂ કરાવેલ છે. પીરાણા ખાતે એફલ્યુઅન્ટ પંપીગ સ્ટેશન તેમજ તેના આનુષાંગિક કામો પુરા કરવામાં આવેલ છે.ઉપરોક્ત તમામ કામોનો રૂા. ૧૯૪૦.૩૭ લાખનો અંદાજ મ્યુ,ક.ઠ.નં. નં.૮૯ તા.૬.૬.૯૭ થી મંજુર થયેલ છે. અહેવાલી વર્ષમાં ૨૬૨૮૦ મીટર લંબાઇની પાઇપ લાઇન નાંખવામાં આવેલ છે. તેમજ તે પેટે કુલ રૂા.૨૧૦૦.૦૦ લાખનો ખર્ચ થયેલ છે.

જી.આઈ.ડી.સી. એફ્લ્યુઅન્ટ ડીસ્પોઝલ સ્કીમની ભૌતિક તેમજ નાણાંકીય સિધ્ધી પત્રક ૪.૪.૨ માં દર્શાવાઇ છે.

**ખારીકટ કેનાલ :-**

શહેરની પૂર્વ વિસ્તારમાંથી પસાર થતી આ કેનાલમાં વર્ષોવર્ષ પુરથી થતી નુકશાની અટકાવવા જરૂરી કાર્યવાહી કરવા નામદાર હાઇકોર્ટમાં જુદી જુદી ત્રણ રીટ પીટીશન દાખલ થયેલ, જેમાં રાજ્ય સરકાર સાથે મ્યુ.કોર્પો.ને પાર્ટી બનાવેલ. જેના અનુસંધાનમાં નામદાર હાઇકોર્ટ તથા રાજ્ય સરકારના આદેશાનુસાર આ કેનાલનું કોમ્પ્રીહેન્સીવ પ્લાનીગ કરી તેનું રિમોડલીગ કરવા રૂા.૩૪.૦૦ કરોડના પ્રોજેકટ રિપોર્ટ તૈયાર કરેલ છે. જે અનુસાર આ કામ ત્રણ વર્ષમાં પૂરૂ કરવાનુ છે. ઉપરોકત આદેશ અનુસાર ખારી કટ કેનાલને જોડતા નરોડા મુઠિયા વહેળાનું રી-સેકશનીગનું કામ મ્યુ.કોર્પો.ને કરવાનું થાય છે. જે અનુસાર રૂા. ૭૮.૧૧ લાખનો અંદાજ બનાવી મ્યુ.કોર્પો.ઠ.નં.૧૪૧ તા.૧૨.૫.૯૮ થી મંજુરી મેળવેલ છે. નામદાર હાઇકોર્ટના આદેશ અનુસાર રીલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના પાછળના દરવાજેથી મુઠીયા ગામ તેમજ નરોડા જી.આઇ.ડી.સી.માંથી પસાર થતાં મુઠિયા વહેળાનું માટીકામ ઇરીગેશન ખાતાની સૂચના અનુસાર અ.મ્યુ.કો. દ્વારા પૂરુ કરવામાં આવેલ છે.

રાજ્ય સરકારનાઆદેશ અનુસાર વસ્ત્રાલ ડાયવર્ઝન સ્કીમ હેઠળ વસ્ત્રાલ ગામ જવાના રસ્તા નીચે તથા રેપીડ એક્શન ફોર્સના બે એપ્રોચ રોડ નીચે આર.સી.સી.પાઇપ લાઇન નાંખવાની કામગીરી મ્યુ.કોર્પો. દ્વારા યુધ્ધના ધોરણે પુરી કરાયેલ. આ પેટે રૂા.૧૩.૪૪લાખનું કામ પુરુ થયેલ છે.ઇરીગેશન વિભગ દ્વારા આપવામાં આવેલ ડીટેઇલ્સ અનુસાર કેનાલ લાઇનીગનું તેમજ તેની ઉપર રોડ બ્રીજ બનાવવાના કામ અંગે રાજ્ય સરકારે મંજુર કરેલ કોન્ટ્રા.રઘુવીર કન્સ્ટ્ર.કંપનીના ટેન્ડરના ભાવ મુજબ મુઠીયા પાસે કેનાલના રી મોડેલીગના કામની પ્રપોઝલ તૈયાર કરી મંજુરી માંગવામાં આવેલ છે. રાજ્ય સરકાર દ્વારા ખારીકટ કેનાલ રીમોલ્ડીગ કરવાની કામગીરી માટે રૂા. ૨૬ કરોડના ખર્ચમાં રાજ્ય સરકારે મ્યુ.કોર્પો.એ રૂા. ૧૦ કરોડ ભોગવવો એમ નકકી કરેલ. આ રકમ મ્યુ. કોર્પો. ભરી શકે તેમ ન હોઇ હાલ પૂરતા રૂા. ૨.૦૦ કરોડ રાજ્ય સરકારમાં ભરાવવામાં આવેલ છે.

ખારીકટ કેનાલની ભૌતિક તેમજ નાણાંકીય સિધ્ધી દર્શાવતુ પત્રક ૪.૪.૩ દર્શાવતુ પત્રક સામેલ છે.

## પત્રક ૪.૪.૧
## ઈસ્ટ અમદાવાદ સુઅરેઝ પ્રોજેક્ટ ફેઈઝ-૨ની નાણાંકીય સિધ્ધી તથા ભૌતિક સિધ્ધી દર્શાવતુ પત્રક

| અ. નં. | કામનુ નામ | એકમ | લક્ષ્યાંક | ભૌતિક સિધ્ધી ૩૧.૩.૦૨ અંતિત કુલ પ્રગતિ | ભૌતિક સિધ્ધીની ટકાવારી | અંદાજી ખર્ચ (રૂા. લાખ) | ૩૧.૩.૦૨ અંતિત કુલ ખર્ચ (રૂા. લાખ) | નાણાંકીય સિધ્ધીની ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧. | વટવા નારોલ પાર્ટ –૧ | મીટર | ૧૨૦૨૯ | ૩૦૦૪ | ૨૪.૯૭ | ૨૨૧.૫૦ | ૩૬.૮૨ | ૩.૩૩ |
| ૨. | વટવા નારોલ પાર્ટ –૨ | મીટર | ૧૫૮૩૧ | ૧૨૭૦૦ | ૮૦.૨૨ | ૨૩૭.૧૪ | ૧૬૫.૩૧ | ૬૨.૦૦ |
| ૩. | વટવા નારોલ પાર્ટ –૩ | મીટર | ૨૪૯૨૧ | ૨૫૩૩૧ | ૧૦૦.૦૦ | ૩૯૦.૪૦ | ૩૫૯.૩૪ | ૯૦.૭૦ |
| ૪. | વટવા નારોલ પાર્ટ –૪ | મીટર | ૧૭૭૪૭ | ૧૩૪૭૯ | ૭૫.૯૫ | ૨૦૩.૭૯ | ૧૯૬.૪૩ | ૯૬.૩૮ |
| ૫. | ઘોડાસર ટી.પી.-૧ અને ૨ પાર્ટ-૫ | મીટર | ૮૪૯૯ | ૮૨૨૩ | ૯૬.૭૫ | ૧૨૦.૧૪ | ૧૧૮.૬૩ | ૯૮.૭૪ |
| ૬. | ઈસનપુર નોર્થ સાઉથ તથા નારોલ ચોકડી પાર્ટ –૬ | મીટર | ૯૧૬૩ | ૯૧૬૩ | ૧૦૦.૦૦ | ૧૪૩.૯૫ | ૧૩૩.૫૧ | ૯૨.૭૪ |
| ૭. | ઓઢવ રીમોટ | મીટર | ૧૨૧૬૪ | ૧૨૧૬૪ | ૧૦૦.૦૦ | ૧૬૦.૨૩ | ૧૫૩.૬૬ | ૯૫.૯૦ |
| ૮. | નરોડા ટી.પી.-૨ | મીટર | ૬૭૯૦ | ૭૦૯૦ | ૧૦૦.૦૦ | ૧૦૩.૭૫ | ૧૦૦.૦૦ | ૯૬.૩૮ |
| ૯. | નિકોલ પાર્ટ | મીટર | ૪૮૦૪ | ૩૯૫૦ | ૮૨.૨૨ | ૮૦.૯૦ | ૫૪.૧૭ | ૬૬.૯૬ |
| ૧૦. | નોબલનગર | મીટર | ૮૬૦૦ | ૮૬૦૦ | ૧૦૦.૦૦ | ૧૨૪.૯૯ | ૧૨૨.૪૫ | ૯૭.૯૭ |

## પત્રક ૪.૪.૨
## જી.આઈ.ડી.સી. એફ્લ્યુઅન્ટ ડીસ્પોઝલ સ્કીમની ભૌતિક તેમજ નાણાંકીય સિદ્ધિ દર્શાવતું પત્રક

| અ. નં. | કામનું નામ | એકમ | લક્ષ્યાંક | ૩૧/૩/૦૨ અંતિત કુલ પ્રગતિ | ભૌતિક સિદ્ધિની ટકાવારી | અંદાજી ખર્ચ (રૂા. લાખમાં) | ૩૧/૩/૦૨ અંતિત કુલ ખર્ચ | નાણાંકીય સિદ્ધિની ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧. | નરોડા સ્મશાનગૃહથી નિકોલ ઓઢવ રોડ સુધી | મીટર | ૨૯૬૦ | ૨૯૬૦ | ૧૦૦ | ૧૧૬.૪૯ | ૧૧૬.૨૯ | ૯૯.૮૨ |
| ૨. | નિકોલ ઓઢવ રોડથી ઓઢવ ઓક્ટ્રોય નાકા સુધી | મીટર | ૨૭૪૫ | ૨૭૪૫ | ૧૦૦ | ૧૨૦.૧૭ | ૧૦૬.૯૪ | ૮૮.૯૯ |
| ૩. | ઓઢવ ઓક્ટ્રોય નાકાથી અર્બુદાનગર રોડ સુધી | મીટર | ૨૯૭૦ | ૨૯૩૦ | ૯૯ | ૧૨૮.૯૭ | ૧૨૬.૬૫ | ૯૮.૨૦ |
| ૪. | અર્બુદાનગર રોડથી વસ્રાલ ભગવતીનગર સુધી | મીટર | ૨૫૫૨ | ૨૫૫૨ | ૧૦૦ | ૧૦૬.૯૮ | ૯૯.૩૭ | ૯૨.૮૯ |
| ૫. | વસ્રાલ ભગવતીનગરથી વિંઝોલ વહેળા સુધી | મીટર | ૨૪૨૦ | ૨૪૨૦ | ૧૦૦ | ૧૨૧.૪૧ | ૧૦૭.૧૯ | ૮૮.૨૯ |
| ૬. | વિંઝોલ વહેળાથી વટવા એટલાસ પેટ્રોકેમ સુધી | મીટર | ૨૫૫૦ | ૨૫૩૦ | ૯૯ | ૯૯.૨૩ | ૧૦૫.૩૦ | ૧૦૦.૦૦ |
| ૭. | વટવા એટલાસ પેટ્રોકેમથી વટવા એસ.એલ.એમ.સુધી | મીટર | ૧૩૧૫ | ૧૨૪૫ | ૯૫ | ૧૧૮.૯૯ | ૭૩.૨૮ | ૬૧.૨૮ |
| ૮. | વટવા એસ.એલ.એમ.થી વટવા બીબી તળાવ નાળા સુધી | મીટર | ૨૧૭૭ | ૨૧૭૭ | ૧૦૦ | ૧૩૨.૦૭ | ૧૩૧.૫૭ | ૯૯.૬૨ |
| ૯. | વટવા બીબી તળાવ નાળાથી બરોડા હાઈવે સુધી | મીટર | ૧૪૫૯ | ૧૭૭૧ | ૧૦૦ | ૧૩૬.૮૭ | ૧૧૯.૨૬ | ૮૭.૧૩ |
| ૧૦. | બરોડા હાઈવેથી શાહવાડી એમ.જી. ટેક્ષટાઈલ સુધી | મીટર | ૧૩૯૬ | ૧૩૯૬ | ૧૦૦ | ૧૨૫.૭૯ | ૧૧૬.૨૯ | ૯૨.૪૪ |
| ૧૧. | શાહવાડી એમ.જી. ટેક્ષટાઈલથી રાણીપુર પાટીયા ચે. ૪૩૪૦ સુધી | મીટર | ૧૫૦૨ | ૧૫૦૨ | ૧૦૦ | ૧૩૧.૦૩ | ૧૦૬.૦૭ | ૮૦.૯૧ |
| ૧૨. | રાણીપુર પાટીયાથી પીરાણા ઓક્ટ્રોય નાકા સુધી | મીટર | ૧૦૫૩ | ૧૦૫૩ | ૧૦૦ | ૧૭૦.૩૦ | ૧૩૭.૨૨ | ૮૦.૫૮ |
| ૧૩. | પીરાણા ઓક્ટ્રોય નાકાથી પીરાણા પંપીંગ સ્ટેશન સુધી | મીટર | ૧૦૮૫ | ૧૦૮૫ | ૧૦૦ | ૧૩૯.૧૯ | ૯૮.૭૪ | ૭૦.૯૪ |
| ૧૪. | પીરાણા ખાતે એફ્લ્યુઅન્ટના પંપીંગ સ્ટેશન બનાવવા | સીવીલ કામ ૯૫% પૂરૂ થયેલ છે. | | | | ૩૮૨.૦૬ | ૩૯૪.૨૭ | ૧૦૦.૦૦ |
| ૧૫. | અમદાવાદ વડોદરા એકસપ્રેસ નીચે 2.50 x 2.50 મી. આર.સી.સી. બોક્ષ પુશીંગનું કામ | મીટર | ૪૨ | ૪૦ | ૧૦૦ | ૫૪.૬૯ | ૫૨.૪૭ | ૯૫.૯૪ |
| ૧૬. | વટવા રેલ્વે ક્રોસીગ ખાતે 3.0 x 3.0ની આર.સી.સી. બોક્ષનું કામ | મીટર | ૫૪ | ૫૪ | ૧૦૦ | ૫૬.૨૨ | ૫૨.૭૮ | ૯૩.૮૮ |

## પત્રક ૪.૪.૩

## ખારીકટ કેનાલ રીમોડલીંગ નરોડા-મુઠિયા વહેળાનું રીમોડલીંગની ભૌતિક તેમજ નાણાંકીય સિધ્ધી દર્શાવતુ પત્રક

| અ. નં. | કામનું નામ | એકમ | લક્ષ્યાંક | ૩૧.૩.૦૨ સુધીની પ્રગતિ | ભૌતિક સિધ્ધીની ટકાવારી | અંદાજી ખર્ચ (રૂ.લાખમાં) | ૩૧.૩.૦૦ સુધીનો ખર્ચ | નાણાંકીય સિધ્ધીની ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | નરોડા મુઠિયા વહેળાનું રીમોડલીગ કામ કરવા બાબત. | મીટર | ૧૫૫૦ | ૧૫૫૦ ફક્ત માટી કામ | ૨૦ % | ૭૮.૧૧ | ૧૩.૪૪ | ૧૭% |

## ૪.૫ સાબરમતી શુધ્ધિકરણ યોજના

ભારત સરકારે દેશભરની નદીઓનું પ્રદુષણ દૂર કરવા નેશનલ રીવર કન્ઝર્વેશન પ્લાન હાથ ધરેલ છે, અને તેના અનુસંધાને આવી પ્રદુષિત નદીઓનો એક સર્વે કરેલ છે. અમદાવાદ શહેરની મધ્યમાંથી પસાર થતી સાબરમતી નદી દેશભરની પ્રદુષિત નદીઓમાં અગ્રસ્થાને છે. આથી આ નદીને શુધ્ધ કરવાનો પ્રોજેકટ અગ્રતાક્રમે હાથ ધરવા કેન્દ્ર સરકારે જણાવતાં અ.મ્યુ.કો.એ સાબરમતી શુધ્ધિકરણ અંગેનો રૂ.૯૮.૭૦ કરોડનો ફીઝીબીલીટી રીપોર્ટ તૈયાર કરી ગુજરાત સરકાર મારફતે કેન્દ્ર સરકારને મોકલેલ જે કેન્દ્ર સરકારે ઝીણવટ પુર્વકની તપાસના અંતે મંજુર કરેલ છે.

આ પ્રોજેકટ અન્વયે કરવાના કામોમાં મેઈન ટ્રંક તેમજ રીલીફ સ્યુઅર લાઈન નાંખવી, હાલની ચાલુ સુએજ સીસ્ટમ તેમજ સ્ટોર્મ વોટર ડ્રેઈનમાંથી ડીસીલ્ટીંગ કરવું, સુએજ પંપીગ સ્ટેશનનું સમારકામ કરવું તેમજ જૂના પંપો બદલીને નવા પંપો મૂકવા, હયાત સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું રીપેરીંગ કરીને યોગ્ય કાર્યક્ષમતાથી ચાલે તે પ્રમાણે તૈયાર કરવા સુએજ ટ્રીટમેન્ટની કેપેસીટી વધારવા નવા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવા ઈલે. સ્માશાનગૃહ બનાવવા, વનીકરણ કરવું જેવા કામોનો સમાવેશ કરેલ છે. આ બધા કામોનો મુખ્ય ઉદ્દેશ સાબરમતી નદીમાં ૨૭ જુદી જુદી જગ્યાએથી ઠલવાતા ગટરના ગંદા પાણીને બંધ કરી નદીને શુધ્ધ કરવા માટેનો છે અને તે માટે શહેરના સુએજ નેટવર્કમાં સુધારા-વધારા તેમજ રીપેરીંગ કરી લાંબા ગાળા સુધી ફરી ગટરનું પાણી નદીમાં ન ઠલવાય તે મુજબનું આયોજન કરવામાં આવેલ છે.

આ પ્રોજેકટ માટેની નાણાંકીય સહાય અન્વયે અગાઉ પ્રોજેકટના ખર્ચમાં ૫૦% રકમ કેન્દ્ર સરકાર તરફથી ગ્રાંટ તરીકે તેમજ બાકીની ૫૦% રકમ ગુજરાત સરકાર તરફથી ગ્રાન્ટ મળવાપાત્ર હતી પરંતુ તા.૦૧.૦૪.૯૭થી કેન્દ્ર સરકાર દ્વારા આ પ્રોજેક્ટને ૧૦૦% ગ્રાંટ આપવાનું નક્કી થયેલ છે. તેમજ સેન્ટેજીસ ૧૪%થી ઘટાડીને ૮% કરતા પ્રોજેકટની કોસ્ટ રૂા. ૯૮.૭૦ કરોડથી ઘટી રૂા. ૯૩.૮૩ કરોડ થયેલ છે.

સાબરમતી નદીમાં ઠલવાતા ગટરના ગંદા પાણીમાં અમદાવાદ શહેર ઉપરાંત પશ્ચિમ ઔડા વિસ્તારનો પણ મોટો ભાગ છે. આ વિસ્તારમાં સુએજ નેટવર્કનો સંપુર્ણ કે અંશતઃ અભાવને લીધે ગટરનું પાણી અનેક જગ્યાઓએથી ઉભરાઈને અથવાતો નાળાઓ મારફતે નદીમાં આવે છે, અથવા તો ડ્રેનેજ લાઈનોના કનેકશન મારફતે મ્યુનિ. સુઅરમાં આવે છે. પરિણામે નદી પ્રદુષિત થવા ઉપરાંત મ્યુનિ. સુઅરની કેપેસેટીને પણ અસર કરે છે. આ કારણસર પશ્ચિમ ઔડા વિસ્તાર માટે સંપુર્ણ રીતે અલગ સુએજ નેટવર્ક તૈયાર કરવાનું આયોજન આ પ્રોજેકટ માં કરવામાં આવેલ છે. આ પ્રોજેકટના હાલના તબક્કે નીચે પ્રમાણેના કામો કરવામાં આવેલા છે.

(૧) રાણીપથી વાડજ કડીયાનાકા સુધી ૧૧૦૦ મી.મી. વ્યાસની આર.સી.સી. ડ્રેનેજ લાઈન નાંખવાના કામના કોન્ટ્રા. મે. દેવનગર ગૃપ કા. સહકારી મં. લી. નું રૂ.૫૬,૪૬,૧૬૫.૪૦ નું ટેન્ડર સ્ટે.ક.ઠ.નં. ૯૧૮/૨૯.૦૮.૯૬થી મંજુર થયેલ છે. સદરહું કામ પેટે ૧૧૦૦ મી.મી. વ્યાસની ૧૧૦૦ મીટર પાઈપ નાંખવામાં આવેલ છે. સમગ્ર કામ પુરુ થયેલ છે. તેમજ લાઈન કમીશનમાં મુકવામાં આવેલ છે.

(૨) વાડજ કડિયાનાકાથી અંકુર સુધી ૧૪૦૦ મી.મી. વ્યાસની આર.સી.સી. ડ્રેનેજ લાઈન નાંખવાના કામના કોન્ટ્રાકટર મે.શશી આર. શાહ નું રૂ.૭૮,૯૫,૭૦૬.૬૦ નું ટેન્ડર સ્ટે.ક.ઠ.નં ૯૧૮ તા. ૨૯.૦૮.૯૬થી મંજુર થયેલ છે. સદરહુ કામ પેટે ૧૪૦૦ મી.મી. વ્યાસની ૧૧૬૪ મીટર્સ તેમજ ૧૧૦૦મી.મી. વ્યાસની ૨૭૦ મીટર્સ પાઈપ નાંખવામાં આવેલ છે. સમગ્ર કામ પુરુ થયેલ છે. તેમજ લાઈન કમીશનમાં મુકવામાં આવેલ છે.

(૩) અ.મ્યુ.કો. વિસ્તારમાંથી ડ્રેનેજ લાઈન, સ્ટોર્મ વોટર ડ્રેઈન તથા સુ. પંપીગ સ્ટેશન ના કુવા તથા ઈનલેટ ચેમ્બરમાંથી શીલ્ટ કાઢવાનાં કામના કોન્ટ્રાકટર યુ.પી.જલનિગમ ના ટેન્ડર નં.૧(સાઉથ ઝોન ) રૂ.૫૯,૫૯,૦૨૪.૦૦નું ટેન્ડર નં.૨ (સેન્ટ્રલ ઝોન-,નોર્થ ઝોન, ઈસ્ટ ઝોન, ) રૂ.૬૦,૦૯,૭૯૨.૦૦ તથા ટેન્ડર નં.(વેસ્ટ ઝોન ,) રૂ.૨૮,૩૫,૯૦૪.૦૦ સ્ટે.ક.ઠ.નું.૧૮૭૯ તા.૧૩.૦૨.૯૭ થી મંજુર થયેલ છે. આ કામ કોન્ટ્રાકટરનાં ધીમા પ્રોગ્રેસને અનુલક્ષીને કોન્ટ્રાકટરે કરેલ કામમાં પ્રાઈઝ એસ્કેલેશન નહિ આપવાની શરતે જે તે સ્ટેજે ફાઈનલ કરી છુટા કરવાની મંજુરી સ્ટે.કમિટી ઠરાવ નંબર - ૪૨૨ તા.૨૨.૦૭.૯૯ થી મેળવવામાં આવેલ છે. અને રૂા. ૩૫.૫૧ લાખ ફાઈનલ બીલનો ખર્ચ પડેલ છે. બાકીનાં કામ માટે નવેસરથી ટેન્ડર મંગાવી કામ શરૂ કરાવવામાં આવેલ છે. આ કામનું કોન્ટ્રાકટર સો-ન-પામ ઈનડીયાનું ટેન્ડર - ૧ સેન્ટ્રલ ,ઈસ્ટ અને નોર્થ ઝોન રૂા. ૩૧,૯૧,૨૨૮.૭૦ પૈસાનું ટેન્ડર - ૨ સાઉથઝોન રૂા. ૨૧,૮૯,૧૮૧.૬૦ પૈસાનું અને ટેન્ડર - ૩ વેસ્ટ ઝોન રૂા.

૧૨,૨૨,૩૮૯.૬૦ પૈસાનું સ્ટે.કમિટી ઠરાવ નંબર - ૨૮૪ તા. ૦૨.૦૬.૨૦૦૦થી મંજુર થયેલ છે. આ કામમાં ૩૧.૦૩.૨૦૦૨ સુધીમાં સ્ટોર્મ વોટર ડ્રેઈન તથા પંમ્પીગ સ્ટેશનોમાં કુલ ૧૪૪૪૯ ઘનમીટર સીલ્ટ કાઢવામાં આવેલ છે. તથા સુઅર લાઈન ૩૯૭૧૨ મીટર સાફ કરેલ છે. આ કામ પેટે રૂા. ૨૧,૨૧,૬૬૭.૦૦નું પેમેન્ટ કરવામાં આવેલ છે.

(૪) ઓઢવ સોનીની ચાલી ચાર રસ્તાથી વસ્ત્રાલ ચાર રસ્તા સુધી ૧૬૦૦ મી.મી. વ્યાસની ટ્રંક સુઅર લાઈન નાંખવાના કામના કોન્ટ્રા. મોર્ડન કન્સ્ટ્ર.કંપનીનું રૂ.૧,૩૩,૯૦,૦૨૯ .૧૦નું ટેન્ડર સ્ટે ક.ઠ.નં.૧૯૮૬ તા.૦૬.૦૩.૯૭ થી મંજુર થયેલ છે. આ કામ પેટે ૧૬૦૦ મી.મી. વ્યાસની ૧૫૭૫ મીટર લંબાઈમાં પાઈપ લાઈન નાંખેલ છે.. કામ પુરૂ થયેલ છે અને લાઈન કમીશન કરેલ છે.

(૫) વસ્ત્રાલ ચાર રસ્તાથી રામોલ ચાર રસ્તા સુધી ૧૬૦૦ મી.મી. વ્યાસની ટ્રંક સુઅર લાઈન નાંખવાના કામના કોન્ટ્રા. મે. શશી.આર.શાહનું રૂ.૧,૩૪,૭૧,૨૮૬.૨૮નું ટેન્ડર સ્ટે.ક.ઠ.નં.૧૯૯૬ તા.૦૬.૦૩.૯૭ થી મંજુર થયેલ છે. આ કામમાં પાઈપ લાઈનનું કામ પુરુ થયેલ છે અને ૧૬૫૫ મીટર પાઈપ લાઈન નાંખેલ છે. કામ પુરૂ થયેલ છે અને લાઈન કમીશન કરેલ છે.

(૬) રામોલ ચાર રસ્તાથી જશોદાનગર ચાર રસ્તા થઈ દક્ષિણી સો.રેલ્વે લાઈન પાસે આર.સી.સી. ડકટ સુધી ૧૬૦૦ મી.મી. વ્યાસની ટ્રંક સુઅર લાઈન નાંખવાના કામના કોન્ટ્રા. મે.મોર્ડન કંસ્ટ્રકશન કંપનીનુ રૂ.૧,૭૯,૮૯,૯૧૫.૨૦ નું ટેન્ડર સ્ટે.ક.ઠ.નં.૧૯૮૬ તા.૦૬.૦૩.૯૭ થી મંજુર થયેલ છે. આ કામ પેટે તા.૩૧.૦૩.૨૦૦૧ સુધીમાં ૧૬૦૦ મી.મી. વ્યાસની ૨૨૯૫ મી. લંબાઈમાં પાઈપ લાઈન નાંખેલ છે. કામ પુર થયેલ છે અને લાઈન કમીશન કરેલ છે.

(૭) શહેરની અંદર ગીરધરનગર સુએજ પંપીગ સ્ટેશનથી દરીયાપુર પંપીગ સ્ટેશન સુધી ૭૦૦ મી.મી. વ્યાસની તથા સુખરામનગર અને મણીનગર સુએજ પંપીગ સ્ટેશન ખાતે ૪૦૦ મી.મી વ્યાસની રીલીફ સુઅર લાઈન નાંખવાના કામનો અંદાજ રૂ.૭૮,૫૭,૮૭૪.૦૦નો મ્યુ.કોર્પો.ઠ.નં.૨૬૯ તા.૨૭.૦૬.૯૭ થી મંજુર થયેલ છે. આ કામના કોન્ટ્રાકટર મે. એમ. એસ. ખુરાનાનું રૂ.૬૫,૪૩,૮૦૬.૭૦ પૈસાનું ટેન્ડર સ્ટે.ક.ઠ.નં.૨૯૧ તા.૨૯.૦૫.૯૭ થી મંજુર થયેલ છે. આ કામ પેટે ૨૪૨૦ મીટર લંબાઈમાં ૪૦૦ ડાયા તથા ૭૦૦ મી.મી. વ્યાસની પાઈપ લાઈન નાંખવામાં આવેલ છે. કામ પુર થયેલ છે અને લાઈન કમીશન કરેલ છે.

(૮) શહેર વિસ્તારના ઝોન ૨ અને ૩ માં કેશવનગર સુએજ પંપીગ સ્ટેશન માટે ૩૦૦ મી.મી. વ્યાસની તથા ન્યુ સબર્બન સુએજ પંપીગ સ્ટેશન માટે ૧૦૦૦ મી.મી. વ્યાસની ડકટાઈલ આયર્ન રાઈઝીંગ મેઈન નાંખવા અંગેના કામનો રૂ.૩,૦૯,૩૩,૪૩૫.૦૦નો અંદાજ મ્યુ.કોર્પો.ઠ.નં.૬૦૧ તા.૧૦.૧૦.૯૭થી મંજુર થયેલ છે. આ કામનું કોન્ટ્રાકટર ઈલેકટ્ર્ સ્ટીલ કાસ્ટીંગ લી.નું રૂા. ૨, ૬૯,૦૯,૭૫૧.૯૩ પૈસાનું ટેન્ડર સ્ટે.કમિટી ઠ.નં. ૮૮૧ તા. ૦૩.૧૦.૯૭ થી મંજુર થયેલ છે. સદર કામ પેટે ૩૦૦ મી.મી. વ્યાસની કુલ ૪૩૦ મીટર લંબાઈમાં લાઈન નાંખી અને કાર્યરત કરવામાં આવેલ છે. અને ૧૦૦૦ મી.મી. વ્યાસની ૧૪૬૦ મીટર ડી.આઈ. રાઈઝીગ મેઈન લાઈન નાંખી ટેસ્ટીંગ કરી પીરાપા પ્લાન્ટની ચેમ્બર સાથેનું જોડાણ કામ કરી લાઈન કમીશનમાં મૂકવામાં આવેલ છે.

(૯) વેસ્ટ એ.યુ.સી.ટ્રંક સુઅર પાર્ટ-૨ પૈકી અંકુર ચાર રસ્તાથીડ્રાઈવીંગ ક્રોસ રોડ સુધી ૧૪૦૦/૧૬૦૦ મી.મી. વ્યાસની આર.સી.સી. ડ્રેનેજ લાઈન નાંખવાના કામના કોન્ટ્રાકટર મે.શશી.આર.શાહનું રૂ.૧,૫૬,૦૨,૦૨૨.૩૪ પૈસાનું ટેન્ડર સ્ટે.ક.ઠ.નં.૨૦૧ તા.૨૧.૦૫.૯૮ થી મંજુર થયેલ છે. સદરહુ કામ પેટે કોન્ટ્રાકટરે અત્યાર સુધીમાં ૨૧૬૫ મીટર પાઈપ લાઈનનું લેઈંગ કરેલ છે અને કામ પરૂ થયેલ છે.

(૧૦) ડ્રાઈવ-ઈન ક્રોસ રોડથી વિધાનગર ફલેટ સુધીના ૧૩૨ ફુટના રોડ ઉપર ૧૮૦૦ મી.મી. વ્યાસની આર.સી.સી. ડ્રેનેજ લાઈન નાંખવાના કામના કોન્ટ્રા. મે.આલ્કોક સીમેન્ટસ પાઈપ્સ એન્ડ કોંન્ક. વર્કસનું રૂ.૨,૧૨,૧૯,૯૩૮.૮૫ પૈસાનું ટેન્ડર સ્ટે. ક.ઠ. નં. ૨૦૧ તા.૨૧.૦૫.૯૮ થી મંજુર થયેલ છે. સદરહું કામ પેટે કોન્ટ્રાકટરે ૨૦૨૫ મીટર પાઈપનું લેઈંગ કરેલ છે અને કામ પુરૂ થયેલ છે.

(૧૧) વિધાનગર ફલેટથી શ્યામલ રો હાઉસ સુધીના ૧૩૨ ફુટના રોડ ઉપર ૧૮૦૦ મી.મી. વ્યાસની આર.સી.સી ડ્રેનેજ લાઈન નાંખવાના કામના કોન્ટ્રા. મે.એમ.એસ.ખુરાનાનું રૂ.૧,૯૪,૩૪,૯૨૩.૦૦ પૈસાનું ટેન્ડર સ્ટે. ઠ.નં. ૨૦૧ તા.૨૧.૦૫.૯૮ થી મંજુર થયેલ છે. સદરહુ કામ પેટે કોન્ટ્રાકટરે ૧૮૮૫ મીટર પાઈપ નું લેઈંગ કરેલ છે અને કામ પુરૂ કરેલ છે.

(૧૨) શ્યામલ રો હાઉસ થી વાસણા ઓકટ્રોઈનાકા સુધીના ૧૩૨ફુટના રોડ ઉપર ૧૮૦૦ મી.મી. વ્યાસની આર.સી.સી. ડ્રેનેજ લાઈન નાંખવાના કામના કોન્ટ્રા. મે.મોર્ડન કંસ્ટ્ર. કંપનીનું રૂ.૧,૯૭,૦૪,૬૧૯.૩૫ પૈસાનું ટેન્ડર ઠ.નં. ૨૦૧ તા.૨૧.૦૫.૯૮ થી મંજુર થયેલ છે. સદરહુ કામ પેટે કોન્ટ્રાકટરે ૧૮૨૫ મીટર પાઈપનું લેઈંગ કરેલ છે. અને કામ પૂરૂ કરેલ છે.

(૧૩) શ્યામ પ્રસાદ મુખર્જી બ્રીજ નીચે ગાંધી ગ્રામ સરખેજ રેલ્વે ટ્રેક નીચે ૩.૦૫ ટ ૩.૦૦ આર.સી.સી. બોક્ષ પુશીંગ મેથડથી નાંખી તેની અંદર ૧૮૦૦ મી.મી. વ્યાસની એન.પી.-૪ કલાસ પાઈપ લાઈન નાંખવાનાં કામનું કોન્ટ્રાકટર રવી બિલ્ડર્સનું રૂા. ૩૭,૮૯,૩૭૫.૦૦નું ટેન્ડર સ્ટે.કમિટી ઠરાવ નંબર - ૨૫૬ તા. ૦૫.૦૭.૦૨ થી મંજુર થયેલ છે. કોન્ટ્રાકટરે ૩૩ મીટર બોકસ પુશીંગ તથા તેની અંદર પાઈપ લેઈંગનું કામ પુરૂ કરેલ છે.

(૧૪) વાસણા ઓકટ્રોયનાકાથી ગુજરાત એપ્રોચ સુધી ૨૦૦૦ મી.મી. વ્યાસની આર.સી.સી. પાઈપ લાઈન નાંખવાનાં કામનાં કોન્ટ્રાકટર લક્ષ્મી કન્સ્ટ્રકશન કું.નું રૂા. ૧,૪૧,૭૨૧.૨૫ પૈસાનું ટેન્ડર સ્ટે.કમિટી ઠરાવ નંબર - ૧૧૫૫ તા. ૧૭.૦૨.૨૦૦૦થી મંજુર થયેલ છે. સદરહુ કામ પેટે કોન્ટ્રાકટરે ૯૦૦ મીટર પાઈપ લેઈંગ કરેલ છે. આ કામ પાઈપ લાઈનનો રૂટ બદલાતા જે તે સ્ટેજે અટકાવવામાં આવેલ છે.

(૧૫) ગુજરાત એપ્રોચથી ખુરશીદ પાર્ક સુધી ૨૦૦૦ મી.મી. વ્યાસની આર.સી.સી. પાઈપ લાઈન નાંખવાનાં કામનાં કોન્ટ્રાકટર પટેલ સીમેન્ટ પ્રોડકટનું રૂા. ૧,૩૨,૫૧,૧૫૬.૪૫ પૈસાનું ટેન્ડર સ્ટે.કમિટી ઠ.નંબર. ૧૧૫૫ તા. ૧૭.૦૨.૨૦૦૦થી મંજુર થયેલ છે. સદરહુ કામ પેટે કોન્ટ્રાકટરે ૨૩૫ મીટર પાઈપ લેઈંગ કરેલ છે. અને આ કામ પાઈપ લાઈનનો રૂટ બદલાતા જે તે સ્ટેજે અટકાવવામાં આવેલ છે .

(૧૬) ખુરશીદ પાર્કથી વાસણા ટીએસપીએસ સુધી ૨૨૦૦ મી.મી. વ્યાસની પાઈપ લાઈન નાંખવાનું કામ સ્થાનિક રહીશોનાં આંદોલનને કારણે બંધ રાખી તેની એલાઈનમેન્ટ બદલી શેખ એન્ડ કું.થી વીશાલા હોટલ થઈ વાસણા ટીએસપીએસ સુધી નાંખવાનું નક્કી થયેલ આ કામનાં કોન્ટ્રાકટર ઘાટપ્રભા સીમેન્ટ સ્પન પાઈપ ફેકટરીએ ૧૧૬૦ ર.મી. પાઈપ લેઈંગનું કામ કરેલ છે અને ફક્ત હાઈવે નીચે પુશીંગની કામગીરી બાકી છે.

(૧૭) શહેરના ઝોન -૧ અને ૩ માં આવેલ હયાત ડ્રેનેજ પંપીગ સ્ટેશનોને રીનોવેટ કરવાના કામના કોન્ટ્રા. મે.નયન સી. શાહનું રૂ.૫૭,૫૯,૧૯૭.૨૦ પૈસાનું ટેન્ડર સ્ટે.ક.ઠ. નં. ૫૨૮ તા.૨૮.૦૮.૯૮થી મંજુર થયેલ છે. કોન્ટ્રા. અત્યાર સુધીમાં કુલ ૩ પંપીગ સ્ટેશનો પૈકી પાલડી જવાહરનગર પંપીગ સ્ટેશન અને કેશવ નગર ડ્રેનેજ પંપીગ સ્ટેશન તથા જમાલપુર પંપીગ સ્ટેશન ખાતે કામગીરી પુરી કરેલ છે.

(૧૮) શહેરના ઝોન-૨ માં આવેલા હયાત ડ્રેનેજ પંપીગ સ્ટેશનને રીનોવેટ કરવાના કામનું કોન્ટ્રા. મેએ.જે. બિલ્ડર્સ નું રૂ.૮૭,૦૮,૯૭૯.૬૪ પૈસાનું ટેન્ડર સ્ટે ક.ઠ. નં ૧૯૬ તા.૨૧.૦૫.૯૮થી મંજુર થયેલ છે, અને કોન્ટ્રા. ન્યુ. સબર્બન, ન્યુ શાહીબાગ,શાહીબાગ મણીનગર, અને મહેંદીકુવા ડ્રેનેજ પંપીગ સ્ટેશનની કામગીરી શરૂ કરેલ કોન્ટ્રાકટરને સદરહુ કામ પેટે રૂા. ૪.૭૨ લાખનું પેમેન્ટ કરવામાં આવેલ છે. કામ નહિ કરતા તેનું કામ જેતે સ્ટેજે અટકાવી અન્ય એજન્સી પાસે કામ કરાવવા નિર્ણય લેવામાં આવેલ અને કામગીરી પુરી કરેલ છે. અને અન્ય કોન્ટ્રાકટર પાસે ટેન્ડર મંગાવી મંજુર કરાવી જેતે ઝોન દ્વારા કામગીરી પુરી કરેલ છે.

(૧૯) શહેરના નદી કીનારાના સ્લમ વિસ્તારો માટે લો-કોસ્ટ સેનીટેશન યોજનાનાભાગ રુપે એ.એમ.સી મોડેલ ટોઈલેટ બનાવવાના કામ નું કોન્ટ્રા. મે. સ્વાશ્રય મજૂર કામદાર સહકાર મંડળી લીમીટેડનું રૂ.૬,૦૦,૩૫૪.૪૦ પૈસાનું ટેન્ડર સ્ટે.ક.ઠ. નં ૬૭૨ તા.૦૩.૧૦.૯૮થી મંજુર થયેલ છે. સદરહુ કામ પૈકી કોન્ટ્રા. વાડજ ચંદ્રભાગા સ્લમસ તથા પાલડી કાગદી વાડ ખાતે એમ કુલ ૩૨ સીટનું કામ પુરુ કરેલ છે, અને ૧૦૦% જેટલી કામગીરી પુરી કરેલ છે.

(૨૦) શહેરના પશ્ચિમ વિસ્તારના પે એન્ડ યુઝ ટાઈપ ટોઈલેટ કરવા અંગે કોન્ટ્રાકટર કનુ.બી.મોદી નું રૂ.૧૩,૯૦,૫૧૭.૯૦ પૈસાનું ટેન્ડર તેમજ પૂર્વ વિસ્તારમાં કોન્ટ્રા. પ્રવિણ કન્સ્ટ્રકશન કંપનીનું રૂ.૧૪,૨૬,૦૮૦.૦૦ પૈસાનું ટેન્ડર સ્ટે. ક.ઠ. નં ૯૧૪ તા.૨૦.૧૨.૯૮ મંજુર થયેલ છે. ચન્દ્રભાગા પાસે તથા કાગદીવાડ પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોક બનાવવાનું કામ પુરૂ કરવામાં આવેલ છે. જયારે જગ્યાનાં અભાવને કારણે અન્ય સથળે પે એન્ડ યુઝ બ્લોકસ બનાવવાનું કામ ચાલુ કરવામાં આવેલ નથી.

(૨૧) શહેરમાં નદીનાં પૂર્વ તરફનાં ભાગમાં લો કોસ્ટો સેનીટેશનનાં ભાગ રૂપે શાહપુર વોર્ડમાં આવેલ શંકરભુવનાનં છાપરામાં સેનીટેશનની સવલત આપવાનાં કામમાં ચીનાઈ ડ્રેનેજ લાઈન નાંખવાનં તથા (૧) ડ્રેનેજ પંપીગ સ્ટેશન બનાવવાનું કામ

કોન્ટ્રાકટર બનુ બી. મોદીનું રીવા.ટેન્ડર સ્ટે.કમિટી ઠ.નંબર - ૧૨૯૪ તા. ૦૫.૦૨.૨૦૦૪ થી મંજુર થયેલ છે. અને આ કામગીરી પુર્ણ થયેલ છે.

(૨૨) વાડજ ખાતે ઈલે. ક્રેમેટોરીયમ કરવાનું કામના કોન્ટ્રા. મે. જે. માવાણી એન્ડ કાંનું. રૂ.૧૬,૧૭,૨૪૫.૦૦ પૈસાનું ટેન્ડર સ્ટે.ક.ઠ.નં.૨૦ તા.૦૨.૦૪.૯૮ થી મંજુર થયેલ છે. આ કામ પુરુ થયેલ છે. આ સ્મશાન કાર્યરત કરવામાં આવેલ છે.

(૨૩) શહેરમાં નદીનાં પશ્ચિમ તરફનાં ભાગમાં લો-કોસ્ટ સેનીટેશનનાં ભાગ રૂપે વાડજ વોર્ડમાં ચન્દ્રભાગનાં છાપરામાં સેનીટેશનની સવલત આપવા ચીનાંઈ ડ્રેનેજ લાઈન નાંખવાનું તથ ૨ સમ્પ બનાવવાનું કામ કોન્ટ્રાકટર પી.સી. સ્નેહલ કન્સ્ટ્રકશન કાંનું રૂા. ૩૩,૨૩,૩૨૮.૮૦ પૈસાનું ટેન્ડર સ્ટે.ક.ઠ.નં. ૭૯૯ તા. ૧૮.૧૦.૨૦૦૧થી મંજુર થયેલ છે. બે પૈકી એક સમ્પ કમીશન કરેલ છે જયારે બીજા સમ્પમાં ઈલેકટ્રીક પાવર સપ્લાય આવ્યે થી ટૂકં સમયમાં કમીશન કરવામાં આવશે.

(૨૪) શહેરમાં નદીનાં પુર્વ તરફનાં ભાગનું સુએજ ટ્રીટ કરવા પીરાણા ખાતે ૧૦૬ એમ.એલ.ડી. ક્ષમતાનો યુ.એ.એસ.બી. ટેકનોલોજીનો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાનાં કામનું કોન્ટ્રાકટર બાટલી બોય એન્વાયરોમેન્ટલ એન્જી. લીમીટેડ ( બાટલીબોય રેમ્કી એન્જી. પ્રા.લી. જોઈન્ટ વેન્ચર ) નું રૂા. ૨૭,૬૩,૯૪,૬૧૯.૦૦નું ટેન્ડર સ્ટે.કમિટી ઠરાવ નંબર - ૪૧૮ તા.૧૨.૦૭.૨૦૦૧થી મંજુર થયેલ છે. તા. ૩૧.૦૩.૨૦૦૩ સુધીમાં ૮૫% કામ કામ પુરુ કરવામાં આવેલ છે.

(૨૫) શહેરમાં નદીનાં પશ્ચિમ તરફનાં ભાગનું અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન ૩૬ એમ.એલ.ડી. સુએજ તથા પશ્ચિમ ઔડાનાં વિસ્તારનું ૯૦ એમ.એલ.ડી. સુએજ ટ્રીટ કરવા વાસણા ખાતે ૧૨૬ એમ.એલ.ડી. ક્ષમતાનો યુ.એ.એસ.બી. ટે.કનોલોજીનો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાનાં કામનું કોન્ટ્રાકટર એકવાફીલ પોલીમર્સ કાં.પ્રા.લી. તથા રાજકમલ બિલ્ડર્સ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લી. જોઈન્ટ વેન્ચરનું રૂા. ૨૮,૩૬,૬૨,૩૬૬.૦૦નું ટેન્ડર સ્ટે.ક.ઠ.નં. ૧૦૨૫ તા. ૨૯.૧૧.૦૧ થી મંજુર થયેલ છે. પરંતુ જુહાપુરા વિસ્તારનાં રહીશોનાં વિરોધને કારણે કોન્ટ્રાકટરને મોડેથી વર્ક ઓર્ડર આપવામાં આવેલ તા. ૩ક્ષ.૦૩.૨૦૦૩ સુધીમાં ૨૭% કામ પૂરુ કરવામાં આવેલ છે.

(૨૬) વાસણા ખાતે નવુ ટર્મીનલ સુએજ પંપીગ સ્ટેશન બનાવવાનાં કામનું કોન્ટ્રાકટર એન.કે.પટેલ એન્ડ કાં.નું રૂા. ૧૨,૯૯,૫૩,૯૩૮.૩૦ પૈસા નું ટેન્ડર સ્ટે.ક.ઠ.નં. ૧૨૪૫ તા.૨૨.૦૩.૦૩થી મંજુર થયેલ છે.

## સાબરમતી નદી શુધ્ધિકરણ યોજના

**પત્રક-૧ નાણાંકીય સિધ્ધી**

| અ. નં. | કામનુંનામ | અંદાજીત ખર્ચ | ૩૧.૦૩.૦૨ સુધી થયેલ ખર્ચ | ૨૦૦૨-૦૩માં થયેલ ખર્ચ | ૩૧.૦૩.૦૩ અંતિમ કુલ ખર્ચ | ટકાવારી આર્થિક |
|---|---|---|---|---|---|---|
| ૧ | રાણીપથી વાડજ કડિયા નાકા સુધી ૧૧૦૦ મી.મી. વયાસની ડ્રેનેજ લાઈન નાંખવા | ૧૫૫.૬૦ | ૫૧.૪૨ | - | ૫૧.૪૨ | ૧૦૦% |
| ૨ | વાડજ કડિયા નાકા અંકુર સુધી ૧૪૦૦ મી.મી. વ્યાસની ડ્રેનેજ લાઈન નાંખવા | | ૯૦.૬૫ | - | ૯૦.૬૫ | ૧૦૦% |
| ૩ | અ.મ્યુ.કો. વિસ્તારમાંથી ડ્રેનેજ લાઈનો સ્ટ્રો.વો.ડ્રે. તથા સુએજ પંપીગ સ્ટેશનમાંથી શીલ્ટ કાઢવા | ૭૦.૦૦ | ૫૬.૩૩ | - | ૫૬.૩૩ | ૮૦% |
| ૪ | ઓઢવ સોનીની ચાલી ચાર રસ્તાથી વસ્ત્રાલ ચાર રસ્તા સુધી ૧૬૦૦ મી.મી. વ્યાસની ટ્રન્ક સુઅર લાઈન નાંખવા. | ૫૧૭.૩૬ | ૧૨૫.૬૩ | - | ૧૨૫.૬૩ | ૧૦૦% |
| ૫ | વસ્ત્રાલ ચાર રસ્તાથી રામોલ ચાર રસ્તા સુધી ૧૬૦૦ મી.મી. વ્યાસની ટ્રન્ક સુઅર લાઈન નાંખવા | | ૧૩૦.૪૫ | - | ૧૩૦.૪૫ | ૧૦૦% |
| ૬ | રામોલ ચાર રસ્તા થી જશોદાનગર ચાર રસ્તા થઈ દક્ષિણી સોસાયટી રેલ્વે લાઈન પાસે આર.સી.સી. ડક્ટ સુધી ૧૬૦૦ મી.મી. વ્યાસની લાઈન નાંખવા. | | ૧૭૩.૩૨ | - | ૧૭૩.૩૨ | ૧૦૦% |
| ૭ | રીલીફ સુઅર્સ | ૭૮.૫૭ | ૪૯.૭૭ | - | ૪૯.૭૭ | ૭૦% |
| ૮ | રાઈઝીંગ મેઈન્સ | ૩૦૯.૩૩ | ૨૬૨.૧૬ | - | ૨૬૨.૧૬ | ૯૫% |
| ૯ | અંકુર ચાર રસ્તાથી ડ્રાઈવ-ઈન ચાર રસ્તા સુધી ૧૩૨'નાં રોડ પર ૧૪૦૦ તથા ૧૬૦૦ મી.મી. વ્યાસની લાઈન નાંખવા. | ૨૦૩.૮૬ | ૧૪૦.૪૧ | - | ૧૪૦.૪૧ | ૯૦% |
| ૧૦ | ડ્રાઈવ-ઈન ચાર રસ્તાથી વિદ્યાનગર ફ્લેટ સુધી ૧૩૨'નાં રોડ પર ૧૮૦૦ મી.મી. વ્યાસની ડ્રેનેજ લાઈન નાંખવા. | ૨૭૨.૫૩ | ૧૯૮.૦૫ | - | ૧૯૮.૦૫ | ૯૩% |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૧ | વિદ્યાનગર ફ્લેટથી શ્યામલ ચાર રસ્તા સુધી ૧૩૨'નાં રોડ પર ૧૮૦૦ મી.મી. વ્યાસની ડ્રેનેજ લાઈન નાંખવા. | ૨૫૧.૨૯ | ૧૮૦.૫૯ | - | ૧૮૦.૫૯ | ૯૩% |
| ૧૨ | શ્યામલ રો- હાઉસથી વાસણા ઓક્ટ્રોયનાકા સુધી ૧૩૨' રસ્તા પર ૧૮૦૦ મી.મી. વ્યાસની ડ્રેનેજ લાઈન નાંખવા. | ૨૬૨.૭૪ | ૧૪૬.૩૮ | ૧૬.૭૮ | ૧૬૩.૧૬ | ૮૦% |
| ૧૩ | શ્યામા પ્રસાદ મુખર્જી બ્રીજ નીચે રેલ્વે ટ્રેક નીચેથી બોક્સ પુશીંગ મેથડથી નાંખવા | ૩૭.૮૯ | ૦.૦૦ | ૩૫.૯૪ | ૩૫.૯૪ | ૯૫% |
| ૧૪ | સરખેજ ઓક્ટ્રોયનાકાથી ગુજરાત એપ્રોચ સુધી ૨૦૦૦ મી.મી. વ્યાસની ડ્રેનેજ લાઈન નાંખવા. | ૧૬૩.૧૭ | ૧૦૯.૮૧ | - | ૧૦૯.૮૧ | ૭૦% |
| ૧૫ | ગુજરાત એપ્રોચ થી ખુરશીદ પાર્ક સુધી ૨૦૦૦ મી.મી. વ્યાસની ડ્રેનેજ લાઈન નાંખવા. | ૧૫૩.૦૨ | ૨૯.૯૮ | ૮૧.૪૦ | ૧૧૧.૩૮ | ૭૩% |
| ૧૬ | શેખ એન્ડ કું.થી વિશાલા હોટેલ થઈ વાસણા ટીએસપીએસ સુધી ૨૨૦૦ મી.મી. વ્યાસની ડ્રેનેજ લાઈન નાંખવા. | ૪૧૮.૬૩ | ૦.૦૦ | ૨૨૧.૫૦ | ૨૨૧.૫૦ | ૫૩% |
| ૧૭ | શહેરનાં ઝોન-૧ અને ૩માં આવેલા જુદા જુદા હયાત ડ્રેનેજ પંપીગ સ્ટેશન રીનોવેટ કરવા. | ૬૯.૧૧ | ૫૫.૯૨ | ૪.૯૩ | ૬૦.૮૫ | ૧૦૦% |
| ૧૮ | શહેરનાં ઝોન - ૨માં આવેલા હયાત ડ્રેનેજ પંપીગ સ્ટેશન રીનોવેટ કરવા. | ૧૦૦.૬૭ | ૪.૭૨ | - | ૪.૭૨ | ૫% |
| ૧૯ | લો-કોસ્ટ સેનીટેશનનાં ભાગ રૂપે નદી કિનારાનાં સ્લમ વિસ્તારો માટે એ.એમ.સી. મોડેલ ટોયલેટ્સ બનાવવા. | ૬.૬૯ | ૪.૦૫ | - | ૪.૦૫ | ૧૦૦% |
| ૨૦ | શહેરનાં પૂર્વ તથા પશ્ચિમ વિસ્તારમાં પે એન્ડ યુઝ ટાઈપનાં ટોઈલેટ બ્લોક બનાવવા. | ૩૬.૫૬ | ૮.૧૨ | ૨.૦૦ | ૧૦.૧૨ | ૧૦૦% |
| ૨૧ | સ્લમ વિસ્તારમાં આઈ એન્ડ ડી વર્કસ શંકરભુવન | ૧૨.૭૦ | ૯.૩૭ | - | ૯.૩૭ | ૭૪% |
| ૨૨ | વાડજ ખાતે ઈલેક્ટ્રીક કેમેટોરીયમ બનાવવા. (સીવીલ) | ૧૬.૧૭ | ૧૨.૦૮ | - | ૧૨.૦૮ | ૧૦૦% |
| ૨૩ | સ્લમ વિસ્તારમાં આઈ એન્ડ | ૩૮.૭૬ | ૭.૯૩ | ૨૫.૦૭ | ૩૩.૦૦ | ૧૦૦% |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | ડી વર્કસ (ચન્દ્રભાગા) | | | | | |
| ૨૪ | પીરાણા ખાતે ૧૦૬ એમ.એલ.ડી. ક્ષમતાનો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવા. | ૩૨૬૩.૪૪ | ૧૦૬૧.૦૫ | ૧૦૨૭.૭૭ | ૨૦૮૮.૮૨ | ૬૪% |
| ૨૫ | વાસણા ખાતે ૧૨૬ એમ.એલ.ડી. ક્ષમતાનો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવા. | ૩૨૭૯.૫૬ | ૦.૦૦ | ૪૭૦.૯૪ | ૪૭૦.૯૪ | ૧૫% |
| ૨૬ | વાસણા ખાતે ટર્મીનલ સુએજ પંપીગ સ્ટેશન બનાવવા | ૧૩૯૦.૫૧ | - | - | | |
| | **કુલ** | **૧૦૯૫૬.૭૫** | **૨૯૦૮.૧૯** | **૧૮૮૬.૩૩** | **૪૭૯૪.૫૨** | |

# સાબરમતી નદી શુધ્ધિકરણ યોજના

## પત્રક-૨ ભૌતીક સિધ્ધી

| અ. નં. | કામનુંનામ | એકમ | લક્ષ્યાંક | ૩૧-૦૩-૦૨ સુધી થયેલ પ્રગતિ | ૨૦૦૨-૨૦૦૩ માં થયેલ પ્રગતિ | વર્ષાંતે થયેલ કુલ પ્રગતિ | સિધ્ધીની ટકાવારી | નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | રાણીપથી વાડજ કડિયા નાકા સુધી ૧૧૦૦ મી.મી. વયાસની ડ્રેનેજ લાઈન નાંખવા | મીટર | ૧૧૪૦ | ૧૧૦૦ | | ૧૧૦૦ | ૧૦૦% | કામ પુરૂ લાઈન ચાલુ કરેલ છે. |
| ૨ | વાડજ કડિયા નાકા અંકુર સુધી ૧૪૦૦ મી.મી. વ્યાસની ડ્રેનેજ લાઈન નાંખવા | મીટર | ૧૨૩૦ | ૧૪૩૪ | ૯૦.૬૫ | ૧૪૩૪ | ૧૦૦% | કામ પુરૂ |
| ૩ | અ.મ્યુ.કો. વિસ્તારમાંથી ડ્રેનેજ લાઈનો સ્ટ્રો.વો.ડ્રે. તથા સુએજ પંપીગ સ્ટેશનમાંથી શીલ્ટ કાઢવા | ૨ મીટર<br>૪ મીટર | ૨૯૩૭૦<br>૨૬૭૫૮૦ | ૩૯૭૧૨<br>૧૪૪૪૯ | | ૩૯૭૧૨<br>૧૪૪૪૯ | ૧૦૦% | |
| ૪ | ઓઢવ સોનીની ચાલી ચાર રસ્તાથી વસ્ત્રાલ ચાર રસ્તા સુધી ૧૬૦૦ મી.મી. વ્યાસની ટ્રન્ક સુઅર લાઈન નાંખવા. | | ૧૫૭૫ | ૧૫૭૫ | | ૧૫૭૫ | ૧૦૦% | કામ પુરૂ લાઈન ચાલુ કરેલ છે. |
| ૫ | વસ્ત્રાલ ચાર રસ્તાથી રામોલ ચાર રસ્તા સુધી ૧૬૦૦ મી.મી. વ્યાસની ટ્રન્ક સુઅર લાઈન નાંખવા | | ૧૬૫૫ | ૧૬૫૫ | | ૧૬૫૫ | ૧૦૦% | કામ પુરૂ લાઈન ચાલુ કરેલ છે. |
| ૬ | રામોલ ચાર રસ્તા થી જશોદાનગર ચાર રસ્તા થઈ દક્ષિણી સોસાયટી રેલ્વે લાઈન પાસે આર.સી.સી. ડક્ટ સુધી ૧૬૦૦ મી.મી. વ્યાસની લાઈન નાંખવા. | | ૨૨૯૫ | ૨૨૯૫ | | ૨૨૯૫ | ૧૦૦% | કામ પુરૂ લાઈન ચાલુ કરેલ છે. |
| ૭ | રીલીફ સુઅર્સ | મીટર | ૨૬૮૦ | ૨૪૨૦ | | ૨૪૨૦ | ૧૦૦% | કામ પુરૂ |
| ૮ | રાઈઝીંગ મેઈન્સ | મીટર | ૧૮૩૦ | ૧૮૩૦ | | ૧૮૩૦ | ૧૦૦% | કામ પુરૂ |
| ૯ | અંકુર ચાર રસ્તાથી ડ્રાઈવ-ઈન ચાર રસ્તા સુધી ૧૩૨'નાં રોડ પર ૧૪૦૦ તથા ૧૬૦૦ મી.મી. વ્યાસની લાઈન નાંખવા. | મીટર | ૨૧૬૫ | ૨૧૬૫ | | ૨૧૬૫ | ૧૦૦% | કામ પુરૂ |
| ૧૦ | ડ્રાઈવ-ઈન ચાર રસ્તાથી વિદ્યાનગર ફલેટ સુધી ૧૩૨'નાં રોડ પર ૧૮૦૦ મી.મી. વ્યાસની ડ્રેનેજ લાઈન નાંખવા. | મીટર | ૨૦૨૫ | ૨૦૨૫ | | ૨૦૨૫ | ૧૦૦% | કામ પુરૂ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૧ | વિદ્યાનગર ફલેટથી શ્યામલ ચાર રસ્તા સુધી ૧૩૨'નાં રોડ પર ૧૮૦૦ મી.મી. વ્યાસની ડ્રેનેજ લાઈન નાંખવા. | મીટર | ૧૮૮૫ | ૧૮૮૫ | | ૧૮૮૫ | ૧૦૦% | કામ પુરૂ |
| ૧૨ | શ્યામલ રો- હાઉસથી વાસણા ઓકટ્રોયનાકા સુધી ૧૩૨' રસ્તા પર ૧૮૦૦ મી.મી. વ્યાસની ડ્રેનેજ લાઈન નાંખવા. | મીટર | ૧૯૦૦ | ૧૬૫૦ | ૧૭૫ | ૧૮૨૫ | ૧૦૦% | કામ પુરૂ |
| ૧૩ | શ્યામા પ્રસાદ મુખર્જી બ્રીજ નીચે રેલ્વે ટ્રેક નીચેથી બોક્સ પુશીંગ મેથડથી નાંખવા | મીટર | ૩૩ | ૦ | ૦૩૩ | ૩૩ | ૧૦૦% | કામ પુરૂ |
| ૧૪ | સરખેજ ઓકટ્રોયનાકાથી ગુજરાત એપ્રોચ સુધી ૨૦૦૦ મી.મી. વ્યાસની ડ્રેનેજ લાઈન નાંખવા. | મીટર | ૧૧૪૨ | ૮૫૫ | | ૮૫૫ | ૭૪% | સ્થાનિક રહીશોનાં આંદોલનને કારણે પાઈપ લાઈનનો રૂટ બદલાતા જે તે સ્ટેજે અટકાવવામાં આવેલ છે. |
| ૧૫ | ગુજરાત એપ્રોચ થી ખુરશીદ પાર્ક સુધી ૨૦૦૦ મી.મી. વ્યાસની ડ્રેનેજ લાઈન નાંખવા. | મીટર | ૧૦૬૫ | ૨૩૫ | ૦ | ૨૩૫ | ૨૨% | |
| ૧૬ | શેખ એન્ડ કાું.થી વિશાલા હોટેલ થઈ વાસણા ટીએસપીએસ સુધી ૨૨૦૦ મી.મી. વ્યાસની ડ્રેનેજ લાઈન નાંખવા. | મીટર | ૧૩૨૮ | | ૮૩૦ | ૮૩૦ | ૬૩% | કામ પુરૂ |
| ૧૭ | શહેરનાં ઝોન-૧ અને ૩માં આવેલા જુદા જુદા હયાત ડ્રેનેજ પંપીગ સ્ટેશન રીનોવેટ કરવા. | નંગ | ૩ | જવાહરનગર કેશવનગર તથા જમાલપુર સુએજ પંપીગ સ્ટે.માં ૧૦૦% રીનોવેશન કામ પુરૂ | | | ૧૦૦% | |
| ૧૮ | શહેરનાં ઝોન - ૨માં આવેલા હયાત ડ્રેનેજ પંપીગ સ્ટેશન રીનોવેટ કરવા. | નંગ | ૭ | | | | ૧૦% | કોન્ટ્રાકટર ક ામ નહિ કરતા તેનું કામ જેતે સ્ટેજે અટકાવી અન્ય એજન્સી પાસે કામ કરાવવા નિર્ણય લેવામાં આવેલ |
| ૧૯ | લો-કોસ્ટ સેનીટેશનનાં ભાગ રૂપે નદી કિનારાનાં સ્લમ વિસ્તારો માટે એ.એમ.સી. મોડેલ ટોયલેટ્સ બનાવવા. | નંગ | ૩૨ | ચંદ્રભાગા અને કાગ દી વાડમાં ૨૪ નંગ જાજરૂ કરવાનું કામ પુરૂ કરી વપરાશમાં મુકવામાં આવેલ છે. | | | ૧૦૦% | કામ પુરૂ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦ | શહેરનાં પૂર્વ તથા પશ્ચિમ વિસ્તારમાં પે એન્ડ યુઝ ટાઈપનાં ટોઈલેટ બ્લોક બનાવવા. | નંગ | પશ્ચિમ–૩ પૂર્વ-૩ (બ્લોક) | ચંદ્રભાગા અને કાગ દી વાડમાં પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોક કરવાનું કામ પુરૂ કરી વપરાશમાં મુકવામાં આવેલ છે. | | | ૧૦૦% | કામ પુરૂ |
| ૨૧ | સ્લમ વિસ્તારમાં આઈ એન્ડ ડી વર્કસ શંકરભુવન | મીટર | ૪૫૬૫ | ૨૮૦૦ | | ૨૮૦૦ | ૧૦૦% | કામ પુરૂ કમીશનમાં મૂકવાનું બાકી છે. |
| ૨૨ | વાડજ ખાતે ઈલેકટ્રીક કેમેટોરીયમ બનાવવા. (સીવીલ) | નંગ | ૧ | . આ કામ પુરુ થયેલ છે સ્મશાન કાર્યરત કરવામાં આવેલ છે | | | ૧૦૦% | કામ પુરૂ |
| ૨૩ | સ્લમ વિસ્તારમાં આઈ એન્ડ કરેલ છે. ડી વર્કસ (ચન્દ્રભાગા) | મીટર | ૫૮૦૦ | ૯૦૦ | ૩૫૫૦ | ૪૪૫૦ | ૧૦૦% | કામ પુરૂ કમીશનમાં મૂકવાનું બાકી છે. |
| ૨૪ | પીરાણા ખાતે ૧૦૬ એમ.એલ.ડી. ક્ષમતાનો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવા. | નંગ | ૧ | | ૧ કામ ચાલુ | ૧ કામ ચાલુ` | ૮૫% | |
| ૨૫ | વાસણા ખાતે ૧૨૬ એમ.એલ.ડી. ક્ષમતાનો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવા. | નંગ | ૧ | | ૧ કામ ચાલુ | કામ ચાલુ | ૨૭% | |
| ૨૬ | વાસણા ખાતે ટર્મીનલ સુએજ પંપીગ સ્ટેશન બનાવવા | નંગ | ૧ | - | | | | કોન્ટ્રાકટરને વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. |
| | | | | | | | | |

## ૪.૬ દૂધેશ્વર વોટર વર્કસ અને પાવરપ્લાન્ટ

અમદાવાદ શહેરની, વધતી જતી પાણીની માંગને પહોંચી વળવા, અ.મ્યુ.કોર્પો. નવા બોરીંગો બનાવી પાણીનો વધુ જથ્થો મેળવવા સતત પ્રયત્નશીલ રહયુ છે. શહેરનાં કોટ વિસ્તારમાં દુધેશ્વર વોટર વર્ક્સમાંથી અને અન્ય વિસ્તારોમાં જુદા જુદા બોરમાંથી પાણી મેળવી ટયુબવેલ સ્ટેશન દ્વારા પાણી પૂરૂ પાડવામાં આવે છે. અહેવાલી વર્ષમાં ટયુબવેલ સ્ટેશનો છૂટા છવાયા બોરીંગો તથા દૂધેશ્વર વોટર વર્ક્સ ઉપરથી આપવામાં આવતો કુલ પાણીનો જથ્થો ૧,૮૪,૫૦૬.૩૨૦ મિલીયન લીટર્સ હતો.

| **સ્ટેશનો** | **જુની લીમીટ** | **નવી લીમીટ** | **કુલ** |
|---|---|---|---|
| | મીલીયન લીટર્સ | મીલીયન લીટર્સ | મીલીયન લીટર્સ |
| ૧.ટયુબવેલ સ્ટેશનો | ૧૧૫૫૦૫.૫૯૮ | ૨૬૧૧૯.૯૭૨ | ૧૪૧૬૨૫.૫૭૦ |
| ૨.છુટાછવાયા બોરીંગો | ૯૦૭૦.૮૨૦ | ૫૩૫૭.૯૩૦ | ૧૪૪૨૮.૭૫૦ |
| ૩.દુધેશ્વર વોટર વર્કસ | - | - | ૨૮૪૫૨.૫૦૦ |
| | | કુલ | ૧૮૪૫૦૬.૩૨૦ |

અહેવાલી વર્ષમાં પ્રતિદિન સરેરાશ ૫૦૫૫.૧૫ લાખ લીટર્સ પાણી આપવામાં આવ્યું હતું. શહેરની ૨૦૦૩ની વસ્તી ગણતરી મુજબ કામચલાઉ વસ્તી ૩૬,૬૫,૨૯૯ છે. જે ધ્યાનમાં લેતાં પ્રતિવ્યક્તિ દીઠ દૈનિક સરેરાશ ૧૩૭.૯૨ લીટર્સ (૩૧.૩૮ ગેલન) પાણી પૂરૂ પાડવામાં આવે છે. આ અંગેની છેલ્લા ત્રણ વર્ષની માહિતી પત્રક ૪.૬.૧ માં દર્શાવવામાં આવી છે.

શહેરીજનોની પાણીની માંગને પહોંચી વળવા માટે શહેરમાં કુલ નવા ૧૮ બોરીંગો બનાવવામાં આવ્યા છે. આ અંગેની વિગતવાર માહિતી પત્રક ૪.૬.૨ માં દર્શાવી છે.

અહેવાલી વર્ષ દરમ્યાન ટયુબવેલ સ્ટેશન પરથી પૂર્વ અમદાવાદનાં ટયુબવેલ સ્ટેશન/બોરીંગો ઉપરથી તથા આઈસોલેટેડ બોરીંગો ઉપરથી ( જુની લીમીટ) દૈનિક તથા વાર્ષિક પાણીની જાવક નીચે મુજબ છે.

| **અ.નં.** | **સ્થળ** | **વાર્ષિક પાણીની જાવક (મીલીયન લીટર)** | **દૈનિક સરેરાશ પાણીની જાવક (મીલીયન લીટર)** |
|---|---|---|---|
| ૧ | ટયુબવેલ સ્ટેશન અને છુટાછવાયા બોરીંગો (જુની લીમીટ) | ૧૨૪૫૭૬.૪૧૮ | ૩૪૧.૩૦૫ |
| ૨ | પૂર્વ અમદાવાદ ટયુબવેલ સ્ટેશન અને બોરીંગો | ૩૧૪૭૭.૯૦૨ | ૮૬.૨૪૦ |
| ૩ | દુધેશ્વર વોટર વર્કસ | ૨૮૪૫૨.૦૦૦ | ૭૭.૯૫૦ |
| | કુલ | ૧૮૪૫૦૬.૩૨૦ | ૫૦૫.૪૯૫ |

અહેવાલી વર્ષ દરમ્યાન જુદી જુદી ૩ જગ્યાએ ચાલુ ટ્રાન્સફોર્મર પાણી પૂરવઠો વધારવા તથા દુરસ્તીનાં કામ માટે મોટી કેપેસીટીના સ્પેર ટ્રાન્સફોર્મર મુકવામાં આવ્યા છે. ૨૦૦૨-૦૩ના વર્ષ દરમ્યાન જુદી જુદી ૫ જગ્યાએ ટયુબવેલ સ્ટેશન પર વોટર સપ્લાય માટે વધારાનાં બુસ્ટર પંપો તથા જુના બુસ્ટર પંપો કાઢી નવા ૬ પંપો મુકવામાં આવ્યા છે. આ અંગેની વિગતવાર માહિતી પત્રક ૪.૬.૩ માં દર્શાવવામાં આવી છે.

અહેવાલી વર્ષ દરમ્યાન શહેરમાં ૧૮ જગાએ ૩૫૦ મી.મી.x ૨૫૦ મી.મી. x300 મીટર્સ ઊંડાઇના નવા બોર બનાવી સબ.પંપ ઉતારી ચાલુ કરેલ છે. અહેવાલી વર્ષની ટયુબવેલ સ્ટેશન તથા પાવર પ્લાન્ટની વધારાની માહિતી પત્રક ૪.૬.૪ માં સામેલ છે.

શહેરના કોટ વિસ્તારમાં દુધેશ્વર વોટર વર્કસ તરફથી જે પાણી પુરૂ પાડવામાં આવે છે તેની છેલ્લા પાંચ વર્ષની દૈનિક સરેરાશ સપ્લાયની માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | દૈનિક સરેરાશ સપ્લાય | | સરેરાશ સપ્લાય કલાકમાં |
|---|---|---|---|
| | મીલી લિટર્સ | મીલી ગેલન | |
| ૧૯૯૮-૯૯ | ૮૩.૫૭ | ૧૮.૩૮ | ૨.૨૭ |
| ૧૯૯૯-૦૦ | ૬૬.૬૩ | ૧૪.૬૬ | ૨.૦૦ |
| ૨૦૦૦-૦૧ | ૮૪.૪૦ | ૧૮.૬૦ | ૨.૦૦ |
| ૨૦૦૧-૦૨ | ૭૯.૮૦ | ૧૭.૫૬ | ૨.૧૮ |
| ૨૦૦૨-૦૩ | ૭૭.૯૫ | ૧૭.૧૫ | ૨.૧૦ |

અહેવાલી વર્ષ દરમ્યાન જુદા જુદા માસનુ દુધેશ્વર વોટર વર્કસનું એકંદર પંપીગ પત્રક ૪.૬.૫ તથા દૈનિક પાણીનો સરેરાશ સપ્લાય તેમજ માસવાર આવેલ સરેરાશ સપ્લાય પત્રક ૪.૬.૬. માં દર્શાવેલ છે.

અહેવાલી વર્ષમાં ઈરેકશન કરવામાં આવેલ કામો તથા સંખ્યા નીચે મુજબ દર્શાવ્યા છે.

| અ.નં. | વિગત | સંખ્યા |
|---|---|---|
| ૧ | સેન્ટ્રીફયુગલ પંપો | ૧૩ |
| ૨ | ટર્બાઇન પંપો | - |
| ૩ | સબ પંપો | ૨૭ |
| ૪ | નવા બોરે | ૨૭ |
| ૫ | ટ્રાન્સફોર્મર | ૪ |
| ૬ | નવા ટયુબવેલ સ્ટેશન | ૨ |
| ૭ | કલોરીનેશન પ્લાન્ટ | ૪ |
| ૮ | એચ.ટી.સ્વીચો | ૪ |

અહેવાલી વર્ષ દરમ્યાન ૪૯૦ સબ પંપો રીપેરીગ કરેલ છે. તથા સેન્ટ્રીફયુગલ પંપો ૧૪૪ જેટલા રિપેર કરવામાં આવ્યા છે. ૯૩ મોટર વર્ષ દરમ્યાન રિપેર કરવામાં આવી છે.

**પંપીગ પ્લાન્ટ :-**

દુધેશ્વર વોટર વર્કસ ખાતે નીચેનાં સ્ટેશનોનું પ્રિવેન્ટીવ તથા બ્રેક ડાઉન મેન્ટેનન્સ તેમજ ચાલુ મશીનરીનું સંચાલન કરી, કાર્યક્ષમ હાલતમાં નિભાવ માટે આવેલ છે.અને વોટર સપ્લાયની કામગીરીનું સમયસર અને સીસ્ટેમેટીક રીતે સંચાલન કરવા માં આવેલ છે. શહેરનો પાણી પુરવઠો શક્ય તેટલા પ્રેશરથી જાળવવામાં પ્રયત્નો કરવામાં આવે છે.

૧. જેકવેલ નં.૧,૨

૨. બુસ્ટર સ્ટેશન ૧,૨,૩

૩. પાંચ ફ્રેન્ચવેલો

૪.	દુધેશ્વર વોટર વર્ક્સ સાથે સંકળાયેલ પાણીના બોરો.

પ્રિવેન્ટીગ મેઈન્ટેનન્સની કામગીરીઓ નીચે જણાવ્યા મુજબની છે.

૧. મોટર તથા પંપોના નિયમિત ઓઈલીંગ, ગ્રીસીંગ કરાવેલ છે.
૨. ઈલેક્ટ્રીકલી ઓવરહેડ વાલ્વનાં સ્પીન્ડલ ચાકી ચેક કરાવેલ છે તેમજ જરૂરી બદલેલ છે. એકચ્યુએટરમાં ઓઈલીંગ, ગ્રીસીંગ કામ કરાવેલ છે.તથા અન્ય મેન્યુઅલી ઓપરેટેડ વાલ્વના સ્પપેન્ડલ ચાકી જરૂર મુજબ બદલેલ છે.
૩. જરૂરી સ્પેર પંપ યુનીટો તૈયાર કરાવી સ્ટેશનની જરૂરી પંપ યુનીટ એસેમ્બલી બદલવામાં આવેલ છે.
૪. દરેક અર્થીંગ પ્લેટોને ઉનાળામાં જરૂરી પાણી આપવામાં આવે છે.
૫. ઈલેક્ટ્રીક સ્ટાર્ટર, સ્વીચ ગીયર્સને નિયમિત ઓવરહોલીંગ કરવામાં આવે છે. તથા ખામીવાળા વિવિધ પ્રકારનાં કોન્ટેક્ટસ બદલવામાં આવેલ છે.
૬. ઈલેક્ટ્રીક મોટરોની સ્લીપરીંગને નિયમિત એર બ્લોઅર મારવામાં આવેલ છે. તથા જરૂરી કાર્બન બ્રશ બદલવામાં આવેલ છે.
૭. એચ.ટી.સ્વીચગીયર, ટ્રાન્સફોર્મર તેમજ ઓ.સી.બી.ના ઓઈલ ટેસ્ટીંગ કરી જરૂર જણાવેલ ઓઇલ ફિલ્ટર કરવામાં આવેલ છે.

**<u>જીન્જર તથા કોતરપુર વોટર વર્કસ</u>**

અહેવાલી વર્ષ ૨૦૦૨-૦૩ દરમ્યાન સાબરમતી નદીનો મુખ્ય સ્ત્રોત એવો ધરોઇ ડેમ ભરાયેલ ન હોવાથી સાબરમતી નદીનું પાણી તદન સુકાઇ જવા પામેલ  અમદાવાદ શહેરની પાણી પૂરવઠાની પરિસ્થિતિને પહોંચી વળવા ધરોઇ ડેમમાંથી મળતા અનિયમિત પાણી પૂરવઠાને બદલે મહી નદીની શેઢી કેનાલના ટેઇલ ખાતેથી સતત પાણી પૂરવઠો મળી રહે તે માટે રાસ્કા-૧ પ્રોજેકટ હેઠળ જીંજર ગામ પાસે રો વોટર પંપ હાઉસ બનાવવામાં આવેલ છે.તેમાં ૩૪૧૦/કયુ.મીટર/કલાક  કેપેસીટીના ૬ નંગ વર્ટીકલ ટર્બાઇન પંપ ગોઠવીને ચોવીસ કલાક દરમ્યાન ૬૫ એમ.જી.ડી પાણી આશરે ૩૦.૩૨કી.મી.લાંબી ૨૧૫૦ એમ.એમ.વ્યાસવાળી એમ.એસ.ની પાઇપલાઇન નાખીને કોતરપુર,વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના ઇનલેટ બે માં લાવવામાં આવે છે ઉપરોકત શસ્ત્ર  નં-૧  પ્રોજેકટ કોર્પોરેશન ધ્વારા ૩ થી ૫ માસના ટુંકા ગાળામાં પુરા કરાવેલ છે.આ રો વોટરને કોતરપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ટ્રીટ કરીને  કલીઅર વોટર પંપીગ સ્ટેશનમાં આવેલ ૧૦૦ એમ.એલ.ડી.ની કેપેસીટીના ૧૦ પંપો પૈકી ૩ પંપ ચલાવીને દુધેશ્વર વોટર વર્કસ પુર્વ અમદાવાદ તથા પશ્ચિમ અમદાવાદના ટ્રન્ક મેઇન સાથે જોડાયેલા પંપીગ સ્ટેશનોને અંડર ગ્રાઉન્ડ ટાંકીઓમાં પાણી પુરૂ પાડવામાં આવે છે.

કોતરપુર વોટર વર્કસ ખાતે ૬૫૦ એમ.એલ.ડી.કેપેસીટીનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન છે.જેમાં ૧૨ નંગ ૫૦.૧૦ મીટર વ્યાસના જાયન્ટ કલેરીફલોકયુસેઇટ છે.તેમજ ફીલ્ટર પ્લાન્ટની ૩ સ્ટ્રીમ છે.દરેક સ્ટ્રીમમાં ૧૬ ફીલ્ટરબેડ મળીને કુલ ૪૮ નંગ ફીલ્ટર બેડ આવેલી છે.દરેક ફીલ્ટર બેડની કેપેસીટી ૧૩૨૫ લાખ ગેલન/કલાક પાણી ફીલ્ટર કરવાની છે.ફીલ્ટર કરેલા પાણીનું ૧૭૫ લા.ગે. કેપેસીટી અન્ડર ગ્રાઉન્ડ ટાંકીમાં સ્ટોરેજ કરવામાં આવે છે.ત્યાંથી કલીઅર વોટર પંપ હાઉસના ૧૦૦ એમ.એલ.ડી.કેપેસીટીના કલીઅર વોટર પંપો ધ્વારા ૧૦૦૦ એમ.એમ.વ્યાસની એમ.એસ.પાઇપ લાઇન ધ્વારા પુર્વ  અમદાવાદના વિવિધ પંપીગ સ્ટેશનોમાં પાણી આપવામાં આવે છે તેમજ પશ્ચિમ તરફ ૧૬૦૦ એમ.એમ.વ્યાસની એમ.એસ. પાઇપ ધ્વાર દુધેશ્વર વોટર વર્કસ તથા  મોટેરા ફેન્ચવેલના બ્રીજ ઉપરથી

એમ.એસ.પાઈપલાઈન ધ્વારા પશ્ચિમ વિભાગમાં  જોડાયેલા ટયુબવેલ સ્ટેશનોની અન્ડર ગ્રાઉન્ડ ટાંકીઓમાં પાણી આપવામાં આવે છે.

કલોરીનેશનઃ-

કોતરપુર વોટર વર્કસ ખાતે ૨૫ k.g./ wr કેપેસીટીવાળા ૮ પ્લાન્ટ ઇનસ્ટોલ્ડ કરેલા છે.જેમાંથી ૪ પ્લાન્ટ સતત ચલાવી ઉપર તથા ફીલ્ટર પ્લાન્ટમાં થી સ્ટોરેજ અન્ડર ગ્રાઉન્ડ ટાંકીમાં જુદી જુદી લાઇનો ધ્વારા જરૂરી માત્રામાં ડોઝીગ કરવામાં આવે છે.

**અન્ય માહિતીઃ-**

(૧) દૂધેશ્વર વોટર વર્કસ ખાતે ૨૨ અન્ડર ગ્રાઉન્ડ ટાંકીઓ આવેલી છે. દરેક અન્ડર ગ્રાઉન્ડ ટાંકીની કેપેસીટી ૧૦ લાખ ગેલન  છે.  દરેકની ટાંકીની ઊંડાઈ ૧૬ ફૂટ છે.  કુલ સ્ટોરેજ કેપેસીટી ૨૨૦ લાખ ગેલન છે.

(૨) દુધેશ્વર વોટરવર્કસ ખાતે કુલ પાંચ ઓવરહેડ ટાંકીઓમાંથી કુલ ૩ ચાલુ છે. જેની કુલ ૨૨ લાખ ગેલનની કેપેસીટી છે.

(૩) સામાન્ય સંજોગોમાં દૂધેશ્વર વોટર વર્કસ ખાતે કેમ્પ ફ્રેંચવેલનું પાણી લેવામાં આવે છે. પરંતુ પાણીની જરૂરિયાત મુજબ       કોતરપુર તથા ભદ્રેશ્વર ફ્રેંચવેલનું પાણી દુધેશ્વર વોટરવર્કસ તરફ જરૂરિયાત મુજબ લેવામાં આવે છે.

કેમ્પ કોતરપુર તથા ભદ્રેશ્વર ફ્રેન્ચવેલની સંયુકત આવક ગણીને જ દુધેશ્વર વોટર વર્કસની ફ્રેન્ચવેલની પાણીની આવકની ગણતરી કરેલ છે.

ચાલુ વર્ષ દરમ્યાન કૃષ્ણનગર અને વટવા નિગમ બે ટયુબવેલ સ્ટેશનો પર ૧૧ કે.વી.એચ સર્કીટ બ્રેકર મુકેલ છે.તેમજ વટવા નિગમ અને કૃષ્ણનગર બે ટયુ.સ્ટેશનો પર નવા ટ્રાન્સફોર્મર મુકવામાં આવેલ છે.

**પત્રક ૪.૬.૧**

**અહેવાલી વર્ષ દરમ્યાન પ્રતિદિન સરેરાશ આપેલ પાણીની માહિતી દર્શાવતુ પત્રક (દુધે.વો.વ.સહિત)**

| અ.નં. | વર્ષ | કુલ લાખ | | વ્યક્તિ દીઠ | |
|---|---|---|---|---|---|
| | | ગેલન | લીટર્સ | ગેલન | લીટર્સ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ૨૦૦૦-૦૧ | ૧૦૫૪.૮૮ | ૪૭૮૯.૧૫ | ૨૯.૮૦ | ૧૩૫.૩૮ |
| ૨ | ૨૦૦૧-૦૨ | ૧૧૦૯.૪૩ | ૫૦૩૬.૮૧ | ૩૧.૩૮ | ૧૪૨.૪૭ |
| ૩ | ૨૦૦૨-૦૩ | ૧૧૧૩.૪૭ | ૫૦૫૫.૧૫ | ૩૦.૩૮ | ૧૩૭.૯૨ |

**પત્રક ૪.૬.૨**

**અહેવાલી વર્ષ દરમ્યાન નવા બનાવેલ બોરીંગોની માહિતી દર્શાવતુ પત્રક**

| અ.નં. | બોરનું સ્થળ | બોરની સાઈઝ | બોરની ઊંડાઈ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | સાંકડીશેરી ખાડીયા | ૩૦૦ મી.મી.x ૨૫૦ મી.મી. | ૩૦૦ મીટર્સ |
| ૨. | સરદારકુંજ સોસા.-શાહપુર | ” | ” |
| ૩. | શંકરભુવનના છાપરા શાહપુર | ” | ” |
| ૪. | મહેશ્વરી સોસા.અર્બુદાનગર ઓઢવ | ” | ” |
| ૫. | કૈલાસગાર્ડન નિકોલ ગાંધીપાર્ક | ” | ” |
| ૬. | ઓઢવ ટેકરા | ” | ” |
| ૭. | સાબરમતી ટયુ.કમ્પા. | ” | ” |
| ૮. | ફતેહપુરા ટયુ.કમ્પા. | ” | ” |
| ૯. | સ્કાઉટભવન પાલડી | ” | ” |
| ૧૦. | એફ.વોર્ડ.કુબેરનગર | ” | ” |
| ૧૧. | કેવડાજીનીચાલી | ” | ” |
| ૧૨. | એરપોર્ટ | ” | ” |
| ૧૩. | જી.વોર્ડ.કુબેરનગર | ” | ” |
| ૧૪. | રાજેશ્વરી સોસા. | ” | ” |
| ૧૫. | જશોદાનગર ટયુ.કમ્પા | ” | ” |
| ૧૬. | બાગેફિરદોષ વસ્ત્રાલ ટયુ.કમ્પા | ” | ” |
| ૧૭. | પ્રગતિ મીરા ટયુ.કમ્પા | ” | ” |
| ૧૮. | બહેરામપુરા પરીક્ષિતલાલનગર | ” | ” |

**એ.ડી.બી.ની સહાયથી ગુજરાત વોટર સપ્લાય અને સુએઝ બોર્ડ મારફતે ન્યુ સબરબન છારાનગર,બહેરામપુરા રેફરલ હોસ્પીટલ,બાપુનગર નવી ટાંકી કમ્પા.,રખિયાલ વીલીજ પે એન્ડ યુઝ,પોટલીયા ઈન્દુલાલ યાજ્ઞિક હોલ,ઓઢવ-૨ (અંબિકાનગર સ્કુલ કમ્પા.) મેઘાણીનગર સ્કુલ કંમ્પાઉન્ડ અસારવા વિલિજ રેન્બસેરા કમ્પા.,નરોડા ફાયર બ્રિગેડ સ્કુલ કંમ્પાઉન્ડ.માં બોર બનાવવાની કામગીરી ચાલુ છે.**

**પત્રક ૪.૬.૩**

**વર્ષ દરમ્યાન બદલવામાં આવેલ તથા નવા મુકવામાં આવેલ પંપોની માહિતી દર્શાવતુ પત્રક**

| અ.નં. | સ્થળ | બુસ્ટર પંપની કેપેસીટી ગેલન/કલાક | બુસ્ટર પંપની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | કૃષ્ણનગર | ૯૦૦ એમ.૩/કલાક | ૬ |
| ૨ | વટવા નિગમ | ૯૦૦ એમ.૩/કલાક | ૫ |
| ૩ | શાહવાડી | ૬૦,૦૦૦ ગે/કલાક<br>૬૦,૦૦૦ ગે/કલાક | ૧<br>૧ |

**પત્રક ૪.૬.૪**

**ટયુબવેલ સ્ટેશન અને પાવર પ્લાન્ટની વધારાની માહિતી દર્શાવતુ પત્રક**

| અ.નં. | વિગત | ૨૦૦૦-૦૧ | ૨૦૦૧-૦૨ | ૨૦૦૨-૦૩ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૪ |
| ૧) | બોરીંગો | ૬૩૩ | ૬૪૨ | ૬૬૯ |
| ૨) | ચાલુ બોર | ૪૦૭ | ૪૧૬ | ૪૪૩ |
| ૩) | પાણીનાં બુસ્ટર પંપો | ૪૮૬ | ૪૯૨ | ૫૦૫ |
| ૪) | બોરીંગના ચાલુ સબ પંપો | ૪૦૭ | ૪૧૬ | ૪૪૩ |
| ૫) | એચ.ટી.પાવરવાળા ટયુબવેલ સ્ટેશન/ સબસ્ટેશન | ૭૪ | ૭૫ | ૭૭ |
| ૬) | મ્યુ.માલિકીનાં ટ્રાન્સફોર્મર | ૧૩૦ | ૧૩૦ | ૧૩૪ |
| ૭) | કુલ ઈન્સ્ટોલ ટ્રાન્સફોર્મરની કેપેસીટી(કે.વી.એ.) | ૬૫૧૫૦ કેવીએ | ૬૫૨૫૦ કેવીએ | ૬૭૭૭૦ કેવીએ |
| ૮) | એચ.ટી.સ્વીચ | ૧૩૩ | ૧૩૩ | ૧૩૭ |
| ૯) | ક્લોરીનેશન પ્લાન્ટ | ૧૦૦ | ૧૦૧ | ૧૦૫ |

## પત્રક ૪.૬.૫ દુધેશ્વર વોટર વર્કસ

## દુધેશ્વર વોટર વર્કસ ખાતે અહેવાલી વષ ૨૦૦૨-૦૩ દરમ્યાન જુદા-જુદા માસનું એકંદર પંપીંગ ( મીલીયન ગેલનમાં)

| અ.નં. | માસ/વર્ષ ૨૦૦૨/૦૩ | ઈન્ફીલ્ટેશન વોટર | ફ્રેન્ચવેલ વોટર | કુલ ક્લીયર વોટર | સરફેસ વોટર (કોતરપુર વોટરવર્કસ) | બોર વોટર | પાણીની કુલ આવક | પાણીનો કુલ સપ્લાય |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | એપ્રિલ - ૨૦૦૨ | - | ૧૮.૦૦ | ૧૮.૦૦ | ૩૭૬.૩ | ૯૬.૫ | ૪૯૧.૫ | ૪૯૦.૫ |
| ૨ | મે | - | ૧૮.૬ | ૧૮.૬ | ૪૧૫.૯ | ૬૯.૮ | ૫૦૪.૩ | ૫૨૪.૩ |
| ૩ | જૂન | - | ૮.૬ | ૮.૬ | ૪૪૮.૬ | ૨૬.૪ | ૪૮૩.૬ | ૪૮૩.૨ |
| ૪ | જુલાઈ | - | ૧૧.૨ | ૧૧.૨ | ૪૧૮.૬ | ૭૬.૦૦ | ૫૦૫.૮ | ૫૬૯.૩ |
| ૫ | ઓગષ્ટ | - | ૩૧.૦૦ | ૩૧.૦૦ | ૪૨૬.૮ | ૬૫.૫ | ૫૨૩.૩ | ૫૨૯.૨ |
| ૬ | સપ્ટેમ્બર | - | ૧૨૮.૦૦ | ૧૨૮.૦૦ | ૩૨૮.૪ | ૩૭.૫ | ૪૯૩.૯ | ૪૮૨.૯ |
| ૭ | ઓક્ટોબર | - | ૨૧૦.૮ | ૨૧૦.૮ | ૩૯૮.૮ | ૧૭.૨ | ૬૨૬.૮ | ૬૨૬.૬ |
| ૮ | નવેમ્બર | - | ૧૬૧.૩ | ૧૬૧.૩ | ૪૨૪.૫ | ૭૪.૦૦ | ૫૯૩.૨ | ૫૯૫.૨ |
| ૯ | ડીસેમ્બર | - | ૧૪૦.૧ | ૧૪૦.૧ | ૪૦૦.૩ | ૧૭.૦૦ | ૫૪૨.૨ | ૫૪૦.૪ |
| ૧૦ | જાન્યુઆરી-૨૦૦૩ | - | ૯૫.૬ | ૯૫.૬ | ૪૧૩.૪ | ૧૨.૯ | ૫૨૧.૯ | ૫૨૧.૦૦ |
| ૧૧ | ફેબ્રુઆરી | - | ૧૪૦.૯ | ૧૪૦.૯ | ૨૯૭.૬ | ૧૫.૯ | ૪૫૪.૬ | ૪૫૭.૬ |
| ૧૨ | માર્ચ | - | ૧૧૩.૪ | ૧૧૩.૪ | ૩૮૮.૪ | ૧૮.૭ | ૫૨૦.૫ | ૫૨૨.૨ |
| | **કુલ સરવાળો** | - | ૧૦૭૭.૫ | ૧૦૭૭.૫ | ૪૭૩૭.૬ | ૫૨૭.૪ | ૬૩૪૨.૫ | ૬૨૬૦.૪ |
| | એક માસનું સરેરાશ | - | ૮૯.૭૯ | ૮૯.૭૯ | ૩૯૪.૮ | ૪૩.૯૫ | ૫૨૮.૫ | ૫૨૧.૭ |
| | દૈનિક સરેરાશ | - | ૨.૯૫ | ૨.૯૫ | ૧૨.૯૮ | ૧.૪૪૫ | ૧૭.૩૭ | ૧૭.૧૫ |

## પત્રક નં ૪.૬.૬ -દુધેશ્વર વોટર વર્કસ

### અહેવાલી વર્ષ ૨૦૦૨/૦૩ દરમ્યાન જુદા જુદા માસનો દૈનિક પાણીનો સરેરાશ એકંદર સપ્લાય તથા માસવાર સરેરાશ આપવામાં આવેલ સપ્લાયનો સમય દર્શાવતુ પત્રક

| અ.નં. | માસ/વર્ષ | પાણીનો માસિક એકંદરે સપ્લાય | | આપવામાં આવેલ સપ્લાયનો સમય | | દૈનિક સરેરાશ સપ્લાય કલાક – મીનીટ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| | | મીલીયન ગેલનમાં | મીલીયન લીટરમાં | સવાર | સાંજે | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | એપ્રિલ ૨૦૦૨ | ૪૯૦.૫ | ૨૨૨૯.૩ | ૬.૦૦ થી ૮.૦૦ | stop | ૨.૦૦ | - |
| ૨ | મે – ૨૦૦૨ | ૫૦૪.૩ | ૨૨૯૨.૦ | ૬.૦૦ થી ૮.૦૦ | stop | ૨.૦૦ | - |
| ૩ | જૂન- ૨૦૦૨ | ૪૮૩.૨ | ૨૧૯૬.૧ | | stop | ૨.૦૦ | |
| ૪ | જુલાઈ- ૨૦૦૨ | ૫૦૭.૩ | ૨૩૦૫.૬ | ૬.૦૦ થી ૮.૦૦ | ૬.૦૦ થી ૮.૦૦ | ૨.૦૦ | ૬.૦૦ થી ૬.૩૦ પાંચ દિવસ |
| ૫ | ઓગષ્ટ- ૨૦૦૨ | ૫૨૯.૨ | ૨૪૦૫.૨ | ૬.૦૦ થી ૮.૦૦ | ૬ થી ૬.૩૦ | ૨.૦૯ | ૩૦ મિનિટ સાંજે ચાર દિવસ |
| ૬ | સપ્ટેમ્બર –૨૦૦૨ | ૪૮૨.૯ | ૨૧૯૪.૭ | ૬.૦૦ થી ૮.૦૦ | stop | ૨.૦૦ | |
| ૭ | ઓક્ટોબર-૨૦૦૨ | ૬૨૬.૬ | ૨૮૪૭.૮ | ૬.૦૦ થી ૮.૦૦ | ૬ થી ૬.૩૦ | ૨.૩૮ | |
| ૮ | નવેમ્બર- ૨૦૦૨ | ૫૯૫.૨ | ૨૭૦૫.૧ | ૬.૦૦ થી ૮.૦૦ | ૬ થી ૬.૩૦<br>૪.૩૦ થી ૫.૦૦ | ૨.૪૧ | |
| ૯ | ડીસેમ્બર- ૨૦૦૨ | ૫૪૦.૪ | ૨૪૫૬.૧ | ૬.૦૦ થી ૮.૦૦ | ૪.૩૦ થી ૫.૦૦ | ૨.૦૯ | ૩૦ મિનિટ ૧૬ દિવસ |
| ૧૦ | જાન્યુઆરી -૨૦૦૩ | ૫૨૧.૦ | ૨૩૬૭.૯ | ૬.૦૦ થી ૮.૦૦ | stop | ૨.૦૦ | |
| ૧૧ | ફેબ્રુઆરી- ૨૦૦૩ | ૪૫૭.૬ | ૨૦૭૯.૧ | ૬.૦૦ થી ૮.૦૦ | stop | ૨.૦૦ | |
| ૧૨ | માર્ચ – ૨૦૦૩ | ૫૨૨.૨ | ૨૩૭૩.૩ | ૬.૦૦ થી ૮.૦૦ | stop | ૨.૦૦ | |

પ્રોજેકટ વર્કઃ-

ચાલુ વર્ષે વટવા નિગમ ટયુ.સ્ટે.તેમજ કૃષ્ણનગર ઝોનલ ડીસ્ટ્રીબ્યુશન પંપપેગ સ્ટે.,અમદાવાદ ઇલે.સીટી કંપની લિ.પાસેથી ૧૧ કે.વી.પાવર મેળવી ચાલુ કરવામાં આવેલ છે.કૃષ્ણનગર પંપીગ સ્ટેશન ઉપર ડીસ્ટ્રીબ્યુશન નેટવર્કની પાઇપલાઇન વોશ આઉટની કામગીરી ચાલુ છે.વટવા નિગમ તેમજ કૃષ્ણનગર ઝોનલ પંપીગ સ્ટેશનની છે. જેથી કરીને પ્રેશરમાં સુધારો કરેલ છે. અન્ડર ગ્રાઉન્ડટાંકીની કેપેસીટી ૨૪ લાખ ગેલેન છે.તેમજ બંને જગ્યાએ અનુક્રમે ૯૦૦ કયુબીક મીટર પર કલાક કેપેસીટીના ૫ અને ૬ કૃષ્ણનગર ઝોનલ પંપીગ સ્ટેશનમા પંપો ઇન્સ્ટોલ કરેલ છે.

મોટેરા ફ્રેન્ચવેલ તેમજ દુધેશ્વર ફ્રેન્ચવેલ ઉપર મશીનરી ગોઠવી અમદાવાદ ઇલે.કંપની લીમીટેડ તરફથી ૧૧ કેવી પાવર મેળવી બંને ફ્રેન્ચવેલ ટુંક સમયમાં ચાલુ કરવામાં આવશે.

નવા વાડજ ઝોનલ ડીસ્ટ્રીબ્યુશન પંપીગ ઉપર અન્ડર ગ્રાઉન્ડ ટાંકીમાં ૮૫ એચ.પી. નો સબ પંપસેટ ઉતારી ચાલુ કરી ઓવરહેડ ટાંકી મારફતે સપ્લાય આપવાનું ચાલુ કરેલ

સાબરમતી નદીમાં પાણીનો પ્રવાહ વહેતો થયેલ હોવાથી અમદાવાદ શહેરના ભદ્રેશવર કોતરપુરકેમ્પ,અચેર,સાબરમતી એમ પાંચ ફ્રેન્ચવેલ ચાલુ કરી રોજનું ૩ કરોડ ગેલેન જેટલું પાણી ફ્રેન્ચવેલ માંથી લેવામાં આવે છે.

શહેરના પાંચ ઝોનમાં વોટર સપ્લાયમાં વધારો કરવા તેમજ પ્રેસર સુધારણાના કામ માટે જુદી જુદી જગ્યાએ ૧૨ નવા પંપીગ સ્ટેશનો ઉપર અન્ડરગ્રાઉન્ડ ટાંકી તેમજ ઇલે.મીકેનીકલ મશીનરી તેમજ બોર બનાવવાની કામગી ટર્નકી ધોરણે ઝોન મારફતે કરવામાં આવનાર છે.જેની ઇલેકટ્રીકલ,મીકેનીકલ કામો અંગેના ટેન્ડરની કાર્યવાહી હાલમાં ચાલુ છે.

ચાલુ વર્ષે પ્રેસર સુધારણાના કામ માટે ૪ નંગ ૧,૨૦,૦૦૦ગેલન ૫ર કલાક કેપેસીટીના પંપ સેટ ખરીદ કરવામાં આવેલ છે. જે પૈકી એક પંપ સેટ અમરાઇવાડી ટયુબવેલ સ્ટેશન પર ગોઠવવામાં આવેલ છે,જે ટુંક સમયમાં ઝોનમાંથી તેનું હેડરલાઇન સાથે જોડાણ કરી ચાલુ કરવામાં આવશે.

આ ઉપરાંત હુડકો બજેટના ૬૩ બોર પૈકીના બાકીના

૧. સીલ્વર ટયુબવેલ સ્કુલ કમ્પાઉન્ડ
૨. ખોખરા રોડ ખાતાના સ્ટોર કમ્પાઉન્ડ
૩. સુખરામનગર ટયુ.સ્ટેશન સ્કલ કમ્પાઉન્ડ
૪. વટવા નિગમ ટયુ.(૨) બોર કમ્પાઉન્ડમાં
૫. કૃષ્ણનગર ટયુ. કમ્પાઉન્ડ(૨) બોર

બોરોમાં સબ પંપ ઉતારી ચાલુ કરેલ છે અને જે તે ટયુ.સ્ટેશનમાં પાણી મેળવવામાં આવેલ છે.

આગામી ઉનાળાની સીઝન દરમ્યાન વોટર સપ્લાય જાળવી રાખવા માટે ૩૫ નંગ નવા સબ મર્સીબલ પંપો ખરીદવાનું આયોજન કરવામાં આવેલ છે.

## ૪.૭ ઈજનેર મધ્યઝોન

શહેરની ઐતિહાસિક અને સાંસ્કૃતિક ઝાંખી કરાવતો વેપાર વાણિજ્ય અને રોજગારથી ધમધમતો સાંકડી અને ગીચ વસ્તી ધરાવતો પોળો,બજારો અને વાણિજ્ય વેપાર માટે શહેરનો હાર્દ સમો મધ્યઝોનનો વિસ્તાર આશરે ૧૭.૬૩ ચો.કી.મી.ઘેરાવો ધરાવે છે અને ૯ વોર્ડમાં વિભાજીત છે.ખાડીયા,કાલુપુર,દરિયાપુર,શાહપુર, જમાલપુર, રાયખડ , દુધેશ્વર,માધુપુરા અને ગીરધરનગર.

પ્રજાજનોની સુખાકારી,કલ્યાણ અને સુવિધા માટે અહેવાલી વર્ષમાં આ ઝોનમાં થયેલ કામગીરીની માહિતી નીચે મુજબ છે.

**રસ્તા વિભાગના કામઃ-**

મધ્યઝોન વિસ્તારમાં આવેલ જાહેર રસ્તાઓ તથા નાના રસ્તાઓને વર્ષ દરમ્યાન જરૂરીયાત મુજબ રૂા.૮ લાખના ખર્ચે ૭૯૦ ર. મીટરના રસ્તા બનાવેલ છે તથા રૂા.૨૫.૮૫ લાખના ખર્ચે ૬૦૯૦ ર.મીટરના રસ્તા રીસરફેસ કરેલ છે. વર્ષ દરમ્યાન વોર્ડમાં જુદા જુદા રસ્તા લેવલે કરેલ છે. ૨૦૪૫ ર.મીટરના રસ્તા ૧૧.૮૬ લાખના ખર્ચે પાકા કરેલ છે.

ફુટપાથ અને પથ્થર પેવીગઃ-

રસ્તાની બંને બાજુ ચાલવા માટે બાંધવામાં આવેલ ફુટપાથ રૂા.૩૦.૭૩ લાખના ખર્ચે ૮૩૨૭ ચો.મી. ની નવેસરથી બનાવવમાં આવેલ છે.તથા ૨૦૯૮૨ ચૌ.મી.ફુટપાથ રીપેર કરી પ્રજાને ચાલવા માટે સુવિધા આપેલ છે.

વરસાદી પાણીના નિકાલ અને વહન માટે ચોમાસા પૂર્વે પ્રિ-મોન્સુન એકશન પ્લાન હેઠળ ૫૬૦૦ કેચપીટોની તથા નાળાઓની સફાઇ કરાવેલ છે.ચોમાસા દરમ્યાન ૨૪૧ જેટલા સ્થળોએ વરસાદી પાણી ભરાઇ જતા તેનો નિકાલ કરવામાં આવેલ છે.વરસાદી પાણીના વહન માટે ૧૦૫૫ ર.મીટર રૂા.૧૧.૪૭ લાખના ખર્ચે સ્ટો.વો.ડ્રે.નાંખેલ છે.તથા જુદા જુદા ૫ જેટલા સ્થળોએ સ્ટો.વો.ડ્રે.ના બ્રેક ડાઉન રીપેર કરાવેલ છે.અહેવાલી વર્ષમાં કુલ ૩૦૬ હેવી તથા ૮૬૪૫ નાના પેચવર્કના કામો કરાવેલ છે.માન.સંસદસભ્યશ્રી,ધારાસભ્યશ્રીઓ તથા મ્યુનિ.કાઉન્સીલરશ્રીઓની ભલામણ અનુસાર તેઓશ્રીએ ફાળવેલ બજેટ હેઠળ રૂા.૩૬.૦૦ લાખના ખર્ચે ૧૧૨ ચાલીઓમાં પથ્થર પેવીગના કામો,પાકા રસ્તા તથા પાણી અને ડ્રેનેજલાઈનોના કામો કરાવવામાં આવેલ છે.

**પાણી અંગેના કામો-**

મધ્ય ઝોનના જુદા જુદા વિસ્તારોમાં પાણીનો પ્રશ્ન હલ કરવા માટે પ્રેસર સુધારવા તથા પાણીની મુળભુત જરૂરિયાત સંતોષવા જુદા જુદા ડાયામીટરની ૨૬૩૪ ર.મીટર નવી પાણીની પાઇપ લાઇન રૂા.૧૯.૭૭ લાખના ખર્ચે નાંખવામાં આવેલ છે.તથા પ્રેસર સુધારવા રૂા.૩.૭૦ લાખના ખર્ચે ૫૮૧ ર.મીટર વોટર પાઇપ લાઇર્ન નાંખવામાં આવેલ છે.તથા વર્ષ દરમ્યાન રૂા.૦.૯૦ લાખના ખર્ચે ૧૭૦ ર.મીટર લાઇનો બદલેલ છે.તેમજ વર્ષ દરમ્યાન રૂા.૫.૨૪ લાખના ખર્ચે ૬૮૫ ર.મીટર વોટર પાઈપિં લાઇન ટી.પી.રસ્તા પર નાંખેલ છે.રૂા.૮.૪૫ લાખના ખર્ચે ૯૩૬ ર.મીટર પાણીને પાઇપ લાઇન ચાલીઓમાં નાંખેલ છે.વર્ષ દરમ્યાન જુદા જુદા ડાયામીટરના કુલ ૯૮ જેટલા ઘર વપરાશના પાણીના કનેકશનો આપવામાં આવેલ છે.તથા ૭ જેટલા પાણીના કનેકશનો ધંધાર્થે મીટરથી આપવામાં આવેલ છે.ધીમા પ્રેશરથી પાણી મળતું હોય અથવા જુના વખતની લાઇનો હોય તો તેવા સ્થળોએ ૫૬ જેટલા પાણીના કનેકશનો ટ્રાન્સફર કરી આપવામાં આવેલ છે.

મધ્ય ઝોનના જુદાજુદા વિસ્તારોમાં જ્યાં ડાયરેક્ટ પાણીની લાઇન ન હોય તેવા વિસ્તારોને પાણીની વૈકલ્પિક સુવિધા આપવા માટે ૨૭ જેટલા નવા સ્ટેન્ડ પોસ્ટ રૂા.૨.૦૦ લાખના ખર્ચે બનાવવામાં આવેલ છે.તથા પાણીની હયાત સ્ટેન્ડ પોસ્ટ પૈકી ૯૯ જેટલા સ્ટેન્ડ પોસ્ટ રીપેર કરવામાં આવેલ છે.

સમગ્ર ઝોન વિસ્તારમાં કુલ ૬ ટયુબવેલ સ્ટેશનો તથા દુ.વો,વ.મારફતે ૨૦૦લાખ ગેલન જેટલો પાણી પુરવઠો દરરોજ પુરો પાડવામાં આવે છે.પાણીની લાઇનોની દુરસ્તી અને જાળવણી માટે પાણીની મેઇન લાઇનના ૮૭૫ તથા ૧૯૨૭ જેટલા નાની લાઇનોના લીકેજો રીપેર કરવામાં આવેલ છે. આકસ્મિક રીતે પાણીનીલાઇનમાં થયેલા ૫૨ જેટલા બ્રેક ડાઉન રીપેર કરવામાં આવેલ છે. વર્ષ દરમ્યાન પાણીજન્ય રોગો અટકાવવા કુલ ૭૪૮ જેટલા પાણીની મેઇનલાઇનના છેડાઓ વોશઆઉટ કરવામાં આવ્યા છે.દુષિત અને ગંદુપાણી આવતું હોય તેવા ૪૧૪ જેટલા કેસોનો નિકાલ કરવામાં આવેલ છે.વર્ષો જુની પાણીની નાની પાઇપ લાઇનો જે સડી ગયેલ હોય તેવી ૧૦૪૬ જેટલી નળીઓ બદલવામાં આવેલ છે.૧૦૨ જેટલા પાણીની લાઇનોના જોડાણો કરેલ છે.ઝોન વિસ્તારમાં આવેલ ટયુબવેલ સ્ટેશનોમાં ઉગેલા નકામા છોડ,ઝાડ, તથા ઘાસ સમયાંતરે કાઢી લઇ સાફ કરાવવામાં આવે છે. ભુગર્ભ ટાંકીઓમાંથી રેતી શિલ્ટ કચરો કાઢી ટાંકીઓ સાફ કરી શુધ્ધ પીવાલાયક પાણી શહેરીજનોને પુરૂ પાડવામાં આવે છે.

**ડ્રેનેજ ખાતાનાં કામો :-**

ટી.પી.રસ્તાઓ,ચાલીઓ તથા સોસાયટીઓમાં ગંદા પાણીના નિકાલ અને વહન અર્થે જરૂરીયાત અને માંગણી અનુસાર જુદા જુદા ડાયામીટરનીકુલ ૭૪૦૪ ૨.મીટર ડ્રેનેજ લાઇન રૂા.૨૨.૨૪ લાખના ખર્ચે નાંખવામાં આવેલ છે.લો કોસ્ટ સેનીટેશન ૯૦/૧૦ની સ્કીમ હેઠળ સંડાસ બાંધવા આવેલ માંગણી પૈકી કુલ ૩૫જેટલા જાજરૂ બાંધવાની સુવિધ આપવામાં આવેલ છે.તથા રૂા.૦.૯૯ લાખની સબસીડી ચૂકવવામાં આવેલ છે.વર્ષ દરમ્યાન રૂા.૧.૪૫ લાખના ખર્ચે નવા જાહેર શૌચાલય બનાવવામાં આવેલ છે. ૪૫૫ જેટલા શૌચાલયો અને પેશાબખાનાને રીપેરીગ કામ કરાવેલ છે.જરૂરીયાત અને માંગણી મુજબ કુલ ૯ ડ્રેનેજ કનેકશનો આપવામાં આવેલ છે.અહેવાલી વર્ષમાં ગંદા પાણીના યોગ્ય નિકાલ અને લાઇનો ઓવર ફ્લો ન થાય તે માટે હયાત મેનહોલ પૈકી ૧૨૮૬૮ જેટલા મેનહોલની સફાઇ કરાવેલ છે તથા ૧,૭૨૫૮૦ ૨.મીટર લંબાઇની ડ્રેનેજ લાઇનોમાંથી શીલ્ટ કઢાવેલ છે.જરૂરીયાત અનુસાર ૩૧૭ મેનહોલ રૂા.૧૦.૧૩ લાખના ખર્ચે નવા બનાવેલ છે.વર્ષ દરમ્યાન હયાત મેનહોલ/ચેમ્બર રીપેર કરવામાં આવેલ છે.ઉપરાંત સમગ્ર ઝોનમાં ચેમ્બર/મેનહોલ તથા ડ્રેનેજ લાઇનોને આધુનિક યંત્રો મારફતે અવારનવાર સાફ કરાવવામાં આવેલ છે.

**મ્યુ. મકાનોના કામો :-**

મ્યુ.મિલકતોની મરામત જાળવણી અને દુરસ્તીની વર્ષ દરમ્યાન કામગીરી કરવામાં આવેલ છે.જરૂરી સુધારા વધારા કરવા તેમજ જાળવણી તેમજ સગવડ વિકસાવવા વર્ષ દરમ્યાન રૂા.૨૬.૧૬ લાખના ખર્ચે કામો કરાવેલ છે.

જાહેર જનતા તરફથી ઉજવવામાં આવતા રાષ્ટ્રિય તથા ધાર્મિક તહેવારો વખતે પ્રસંગને અનુરૂપ સ્ટેજ,મંડપ,ડેકોરેશન તથા ટેન્કરો મારફતે પીવાના પાણીની સુવિધા પુરી પાડવામાં આવે છે. વર્ષ દરમ્યાન રેવન્યુ એકા.હેઠળ રૂા.૧૨૧.૬૪ લાખ અને કેપીટલ એકા.હેઠળ રૂા.૨૬.૬૩ લાખનો ખર્ચ થયેલ છે.

**પત્રક૪.૭.૧**

**મધ્યઝોનમાં વર્ષ દરમ્યાન વોર્ડવાઈઝ થયેલ કામગીરી દર્શાવતુ પત્રક**

| અ. નં | વોર્ડનું નામ | નવા રસ્તા બનાવ્યા ર.મીટર. | રસ્તા રીસરફેસ કર્યા ર.મીટર | નવી ડ્રેનેજ લાઈન બનાવી ર.મીટર | નવી પાણીની પાઈપ લાઈન નાંખી ર.મીટર | નવી સ્ટ્રો.વો.ડ્રે. નાંખી ર.મીટર | નવા ડ્રેનેજ કનેક્શન આપ્યા સંખ્યા | નવા વોટર કનેક્શનની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | ઘર વપરાશ | | બીન વસવાટ |
| | | | | | | | | મીટર વગર | મીટર વાળા | મીટરથી |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧. | ખાડીયા | - | ૧૨૦૦ | ૭૬ | ૧૯૦ | ૪૦ | - | ૧૬ | - | - |
| ૨. | કાલુપુર | - | ૯૪૦ | ૬૦૦ | ૮૯૯ | ૧૮૦ | ૭ | ૧૪ | - | ૩ |
| ૩. | દરિયાપુર | - | ૧૫૦ | ૧૦૦૦ | - | - | ૧ | ૧૦ | - | - |
| ૪. | શાહપુર | ૨૪૦ | ૪૦૦ | ૯૨૧ | ૨૦૪ | ૪૦૦ | - | ૯ | - | ૧ |
| ૫. | જમાલપુર | - | ૧૨૦૦ | ૨૨૦૦ | ૨૪૦ | ૧૬૦ | - | - | - | - |
| ૬. | રાયખડ | - | - | ૭૦૦ | ૪૫૯ | - | - | ૧ | - | - |
| ૭. | દૂધેશ્વર | ૫૦૦ | - | ૧૦૫૨ | ૬૨૦ | ૧૦૦ | ૧ | ૮ | - | - |
| ૮. | માધુપુરા | ૫૦ | ૧૨૦૦ | ૨૨૫ | ૫૦૦ | - | - | ૯ | - | ૩ |
| ૯. | ગીરધરનગર | - | ૧૦૦૦ | ૬૩૦ | ૧૮૯૬ | ૧૭૫ | - | ૩૧ | - | - |
| | **કુલ** | **૭૯૦** | **૬૦૯૦** | **૭૪૦૪** | **૫૦૦૬** | **૧૦૫૫** | **૯** | **૯૮** | - | **૭** |

# ૪.૮ ઈજનેર પૂર્વઝોન

ઈજનેર પૂર્વઝોન ૯ વોર્ડ અને આશરે ૨૯.૬૬ ચો.કી.મી.ના વિસ્તારમાં પથરાયેલ છે. જેમાં ઇજનેર ખાતા દ્વારાં રોજબરોજના પ્રજાકીય પ્રશ્નોનાં નિકાલની કામગીરી કરવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન ઇજનેર ખાતા દ્વારા નીચે મુજબના કામો કરવામાં આવ્યા છે.

**(૧) રસ્તાના વિભાગના કામો :-**

પૂર્વઝોનનાં જુદા જુદા વિસ્તારોમાં અહેવાલી વર્ષ દરમ્યાન રૂા. ૮૫.૫૬ લાખનાં ખર્ચે નાના મોટાં ૫.૩૫૪કી.મી. ના પાકા રસ્તાની સુવિધા આપવામાં આવી છે. જયારે રૂા.૩૮.૧૦ લાખના ખર્ચે કુલ ૪૪૨૪૫.૩૪ ચો.મી.ના નાના મોટા રસ્તાઓ રીસરફેસ કરવામાં આવેલ છે. ચોમાસા દરમ્યાન જુદા-જુદા સ્થળોએ ભરાયેલા પાણીના નિકાલ માટે ૫૨ જેટલી કેચપીટો રૂા. ૨.૦૦ લાખના ખર્ચે બનાવેલ છે. ૨૦૦ મીટર કાચી નીકો ખાતાકીય બનાવવામાં આવી છે. વરસાદી પાણી ભરાઇ જતાં જુદા-જુદા સ્થળોએ પમ્પો મુકી ભરાઇ ગયેલ પાણીનો નિકાલ કરવામાં આવેલ છે. વરસાદી પાણીના નિકાલ માટે કુલ ૩૦૧૦ મીટર લંબાઇની સ્ટ્રોમવોટર ડ્રેઇન રૂા.૮૧.૭૮ લાખનાં ખર્ચે બનાવવામાં આવેલ છે. લાઈટ ખાતુ, પાણી ખાતુ, અમદાવાદ ઈલેક્ટ્રીસીટી કંપની, ટેલીફોન ખાતુ, ડ્રેનેજ ખાતુ, વિ.ખાતા દ્વારા રસ્તા ઉપર કરેલ કાચા ખોદાણનાં રિઈન્સ્ટેટમેન્ટનાં કામો કરવામાં આવ્યા છે. આ ઝોનના કુલ ૬૧૦૦ મીટર લંબાઈનાં નાળાઓમાંથી માટી તથા શીલ્ટ કાઢવાનું કામ રૂા.૬.૨૪ લાખના ખર્ચે કરવામાં આવેલ છે.

અહેવાલી વર્ષ દરમ્યાન પાકા રોડ ઉપરનાં ખાડાઓ પુરવા તથા રસ્તા લેવલ કરવા માટેનાં નાના તથા હેવી પેચ વર્કનાં કામો સંતોષકારક રીતે કરવામાં આવેલ છે.તથા પ્રજાની ફરીયાદ અનુસાર જુદા જુદા સ્થળોએ રીપેરીંગ કામ પણ કરવામાં આવ્યા છે.

**(૨) ડ્રેનેજ વિભાગના કામો :-**

અહેવાલી વર્ષ દરમ્યાન પૂર્વ ઝોનના ૯ વોર્ડમાં આવેલ સોસાયટીઓ, ચાલીઓ, તથા ટી.પી.રોડ ઉપર જુદા જુદા વ્યાસની કુલ ૮૩૧૧ મીટર લંબાઈની ડ્રેનેજની પાઈપ લાઈનો રૂા.૪૨.૩૯ લાખનાં ખર્ચે નાંખવામાં આવી છે અને ડ્રેનેજની સુવિધા આપેલ છે. લો કોસ્ટ સેનીટેશન સ્કીમ હેઠળ આ ઝોનમાં ઓછી આવક ધરાવતા કુટુંબોને ચાલીઓ તથા ઝૂંપડપટ્ટીઓમાં સંડાસની સુવિધા આપવા ૯૦/૧૦ સ્કીમ હેઠળ આવેલ માંગણીઓ પૈકી ૬૦૪ જેટલા જાજરૂની સુવિધા આપેલ છે.

અહેવાલી વર્ષ દરમ્યાન પૂર્વઝોનનાં વિવિધ વિસ્તારોમાં જાહેર સંડાસ તથા મૂતરડીની સુવિધાઓ પુરી પાડવા ઉપરાંત તેના મેન્ટેનન્સનાં તથા રીપેરીંગ કામો પણ કરવામાં આવ્યા છે. વોર્ડમાંથી આવેલ માંગણી મુજબ કુલ ૧૯૫૭ જેટલાં ડ્રેનેજ કનેક્શનો આપવામાં આવ્યા છે. આ ઝોનમાં આવેલ ડ્રેનેજના ત્રણ પંપીંગ સ્ટેશનો મારફતે આ વિસ્તારોના ગંદા પાણીનો નિકાલ કરવામાં આવેલ છે. તથા મેનહોલો સાફ કરવામાં આવ્યા છે. આશરે ૯,૭૦૦ મીટર લંબાઈની ડ્રેનેજ લાઈનમાંથી રૂા.૧.૨૮ લાખના ખર્ચે શીલ્ટ કાઢવામાં આવેલ છે. જરૂરિયાતવાળા સ્થળોએ કુલ ૭૨૦ નંગ જેટલા નવા મેનહોલ તથા ચેમ્બરો કુલ રૂા.૨૭.૦૯ લાખના ખર્ચે બનાવવામાં આવેલ છે.

**(૩) પાણી વિભાગના કામો :-**

આ ઝોનમાં સમાવેલ વિસ્તારોમાં વર્ષ દરમ્યાન પાણીની સુવિધા આપવા તથા પાણીના પ્રેશરના પ્રશ્નો હલ કરવા ટી.પી.રોડ તથા સોસાયટી, ચાલીઓમાં કુલ ૮૦૫૨ મીટર લંબાઈની વોટરપાઈપ લાઈન રૂા.૭૫.૯૬ લાખના ખર્ચે નાંખવામાં આવેલ છે.

વોર્ડમાં જે સ્થળોએ ઘેર ઘેર પાણીનાં કનેક્શનો ના હોય તેવાં વિસ્તારોમાં રૂા.૧.૧૭ લાખનાં ખર્ચે કુલ ૨૬ નંગ નવી પબ્લીક ટેપો બનાવવામાં આવેલ છે. તથા જુદી જુદી જગાએ ૧૭૭ જેટલા જાહેર પબ્લીક સ્ટેન્ડ પોસ્ટ રીપેર કરવામાં આવ્યાં છે.

વર્ષ દરમ્યાન કુલ ૪૪૪ જેટલી પાણીના પોલ્યુશનની ફરિયાદનો નિકાલ કરવામાં આવેલ છે. મેઈન લાઈન તથા નાની લાઈનોમાં કુલ ૪૨૫૦ જેટલા લીકેજો રિપેર કરવામાં આવ્યા છે.જુદા જુદા વોર્ડમાં વર્ષ દરમ્યાન કુલ ૧૪૬૨ નંગ જેટલા પાણીના ઘરવપરાશના અને બિનવસવાટના ૯ નંગ જેટલા મીટરથી કનેકશનો આપવામાં આવેલા છે.

**(૪) બિલ્ડીંગ વિભાગના કામો :-**

પૂર્વ ઝોનનાં બિલ્ડીંગ વિભાગમાં મ્યુ.ઓફિસો, મસ્ટરસ્ટેશનો, શાળાઓ, ઢોરનાંડબ્બાઓ, પુસ્તકાલય, બાલભવન, અખાડા, સ્લમ ક્વાટર્સ, ડ્રેનેજ-પાણીનાં ટયુબવેલ સ્ટેશનો, અન્ડરગ્રાઉન્ડ ટાંકીઓ, બોર કેબીનો, સ્નાનાગાર, બગીચાઓ, દવાખાના, પ્રસુતિગૃહો તથા તેનાં ક્વાટર્સ વિ. માં પોપડા, પ્લાસ્ટર, રંગરોગાન તથા પડદીઓ રીપેર કરવાના મરામત નિભાવના કામો કરવામાં આવે છે. કોર્પોરેશનના જાહેર સમારંભ પ્રસંગે સ્ટેજ, મંડપ બાંધવાની કામગીરી તથા બજેટની મર્યાદામાં મોટા રીપેર કામો પણ કરવામાં આવેલા છે.

સંસદસભ્યોની ગ્રાન્ટ હેઠળ રોડ,પાણી, ડ્રેનેજ, બિલ્ડીંગ તથા સ્ટ્રોમ વોટર ડ્રેઈનનાં કુલ મળીને રૂા.૨૭.૦૧ લાખનાં ખર્ચે કુલ ૩૩ કામો તથા ધારાસભ્યશ્રીઓની ગ્રાંટ હેઠળની રોડ, પાણી તથા બિલ્ડીંગ વિ.ના કુલ મળીને ૧૮૦ કામો રૂા.૧૦૮.૭૮ લાખના ખર્ચે પુરા કરવામાં આવેલ છે.ઉપરાંત મ્યુ.કાઉન્સીલરશ્રીઓની સૂચના હેઠળ રોડ, પાણી, ડ્રેનેજ, બિલ્ડીંગ તથા સ્ટ્રોમ વોટર ડ્રેઈનના કુલ મળી ૩૩૩ કામો રૂા.૯૬.૪૭ લાખના ખર્ચે પુરા કરવામાં આવેલ છે. આમ ઈજનેર પૂર્વ ઝોન દ્વારા અહેવાલી વર્ષમાં પ્રજાકીય કામો સંતોષકારક રીતે કરવામાં આવેલ છે.

**પત્રક ૪.૮.૧**

**પૂર્વઝોનમાં વર્ષ ૨૦૦૨-૨૦૦૩ દરમ્યાન વોર્ડવાઈઝ થયેલ કામગીરી દર્શાવતુ પત્રક**

| અ. નં | વિસ્તાર | નવા રસ્તા બનાવ્યા (કિ.મી.) | રસ્તા રીસરફેસ કર્યા (ચો.મી) | નવી ડ્રેનેજ લાઈનો નાંખી (કી.મી.) સોસા. ટીપી. | નવી પાણીની પાઈપ લાઈન નાંખી (કી.મી) સોસા. ટીપી. | નવી સ્ટ્રો.વો.ડ્રે નાંખી કી.મી. | નવા ડ્રેનેજ કનેક્શન ની સંખ્યા | નવા વોટર કનેક્શન આપ્યા | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | મીટરથી સંખ્યા | મીટર વગર | બિન વસવાટ મીટરથી |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | રાજપુર | ૦.૮૨૪ | ૩૨૮૦ | - | ૦.૩૮૦ | - | ૧૫ | ૧૨ | ૨૯ | ૧ |
| ૨ | ગોમતીપુર | - | - | ૦.૭૩૫ | ૦.૪૪૦ | - | - | - | ૨૦ | ૧ |
| ૩ | રખિયાલ | ૦.૭૩૫ | - | ૧.૭૬૫ | ૦.૮૩૫ | ૧.૫૦૦ | - | ૧ | ૨૫ | - |
| ૪ | ભાઈપુરા | ૨.૩૭૫ | ૩૦૦ | ૧.૯૨૦ | ૨.૨૪૭ | - | ૪૯૦ | - | ૪૯૧ | - |
| ૫ | ખોખરા | - | ૨૦૦૦૦ | ૦.૧૨૦ | ૧.૧૩૦ | ૦.૬૪૦ | - | ૯ | ૮ | - |
| ૬ | અમરાઈવાડી | ૦.૪૦૦ | ૩૧૮ | ૦.૧૨૦ | ૦.૩૭૦ | ૦.૨૭૦ | - | - | ૮૧ | ૫ |
| ૭ | બાપુનગર | ૦.૪૦૦ | ૧૧૭૧૨.૩૪ | ૦.૨૧૧ | ૦.૩૬૭ | - | - | - | ૪૮ | ૧ |
| ૮ | નિકોલ | ૦.૬૨૦ | ૭૦૩૫ | ૦.૬૪૦ | ૧.૬૦૫ | ૦.૬૦૦ | - | - | ૪૬૯ | ૧ |
| ૯ | ઓઢવ | - | ૧૬૦૦ | ૨.૮૦૦ | ૦.૬૭૮ | - | ૧૪૫૨ | - | ૨૬૯ | - |
| | કુલ | ૫.૩૫૪ | ૪૪૨૪૫.૩૪ | ૮.૩૧૧ | ૮.૦૫૨ | ૩.૦૧૦ | ૧૯૫૭ | ૨૨ | ૧૪૪૦ | ૯ |

## ૪.૯ ઈજનેર પશ્ચિમઝોન

નાગરિકોને સેવા મેળવવા સરળતા રહે અને તેમની રોજીંદી ફરીયાદોનો ઝડપી નિકાલ થાય તે માટે મ્યુનિ.કોર્પો.દ્વારા વહીવટનું વિકેન્દ્રીકરણ કરી શહેરમાં ઝોનલ કચેરીઓ સ્થાપવાનો નિર્ણય કરી શહેરને પાંચ ઝોનમાં વિભાજીત કરી ઝોન પાડવામાં આવેલ છે.પશ્ચિમ ઝોનમાં શહેરના નદીની પશ્ચિમ તરફના વિસ્તારને આવરી લીધેલ છે.જેમાં ઈલેકશન વોર્ડ નં.૭ થી ૧૫ ના ૯ વોર્ડનો સમાવેશ કરવામાં આવેલ. પાલડી, વાસણા, ગાંધીગ્રામ, નવરંગપુરા, સ્ટેડીયમ, નારણપુરા, જુના વાડજ, નવા વાડજ અને પાલડીનો આ વોર્ડમાં સમાવેશ થાય છે.

પશ્ચિમ ઝોન દ્વારા ઉપરોક્ત વિસ્તારના નાગરિકોને મ્યુનિ.કોર્પો.ની તમામ ઈજનેર ખાતાને લગતી સેવાઓ જેવીકે પાણી,ગટર, રોડ, જાહર શૌચાલયો,બગીચા તથા રમત ગમતના મેદાનો વિગેરે સરળતાથી મળે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે.

### રોડ વિભાગઃ-

પશ્ચિમઝોનમાં સમાવેશ થયેલ ૯ વોર્ડમાં જુદી જુદી ટાઉન પ્લાનીગ સ્કીમમાં રસ્તાઓ પાકા કરવા, પહોળા કરવા, રીસરફેસ કરવા તથા પાકા રસ્તાઓ કરવા અંગે નકશાઓ વિગેરે તૈયાર કરી લેવલ્સ લઇ અંદાજો તૈયાર કરવા તેયાર કરી જે તે યોગ્ય સત્તાની મંજુરી મેળવી સ્થળ પર કામ ચાલુ કરાવવું, વરસાદી પાણીના નિકાલ અંગે કેચપીટો તૈયાર કરવા, જરૂર જણાય ત્યાં સ્ટ્રોમ વોટર ડ્રેઈનનું પ્લાનીગ કરવું તથા રસ્તા, ડ્રેઇન, કેચપીટ વિ.નું મરામત નિભાવનું કામ આ ખાતા દ્વારા કરવામાં આવે છે.

આ ઝોનમાં જુદા જુદા વોર્ડમાં આવેલા ટી.પી.રસ્તાઓને સ્ટોર્સ મારફતે મરામત નિભાવની કામગીરી નિયમિત અને વ્યવસ્થિત કરવામાં આવે છે.ટેલીફોન તથા ઇલેકટ્રીસીટી કંપની તથા સેલ્યુલર કંપનીઓ દ્વારા રોડ ઓપનીગની કામગીરી પેટે રૂા.૯૬.૦૦ લાખ જેટલી રકમ આ વર્ષે જમા લઇ તેમના દ્વારા થયેલ ખોદાણ તદપરાંત કોર્પોરેશનના ડ્રેનેજ,પાણી,લાઇટ ખાતા દ્વારા જુદા જુદા કારણોસર કરેલ ખોદાણ તેમજ ઘસારાને રીપેર કરવા માટે રસ્તા ઉપર પેચ વર્ક કરવા તેમજ ફુટપાથના ટેબલ કર્બ તથા પથ્થર ફરી બેસાડવાનું કામ, કેચપીટો, સ્ટ્રો.વો.ડ્રે.લાઇન રીપેરીગ તેમ જ સફાઇનું કામ,કેચપીટો ઉપર ઢાંકણા બેસાડવાનું કામ તથા જાહેર જનતા તથા સામાજીક કાર્યકરો,કંટ્રોલ રૂમમાંથી તેમ જ નાગરિક સુવિધા કેન્દ્રોમાંથી આવેલ ફરિયાદોનો નિકાલ કરવાનું કામ કરવામાં આવેલ છે. ચાલુ વર્ષે સંસદ સભ્યના સૂચન અનુસાર તેમણે ફાળવેલ બજેટમાંથી રૂા.૬૯.૨૨ લાખના રસ્તાના કામો પુરા કરવામાં આવેલ છે.૧૦મા નાણાં પંચની ગ્રાંટમાથી રૂા.૮.૭૩ લાખના રસ્તાન કામો કરેલ છે.તેમજ જી.એમ.એફ.બી.માથી રૂા.૧૨.૭૪ લાખના રસ્તાના કામો કરવામાં આવેલ છે. કાઉન્સીલરશ્રીના બજેટમાથી રૂા.૨૩.૪૧ લાખના,કેપીટલ વર્કમાં રૂા.૧૬.૭૪ લાખના અને રેવન્યુ બજેટમાંથી રૂા.૪૪.૪૦ લાખના રસ્તાના કામો કરાવવામાં આવેલ છે.

### <u>પાણી વિભાગ :-</u>

શહેરની પશ્ચિમ વિસ્તારની ૭ લાખ વસ્તીને ૧૬ ટયુબવેલ સ્ટેશનોના ૬૧ બોર તથા અચેર તેમજ સાબરમતી ફ્રેન્ચવેલ દ્વારા ભૂગર્ભમાંથી પાણી મેળવીને જુદા જુદા વોટર ડીસ્ટ્રીબ્યુશન ટયુબવેલ સ્ટેશનોની ભૂગર્ભ ટાંકીઓમાં ક્લોરીનેશન કર્યા બાદ પંપીગ સ્ટેશનની મદદથી પાણીની વહેંચણી મેઇન વોટર પાઇપલાઇનો દ્વારાં નાગરિકોને કરવામાં આવે છે.પશ્ચિમ ઝોનના નાગરિકોને ૪૩ લાખ ગેલન પાણી બોરવેલનું તેમજ રાસ્કા જળ યોજનાનું ૨૦૦ લાખ ગેલન પાણી એમ કુલ ૨૪૩ લાખ ગેલન પાણી દરરોજ સપ્લાય કરવામાં આવે છે.

વધુ પાણી પૂરવઠો ઉપલબ્ધ કરવા જરૂરિયાત મુજબ વધારાના નવા બોર કરવામાં આવે છે અને તેને અનુકુળ નવી લાઈનો નાંખવામાં આવે છે.પાલડી, વાસણા તથા ગાંધીગ્રામ વોર્ડના વિસ્તારો અને સોલા રોડ બાજુની વધતી વસ્તીને કારણે પાણીની જરૂરીયાત પહોંચી વળવા માટે શહીદવન તથા સોલા રોડ ટયુબવેલ સ્ટેશનના એક્ષટેન્શનની

પ્રપોઝલ ઉપર કામગીરી ચાલુ છે.વેસ્ટ ઝોનના નાગરિકોની વધતી જતી પાણીની જરૂરીયાત મુજબ નવી વધારાની વોટર પાઇપ લાઇનો નાંખવામાં આવે છે.વર્ષો જુની એ.સી.પી.વી.સી.વોટર પાઇપ લાઇન કાઢીને નવી લાઇનો નાંખવાના કામો કરવામાં આવે છે.વેસ્ટ ઝોનમાં જુદી જુદી જગ્યાઓએ જુદા જુદા વ્યાસની ૧૦.૭૦ કિ.મી.વોટર પાઇપ લાઇન નાંખવામાં આવેલ છે.જ્યારે ૩૮૬ જેટલા નવા કનેકશનો આપવામાં આવેલ છે.તથા પ્રો રેટા ચાર્જીસ અન્વયે આશરે ૫૫૦૦ વોટર કનેકશન રેગ્યુલાઇઝ કરવાને કામગીરી હાથ ધરવામાં આવેલ છે.સ્લમ વિસ્તારમાં જ્યાં સ્વતંત્ર પાણીની સવલત આપી શકાય તેમ ન હોય ત્યાં પાણીની પબ્લીક ટેપો દ્વારા પાણી આપવામાં આવે છે.અહેવાલી વર્ષમાં ૨૪ ટેપો મુકવામાં આવી છે.વોટર પોલ્યુશન અટકાવવા લીકેજ પાણીની નળીઓ ,માલિક માલસામાન આપેતો મજુરી ખર્ચ લીધા વિના મ્યુનિ કોર્પો.તરફથી બદલી આપવામાં આવે છે.હયાત વોટર પાઇપ લાઇનના નેટવર્કમાં સુધારા વધારાના કામો નવી લાઇનો નાંખવા,જોડાણ કરવાના,જોડાણમાં ફેરફાર કરવાના નવા ટયુબવેલ સ્ટેશનો તથા નવી ટાંકીઓ બનાવવાના કામો પણ કરવામાં આવે છે.

કાઉન્સીલરશ્રીના બજેટમાંથી રૂા.૬.૭૭ લાખના કામો કરેલ છે.સંસદ સભ્યશ્રી ગ્રાંટમાંથી રૂા.૧.૦૪ લાખના કામો કરેલ છે. તેમ જ રેવન્યુ ગ્રાંટમાંથી રૂા.૧૨ લાખના કરેલ છે. કેપીટલ વર્કસ એકાઉન્ટમાંથી રૂા.૫.૭૮ લાખના કામો પાણીને લગતા કરવામાં આવેલ છે.

**વહીવટી બિલ્ડીંગ :-**

પશ્ચિમ ઝોનમાં સમાવેશ થયેલ ૯ વોર્ડમાં આવતી મ્યુ.મિલકતો જેવી કે કોમ્યુનિટી હોલો, લાયબ્રેરીઓ, વાંચનાલયો , બાલભવનો , રમતગમતના મેદાનો , હોસ્પિટલો , દવાખાના , મેટરનીટી હોમ , સ્નાનાગાર કેન્દ્રો , સ્મશાનગૃહો , મ્યુનિ.બગીચાઓ, શાળાનાં મકાનો , મધ્યાહન ભોજન રસોઈ કેન્દ્રો , માર્કેટો , મીની સ્ટોલ્સ, મ્યુ.હોસ્પિટલના મકાનો, મર્હુમ મહાપુરૂષોની પ્રતિમાઓ, ઓકટ્રોય નાકા , સંસ્કારકેન્દ્રો , સ્ટાફ ક્વાર્ટસ, મસ્ટર સ્ટેશનો, ફાયર બ્રિગેડ સ્ટેશનો , ટાગોરહોલ , સ્લમ ક્વાર્ટસ, મ્યુઝિયમ વિગેરમાં સુધારાવધારા કરવા કેપીટલ તથા મરામત નિભાવના કામો અંગે જરૂરી રીપેરીંગના કામો અંગે આયોજન કરી સુચિત કામોનાં અંદાજો વિગેરે તૈયાર કરી જે તે સત્તાની મંજુરી મેળવી સ્થળ ઉપર કામો ચાલુ કરાવવા ,પુરા કરાવવાની કામગીરી આ વિભાગ દ્વારા કરવામાં આવે છે. ઉપરાંત મહાનુભાવો- નેતાઓની પુણ્યતિથી જન્મપ્રસંગે તથા નવા મકાનમાં ખાતમુર્હુત, ઉદ્‌ઘાટનવિધી વિગેરેની ઉજવણીમાં સ્ટેજ, મંડપ વિગેરે બાંધવાની વ્યવસ્થા આ ખાતેથી કરવામાં આવે છે.

પશ્ચિમઝોનના બિલ્ડીંગ ખાતામાં ૬ બિલ્ડીંગ મેઈન્ટેનન્સ સ્ટોર્સ દ્વારા રોજબરોજની ફરિયાદોનો નિકાલ કરવા સ્ટાફને કામગીરી સોંપી જરૂરી માલસામાન જે તે સ્ટોર્સમાંથી ઈસ્યુ કરવાની વ્યવસ્થા કરવામાં આવે છે.જે કામ ડીપાર્ટમેન્ટલ ન કરાવી શકાય તેવા કામોનો અંદાજ બનાવી જે તે સક્ષમ સત્તાની વહીવટી મંજુરી મેળવી ઘટતી કાર્યવાહી કરી એજન્સીને કામો સોંપી ખાતાન જવાબદાર સ્ટાફનાં સુપરવિઝન હેઠળ કામો કરાવવામાં આવે છે. જનતા તથા સામાજીક કાર્યકરો તેમજ કન્ટ્રોલરૂમ તરફથી મળતી ફરિયાદના આધારે મરામત નિભાવના કામો કરવામાં આવે છે.

અહેવાલી વર્ષમાં ખાસ પ્રકારની કામગીરી તરીકે પશ્ચિમ ઝોનની કુલ ૪ શાળાઓને કોમ્પ્યુટરાઇઝ કરાવવામાં આવેલ છે.હાલમાં વી.એસ.હોસ્પિટલ કંપાઉન્ડ ખાતે આવેલ મ્યુનિ.મેડીકલ કોલેજના ત્રીજા માળના એક્ષટેન્શનની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.માનનીય કાઉન્સીલરશ્રીના બજેટમાંથી રૂા.૯.૧૮ લાખના કામો કરવામાં આવેલ છે.કેપીટલ વર્કસમાંથી રૂા.૫.૧૨ લાખનું કામ થયેલ છે.રેવન્યુ એકાઉન્ટમાથી રૂા.૩.૩૩ લાખનું કામ થયેલ છે.

**<u>ડ્રેનેજના વિભાગનાં કામો :-</u>**

આ વિભાગ દ્વારા ગટરની નવી લાઇનો નાંખવા બદલવા,પબ્લીક જાજરૂ તથા પેશાબખાના બનાવવા તથા જાજરૂ અને પેશાબખાના રીપેર કરવા સ્ટોમ વોટર ડ્રેઇન તથા ગટરની લાઇનોનું ડી સીલ્ટીંગ કરવું તથા આ વિસ્તારની

ડ્રેનેજ લાઇનોની ચોકીંગની ફરિયાદો દૂર કરવામાં આવે છે.આ ઝોનના તમામ વિસ્તારમાં લો-કોસ્ટ સેનીટેશનના પ્રોજેક્ટ અન્વયે ૯૦x૧૦ ના ૧૭૬ નવા જાજરૂ મંજુર કરેલ છે.તથા તે મુજબના ૧૭૧ કામો પૂર્ણ કરવામાં આવેલ છે. બંધાયેલ નવા મકાનોને વધારાના ડ્રેનેજ કનેકશન આપવાની કામગીરી આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.

પશ્ચિમઝોનમાં આવેલ રહેઠાણના ગલીટ્રેપની સફાઇની રોજીંદી કામગીરી કરાવવામાં આવે છે.ગામતળના મકાનોના ગલીટ્રેપના ઢાંકણાં ફરીયાદો આવે પુરાં પાડવામાં આવે છે.ખાસ પ્રસંગોએ ગલીટ્રેપની સામુહિક સફાઇ કરાવવામાં આવે છે.ગલીટ્રેપમાં ચોક અપ થઇ ગયેલા પાઇપો પંકચર કરી ચાલુ કરવામાં આવે છે.લાઇન ઉપર જુના ટી કનેકશનો હોય તો આવેલ ફરીયાદોના કાયમી નિકાલાર્થે મેનહોલ બનાવવામાં આવે છે.આ મેનહોલ ચેમ્બરના રીપેરીંગનું કામ તથા તુટેલા કે ચોરાયેલા ઢાંકણા બદલવા ઉપરાંત જાહેર શૌચાલયો તથા પેશાબખાનાના પરચૂરણ રીપેરીંગ કામગીરી જેવા કે ડ્રેનેજ લાઇનો બદલવી,ટવીન ચેમ્બર સાયફન ટંક,જાજરૂનું અંદરનું રીપેરીંગ પાણીની લાઇન બદલવી વિગેરે કામગીરી કરવામાં આવે છે.

ડ્રેનેજ લાઇનોના ચોકીંગની રોજબરોજની ફરીયાદોના નિકાલ તથા જરૂર જણાયે મેનહોલની સફાઇ તથા લાઇનોમાં બેકીંગ,ચોકીંગ કે ટ્રાફીકનું નડતર હોયતો રાત્રે ઓવરટૈમ કરીને પણ ફરીયાદોનો ઝડપી નિકાલ કરવામાં આવે છે.જાહેર શૌચાલયો પેશાબખાના તથા એક્ટની કલમ ૧૮૮ મુજબ બનાવેલ જાજરૂની ડ્રેનેજ લાઇન તથા તુટેલા શીટ,ચેનલના જરૂરી રીપેરીંગ કામો ,તુટેલા બારણાં બદલવા વિગેરે કામગીરી કરાવવામાં આવે છે.લો કોસ્ટ સેનીટેશન પ્રોજેક્ટ અન્વયે ૯૦-૧૦ના સબસીડીના જાજરૂની અરજીનો નિકાલ કરવામાં આવે છે.નવા મકાનો તથા હયાત મકાનોને વધારાના ડ્રેનેજ કનેકશનોની સગવડ નીતિ નિયમ પ્રમાણે ચાર્જ ભરાવી આપવામાં આવે છે.મા.સંસદસભ્યશ્રીઓ,ધારાસભ્યશ્રીઓની ગ્રાંટ હેઠળ ડ્રેનેજ અને જાજરૂને લગતા કામો યોગ્ય સત્તાની મંજુરી મેળવી કરાવવામાં આવે છે.નાની બચતની ગ્રાંટ હેઠળ પણ કામો કરાવવામાં આવે છે.

રોગચાળા તેમજ ચોમાસા દરમ્યાન ખાતા મારફતે વધારાની કામગીરી યુધ્ધના ધોરણે કરાવવામાં આવે છે. ધારાસભ્યશ્રીઓના તથા કોર્પોરેટરશ્રીઓના ફાળવેલ બજેટ તથા નાની બચત ગ્રાંટનમાં ખર્ચ પાડી જાજરૂ તથા ડ્રેનેજના કામો કરાવવામા આવે છે.અહેવાલી વર્ષમાં નાની મોટીકુલ ૬.૫૫૦ કિ.મી.ડ્રેનેજ લાઇન રૂા.૧૧લાખના ખર્ચે નાંખવામાં આવેલ છે.ડીપાર્ટમેન્ટ તથા કોન્ટ્રાકટર દ્વારા જુદા જુદા વોર્ડમાં ડ્રેનેજ લાઇન અને મેનહોલ ડીસીલ્ટીંગ કરાવવામાં આવેલ છે. અહેવાલી વર્ષ દરમ્યાન મેનહોલ ખાતામાં રોજીંદા મજુરો રાખી જિલ્લા સફાઇની કામગીરી પણ કરાવવામાં આવેલ છે.

**કેપીટલ વર્કસ પેટે રૂા.૧૫ કરોડ ઝોનલ પ્રાયોરીટીના કામોઃ-**

ઝોન વાઇઝ રૂા.૧૫ કરોડના કેપીટલ કામો કરવાનું નક્કી થતાં જુદા જુદા વોર્ડના મુખ્ય ટી.પી.રસ્તાઓને પહોળા કરવા, રીસરફેસ કરવા, ફુટપાથ પેવવેંગ કરવા,સેન્ટ્રલ વર્જ (સેન્ટ્રલ લાઇટીંગ સાથે) તથા અછતવાળા વિસ્તારોમાં પાણીની લાઇનના કામો કરવા તથા સીસ્ટેમેટીક ડ્રેનેજ લાઇન નાંખવા તથા પાકી આર.સી.સી.કચરા પેટીઓબનાવવે, મ્યુનિ.પ્લોટોને ચેઇનલીક ફેન્સીંગ કરવા, પે એન્ડ યુઝ ટોયલેટ બનાવવાના કામોના અંદાજ તૈયાર કરવામાં આવેલ છે.મોટા બહાગના ટેન્ડરો તૈયાર કરવામાં આવેલ છે.મંજુર થયેલ ટેન્ડરોની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે.તદ્ ઉપરાંત જુના વાડજ,સાબરમતી વોર્ડની ટયુબવેલ સ્ટેશનની પાણીની ટાંકીઓની ક્ષમતા વધારવા,ગાંધીગ્રામ વોર્ડમાં વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન ઉભું કરવા , પાલડી તથા ગાંધીગ્રામ વોર્ડમાં બોરવેલ્સ કરવા તથા વાસણા વોર્ડમાં આવેલ સ્વીમીંગ પુલનું કામ પુરૂ કરવા જેવા પ્રજાલાભના ઘણા કામો હાથ ધરવા જરૂરી અંદાજ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

**સ્પેશીયલ પ્રોજેકટઃ-**

સ્પેશીયલ પ્રોજેક્ટ અન્વયે પશ્ચિમ ઝોનમાં વાસણાા વિસ્તારમાં આવેલ શહીદવન ટયુબવેલ સ્ટેશનની કેપેસીટી વધારવા સીવીલ ,ઇલેકટ્રીક મીકેનીકલ કામોના અંદાજો તૈયાર કરી ટેન્ડરો બહાર પાડવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.તેજ મુજબ નારણપુરા વોર્ડ ખાતે સોલા રોડના અંદાજ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

આમ પશ્ચિમ ઝોન ઇજનેર ખાતા દ્વારા જુદા જુદા વિભાગો પૈકી નાગરીકોની સેવા માટે રોજીંદી ફરીયાદોના નિકાલ અર્થે કાઉન્સીલરશ્રીમાંથી ૯૬.૮૧ લાખ,રવન્યુ એકા.૧૨૬.૨૪ લાખના તથા કેપીટલ બજેટમાંથી ૭૨.૨૨ લાખના કામો કરવામાં આવેલ છે,નિ.સ્કુલબિલ્ડીંગ રીપેરીંગ કરવા માટે રૂા.૧.૦૯કરોડના કામો કરવામાં આવેલ છે. પશ્ચિમ ઝોન ઇજનેર વિભાગ દ્વારા વોર્ડવાઇઝ થયેલ કામગીરીનું પત્રક ૪.૭.૧ સામેલ છે.

## પત્રક ૪.૯.૧
## અહેવાલી વર્ષ દરમ્યાન પશ્ચિમઝોનમાં વોર્ડવાઈઝ થયેલ મુખ્ય કામોની વિગત દર્શાવતુ પત્રક

| અ નં | વોર્ડ | નવા રસ્તા બનાવ્યા કી.મી. | | રસ્તા રીસરફેસ કર્યા કી.મી | નવી ડ્રેનેજ લાઈન બનાવી કી.મી. | નવી પાણીની પાઈપ લાઈન નાંખી કી.મી | નવી સ્ટ્રો.વો. ડ્રે નાંખી કી.મી. | નવા ડ્રેનેજ કનેક્શન આપ્યા સંખ્યા | નવા પાણીના કનેક્શન આપ્યા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | ઘર વપરાશ | | બીન વસવાટ | કુલ |
| | | કાચા રસ્તા પાકા કર્યા | પહોળા કરેલ રસ્તા | | | | | | મીટર વગર | મીટર વાળા | મીટર વાળા | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| ૧ | પાલડી | ૦.૦૦ | ૩.૫૦ | ૬.૫૦ | ૦.૪૦ | ૧.૨૦ | ૦.૫૦ | ૨૫ | ૧૧ | ૬ | - | ૧૭ |
| ૨ | વાસણા | ૦.૦૦ | ૪.૭૭ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૧૨ | ૦.૦૦ | ૨ | ૩૮ | ૧૦ | - | ૪૮ |
| ૩ | ગાંધીગ્રામ | ૦.૧૬ | ૧.૫૫ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૫૫ | ૦.૦૦ | ૨ | ૨૨ | - | ૬ | ૨૮ |
| ૪ | નવરંગપુરા | ૦.૦૦ | ૧.૦૦ | ૨.૪૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૩ | ૧૧ | - | ૬ | ૧૭ |
| ૫ | સ્ટેડિયમ | ૦.૮૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૩૦ | ૨.૫૦ | ૦.૩૦ | ૧ | ૨૦ | - | ૬ | ૨૬ |
| ૬ | નારણપુરા | ૧.૦૦ | ૦.૦૦ | ૧૨.૦૦ | ૦.૦૦ | ૦.૫૦ | ૦.૦૦ | ૨૨ | ૩૬ | - | ૩ | ૩૯ |
| ૭ | નવાવાડજ | ૦.૪૬ | ૦.૬૦ | ૦.૩૦ | ૧.૦૫ | ૨.૪૦ | ૦.૪૧ | ૦ | ૩૧ | - | ૧ | ૩૨ |
| ૮ | જૂનાવાડજ | ૦.૦૦ | ૦.૬૧ | ૦.૦૦ | ૦.૦૦ | ૨.૫૦ | ૦.૦૦ | ૧૨ | ૫૩ | - | ૨ | ૫૫ |
| ૯ | સાબરમતી | ૦.૦૦ | ૦.૪૫ | ૦.૦૦ | ૦.૧૫ | ૦.૯૩ | ૧.૭૦ | ૦ | ૧૨૩ | - | ૧ | ૧૨૪ |
| | **કુલ** | **૨.૪૨** | **૧૨.૪૮** | **૨૧.૨૦** | **૧.૯૦** | **૧૦.૭૦** | **૨.૯૧** | **૬૭** | **૩૪૫** | **૧૬** | **૨૫** | **૩૮૬** |

# ૪.૧૦ ઈજનેર ઉત્તરઝોન

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ઝોન પ્રથા અમલી બનતા ઉત્તર ઝોન અલગ અસ્તીત્વમાં આવેલ છે. ઉત્તર ઝોનનો વિસ્તાર આશરે ૪૫ ચો.મી.માં પથરાયેલ છે. અને તે સાથે ૯ ઇલેકશન વોર્ડમાં વહેંચાયેલ ખૂબ દૂરનો અને વિકસતો વિસ્તાર છે. આ ઝોનલ કચેરી મારફતે આ વિસ્તારમાં સઘન વિકાસ કરવા તથા પ્રજાને પાયાની સુવિધા જેવી કે પાકા રસ્તા, પીવાનું પાણી, ડ્રેનેજ લાઈન, મ્યુ.દવાખાના અને શાળાઓની સુવિધા પુરી પાડવા તેમજ રોજબરોજની પ્રજાકીય ફરિયાદોના નિકાલ અર્થે કામગીરી કરવામાં આવે છે.સને ૨૦૦૨-૦૩ના વર્ષમાં નીચે જણાવ્યા પ્રમાણે કામગીરી કરવામાં આવી છે.

**<u>રસ્તાના કામો</u>**

**<u>રસ્તા પાકા કરવા :-</u>** જુદા જુદા નવ વોર્ડમાં વસતા નાગરિકોની સુવિધા માટે વર્ષ દરમ્યાન કુલ ૨૫૫૦ મીટર લંબાઈના રસ્તા રૂા.૩૫.૯૧લાખના ખર્ચે રસ્તા પહોળા કરી પાકા કરવામાં આવ્યા છે.

**<u>રસ્તા રીસર ફેઈસ :-</u>** જ્યાં પાકા રસ્તાઓ વધુ ખરાબ થઈ ગયેલ હોય તેવા વિસ્તારોમાં જરૂરિયાત મુજબ કુલ રૂા.૮૨.૧૦ લાખના ખર્ચે ૯૪૯.૫૦ ચો. મીટર લંબાઈના રસ્તા રીસરફેઈસ કરવામાં આવ્યા છે.

**<u>વરસાદી પાણીનો નિકાલ :-</u>**

દર વર્ષની જેમ ચોમાસાની ઋતુ દરમ્યાન નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઇ જતાં વરસાદી પાણીના નિકાલાર્થે જુદાજુદા સ્થળોએ ફાઇટરો,પંપો મૂકી પાણીનો નિકાલ કરવામાં આવે છે. વરસાદી પાણીનો સહેલાઈથી અને ઝડપથી નિકાલ થાય અને પાણી ભરાઇ ના રહે તે માટે રૂા. ૧.૧૦ લાખનાં ખર્ચે ૧૨૦ નંગ કેચપીટો બનાવેલ છે. તથા નાળાઓની સફાઇ કરાવેલ છે. ચોમાસા પૂર્વે પ્રિ.મોન્સુન એકશન પ્લાન હેઠળ વર્ષ દરમ્યાન ૧૦૨૦ જેટલી કેચપીટો સાફ કરાવેલ છે.

મરામતના કામઃ-

વર્ષ દરમ્યાન પાકા રસ્તાઓ ઉપર પડેલા ખાડા પુરાવવા, રસ્તા લેવલ કરવા, નાના તથા હેવી કુલ૩૧૨૫૦ ચોરસ મીટર પેચવર્કના કામો કરાવેલ તથા પ્રજાની ફરિયાદ અનુસાર જુદા જુદા સ્થળોએ રસ્તાના મરામતના કામો કરાવવામાં આવેલ છે.વળી રાહદારીઓને ચાલવા માટે ફુટપાથના પથ્થરો લેવલ કરવામાં આવેલ છે.

વિશિષ્ટ કામગીરી

સંસદસભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ અને મ્યુ. કાઉન્સીલરશ્રીઓની ભલામણ અનુસાર ફાળવાયેલ ગ્રાન્ટમાંથી વર્ષ દરમ્યાન ૭૬ ચાલીઓમાં રૂા. ૩૬.૧૫ લાખના ખર્ચે પથ્થર પેવીગના કામો કરાવવામાં આવેલ છે. ગંદા વસવાટ સુધારણા નાબૂદી કાર્યક્રમ હેઠળ પથ્થર પેવીગની સુવિધા આપવામાં આવેલ છે.

**<u>(૨)ડ્રેનેજ વિભાગના કામો :-</u>**

સને ૨૦૦૨-૨૦૦૩ના વર્ષ દરમ્યાન ઉત્તર ઝોનના નવ વોર્ડમાં ટી.પી.રસ્તાઓ, ચાલીઓ તથા સોસાયટીઓમાં ગંદા પાણીના નિકાલાર્થે જુદા જુદા ડાયામીટરની કુલ ૧૨૦૦ મીટર લંબાઈમાં રૂા.૫૩.૦૫ લાખનાં ખર્ચે ડ્રેનેજ લાઈનો નાંખવામાં આવેલ છે. અને ગંદા પાણીનો નિકાલ કરવાની સુવિધા આપેલ છે.

લો કોસ્ટ સેનીટેશન ૯૦-૧૦ સ્કીમઃ-

વર્ષ દરમ્યાન ઉતરઝોનના જુદા જુદા વિસ્તારોમાં વસતા ઓછી હેઠળ ઓછી આવક ધરાવતા કુટુંબોને ચાલી, ઝૂંપડા તથા સ્લમ જેવી જગાઓમાં સંડાસ બાંધવા માટે આવેલ કુલ માંગણીઓ પૈકી ૬૮૦ જેટલાં જાજરૂ બાંધવાની સુવિધા આપવામાં આવેલ છે. આ માટે રૂા.૧૭.૦૦ લાખ સબસીડી પેટે ચુકવવામાં આવેલ છે.

શૌચાલય અને ડ્રેનેજ કનેકશનઃ-

વર્ષ ૨૦૦૨-૨૦૦૩ દરમ્યાન જુદા જુદા વિસ્તારોમાં રૂ.૨૫૫૦૦૦ ના ખર્ચે ૧૯ પબ્લીક જાજરૂ બાંધવામાં આવેલ છે તથા ૯૯૫ સંડાસ અને પેશાબખાના ૭૦ જેટલા રીપેર કરવામાં આવેલ છે તથા ૮ નવા યુરીનલના રૂ.૧૩૦૦૦૦ના ખર્ચે માંગણી મુજબ ડ્રેનેજ લાઇનના ૯૮૦ કનેકશનો આપવામાં આવેલ છે.

મરામતના કામો

૯ વોર્ડના જુદા જદુા વિસ્તારોમાં આવેલ ૧૧ જેટલા પંપીગ સ્ટેશનો મારફતે ગંદા પાણીનો નિકાલ કરવામાં આવેલ છે. વર્ષ દરમ્યાન ૧૪૧૦૦ કરતાં વધુ મેનહોલની સફાઇ કરાવેલ છે. આશરે ૮૧૦૨૫ મીટર જેટલી લંબાઇની ડ્રેનેજ લાઇનોમાંથી ડ્રેનેજ લાઇનમાંથી શિલ્ટ કાઢી લાઇનોનાં ઓવરફલો તથા ચોકીંગ દૂર કરવામાં આવેલ છે.

ગંદા પાણીના નિકાલાર્થે રૂા.૩૨.૧૦ લાખના ખર્ચે ૪૫૫ મેનહોલ અને ચેમ્બર બનાવવામાં આવેલ છે. મેનહોલ ચેમ્બરો રીપેર કરવામાં આવેલ છે.

**<u>(૩)પાણી વિભાગનાં કામો :-</u>**

ઉત્તર ઝોનના વિવિધ વિસ્તારોમાં પીવાનાં પાણીનો પ્રશ્ન હલ કરવા, પાણીનું પ્રેશર સુધારવા તથા પાણીની મૂળભૂત જરૂરિયાત સંતોષવા જુદા જુદા ડાયામીટરની કુલ ૩૨૫૦ મીટરની લંબાઈની પાણીની પાઈપલાઇનો રૂા.૨૨.૨૭ લાખના ખર્ચે ટી.પી.રોડ ઉપર નાંખવામાં આવેલ છે. ચાલીઓમાં વસતાં નાગરિકોને પીવાનું પાણી સહેલાઇથી મળી રહે તે હેતુથી ૩૧૯૦ મીટર લંબાઇની પાણીની લાઇનો કુલ રૂા.૧૭.૨૫ લાખના ખર્ચે વર્ષ દરમ્યાન નાખવામાં આવેલ છે. તથા સોસાયટીમાં વર્ષ દરમ્યાન ૨૯૦૦ મીટરની લંબાઇની લાઇનો રૂા.૧૧૫૦૦૦૦ ના ખર્ચે નાંખવામાં આવેલ છે. સમગ્ર ઝોન વિસ્તારમાં ૧૧ ટયુબવેલ સ્ટેશનો મારફતે દૈનિક ૧૮૦ લાખ ગેલન જેટલો પાણી પુરવઠો આપવામાં આવેલ છે.તથા ટયુબવેલ સ્ટેશનો મારફતે વિવિધ વિસ્તારોમાં પીવાના પાણીનું પ્રેશર અને લેવલ જાળવી રાખવામાં આવેલ છે.અને પ્રજાને પુરતા પ્રમાણમાં પાણી પુરૂ પડાય છે તથા ટયુબવેલ સ્ટેશનમાં જરૂરી સાફસફાઇ તથા સારસંભાળ રાખવામાં આવેલ છે.ઝોનલ કક્ષા લેવલે એક ખાસ ટુકડી રાખી સમયાંતરે ટયુબવેલ સ્ટેશનોના કમ્પાઉન્ડમાં ઉગેલા નકામા છોડ , ઘાસ,છારૂ વિગેરે કાઢી લઇ સાફ રાખવામાં આવેલ છે.તથા ભૂગર્ભ ટાંકીઓમાંથી રેતી, શીલ્ટ વિગેરે કાઢી સાફ કરી શુધ્ધ પીવાલાયક પાણી ઉતરઝોનમાં વસતા નાગરીકોને પુરૂ પાડવામાં આવેલ છે.

વોટર કનેકશનઃ-

જુદા જુદા વિસ્તારોમાં વસતા રહીશોની માંગણી મુજબ જુદા જુદા ડાયામીટરની કુલ્લે ૯૯૮ જેટલા ઘરવપરાશ માટે અને ૫૫ જેટલા ધંધાર્થે મીટરથી પાણીના કનેકશનો આપવામાં આવેલ છે.તથા પાણી ઓછા પ્રેશરથી મળતુ હોઇ અથવા જુના વખતથી લાઇનો કાઢી નાખી નવી લાઇનો નાખવામાં આવેલ હોઇ તેવા કનેકશનો આશરે ૧૦૦૫ જેટલા ટ્રાન્સફર કરી આપવામાં આવેલ છે.

ઉતરઝોનમાં અનઅધિકૃત રીતે લીધેલ કુલ્લે ૪૯૧ જેટલા ગેરકાયદેસર વોટર કનેકશનો કાપી નાખવામાં આવેલ છે. તથા ડાયરેકટ ઇલે.મીટર ધ્વારા પાણી ખેંચતા રહીશોની મોટરો પકડી જપ્ત કરી અને પ્રેશરનો પ્રશ્ન હળવો કરેલ છે.

ઉતરઝોનમાં અનઅધિકૃત રીતે કુલ્લે ૪૯૧ જેટલા ગેરકાયદેસર વોટરકનેકશનો કાપી નાખવામાં આવેલ છે.તથા ડાયરેકટ ઇલે.મીટર ધ્વારા પાણી ખેંચતા રહીશોની મોટરો પકડીને જપ્ત કરી અને પ્રેશરનો પ્રશ્ન હળવો કરેલ છે.

પબ્લીક ટેપઃ-

ઉતરઝોનના જુદા જુદા વોર્ડમાં ૩૬ લાખના ખર્ચે ૩૭ નવી પબ્લીક ટેપો નાખવામાં આવેલ અને ૧૫૭ પબ્લીક ટેપો રીપેર કરવામાં આવેલ છે.

મરામત નિભાવઃ-

વર્ષ દરમ્યાન કુલ ૯૬૫ જેટલા પોલ્યુશનો નિકાલ કરવામાં આવેલ છે.૮૪૫ જેટલા મેઇન લાઇનના અને ૯૫ જેટલા બ્રેક ડાઉનના ૧૦૯૨ નાની લાઇનોના લીકેજ રીપેર કરવામાં આવેલ છે.

મ્યુ.મકાનોના કામોઃ-

સને ૨૦૦૨-૨૦૦૩ના વર્ષમાં ઝોન વિસ્તારમાં આવેલી મ્યુ.મિલકતો જેવી કે દવાખાના,પ્રસુતિગૃહો તથા શાળાઓમાં સુધારા વધારા અને મરામતના કામો કરાવવામા ંઆવેલ છે.તથા ઉતરઝોનના નાગરિકોને માંદગી સમયે સારવાર પુરી પાડતી એક માત્ર જનરલ હોસ્પીટલ શા.ચી.લા.માં નવું ઓ.પી.ડી. સંકુલ બનાવવાનું કામ ચાલુ કરેલ છે.

જણાવેલ બાબતો ઉપરાંત વર્ષ ૨૦૦૨-૨૦૦૩ દરમ્યાન પ્રજાકીય કામો કરવા માટે મ્યુ.કોર્પોના જનરલ બજેટમાં રોડ,પાણી,ડ્રેનેજ અને બીલ્ડીગના રૂ.૮૫ લાખના કેપીટલ કામો તેમજ રૂ.૨.૩૦ કરોડના મરામત અને નિભાવના કામો કરાવવામાં આવેલ છે.

ઉતરઝોનમાં વસતા નાગરીકોને વધુમાં વધુ પાયાની સુવિધા પ્રાપ્ય બને તથા તેઓની સુખાકારી શિક્ષણ અને સ્વાસ્થયમાં વધારો થયા તેવા પ્રયત્નો કરવામાં આવેલ છે.નાગરિકોની ફરિયાદોનો નિકાલ થાય તે ખાસ જોવામાં આવે છે.વોર્ડમાંથી આવતી ફરિયાદો તથા નાગરીકોના પ્રશ્નોનું યોગ્ય સમયસર નિકાલ થાય તે હેતુથી સમયાન્તરે અવલોકન અને મોજણી કરવામાં આવે છે.વોર્ડમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નોનું નિરાકરણ લાવવા ચર્ચા અને છણાવટ કરવા ઝોન કક્ષાએ ડે.મ્યુ.કમિ.શ્રી (ઉ.ઝોન)ના અધ્યક્ષ સ્થાને એક મીટીગનું આયોજન કરવામાં આવે છે.જેમાં વોર્ડના ધારાસભ્યશ્રીઓ અને મ્યુ.કાઉન્સીલરશ્રીઓને પણ આમંત્રણ આપીને પ્રશ્નોનો ઉકેલ કરાય છે.

ઉપરોકત સઘળી માહિતી જણાવ્યા પ્રમાણે ઉ.ઝોન ધ્વારા સરળ પારદર્શક અને લોકાભિમુખ વહીવટી દ્રષ્ટિ દાખવી નાગરીકોના પ્રશ્નોનો નિકાલ કરવામાં આવે છે.

# ૪.૧૧ ઈજનેર દક્ષિણઝોન

ઈજનેર દક્ષિણ ઝોનની કામગીરી એડી.સી.ઈ.શ્રી, ડે. મ્યુ.કમિ.શ્રી ની સીધી દેખરેખ હેઠળ સંભાળે છે. આ વિભાગમાં કુલ ૭ વોર્ડ આવેલા છે. મણિનગર, કાંકરિયા, બહેરામપુરા, દાણીલીમડા, વટવા, ઈસનપુર, બાગેફિરદોસ. અહી રોજબરોજનાં પ્રજાકીય કામો કરવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન આ ઝોન દ્વારા નીચે મુજબ કામગીરી કરવામાં આવે છે.

**<u>(૧) રસ્તા વિભાગના કામો</u> :-**

દક્ષિણઝોનમાં જુદા જુદા વોર્ડમાં વર્ષ દરમ્યાન રૂા.૧૮.૧૦ લાખના ખર્ચે ૫.૧૦ કિ.મી. લંબાઇના રસ્તા બનાવવામાં આવ્યા છે. તથા રૂા ૧૧.૫૧ લાખના ખર્ચે ૪.૨૫ કિ.મી.લંબાઈના રસ્તા રીસરફેસ કરવામાં આવ્યા છે. અંદાજે રૂા.૧૮.૭૪ લાખના ખર્ચે પથ્થર પેવિંગ તથા પેચવર્ક કરવાના કામો કરવામાં આવ્યા છે. વરસાદી પાણીના નિકાલ માટે આર.સી.સી. પાઈપલાઈન નાંખી કેચપીટો બનાવવામાં આવી છે. ૬૫૦ રનીંગ મીટરની સ્ટ્રોમ વોટર ડ્રેઈન રૂા.૧૮.૩૫ લાખના ખર્ચે નાંખવામાં આવી છે. જી.આઈ.ડી.સી. વિસ્તારમાં કાચી નીકો તૈયાર કરી પાણીનો યોગ્ય નિકાલ કરવામાં આવેલે છે. તથા નીકો સાફ કરવામાં આવી છે.

**<u>(૨) ડ્રેનેજ વિભાગના કામો</u> :-**

અહેવાલી વર્ષ દરમ્યાન ૪.૦૨ કી.મી ની નવી ડ્રેનેજ લાઈન રૂ.૨૬.૭૨ લાખના ખર્ચે નાંખવામાં આવી છે તથા રૂ.૪.૫૧ લાખના ખર્ચે ૧૫૧ જાજરૂ બનાવવામાં આવ્યા છે.જુદા જુદા વિસ્તારમાંથી ગટરમાંથી રૂા. ૮.૮૬ લાખના ખર્ચે શીલ્ટ કાઢવામાં આવેલ છે.

**<u>(૩) પાણી વિભાગના કામો</u> :-**

અહેવાલી વર્ષ દરમ્યાન ૧૯ નવી પબ્લીક ટેપો રૂા.૦.૫૬ લાખનાં ખર્ચે નાંખવામાં આવેલ છે. રૂા.૪.૧૦ લાખના ખર્ચે ૩૩ જુની પબ્લિક ટેપોની મરામત કરાવવામાં આવી છે. પાણીની નવી પાઇપ લાઇન કુલ ૪૫૪૩ રનીંગ મીટરની રૂા.૧૫.૬૬ લાખના ખર્ચે નાંખેલ છે. અહેવાલી વર્ષ દરમ્યાન કુલ ૧૩૫ ઘરવપરાશના મીટર વગરના કનેક્શનો આપવામાં આવ્યા હતા. ૪ નંગ મીટરથી કનેકશન બિનવસવાટ માટે આપેલ છે. પાણીની લાઈનોનું વોશઆઉટ કરી ઓછું પ્રેશર જણાય ત્યાં તેને સુધારવાની કામગીરી કરવામાં આવી છે. નાની મોટી લાઈનોના ૫૪.૩૦ લીકેજીસ બંધ કરવામાં આવ્યા છે. ઘરવપરાશની સડેલી ૨૧૪ નળીઓ બદલી, પાણીની લાઈનના છેડાઓ ૧૦૫ જગાએ વોશઆઉટ કરવામાં આવ્યા છે.

**<u>(૪) બિલ્ડીંગ વિભાગના કામો</u> :-**

મ્યુ.માલિકીનાં અગત્યનાં અને લોકોપયોગી મકાનોમાં જરૂરી સુધારા-વધારા કરવા, તથા કેપીટલ અને મરામત નિભાવનાં કામો કરવામાં આવ્યા છે. અહેવાલી વર્ષમાં કોર્પો.નાં રેવન્યુ એકાઉન્ટમાં ખર્ચ પાડી કુલ ૩૬૫ કામો રૂા.૪૭.૬૭ લાખના ખર્ચે તથા કેપીટલ એકાઉન્ટમાં ખર્ચ પાડી ૨૧ કામો રૂા.૧૦.૫૪ લાખના ખર્ચે કરવામાં આવ્યા છે.

અહેવાલી વર્ષ દરમ્યાન રોડ, પાણી, બિલ્ડીગ, ડ્રેનેજ, જાહેર જાજરૂ, પેશાબખાના અને સ્ટ્રોમ વોટર ડ્રેઈનને લગતા કાર્મો માન. સંસદસભ્યશ્રી તથા ધારાસભ્યશ્રીનાં બજેટમાંથી કરવામાં આવેલ છે. રોડ, પાણી, બિલ્ડીગ, ડ્રેનેજ, જાહેર જાજરૂ, પેશાબખાના, સ્ટ્રોમ વોટર ડ્રેઇનને લગતાં ૨૬૬ કામો રૂા. ૬૧.૮૫ લાખનાં ખર્ચે મ્યુ. કાઉન્સીલરશ્રીનાં બજેટમાંથી કરવામા આવ્યા છે.

ઈજનેર દક્ષિણ ઝોનનાં વોર્ડ વાઇઝ કરવામાં આવેલ કામોની માહિતી દર્શાવતુ પત્રક ૪.૧૧.૧ આ સાથે સામેલ છે.

**પત્રક ૪.૧૧.૧**

**અહેવાલી વર્ષ દરમ્યાન દક્ષિણઝોનમાં વોર્ડવાઈઝ થયેલ મુખ્ય કામોની વિગત દર્શાવતુ પત્રક**

| અ. નં | વોર્ડનું નામ | નવા રસ્તા બનાવ્યા કી.મી. | રસ્તા રીસરફેસ કર્યા કી.મી | નવી ડ્રેનેજ લાઈન બનાવી કી.મી. | નવી પાણીની પાઈપ લાઈન નાંખી કી.મી | નવી સ્ટ્રો.વો. ડ્રે. નાંખી કી.મી. | નવા ડ્રેનેજ કનેક્શન આપ્યા સંખ્યા | નવા પાણીના કનેક્શન | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | ઘર વપરાશ | | બીન વસવાટ |
| | | | | | | | | મીટર વગર | મીટર વાળા | મીટરથી |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| | | | | | | | | | | |
| ૧ | મણિનગર | - | ૩.૫૦ | - | ૨.૦૦ | - | - | ૨૫ | ૨ | - |
| | | | | | | | | | | |
| ૨ | કાંકરીયા | ૦.૯૯ | - | ૦.૬૧૫ | - | - | - | ૩ | - | - |
| | | | | | | | | | | |
| ૩ | બહેરામપુરા | - | - | ૦.૧૨૦ | ૦.૨૪ | - | - | ૯ | -- | - |
| | | | | | | | | | | |
| ૪ | દાણીલીમડા | ૧.૫૦ | - | ૦.૬૦ | ૦.૫૦ | ૦.૨૫ | ૫ | ૧૫ | - | -- |
| | | | | | | | | | | |
| ૫ | બાગેફીરદોશ | ૧.૬૦ | ૦.૭૦ | ૦.૦૧ | ૦૮૦ | ૦.૪૦ | - | ૪૫ | - | - |
| | | | | | | | | | | |
| ૬ | વટવા | ૦.૦૬ | - | ૨.૩૭૫ | - | - | - | - | - | -- |
| | | | | | | | | | | |
| ૭ | ઈસનપુર | ૧.૦૦ | - | ૦.૩૦ | ૧.૦૦૩ | - | - | ૪૨ | - | - |
| | | | | | | | | | | |
| | **કુલ** | **૫.૧૫** | **૪.૨૫** | **૪.૦૨** | **૪.૫૪૩** | **૦.૬૫** | **૫** | **૧૩૫** | **૨** | **-** |

# ૪.૧૨ બગીચાખાતુ

અમદાવાદ શહેર સમગ્ર ગુજરાતમાં પ્રથમ નંબરનું અને ભારતમાં વસ્તીની દ્રષ્ટિએ સાતમાં નંબરનું શહેર છે. તેનો વિસ્તાર ૧૯૦ ચો.કી.મી. અને વસ્તી અંદાજે ૪૫ લાખ જેટલી છે. અમદાવાદ શહેર ઔદ્યોગિક શહેર પણ કહેવાય છે.શહેરના ઔદ્યોગિક વિકાસ અને પ્રગતીની સાથે સાથે વાહનવ્યવહારના સાધનોની સંખ્યામાં સતત વધારાના કારણે ધૂમાડા અને પ્રદૂષણમાં ઉત્તરોત્તર વધારો થઈ રહયો છે.તેને પહોંચી વળવા બગીચા ખાતા દ્વારા ઘનિષ્ઠ કાર્યક્રમો બનાવવામાં આવે છે.મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નવા બગીચાઓના વિકાસ કરી,હયાત બગીચાઓનું અપગ્રેડેશન કરી શહેરને હરીયાળું અને સુંદર બનાવવા પ્રયત્ન કરવામાં આવી રહયા છે. શહેરના ખુલ્લા મ્યુનિસિપલ પ્લોટોમાં, મ્યુનિસિપલ સ્કુલ, પંપીગ સ્ટેશન, દવાખાના, હોસ્પિટલો, વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનો વગેરે ખુલ્લી જગાઓમાં તથા શહેરના રસ્તા પહોળા થતાં રસ્તાની મધ્યમાં અને આજુબાજુની ખુલ્લી જગાઓમાં વૃક્ષોનો ઉછેર કરી શહેરના પ્રદૂષણમાં ઘટાડો કરવાના પ્રયત્નો બગીચા ખાતા દ્વારા કરવામાં આવી રહયા છે.

શહેરમાં કુલ ૯૩ બગીચાઓમાં ૨ એકરથી નાના ૬૪,૨ થી ૫ એકર વિસ્તારના ૨૨ અને ૫ એકરથી વધુ વિસ્તારના ૭ બગીચાઓ છે.શહેરમાં આવેલા બગીચાઓનું ઝોનવાઈઝ વર્ગીકરણ પત્રક ૪.૧૨.૧માં આપવામાં આવેલ છે.શહેરના ઘણા મ્યુનિસિપલ બગીચાઓને અપગ્રેડેશન કરવાનું કામ ખાનગી સંસ્થાઓએ સ્વીકારેલ છે.પ્રાયવેટ પબ્લીક પાર્ટનરશીપ હેઠળ ખાનગી સંસ્થાઓ મારફતે જાળવણી કરવામાં આવતા બગીચાઓની માહિતી પત્રક ૪.૧૨.૨માં આપવામાં આવેલ છે.

શહેરના રસ્તાઓ ઉપર આવેલા ટ્રાફિક આઈલેન્ડોને શહેરની ખાનગી સંસ્થાઓ પોતાના ખર્ચે ડેવલપ કરી જાળવણી કરવાનું કામ સુંદર રીતે કરી રહયા છે.બગીચા અને ટ્રાફિક આઈલેન્ડોના ડેપલપમેન્ટને કારણે શહેરની સુંદરતામાં વધારો થયેલ છે.શહેરના ટ્રાફિક આઈલેન્ડોની માહિતી પત્રક ૪.૧૨.૩ માં દર્શાવેલ છે.

ગુજરાત રાજયના મુખ્ય શહેર તરીકે અમદાવાદ શહેર એક મેગાસીટી તરીકે આગળ આવી રહયું છે.ત્યારે અમદાવાદ શહેરમાં દાખલ થવાના મુખ્ય માર્ગોની સુંદરતા વધારવાનું આયોજન હાથ ધરાયેલ છે.જેથી શહેરમાં દાખલ થનાર વ્યક્તિને શહેરની ભવ્યતાનો અંદાજ આવે.આ હેતુથી શહેરમાં દાખલ થવાના મુખ્ય જગાઓએ રસ્તાની બંને બાજુઓએ વૃક્ષોની હારમાળા તેમજ સેન્ટ્રલ વર્જ બનાવવાનું,સગંધિત પુષ્પોવાળા રોપા ઉછેરવાનું આયોજન કરેલ છે.જે અન્વયે ખાનગી સંસ્થાઓનો સહકાર મેળવવા પ્રયત્નો થઈ રહેલ છે.અહેવાલી વર્ષમાં (૧)ઈન્ટરનેશનલ એરપોર્ટથી ઈન્દીરા બ્રીજ તરફનો રોડ (૨)હોટેલ તાજ રેસીડન્સી,એરપોર્ટ રોડ સામેની ખુલ્લી જગા(૩)હોટેલ કમ્ફર્ટ ઈન,એરપોર્ટ રોડ સામેનો રોડ(૪)હાંસોલ નર્સરી પાસેની ખુલ્લી જગા(૫)સી.ટી.એમ એક્ષપ્રેસ હાઈવે સર્વીસ રોડ વચ્ચે આ કામગીરી હાથ ધરાયેલ છે.

**<u>વનીકરણ-</u>** અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મોટાપાયે વૃક્ષારોપણ કરી શહેરને સુંદર બનાવાના ભાગ રૂપે અહેવાલી વર્ષમાં ૧૩૧૦૫ મ્યુ.કાઉન્સીલરશ્રી/એપ.પી/એમ.એલ.એ.ના બજેટમાંથી તથા ૬૦૦ જનરલ બજેટમાંથી ટ્રી-ગાર્ડ સાથે રોડ સાઈડ પ્લાન્ટેશન કરવામાં આવ્યા હતા.જ્યારે ૧૦,૫૦૦ બ્લોક પ્લાન્ટેશન પૈકી ૭૫૦૦ ખુલ્લા પ્લોટોમાં અને ૩૦૦૦ મ્યુ.સ્કુલ,હોસ્પિટલ,દવાખાના,પંપીગ સ્ટેશન,મસ્ટર સ્ટેશનમાં કરવામાં આવ્યા હતા.વન મહોત્સવમાં ૧,૫૦,૦૦૦ રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

**<u>ગાર્ડન હરિફાઈ-</u>** અહેવાલી વર્ષમાં ગુજરાત હોર્ટીકલ્ચર એસોસીએશન દ્વારા યોજાયેલ બગીચાઓની હરીફાઈમાં મ્યુ.કોર્પો.ના કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ.જેમાં પાંચ એકરથી મોટા બગીચાઓમાં પ્રથમ ઈનામ લો-ગાર્ડનને બીજુ ઈનામ પરીમલ ગાર્ડનને તથા ત્રીજુ ઈનામ વન ટ્રી હીલ ગાર્ડનને મળ્યુ હતું. જ્યારે ૨થી ૫ એકરના

બગીચાઓની હરીફાઈમાં પ્રથમ ઈનામ ઉસ્માનપુરા ગાર્ડનને બીજુ ઈનામ મહર્ષિ અરવિંદ ઘોષ ઉદ્યાનને મળ્યું હતું. ૨એકરથી નાના બગીચાઓની હરીફાઈમાં પ્રથમ ઈનામ શારદા મંદિર ગાર્ડનને,બીજુ ઈનામ ટાગોર હોલ ગાર્ડનને તથા ત્રીજુ ઈનામ આશાવલ્લી ગાર્ડનને મળ્યું હતું. આ ઉપરાંત ઓવરઓલ બેસ્ટ ગાર્ડન તરીકે લો ગાર્ડનની તેમજ બેસ્ટ પબ્લીક ગાર્ડન તરીકે ઉસ્માનપુરા ગાર્ડનની પસંદગી થયેલ છે.

આમ શહેરને સુંદર અને હરિયાળું કરવા નવા આયોજન કરવામાં બગીચા ખાતુ સદા પ્રયત્નશીલ રહયું છે.

**પત્રક ૪.૧૨.૧**

**અમદાવાદ શહેરમાં સને ૨૦૦૨-૨૦૦૩માંના બગીચાઓનું ઝોનવાઈઝ માહિતી દર્શાવતું પત્રક**

| અ.નં | ઝોનનું નામ | બગીચાઓની સંખ્યા | | | |
|---|---|---|---|---|---|
| | | ૨ એકર સુધી | ૨ થી ૫ એકર | ૫એકરથી મોટા | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | પશ્ચિમ ઝોન | ૧૭ | ૧૧ | ૨ | ૩૦ |
| ૨ | મધ્ય ઝોન | ૧૩ | ૨ | ૩ | ૧૮ |
| ૩ | દક્ષિણ ઝોન | ૧૦ | ૫ | ૧ | ૧૬ |
| ૪ | ઉત્તર ઝોન | ૧૩ | ૧ | ૧ | ૧૫ |
| ૫ | પૂર્વ ઝોન | ૧૧ | ૩ | - | ૧૪ |
| | કુલ | ૬૪ | ૨૨ | ૭ | ૯૩ |

**પત્રક ૪.૧૨.૨**

**પ્રાયવેટ કંપની/સંસ્થા મારફતે જાળવણી કરવામાં આવતે બગીચાઓની માહિતી દર્શાવતું પત્રક**

| અ.નં | બગીચાનું નામ | સંસ્થાનું નામ | ઝોન | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | લો-ગાર્ડન | આશીમા લી. | પશ્ચિમ | સ્ટે.કમિટીની મંજુરીથી કરાર લંબાવવામાં આવેલ છે. |
| ૨ | પરીમલ ગાર્ડન | ટોરેન્ટ લી. | ,, | ,, |
| ૩ | ઈન્દુલાલ યાજ્ઞિક પાર્ક | હોટલ મેરીડેન | મધ્ય | ,, |
| ૪ | સૌરભ ગાર્ડન | મધર ડેરી | પશ્ચિમ | સ્ટે.કમિટીની મંજુરીથી નવા કરાર કરવામાં આવ્યા |
| ૫ | પ્રગતિનગર ગાર્ડન | મધર ડેરી | ,, | ,, |
| ૬ | હાજીપુરા ગાર્ડન | ,, | મધ્ય | ,, |
| ૭ | કિરણનગર ગાર્ડન | ,, | ,, | ,, |
| ૮ | હિતેન્દ્ર દેસાઇ ગાર્ડન | ,, | ,, | ,, |
| ૯ | કમલા નહેરૂ પાર્ક | ,, | દક્ષિણ | ,, |
| ૧૦ | રમણિકલાલ ભટ્ટ ગાર્ડન | ,, | ,, | ,, |
| ૧૧ | નહેરૂ ચિલ્ડ્રન પાર્ક | ,, | ઉત્તર | ,, |
| ૧૨ | હરીપુરા ગાર્ડન | ,, | ,, | ,, |
| ૧૩ | લક્ષ્મીનારાયણ ગાર્ડન | ,, | પૂર્વ | ,, |
| ૧૪ | હાથીખાઇ ગાર્ડન | ,, | ,, | ,, |

**પત્રક ૪.૧૨.૩**

**અમદાવાદ શહેરમાં સને ૨૦૦૨-૨૦૦૩ના ટ્રાફિક આઈલેન્ડની માહિતી દર્શાવતું પત્રક**

| **અ.નં** | **ઝોન નું નામ** | **ટ્રાફિક આઈલેન્ડ જાળવણીની વિગત** | | |
|---|---|---|---|---|
| | | *ખાનગી કંપની દ્વારા* | *મ્યુ.કોર્પો.દ્વારા* | *કુલ* |
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| ૧ | પશ્ચિમ ઝોન | ૩૪ | ૧૫ | ૪૯ |
| ૨ | મધ્ય ઝોન | ૧૦ | ૫ | ૧૫ |
| ૩ | દક્ષિણ ઝોન | ૩ | ૫ | ૮ |
| ૪ | ઉત્તર ઝોન | ૨ | ૪ | ૬ |
| ૫ | પૂર્વ ઝોન | ૧ | ૧ | ૨ |
| | કુલ | ૫૦ | ૩૦ | ૮૦ |

# ૪.૧૩ દિવાબત્તી ( લાઈટ)

અમદાવાદ શહેરનાં ઝડપી વિકાસને કારણે શહેરના રસ્તાઓ ઉપરનાં ટ્રાફિકની ગીચતામાં વધારો થવા પામેલ છે.શહેરના મોટા માર્ગો ઉપર રાત્રીના મોડે સુધી વાહનોની ખુબ જ અવરજવરમાં રહેવા પામેલ છે.જેના કારણે રસ્તા ઉપરના પ્રકાશમાં સુધારો કરવો જરૂરી બનેલ છે.

શહેરના ગીચ ટ્રાફિકવાળા મોટા માર્ગો પર ૨૫૦ વોટ, ૧૫૦ વોટ, ૧૦૦ વોટ, તથા ૭૦ વોટના સોડિયમ ફીટીંગ્સ લગાવી લાઈટીંગમાં સુધારો કરવામાં આવેલ છે. તેમજ ચાલી અને ઝૂંપડામાં ગોળાઓની જગાએ ૧૧ વોટ સી.એફ.એલ.માં રૂપાંતર કરવામાં આવેલ છે.તથા ૪૦ વોટ ટયુબલાઈટનાં પોલ, ટી.પી.રોડ તથા સોસાયટીઓનાં અંદરના રસ્તાઓ ઉપર મુકવામાં આવેલ છે. અહેવાલી વર્ષમાં જનરલ બજેટ,સંસદ સભ્શ્રીનું બજેટ તથા ધારાસભ્યશ્રી ઓનું બજેટ તથા મ્યુનિ.કાઉન્સીલરશ્રીઓના બજેટમાંથી સ્ટ્રીટ લાઇટની સુવિધામાં વધારો કરવામાં આવેલ છે.અહેવાલી વર્ષમાં શહેરમાં નાખેલ ટયુબલાઇટની સંખ્યા ,મરકયુરી તથા સોડીયમની લાઇટ સંખ્યા ૧૧ વોટ સી.એફ.એલ.ટયુબ લાઇટની સંખ્યા સામાન્ય લાઇટની સંખ્યા તથા કુલ થાંભલાની સંખ્યા આ સાથે સામેલ પત્રક ૪.૧૩.૧ માં દર્શાવી છે.

અહેવાલી વર્ષમાં શહેરમાં કુલ ૨૫૪૫૧ હજાર યુનિટ વીજળીનો વપરાશ થયો છે. જે અંગેનો કુલ ખર્ચ રૂા.૮૦૦.૪૦ લાખ જેટલો થયો છે. તથા યુનિટ દીઠ વપરાશ ખર્ચ રૂા. ૩.૧૪ થાય છે. આ અંગેની છેલ્લા ચાર વર્ષની માહિતી પત્રક ૪.૧૩.૨ માં દર્શાવવામાં આવેલ છે.

અહેવાલી વર્ષમાં શહેરમાં નવા ૨૦૨૭ લાઇટના થાંભલા નાંખવામાં આવ્યાં છે.આમ કુલ થાંભલાની સંખ્યા ૭૨૩૦૦ જેટલી થાય છે. જ્યારે શહેરમાં કુલ બત્તીની સંખ્યા ૭૮૨૦૦ થાય છે. બત્તીનાં પોઈન્ટ દીઠ સરેરાશ ઇલેકટ્રીક લોડ (વોટ) તથા બત્તી દીઠ સરેરાશ વીજળી વપરાશ અને ખર્ચની માહિતી પત્રક ૪.૧૩.૩ માં વિગતવાર દર્શાવેલ છે.

શહેરની લાઇટની સંખ્યામાં થયેલ વધારાને કારણે તેમજ સ્ટ્રિટ લાઇટીગ સુધારાને કારણે લોડ વધવાથી લોડ ડીસ્ટ્રીબ્યુશન કરવા માટે વધારાના ૨ સ્વીચીંગ પોઇન્ટ જુની હદમાં તથા ૨ સ્વીચીંગ પોઇન્ટ પૂર્વ વિસ્તારમાં થઇને કુલ - ૪ નવા સ્વીચીંગ પોઇન્ટ મૂકવામાં આવેલ જે સાથે કુલ સ્વીચીંગ પોઇન્ટની સંખ્યા-૫૯૮ થયેલ છે.

હાલમાં અમદાવાદ શહેર વિસ્તારમાં ટ્રાફિક માટે જુદી જુદી જગ્યાએ ૪૩૬ પોલ ઉભા કરવામાં આવેલ છે.અહેવાલી વર્ષ દરમ્યાન ૪૧ ટ્રાફિક સીગ્નલ કાર્યરત થયેલ છે.સને ૨૦૦૨-૦૩ના વર્ષ દરમ્યાન રોશની મરામત નિભાવ લાઇટીગ સુધારણા તથા નવા પોલ મૂકવા અંગેના બજેટમાં ખર્ચ રૂા.૬૦.૦૦ લાખ તથા સ્ટ્રિટ લાઇટ જનરલ અંગેના લાઇટીગ સુધારવા તથા પોલ ખસેડવા અંગેના બજેટમાં રૂા.૧૩.૭૮ લાખના ખર્ચ થયા છે.

**પત્રક ૪.૧૩.૧**

**શહેરનાં રસ્તાઓ ઉપર જુદા જુદા પ્રકારની દિવાબત્તીની સંખ્યા દર્શાવતુ પત્રક**

| વર્ષ | ટયુબલાઈટની સંખ્યા | મરકયુરી લાઈટની સંખ્યા | સોડિયમ લાઈટની સંખ્યા | ૧૧ વોટ સી.એફ.એલ. ટયુબલાઈટની સંખ્યા | સામાન્ય લાઈટની સંખ્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧૯૯૯-૦૦ | ૩૧,૪૮૦ | ૯,૫૦૦ | ૨૧,૦૪૦ | ૧૦,૯૩૦ | ૪,૯૫૦ | ૭૭,૯૦૦ |
| ૨૦૦૦-૦૧ | ૨૮,૯૭૨ | ૯,૦૪૮ | ૨૩,૮૮૮ | ૧૧,૨૩૦ | ૪,૯૦૦ | ૭૮,૦૩૮ |
| ૨૦૦૧-૦૨ | ૨૭,૭૮૫ | ૮,૭૧૨ | ૨૫,૪૨૫ | ૧૧,૭૪૩ | ૪,૪૭૪ | ૭૮,૧૩૯ |
| ૨૦૦૨-૦૩ | ૨૬,૩૦૦ | ૮,૬૩૧ | ૨૬,૫૦૦ | ૧૨,૩૨૯ | ૪,૪૪૦ | ૭૮,૨૦૦ |

**પત્રક ૪.૧૩.૨**

**વીજળી વપરાશ અને ખર્ચની માહિતી દર્શાવતુ પત્રક**

| વર્ષ | વીજળી વપરાશ ૧૦૦૦ કિલોવોટ | ખર્ચ રૂ.લાખમાં | યુનિટ દીઠ સરેરાશ ખર્ચ (રૂ.) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧૯૯૯-૦૦ | ૨૧,૯૮૨ | ૫૭૭.૫૫ | ૨.૬૩ |
| ૨૦૦૦-૦૧ | ૨૪,૧૩૦ | ૭૩૭.૪૨ | ૩.૦૬ |
| ૨૦૦૧-૦૨ | ૨૪,૭૭૯ | ૮૧૦.૦૪ | ૩.૨૭ |
| ૨૦૦૨-૦૩ | ૨૫,૪૫૧ | ૮૦૦.૪૦ | ૩.૧૪ |

**પત્રક ૪.૧૩.૩**

**શહેરમાં આવેલ લાઈટનાં કુલ થાંભલા,બત્તીની સંખ્યા તેમજ બત્તી દીઠ સરેરાશ વિજળી વપરાશ દર્શાવતુ પત્રક**

| વર્ષ | થાંભલા ની સંખ્યા | | બત્તીની કુલ સંખ્યા | બત્તીના પોઈન્ટ દીઠ સરેરાશ ઈલે. લોડ (વોટ) | બત્તીદીઠ સરેરાશ વિજળી વપરાશ (યુનિટ) | બત્તીદીઠ સરેરાશ વીજળી વપરાશનો ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ | ૫ | ૬ |
| | વર્ષ દરમ્યાન નવા | કુલ | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧૯૯૯-૦૦ | ૧,૭૨૦ | ૬૯,૩૧૦ | ૭૭,૯૦૦ | ૯૫.૪૦ | ૨૮૨.૧૮ | ૭૪૧.૪૦ |
| ૨૦૦૦-૦૧ | ૧,૯૦૪ | ૭૧,૨૧૦ | ૭૮,૦૩૨ | ૯૫.૬૦ | ૩૦૯.૨૩ | ૯૪૪.૯૪ |
| ૨૦૦૧-૦૨ | ૧,૨૫૨ | ૭૨,૧૦૦ | ૭૮,૧૩૯ | ૯૫.૫૫ | ૩૧૭.૧૨ | ૧૦૩૬.૬૭ |
| ૨૦૦૨-૦૩ | ૨,૦૨૭ | ૭૨,૩૦૦ | ૭૮,૨૦૦ | ૯૫.૫૨ | ૩૨૫.૪૬ | ૧૦૨૧.૯૪ |

# ૪.૧૪ સેન્ટ્રલ વર્કશોપ

મ્યુનિસિપલ સેન્ટ્રલ વર્કશોપ ખાતાનો વહીવટ ડે.મ્યુ.કમિશ્નર (જનરલ)શ્રી ના હસ્તક છે. જેનું સંચાલન જોઈન્ટ ડાયરેક્ટર(મીકેનીકલ)શ્રી કરે છે. આ ખાતામાં મુખ્યત્વે ત્રણ વિભાગ નીચે મુજબના છે.

૧. રોલર વિભાગ :- આ વિભાગમાં કાયમી તથા હંગામી સ્ટાફની સંખ્યા ૨૨૦ છે.

૨. મોટર વિભાગ :- આ વિભાગમાં કાયમી તથા હંગામી સ્ટાફની સંખ્યા ૧૧૬૨ છે.

૩. ઈજનેર લેબર :- આ વિભાગમાં કાયમી તથા હંગામી સ્ટાફની સંખ્યા ૪ છે.

અહીના દરેક વિભાગની કામગીરી નીચે મુજબની છે.

૧. **રોલર વિભાગ :-** ઈજનેર ખાતાના મશીનોની મરામત નિભાવનું કામ આ વિભાગમાં કરાવવામાં આવે છે. જાહેર જનતાને આ મશીનો ભાડે આપવામાં આવે છે. વર્ષના અંતે આ વિભાગમાં કુલ ૩૫૫ મશીનો છે. જે મુખ્યત્વે ઈજનેર રોડ ખાતાનાં કામો માટે વપરાય છે. રોડ રીસરફેસીંગના કામો માટે હોટમીક્ષ પ્લાન્ટ અને પેવર ફીનીશર મશીનોની મરામત નિભાવનું કામ આ વિભાગમાં થાય છે. હેવી ડયુટી,ફ્રન્ટ એન્ડ લોડર મશીનોની મરામત અને જાળવણીનું કામ પણ આ વિભાગને સોંપવામાં આવેલ છે. આ ઉપરાંત અન્ય ખાતાનાં ડેડસ્ટોક રજીસ્ટર પર ચાલતાં મશીનો, સુઅર ક્લીનીંગ મશીનો તેમજ પંપસેટ આ વિભાગમાં રીપેર થાય છે. પાણી ઉલેચવા માટે પંપસેટ પણ ભાડે થી આપવામાં આવે છે. અહેવાલી વર્ષમાં નવા ૬ ફ્રન્ટ એન્ડ લોડર વીથ બે-કહુ મશીનો ખરીદવામાં આવેલ છે.

૨. **મોટર વિભાગ :-** ફાયર બ્રિગેડ સિવાયનાં કોર્પોરેશનના તમામ ખાતાઓને વાહનોની ફાળવણી અને નિભાવનું કામ આ વિભાગમાં થાય છે. વર્કશોપમાં વિવિધ પ્રકારના ડીઝલ તથા પેટ્રોલથી ચાલતા વાહનો તથા મશીનરી છે. અહેવાલી વર્ષમાં આ વિભાગમાં નવા ૧૦ વાહનો ખરીદવામાં આવ્યા છે.હેલ્થ તથા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગોની શહેર સફાઈની કામગીરી માટે અહેવાલી વર્ષમાં ૨ નંગ (મધ્ય ઝોન માટે) ટ્રેક્ટર વીથ ટ્રોલી ખરીદવામાં આવેલ છે તથા ફ્રંટ એન્ડ લોડર (બે-કહુ) સાથે મશીન નંગ -૬ ખરીદ કરવામાં આવેલ છે.શહેરના અનડ્રેઈન વિસ્તારોમાં ભરાતા ખાળકુવાની ઝડપથી સફાઈ થઈ શકે તે માટે ૫ નંગ વેક્યુમ પંપ ખરીદાયેલ છે.ઉપરાંત ઈલેકટ્રીકલ ખાતા તેમજ વોટર પ્રોજેક્ટ ખાતાની જરૂરીયાત અનુસંધાને ટાટા ૪૦૭ તથા સ્વરાજ મઝદા વાહન પણ નવા ખરીદાયેલ છે.કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીશ્રીઓની સુપરવિઝન/દેખરેખની કામગીરી વધુ સારી રીતે થઈ શકે તે હેતુસર ટોયોટો ક્વોલીસ પ્રકારના ૭ વાહનો તેમજ કોર્પોરશનના ઉચ્ચ પદાધિકારીશ્રીઓ માટે ૨ નંગ મારૂતી એસ્ટીમ ખરીદાયેલ છે. વર્ષાન્તે કુલ ૭૦૯ વાહનોનું આયુષ્ય પ્રમાણે વિગત દર્શાવતુ પત્રક ૪.૧૪.૧ સામેલ છે. અહેવાલી વર્ષમાં વર્કશોપમાં કુલ ૧૪,૨૬,૯૪૦ લીટર ડીઝલ વપરાયું હતું. જયારે પેટ્રોલ કુલ ૭૨,૮૬૩ લીટર વપરાયુ હતું. છેલ્લા ત્રણ વર્ષમાં વર્કશોપમાં કેટલું ડીઝલ તથા પેટ્રોલ વપરાયુ તેની વિગત પત્રક ૪.૧૪.૨ દર્શાવી છે.

૩. **ઈજનેર લેબર વિભાગ :-** કોપોરેશનના વિવિધ વિભાગોના પરચુરણ કામો આ વિભાગમાં કરવામાં આવે છે. કાંકરીયા ઝુ ખાતાના પ્રાણીઓ અને પશુઓ માટેના તમામ પ્રકારના નાના મોટા પાંજરા તથા તેની રેલીંગ વિગેરી રીપેર કરવામાં આવે છે.હેલ્થ,રોડ, ડ્રેનેજ વિગેરે કાર્યમાં વપરાતી લોખંડની પૈડાવાળી હાથલારીઓ તેમજ રબરના ટાયરવાળી હાથલારીઓનું મરામત આ વિભાગમાં થાય છે.

વર્ષ દરમ્યાન વર્કશોપમાં નીચે મુજબની કામગીરી કરવામાં આવે છે.

(અ) ટ્રાન્સપોર્ટ વિભાગમારફતે સારા નરસા પ્રસંગોએ જાહેરજનતાને વોટર ટેન્કર દ્વારા પાણી વેચાણથી આપવાની વ્યવસ્થા કરવામાં આવે છે.જેના દર નીચે મુજબ છે.

(૧) લગ્ન મરણ જેવા સારા નરસા પ્રસંગોએ ૨૫૦૦ લીટર કેપેસીટીની પીવાના પાણીની ટેન્કરના એક ફેરાના રૂા.૭૫ ચાર્જ લેવામાં આવે છે.

(૨) છાંટવા માટે ૨૫૦૦ લીટર કેપેસીટીના પાણીના ટેન્કરના એક ફેરાના રૂા.૧૫૦ ચાર્જ લેવામાં આવે છે.

(૩) વ્યકિતગત કે જાહેર સંસ્થાને પાણીના સપ્લાયના ટેન્કરના એક ફેરાના રૂા.૧૦૦ લેવામાં આવે છે.

(૪) ઈન્ડસ્ટ્રીઝને પાણીની જરૂર પડે તો ૨૫૦૦ લીટર કેપેસેટીની પાણીની ટેન્કરના એક ફેરાના રૂા. ૧૫૦ લેવામાં આવે છે.

(૫) બાંધકામ માટેસામાન્ય રીતે પાણી આપવામાં આવતું નથી.પરંતુ ખાસ સંજોગોમાં પાણી આપવાની જરૂરીયાત જણાય તો ૨૫૦૦ લીટર કેપેસીટીની પાણીની ટેન્કરના એક ફેરાના રૂા.૩૦૦ લેખે લેવામાં આવેછે.

(૬)જાહેર સંસ્થાને ધાર્મિક પ્રસંગોએ ટેન્કરો મારફતે પાણે પુરુ પાડવાનું હોય તો રૂા.૧૦૦૦૦/-ની મર્યાદામાં ૫૦%ના દરે પાણીનો ચાર્જકરવામાં આવે છે.

(૭)મ્યુનિસિપલ કોર્પોરેશનની હદ બહાર ટેન્કર દ્વારા પાણી પુરુ પાડવાનું હોય તો મ્યુનિ.કોર્પોરેશનને હદ બહારના વધારાના પ્રત્યેક કિલોમીટર દીઠ રૂા. ૧૦/- ચાર્જ કરવામાં આવે છે.

વર્ષ દરમ્યાન જુદાજુદા ઉપયોગ માટે વર્કશોપ દ્વારા પુરી પાડેલ પાણીની ટેન્કરોની માહિતી આ સાથેના પત્રક ૪.૧૪.૩માં આપવામાં આવી છે.

(બ) સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ માટે કચરો ઉપાડવા ડમ્પર પ્લેસર (૪.૫ કયુ.મી.)અને (૭ ક્યુ.મી.) તથા સ્કીપ લીફટર (૫ ક્યુ.મી) ઉપયોગમાં લેવામાં આવે છે.જુદી જુદી સાઇઝના તથા ડમ્પર પ્લેસર યુનિટો થતા સ્કીપ લીફટર યુનિટો વાપરવામાં આવે છે.જેના કારણે યુનિટો જેતે પ્રકારના કન્ટેઇનર્સ ઉપાડવા માટે ઉપયોગમાં લઇ શકાતા હોય છે. પરંતુ અહેવાલી વર્ષમાં વધુ ડેવલપ કરેલ મલ્ટી પરપઝ ડમ્પરપ્લેસર યુનીટો વાપરાવામાં આવે છે.૭ ક્યુ.મીટર ડમ્પર પ્લેસરના કન્ટેનર્સ તથા ૫ ક્યુ.મીટરના સ્કીપ કન્ટેનર્સ ઉપાડી શકાય તે માટે યુનિટની ડીઝાઇન કરાવીને મલ્ટી પરપઝ ,મ્પર પ્લેસર યુનિટ તૈયાર કરવામાં આવે છે.

## પત્રક ૪.૧૪.૧

## મ્યુ.સેન્ટ્રલ વર્કશોપમાં ઉપયોગમાં લેવાતા જુદા જુદા પ્રકારનાં વાહનોનું આયુષ્ય પ્રમાણે વર્ગીકરણ દર્શાવતુ પત્રક

| વર્ષ | ટ્રક્સ | મીડીયમ પ્રકારનાં ગુડઝ વ્હીકલ | જીપ અને તે પ્રકારના વ્હીકલ | ટ્રેક્ટર | એસ્કોર્ટ લોડર | ટ્રેક્ટર ટેન્કર | ટ્રેક્ટર ટેઈલર અને જીપ ટ્રેલર | રીક્ષા | અન્ય | કુલ | ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧૯૯૯-૨૦૦૩ | ૪૭ | ૧૨ | ૨ | - | - | - | - | ૫ | ૨૦ | ૮૬ | ૧૨.૧૩ |
| ૧૯૯૩-૧૯૯૮ | ૯૬ | ૮૨ | ૨૧ | ૫ | ૪ | - | ૧૨ | - | ૪ | ૨૨૫ | ૩૧.૭૩ |
| ૧૯૮૮-૧૯૯૨ | ૪૦ | ૪૪ | ૧૦ | ૨ | - | - | - | ૨૧ | ૪ | ૧૨૧ | ૧૭.૦૭ |
| ૧૯૮૩-૧૯૮૭ | ૫૨ | ૨૩ | ૨૫ | ૧ | ૮ | ૨ | ૭ | ૭ | - | ૧૨૫ | ૧૭.૬૩ |
| ૧૯૭૮-૧૯૮૨ | ૩૯ | ૮ | ૬ | - | - | - | - | ૭ | - | ૬૦ | ૮.૪૬ |
| ૧૯૭૩-૧૯૭૭ | ૪૫ | ૨ | ૬ | - | - | - | ૨ | - | - | ૫૫ | ૭.૭૬ |
| ૧૯૬૮-૧૯૭૨ | ૬ | ૧ | - | - | - | - | - | ૩ | - | ૧૦ | ૧.૪૧ |
| ૧૯૬૩-૧૯૬૭ | ૧ | - | - | - | - | - | - | - | - | ૧ | ૦.૧૪ |
| ૧૯૬૨ થી વધુ | ૧ | - | - | - | - | - | - | - | - | ૧ | ૦.૧૪ |
| મહેસુલ વિભાગ | ૨૫ | - | - | - | - | - | - | - | - | ૨૫ | ૩.૫૩ |
| કુલ | ૩૫૨ | ૧૭૩ | ૭૦ | ૦૮ | ૧૨ | ૦૨ | ૨૧ | ૪૩ | ૨૮ | ૭૦૯ | ૧૦૦ |

## પત્રક ૪.૧૪.૨
## વર્કશોપનાં વાહનો દીઠ સરેરાશ પેટ્રોલ અને ડીઝલ વપરાશની છેલ્લા ત્રણ વર્ષની માહિતી દર્શાવતુ પત્રક

| અ.નં. | વર્ષ | પેટ્રોલથી ચાલતા વાહનોની સંખ્યા | પેટ્રોલ વપરાશ હજાર લીટર | વાહન દીઠ સરેરાશ પેટ્રોલ વપરાશ | ડીઝલથી ચાલતાં વાહનોની સંખ્યા | ડીઝલનો વપરાશ હજાર લીટર | વાહન દીઠ સરેરાશ ડીઝલ વપરાશ લીટર |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧. | ૨૦૦૦ - ૦૧ | ૧૦૬ | ૭૫ | ૭૦૨ | ૫૪૪ | ૧૫૯૪ | ૨૯૦૩ |
| ૨. | ૨૦૦૧ - ૦૨ | ૯૯ | ૮૪ | ૮૪૮ | ૫૯૭ | ૧૩૮૦ | ૨૩૧૧ |
| ૩. | ૨૦૦૨-૦૩ | ૮૭ | ૭૩ | ૮૩૯ | ૫૭૩ | ૨૪૯૦ | ૨૩૦૯ |

## પત્રક ૪.૧૪.૩
## છેલ્લા બે વર્ષ દરમ્યાન જુદા જુદા ઉપયોગ માટે વર્કશોપથી પુરી પાડેલ પાણીની ટેન્કરો અને તેની આવકની માહિતી દર્શાવતુ પત્રક

| અ.નં. | વિગત | ૨૦૦૧-૦૨ | | ૨૦૦૨-૦૩ | |
|---|---|---|---|---|---|
| | | ફેરાની સંખ્યા | થયેલ આવક(રૂા.) | ફેરાની સંખ્યા | થયેલ આવક(રૂા.) |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | લગ્ન/મરણ જેવાં સારા નરસા પ્રસંગે આપેલ પાણીની ટેન્કરો | ૧૫૪૮ | ૧૧૬૧૦૦ | ૧૦૨૬ | ૭૬૯૫૦ |
| ૨. | છાંટવા માટે આપેલ પાણીની ટેન્કરો | - | - | - | - |
| ૩. | વ્યકિતગત કે જાહેર સંસ્થાને આપેલ પાણીની ટેન્કરો | ૭૬૯ | ૭૬૯ | ૬૦૧ | ૬૦૧૦૦ |
| ૪. | ઈન્ડસ્ટ્રીને આપવામાં આપેલ પાણીની ટેન્કરો | ૪૫ | ૪૫ | ૫૮ | ૮૭૦૦ |
| ૫. | બાંધકામ માટે ખાસ કેસમાં આપેલ પાણીની ટેન્કરો | - | - | - | - |
| ૬. | જાહેર સંસ્થાઓને ધાર્મિક પ્રસંગે પૂરૂ પાડેલ પાણી | ૪૫ | ૨૨૫૦ | ૨૫ | ૧૨૫૦ |
| ૭. | મ્યુનિ.હદ બહાર આપવામાં આવેલ પાણીની ટેન્કરો | - | - | - | - |
| | **કુલ** | **૨૪૦૭** | **૨૦૨૦૦૦** | **૧૭૧૦** | **૧૪૭૦૦૦** |

# ૪.૧૫ સેન્ટ્રલ લેબોરેટરી

સેન્ટ્રલ લેબોરેટરી દ્વારા વેસ્ટ વોટર તથા સુએઝના સેમ્પલ કલેકશન તથા એનાલીસીસ ની કામગીરી રોજ બરોજ કરવામાં આવે છે.આ ઉપરાંત કાંકરીયા તથા નદીના પાણીના તથા અન્ય કોઇ પ્રોજેક્ટ અંગેના કામોના પણ સેમ્પલ એનાલીસીસ અંગેની કામગીરી સેન્ટ્રલ લેબોરેટરી દ્વારા કરવામાં આવે છે.આ લેબોરેટરી આધુનીક સાધનોની મદદથી અમેરિકન વોટર એન્ડ વેસ્ટ વોટર એસોસીએશને માન્ય કરેલ નિયત પધ્ધતિઓથી પૃથ્થકરણ કરવામાં આવે છે. જે દેશની અન્ય મ્યુ.કોર્પોરેશનની લેબોરેટરીની સરખામણીમાં અગ્રગણ્ય ગણાય છે. અહી વોટર તેમજ વેસ્ટ વોટર, ઇન્ડસ્ટ્રીયલ એફલ્યુઅન્ટસ તથા વર્લ્ડ બેંકની સહાયથી કરવામાં આવતાં પ્રોજેકટ કામો માટે જરૂરી ટેસ્ટીંગ કરવામાં આવે છે. આ સેન્ટ્રલ લેબોરેટરીને પાણી પ્રદુષણમાં રૂટીન અને રીસર્ચ કામ માટે રાજય સરકારની માન્યતા મળી છે. નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ ઓકયુપેશનલ હેલ્થ, ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ, ગુજરાત યુનિવર્સીટી એન્જીનીયરીગ કોલેજ તેમજ ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન વિગેરે ને જરૂર પડે ત્યારે સેમ્પલોના પૃથ્થકરણ માટે સેન્ટ્રલ લેબોરેટરીમાં મોકલે છે. આ લેબોરેટરીમાં ત્રણ વિભાગ છે.

**(૧) ટ્રેડ વેસ્ટ :-**

ઉધોગોમાંથી નીકળતો ટ્રેડ વેસ્ટ, જો મ્યુનિ. ધારાધોરણ પ્રમાણે ન હોય તો તેની સામે બી.પી.એમ.સી.એકટ પ્રમાણે નોટીસ અને કેસની કાર્યવાહી કરવામાં આવે છે. અને કોર્પોરેશનની જરૂરીયાત મુજબ વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટસ બનાવવા ફરજ પાડવામાં આવે છે.જે જે યુનિટોમાં ટ્રીટમેન્ટ પ્લાન્ટની સગવડ ન હોય તેવા યુનિટોને ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાની ફરજ પાડવામાં આવે છે.આ બધાજ યુનિટો ટ્રીટમેન્ટ કર્યા બાદજ વેસ્ટવોટરને જે તે રીતે નિકાલ કરે તે ખાસ પ્રકારની કામગીરી કરવામાં આવે છે.હાલમાં કોર્ટ કેસ કરવાની કાર્યવાહી ના બદલે યુનિટોનું ડ્રેનેજ ડીસ કનેકશનની કાર્યવાહી કરવામાં આવે છે.ઔદ્યોગિક એકમો તેમનું વેસ્ટવોટર કોર્પોરેશનના નેતિનિયમ મુજબ ન હોય બંધ કરવામાં આવે છે. જે બંધ કરવામાં આવેલ યુનિટો પાસેથી ડ્રેનેજ રીકનેકશન,વહીવટીય ચાર્જ કરવાની કાર્યવાહી કરવામાં આવે છે.જે નોન રીફંડેબલ છે.અહેવાલી વર્ષે આવી કામગીરી રૂપે કુલ રૂા.૩ લાખ એડમીનીસ્ટ્રેટીવ ચાર્જીસ કરવામાં આવેલ છે.

**(૨) પીવાનુ પાણી :-**

સને ૧૯૮૦ થી પાણીની ગુણવત્તા ચેક કરવાનું શરૂ કરવામાં આવેલ. હાલ સમગ્ર શહેરમાં મ્યુનિ. કોર્પો. દ્વારા સપ્લાય કરવામાં આવતાં પાણીના દર મહિને આશરે ૨૦૦૦ જેટલા નમુનાઓ લેવામાં આવે છે. દુધેશ્વર વોટર વર્કસ, ફ્રેન્ચવેલ, ટયુબવેલ, રીવર, કલોરીન ચેકીગ, એટ ડીસ્ટ્રીબ્યુશન સીસ્ટમ (સપ્લાય લાઇન) પબ્લીક ટેપ, પ્રાયવેટ ટેપ, મ્યુનિ.હોસ્પીટલ, પબ્લીક ઇટીંગ પ્લેસ વિ.નું ચેકીગ કરી સેમ્પલોનું પૃથ્થકરણ કરવામાં આવે છે. પ્રિમોન્સુન અને રોગચાળો ફાટી નીકળે ત્યારે તકેદારી રૂપે પાણીની ગુણવત્તા સાચવવાનાં સઘન પ્રયત્નો કરી મોનીટરીગ કામગીરી કરવામાં આવે છે.

વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા સુચવેલ સેમ્પલીગ પધ્ધતિને સુધારી શહેરની પરિસ્થિતિને અનુકુળ પધ્ધતિ મુજબ ગોઠવણ કરતાં પાણીની ગુણવત્તામાં સુધારો થયો છે. અને તરત જ અસરકારક પગલાં લેવાય છે. લેબોરેટરી રિપોર્ટના આધારે જે તે ખાતા દ્વારા કાર્યવાહી કરી પોલ્યુશનની ફરિયાદોનો નિકાલ કરવામાં આવે છે. લેબોરેટરી દ્વારા કોતરપુર ખાતેના રાસ્કા વીયર સરફેસ વોટરનું બેક્ટોરીયોલોજીકલ

તથા કેમીકલ કાંકરીયા તળાવ અને રીવરનાં પાણીના ગુણધર્મ ઉપર નિયમિત સેમ્પલ લઇ દેખરેખ રાખવામાં આવે છે.

**(૩) સુએજ ટ્રીટમેન્ટપ્લાન્ટ :-**

પિરાણા અને વાસણા ખાતેના બે કન્વેન્શનલ પ્લાન્ટનાં યુનીટોની એફીસીયન્સી નિયમિત ચેક કરવામાં આવે છે. વર્લ્ડ બેંકની સહાયથી ઉભા કરેલ વાસણા તથા પીરાણાનાં નવા પ્લાન્ટ તદ્દન અલગ ટ્રીટમેન્ટવાળા છે. સેન્ટ્રલ લેબોરેટરી દ્વારા પ્લાન્ટના રોજબરોજ સેમ્પલ કલેકશન તથા એનાલીસીસ કરવામાં આવે છે. અને પ્લાન્ટ પરફોરમન્સનો રીપોર્ટ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે મોકલી આપવામાં આવે છે.

(૪) કાંકરીયાના પાણીની ગુણવત્તા જાળવી રાખવા તેના પાણીનું નિયમિત પૃથ્થકરણ કરવામાં આવે છે.ડ્રેનેજ પંપીગ સ્ટેશન અને મેનહોલમાંથી સમયાન્તરે સેમ્પલો એકત્ર કરી એનાલીસીસ કરવામાં આવે છે.અને પ્લાન્ટ પરફોર્મન્સનો નિયમિત ડેટા કલેકશન કરવામાં આવે છે.તેનો અભ્યાસ ડેટા પ્લાન્ટ પરફોર્મન્સ માટે ખૂબજ ઉપયોગી છે.

શહેરની હદમાં નવા સમાવેલા ત્રણ મોટા જી.આઇ.ડી.સી. ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ આવેલા છે.જેમાં ઔદ્યોગિક એકમોના ટ્રેડવેસ્ટનું સી.ઇ.પી.ટી.લેવામાં આવે છે.જે ટ્રીટમેન્ટ કરી મેગાપાઇપ લાઇનમાં નાંખવામાં આવે છે.ત્રણ પ્લાન્ટના આઉટલેટનું મોનીટરીંગ સેન્ટ્રલ લેબોરેટરી દવારા કરવામાં આવે છે.

મ્યુનિ. કોર્પો. દ્વારા ખરીદવામાં આવતા કેટલાક કેમીકલ્સ જેવા કે હાઇપોકલોરાઇડસ, બ્લીચીગ પાવડર, વિ. ના જરૂર પડે સેમ્પલ લઇ એનાલીસીસ કરવામાં આવે છે. પ્રાઇવેટ સોસાયટી, ટયુબવેલ કે અન્ય જગ્યાએથી પીવાના પાણીના સેમ્પલ લઇ એનાલીસીસની કામગીરી નજીવી ફી લઇ કરવામાં આવે છે. લોકો પણ પાણીના નમુનાની ચકાસણી કરાવી શકે છે. અહેવાલી વર્ષમાં પેઇડ સેમ્પલ ફી ની આવક રૂા.૧.૬૪ લાખની થઇ છે. ઔધોગિક એકમોને તેમના ટ્રેડ વેસ્ટના સેમ્પલો માટે આ રીતેની એનાલીસીસ કામગીરી નકકી કરેલ ફી ના ધોરણે કરી આપવામાં આવે છે.

લેબોરેટરીમાં છેલ્લાં ૨ વર્ષમાં તપાસાયેલ જુદા જુદા પ્રકારના નમુનાઓની માહિતી પત્રક ૪.૧૫.૧ માં દર્શાવી છે.

**પત્રકઃ ૪.૧૫.૧**

**જુદા જુદા પ્રકારના નમુનાઓનું કરવામાં આવેલ પૃથ્થકરણની વિગત.**

| અ.ન. | વિગત | તપાસાયેલ નુમનાઓની સંખ્યા | |
|---|---|---|---|
| | | ૨૦૦૧/૨૦૦૨ | ૨૦૦૨/૨૦૦૩ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ઔધોગિક એકમોના ટ્રેડ વેસ્ટનાં નમૂના | ૮૭૦ | ૯૨૩ |
| ૨ | ન્યુ પીરાણા તથા વાસણાના લગુનના નમૂના | ૭૭૭ | ૬૧૬ |
| ૩ | કાકંરીયા,તળાવ તથા નદીના પાણેના સેમ્પલોનું રાસાયણીક પૃથ્થકરણ | ૨૧૬ | ૨૭૫ |
| ૪ | ઔધોગિક એકમોના પી.એચ.ચકાસણીના નમૂના | ૧૭૦૫ | ૧૦૬૮ |
| ૫ | પીવાના પાણીના સેમ્પલો<br>(અ) બેકટેરીયોલોજી પૃથ્થકરણ<br>(બ) રાસાયણીક પૃથ્થકરણ<br>(ક) કલોરીન ચેકીગ | <br>૧૦૨૦૯<br>૬૭૫<br>૧૦૨૦૯ | <br>૨૧૯૦૯<br>૮૭૪<br>૭૨૦૯ |
| ૬ | પંપીગ સ્ટેશન તથા મેનહોલના સેમ્પલ | ૧૮૪ | ૧૭૨ |
| ૭ | અમદાવાદ ઈલે કુ. ના તથા અન્ય સેમ્પલ | ૩૪ | ૪૨ |

## ૪.૧૬ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ

અમદાવાદ શહેરની વસ્તીમાં પ્રતિવર્ષ વધારો થવાને કારણે ગંદા પાણીના જથ્થાનું પ્રમાણ પણ ખૂબજ વધવા પામેલ છે અને તેને કારણે પંપીગ કરી નિકાલ કરવાનું તથા ટ્રીટમેન્ટ આપવાનું કામ પણ ઘણું જ વધવા પામેલ છે.

સાબરમતી નદીને કારણે પૂર્વ અને પશ્ચિમ એમ બે ભાગમાં વહેંચાયેલ અમદાવાદ શહેરમાં પૂર્વ તરફના ભાગમાં ૩૧ જેટલા સુએઝ પંપીગ સ્ટેશનો આવેલા છે.જેનું પંપીગ થયેલ સુએઝ પિરાણા ટર્મિનલ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં લઈ જવામાં આવે છે.અને જરૂરી ટ્રીટમેન્ટ આપવામાં આવે છે.

નદીના પશ્ચિમ તરફના વિસ્તારો તથા ઔડા વિસ્તારનું ગંદુ પાણી પશ્ચિમ વિસ્તારમાં આવેલા ૪ જુદા જુદા સુએઝ પંપીગ સ્ટેશનોથી પંપીગ કરી વાસણા ટર્મિનલ સુએઝ ટ્રીટમેન્ટ પંપીગ પ્લાન્ટમાં લાવવામાં આવે છે.જ્યાં આ પાણીને ટ્રીટમેન્ટ આપવામાં આવે છે.અમદાવાદ શહેર તેમજ ઔડા વિસ્તારોમાંથી આવતા ગંદા પાણીનું પ્રમાણ ખૂબજ વધી જવાથી હાલના પિરાણા તથા વાસણા વિસ્તારમાં એક એક નવા ટ્રીટમેન્ટ પ્લાન્ટસ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.જેની કન્સ્ટ્રકશનની કામગીરી પુર જોશમાં ચાલી રહી છે.

શહેરમાં પૂર્વ વિસ્તારમાં આવેલી જુદી જુદી ઔદ્યોગિક વસાહતોના ગંદા પાણીના નિકાલ માટે પણ અલગ અલગ પંપીગ સ્ટેશન પિરાણા-જી.આઈ.ડી.સી.સુએઝ પંપીગ સ્ટેશન બનાવવામાં આવેલ છે.જે કાર્યરત છે.

### (૧) વાસણા ટર્મિનલ સુએજ પંપીંગ સ્ટેશન અને સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ :-

સને ૧૯૮૯ માં વર્લ્ડ બેન્કની સહાયથી શરૂ કરવામાં આવેલ આ પંપીગ સ્ટેશનમાં અહેવાલી વર્ષમાં તમામ ઈલેક્ટ્રીકલ- મીકેનીકલ મશીનરીનું નિયમિત રીતે મરામત તથા નિભાવનું કામ કરવામાં આવેલ છે. વર્ષ દરમ્યાન દરરોજનું સરેરાશ ૪૨૪.૨૧ લાખ ગેલન (૧૯૨૬ લાખ લીટર)ગંદુ પાણી પંપીગ કરવામાં આવેલ છે.અહેવાલી વર્ષ દરમ્યાન કુલ પંપીગ કરેલ પાણીનો જથ્થો કુલ વપરાયેલ વિજળીના યુનિટસ તથા વપરાશના કલાકોની વિગત આ સાથેના પત્રક ૪.૧૬.૧ માં દર્શાવેલ છે.પંપીગ સ્ટેશનના ઈલેકટ્રીકલ ઈકવીપમેન્ટસનું ઈન્સ્પેકશન ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એક્ટ અનુસાર ઈલેકટ્રીકલ ઈન્સ્પેકટરશ્રી પાસે કરાવેલ છે.આ પંપીગ સ્ટેશનની પાસે ૭૫ એમ.એલ.ડી. કેપેસીટીનો એરેટેડ લગુન્સ પધ્ધતિનો સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ચાલુ રાખવામાં આવેલ છે.આ પ્લાન્ટમાં ટ્રીટમેન્ટ કરવામાં આવતા ગંદા પાણીનું સેન્ટ્રલ લેબોરેટરી દ્વારા નિયમિત રીતે સેમ્પલ લઈ પરિક્ષણ કરવામાં આવે છે.

### (૨) પિરાણા ટર્મિનલ સુએજ પંપીંગ સ્ટેશન અને સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ :-

વર્લ્ડ બેંકની સહાય હેઠળ સને ૧૯૯૦માં આ પંપીગ સ્ટેશન શરૂ કરવામાં આવેલ છે. આ પંપીગ સ્ટેશનમાં આવેલી તમામ ઈલેકટ્રીકલ અને મીકેનીકલ મશીનરીઝનું રેગ્યુલર ચેકિગ તથા મરામત નિભાવની કામગીરી કરવામાં આવેલ છે.આ પંપીગ સ્ટેશન વડે દરરોજનું સરેરાશ ૫૫૭ લાખ ગેલન(૨૫૩૦ લાખ લીટર) ગંદુ પાણી પંપ કરવામાં આવે છે.પંપીગ સ્ટેશનની બાજુમાં એરટેડ લગુન્સ પધ્ધતિના ૧૮૦ એમ.એલ.ડી.ની ક્ષમતાનો ટ્રીટમેન્ટ પ્લાન્ટસ આવેલો છે.વર્ષ દરમ્યાનના પંપીગની વિગત પત્રક ૪.૧૬.૧ માં દર્શાવી છે.આ પંપીગ સ્ટેશનની તમામ ઈલેકટ્રીકલ મશીનરીનું ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એક્ટ અનુસાર ઈલેકટ્રીકલ ઈન્સ્પેક્ટરશ્રી ઈન્સ્પેકશન કરાવેલ છે.ટ્રીટમેન્ટ પ્લાન્ટના ગંદા પાણીના સેન્ટ્રલ લેબોરેટરી દ્વારા સેમ્પલો લઈ પરિક્ષણ કરવામાં આવેલ છે.બંને પ્લાન્ટની કેપેસીટીની માહિતી નીચેના ટેબલમાં સામેલ છે.

| અ.નં | સુ.પ.સ્ટે. તથા ટ્રીટમેન્ટ પ્લાન્ટનું નામ | ઝોન | કેપેસીટી(લાખ-લીટર) |
|---|---|---|---|
| ૧ | વાસણા ટર્મિનલ | પશ્ચિમ | ૨૭૦.૦૦ |
| ૨ | પિરાણા ટર્મિનલ | દક્ષિણ | ૨૭૦.૦૦ |

**૩. મુખ્ય સુએઝ પંપીંગ સ્ટેશનો :-**

અમદાવાદ શહેરમાં મુખ્ય ત્રણ પંપીંગ સ્ટેશનો આવેલ છે.આ મુખ્ય સુએઝ પંપીંગ સ્ટેશનોથી સુએઝ વોટરનું પંપીંગ કરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ પર પંપીંગ કરવામાં આવે છે.આ પંપીંગ સ્ટેશનોના નામ તથા દરેકની પંપીંગ કેપેસીટીની વિગત નીચેના ટેબલમાં સામેલ છે.

| અ.નં. | મુખ્ય સુએઝ પંપીંગ સ્ટેશનનું નામ | ઝોન | કેપેસીટી(લાખ લીટર/કલાક) |
|---|---|---|---|
| | ન્યુ સબર્બન સુએઝ પંપીંગ સ્ટેશન | દક્ષિણ | ૧૨૨.૦૦ |
| ૨ | જમાલપુર સુએઝ પંપીંગ સ્ટેશન | મધ્ય | ૧૪૬.૦૦ |
| ૩ | મણિનગર સુએઝ પંપીંગ સ્ટેશન | દક્ષિણ | ૧૯૩.૫૦ |

**૪. બ્રાંન્ચ સુએઝ પંપીંગ સ્ટેશનો-**

અમદાવાદ શહેરના નદીની પૂર્વ તરફના તથા પશ્ચિમ તરફના વિસ્તારો અને અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનમાં સમાવાયેલ પૂર્વ અમદાવાદની નવી હદ સહીતના વિસ્તારમાં નાનામોટા થઈને ૨ ટર્મિનલ સુ.પં.સ્ટે.તથા ૩ મુખ્ય સુ.પં.સ્ટે.ઉપરાંત કુલ ૩૧જેટલા બ્રાંચ સુએઝ પંપીંગ સ્ટેશનો દ્વારા શહેરના તમામ વિસ્તારોનું સુએઝ વોટરનું પંપીંગ કરી મુખ્ય ત્રણ પંપીંગ સ્ટેશનો ઉપર પંપીંગ કરી ત્યાંથી જે તે પૂર્વ તથા પશ્ચિમ વિસ્તારના ટ્રીટમેન્ટ પ્લાન્ટો ઉપર ટ્રીટમેન્ટ આપી ડીસ્પોઝલ નદીમાં કરવામાં આવે છે. આ તમામ ૩૧ બ્રાંચ સુએઝ પંપીંગ સ્ટેશનો પર ત્રણ શીફ્ટમાં કર્મચારીઓ દ્વારા સતત ચોવીસ કલાક સુએઝ પંપો ચલાવવામાં આવે છે.પંપીંગ સ્ટેશનોમાં થતા ઈલેકટ્રીકલ તથા મીકેનીકલ ફોલ્ટસને ઈમરજન્સીમાં એટેન્ડ કરી દુરસ્ત કરી ડ્રેનેજ પંપીંગની કામગીરી કાર્યક્ષમ રીતે જાળવી રાખવામાં આવેલ છે.ચોમાસાની સીઝનમાં આ પંપીંગ સ્ટેશનોમાં ડ્રેનેજ લાઈનોના પાણી ઉપરાંત વરસાદી પાણી પણ પુષ્કળ પ્રમાણમાં આવે છે.જેતે પંપીંગ કરવાની કપરી કામગીરી આ પંપીંગ સ્ટેશનો દ્વારા કરવામાં આવે છે.આ સુએઝ પંપીંગ સ્ટેશનોની પંપીંગ કેપેસીટીની વિગતો પત્રક ૪.૧૬.૨માં દર્શાવેલ છે. વિજળીનો પુરવઠો બંધ થાય કે ઉપલબ્ધ ન હોય તેવા સંજોગોમાં પંપીંગની કામગીરી માટે ૬૩ કે.વી.એ.નીક્ષમતાના ડીઝલ જનરેટર સેટનો ઉપયોગ કરી સુએઝ પંપીંગ સ્ટેશનો ચાલુ રાખી ગંદા પાણીનો નિકાલ કરવામાં આવેલ છે.

૫.સુઅર ક્લીનીગ ઇક્વીપમેન્ટસ-

શહેરના જુદા જુદા ઝોન તરફથી આવતી માંગણી અનુસાર ખાતા હસ્તકના જેટીગ,ગલી એમ્પ્ટીયર,જેટીગ કમ ગલી એમ્પ્ટીયર મશીનો મોકલી આપી ડ્રેનેજ લાઇનોના ચોકીગ દૂર કરવાની તથા જરૂરી ડી-શીલ્ટીગ કરી ડ્રેનેજ લાઇનો કાર્યરત કરી ફરીયાદોનો નિકાલ કરવામાં આવેલ છે.અહેવાલી વર્ષ દરમ્યાન આવી કુલ ૩૭૦૦ જેટલી ફરિયાદોનો નિકાલ કરવામાં આવેલ છે.ઉપરાંત ડીપ સકશન મશીન વડે જુદ જુદા ડ્રેનેજ પંપીંગ સ્ટેશનોની ઈન કમીગ ચેમ્બરોમાં ડી-શીલ્ટીગ કરવાની તેમજ સ્ક્રીન ચેમ્બરો સાફ કરી આપવાની કામગીરી કરવામાં આવેલ છે.ખાતાના મશીનોને ઔડા,રીલાયન્સ ઇન્ડસ્ટ્રીજ જેવી અન્ય સંસ્થાઓમાં ભાડે મોકલી,ડ્રેનેજ ચોક અપ લાઇનોની મુશ્કેલી દુર કરી રેવન્યુ આવક મેળવવામાં આવેલ છે.

૬.ડ્રેનેજ પ્રોજેક્ટના કામો-

અહેવાલી વર્ષમાં સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતા દ્વારા નીચે મુજબના પ્રોજેક્ટના કામો કરવામાં આવેલ છે

(અ)ડ્રેનેજ પ્રોજેક્ટ-

(૧)પૂર્વ અમદાવાદના ઓઢવ-નરોડા વિસ્તારના છ સુએઝ પંપીગ સ્ટેશનોના મિકેનીકલ-ઈલેકટ્રીકલ કામો પુરા કરવામાં આવેલ છે.

(૨)પૂર્વ અમદાવાદના વટવા વિસ્તારના ત્રણ સુએઝ પંપીગ સ્ટેશનોના મિકેનીકલ ઈલેકટ્રીકલ કામો પુરા કરવામાં આવેલ છે.

(૩પિરાણા ટર્મિનલ સુએઝ પંપીગ સ્ટેશન ખાતે વધારાના બે ૪૫૦૦મીટર ઘન/કલાકની કેપેસીટીના પંપ સેટસ તથા તેને આનુષાંગિક મિકેનીકલ-ઈલેકટ્રીકલ કામો અહેવાલી વર્ષમાં ચાલુ રહેલ છે.જે આગામી વર્ષમાં પરા થઈ જશે.

(૪)જુદા જુદા ડ્રેનેજ પંપીગ સ્ટેશનોની ફીક્ષ સ્ક્રીનબારની જગાએ મુવીગ સ્ક્રીનબાર મુકવામાં આવેલ છે.

(બ)એન.આર.સી.પી.પ્રોજેક્ટ-

જમાલપુર,કેશવનગર,પાલડી તથા ન્યુ સબર્બન ડ્રેનેજ પંપીગ સ્ટેશનો ખાતે રીનોવેશનના કામો ચાલુ છે.જમાલપુર સુએઝ પંપીગ સ્ટેશન ખાતે ગ્રીટ રીમુવલ માટે ગ્રીટ રીમુવલ બકેટ મશીન કાર્યાન્વીત થયેલ છે.

**પત્રક ૪.૧૬.૧**

**ટર્મીનલ સુએજ પંપીગ સ્ટેશનોની કામગીરી દર્શાવતુ પત્રક**

| અ.નં. | પંપીંગ સ્ટેશનનું નામ | કામગીરીનો પ્રકાર | એકમ | છેલ્લા બે વર્ષની કામગીરી | |
|---|---|---|---|---|---|
| | | | | ૨૦૦૧-૦૨ | ૨૦૦૨-૦૩ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | વાસણા ટર્મીનલ સુએજ પંપીગ સ્ટેશન | પંપીગ | લાખ ગેલન | ૧૪૮૪૨૫ | ૧૫૪૯૮૩ |
| | એચ.ટી.૪૩૫ | યુનીટ | કે.ડબલ્યુ.એચ | ૪૮૫૮૮૮૦ | ૪૩૮૨૧૫૪ |
| | | સમય | કલાક | ૨૦૯૬૬ | ૨૧૩૯૬ |
| ૨ | પીરાણા ટર્મીનલ સુએજ પંપીગ સ્ટેશન | પંપીગ | લાખ ગેલન | ૨૦૮૨૬૦ | ૨૦૩૪૧૦ |
| | એચ.ટી.૪૩૬ | યુનીટ | કે.ડબલ્યુ.એચ | ૭૬૭૨૭૫૩ | ૭૮૯૫૧૧૦ |
| | | સમય | કલાક | ૩૦૨૪૫ | ૨૯૧૫૦ |

## પત્રક ૪.૧૬.૨

### બ્રાંચ સુએઝ પંપીગ સ્ટેશનો અને કેપેસીટી દર્શાવતું પત્રક

| અ.ન. | પંપીગ સ્ટેશન/પ્લાન્ટનું નામ | ઝોન | કેપેસીટી લાખ લીટર/કલાક |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૫ |
| ૧ | કેશવનગર સુએઝ પંપીગ સ્ટેશન | પશ્ચિમ | ૫.૮૫ |
| ૨ | પાલડી | | ૧૧.૨૨ |
| ૩ | શારદા સોસાયટી | | ૬.૫૦ |
| ૪ | જુહાપુરા | | ૪.૫૦ |
| ૫ | નવા ગોમતીપુર | ઉત્તર | ૮૧.૦૦ |
| ૬ | જુના ગોમતીપુર | | ૫૪.૦૦ |
| ૭ | નવા ચમનપુરા | | ૫૫.૪૦ |
| ૮ | જુના ચમનપુરા | | ૧૬.૨૦ |
| ૯ | સરદારનગર | | ૯.૯૦ |
| ૧૦ | આંબાવાડી | | ૩.૬૦ |
| ૧૧ | કુબેરનગર | | ૧૦.૮૦ |
| ૧૨ | બંગલા એરીયા | | ૩.૬૦ |
| ૧૩ | નરોડા જી.આઇ.ડી.સી. | | ૧.૮૦ |
| ૧૪ | નરોડા ગાયત્રી | | ૪.૭૩ |
| ૧૫ | અર્બુદાનગર | પૂર્વ | ૪.૭૩ |
| ૧૬ | અંબિકાનગર | | ૪.૭૩ |
| ૧૭ | રબારી વસાહત | | ૪.૭૩ |
| ૧૮ | છોટાલાલની ચાલી | | ૧૨.૧૫ |
| ૧૯ | વિરાટનગર | | ૧૨.૧૫ |
| ૨૦ | રખિયાલ | | ૪.૩૬ |
| ૨૧ | અમરાઇવાડી | | ૮.૧૦ |
| ૨૨ | મહેંદીકુવા | મધ્ય | ૮.૧૭ |
| ૨૩ | શાહીબાગ | | ૧૦.૮૯ |
| ૨૪ | નવા ગિરધરનગર | | ૨૧.૭૯ |
| ૨૫ | જુના ગિરધરનગર | | ૧૦.૮૯ |
| ૨૬ | ડફનાળા | | ૧૬.૩૪ |
| ૨૭ | દરિયાપુર | | ૯૦.૮૦ |
| ૨૮ | બહેરામપુરા | દક્ષિણ | ૨.૭૦ |
| ૨૯ | દાણીલીમડા | | ૧૦.૮૦ |
| ૩૦ | ઇસનપુર-૧ | | ૬.૪૪ |
| ૩૧ | ઇસનપુર-૨ | | ૧૦.૭૫ |
| ૩૨ | બાગેફિરદોશ | | ૨૪.૫૦ |

# ૪ .૧૭ સ્લમ નેટવર્કિંગ પ્રોજેક્ટ

અમદાવાદ શહેર વિસ્તારમાં કુલ ૧૧૨૩ જગાઓએ ઝૂંપડપટ્ટી તેમજ ૧૩૧૨ જગાઓએ ચાલીઓ સહિત કુલ ૨૪૩૫ જગાઓએ સ્લમ વિસ્તાર આવેલ છે.જેમાં આવેલ આશરે ૩.૩૫ લાખ જેટલા મકાનોમાં ૧૬.૭૭ લાખ લોકો વસવાટ કરે છે.જે અમદાવાદ શહેરની વસ્તીના લગભગ ૪૧ ટકા જેટલી થાય છે.

શહેરમાં આવેલ ઝૂંપડપટ્ટી તેમજ ચાલીઓના ગંદા વિસ્તારમાં વસતા નાગરિકોનું જીવન ધોરણ ઉંચું લાવવાના શુભાશયથી સ્લમ વિસ્તારના સ્થાનિક રહીશો શહેરના ઔદ્યોગિક ગૃહો, પ્રાઈવેટ સેકટર તેમજ બીનસરકારી સ્વૈચ્છિક સામાજીક સંસ્થાઓના સહયોગથી અ.મ્યુ.કોર્પો.એ સ્લમ નેટવર્કીંગ પ્રોજેકટ અંતર્ગત ‘‘પંડિત દિનદયાલ ઉપાધ્યાય અંત્યોદય યોજના’’ નો અમલ ઓકટોબર-૯૫ થી શરૂ કરેલ છે.

આ યોજના અંતર્ગત સ્લમ વિસ્તારમાં ઘેર- ઘેર ગટર કનેક્શન, ઘર દીઠ જાજરૂ, પાકા રસ્તા વરસાદી પાણી તથા કચરાનાં નિકાલની વ્યવસ્થા તેમજ વૃક્ષારોપણ જેવી પાયાની તમામ ભૌતિક સુવિધાઓ એક સાથે પૂરી પાડવામાં આવે છે. ઉપરાંત આ યોજનામાં જોડાનાર સ્લમ વિસ્તારોમાં આરોગ્ય , શિક્ષણ તેમજ આવકનાં સાધનો ઉભા કરવાના કામો હાથ ધરવામાં આવે છે.

ઉપરોકત તમામ સુવિધાઓ પૂરી પાડી યોજનાનો અમલ કરવા માટે મ્યુ.કોર્પો. ને આશરે અંદાજે ઘર દીઠ રૂા. ૧૫,૮૦૦/- જેટલો ખર્ચ થાય છે.

આ યોજનામાં સ્લમ વિસ્તારનાં રહીશોને લાભાર્થી નહી પણ ભાગીદાર ગણવામાં આવે છે. તેમાં જોડાવા માટે સ્લમ વિસ્તારના રહીશોએ મ્યુ.કોર્પો.ના નીતિનિયમ મુજબ નાણાંકીય ફાળો આપવાની સંમતિ સાથે યોજનામાં જોડાવા માટે અરજી કરવાની હોય છે તથા જે તે વિસ્તારનાં રહીશોએ એક મંડળ બનાવી ચેરમેન, સેક્રેટરી, તથા પ્રમુખ નક્કી કરી તેનું રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી હોય છે.

જે સ્લમ વિસ્તારમાં ગટર, પાણી, જાજરૂ જેવી હયાત સુવિધાઓને નવા આયોજનમાં બદલવાની જરૂર ના જણાય તો ઉપલબ્ધ સેવાઓને અનુલક્ષીને હયાત સુવિધા માટે ઘરદીઠ અનુક્રમે રૂા.૫૦૦/- તથા રૂા.૩૦૦/- ની રાહત આપવામાં આવે છે. બાકીની રકમ ઘરદીઠ ભરવી પડે છે. રહીશો દ્વારા બનાવેલ મંડળ રહીશો પાસેથી ઘરદીઠ રૂા.૧૦૦/- ફાળો એકત્રિત કરી મંડળ પોતે જ આ રકમનો ઉપયોગ જરૂર જણાયે કરે છે. આ અંગે વ્યવસ્થિત રેકર્ડ રાખી જે તે ખાતામાં અથવા કોઈ બેંકમાં ખાતુ ખોલાવી ફાળો જમા કરવાનો હોય છે. કોઈ રહીશ રૂા.૨૦૦૦/- એક સાથે ન ભરી શકે તો શહેરની સેવા બેંકમાં ખાતું ખોલાવી રૂા.૫૦૦/- જમા કરાવી બાકીની રકમ બેંકના નીતિનિયમ મુજબ લોનથી મેળવી શકે છે. યોજનાનો અમલ શરૂ થતાં કામના પ્રોગ્રેસ મુજબ કોન્ટ્રાકટરને બીલ ચૂકવવા માટે નિયત ફાળો મંડળ દ્વારા મ્યુ.કોર્પો.માં જમા કરાવવાનો રહે છે.

આ યોજનામાં જોડાવા ઈચ્છતા સ્લમ વિસ્તારના રહીશોની અરજી ટી.ડી.ઓ.વિભાગ દ્વારા જમીન માલિકી,ટી.પી.સ્કીમ અને ફાયનલ પ્લોટ નં. હેતુ, કોર્ટ લીટીગેશન વિ. બાબતો ચકાસી સ્કીમના અમલ માટે મ્યુ. કમિ.શ્રીની એન.ઓ.સી.મેળવ્યા બાદ ઈજનેર વિભાગ દ્વારા સ્થળ પર સર્વે કરાવી ભૌતિક સુવિધાઓ આપવા માટે પ્લાનીગ ડીઝાઈન તૈયાર કરી અંદાજ બનાવી, તેની મંજુરી બાદ ટેન્ડર મંગાવી, કોન્ટ્રાકટર દ્વારા સ્થળ પર કામ શરૂ કરવાની તજવીજ કરવા સાથે જે તે સ્લમ માટે એન.જી.ઓ. તેમજ ઈન્ડસ્ટ્રીયલ પ્રાયવેટ સેકટર પાર્ટનર નકકી કરવામાં આવે છે.

આ યોજના અંતર્ગત અરવિંદ મીલના શારદા ટ્રસ્ટ તેમજ એન.જી.ઓ.ના સહયોગથી પોટલીયા વોર્ડમાં આવેલ સંજયનગર સ્લમ વસાહત પાયલોટ પ્રોજેકટનો અમલ ૧૯૯૭-૯૮ના વર્ષ દરમ્યાન પૂર્ણ કરી તમામ ભૌતિક સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે તે જ પ્રમાણે ૯૮-૯૯ અને ૯૯-૨૦૦૦માં યોજનાઓ પૂરી કરવામાં આવેલ. સને૦૧-૦૨ના વર્ષ દરમ્યાન દક્ષિણ ઝોન બહેરામપુરા વોર્ડમાં આવેલ બાબાલવલવીનગર સ્લમ વિસ્તારમાં ભૌતિક સુવિધાઓ એકી સાથે પૂરી પાડીને તેનો લોકાર્પણ સમારંભ તા.૨/૧૦/૦૧ના રોજ યોજવામાં

આવેલ. અહેવાલી વર્ષ દરમ્યાન સ્લમ વિસ્તારના પૂર્ણ થયેલ કામોનું પત્રક ૪.૧૭.૧ અને ચાલુ કામોનું પત્રક ૪.૧૭.૨ સામેલ છે.

**આયોજન-** અ.મ્યુ.કો. હદવિસ્તારમાં સ્લમ/ચાલીઓની પ્રાથમિક તપાસ સંબંધિત ઝોન મારફત કરાવડાવી એસ્ટેટ ઓફીસર મારફત આશરે ૪૯૯ જગાઓ સંદર્ભે સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ યોજના અંતર્ગત પ્રાથમિક સુવિધાઓ આપવા માટે મ્યુ.કમિ.શ્રી એ સંમતિ આપેલ છે.જે પૈકી આશરે ૧૦૩ જગાઓ બિલકુલ સગવડો ધરાવતી નથી તેમજ આશરે ૮૭ જગાઓ અપૂરતી સગવડ ધરાવે છે.જેમાંથી ૫૯ સ્લમ વિસ્તારોમાં ભૌતિક સુવિધાઓ આપવાનુંઆયોજન વર્ષ ૨૦૦૩/૨૦૦૪માં કરવામાં આવેલ છે.આ ૫૯ સ્લમ વિસ્તારમાં હાલમાં પ્લેન ટેબલ સર્વેની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. તેમજ એન.જી.ઓ. મારફત મોટીવેશનની કામગીરી ચાલુ કરેલ છે.તેમજ ૪૫ સ્લમમાં તાકીદે જરૂરી કામો કરાવવા અંગે રૂા.૧૪.૬૩ કરોડના કામના બજેટમાંથી ટેન્ડર્સ મંગાવેલ છે. જેની મંજૂરીની વિધિ ચાલુ છે.

**પત્રક ૪.૧૭.૧**

**સને ૨૦૦૨-૦૩માં પૂર્ણ થયેલ કામોનું પત્રક**

| અ.ન. | સ્લમ વિસ્તારનું નામ | વોર્ડ/ઝોન | ઝુંપડાની સંખ્યા | થયેલ ખર્ચ (રૂા.લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | પ્રવિણનગર ગુપ્તાનગર-૧ | વાસણા(પશ્ચિમ ઝોન) | ૧૨૦૦ | ૧૮૬.૧૭ |
| | | | | |

**પત્રક ૪.૧૭.૨**

**સને ૨૦૦૨-૦૩ અંતર્ગત ચાલુ કામોનું પત્રક**

| અ.ન. | સ્લમ વિસ્તારનું નામ | વોર્ડ/ઝોન | ઝુંપડાની સંખ્યા | થયેલ ખર્ચ (રૂા.લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | પાટણનગર૧,૨ | નિકોલ(પૂર્વ ઝોન) | ૪૦૦ | ૯.૮૩ |
| | | | | |
| ૨ | સમાજ નવરચનાની ચાલી | નિકોલ(પૂર્વ ઝોન) | ૪૦ | ૫.૮૦ |
| | | | | |
| ૩ | પ્રવિણનગર ગુપ્તાનગર-૨ | વાસણા(પશ્ચિમ ઝોન) | ૮૦૦ | ૧૧૬.૦૦ |

## ૫.૧ ફાયરબ્રિગેડ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ફરજીયાત સેવાઓ પૈકીની એક સેવા ફાયર બ્રિગેડ છે.અધતન ફાયર બ્રિગેડ સેવાનું સંચાલન કરવું. પુર, આગ અતિવૃષ્ટિ જેવી કુદરતી આફતોમાં જાહેર કે ખાનગી મિલ્કતોનું થતું નુકશાન તેમજ માનવસર્જીત અકસ્માતોમાં બચાવની કામગીરી આ ખાતાના કર્મચારીઓ બજાવે છે. જે ચીફ ઓફિસર શ્રી બિપીન સી. જાડેજાની દેખરેખ નીચે ચાલે છે. શહેરનો વિસ્તાર ૧૯૦.૮૪ ચો.કી.મી.નો છે. ઉપરાંત નજીકના ગામો કે શહેરને સમય આવે અમદાવાદ ફાયર બિગેડ સેવા આપવા તૈયાર રહે છે. શહેરમાં કુલ ૧૦ ફાયર સ્ટેશનો છે.

(૧)દાણાપીઠ ફાયર સ્ટેશન
(૨)પાંચકુવા ફાયર સ્ટેશન
(૩)જમાલપુર ફાયર સ્ટેશન
(૪)શાહપુર ફાયર સ્ટેશન
(૫)ગોમતીપુર ફાયર સ્ટેશન
(૬)નરોડા ફાયર સ્ટેશન
(૭)મેમનગર ફાયર સ્ટેશન
(૮)સાબરમતી ફાયર સ્ટેશન
(૯)ઓઢવ ફાયર સ્ટેશન
(૧૦)મણિનગર ફાયર સ્ટેશન

ફાયર બ્રિગેડ ખાતામાં ફાયર સર્વિસને લગતી ૩૯૫ જગાઓ, વહીવટી સ્ટાફને લગતી ૧૨ જગાઓનો સમાવેશ થાય છે, જે પૈકી ફાયર સર્વિસને લગતી ૧૦૧ અને વહીવટી સ્ટાફને લગતી ૩ જગા ખાલી છે.

ફાયર બિગ્રેડ ખાતાનો કુલ ખર્ચ રૂા.૫૬૭.૦૮ લાખનો છે. જુદા જુદા ફાયર સ્ટેશનોની વાહનોની સંખ્યા અંગે વિગતવાર માહિતી દર્શાવતુ પત્રક ૫.૧.૧ આ સાથે સામેલ છે.

**<u>આગના કોલની માહિતી :</u>**

અહેવાલી વર્ષ દરમ્યાન આગના કુલ ૧૬૩૯ કોલ્સ આવ્યા હતા. જેમાં મ્યુ. કોર્પો.ની હદ અંદરના આગના કોલ્સની સંખ્યા ૧૪૭૯ જેટલી હતી.હદ બહારના કોલ્સની સંખ્યા ૧૬૦ ની હતી.અહેવાલી વર્ષ દરમ્યાન જુદા જુદા ફાયર સ્ટેશનોના આગના કોલ્સની માસવાર માહિતી પત્રક ૫.૧.૨ માં દર્શાવવામાં આવી છે.શહેરના જુદા જુદા ફાયર સ્ટેશનોમાં આવેલ બચાવ કોલની માસવાર માહિતી પત્રક ૫.૧.૩ માં દર્શાવી છે.કોર્પો.ની હદની અંદરના બચાવ કોલની સંખ્યા ૩૮૬ અને હદ બહારના બચાવ કોલની સંખ્યા ૨૭ મળી કુલ બચાવ કોલ ૪૧૩ થયેલ છે .

અમદાવાદ મ્યુ.કોર્પો.ની હદની અંદરના આગનાં બનાવની પ્રકાર મુજબની માહિતી સામેલ પત્રક ૫.૧.૪ માં તથા હદ બહારનાં આગનાં બનાવની પ્રકાર મુજબની માહિતી પત્રક ૫.૧.૫ માં દર્શાવી છે. મ્યુ.હદની અંદર આગ તથા પાણીથી અંદાજે રૂા. ૬૧૮૪.૭૪ લાખ અને હદ બહાર આશરે રૂા૨૫૭.૮૫ લાખનું નુકશાન થયું હતું.

અહેવાલી વર્ષમાં ઝેરી ગેસ લીકેજ કોલ હદઅંદરના ૪ અને હદ બહારના ૨,જ્વલનશીલ ગેસ લીકેજના કોલ હદ અંદરના ૪૫ અને હદ બહારના ૧૦,પાણીમાં ડુબી જવાના કોલ હદ અંદરના ૨૮ અને હદ બહારના ૪કોલ મળેલ છે.કોલમાં થયેલ માનવહાનિ અને જાનવરહાનિની વિગત પત્રક ૫.૧.૬માં આપેલ છે.

અહેવાલી વર્ષમાં એમ્બ્યુલન્સ વાન માટેના કુલ ૬૧૨૩ કોલ્સ આવ્યા હતા. જેમાં સરકારી કોલ-૩૩૬૪ માફી કોલ્સ-૨૧૯૦ અને અન્ય કોલની સંખ્યા ૫૬૯ જેટલી થાય છે.વર્ષ દરમ્યાન એમ્બ્યુલન્સવાન માટે ૧૬૭૮૨ ચાર્જકોલ મળ્યા હતા.જેમાં મ્યુ.હદ અંદરના ૧૪૨૨૮ અને હદ બહારના ૨૫૫૪ નો સમાવેશ થતો હતો.શબવાહિની માટે કુલ ૪૯૮૪ કોલ મળ્યાહતા જેમાં સરકારી કોલ ૨૯૨૦ અને માફી કોલ ૬૪૮ હતા. વર્ષ દરમ્યાન શબવાહિની માટે કુલ ૧૪૦૩૫ ચાર્જ કોલ મળ્યાહતા. બંનેની છેલ્લાં ૨ વર્ષની આવકની તથા કુલ કોલ્સની માહિતી પત્રક ૫.૧.૭ માં દર્શાવી છે.

એમ્બ્યુલન્સ કારનાં દર મ્યુનિ.હદની અંદરનાં ઉપયોગ માટે પ્રથમ કલાક અગર તેનાં ભાગનાં રૂા.૧૬/- અને ત્યાર પછીના દર એક એક કલાક અગર તેના ભાગનાં રૂા. ૧૨/- લેવામાં આવે છે. મ્યુનિ.હદથી ૮ કિ.મી. અંદરનાં ઉપયોગ માટે દર કલાક અગર તેનાં ભાગનાં રૂા. ૨૦/- અને મ્યુ. હદ થી ૮ કિ.મી.ની બહારનાં ઉપયોગ માટે દર કિ.મી. રૂા.૩ /- વેઈટીંગ ચાર્જ પ્રથમ ૩૦ મિનીટ બાદ કરતાં તે પછીના દરેક ૩૦ મીનીટ કે તેના ભાગનાં રૂા.૨૦/- લેવામાં આવે છે.

શબવાહિનીના દર મ્યુનિ.હદના ઉપયોગ માટે દર કલાક અગર તેના ભાગ માટે રૂા.૧૬/- અને હદ બહારનાં ઉપયોગ માટે દર કિ.મી. રૂા. ૩/- પ્રમાણે લેવામાં આવે છે. પ્રથમ ૩૦ મિનિટ બાદ કરતાં ત્યારપછીનાં દર ૩૦ મીનીટ અગર તેનાં ભાગનાં રૂા. ૨૦ /- લેવામાં આવે છે.

ફાયર બ્રિગેડનાં કર્મચારીઓ તથા મ્યુનિ. કાઉન્સીલરશ્રીઓની યાદી પ્રમાણે એમ્બ્યુલન્સની ફ્રી સર્વિસ આપવામાં આવે છે

અહેવાલી વર્ષ દરમ્યાન એમ્બ્યુલન્સ તથા શબવાહિની કુલ આવક રૂા. ૧૦.૧૩ લાખ જેટલી થઇ હતી.

**પત્રક ૫.૧.૧**

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ફાયરબ્રિગેડમાં વર્ષ ૨૦૦૨-૦૩ દરમ્યાન ફાયર સ્ટેશન પ્રમાણે વાહન દર્શાવતુ પત્રક**

| ફાયર સ્ટેશનનું નામ | ફાયર ફાયટર | વોટર ટેન્કર | ફાયર એન્જીન | ટર્ન ટેબલ લેડર | ઈમર જન્સી ટેન્ડર | એર ફ્રેશ ટેન્ડર | ક્રેઈ ન | ફાયર જીપ | સ્નોર કેલ | બ્લડ કલેક્શન વાન | રેસ્કયુ વાન | એ કા ર | શબ વાહિની | શબ વાહિની બસ | ડ્રાય પાવડર ટ્રોલી | ટેલર પંપ | સુમો એ કાર ટો.વા બસ | કોમ્પ્યુ વાન | ટાટા સુમો | એમ્બે સેડર | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ |
| દાણાપીઠ | ૨ | ૩ | -- | -- | ૧ | ૧ | -- | ૧ | ૧ | - | ૧ | ૫ | ૧ | ૧ | ૧ | ૧ | ૩ | ૧ | ૨ | -- | ૨૫ |
| પાંચકુવા | ૨ | ૨ | -- | ૧ | -- | -- | -- | | -- | -- | -- | ૨ | ૨ | -- | -- | -- | | - | - | - | ૯ |
| જમાલપુર | ૨ | ૩ | - | - | - | - | ૧ | ૧ | - | - | - | ૧ | ૨ | - | - | - | | - | - | -- | ૧૦ |
| શાહપુર | ૨ | ૨ | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | ૨ | ૧ | -- | -- | ૧ | | -- | -- | --- | ૮ |
| મણિનગર | ૧ | ૩ | -- | -- | ૧ | -- | -- | ૨ | -- | -- | -- | ૧ | ૧ | -- | -- | -- | - | -- | -- | ૧ | ૧૦ |
| ગોમતીપુર | ૨ | ૨ | -- | -- | -- | -- | -- | ૧ | -- | -- | -- | ૧ | ૧ | -- | -- | ૧ | | -- | -- | --- | ૮ |
| નરોડા | ૧ | ૩ | -- | -- | -- | -- | -- | ૧ | -- | -- | -- | ૨ | ૨ | -- | -- | -- | | -- | -- | --- | ૯ |
| મેમનગર | ૨ | ૩ | ૧ | -- | ૧ | -- | -- | ૧ | -- | -- | -- | ૨ | ૧ | -- | -- | ૧ | | -- | -- | -- | ૧૨ |
| ઓઢવ | ૧ | ૨ | -- | -- | -- | -- | -- | -- | -- | ૧ | -- | ૧ | ૧ | -- | -- | -- | | -- | -- | --- | ૬ |
| સાબરમતી | ૧ | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | ૧ | -- | -- | -- | -- | | -- | -- | --- | ૨ |
| **કુલ** | **૧૬** | **૨૩** | **૧** | **૧** | **૩** | **૧** | **૧** | **૭** | **૧** | **૧** | **૧** | **૧૮** | **૧૨** | **૧** | **૧** | **૪** | **૩** | **૧** | **૨** | **૧** | **૯૯** |

## પત્રક ૫.૧.૨

## વર્ષ ૨૦૦૨-૦૩ દરમ્યાન અમદાવાદ ફાયર બ્રિગેડના જુદા જુદા ફાયર સ્ટેશનોએ બજાવેલ અંગાર કોલનું માસવાર માહિતી પત્રક

| અ.નં. | માસ | કુલ આગના કોલ | દાણાપીઠ ફાયર સ્ટેશન | જમાલપુર ફાયર સ્ટેશન | નરોડા ફાયર સ્ટેશન | પાંચકુવા ફાયર સ્ટેશન | ગોમતીપુર ફાયર સ્ટેશન | શાહપુર ફાયર સ્ટેશન | મેમનગર ફાયર સ્ટેશન | મણિનગર ફાયર સ્ટેશન | ઓઢવ ફાયર સ્ટેશન | સાબરમતી ફાયર સ્ટેશન |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| ૧. | એપ્રિલ | ૪૬૧ | ૯૪ | ૯૧ | ૬૦ | ૪૪ | ૫૦ | ૪૮ | ૨૯ | ૨૪ | ૧૪ | ૭ |
| ૨. | મે | ૨૨૯ | ૬૧ | ૩૫ | ૧૮ | ૧૫ | ૧૧ | ૨૫ | ૧૯ | ૨૭ | ૧૨ | ૬ |
| ૩. | જુન | ૮૦ | ૪ | ૧૦ | ૧૧ | ૫ | ૭ | ૧૦ | ૧૨ | ૯ | ૮ | ૪ |
| ૪. | જુલાઈ | ૬૬ | ૯ | ૮ | ૬ | ૩ | ૪ | ૭ | ૧૧ | ૧૦ | ૬ | ૨ |
| ૫. | ઓગષ્ટ | ૬૪ | ૮ | ૭ | ૭ | ૫ | ૭ | ૯ | ૯ | ૬ | ૨ | ૪ |
| ૬. | સપ્ટેમ્બર | ૪૬ | ૮ | ૬ | ૪ | ૩ | ૪ | ૫ | ૮ | ૩ | ૫ | - |
| ૭. | ઓક્ટોબર | ૧૨૫ | ૧૯ | ૯ | ૨૦ | ૧૨ | ૧૦ | ૧૧ | ૨૨ | ૧૨ | ૧૦ | - |
| ૮. | નવેમ્બર | ૧૫૬ | ૨૦ | ૧૪ | ૧૭ | ૧૩ | ૨૩ | ૧૮ | ૨૧ | ૧૯ | ૧૦ | ૧ |
| ૯. | ડીસેમ્બર | ૯૬ | ૧૫ | ૧૪ | ૧૬ | ૪ | ૮ | ૫ | ૧૫ | ૧૩ | ૬ | - |
| ૧૦. | જાન્યુઆરી | ૧૦૮ | ૧૫ | ૧૬ | ૧૬ | ૬ | ૧૦ | ૧૪ | ૧૪ | ૧૧ | ૬ | - |
| ૧૧. | ફેબ્રુઆરી | ૮૫ | ૧૫ | ૧૦ | ૧૫ | ૩ | ૧૦ | ૮ | ૧૩ | ૪ | ૭ | - |
| ૧૨. | માર્ચ | ૧૨૩ | ૯ | ૧૫ | ૨૧ | ૬ | ૧૫ | ૧૨ | ૧૯ | ૧૮ | ૬ | ૨ |
| | કુલ | ૧૬૩૯ | ૨૭૭ | ૨૩૫ | ૨૧૧ | ૧૧૯ | ૧૫૯ | ૧૭૨ | ૧૯૨ | ૧૫૬ | ૯૨ | ૨૬ |

## પત્રક ૫.૧.૩
## વર્ષ ૨૦૦૨-૦૩ દરમ્યાન અમદાવાદ ફાયર બ્રિગેડના જુદા જુદા ફાયર સ્ટેશનોએ બજાવેલ બચાવ કોલનું માસવાર માહિતી પત્રક

| અ.નં. | માસ | કુલ બચાવ કોલ | દાણાપીઠ ફાયર સ્ટેશન | જમાલપુર ફાયર સ્ટેશન | નરોડા ફાયર સ્ટેશન | પાંચકુવા ફાયર સ્ટેશન | ગોમતીપુર ફાયર સ્ટેશન | શાહપુર ફાયર સ્ટેશન | મેમનગર ફાયર સ્ટેશન | મણિનગર ફાયર સ્ટેશન | ઓઢવ ફાયર સ્ટેશન | સાબરમતી ફાયર સ્ટેશન |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| ૧. | એપ્રિલ | ૨૪ | ૧ | ૪ | ૩ | - | ૧ | ૩ | ૪ | ૧ | ૭ | - |
| ૨. | મે | ૧૬ | ૩ | - | ૨ | ૧ | ૨ | ૩ | ૨ | ૨ | ૧ | - |
| ૩. | જુન | ૫૫ | ૩ | ૬ | ૫ | ૩ | ૭ | ૯ | ૮ | ૮ | ૫ | ૧ |
| ૪. | જુલાઈ | ૩૫ | ૪ | ૩ | ૪ | - | ૧ | ૬ | ૬ | ૫ | ૫ | ૧ |
| ૫. | ઓગષ્ટ | ૩૦ | ૬ | ૨ | ૩ | ૧ | ૨ | ૫ | ૨ | ૬ | ૩ | - |
| ૬. | સપ્ટેમ્બર | ૪૨ | ૬ | ૭ | ૭ | ૧ | ૪ | ૩ | ૫ | ૬ | ૩ | - |
| ૭. | ઓક્ટોબર | ૩૦ | ૩ | ૪ | ૬ | - | ૨ | ૪ | ૬ | ૪ | ૧ | - |
| ૮. | નવેમ્બર | ૨૭ | ૮ | ૫ | ૩ | ૧ | ૧ | ૨ | ૩ | ૩ | - | ૧ |
| ૯. | ડીસેમ્બર | ૪૧ | ૩ | ૪ | ૮ | ૧ | ૩ | ૭ | ૯ | ૩ | ૨ | - |
| ૧૦. | જાન્યુઆરી | ૩૮ | ૭ | ૫ | ૬ | ૩ | ૬ | ૨ | ૩ | ૩ | ૨ | ૧ |
| ૧૧. | ફેબ્રુઆરી | ૪૮ | ૧૧ | ૬ | ૫ | ૩ | ૫ | ૪ | ૫ | ૪ | ૩ | ૧ |
| ૧૨. | માર્ચ | ૨૭ | ૭ | ૪ | ૪ | ૧ | ૨ | ૨ | ૩ | ૩ | - | ૧ |
| | કુલ | ૪૧૧ | ૬૪ | ૫૦ | ૫૬ | ૧૫ | ૩૫ | ૫૦ | ૫૬ | ૪૭ | ૩૩ | ૭ |

**પત્રક ૫.૧.૪**

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હદ અંદર વર્ષ ૨૦૦૨-૦૩ દરમ્યાન આગના બનાવની માહિતી**

(રૂા.લાખમાં)

| અ.નં. | આગના પ્રકાર | સ્મોલ | મીડીયમ | સીરીયસ | અંદાજે નુકશાન |
|---|---|---|---|---|---|
| ૧. | કેમીકલ્સ કલરની આગ | ૫૦ | ૮૦ | ૪૩ | ૪૫૦૦.૦૦ |
| ૨. | ઘરની આગ | ૧૬૦ | ૧૩૮ | ૨૦ | ૭૦.૦૦ |
| ૩. | ઝૂંપડપટ્ટીની આગ | ૩૫ | ૪૫ | ૨૮ | ૫૫.૦૦ |
| ૪. | સેલ્યુલોઝ,સ્પેઈન, લીક્વીડ, કેરોસીન | ૨૭ | ૩૦ | ૨૨ | ૩૮.૦૦ |
| ૫. | ઈલેક્ટ્રીક સર્કીટ, ડેકોરેશન, ઈન્સ્ટોલેશન | ૨૪ | ૨૫ | ૧૦ | ૬૫.૦૦ |
| ૬. | પેટ્રોલીયમ , ઓઈલ, રીફાઈનીગ | ૧૮ | ૨૭ | ૮ | ૭૦.૧૫ |
| ૭. | શોપ્સ ઓફિસ , કોમર્શીયલ | ૩૨ | ૨૬ | ૧૦ | ૭૫.૦૦ |
| ૮. | થીયેટર , સિનેમા,ડાન્સહોલ,હોટલ / રેસ્ટોરન્ટ | ૪ | ૧૮ | ૫ | ૨.૨૦ |
| ૯. | શિક્ષા વાંચનાલય , હોસ્પિટલ | ૧૪ | ૧૭ | - | ૩.૩૦ |
| ૧૦. | બેંકિંગ ક્ષેત્રે | ૮ | ૩૯ | ૫ | ૨૨.૦૪ |
| ૧૧. | ગેસ બોટલ, ઈલેક્ટ્રીક વોટર સુએઝ | ૫૦ | ૫૨ | ૧૨ | ૩.૩૩ |
| ૧૨. | ખેતરો ઘાંસની ગંજી વિગેરે | ૨૬ | ૨૮ | ૮ | ૫.૫૦ |
| ૧૩. | રેલ્વે રોડ વ્હીકલ | ૨૨ | ૨૪ | ૧૦ | ૧૦.૦૮ |
| ૧૪. | સ્ટોરેઝ, કોલસા ગોડાઉન | ૧૪ | ૨૭ | ૨૦ | ૧૪.૦૦ |
| ૧૫. | રુ ગોડાઉન તેમજ કોટન ગાંસડીઓ | ૮ | ૧૫ | ૮ | ૫૫૦.૦૦ |
| ૧૬. | ટેક્ષટાઈલ મીલો, ઈન્ડસ્ટ્રીઝ / કારખાના | ૧૯ | ૭૨ | ૯ | ૬૫૦.૦૩ |
| ૧૭. | કાપડની દુકાનો તથા અન્ય દુકાનો | ૩૬ | ૬૦ | ૮ | ૧૧.૦૦ |
| ૧૮. | ઝાડના ઠુંઠ ા તથા લાકડાં | ૧૦ | ૧૯ | ૧ | ૧.૭૦ |
| ૧૯. | પ્રિન્ટીગ મશીન પ્રેસ | ૧૨ | ૧૩ | ૩ | ૧૫.૦૦ |
| ૨૦. | મંદિર તથા મસ્જિદ | ૧૯ | ૧૭ | ૧૩ | ૧.૪૦ |
| ૨૧. | પરચુરણ આગ | ૧૧ | ૨૨ | ૧૦ | ૨૨.૦૦ |
| | **કુલ** | **૫૯૯** | **૭૯૪** | **૨૫૩** | **૬૧૮૪.૭૩** |

**પત્રક ૫.૧.૫**

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હદ બહાર વર્ષ ૨૦૦૨-૦૩ દરમ્યાન આગના બનાવની માહિતી**

| અ.નં. | આગના પ્રકાર | સ્મોલ | મીડીયમ | સીરીયસ | અંદાજે નુકશાન( રૂ.લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૧. | કેમીકલ્સ કલરની આગ | ૧૫ | ૫ | - | ૯.૫૦ |
| ૨. | ઘરની આગ | ૧૦ | ૧૦ | - | ૩.૫૦ |
| ૩. | સેલ્યુલોઝ,સ્પેઈન, લીક્વીડ, | - | - | - | - |
| ૪. | ઈલેક્ટ્રીક સર્કીટ, ડેકોરેશન | ૨ | - | - | ૬.૫૦ |
| ૫. | પેટ્રોલીયમ , ઓઈલ, રીફાઈનીગ | ૪ | ૨ | - | ૮૫.૦૦ |
| ૬. | શોપ્સ ઓફિસ , કોમર્શીયલ | ૨ | ૧ | - | ૬૫.૦૦ |
| ૭. | થીયેટર , સિનેમા,ડાન્સહોલ, | - | - | - | - |
| ૮. | રેલ્વે રોડ વેહીકલ્સ | ૪ | ૨ | - | ૩૦.૦૦ |
| ૯. | સ્ટોરેજ કોલસાના ગોડાઉન,કાગળ ગોડાઉન,રુ ગોડાઉન વિગેરે | - | - | - | - |
| ૧૦. | ટેક્ષટાઈલ્સ મીલો ઈન્ડસ્ટ્રીજ | ૫ | ૨ | - | ૪૦.૦૦ |
| ૧૧. | કાપડની તથા અન્ય દુકાનો | ૩ | ૧ | - | ૫.૫૦ |
| ૧૨. | પ્રિન્ટીગ મશીન પ્રેસ | ૧ | ૧ | - | ૯.૫૦ |
| ૧૩. | ગેસ અને સ્ટવની આગ | ૧ | ૩ | -- | ૦.૫૫ |
| ૧૪. | ઘાસની આગ | ૪ | ૨ | - | ૨.૮૦ |
| ૧૫. | પરચૂરણ આગ | - | - | - | - |
| ૧૬. | મંદિર,મસ્જિદ,દેવળની આગસ | - | - | | - |
| | **કુલ** | **૫૧** | **૨૯** | - | **૨૫૭.૮૫** |

**પત્રક ૫.૧.૬**

**૨૦૦૨-૦૩ દરમ્યાન આગમાં તથા બચાવકોલમાં ઈજા પામેલ તથા મરણ પામેલાંની વિગત દર્શાવતુ પત્રક**

| વિગત | આગનાં કોલ | | | | | | બચાવના કોલ | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઈજા | | | મરણ | | | ઈજા | | | મરણ | | |
| | હદ અંદર | હદ બહાર | કુલ | હદ અંદર | હદ બહાર | કુલ | હદ અંદર | હદ બહાર | કુલ | હદ અંદર | હદ બહાર | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| મનુષ્ય | ૩૦ | ૧૪ | ૪૪ | ૨૫ | - | ૨૫ | ૧૩ | ૧૫ | ૨૮ | ૧૪ | ૬ | ૨૦ |
| | | | | | | | | | | | | |
| જાનવર | ૮ | ૧૦ | ૧૮ | ૩ | ૧ | ૪ | ૬૦ | ૬ | ૬૬ | ૩ | ૧ | ૪ |
| | | | | | | | | | | | | |
| પક્ષી | ૯ | - | ૯ | - | - | - | - | ૫ | ૫ | - | - | - |

**પત્રક ૫.૧.૭**

**ફાયર ખાતાના એમ્બ્યુલન્સ વાનની તથા શબવાહિનીની કુલ કોલ તથા આવકની છેલ્લા બે વર્ષની માહિતી દર્શાવતુ પત્રક**

| અ.નં. | વાહનનો પ્રકાર | કોલની માહિતી | | | | આવક (રૂા.લાખ) | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | માફી | સરકારી | અન્ય | કુલ | ચાર્જ કોલ | ૦૧-૦૨ | ૦૨-૦૩ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | એમ્બ્યુલન્સ | ૨૧૯૦ | ૩૩૬૪ | ૫૬૯ | ૬૧૩૩ | ૧૬૭૮૧ | ૪.૯૧ | ૪.૪૯ |
| | | | | | | | | |
| ૨ | શબ વાહિની | ૬૪૮ | ૨૯૨૦ | ૧૪૧૬ | ૪૯૮૪ | ૧૪૦૩૫ | ૫.૫૭ | ૫.૬૩ |
| | **કુલ** | | | | | | **૧૦.૪૮** | **૧૦.૧૨** |

# ૫.૧ કોમ્યુનીકેશન વિભાગ

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનમાં કોમ્યુનીકેશન ઓફિસર શ્રી એન.સી.મહેતાની દેખરેખ હેઠળ સમગ્ર કોર્પોરેશનના જુદા જુદા ખાતાઓની જરૂરીયાત મુજબની કોમ્યુનિકેશન વ્યવસ્થા ગોઠવી આપવામાં આવે છે. ઉપરાંત રાષ્ટ્રીય કાર્યક્રમો, રાજય સરકાર દ્વારા ચૂંટણી પ્રસંગોએ તેમજ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચો, લોકમેળા વિગેરે કાર્યક્રમોમાં માંગણી કરવામાં આવે ત્યારે વાયરલેસ, કોમ્યુનીકેશનની વ્યવસ્થા પૂરી પાડવામાં આવે છે.કોર્પોરેશનના ઇમરજન્સી ખાતાઓ જેવા કે ફાયર બ્રિગેડ, રાસ્કા વિયર પ્રોજેકટ, એમ્બ્યુલન્સ સેવાઓ હોસ્પિટલો તેમજ સીકયોરીટી વિગેરેને વાયરલેસ તેમજ પેજીંગ સીસ્ટમ જેવી સેવાઓ સતત ૨૪ કલાક પુરી પાડવામાં આવે છે. આકસ્મીક અને કુદરતી હોનારત જેવી કે ધરતીકંપ, અતિવૃષ્ટિ જેવા સમયે પણ જુદી જુદી જગાએ કંટ્રોલરૂમો ઉભા કરી કોમ્યુનિકેશનની વ્યવસ્થા જાળવી રાખવામાં આવે છે. ફાયર બ્રિગેડ, ઓકટ્રોય તેમજ ઝોનલ કંટ્રોલરૂમોના વાયરલેસ સેટો તેમજ તેમાંના સાધનોની જાળવણી આ વિભાગ દ્વારા થાય છે.

ભારતભરમાં અ.મ્યુ.કોર્પો.એ પોતાની આગવી પેજીંગ સીસ્ટમ ઉભી કરેલ છે. જેના દ્વારા દરેક ખાતાઓને સાંકળી લેવામાં આવ્યા છે. પેજીંગ કંટ્રોલ મારફતે આશરે દરરોજના ૫૦૦ થી ૬૦૦ મેસેજ આપ-લે થાય છે. આમ, વાર્ષિક બે લાખનો પેજીંગનો મેસેજ રેકોર્ડ કરવામાં આવે છે. ભારતમાં પ્રથમવાર પાંચ ચેનલની વી.એચ.એફ. ચેનલ ઉભી કરવામાં આવેલ છે. આ સીસ્ટમ કોર્પો.ની માલિકીની હોવાથી વાયરલેસ દ્વારા ટેલીફોન કનેકટીવીટી પેજીંગ મેસેજ તેમજ ઝડપી કોમ્યુનીકેશનની વ્યવસ્થા ઉપલબ્ધ થઇ શકી છે. સદરહું સીસ્ટમથી કોર્પો.ના રીકરીંગ ખર્ચમાં ઘટાડો થઇ શકયો છે અને જાહેર જનતાને ઝડપી સેવાઓનો લાભ મળી રહયો છે. અ.મ્યુ. કોર્પો.માં મુખ્ય પાંચ કંટ્રોલરૂમો છે.

(૧) દાણાપીઠ ફાયર કંટ્રોલરૂમ.
(૨) મણિનગર વાયરલેસ કંટ્રોલરૂમ.
(૩) ઉસ્માનપુરા ઓકટ્રોય કંટ્રોલરૂમ.
(૪) અ.મ્યુ.કોર્પો. કંટ્રોલરૂમ.
(૫) પેજીંગ કંટ્રોલ રૂમ

કોમ્યુનીકેશન ખાતાનાં અધિકારીશ્રી તેમજ સ્ટાફની વિગત નીચે મુજબ છે.

| | કુલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| (૧) કોમ્યુનીકેશન ઓફિસર | ૧ | --- |
| (૨) આસી. વાયરલેસ ઓફિસર | ૧ | ૧ |
| (૩) રેડિયો મીકેનીક | ૪ | --- |
| (૪) ટેલીફોન કમ વાયરલેસ ઓપરેટર | ૨૨ | ૨૨ |
| (૫) વાયરલેસ ઇલેકટ્રીશીયન | ૪ | ૨ |
| (૬) વાયરલેસ હેલ્પર | ૪ | --- |
| કુલ જગા | ૩૬ | ૨૫ |

હાલમાં એડમીનીસ્ટ્રેટીવ સ્ટાફ ફાળવવામાં આવેલ ન હોવાથી ફાયરખાતાનાં એડમીનીસ્ટ્રેટીવ સ્ટાફ દ્વારા કામગીરી કરાવવામાં આવે છે. આ ખાતાનો એસ્ટા. ખર્ચ રૂા. ૧૧.૪૩ લાખ થયેલ છે. અહેવાલી વર્ષમાં ખાતા પાસેના હયાત સાધનોની વિગતવાર માહિતી પત્રક ૫.૧.૧માં દર્શાવી છે.

આ ખાતા દ્વારાં અન્ય ખાતાઓને ફાળવવામાં આવીલ વાયરલેસ સેટસ, પેજરો, ઝોનલ ઓફિસમાં ફાળવવામાં આવેલ સાધનો, કંટ્રોલ રૂમ ખાતે ફાળવેલ સાધનો જેવા કે પાવર સપ્લાય, બેટરીઓ, એન્ટેના, યુ.પી.એસ., ઈન્વટેર, ડુપ્લેક્ષર, ટ્રાન્સમીટર, ઈપીએબીએકસ, પી.એ.સીસ્ટમ. કંટ્રોલર, પીપલ ફાઈન્ડર, વિ. મળીને કુલ આશરે ૧૬૦૧ નંગ જુદા જુદા સાધનોની મરામત તેમજ નિભાવ કોમ્યુનીકેશન વિભાગ દ્વારા કરવામાં આવે છે. આ સાધનોનાં વર્ષ દરમ્યાન બ્રેકડાઉન આશરે ૨૩૮૯ એટેન્ડ કરવામાં આવેલ છે.પેજીંગ કંટ્રોલ રૂમ મારફતે વાર્ષિક અંદાજે ૨,૦૦,૪૮૦ મેસેજ ટ્રાન્સમીટ કરી મોકલવામાં આવેલ છે.

૧૦૧ અને ૧૦૨ ફાયર કંટ્રોલરૂમની ઈમરજન્સી ટેલીફોન લાઈનો ઉપર આશરે ૫૨૫૦૦ માસીક કોલ આવે છે. જેથી વાર્ષિક આશરે ૫,૭૧,૨૦૦ જેટલા ટેલીફોન કોલ્સ રીસીવ કરવામાં આવે છે.

અહેવાલી વર્ષમાં નીચે જણાવેલ રાજય સરકાર કે રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમોમાં વધારાની કોમ્યુનીકેશન વ્યવસ્થા આ વિભાગ દ્વારા કરવામાં આવેલ છે.

(૧) વરસાદી સીઝનમાં ખારીકટ કેનાલ,વાસણાા બેરેજ,ટાગોર કંટ્રોલ રૂમ વિગેરે સ્થળોએ કોમ્યુનીકેશનની વ્યવસ્થા

(૨) પોલીયો કાર્યક્રમ દરમ્યાન કોમ્યુનીકેશનની વ્યવસ્થા

(૩) ક્રિકેટ મેચ દરમ્યાન સ્ટેડિયમમાં  કોમ્યુનીકેશનની વ્યવસ્થા.

(૪) રાજય સરકારદ્વારા આયોજીત કરવામાં આવેલ કાર્યક્રમ સમયે કોમ્યુનીકેશનની વ્યવસ્થા

(૫) રથયાત્રા દરમ્યાન

(૬) ગણેશ વિસર્જન સમયે

(૭) જાહેર પ્રદર્શનો, સર્કસના કાર્યક્રમોમાં

અહેવાલી વર્ષમાં કોમ્યુનીકેશન વિભાગનો કુલ ખર્ચ રૂા.૫૫.૨૪ લાખ થવા પામેલ છે.

## પત્રક ૫.૧.૨
## કોમ્યુ. ખાતા પાસેના સાધનોની માહિતી દર્શાવતુ પત્રક

| અ.નં. | વિગત | જથ્થો (નંગ) |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | વી.એચ.એફ.વાયરલેસ સેટ. | ૪૮૫ |
| ૨ | રીપીટર સીસ્ટમ | ૬ |
| ૩ | ફુલ ડુપ્લેક્ષ સીસ્ટમ | ૨ |
| ૪ | પાંચ ચેનલ વી.એચ.એફ. ટ્રંક સીસ્ટમ | ૧ |
| ૫ | ડી.સી.પાવર સપ્લાય | ૧૬૦ |
| ૬ | ગ્રાઉન્ડપ્લેન એન્ટેના સીસ્ટમ | ૧૬૦ |
| ૭ | ૧૨ વોલ્ટ ૧૨૦ એ.એચ. બેટરી | ૧૭૦ |
| ૮ | ઈન્વટર સીસ્ટમ વીથ બેટરી બેક અપ | ૧૨ |
| ૯ | યુ.પી.એસ.વીથ બેટરી બેક અપ | ૨ |
| ૧૦ | ૨+૬ ઇ.પી.એ.બી.એકસ | ૧૩ |
| ૧૧ | ૧૦ x૫૬ઇ.પી.એ.બી.એક્સ | ૧ |
| ૧૨ | ૧ x૪ ઇ.પી.એ.બી.એક્સ | ૧૦ |
| ૧૩ | પેજીંગ ટ્રાન્સમીટર | ૧ |
| ૧૪ | પીપલ ફાઈન્ડર વીથ ટ્રાન્સમીટર | ૨ |
| ૧૫ | કોમ્પ્યુટર સીસ્ટમ | ૫ |
| ૧૬ | પ્રીન્ટર | ૪ |
| ૧૭ | પેજર | ૪૦૦ |
| ૧૮ | એ.સી.મશીનો | **૫** |
| ૧૯ | પ્રોગામીગ કીટ | ૬ |
| ૨૦ | બેટરી ચાર્જર મશીનો | ૬ |
| ૨૧ | મરામતના સાધનો | ૩૪ |
| ૨૨ | **વી.એચ.એફ વાયરલેસ સેટો** | **૧૧૦** |
| ૨૩ | **સી.સી.ટી.વી.સીસ્ટમ કેમેરા,ટી.વી.વી.સી.આર** | **૬** |
|  | **કુલ** | **૧૬૦૧** |

# પ્રકરણઃ૬
# આરોગ્ય અને તબીબી સેવાઓ

મ્યુનિસિપલ કોર્પોરેશનનાં હેલ્થ વિભાગની કામગીરી પાંચ ઝોનમાં વહેંચવામાં આવી છે. જેનો વહીવટ ઝોનમાં એડીશનલ મેડીકલ ઓફિસર ઓફ હેલ્થશ્રી અને ડેપ્યુટી હેલ્થ ઓફિસરશ્રી કરે છે.આરોગ્ય ખાતાનાં વડા અધિકારી મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ છે. જે ડે. મ્યુ.કમિ.(હેલ્થ)શ્રીનાં અંકુશ હેઠળ કામગીરી સંભાળે છે. અહેવાલી  વર્ષ દરમ્યાન આ વિભાગની કામગીરી નીચે મુજબ થયેલ છે.

**૬.૧ જન્મ-મરણ વિભાગઃ**

શહેરમાં થતા જન્મ અને મરણના બનાવોની નોંધ ધી રજીસ્ટ્રેશન ઓફ બર્થ્સ એન્ડ ડેથ્સ ૧૯૬૯ અને ધી ગુજરાત રજીસ્ટ્રેશન બર્થ્સ એન્ડ ડેથ્સ રૂલ્સ ૧૯૭૩ મુજબ કરવામાં આવે છે.જન્મ મરણની નોંધણી  કેન્દ્રની ઓફિસે જન્મ થયા તારીખથી ૧૪ દિવસમાં અને મરણની નોંધણી મરણ થયા તારીખથી  ૭ દિવસમાં કરાવવી ફરજીયાત છે.જન્મના નોંધણી માટે ૧૪ દિવસ વીતી ગયા બાદ લેઇટ ફી ભરી નોંધણી કરાવી શકાય છે.પણ ૧માસના સમય બાદ કોર્ટમાં એફીડેવીટ કરાવવી પડે છે.જ્યારે ૧ વર્ષ બાદ તે નોંધાવવા માટે કોર્ટ ઓર્ડરની સાથે લેઇટ ફી ભરવાથી નોંધણી કરાવી શકાય છે.મરણની નોંધ માટે ૭ દિવસ વીતી ગયા બાદ પરંતુ ૧માસની અંદર હોય તો લેઇટ ફી ભરી નોંધણી કરાવી શકાય છે. ૧ માસ વીતી ગયા બાદથી ૧ વર્ષની અંદરના સમયગાળા માટે કોર્ટ એફીડેવીટ કરાવવાની રહે છે. ૧ વર્ષ બાદ મરણની નોંધ માટે કોર્ટ ઓર્ડર કરાવી લેઇટ ફી ભરી નોંધણી કરાવી શકાય છે. બાળકના જન્મની નોંધણી થયેથી એક વર્ષ સુધી જે તે જન્મમરણ નોંધણી કેન્દ્ર ખાતેવિના મૂલ્યે બાળકનું નામ રજીસ્ટરમાં દાખલ કરી જન્મના પ્રમાણપત્રમાં નામ દાખલ કરી આપવામાં આવે છે.૧ વર્ષ બાદ પરંતુ ૧૫ વર્ષની અંદરના સમયગાળા દરમ્યાન લેઇટ ફી ભરી મુખ્ય ઓફીસે  અરજી કરવાથી નામ દાખલ કરી આપવામાં આવે છે.જન્મ થયા બાદ ૧૫ વર્ષ વીતી ગયા પછી જન્મ મરણના કાયદા અનુસાર જન્મ પ્રમાણપત્રમાં નામ દાખલ કરી શકાતું નથી.

એકવાર જન્મ કે મરણની નોંધ થઇ ગયા બાદ નાગરિકને તે જન્મ કે મરણ પ્રમાણપત્રની વધુ નકલો જોઇતી હોય તો જન્મમરણની મુખ્ય ઓફીસે અરજી કરવાની રહે છે. તે માટે નકલ દીઠ રૂા.૧૦/- ફી લઈ અરજદારની જરૂરીયાત અનુસાર ગુજરાતી તથા અંગ્રેજીમાં કોમ્પ્યુટરાઇઝડ નકલ કાઢી આપવામાં આવે છે.

જન્મની નોંધ સાથે બાળસંરક્ષણ કાર્ડ આપવામાં આવે છે. જેથી માતા-પિતા, વાલીઓ રોગપ્રતિકારક રસીઓ બાળકોને મુકાવી રોગમુકત બનાવી શકે છે.

અમદાવાદ શહેરની મધ્યવર્તીવસ્તી ૩૫,૮૬,૫૫૧ છે. ૨૦૦૨-૦૩માં ૭૮,૧૮૫ જન્મની નોંધ થયેલ છે. જેમાં ૪૩,૦૮૬ પુરૂષ બાળકો અને ૩૫,૦૯૯ સ્ત્રીબાળકો હતા.જન્મ પ્રમાણ દર ૧૦૦૦ ની વસ્તીએ ૨૧.૮ નો રહેલ છે. અહેવાલી વર્ષમાં ૨૫,૧૨૮ મરણની નોંધ થયેલ છે. તે પૈકી ૧૫,૪૨૨ પુરૂષો અને ૯,૭૦૬ સ્ત્રીઓના મરણ નોંધાયેલ છે. મરણ પ્રમાણ દર ૧૦૦૦ ની વસ્તીએ ૭.૦૦ રહેલ છે. બાળમરણ ૨૨૧૦ નોંધાયેલ છે. બાળ મરણ પ્રમાણ દર ૧૦૦૦ જન્મે ૨૮.૨૭ રહેલ છે. આ અંગેની માહિતી પત્રક  ૬.૧.૧ માં દર્શાવેલ છે. જાતિ-ધર્મ પ્રમાણે જન્મ-મરણના આંકડાની માહિતી પત્રક ૬.૧.૨ માં દર્શાવેલ  છે. બાળમરણ અને તેનો દર પત્રક ૬.૧.૩ મા દર્શાવ્યો છે.

**૬.૨ રોગ પ્રતિકારક રસીઓઃ**

ડીપ્થેરીયા ,ધનુર, મોટી ઉધરસ, બાળલકવા, ટી.બી. તથા ઓરીના રોગો બાળકોની માંદગીમાં મહત્વનો ભાગ ભજવે છે. આ રોગો સામે બાળકો તથા સગર્ભા માતાઓને રક્ષણ આપવા પોલીયો, ત્રિગુણી, બી.સી.જી.,ટી.ટી., ઓરી અને દ્વિગુણી રસીઓ જન્મ-મરણ નોંધણી કેન્દ્રો, મ્યુ. રેફરલ હોસ્પિટલો તથા મ્યુ.મેટરનીટી હોમ, શહેરી પરિવાર કલ્યાણકેન્દ્રો, રોજગાર

વિમા યોજના અને અમદાવાદ મેડીકલ અસોસીએશન સંચાલિત કેન્દ્રમાં મળીને કુલ ૩૭ કેન્દ્ર ઉપરથી આપવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન થયેલ કામગીરીની માહિતી પત્રક ૬.૨.૧ માં દર્શાવી છે.

**૬.૩ એપેડેમિક સેલ:**

શહેરમાં પર્યાવરણ તથા પાણીના પ્રદુષણોને લઇને અનેક રોગોનો ઉપદ્રવ જોવા મળે છે. જેવા કે ઝાડા-ઉલ્ટી, કમળો, ઓરી-અછબડાં, ડિપ્થેરીયા, મેનીગોગોકલ, મેનીન્જાઇટીસ વિગેરે રોગોની જુદા જુદા વોર્ડની તપાસ કરી સ્ટાફ દ્વારા રોગ પ્રતિકારક પગલાં લઇ રોગ દૂર કરવાના પગલા લેવામાં આવે છે. મ્યુનિ. તથા સરકારી હોસ્પીટલોમાંથી રોજેરોજની માહિતી મેળવી, રોગની પરિસ્થિતિનું મોનીટરીંગ કરી, તેને અટકાવવા હેલ્થ, પાણી, ડ્રેનેજ, સેન્ટ્રલ લેબોરેટરી, વિ. નો સહયોગ લેવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન જુદા જુદા રોગોના કેસોની માહિતી પત્રક ૬.૩.૧ મા દર્શાવી છે.

**૬.૪ તબીબી વિભાગ:**

શહેરના જુદા જુદા વિસ્તારોમાં મ્યુ.કોર્પો.દ્વારા આઉટ-પેશન્ટ દવાખાના, રેફરલ હોસ્પિટલો, દાંતના દવાખાના તથા પ્રસુતિગૃહોનું સંચાલન કરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં ૧૬ એલોપથી, ૩ આયુર્વેદિક અને ૧ યુનાની મળી કુલ ૨૦ દવાખાના,૧૨ પ્રસુતિગૃહો અને ૩ રેફરલ હોસ્પીટલો તથા ૧ દાંતના દવાખાના કાર્યરત છે. આ બધા જ તબીબી વિભાગોનું સંચાલન ઝોન લેવલે એડી.મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ તથા ડે. હેલ્થ ઓફિસરશ્રીના અંકુશ હેઠળ કરવામાં આવે છે. જયારે ચેપી રોગની હોસ્પીટલ, ટી.બી. હોસ્પીટલ અને કાશીબેન જનરલ હોસ્પીટલનું સંચાલન આરોગ્ય અધિકારીની દેખરેખ નીચે કરવામાં આવે છે.

અહેવાલી વર્ષમાં ૨૦ દવાખાનાઓમાં વર્ષ દરમ્યાન ૧,૫૪,૮૪૦ નવા અને ૨,૭૦,૭૮૭ જુના મળી કુલ ૪,૨૫,૬૨૭ કેસોમાં બહારના દર્દી તરીકે સારવાર આપવામાં આવી છે. પ્રતિમાસ સરેરાશ ૩૫,૪૬૯ અને પ્રતિદિન સરેરાશ ૧,૪૧૯ તથા દવાખાના દીઠ સરેરાશ ૭૧ દર્દીઓને સારવાર આપવામાં આવી છે. ગત વર્ષે દવાખાના દીઠ ૭૮ દર્દીઓને દૈનિક સારવાર આપવામાં આવી છે. આ અંગેની વિગતવાર માહિતી પત્રક ૬.૪.૧ માં આપવામાં આવી છે.

અહેવાલી વર્ષમા રાયપુર દાંતના દવાખાનામાં ૪૭૧૫ નવા અને ૯૧૧૬ જૂના મળી કુલ ૧૩૮૩૧ કેસોમાં સારવાર આપવામાં આવી છે. માસવાર સરેરાશ ૧૧૫૩ અને દૈનિક સરેરાશ ૪૬ દર્દીઓને સારવાર આપવામાં આવી છે. આ અંગેની માસવાર માહિતી પત્રક ૬.૪.૨ મા દર્શાવી છે.

જનરલ હોસ્પીટલોમાં દર્દીઓનું ભારણ ઓછું કરવા લોકોને નજીકના વિસ્તારમાં સારવાર આપી શકાય તે હેતુથી ગોમતીપુર, બહેરામપુરા, દરિયાપુર અને સાબરમતીમા એમ કુલ ચાર રેફરલ હોસ્પીટલોનું છેલ્લા ૧૫ વર્ષથી સંચાલન કરવામાં આવે છે. સામાન્ય રોગોની સારવાર મ્યુ. દવાખાનાઓમાં કરવામાં આવે છે અને જરૂર જણાય તો તેઓ માટે રેફરલ હોસ્પીટલોમાં પથારીઓને વ્યવસ્થા રાખેલ છે. તેમજ એકસ-રે, સ્કીનીંગ, ઇ.સી.જી. અને લેબોરેટરી તપાસની સગવડ ઉપલબ્ધ છે. મેટરનીટીની ગાયનેક કેસોની સારવાર માટે માનદ્ ડોકટરોની સેવા મેળવવામાં આવે છે. બાળદર્દી માટે સર્જન ફીઝીશીયનની સેવા પણ લેવામાં આવે છે.

શહેરના જુદા જુદા વિસ્તારમાં ૧૨ પ્રસુતિગૃહોનું સંચાલન મ્યુ.કોર્પો. દ્વારા કરવામાં આવે છે. અહીં સેન્ટીનેટલ, પોસ્ટનેટલ અને પ્રસુતાઓને સારવાર આપવામાં આવે છે. બધાં જ પ્રસુતિગૃહોમાં કુલ ૧૩૪ પથારીઓની વ્યવસ્થા છે. અહેવાલી વર્ષમાં ઓ.પી.ડી.વિભાગમાં ૨૭,૫૨૫ નવા અને ૩૪,૦૮૧ જૂના મળી કુલ ૬૧,૬૦૬ કેસોમાં સારવાર આપવામાં આવી છે. પ્રતિદિન સરેરાશ ૯૨ નવા,૧૧૪ જૂના મળી કુલ ૨૦૬ દર્દીઓને સારવાર આપેલ. પ્રત્યેક પ્રસુતિગૃહ દીઠ સરેરાશ દૈનિક ૧૮ દર્દીઓને સારવાર આપેલ. ઇન્ડોર વિભાગમાં ૩૫૨૫ દર્દીઓ દાખલ થયેલ અને ૩૨૨૧ પ્રસુતિ થઇ છે. આમ ઇન્ડોર વિભાગમાં નવા જન્મેલા બાળકો સાથે દરરોજ સરેરાશ ૧૦ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. જયારે

પ્રત્યેક પ્રસુતિગૃહમાં દૈનિક સરેરાશ ૯ દર્દીઓને પ્રસુતિની સારવાર આપેલ જેની વિગતવાર માહિતી પત્રક ૬.૪.૩ માં દર્શાવી છે.

વટવાની કાશીબેન હોસ્પીટલનું સને ૧૯૮૬ થી મ્યુ.કોર્પો.સંચાલન કરે છે. અહી ૧૦ પથારીઓની વ્યવસ્થા છે. જેમાં ઓ.પી.ડી.વિભાગમાં ૯,૧૫૧ નવા અને ૭,૬૩૯ જૂના મળી કુલ ૧૬,૭૯૦ દર્દીઓને સારવાર આપવામાં આવી છે. માસિક સરેરાશ ૧૩૯૯ અને દૈનિક સરેરાસ ૫૬ દર્દીઓએ આ હોસ્પીટલની સેવાઓનો લાભ લીધો હતો. ઈન્ડોર વિભાગમાં ૧૪૯ દર્દીઓ દાખલ થયા હતા. અને ૧૨૩ પ્રસુતિ થઈ હતી. આ અંગેની માસવાર માહિતી પત્રક ૬.૪.૪ માં દર્શાવી છે.

**૬.૫ ચેપી રોગની હોસ્પીટલ:**

જમાલપુર બહાર આવેલ ચેપીરોગની હોસ્પિટલ ૧૧૦ પથારીઓની સગવડ ધરાવે છે.તેમાં દર્દીઓને વિનામુલ્યે સારવાર આપવામાં આવે છે.આ હોસ્પિટલમાંઓરી, અછબડા, ડીપ્થેરીયા, ગાલપચોડીયુ, મરડો, ઝાડા ઉલ્ટી, કોલેરા, કમળાના દર્દીઆને દાખલ કરીને સારવાર આપવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન શહેરના ૧૫૦૦ તથા બહારગામના ૧૫૭ ચેપીરોગના દર્દીઓને દાખલ કરી સારવાર આપવામાં આવી.અહેવાલી વર્ષ દરમ્યાન હોસ્પિટલમાં સવારે ચલાવાતા ઓ.પી.ડી.વિભાગમાં નવા ૨૭,૨૦૪ અને જૂના ૮,૮૧૭ મળી કુલ ૩૬,૦૨૧ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ઓ.પી.ડી.તથા ઈન્ડોર કેસોની માહિતી પત્રક ૬.૫.૧માં આપવામાં આવી છે.

**૬. ૬ ન્યુ ચેસ્ટ કલીનીક (ટી.બી. હોસ્પિટલ):**

શહેરના આસ્ટોડીયા વિસ્તારમાં ક્ષયના દર્દીઓની વિના મુલ્યે સારવાર આપતી આ હોસ્પીટલમાં ઈન્ડોર વિભાગમાં ૩૨ પથારીઓની સુવિધા ઉપલબ્ધ છે. અહીં સ્ત્રી વોર્ડમાં ૧૬ અને પુરૂષ વોર્ડમાં ૧૬ પથારીઓ રાખવામાં આવેલ છે.

અહેવાલી વર્ષમાં બહારના ૬,૪૪૪ નવા અને ૧૨,૬૨૯ જૂના કેસો મળી કુલ ૧૯,૦૭૩ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે. વર્ષ દરમ્યાન કુલ ૫૫૮ ઈન્ડોર દર્દીઓને સારવાર અર્થે દાખલ કરવામાં આવેલ. આ અંગેની વિગતવાર માહિતી પત્રક ૬.૬.૧ માં દર્શાવી છે.આર.એન.ટી.સી.પી.યોજના હેઠળ ટી.બી.હોસ્પિટલની લેબોરેટરીમાં કુલ ૮૯૫૫ દર્દીઓને ગળફાની તપાસ કરવામાં આવેલ હતી.જેમને આર.એન.ટી.સી.પી.ગાઈડ લાઈનમુજબ સારવાર આપવામાં આવેલ હતી.અહીંના એક્ષ-રે વિભાગમાં ૮૭૦ દર્દીઓના એક્ષ-રે લેવામાંઆવ્યા હતા.

અહેવાલી વર્ષમાં સુધારેલા ક્ષયનિયંત્રણ કાર્યક્રમ હેઠળ અ.મ્યુ.કો.વિસ્તારમાં રહેતા ક્ષય રોગના દર્દીઓની તપાસ તેમજ સારવાર વિના મુલ્યે કરવામાં આવે છે.આ કાર્યક્રમ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા ચલાવવામાં આવે છે. આ કાર્યક્રમ હેઠળ ફેફસાના ટીબી અને ફેફસા સિવાયના શરીરના અન્ય અવયવોના ટીબીનું નિદાન કરવામાં આવે છે.આ કાર્યક્રમનું મૂલ્યાંકન અને રીપોર્ટીંગ ત્રિમાસિક ધોરણે કરવામાં આવે છે.નિદાન થયેલા ટીબી રોગના દર્દીને તેના રહેઠાણની નજીકમાં આવેલ ડોટસ સેન્ટરમાંથી સીધા નિરિક્ષણ હેઠળ વિનામૂલ્યે સારવાર આપવામાં આવે છે.

**૬.૭ સ્લોટર હાઉસ:**

શહેરમાં વસતી માંસાહારી પ્રજાને સ્વચ્છ તાજુ માંસ પુંરૂ પાડવું એ મ્યુ.કોર્પો.ની આવશ્યક સેવા ગણાય છે. એનીમલ પ્રીઝર્વેશન એકટ અમલમાં હોવાથી રાજય સરકારે સ્લોટર હાઉસ માટે કવોટા નકકી કરેલો છે. રાજય સરકારશ્રી તરફથી ગાય અને વાછરડાની કતલ નાબુદ કરવામાં આવેલ છે. બળદનો વાર્ષિક કવોટા ૬૦ છે. અને ભેસોનો અઠવાડીક કવોટા ૨૧૨ છે. પાડા, ઘેટાં, બકરા તથા ડુકકરની કતલ બાબતમાં કોઈ મર્યાદા નથી. સ્લોટર હાઉસમાં કસાઈઓને જાનવર કાપવા માટેની જગા, પાણી, લાઈટ, મીટવાન, સફાઈ વિગરેની સુવિધાઓ આપવામાં આવે છે. મોટાં જાનવરો દીઠ રૂા.૨૫/- અને નાના જાનવરો દીઠ રૂા.૪/- સ્લોટર ફી ચાર્જ કરવામાં આવે છે. વર્ષ દરમ્યાન ૭૯૩૨ મોટા જાનવરો,૧૭૪૫૨ ઘેટા, બકરાની હલાલ,૨ ઘેટા બકરાના ઝાટકા તેમજ ૫૮૬ ડુક્કર કાપવાની કામગીરી કરવામાં આવેલ છે.

સાંજે ૬ થી ૧૦ ના સમય દરમ્યાન મોટાં જાનવરો તથા રાત્રે ૧૦ થી ૬ વાગ્યા સુધી નાના જાનવરો જેવા કે ઘેંટા, બકરા, તથા ડુકકરની કતલ કરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં રૂા.૨.૭૦ લાખની આવક થયેલ છે. કતલખાનાના સ્ટાફને વારાફરતી રજા આપવામાં આવે છે.

## ૬.૮ મેલેરીયા ખાતુ:

આ ખાતામાં મચ્છર ત્રાસ નિવારણ યોજના હેઠળ મચ્છરના ત્રાસને અંકુશમાં રાખવાની કામગીરી કરવામાં આવે છે. જેનો ખર્ચ કોર્પોરેશન કરે છે. સરકારશ્રી તરફથી દવાઓ વિનામુલ્યે આપવામાં આવે છે. રાષ્ટ્રીય મેલેરિયા અંકુશ યોજના હેઠળ મેલેરિયાના તાવને અટકાવવા તથા સારવારનાં પગલાં લેવામાં આવે છે.મેલરીયાના તાવને અટકાવવા મેલેરીયાની કામગીરીનેશહેરમાં પાંચ ઝોનમાં વિકેન્દ્રીત કરવામાં આવી છે. મચ્છર નિવારણ યોજના હેઠળ મચ્છરોના બાયોનીમીકલ્સ (વિશ્લેષણ) પ્રકાર, ઉત્પતિસ્થાન, તેમની ઘનતા વિ. નકકી કરવા મચ્છરો પકડવા ૨૪ સ્થળો નકકી કરી જે જે સ્થળે મચ્છરોની ઘનતા વધુ જણાય ત્યા પોરાનાશક તથા મચ્છરનાશક પગલાં લેવામાં આવે છે. મચ્છરોના ઉત્પતિસ્થાનોને લક્ષમાં લઇ ટેકનીકલ વિશ્લેષણ કરી દવાઓ, મેલેરિયા લારવી સાઇડ ઓઇલ, પાયરેથ્રમ, મેલેથીઓન, બેટેક્ષ ૧૦૦૦ વિ. ઉપયોગમાં લેવામાં આવે છે.

લીકો-ડીલક્ષ મશીનમાં મેલેથીઓન જંતુનાશક દવા અને ડીઝલનું મિશ્રણ કરી અસરગ્રસ્ત વિસ્તારોમાં સાંજ પછીના સમયે છંટકાવ કરવામાં આવે છે. ખાતા પાસે ૬૫ નાના વાનફોંગ મશીનો છે. શહેરના સ્લમ વિસ્તારો ઝૂંપડા વિસ્તારો, નદી કિનારાના વિસ્તારોમાં સર્વેલન્સ ઇન્વેસ્ટીગેટરો દ્વારા ૧૫ દિવસમાં એકવાર તાવના દર્દીની તપાસ કરી તેઓના લોહીનો નમૂનો લઇ લેબોરેટરી તપાસ બાદ મેલેરીયા જણાય તો તેઓને પ્રાથમિક સારવાર આપવામાં આવે છે.

મ્યુ.દવાખાનાઓમાં પેસીવ સર્વેલન્સની કામગીરીમાં તાવના દર્દીના લોહીના નમુના કાચની પટ્ટી ઉપર લઇ તેને પ્રાથમિક સારવાર આપવામાં આવે છે.મેલેરીયાના દર્દીને ઘેર બેઠાં પાંચ દિવસની સંપુર્ણ સારવાર વિનામુલ્યે આપવામાં આવે છે. અહેવાલી વર્ષમાં તાવનાં લીધેલ લોહીના નમૂના જે લેબોરેટરીમાં તપાસવામાં આવેલ તેની સંખ્યા ૯૩,૦૭૯ જેટલી હતી અને તેમાંથી કુલ ૧૦૫૦ મેલેરિયાના રોગનાં દર્દી જાહેર થયેલ.

## ૬.૯. પબ્લિક હેલ્થ લેબોરેટરી:

પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં અહેવાલી વર્ષ દરમ્યાન દૂધ, ઘી, તેલ, મરચાં, હળદર, ધાણા, શરબત, આઇસ્ક્રીમ, વિગેરે નમૂનાઓ મ્યુ. કોર્પો.ની ફલાઇંગ સ્કવોર્ડના ફૂડઇન્સ્પેકટરો તરફથી મોકલવામાં આવેલ છે. ઉપરાંત ફુડ ઇન્સ્પેકટર દ્વારા તથા મધ્યાહન ભોજન યોજનાના અધિકારી દ્વારા મોકલવામાં આવેલ ઇન્ફોર્મલ સેમ્પલ તથા ખાનગી વ્યકિતઓ તરફથી ખાધપદાર્થોમાં ભેળસેળ જાણવા નમૂના અત્રે તપાસાર્થે મોકલવામાં આવેલ તે તપાસવામાં આવેલ છે. ઉપરાંત સ્વીમીંગપુલ, ફીઝેયોથેરાપી સેન્ટર,સેન્ટ્રલ મેડીકલ સ્ટોર તરફથી મોકલવામાં આવલ નમુનાઓ તપાસવામાં આવેલ છે.

વા.સા.હોસ્પીટલના નર્સીંગ સ્ટાફને તથા ગુજરાત જયુડીસીયલ એકેડમીના ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટને તેમની તાલીમ દરમ્યાન ખાધપદાર્થોમાં ભેળસેળ અંગે માહિતિ અને સમજણ આપવામાં આવેલ.અહેવાલી વર્ષ દરમ્યાન પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં ૨૧૯૨ નમૂનાઓની તપાસ કરવામાં આવી છે. જેમાંથી ભેળસેળવાળા ૨૩૪ માલૂમ પડયા હતા.

## ૬.૧૦ હેલ્થ ફલાઈંગ સ્કવાર્ડ:

અહેવાલી વર્ષમાં પી.એફ.એ.એક્ટ અન્વયે ખાધચીજોના કુલ ૧૩૧૫ નમૂનાઓ લેવામાં આવેલ છે. તે પૈકી ૨૦૬ નમૂનાઓ ભેળસેળવાળા માલૂમ પડેલ છે. બિનઆરોગ્યપ્રદ અને એક્ષપાયર ડેટ પછીનો ખાધપદાર્થોનો આશરે ૬૩૬૩૪ કિલોનો જથ્થો નાશ કરવામાં આવેલ છે.આઇ.એસ.આઇ.માર્કવગરના ૨૫૬૦ લીટર પેકેજડ ડ્રીકીંગ વોટરનો જથ્થો નાશ કરાવેલ છે.અને રૂા.૧.૯૪લાખનો વહીવટી ચાર્જ વસુલ કરેલ છે.તેમજ ડીપોઝીટ પેટે રૂા.૧લાખ જમા લીધેલ છે.

અહેવાલી વર્ષમાં અગાઉના વર્ષના કોર્ટ કેસો પૈકી ૫૫ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે. જે પૈકી ૪ કેસોમાં સજા થયેલ છે.તેમજ રૂા.૧૭૦૦૦/-દંડ થયેલ છે. શૈક્ષણિક સંસ્થાઓની ૧૦૦ મીટર ફરતે આજુબાજુનાં વિસ્તારમાંથી ગુટખાના વેચાણ કરતા છુટક તથા જથ્થાબંધ વેપારીઓ પાસેથી અલગ અલગ બ્રાન્ડના ૧૦૮૪ ગુટખાનાં પાઉચ જપ્ત કરી નાશ કરાવેલ છે. હેલ્થ ફલાઈંગ સ્કવોર્ડ દ્વારા આઇ.એસ.આઇ.સર્ટી.મેળવ્યા વગર પીવાના પાણીના પાઉચનું ઉત્પાદન કરતી ૧૬ ફેક્ટરીઓ તથા ખાધપદાર્થ ઉત્પાદન કરતી ૫ ફેક્ટરીઓ મળી કુલ ૨૧ સ્થળોએ સીલ કરવામાં આવેલ. આઇ.એસ.આઇ. સર્ટીફીકેટ મળ્યા બાદ કુલ ૩ ફેક્ટરીઓના સીલ ખોલેલ છે. ઉપરાંત સરકારશ્રીના આદેશાનુસાર હોસ્પીટલોમાં દર્દીઓને અપાતાં ખોરાકની ગુણવત્તાની પણ તપાસ કરવામાં આવે છે. તેમજ ખાધપદાર્થોનાં ઈન્ફોર્મલ નમૂના લઇ બેકટેરીયોલોજીકલ તપાસ કરવા માટે લેબોરેટરીમાં મોકલવામાં આવે છે.

**૬.૧૧. સંકલિત બાળવિકાસ યોજના:**

ભારત સરકારના માર્ગદર્શન હેઠળ, ગુજરાત સરકાર દ્વારા મ્યુ.કોર્પો. મારફતે સમાજનાં આર્થિક નબળા વર્ગોના પોષણ તથા આરોગ્ય વિષયક વિવિધ સેવાઓ, શહેરી સ્લમ વિસ્તારમા ૨ યુનીટમાં ૨૨૨ આંગણવાડીઓ દ્વારા ચલાવવામાં આવે છે. જે માટે સરકારશ્રી તરફથી ૧૦૦ ટકા અનુદાન મળે છે. અહેવાલી વર્ષમાં યુનીટ ૧ ની ૧૧૧ આંગણવાડીઓ પૈકી ૯૧ આંગણવાડીઓનું સંચાલન સરકારશ્રીના આદેશ મુજબ સ્વૈચ્છિક સંસ્થાઓને સોંપવામાં આવેલ છે. જયારે ૨૦ આંગણવાડીઓનું સંચાલન મ્યુ. કોર્પો. કરે છે. યુનીટ- ૨ ની ૧૧૧ આંગણવાડીઓ સરકારશ્રીના આદેશ મુજબ સ્વૈચ્છિક સંસ્થાઓને સોંપવામાં આવેલ છે.

અહેવાલી વર્ષમાં આ યોજના હેઠળ નીચેની સેવાઓ આપવામાં આવી હતી.

**(૧) પૂરક પોષણ:-**

બંને યુનીટમાં ૬માસથી ૬ વર્ષના બાળકો, સગર્ભા માતાઓ અને ધાત્રી અને ત્રીજા-ચોથા ગ્રેડના આંગણવાડી લાભાર્થીને પ્રોટીન-કેલેરીયુક્તયુક્ત પૂરક પોષણ આપવામાં આવે છે.

**(૨) રોગ પ્રતિકારક રસીઓ:**

માતાઓ તથા બાળકોને જીવલેણ રોગોમાંથી બચાવવા રોગપ્રતિકારક રસીઓ આપવામાં આવેલ તેની વિગત નીચે મુજબ છે.

| અ.નં | રસીનો પ્રકાર | પ્રથમ ડોઝ | બીજો ડોઝ | ત્રીજો ડોઝ | બુસ્ટર ડોઝ |
|---|---|---|---|---|---|
| ૧ | ત્રિગુણી રસી | ૩૪૨૬ | ૩૬૨૯ | ૩૫૮૧ | ૭૨૩ |
| ૨ | પોલીયો વિરોધી | ૩૩૮૯ | ૩૫૮૩ | ૩૫૨૬ | ૬૨૯ |
| ૩ | દ્વિગુણી | ૭૬૦ | ૩૬૪ | - | - |
| ૪ | બી.સી.જી. | ૨૪૬૦ | - | - | - |
| ૫ | ઓરીની રસી | ૮૨૩ | - | - | - |
| ૬ | વીટામીન એ | - | - | - | - |
| ૭ | ધનુર વિરોધી રસી (સગર્ભા સ્ત્રી) | ૨૦૨૦ | ૧૮૬૭ | - | - |
| ૮ | આર્યન ફોલીક એસીડ (બાળકો) | ૧૬૬૮૭૨ | - | - | - |
| ૯ | ગોળીઓનું વિતરણ (સ્ત્રીઓ) | ૨૭૮૭૦ | - | - | - |

(૩) આરોગ્ય તપાસઃ

લાભાર્થી બાળકો તથા માતાઓના આરોગ્યની તપાસ કરવામાં આવે છે. આ પ્રોજેકટમાં મેડીકલ ઓફિસરશ્રી, ઓકઝીલીયર નર્સ, મીડવાઇફ બહેનો, આંગણવાડીની રોજીંદી મુલાકાત દરમ્યાન લાભાર્થીઓની આરોગ્ય તપાસ કરે છે અહેવાલી વર્ષ દરમ્યાન ૧૬૩૯૯ બાળકો, ૪૭૫ સગર્ભા બહેનો તથા ધાત્રી માતાઓના આરોગ્યની તપાસ કરવામાં આવી હતી.

(૪) રેફરલ સેવાઓ

આરોગ્ય તપાસ દરમ્યાન નબળા જણાતા બાળકો અને માતાઓને નિષ્ણાત તબીબી સહાય માટે જનરલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવે છે.આ વર્ષમાં ૫૮ લાભાર્થીઓને આ સેવાઓ આપવામાં આવી હતી.

(૫) આરોગ્ય શિક્ષણ

૧૫થી૪૫ વર્ષની તમામ સ્ત્રીઓને પોષણ અને આરોગ્ય વિષયક શિક્ષણ આપવામાં આવે છે.ગૃહ મુલાકાતો દ્વારા,દ્રશ્ય શ્રાવ્ય શો દ્વારા ,ચાર્ટ તેમજ પોસ્ટરો દ્વારા શિક્ષણ આપવામાં આવે છે.માતાના દુધના ફાયદા,કુટુંબ નિયોજનની પધ્ધતિઓ વિ.વિષે પણ શિક્ષણ આપવામાં આવે છે.

(૬) પુર્વ પ્રાથમિક શિક્ષણ

આંગણવાડીમાં ૩થી૬ વર્ષની વયજુથના બાળકોને અનૌપચારિક પોર્વ પ્રાથમિક શિક્ષણ આપવામાં આવે છે.બાળકોમાં સ્વચ્છતા રાખવા બાબત તેમજબાળકોને જુદા જુદા બાળગીતો ગવડાવવા ,માટીમાંથી રમકડા બનાવવા,બાળકોને શાળામાં જવા માનસીક રીતે સજ્જ કરવા વિ.પ્રવૃત્તિઓ પર ભાર મુકવામાં આવે છે.

વિશિષ્ટ કામગીરીઃ

અહેવાલી વર્ષમાં સંકલીત બાળવિકાસ દીન,સ્તનપાન સપ્તાહ,રાષ્ટ્રિય મહિલા દીનની ઉજવણી કરવામાં આવીહતી.ઉપરાંત પલ્સ પોલીયો,શાળા આરોગ્ય,એઇડઝ જેવા રાષ્ટ્રિય કાર્યક્રમોમાં ભાગ લેવામાં આવેલ.દરેક આંગણવાડીઓમાં બાળકોને વિવિધ પ્રવૃત્તિઓ જેવીકે વેશભૂષા, બાળ તંદુરસ્તી હરિફાઇ, વકતૃત્વ સ્પર્ધા, સ્વચ્છતા અભિયાન, મહિલા મીટીંગ,વાનગી નિદર્શન,બાળરેલીના કાર્યક્રમોને લગતા કેમ્પો યોજીને સુંદર કામગીરી કરવામાં આવી છે.

## ૬.૧૨ બાળલકવા નાબુદી અભિયાનઃ

ભારત સરકારે સમગ્ર દેશમાંથી સને ૨૦૦૦ સુધીમાં બાળલકવા નાબુદી અભિયાન હાથ ધરેલ. જેની કામગીરી મ્યુ.કોર્પો.ને સોંપી છે. બાળલકવા મુકત કરવાના હેતુથી શહેરમાં વોર્ડવાર લક્ષ્યાંક નકકી કરી અલગ અલગ વિસ્તારોમાં રસી આપવાના કેન્દ્રો માટે મ્યુ. દવાખાના, પ્રસુતિગૃહો, રેફરલ હોસ્પીટલો, કુટુંબ કલ્યાણ એકમ, જન્મ-મરણ નોંધણી ઓફિસો તથા નિયુકત કેન્દ્રોમાં આરોગ્ય વિભાગ ઉપરાંત અન્ય વિભાગોના કર્મચારીઓ, મેડીકલ કોલેજના વિધાર્થીઓ, ઇન્ટરનીઝ ડોકટરો, રેસીડેન્ટ ડોકટરો, પ્રાથમિક નર્સીગ સ્ટાફ, શિક્ષકો તથા સેવાભાવી સંસ્થાઓ મળીને તમામના સહકાર થી સિધ્ધી હાંસલ કરવામાં આવી છે.

## ૬.૧૩ શહેરી કુટુંબ કલ્યાણ એકમ :-

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં કુટુંબ કલ્યાણની રાષ્ટ્રીય પ્રવૃતિ ૩૭ પરિવાર કલ્યાણ કેન્દ્રો દ્વારા કરવામાં આવે છે. જેમાં કોર્પો. સંચાલિત ૩ પી.પી.યુનીટ સહિત ૧૨ કેન્દ્રો, રાજય સરકારના ૩ તથા સ્વૈચ્છિક સંસ્થાઓના ૨૨ એમ કુલ ૩૭ કેન્દ્રો આ કામગીરી બજાવે છે. આ માટે ભારત સરકાર દ્વારા રાજય સરકાર મારફતે ૧૦૦ ટકાની ગ્રાન્ટ આપવામાં આવે છે. કેન્દ્ર સરકારના આદેશાનુસાર રાજય સરકાર જે ફેરફારો કરે તે મુજબ આ તમામ કેન્દ્રોએ કામગીરી કરવાની રહે છે. આ કેન્દ્રો દ્વારા વ્યંધીકરણ માટે પુરુષ ઓપરેશન, સ્ત્રી ઓપરેશન,ઓરલ પીલ્સ, આંકડી, નિરોધ વિ. પધ્ધતિ વિસ્તારમાં અપનાવાય છે. આની સમજ આપવા કેન્દ્રના કાર્યકરો, શિબીરો, પ્રદર્શનો, ફીલ્મ શો કે સ્લાઇડ શો યોજી

વર્તમાનપત્રોમાં જાહેરાત આપી, નાટક કે ભવાઇનું આયોજન કરી આ પધ્ધતિ અપનાવવા માટેના પ્રયત્નો કરવામાં આવે છે. માતૃ બાળકલ્યાણ, ઈમ્યુનાઇઝેશન તથા સલામત માતૃત્વ માટેની કામગીરી પણ આ કેન્દ્રો દ્વારા કરવામાં આવે છે.

કોર્પોરેશનના કુલ ૪૩ વોર્ડમાં આશરે ૩૫ લાખની વસ્તીને આ કાર્યક્રમથી કુટુંબ કલ્યાણની સેવા આપી શકાય તે હેતુથી હાલમાં ૩૭ કેન્દ્રો પૈકી ૧ કેન્દ્ર બી ટાઇપનું હોઇ ૩૬ કેન્દ્રોને બદલે ૪૩ કેન્દ્રો દ્વારા આ સેવા આપવાનું વિચારણા હેઠળ છે.સ્લમ વિસ્તારને આ સેવા વધુ સારી રીતે મળે તે હેતુથી કેન્દ્રોનો વિસ્તાર સ્લમની વસ્તી વધુ હોય તેવા વોર્ડોમાં ખસેડવામાં આવેલ છે.

કેન્દ્ર દીઠ ૫૦,૦૦૦ની શહેરી વસ્તી મુજબ હાલના ૩૭ કેન્દ્રો દ્વારા ૧૮ લાખ ૩૦ હજારની વસ્તીએ આ કાર્યક્રમ દ્વારા સેવા આપવામાં આવે છે. એક વોર્ડ દીઠ દરેક કેન્દ્રમાં ૨ વધુ ક્ષેત્રીય કર્મચારીઓની નિમણૂંક માટે રાજ્ય સરકારમાં રજૂઆત કરવામાં આવેલ છે. સને ૯૬/૯૭ થી ભારત સરકારે કુટુંબ કલ્યાણ કાર્યક્રમને લક્ષ્યાંક મુકત કર્યો છે. અહેવાલી વર્ષમાં ૧૬૪૬૦ વ્યંધિકરણ ઓપરેશનો, ૨૩૩૪૦ આંકડી, ૬૩૫૦૦ નિરોધ, ૨૨૧૨૪ ઓરલ પીલ્સ અને એમ.ટી.પી.૨૯૭૯ની કામગીરી કરવામાં આવી છે. આ વિભાગ દ્વારા નીચે મુજબ વિશિષ્ટ કામગીરી અહેવાલી વર્ષ દ્વારા કરવામાં આવી છે.

(૧) અતિવૃષ્ટિના કારણે થતાં પાણીજન્ય રોગો સામે નિયંત્રણ માટે લોકોને ઓ.આર.એસ.ની દવાઓનું વિતરણ.

(૨) સ્કૂલ હેલ્થ ચેક અપ કાર્યક્રમ હેઠળ ૫૫૦ મ્યુ.સ્કૂલબોર્ડની પ્રાથમિક શાળા તથા ૭૧૨ ખાનગી પ્રાથમિક શાળાના બાળકોની શારીરિક તપાસ પેરામેડીકલ કાર્યકરો મારફત.

(૩) શંકાસ્પદ બાળકોની મેડીકલ ઓફિસરો દ્વારા તપાસ.

(૪) મેલેરીયા નિયંત્રણ અભિયાન હેઠળ મેલેરીયાની દવાનું વિતરણ

(૫) પલ્સ પોલીયો રસીકરણ કેમ્પના પ્રથમ તબક્કામાં પાંચ વર્ષથી નીચેની વયના બાળકોની મોજણી તથા પત્રક બનાવવાની કામગીરી

**પત્રક ૬.૧.૧**

**નોંધાયેલ જન્મ -મરણ સામે તેનો દર (દર હજારની વસ્તીએ)**

| અ.ન. | વર્ષ | નોંધાયેલ જન્મ | જન્મ દર | નોંધાયેલ મરણ | મરણ દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | ૧૯૭૧ | ૪૭,૦૩૮ | ૨૯.૬૭ | ૧૯,૨૩૮ | ૧૨.૧૩ |
| ૨. | ૧૯૮૧ | ૭૦,૪૧૧ | ૩૪.૧૮ | ૨૩,૧૬૩ | ૧૧.૨૫ |
| ૩. | ૧૯૯૧ | ૮૨,૯૯૨ | ૨૮.૮૫ | ૨૯,૨૭૨ | ૧૦.૧૮ |
| ૪. | ૧૯૯૬ | ૮૧,૫૬૯ | ૨૫.૨૭ | ૨૪,૬૮૭ | ૭.૬૪ |
| ૫. | ૧૯૯૭ | ૮૩,૧૩૩ | ૨૫.૧૨ | ૨૩,૮૮૫ | ૭.૨૨ |
| ૬. | ૧૯૯૮ | ૮૧,૮૨૧ | ૨૪.૧૦ | ૨૫,૮૯૩ | ૭.૬૩ |
| ૭. | ૧૯૯૯ | ૮૪,૫૩૭ | ૨૪.૨૪ | ૨૪,૭૮૩ | ૭.૧૦ |
| ૮. | ૨૦૦૦ | ૮૮,૬૮૧ | ૨૪.૭૫ | ૨૫૮૯૩ | ૭.૨૨ |
| ૯. | ૨૦૦૧ | ૮૨,૨૮૭ | ૨૩.૪૧ | ૨૬,૩૫૭ | ૭.૫૦ |
| ૧૦. | ૨૦૦૨ | ૭૮,૧૮૫ | ૨૧.૭૯ | ૨૫,૧૨૮ | ૭.૦૦ |

**પત્રક ૬.૧.૨**

**નોંધાયેલ જન્મ અને મરણનું જાતિ પ્રમાણે વર્ગીકરણ વર્ષ-૨૦૦૨**

| અ.ન. | જાતિ | નોંધાયેલ જન્મ | ટકાવારી | નોંધાયેલ મરણ | ટકાવારી |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | હિન્દુ | ૬૪૦૦૭ | ૮૧.૮૭ | ૨૦૯૯૩ | ૮૩.૫૪ |
| ૨ | મુસ્લિમ | ૧૩૧૪૬ | ૧૬.૮૧ | ૩૪૧૪ | ૧૩.૫૯ |
| ૩ | જૈન | ૬૫૮ | ૦.૮૪ | ૪૮૩ | ૧.૯૨ |
| ૪ | ક્રિશ્ચિયન | ૩૩૩ | ૦.૪૩ | ૨૧૭ | ૦.૮૬ |
| ૫ | શીખ | ૩૬ | ૦.૦૪ | - | |
| ૬ | પારસી | ૪ | ૦.૦૧ | ૨૧ | ૦.૦૯ |
| ૭ | **બુધ્ધ** | **૧** | - | - | |
| | **કુલ** | **૭૮૧૮૫** | **૧૦૦.૦૦** | **૨૫૧૨૮** | **૧૦૦.૦૦** |

## પત્રક ૬.૧.૩
## નોંધાયેલ બાળમરણ અને તેનો દર.

| અ.ન. | વર્ષ | જીવીત બાળકોની સંખ્યા | નોંધાયેલ બાળ મરણ | બાળમરણ દર (દર હજાર જીવીત જન્મએ) |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ૧૯૭૧ | ૪૭૦૩૮ | ૪૦૭૫ | ૮૬.૬૩ |
| ૨ | ૧૯૮૧ | ૭૦૪૧૧ | ૪૫૩૧ | ૬૪.૩૫ |
| ૩ | ૧૯૯૧ | ૮૨૯૯૨ | ૩૩૪૨ | ૪૦.૨૭ |
| ૪ | ૧૯૯૬ | ૮૧૫૬૯ | ૨૩૬૩ | ૨૮.૯૭ |
| ૫ | ૧૯૯૭ | ૮૩૧૩૩ | ૨૨૯૭ | ૨૭.૬૩ |
| ૬ | ૧૯૯૮ | ૮૧૮૨૧ | ૨૫૬૭ | ૩૧.૩૨ |
| ૭ | ૧૯૯૯ | ૮૪૫૩૭ | ૨૧૭૦ | ૨૫.૬૬ |
| ૮ | ૨૦૦૦ | ૮૮૬૮૧ | ૨૪૦૮ | ૨૭.૧૫ |
| ૯ | ૨૦૦૧ | ૮૨૨૮૭ | ૨૩૫૩ | ૨૮.૫૯ |
| ૧૦ | ૨૦૦૨ | ૭૮૧૮૫ | ૨૨૧૦ | ૨૮.૨૭ |

## પત્રક ૬.૨.૧
## જુદી જુદી રોગ પ્રતિકારક રસીઓની કામગીરી દર્શાવતું પત્રક.

| અ.નં. | રસીનું નામ | લક્ષ્યાંક | કામગીરી | સિધ્ધીની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૭ |
| ૧ | ત્રિગુણી | ૮૫૫૦૦ | ૮૬૪૯૦ | ૧૦૧.૧૫ |
| ૨ | પોલીયો | ૮૫૫૦૦ | ૮૮૯૭૩ | ૧૦૪.૦૬ |
| ૩ | ઓરી | ૮૫૫૦૦ | ૮૧૨૯૦ | ૯૫.૦૭ |
| ૪ | બી.સી.જી | ૮૫૫૦૦ | ૮૮૨૧૪ | ૧૦૩.૧૭ |
| ૫ | ધનુર્વા સગર્ભા સ્ત્રીઓ | ૯૫૩૦૦ | ૯૩૮૮૪ | ૯૮.૫૦ |
| ૬ | ડી.પી.ટી.બુસ્ટર | ૪૪૮૩૨ | ૩૩૧૬૫ | ૭૩.૯૭ |
| ૭ | પોલીયો બુસ્ટર | ૪૪૮૩૨ | ૩૪૧૦૨ | ૭૬.૦૬ |
| ૮ | દ્વિગુણી | ૫૫૮૬૦ | ૩૦૪૧૬ | ૫૬.૨૭ |
| ૯ | ધનુર્વા બાળકોને<br>અ - ૧૦ વર્ષ<br>બ - ૧૬ વર્ષ | <br>૫૫૦૦૦<br>૪૫૦૦૦ | <br>૩૦૬૫૨<br>૨૦૨૭૭ | <br>૫૫.૫૪<br>૪૫.૦૬ |
| ૧૦ | યલોફિવર વેક્સીન | - | ૨૦૬૮ | - |

**પત્રક ૬.૩.૧**

**એપેડેમિક વિભાગમાં નોંધાયેલ રોગવાર, સારવાર આપેલ દર્દી અને મરણની માહિતી દર્શાવતું પત્રક**

| અ.ન. | વિગત | ૨૦૦૧-૦૨ | | ૨૦૦૨-૦૩ | |
|---|---|---|---|---|---|
| | | કેસ | મરણ | કેસ | મરણ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ડિપ્થેરીયા | ૩૪ | - | ૨૭ | ૧ |
| ૨ | ઓરી | ૨૪ | ૧ | ૮૦ | ૧ |
| ૩ | સેપ્ટિક મેનેન્જાઈટીસ | - | - | - | - |
| ૪ | ટાઈફોઈડ | ૫૦૯ | - | ૩૬૨ | - |
| ૫ | ઝાડા-ઉલ્ટી | ૪૮૫૧ | - | ૩૩૧૧ | - |
| ૬ | કમળો | ૯૮૮ | ૧ | ૧૬૦૦ | - |
| ૭ | અછબડા | ૧૦૯ | ૧ | ૧૦૦ | - |
| ૮ | કોલેરા | ૨૯ | - | ૨ | - |
| | **કુલ** | **૬૫૪૪** | **૯** | **૫૪૮૨** | **૨** |

## પત્રક ૬.૪.૧

### મ્યુ. દવાખાનામાં માસવાર બહારના દર્દીઓને આપવામાં આવેલ સારવારની માહિતી દર્શાવતું પત્રક.

(દવાખાનાની સંખ્યા- ૨૦ )

| માસ | વર્ષ ૨૦૦૧-૦૨ | | | વર્ષ૨૦૦૨-૦૩ | | |
|---|---|---|---|---|---|---|
| | નવા કેસ | જૂના કેસ | કુલ કેસ | નવા કેસ | જૂના કેસ | કુલ કેસ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| એપ્રિલ | ૧૦૦૯૪ | ૧૮૪૨૨ | ૨૮૫૧૬ | ૮૦૯૫ | ૯૬૮૭ | ૧૭૭૮૨ |
| મે | ૯૮૭૧ | ૧૮૭૪૩ | ૨૮૬૧૪ | ૯૨૯૨ | ૯૯૮૫ | ૧૯૨૭૭ |
| જુન | ૧૪૪૩૧ | ૨૨૧૩૪ | ૩૬૫૬૫ | ૮૫૦૮ | ૧૪૨૦૩ | ૨૨૭૧૧ |
| જુલાઇ | ૨૯૪૯૩ | ૩૯૬૮૯ | ૬૯૧૮૨ | ૧૫૦૫૬ | ૨૬૦૮૫ | ૪૧૧૪૧ |
| ઓગષ્ટ | ૨૫૧૭૮ | ૩૪૯૬૬ | ૬૦૧૪૪ | ૧૯૨૯૯ | ૩૪૯૨૦ | ૫૪૨૧૯ |
| સપ્ટેમ્બર | ૨૧૫૦૭ | ૩૧૨૧૮ | ૫૨૭૨૫ | ૧૮૬૧૪ | ૩૩૦૮૬ | ૫૧૭૦૦ |
| ઓકટોબર | ૧૫૯૫૪ | ૨૫૧૩૪ | ૪૧૦૮૮ | ૧૬૪૬૩ | ૨૯૪૫૮ | ૪૫૯૨૧ |
| નવેમ્બર | ૧૨૭૫૧ | ૨૧૯૪૦ | ૩૪૬૯૧ | ૧૩૯૮૬ | ૨૪૮૦૦ | ૩૮૭૮૬ |
| ડીસેમ્બર | ૧૦૮૬૬ | ૧૮૭૯૫ | ૨૯૬૬૧ | ૧૩૮૩૮ | ૨૪૯૬૪ | ૩૮૮૦૨ |
| જાન્યુ.- | ૧૪૧૨૬ | ૨૩૫૨૩ | ૩૭૬૪૯ | ૯૫૫૦ | ૧૯૬૭૪ | ૨૯૨૨૪ |
| ફેબ્રુઆરી | ૧૪૨૦૧ | ૨૦૯૨૧ | ૩૫૧૨૨ | ૯૭૦૭ | ૧૯૭૫૭ | ૨૯૪૬૪ |
| માર્ચ | ૫૪૦૩ | ૮૪૧૮ | ૧૩૮૨૧ | ૧૨૪૩૨ | ૨૪૧૬૮ | ૩૬૬૦૦ |
| કુલ | ૧૮૪૪૭૫ | ૨૮૩૯૦૩ | ૪૬૮૩૭૮ | ૧૫૪૮૪૦ | ૨૭૦૭૮૭ | ૪૨૫૬૨૭ |
| માસિક સરેરાશ | ૧૫૩૭૩ | ૨૩૬૫૯ | ૩૯૦૩૨ | ૧૨૯૦૩ | ૨૨૫૬૬ | ૩૫૪૬૯ |
| દૈનિક સરેરાશ | ૬૧૫ | ૯૪૬ | ૧૫૬૧ | ૫૧૬ | ૯૦૩ | ૧૪૧૯ |
| યુનિટ દીઠ દૈનિક સરેરાશ | ૩૧ | ૪૭ | ૭૮ | ૨૬ | ૪૫ | ૭૧ |

નોંધઃ દૈનિક સરેરાશ નકકી કરવા માટે કામના ૩૦૦ દિવસ ધ્યાનમાં લીધેલ છે.

**પત્રક ૬.૪.૨**

**મ્યુ.દાંતના દવાખાના માસવાર આપેલ દર્દીઓની આંકડાકીય માહિતી દર્શાવતું પત્રક.**

| માસ | વર્ષ ૨૦૦૧-૦૨(દવાખાનાની સંખ્યા-૩) | | | વર્ષ૨૦૦૨-૦૩(દવાખાનાની સંખ્યા-૧) | | |
|---|---|---|---|---|---|---|
| | નવા કેસ | જૂના કેસ | કુલ કેસ | નવા કેસ | જૂના કેસ | કુલ કેસ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| એપ્રિલ | ૨૨૪ | ૧૧૦૫ | ૨૩૨૯ | ૩૨૦ | ૬૦૦ | ૯૨૦ |
| મે | ૧૨૭૫ | ૧૪૪૫ | ૨૭૨૦ | ૪૬૨ | ૮૦૦ | ૧૨૬૨ |
| જુન | ૧૩૦૭ | ૧૨૭૫ | ૨૫૮૨ | - | - | - |
| જુલાઇ | ૧૨૯૪ | ૧૨૫૬ | ૨૫૫૦ | ૪૯૧ | ૫૫૪ | ૧૦૪૫ |
| ઓગષ્ટ | ૧૨૦૦ | ૧૨૩૦ | ૨૪૩૦ | ૪૦૨ | ૬૧૦ | ૧૦૧૨ |
| સપ્ટેમ્બર | ૧૪૫૧ | ૧૫૬૯ | ૩૦૨૦ | ૩૫૬ | ૫૭૧ | ૯૨૭ |
| ઓકટોબર | ૧૧૭૯ | ૧૨૧૫ | ૨૩૯૪ | ૩૫૬ | ૫૭૧ | ૯૨૭ |
| નવેમ્બર | ૧૦૯૦ | ૧૨૫૦ | ૨૨૪૦ | ૨૯૫ | ૫૫૨ | ૮૪૭ |
| ડીસેમ્બર | ૧૦૯૦ | ૧૧૭૦ | ૨૧૬૦ | ૩૧૨ | ૪૯૫ | ૮૦૭ |
| જાન્યુ | ૧૫૭૩ | ૧૭૮૦ | ૩૩૫૩ | ૫૨૦ | ૧૨૧૫ | ૧૭૩૫ |
| ફેબ્રુઆરી | ૧૧૦૦ | ૧૨૩૦ | ૨૩૩૦ | ૫૯૦ | ૧૩૧૫ | ૧૯૦૫ |
| માર્ચ | ૨૭૮ | ૩૧૫ | ૫૯૩ | ૬૧૧ | ૧૮૩૩ | ૨૪૪૪ |
| કુલ | ૧૪૦૬૧ | ૧૪૭૪૦ | ૨૮૮૦૧ | ૪૭૧૫ | ૯૧૧૬ | ૧૩૮૩૧ |
| માસિક સરેરાશ | ૧૧૭૨ | ૧૨૨૮ | ૨૪૦૦ | ૩૯૩ | ૭૬૦ | ૧૧૫૩ |
| દૈનિક સરેરાશ | ૪૭ | ૪૯ | ૯૬ | ૧૬ | ૩૦ | ૪૬ |
| યુનીટ દીઠ દૈનિક સરેરાશ | ૪૭ | ૪૯ | ૯૬ | ૧૬ | ૩૦ | ૪૬ |

નોંધઃ દૈનિક સરેરાશ નકકી કરવા માટે વર્ષના કામના ૩૦૦ દિવસનેધ્યાનમાં લીધા છે.

પત્રક ૬.૪.૩

**પ્રસુતિગૃહોની આંકડાકીય માહિતી દર્શાવતુ પત્રક વર્ષ૨૦૦૨ -૦૩ સંખ્યા-૧૨**

**( પથારીની કુલ સંખ્યા ૧૩૪ )**

| માસ | આઉટ ડોર વિભાગની માહિતી | | | ઈન્ડોર વિભાગની માહિતી | |
|---|---|---|---|---|---|
| | નવા કેસ | જૂના કેસ | કુલ કેસ | નવા કેસ | પ્રસુતિની સંખ્યા |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| એપ્રિલ-૦૨ | ૨૫૮૨ | ૨૫૭૩ | ૫૧૫૫ | ૨૫૫ | ૧૯૫ |
| મે | ૨૭૫૬ | ૩૦૮૧ | ૫૮૩૭ | ૨૩૮ | ૨૦૭ |
| જુન | ૨૪૬૪ | ૨૮૮૮ | ૫૩૫૨ | ૨૦૯ | ૨૨૪ |
| જુલાઇ | ૨૩૮૯ | ૩૮૫૩ | ૬૨૪૨ | ૩૦૭ | ૨૮૨ |
| ઓગષ્ટ | ૧૯૮૫ | ૩૦૧૧ | ૪૯૯૬ | ૩૫૧ | ૩૧૫ |
| સપ્ટેમ્બર | ૨૯૮૮ | ૩૧૬૨ | ૬૧૫૦ | ૩૮૫ | ૩૫૫ |
| ઓકટોબર | ૨૨૩૯ | ૨૮૬૬ | ૫૧૦૫ | ૩૫૩ | ૩૨૧ |
| નવેમ્બર | ૨૦૮૦ | ૨૫૪૩ | ૪૬૨૩ | ૩૩૫ | ૩૦૬ |
| ડીસેમ્બર | ૨૦૩૩ | ૨૪૬૯ | ૪૫૦૨ | ૩૧૯ | ૩૦૦ |
| જાન્યુ-૦૩ | ૨૪૦૨ | ૨૭૧૦ | ૫૧૧૨ | ૨૭૦ | ૨૩૯ |
| ફેબ્રુઆરી | ૨૧૩૦ | ૨૫૩૨ | ૪૬૬૨ | ૨૫૬ | ૨૫૦ |
| માર્ચ | ૧૪૭૭ | ૨૩૯૩ | ૩૮૭૦ | ૨૪૭ | ૨૨૭ |
| કુલ | ૨૭૫૨૫ | ૩૪૦૮૧ | ૬૧૬૦૬ | ૩૫૨૫ | ૩૨૨૧ |
| માસીક સરેરાશ | ૨૨૯૪ | ૨૮૪૦ | ૫૧૩૪ | ૨૯૪ | ૨૬૮ |
| દૈનિક સરેરાશ | ૯૨ | ૧૧૪ | ૨૦૬ | ૧૦ | ૯ |
| યુનીટ દીઠ દૈનિક સરેરાશ | ૮ | ૧૦ | ૧૮ | ૧ | ૧ |

નોંધઃ-ઓ.પી.ડી..ની દૈનિક સરેરાશ નકકી કરવા વર્ષનાં કામના ૩૦૦ દિવસ અને ઇન્ડોર વિભાગની દૈનિક સરેરાશ નકકી કરવા ૩૬૫ દિવસ નકકી કરેલ છે

પત્રક ૬.૪.૪

કાશીબેન જન. હોસ્પીટલની આંકડાકીય માહિતી દર્શાવતું પત્રક-૨૦૦૨-૨૦૦૩

(પથારીની સંખ્યા-૧૦)

| માસ | આઉટ ડોર વિભાગની માહિતી | | | ઈન્ડોર વિભાગની માહિતી | | | |
|---|---|---|---|---|---|---|---|
| | નવા કેસ | જૂના કેસ | કુલ કેસ | નવા કેસ | પ્રસુતિની સંખ્યા | દૈનિક સરાસરી મુજબ માસિક સારવાર આપેલ દર્દીઓની સંખ્યા | છુટા કરેલ દર્દીઓની(નવા જન્મેલ બાળકો સાથે) |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| એપ્રિલ-૦૨ | ૩૪૬ | ૩૭૭ | ૭૨૩ | ૪ | ૪ | ૧૬ | ૮ |
| મે | ૨૯૨ | ૪૨૯ | ૭૨૧ | ૭ | ૫ | ૨૪ | ૧૨ |
| જુન | ૩૯૦ | ૪૭૫ | ૮૬૫ | ૧૧ | ૯ | ૪૭ | ૨૧ |
| જુલાઇ | ૮૭૫ | ૬૯૬ | ૧૫૭૧ | ૧૦ | ૮ | ૩૬ | ૧૮ |
| ઓગષ્ટ | ૧૦૧૮ | ૮૧૧ | ૧૮૨૯ | ૧૨ | ૧૦ | ૫૬ | ૨૨ |
| સપ્ટેમ્બર | ૧૦૨૪ | ૭૫૯ | ૧૭૮૩ | ૧૬ | ૧૪ | ૬૬ | ૩૦ |
| ઓકટોબર | ૯૪૦ | ૭૩૦ | ૧૬૭૦ | ૨૨ | ૨૦ | ૯૯ | ૪૧ |
| નવેમ્બર | ૭૬૩ | ૫૫૬ | ૧૩૧૯ | ૧૯ | ૧૮ | ૭૧ | ૩૫ |
| ડીસેમ્બર | ૭૭૭ | ૫૩૫ | ૧૩૧૨ | ૧૬ | ૧૨ | ૫૮ | ૩૦ |
| જાન્યુ-૦૩ | ૬૯૬ | ૭૨૮ | ૧૪૨૪ | ૯ | ૭ | ૨૭ | ૧૬ |
| ફેબ્રુઆરી | ૭૦૯ | ૫૬૫ | ૧૨૭૪ | ૧૦ | ૬ | ૩૨ | ૧૬ |
| માર્ચ | ૧૩૨૧ | ૯૭૮ | ૨૨૯૯ | ૧૩ | ૧૦ | ૪૨ | ૨૩ |
| કુલ | ૯૧૫૧ | ૭૬૩૯ | ૧૬૭૯૦ | ૧૪૯ | ૧૨૩ | ૫૭૪ | ૨૭૨ |
| માસીક સરેરાશ | ૭૬૩ | ૬૩૭ | ૧૩૯૯ | ૧૨ | ૧૦ | ૪૮ | ૨૩ |
| દૈનિક સરેરાશ | ૩૧ | ૨૬ | ૫૬ | ૧ | ૧ | ૨ | ૧ |

નોંધઃ- ઓ.પી.ડી.ની દૈનિક સરેરાશ નકકી કરવા માટે વર્ષના કામના ૩૦૦ દિવસ અને ઇન્ડોર વિભાગની દૈનિક સરેરાશ નકકી કરવા વર્ષના ૩૬૫ દિવસ ધ્યાનમાં લીધાં છે.

**પત્રક ૬.૫.૧**

**સને ૨૦૦૨-૦૩ દરમ્યાન ચેપી રોગની હોસ્પીટલમાં સારવાર માટે દાખલકરેલ દર્દીઓના કેસની રોગવાર માહિતી દર્શાવતું પત્રક.(પથારીની સંખ્યા-૧૧૦)**

| અ.ન. | રોગનું નામ | શહેરના | | બહાર ગામના | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | કેસ | મરણ | કેસ | મરણ | કેસ | મરણ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | કમળો | ૨૬૧ | ૦ | ૨૪ | ૦ | ૨૮૫ | ૦ |
| ૨ | ઝાડા-ઉલ્ટી | ૯૫૭ | ૧ | ૮૬ | ૦ | ૧૦૪૩ | ૧ |
| ૩ | કોલેરા | ૦૩ | ૦ | ૦૨ | ૦ | ૫ | ૦ |
| ૪ | કલીનીકલ ડીપ્થેરિયા | ૨૮ | ૦ | ૪૧ | ૩ | ૬૯ | ૩ |
| ૫ | કન્ફર્મ ડીપ્થેરિયા | ૦૦ | ૦ | ૦૦ | ૦ | ૦૦ | ૦ |
| ૬ | મરડો | ૦૫ | ૦ | ૦૦ | ૦ | ૦૫ | ૦ |
| ૭ | અછબડા | ૯૫ | ૦ | ૦૨ | ૦ | ૯૭ | ૦ |
| ૮ | ઓરી | ૫૬ | ૦ | ૦૧ | ૦ | ૫૭ | ૦ |
| ૯ | મમ્પસ | ૯૩ | ૦ | ૦૧ | ૦ | ૯૪ | ૦ |
| ૧૦ | ગળાનાં કેસ | - | - | - | - | - | - |
| ૧૧ | અન્ય કેસ | ૦૨ | ૦ | ૦૦ | ૦ | ૦૨ | ૦ |
| કુલ | | ૧૫૦૦ | ૧ | ૧૫૭ | ૩ | ૧૬૫૭ | ૪ |

| **અ) દર્દીઓનું વર્ગીકરણ** | **પુરૂષ દર્દી** | **સ્ત્રી દર્દી** | **બાળક** | **કુલ** |
|---|---|---|---|---|
| ઈન્ડોર વિભાગ | ૫૯૨ | ૫૯૬ | ૪૬૯ | ૧૬૫૭ |
| ઓ.પી.ડી.વિભાગ નવા | ૧૧૪૮૬ | ૧૦૭૪૩ | ૧૩૭૯૨ | ૨૭૨૦૪ |
| મૃત્યુ | ૦ | ૧ | ૩ | ૪ |

**પત્રક ૬.૬.૧**

**ન્યુ ચેસ્ટ કલીનીક(ટી.બી. હોસ્પીટલ) ની આંકડાકીય માહિતી દર્શાવતું પત્રક(પથારી સંખ્યા-૩૨)**

| માસ | આઉટ ડોર વિભાગની માહિતી | | | ઈન્ડોર વિભાગની માહિતી | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | નવા કેસ | જૂના કેસ | કુલ કેસ | નવા કેસ | દૈનિક સરાસરી મુજબ માસીક સારવાર આપેલ દર્દીની સંખ્યા | છુટા થયેલ દર્દીઓ | ૪૮ કલાકમાં થયેલ મૃત્યુ | ૪૮ કલાક પછી થયેલ મૃત્યુ | નવા કન્ફર્મ થયલે ટી.બી. કેસો |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| એપ્રિલ-૦૨ | ૨૬૬ | ૬૫૫ | ૯૨૧ | ૧૯ | ૧૯ | ૧૮ | ૧ | - | - |
| મે | ૨૪૨ | ૭૦૩ | ૯૪૫ | ૪ | ૨ | ૪ | - | - | - |
| જુન | ૪૯૭ | ૮૧૦ | ૧૩૦૭ | ૩૫ | ૧૫૧ | ૨૨ | ૨ | - | - |
| જુલાઈ | ૪૯૦ | ૯૧૨ | ૧૪૦૨ | ૫૬ | ૩૯૨ | ૪૭ | ૧ | - | - |
| ઓગષ્ટ | ૫૯૭ | ૧૧૮૩ | ૧૭૮૦ | ૫૫ | ૪૩૯ | ૩૬ | - | - | - |
| સપ્ટેમ્બર | ૬૮૨ | ૧૧૯૬ | ૧૮૭૮ | ૬૨ | ૪૯૨ | ૪૩ | ૫ | ૧ | - |
| ઓકટોબર | ૭૩૮ | ૯૧૫ | ૧૬૫૩ | ૭૦ | ૪૬૦ | ૫૩ | ૧ | ૩ | - |
| નવેમ્બર | ૬૪૩ | ૧૨૪૨ | ૧૮૮૫ | ૪૧ | ૩૦૬ | ૨૭ | ૧ | ૨ | - |
| ડીસેમ્બર | ૬૧૪ | ૧૨૫૯ | ૧૮૭૩ | ૫૯ | ૪૭૫ | ૪૫ | ૩ | ૨ | - |
| જાન્યુ-૦૩ | ૫૫૫ | ૧૩૮૫ | ૧૯૪૦ | ૪૭ | ૪૫૫ | ૩૩ | ૩ | ૨ | - |
| ફેબ્રુઆરી | ૬૦૭ | ૧૧૮૪ | ૧૭૯૧ | ૫૬ | ૪૯૨ | ૪૮ | ૧ | ૧ | - |
| માર્ચ | ૫૧૩ | ૧૧૮૫ | ૧૬૯૮ | ૫૪ | ૪૫૫ | ૩૭ | ૩ | ૨ | - |
| કુલ | ૬૪૪૪ | ૧૨૬૨૯ | ૧૯૦૭૩ | ૫૫૮ | ૪૧૩૮ | ૪૧૩ | ૨૧ | ૧૩ | -- |
| માસીક સરેરાશ | ૫૩૭ | ૧૦૫૨ | ૧૫૮૯ | ૪૭ | ૩૪૫ | ૩૪ | ૨ | ૧ | -- |
| દૈનિક સરેરાશ | ૨૨ | ૪૨ | ૬૪ | ૨ | ૧૧ | ૧ | ૦.૦૬ | ૦.૦૪ | -- |

નોંધઃ- આઉટડોર કેસોની દૈનિક સરેરાશ કાઢવા માટે વર્ષનાં કામના ૩૦૦ દિવસ અને ઈન્ડોર વિભાગની દૈનિક સરેરાશ કાઢવા માટે વર્ષના કામનાં ૩૬૫ દિવસ નકકી કરેલ છે.

## ૬.૧૩ શહેરી કુટુંબ કલ્યાણ એકમ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં કુટુંબ કલ્યાણની સેવાઓ ૩૭ પરિવાર કલ્યાણ કેન્દ્રો દ્વારા સરકારની ૧૦૦ ટકાની ગ્રાન્ટ આપવામાં આવે છે. જેમાં મ્યુ. કોર્પોરેશન સંચાલિત ૩ પી.પી. યુનીટ સહિત ૧ર કેન્દ્રો, રાજય સરકારના ૩ તથા સ્વૈચ્છિક સંસ્થાઓનાં ર ર એમ કુલ ૩૭ કેન્દ્રો આ કામગીરી બજાવે છે. આરોગ્ય અને કુટુંબ કલ્યાણની કામગીરી કેન્દ્ર સરકારનાં આદેશાનુસાર તથા રાજય સરકારના સુચનો મુજબ આ કામગીરી કરવાની રહે છે.

હાલમાં પ.વ્યંધિકરણ ઓપરેશન, સ્ત્રી વ્યંધિકરણ ઓપરેશનો, ઓરલ પીલ્સ, આંકડી, નિરોધ, વિ. જુદી જુદી પધ્ધતિઓ અપનાવાય છે. અને તેનો પ્રચાર કેન્દ્રના કાર્યકરો, શિબીરો, પ્રદર્શનો, ફિલ્મ શો કે સ્લાઇડ શો યોજી, વર્તમાનપત્રોમાં જાહેરાત આપી લોકો સુધી પહોંચાડવામાં આવે છે. ઉપરાંત માતૃબાળકલ્યાણ, રસીકરણ,પ્રોગ્રામો દ્વારા તથા સલામત માતૃત્વ માટેની કામગીરી પણ આ ખાતેથી કરવામાં આવે છે.

આ કામગીરીને અસરકારક અને ઘનિષ્ઠ બનાવવા માટે કોર્પો.ના કુલ ૪૩ વોર્ડમાં આશરે ૩૩ લાખની વસ્તીને આ કાર્યક્રમ હેઠળ આવરી લીધેલી છે. અને વોર્ડના રહીશોને આ ખાતા દ્વારા આરોગ્ય અને કુટુંબ કલ્યાણની સેવાઓ આપવામાં આવે છે. ૩૭ કેન્દ્રો દ્વારા અમદાવાદ શહેરની પુરેપુરી વસ્તીને સેવાઓ પહોંચાડવા હજુ વધારે ૬ કેન્દ્રોની જરૂર હોઇ ૬ કેન્દ્રો ખોલવાની કાર્યવાહી ચાલુ છે.ઉપરાંત આ કામગીરી શહેરી સ્લમ વિસ્તારમાંજ આપવા કેન્દ્રોને પણ વોર્ડના વધુમાં વધુ સ્લમ વિસ્તારમાં ખસેડવામાં આવેલા છે.

અમદાવાદ શહેરમાં ૩૩ લાખની વસ્તી હોવાથી કેન્દ્ર દીઠ ૫૦,૦૦૦ની વસ્તી મુજબ ૩૭ કેન્દ્રો દ્વારાં ૧૮ લાખ ૫૦ હજારની વસ્તીને આવરી લેવામાં આવેલ છે.બાકીની ૧૫લાખની વસ્તી આ સેવાથી વંચીત રહે છે.

પરિણામે શહેરની કુલ વસ્તીને આ સેવાઓ મળી રહે તે હેતુથી કેન્દ્રોની સ્ટાફ પેટર્નમાં સુધારો કરી વધુ ક્ષેત્રિય કાર્યકરોની જગ્યાઓની મંજૂરી માટે રાજય સરકારમાં રજૂઆત કરી છે. છેલ્લા કેટલાંક વર્ષોથી ભારત સરકારે કુટુંબ કલ્યાણ કાર્યક્રમને લક્ષ્યાંકમુકત કર્યો છે.

આ વર્ષ દરમ્યાન આરોગ્યને લગતા જાહેર થયેલા રાષ્ટ્રીય કાર્યક્રમો અને રોગ નિયંત્રણ માટેની કામગીરી ના.મ્યુનિ.કમિશ્નરશ્રી તથા આરોગ્ય અધિકારીનાં આદેશ અનુસાર બજાવી છે. જે નીચે મુજબ છે.

(૧) અતિવૃષ્ટિ બાદ થતાં પ્રાણીજન્ય રોગોનાં નિયંત્રણ માટે જે તે વિસ્તારનાં લોકોને ઓ.આર.એસ.ની દવાઓનું વિતરણ કરવામાં આવ્યં છે.

(ર) સ્કૂલ હેલ્થ ચેકઅપ કાર્યક્રમ હેઠળ શહેરની ૫૫૦ મ્યુ. સ્કૂલબોર્ડની પ્રાથમિક શાળા તથા ૭૧ર ખાનગી પ્રાથમિક શાળાનાં બાળકોની શારીરિક તપાસ પેરામેડીકલ કાર્યકરો મારફતે કરવામાં આવી છે.

(૩) શંકાસ્પદ બાળકોની મેડીકલ ઓફિસર દ્વારા તપાસ કરવામાં આવી છે.

(૪) મેલેરીયા નિયંત્રણ અભિયાન હેઠળ દરેક કેન્દ્રના તબીબી તથા કાર્યકારોને મેલેરીયાની દવાનું વિતરણ તથા આઅંગે ઉભા કરાયેલ કેમ્પોમાં ફરજ બજાવવામાં આવી છે.

(૫) પલ્સ પોલીયો રસીકરણ કેમ્પના પ્રથમ તબક્કામાં પાંચ વર્ષથી નીચેની વયના બાળકોની મોજણી તથા પત્રક બનાવવામાં આવ્યું છે. તથા બીજા તબક્કામાં પણ આ અંગેની કામગીરી બજાવવામાં આવી છે. શહેરી કુટુંબ કલ્યાણ એકમ કુટુંબ કલ્યાણની પ્રવૃત્તિથી નાના કુટુંબની ભાવનાને અનુસરે છે.

અહેવાલી વર્ષ દરમ્યાન પ્રોત્સાહક યોજના ચાલુ છે.અને આપવામાં આવેલ પ્રોત્સાહન લાભોની માહિતી નીચે મુજબ છે.

(૧) સ્ત્રી વ્યંધિકરણ ઓપરેશન કરાવનારને રૂ.૧૫૦/- પુરસ્કાર રૂપે તથા રૂ.૨૦/- જમવાનો ખર્ચ અને રૂ.૨૫/- વાહન ખર્ચ મળી કુલ રૂ.૧૯૫/- રોકડા આપવામાં આવે છે.

(૨) પુરુષ નશબંધી કરાવનારને રૂ.૧૫૦/- પુરસ્કાર રુપે મળી કુલ રૂ.૧૫૦/- રોકડા આપવામાં આવે છે.

(૩) લેપ્રોસ્કોપી ઓપરેશન કરાવનારને (પ્રાઈવેટ પેમેન્ટ ) રૂ.૧૫૦/- પેશન્ટને તથા રૂ.૨૫/- સર્જન ચાર્જ પેટે આપવામાં આવે છે.

(૪) ફકત એક દીકરીવાળા દંપત્તિઓ ઓપરેશન કરાવે તેમને રૂ.૬૦૦૦/- નાં બચતપત્રો આપવામાં આવે છે.

(૫) ફકત બે દીકરીવાળા દંપત્તિઓ ઓપરેશન કરાવે તેમને રૂ.૫૦૦૦/- નાં બચતપત્રો આપવામાં આવે છે.

(૬) સરકારી કર્મચારીઓ અથવા મ્યુનિ.કર્મચારીઓ બે બાળકો બાદ ઓપરેશન કરાવે તો એક વધારાનો ઈજાફો,ઈન્ક્રીમેન્ટ આપવામાં આવે છે.

(૭) બે બાળકો બાદ ઓપરેશન કરાવે તો ''ગ્રીનકાર્ડ'' યોજનાનો લાભ આપવામાં આવે છે.

(૮) બે બાળકો બાદ ઓપરેશન કરાવનારને નીતિનિયમ મુજબ વધારાની રજાઓનો લાભ આપવામાં આવે છે.

પ્રસૂતિ સિવાય સ્ત્રીવ્યંધિકરણ ઓપરેશન(મહિલા કર્મચારી)કરાવે તો તેમને ૧૪ દિવસની સ્પે.લીવ અને પુરુષ કર્મચારીની પત્ની સ્ત્રીવ્યંધિકરણ કરાવે તો (પ્રસુતિ સિવાય) તો પુરુષ કર્મચારીને સાત દિવસની સ્પે.લીવનો લાભ આપવામાં આવે છે.

## ૬.૧૩.૧
## કુટુંબ કલ્યાણ એકમની છેલ્લા બે વર્ષની કામગીરી દર્શાવતુ પત્રક

| અ.નં | વિગત | ૨૦૦૧/૨૦૦૨ | | | ૨૦૦૨/૨૦૦૩ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | લક્ષ્યાંક | કામગીરી | ટકા | લક્ષ્યાંક | કામગીરી | ટકા |
| ૧ | ૨ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| | | | | | | | |
| ૧ | ઓપરેશન | ૧૭૫૯૦ | ૧૫૬૭૨ | ૮૯.૧૨ | ૧૭૭૬૦ | ૧૬૪૬૦ | ૯૨.૬૮ |
| | | | | | | | |
| ૨ | કોપર ટી | ૨૨૬૦૦ | ૨૨૦૬૩ | ૯૭.૬૨ | ૨૨૬૦૦ | ૨૩૩૪૦ | ૧૦૩.૨૭ |
| | | | | | | | |
| ૩ | નિરોધ | ૫૭૮૦૦ | ૫૬૬૬૪ | ૯૮.૦૩ | ૫૬૬૬૦ | ૬૩૫૦૦ | ૧૧૨.૦૭ |
| | | | | | | | |
| ૪ | ઓરલ પીલ્સ | ૧૭૭૬૦ | ૧૪૨૫૧ | ૮૦.૨૪ | ૧૭૭૬૦ | ૨૨૧૨૪ | ૧૨૪.૫૭ |
| | | | | | | | |
| ૫ | પ્રસુતિ નિવારણ | - | ૪૩૯૬ | - | - | ૨૯૭૯ | - |

## ૬.૧૪ યુ.સી.ડી. પ્રોજેકટ

અમદાવાદ મ્યુ.કોર્પોરેશને યુનીસેફ કેન્દ્ર સરકાર અને રાજય સરકાર સાથે પ્લાન ઓફ એકશનના કરાર કરીને શહેરની ચાલી તથા ઝૂંપડપટ્ટીમાં વસતાં ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોના આરોગ્ય, શિક્ષણ, ધાર્મિક, સામાજીક અને આર્થિક એમ દરેક ક્ષેત્રોમાં સર્વાંગી વિકાસના ઉદ્દેશથી સને ૧૯૮૦માં આ પ્રોજેકટ શરૂ કરેલ. શરૂઆતમાં આ પ્રોજેકટને યુનીસેફ દ્વારા ૧૦૦% ના ધોરણે આર્થિક સહાય આપવામાં આવતી હતી. સને ૧૯૮૬થી આ સહાય બંધ થતાં પ્લાન ઓફ એકશન ના કરાર મુજબ આ પ્રોજેકટ આજદિન સુધી અ.મ્યુ.કો.ના ૬૦% અને રાજય સરકારનાં ૪૦% ના સંયુકત આર્થિક સહયોગથી ચાલી રહયો છે.

આ પ્રોજેકટમાં શહેરના ૧૮ વોર્ડનો સમાવેશ કરવામાં આવ્યો છે. (૧) ખોખરા મહેમદાવાદ (૨) અમરાઈવાડી (૩)બહેરામપુરા (૪) કાંકરીયા (૫) અસારવા (૬) મેઘાણીનગર (૭) મણીનગર (૮) દાણીલીમડા(૯)જુનાવાડજ (૧૦) નવા વાડજ (૧૧) સાબરમતી (૧૨) વાસણા (૧૩) બાપુનગર (૧૪) સરસપુર (૧૫) દુધેશ્વર (૧૬) ગિરધરનગર (૧૭) બાગે-ફિરદોસ (હનુમાનનગર, એસ.એન.પી. વિસ્તાર) (૧૮) માધુપુરા.

આ ખાતાના વહીવટી માળખામાં ૧ જગા ડાયરેકટરની, કોમ્યુનીટી ઓર્ગેનાઇઝરની ૧૪ જગા પૈકી ૧૦ જગા ભરેલી છે અને કોમ્યુનીટી વોલન્ટીયર્સની ૨૦ જગાઓનો સમાવેશ થાય છે. ખાતા મારફતે ક્ષેત્રિય વિસ્તારોમાં સેવાકીય પ્રવૃતિઓમાં સોશ્યલ સેકટરની આરોગ્ય વિષયક, શિક્ષણ વિષયક તથા વેલ્ફેરને લગતી પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી છે. ફીઝીકલ એકટીવીટીમાં ભૌતિક સુધારણાને લગતી તેમજ આર્થિક ઉપાર્જનને લગતી પ્રવૃતિઓના રોજગાર તાલીમવર્ગો અને કોમ્યુનીટી મોબીલાઇઝેશન પ્રવૃતિમાં લોકજાગૃતિકરણની સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવે છે.

કેન્દ્ર સરકાર અને રાજય સરકાર દ્વારા અમલમાં આવતી વિવિધ યોજનાકીય પ્રવૃતિઓ ઉપરાંત અ.મ્યુ.કો.ના વિવિધ ખાતાઓ મારફત આપવામાં આવતી સેવાઓના લાભ આપવામાં આવે છે. અહેવાલના વર્ષ દરમ્યાન નીચે મુજબની લોક વિકાસને લગતી પ્રવૃત્તિઓ કરવામાં આવેલ છે.

(૧) સોશીયલ સેકટર અંતર્ગત આરોગ્ય વિષયક પ્રવૃતિઓ જેવી કે વિવિધ નિદાન કેમ્પના ૩ કાર્યક્રમો યોજેલ જેનો ૧૨૦૦ લાભાર્થીઓએ લાભ લીધેલ. પોલીયો તથા ઓરીરસીકરણના ૧૫ કાર્યક્રમોમાં ૪૫,૬૧૫ રસીકરણ અંગેના અવેરનેસ કાર્યક્રમની ૫૦ પ્રવૃત્તિઓમાં ૨૨,૪૭,૫૦૦ લાભાર્થીઓ,એઇડઝ રોગ અંગેના અવેરનેસ કાર્યક્રમની ૩ પ્રવૃત્તિઓમાં ૪૮૦ ,પરિવાર કલ્યાણ અને પરિવાર નિયોજન અંગેના ૫ કાર્યક્રમોમાં ૨૫૦ લાભાર્થીઓ લાભ લીધો હતો. જયારે વ્યસન મુકિત અંગેના ૫ કેમ્પમાં ૩૭૦, નશાબંધી અવેરનેશના ૮ કાર્યક્રમોમાં ૬૦૦, માતૃબાળ આરોગ્ય અંગેના અવેરનેશ ૫ કાર્યક્રમોમાં ૪૫૦ ખાસ નિદાન કેમ્પ જેવા કે ગાયનેક, ડાયાબીટીસ, નેત્ર નિદાન કેમ્પની ૨ પ્રવૃતિઓમાં ૬૫૦ લાભાર્થીઓએ લાભ લીધો હતો.આમ કુલ ૯૬ વિવિધ પ્રવૃત્તિઓમાં ૨૨,૯૭,૧૧૫ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

શૈક્ષણિક પ્રવૃતિઓમાં બાલવાડીના ૧ વર્ગોમાં ૩૦ ,ટયુશનના ૨ વર્ગોમાં ૬૦, અક્ષરજ્ઞાનના ૧ વર્ગોમાં ૧૫ અને ચાલો નિશાળે ઝુંબેશમાં ૧૨ કાર્યક્રમોમાં ૧૮૭૦ લાભાર્થીઓએ લાભ લીધો હતો. અવેરનેશ કાર્યક્રમના ૧૨ પ્રયત્નોમાં ૫૭૦, સર્જન પ્રવૃતિના ૧ કાર્યક્રમમાં ૪૫ અને કોચીંગ કલાસના ૨

વર્ગોમાં ૫૬ લાભાર્થીઓએ લાભ લીધો હતો.આમ કુલ ૩૧ કાર્યક્રમોમાં ૨૬૪૬ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

વેલ્ફેરની પ્રવૃતિઓમાં શૈક્ષણિક હેતુલક્ષી પ્રવાસ (મહીલાઓ અને બાળકો માટે) વિવિધ રમત ગમત, ભજન ચિત્ર, નોટબુક પાઠયપુસ્તક વિતરણ, અપંગોને સાધનરૂપી સહાયની કુલ ૯ કાર્યક્રમોમાં ૨૬૩ લાભાર્થીઓએ લાભ મેળવેલ.

(૨) ફીઝીકલ એકટીવીટીમાં નળ, ગટર, લાઇટ, પાણી, રસ્તાની સુવિધા આપવાના કાર્યક્રમની ૧૨ પ્રવૃતિઓમાં ૧૬૬૦, ગૃહ સ્વચ્છતા અને સુશોભનના કાર્યક્રમની ૨પ્રવૃતિઓમાં ૮૦ લાભાર્થીઓ,વૃક્ષારોપણની ૩ પ્રવૃત્તિઓમાં ૩૫૦ તથા પર્યાવરણ સુધારણા અંગેના અવેરનેસ કાર્યક્રમોની ૧૫ પ્રવૃતિઓમાં ૫૦૦ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

(૩) રોજગાર લક્ષી જેવી કે સિવણ તાલીમ વર્ગ, કોમ્પ્યુટર તાલીમ, એમ્બ્રોઇડરી, મોતીકામ અને બ્યુટી પાર્લર તાલીમની કુલ ૩૬ પ્રવૃતિઓમાં કુલ ૪૬૫૭ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

(૪) કોમ્યુનીટી મોબીલાઇઝેશનની પ્રવૃતિઓમાં ધાર્મિક તથા રાષ્ટ્રીય તહેવારની ઉજવણી, નેબરહુડ કમિટીની મીટીંગ ની કુલ ૨૦ પ્રવૃતિઓમાં ૩૮૯૫ લાભાર્થીઓએ લાભ મેળવેલ.

**<u>સુવર્ણજયંતિ શહેરી રોજગાર યોજના :-</u>**

શહેરી ગરીબોને સ્વરોજગાર મેળવતા કરવા તથા નાના મોટા ઘર આંગણાના ધંધા રોજગાર શરૂ કરવા જાહેર ક્ષેત્રની બેંકો દ્વારા નાણાંકીય સહાય આપવાનું કેન્દ્ર સરકાર દ્વારા તા.૧-૧૨-૯૭ થી અમલમાં છે. આ યોજનાનો લાભ સમગ્ર શહેરના ૪૩ વોર્ડમાં રહેતા શહેરી ગરીબોને આપવામાં આવી રહેલ છે. જેની કામગીરી ખાતાના ૧૦ કોમ્યુનીટી ઓર્ગેનાઇઝરો સંભાળી રહેલ છે. જરૂરીયાતમંદ લોકોની અરજીઓ તૈયાર કરાવીને તથા મંજૂર કરાવી ખાતાકીય ભલામણ સાથે સરકારશ્રીએ વોર્ડ વાર અધિકૃત કરેલ ૧૬૨ જેટલી બેન્કોમાં મોકલવામાં આવે છે. અહેવાલી વર્ષમાં ૪૩ વોર્ડમાંથી કુલ ૪૮૭૫ લાભાર્થીઓની અરજીઓ ખાતા દ્વારા તૈયાર કરી બેન્કોને મોકલવામાં આવેલ. જેમાંથી કુલ ૩૫૦ જેટલી લોન અરજીઓ મંજૂર કરી લાભાર્થીઓને કુલ ૭૪.૮૬ લાખની લોન સહાય આપેલ. જેમાં સરકારશ્રી તરફથી રૂા.૧૮.૭૫ લાખ સબસીડી મળેલ. મોકલેલ અરજીઓમાંથી કુલ ૧૭૯૦ઓ અરજીઓ રદ કરતાં ૩૦૧૫ અરજીઓ નિરાકરણ થયા વગરની પડતર રહે છે. આ યોજનાના લાભાર્થીએ લોન ધિરાણ રકમના ૫% રકમ માર્જીન તરીકે ભોગવવાની હોય છે. યોજનાનો લાભ ધોરણ-૯ સુધી ભણેલાઓ માટે સીમીત છે. આ યોજનાનો લાભ મેળવનાર લાભાર્થીની માથાદીઠ વાર્ષિક આવક રૂા.૩૭૩.૧૬ નું ધોરણ સરકારે નકકી કરેલ છે. યોજના અંતર્ગત ૨૫% લેખે સરકારે નકકી કર્યા મુજબ સબસીડી ચુકવવામાં આવે છે. સબસીડીની મહત્તમ મર્યાદા રૂા.૧૨૫૦૦/- સુધીની છે.

**<u>દવાકુઆ યોજના (શહેરી વિસ્તારના બાળકો અને મહીલાઓ માટેની યોજના) :-</u>**

સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજનાની આ પેટા યોજનામાં સામુહિક રીતે સ્વરોજગાર સ્થાપવાના સાહસો શરૂ કરવાનો નિર્ણય કરતી શહેરી ગરીબ મહીલાઓને પ્રોત્સાહન આપવાનો આશય રહેલો છે.આ યોજના અંતર્ગત ૫૦% સબસીડી ચૂકવવાની જોગવાઇ કરવામાં આવેલ છે.

**<u>તાલીમ યોજના :-</u>**

સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજનાની આ દ્વિતીય પેટા યોજનાનો મુખ્ય હેતુ શહેરી ગરીબોને ઉત્પાદનલક્ષી સ્વરોજગાર પ્રવૃતિઓ કરવા પધ્ધતિસરની તાલીમ આપવાનો છે. જેમાં તાલીમાર્થીને ૨ થી ૬ માસની તાલીમ આપવામાં આવે છે. સ્ટાઇપેન્ડ સહિત તાલીમાર્થી દીઠ રૂા. ૨૦૦૦/- નો ખર્ચ કરવાની આ યોજનામાં જોગવાઇ કરવામાં આવેલ છે.

**<u>રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના :-</u>**

તા.૧૫/૮/૯૫થી કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલ આ યોજના અંર્તગત જે કુટુંબની વાર્ષિક આવક રૂા. ૧૧,૮૫૦/- કરતા વધુ ન હોય તેવા પરિવારમાં ૧૮ થી ૬૫ વર્ષની વચ્ચેની ઉંમરનો મુખ્ય કમાનાર વ્યકિત અવસાન પામે તો તેના વિધવા પત્નિ સગીર બાળકો તથા વૃધ્ધ માતા પિતાને કુદરતી અવસાનના કિસ્સામાં રૂા.૫૦૦૦/- અને અકસ્માતના કિસ્સામાં રૂા.૧૦,૦૦૦/-ની સહાય આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે. તા.૧/૮/૯૮થી કુદરતી મૃત્યુ અને અકસ્માતે મૃત્યુ બંનેના કિસ્સામાં સહાયનું ધોરણ સરકારશ્રી દ્વારા એક સરખુ રૂા.૧૦,૦૦૦/- કરવામાં આવેલ છે. અહેવાલી વર્ષમાં ૪૩ વોર્ડના કુલ ૧૯૯૫ જેટલા લાભાર્થીને અંદાજે રૂા.૧૩૦.૫૫ લાખ ચૂકવવાની મંજુરી આપેલ છે.

**<u>સરકારશ્રીની રૂા.૧૦૦ના સસ્તા દરે વીજ જોડાણ આપવાની યોજના:</u>**

શહેરીની ચાલીઓ અને ઝુંપડપટ્ટીમાં વસતા શહેરી ગરીબો કે જેમની કૌટુંબિક વાર્ષિક આવક રૂા. ૧૧,૦૦૦/-થી ઓછી હોય તેવા લોકોને જૂથમાં આ યોજનાનો લાભ આપવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન કુલ ૧૮૪ ઝૂંપડાવાસીઓને આ યોજનાનો લાભ આપવામાં આવેલ છે.

**<u>વિશિષ્ટ કામગીરી :-</u>**

પ્રતિ વર્ષની જેમ પોલીયો નાબુદી ઝુંબેશ હેઠળ સમગ્ર શહેરમાં રીક્ષા દ્વારા પ્રચારની કામગીરી ખાતા દ્વારા કરવામાં આવી હતી. જૂથ ચર્ચાઓ દ્વારા લોકોમાં જાગૃતિ લાવવાનુ કામ કરવામાં આવ્યુ હતું. શહેરની ચાલીઓ અને ઝૂંપડપટીમાં વસતા ગરીબોને અ.મ્યુ.કોર્પો. સંચાલીત સ્લમ નેટવર્કીંગ પ્રોજેકટ દ્વારા અપાતી સુવિધાઓનો લાભ લેવા તૈયાર કરવામાં આવે છે. સરકારશ્રીની ઝૂંપડા વિજ જોડાણ યોજનાઓનો લાભ લેવા પણ લોકોને માર્ગદર્શન આપી તૈયાર કરવામાં આવે છે.

## ૬.૧૫ મધ્યાહન ભોજન યોજના

ગુજરાત રાજયમાં રાજય સરકારે પંચવર્ષીય યોજનાઓ દ્વારા રાજયમાં ઘણા વિકાસના કાર્યક્રમો હાથ ધર્યા છે. આ પંચવર્ષીય યોજનાઓમાંની બાળકલ્યાણકારી અને રાષ્ટ્રીય એકતાની ભાવનાવાળી તથા નિરક્ષરતામાં ઘટાડો કરી, સાક્ષરતામાં વધારો કરે તેવી એક યોજના તે મધ્યાહન ભોજન યોજના આ યોજના નવેમ્બર ૧૯૮૪થી રાજય સરકારે અમલમાં મુકેલ છે. આ યોજના પ્રાથમિક શાળામાં ધો. ૧ થી ૭ નાં વિદ્યાર્થીઓ ભરપેટ પૌષ્ટિક આહાર જમી શકે તે ઉદ્દેશવાળી છે જેના મુખ્ય હેતુઓ નીચે મુજબના છે.

૧. વિકાસશીલ વય જૂથનાં બાળકોનું પોષણ ધોરણ સારા એવા પ્રમાણમાં ઉચું આવે.

૨. અભ્યાસ છોડી જતાં બાળકોને રોકવા.

૩. શાળામાં બાળકોની સામાન્ય હાજરીમાં સુધારો કરવો.

૪. ખાસ કરીને પછાત ગરીબ બાળકોને શાળામાં આકર્ષવા.

૫. બાલ્યાવસ્થાથી જ બાળકમાં રાષ્ટ્રીય અને સામાજીક એકતાનું પગલુ બની રહે.

૬. મધ્યાહ્ન ભોજન યોજના સાથે સંકળાયેલ કર્મચારીઓને ફરી કરી રોજગારી પુરી પાડવી.

આ યોજનાના અમલીકરણની વહીવટની જવાબદારી રાજ્ય સરકારે અ.મ્યુ.કોર્પો.ને સોંપી છે. જેનો વહીવટી અધિકારી તરીકે નાયબ કલેક્ટરશ્રીની નિમણૂંક કરવામાં આવી છે.તેઓ મ્યુ.કમિશ્નરશ્રી અને નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રીનાં સીધા માર્ગદર્શન હેઠળ આ કામગીરી બજાવે છે.

અહેવાલી વર્ષમાં આ યોજનામાં કુલ ૬૨ મધ્યાહ્ન ભોજન કેન્દ્રો હતા. તેમાં ૪૩ કેન્દ્રીયકૃત રસોઈ કેન્દ્ર શહેર વિસ્તાર માટે અને ૧૯ બિન કેન્દ્રીયકૃત રસોઈ કેન્દ્રો પૂર્વ વિસ્તારમાં કાયશીલ હતા. શહેરમાં કેન્દ્રીયકૃત રસોઈ કેન્દ્રો ઉપર રસોઈ તૈયાર કરીને સંલગ્ન શાળાઓમાં યાંત્રિક વાહનો દ્વારા સવારની અને બપોરની શાળાઓમાં પહોંચાડવામાં આવે છે. પૂર્વ વિસ્તારની બિનકેન્દ્રીયયુક્ત રસોઈ કેન્દ્રો ઉપર સ્થાનિક શાળાઓ માટે જ રસોઈ તૈયાર કરી પહોંચાડવામાં આવે છે.

આ યોજનાના અલગ વહીવટી માળખામાં૧ નાયબ કલેક્ટર, ૧ નાયબ હિસાબનીશ, ૧ નાયબ મામલતદાર, ૧ હિસાબી કારકૂન, ૧ જુનિ.ક્લાર્ક( કેશીયર),૧ ટાયપીસ્ટ,૧ ડ્રાયવર, ૧ પટાવાળા, ૧ ઈન્સ્પેક્ટર , ૧ પાર્ટ ટાઈમ પટાવાળાનો સમાવેશ થાય છે.

રસોઈ કેન્દ્રની કામગીરી માટે ૨ રસોઇયા અને લાભાર્થી બાળકોની સંખ્યાને ધ્યાને લઇ વધુમાં વધુ ૨૦ ની મયાર્દામાં રહીને મદદનીશોની ફાળવણી કરવામાં આવેલ છે. જેઓને નીચે મુજબનું મહેનતાણું આપવામાં આવે છે.

| નામ | કેન્દ્રીયકૃત રસોઈ કેન્દ્ર | બિન કેન્દ્રીયકૃત રસોઈ કેન્દ્ર |
|---|---|---|
| વ્યવસ્થાપક | રૂા.૧૫૦૦ /- | રૂા.૫૦૦ /- |
| રસોઈયા | રૂા. ૮૦૦ /- | રૂા.૨૫૦ /- |
| મદદનીશો | રૂા. ૫૦૦ /- | રૂા.૧૭૫ /- |

મધ્યાહન ભોજન યોજનાના રસોઈ કેન્દ્રો ઉપર કુલ ૬૬૩ કર્મચારીઓને રોજી મળે છે. જેમાં ૬૨ વ્યવસ્થાપકો, ૯૩ રસોઈયા, ૫૦૮ મદદનીશોનો સમાવેશ થાય છે.

કુલ કર્મચારીઓમાં અનુસુચિત જાતિના ૫૩૦, અનુસુચિત જનજાતિનાં ૭, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ૬૫ અને અન્ય જાતિના ૬૧ કર્મચારીઓનો સમાવેશ થાય છે.

આ યોજનામાં કુલ ૫૬૩ શાળાઓ પૈકી ૨૩૧ સવારની પાળીની શાળાઓ અને ૩૩૨ બપોરની પાળીની શાળાઓ છે. કેન્દ્રીયકૃત રસોઈકેન્દ્રો સાથે સંલગ્ન ૫૩૮ શાળાઓ અને બીનકેન્દ્રીયકૃત રસોઈ કેન્દ્ર સાથે સંલગ્ન ૨૫ શાળાઓ છે.

પ્રાથમિક શાળાઓમાં બાળકોની રૂચિને ધ્યાનમાં લઈ અઠવાડીયામાં દરરોજ જુદી જુદી નીચે મુજબ વાનગી પીરસવામાં આવે છે.

- સોમવાર - દાળભાત
- મંગળવાર - લાપસી- શાક
- બુધવાર - દાળ ઢોકળી
- ગુરૂવાર - ખીચડી- શાક
- શુક્રવાર - ઉપમા
- શનિવાર - પુલાવ

ઉપરોક્ત યાદીમાં જરૂર જણાયે અનિવાર્ય તેમજ સ્થનિક વર્તમાન પરિસ્થિતિ/અનૂકૂળતા ધ્યાને લઇને ફેરફાર કરવામાં આવે છે.

રાજય સરકાર તરફથી આ યોજનાના અમલીકરણ તથા વહીવટ માટે લાભાર્થી દીઠ ખર્ચ રૂા.૧.૭૫ મંજુર કરેલ છે. તેમજ લાભાર્થી દીઠ દૈનિક ખાદ્ય સામગ્રીનું પ્રમાણ પણ નક્કી કરેલ છે.જે સામેલ પત્રક ૬.૧૫.૧માં દર્શાવી છે.

અહેવાલી વર્ષ દરમ્યાન કુલ ૮૮ ચાઈલ્ડ ડેઝ દરમ્યાન લાભાર્થીઓએ લાભ લીધો છે.એકંદરે આ યોજનાના જે તે કેન્દ્ર મારફતે બાળકોએ લીધેલ લાભની વિગત પત્રક ૬.૧૫.૨ માં દર્શાવી છે.

અહેવાલી વર્ષ દરમ્યાન આ યોજનાના અમલીકરણ માટે રૂા.૧૩૨.૦૧ લાખનો ખર્ચ થયેલ છે. જે લાભાર્થી દીઠ સરેરાશ ખર્ચ રૂા.૧.૬૧ ખર્ચ થયો છે.જે નીચે મુજબ છે.

| અ.નં. | ખર્ચની વિગત | કુલખર્ચરૂા. | લાભાર્થીદીઠ ખર્ચરૂા |
|---|---|---|---|
| ૧. | વહીવટી ખર્ચ | ૪૦,૦૫,૭૩૮/- | ૦.૪૯ |
| ૨. | અનાજ ખર્ચ | ૨૬,૯૫,૧૬૯/- | ૦.૩૩ |
| ૩. | શાક ભાજી | ૨૭,૦૨,૧૭૬/- | ૦.૩૩ |
| ૪. | મરી-મસાલા | ૧૭,૭૫,૩૦૯/- | ૦.૨૨ |
| ૫. | બળતણ | ૮,૬૩,૫૯૦/- | ૦.૧૦ |
| ૬. | અન્ય | ૧૧,૫૮,૫૪૦/- | ૦.૧૪ |
| **કુલ** | | **૧,૩૨,૦૦,૫૨૨/-** | **૧.૬૧** |

આ યોજનાને નાગરિકોનો સહકાર સાંપડે, વ્યવસ્થિત અમલ થાય અને યોગ્ય માર્ગદર્શન અને સુચનો મળી રહે તે હેતુથી સરકારે તમામ રસોઈકેન્દ્ર પર અમલીકરણ સમિતિની રચના કરી છે. જેની દર મહિને એક વખત બેઠકનું આયોજન કરી તેનો રીપોર્ટ કચેરીને મોકલે છે. આ સમિતિમાં કુલ ૯ થી ૧૧ સભ્યો નીચે મુજબ રાખવામાં આવે છે.

(૧) સ્થાનિક શાળાનાં આચાર્ય - ૧
(૨) સંલગ્ન શાળાનાં આચાર્ય - ૧
(૩) પુરુષ વાલી - ૨
(૪) સ્ત્રી વાલી - ૨
(૫) અનુસુચિત જાતિ - ૧
(૬) અનુસુચિત જનજાતિ - ૧
(૭) વ્યવસ્થાપક - ૧

કમિશનરશ્રી,મધ્યાહન ભોજન યોજના અને શાળાઓ ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા અમદાવાદ શહેરના કેન્દ્રોનું વિકેન્દ્રીકરણ કરવાની કામગીરીને અગ્રતા આપવામાં આવી છે.જેથી નજીકના ભવિષ્યમાં અંદાજીત ૫૦ નવા મધ્યાહન ભોજન યોજના કેન્દ્રો શરૂ થતાં કચેરીની વહીવટી તથા કેન્દ્રોને લગતી કામગીરીમાં અવારનવાર સર્જાતી અવ્યવસ્થા તથા કાર્યભારણને

નિવારી શકાશે, બાળકોને ગરમાગરમ ભોજન મળવા સાથે ખાદ્ય ચીજવસ્તુઓનો ખોટો વ્યય થતો અટકશે,બળતણ ખર્ચ ઘટશે અને નવીન રોજગારીની તકોનું સર્જન થશે.

મદયાહન ભોજન યોજનામાં ગુજરાત રાજયની પ્રાથમિક શાળાઓમાં ભણતા બાળકોને પોષણક્ષમ આહાર પૂરો પાડવામાં આવે છે.તેમજ સાથે પ્રાથમિક શાળાના બાળકોનું આરોગ્ય સચવાય તે માટે સરકારશ્રી તરફથી આવેલ દવાની ગોળીઓ આપવામાં આવે છે .

સને ૧૯૮૪માં શરૂ કરવામાં આવેલી આ યોજનાને પરિણામે ગુજરાતના ગામે ગામ ભુલકાઓમાં ભણતર પ્રત્યે રુચિ કેળવાઇ છે. તેમના શારિરીક, બૌધ્ધિક, વિકાસમાં વૃધ્ધિ થઇ છે. તથા સેંકડો ગંદા વસવાટો, ચાલીઓમાં વસતા બાળકોને પોષણક્ષમ આહાર સાથે શિક્ષણ પુરૂ પાડીને પછાત સમુદાયમાં સુંદર પરિણામ મેળવી શકાયુ છે ઉપરાંત લગભગ ૭૦૦ બે-રોજગાર યુવકો,વિધવા,ત્યક્તા,દીન દુ;ખી બહેનોને ખંડ સમયની રોજગારી દ્વારા બેકારી ઘટાડી શકાય છે.આથી આ યોજનાની પ્રશસ્તિ માટે નીચેની પંક્તિઓ સર્વથા યથાર્થ યોગ્ય છે.

**ભૂલકાંઓને ભોજન સાથે ભણતર**
**આવતી પેઢીનું આજથી ઘડતર**
**મધ્યાહન ભોજન યોજનાનું એ બનશે**
**પાયા કેરું ચણતર**

### પત્રક ૬.૧૫.૧
### વર્ષ ૨૦૦૨-૦૩ દરમ્યાન બાળકદીઠ દૈનિક મંજુર થયેલ ખાદ્ય સામગ્રી અને સરેરાશ વપરાયેલ ખાદ્ય સામગ્રી અને તેની કિંમત દર્શાવતુ પત્રક

| અ.નં. | ખાદ્ય સામગ્રી | વપરાશ ( ગ્રામ) | | કિંમત (રૂા. માં) | |
|---|---|---|---|---|---|
| | | મંજુર થયેલ વપરાશ | ખરેખર થયેલ વપરાશ | મંજુર થયેલ ખર્ચ | ખરેખર થયેલ ખર્ચ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | ઘઉં | ૫૦ | ૨૩ | | |
| ૨. | ચોખા | ૫૦ | ૪૩ | ૦.૮૦ | ૦.૩૩ |
| ૩. | દાળ | ૨૦ | ૧૪ | | |
| ૪. | તેલ | ૧૦ | ૮ | | |
| ૫. | મરીમસાલા- શાકભાજી | - | - | ૦.૫૫ | ૦.૫૫ |
| ૬. | ગેસ- બળતણ | - | - | ૦.૧૫ | ૦.૧૦ |
| ૭. | વહીવટી ખર્ચ | - | - | ૦.૨૫ | ૦.૪૯ |
| ૮. | અન્ય ખર્ચ | - | - | - | ૦.૧૪ |
| | કુલ | ૧૩૦ | ૮૮ | ૧.૭૫ | ૧.૬૧ |

**નોંધ :-** અન્ય ખર્ચમાં સમાવિષ્ટ થતી બાબતો નીચે મુજબ છે.

(૧) લોડીગ ટેમ્પા દ્વારાં તૈયાર રસોઇ શાળાઓમાં પહોંચાડવાનું ખર્ચ.
(૨) કેન્દ્ર પરના વાસણોની રીપેરીગ કલાઇ ખર્ચ.
(૩) કેન્દ્ર પર કરવામાં આવતા પરચૂરણ ખર્ચ
(૪) ગોડાઉન પરથી કેન્દ્રો પર અનાજ પહોંચાડવાનું કાર્ટીગ ખર્ચ

## પત્રક ૬.૧૫.૨

## ૨૦૦૨-૦૩ વર્ષ દરમ્યાન ભોજન યોજનાનો લાભ લેનાર સરેરાશ લાભાર્થીઓની સંખ્યાની વિગત દર્શાવતું પત્રક

| માસ | ચાલુ કેન્દ્રોની સંખ્યા | બંધ કેન્દો ની સંખ્યા | કુલ કેન્દ્રો | માસ દરમ્યાન ભોજન આપેલ દિવસોની સંખ્યા | નોંધાયેલ બાળકોની સંખ્યા | | | | | માસ દરમ્યાન સરેરાશ હાજર બાળકોની સંખ્યા | | | | | માસ દરમ્યાન સરેરાશ ભોજન અપાયેલ બાળકોની સંખ્યા | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | એસ.સી. | એસ.ટી. | ઓબીસી | અન્ય | કુલ | એસ.સી. | એસ.ટી. | ઓબીસી | અન્ય | કુલ | એસ.સી. | એસ.ટી. | ઓબીસી | અન્ય | કુલ |
| એપ્રિલ ૨૦૦૨ | - | ૬૨ | ૬૨ | - | ૫૬૭૮૨ | ૭૨૧૩ | ૮૧૦૪૫ | ૭૯૮૦૪ | ૨૨૪૮૪૪ | - | - | - | - | - | - | - | - | - | - |
| મે | - | ૬૨ | ૬૨ | - | ૫૬૭૮૨ | ૭૨૧૩ | ૮૧૦૪૫ | ૭૯૮૦૪ | ૨૨૪૮૪૪ | - | - | - | - | - | - | - | - | - | - |
| જુન | - | ૬૨ | ૬૨ | - | ૫૬૭૮૨ | ૭૨૧૩ | ૮૧૦૪૫ | ૭૯૮૦૪ | ૨૨૪૮૪૪ | - | - | - | - | - | - | - | - | - | - |
| જુલાઈ | ૪૨ | ૨૦ | ૬૨ | ૧૧ | ૫૬૭૮૨ | ૭૨૧૩ | ૮૧૦૪૫ | ૭૯૮૦૪ | ૨૨૪૮૪૪ | ૧૪૯૧૧ | ૩૨૨૨ | ૧૭૭૪૮ | ૨૨૩૫૬ | ૫૮૨૩૭ | ૧૨૫૬૬ | ૨૭૯૭ | ૧૫૧૭૫ | ૧૮૯૪૭ | ૪૯૪૮૫ |
| ઓગષ્ટ | ૫૬ | ૬ | ૬૨ | ૧૪ | ૫૬૭૮૨ | ૭૨૧૩ | ૮૧૦૪૫ | ૭૯૮૦૪ | ૨૨૪૮૪૪ | ૩૦૧૦૦ | ૪૨૨૯ | ૩૬૮૦૨ | ૪૨૧૮૧ | ૧૧૩૩૧૨ | ૨૫૦૩૩ | ૩૬૨૧ | ૩૦૩૦૧ | ૩૫૮૫૦ | ૯૪૮૦૫ |
| સપ્ટેમ્બર | ૬૨ | - | ૬૨ | ૧૪ | ૫૬૭૮૨ | ૭૨૧૩ | ૮૧૦૪૫ | ૭૯૮૦૪ | ૨૨૪૮૪૪ | ૩૨૧૩૬ | ૪૯૦૯ | ૩૭૮૧૯ | ૪૩૨૦૬ | ૧૧૮૦૭૦ | ૨૬૬૪૨ | ૪૩૭૫ | ૩૧૬૬૬ | ૩૬૩૨૮ | ૯૯૦૧૧ |
| ઓક્ટોબર | ૬૨ | - | ૬૨ | ૧૪ | ૫૬૭૮૨ | ૭૨૧૩ | ૮૧૦૪૫ | ૭૯૮૦૪ | ૨૨૪૮૪૪ | ૩૪૪૩૩ | ૪૬૦૯ | ૪૧૫૬૩ | ૪૭૪૬૩ | ૧૨૮૦૪૮ | ૨૮૧૫૪ | ૩૯૮૪ | ૩૪૩૨૯ | ૪૦૪૯૪ | ૧૦૬૯૬૧ |
| નવેમ્બર | - | ૬૨ | ૬૨ | - | ૫૬૭૮૨ | ૭૨૧૩ | ૮૧૦૪૫ | ૭૯૮૦૪ | ૨૨૪૮૪૪ | - | - | - | - | - | - | - | - | - | - |
| ડીસેમ્બર | ૨૯ | ૩૩ | ૬૨ | ૪ | ૫૬૭૮૨ | ૭૨૧૩ | ૮૧૦૪૫ | ૭૯૮૦૪ | ૨૨૪૮૪૪ | ૧૦૪૦૫ | ૨૬૩૧ | ૧૩૯૫૧ | ૧૮૨૧૧ | ૪૫૧૯૮ | ૮૬૮૦ | ૨૪૮૪ | ૧૧૩૯૮ | ૧૫૫૨૭ | ૩૭૭૮૯ |
| જાન્યુ.-૨૦૦૩ | ૬૧ | ૧ | ૬૨ | ૧૧ | ૫૬૭૮૨ | ૭૨૧૩ | ૮૧૦૪૫ | ૭૯૮૦૪ | ૨૨૪૮૪૪ | ૩૪૪૨૬ | ૫૩૫૨ | ૪૧૨૪૦ | ૫૬૧૮૪ | ૧૩૭૨૦૨ | ૨૮૬૫૪ | ૪૮૦૮ | ૩૩૮૨૩ | ૩૯૯૫૭ | ૧૦૭૨૪૨ |
| ફેબ્રુઆરી | ૬૨ | - | ૬૨ | ૧૦.૫ | ૫૬૭૮૨ | ૭૨૧૩ | ૮૧૦૪૫ | ૭૯૮૦૪ | ૨૨૪૮૪૪ | ૩૦૧૮૩ | ૫૧૫૪ | ૩૮૩૩૩ | ૪૫૫૯૫ | ૧૧૯૨૬૫ | ૨૫૯૬૬ | ૪૪૮૨ | ૩૨૨૯૩ | ૩૮૫૯૨ | ૧૦૧૩૩૩ |
| માર્ચ | ૬૨ | - | ૬૨ | ૧૦ | ૫૬૭૮૨ | ૭૨૧૩ | ૮૧૦૪૫ | ૭૯૮૦૪ | ૨૨૪૮૪૪ | ૩૨૭૬૭ | ૪૩૮૭ | ૩૮૮૧૪ | ૪૭૩૯૧ | ૧૨૩૧૫૯ | ૨૭૦૩૦ | ૩૭૭૭ | ૩૨૫૬૧ | ૪૦૪૯૬ | ૧૦૩૮૬૪ |
| **કુલ** | | | | | | | | | | **૨૧૯૩૪૧** | **૩૪૪૯૩** | **૨૬૬૦૭૦** | **૩૨૨૫૮૭** | **૮૪૨૪૯૧** | **૧૮૨૭૨૫** | **૩૦૦૨૮** | **૨૨૧૫૪૬** | **૨૬૬૧૯૧** | **૭૦૦૪૯૦** |

# ૬.૧૬ હેલ્થ ખાતાની ઝોન કક્ષાએ થતી કામગીરી

અમદાવાદ શહેરમાં ખાદ્ય-અખાદ્ય પદાર્થોનાં વેચાણ માટેનાં નવા લાયસન્સ આપવા, રીન્યુ કરવા, પાણીનાં નમુના લેવા, રેસીડેન્ટ ક્લોરીન ટેસ્ટ કરવા, ખુલ્લા ખાદ્ય પદાર્થો અંગે નોટીસો આપવી, રસ્તાની સફાઈ કરાવવી, વેસ્ટ વોટર તથા ન્યુસન્સની ફરિયાદો કરવી, ખાળકૂવાને લગતી ફરિયાદોનો નિકાલ કરવો, વિ. કામગીરી ઉપરાંત એપેડેમિક વિભાગની કામગીરી હેલ્થ ખાતામાં ઝોન કક્ષાએ કરવામાં આવે છે.

શહેરમાં કોઈપણ ધંધામાટે બી.પી.એમ.સી.એકટ મુજબ હેલ્થ લાયસન્સ લેવું ફરજીયાત છે. અખાદ્ય પદાર્થોનાં વેચાણ માટે બી.પી.એમ.સી. તથા પ્રિવેન્શન ઓફ ફૂડ એડલ્ટ્રેશન એક્ટ અન્વયે લાયસન્સ મેળવવાનાં હોય છે. તે માટે નિયત ફોર્મમાં અરજી કરી ફોર્મની વિગતોની ચકાસણી આરોગ્ય, નગરવિકાસ તથા ફાયરબ્રિગેડ ખાતા દ્વારા કરવામાં આવે છે. નિયત શરતોને આધીન રહી યોગ્ય જણાય તો લાયસન્સ આપવામાં આવે છે. તથા રીન્યુઅલ અને નામ ટ્રાન્સફરની અરજીઓ સ્વીકારીને તેનો નિકાલ કરવામાં આવે છે.

અહેવાલી વર્ષમાં બધા ઝોન વિસ્તારનાં કુલ ૪૦ નવા લાયસન્સ આપવામાં આવ્યા છે. જે પૈકી ૧૪ લાયસન્સ ખાદ્ય પદાર્થોનાં વેચાણ માટેનાં તથા ૨૬ લાયસન્સ અખાદ્ય પદાર્થોનાં વેચાણાર્થે આપવામાં આવ્યાં છે. તેમજ ૧૧૮ લાયસન્સ ખાદ્ય પદાર્થોનાં અને ૨૦૩ લાયસન્સ અખાદ્ય પદાર્થોનાં મળી કુલ ૩૨૧ લાયસન્સ રીન્યુ કરી આપવામાં આવ્યા છે. લાયસન્સ વિભાગની ઝોનવાર માહિતી પત્રક ૬.૧૬.૧ માં દર્શાવી છે. જ્યારે ઝોન લેવલે થતી અન્ય કામગીરીની આંકડાકીય માહિતી તથા આરોગ્ય વિષયક માહિતી પત્રક ૬.૧૬.૨ માં અને એપેડેમિક વિભાગની માહિતી પત્રક ૬.૧૬.૩ માં દર્શાવી છે.

મ્યુ.કોર્પો. દ્વારા શહેરનાં જુદા જુદા વિસ્તારોમાં ૧૯ દવાખાના, ૮ પ્રસુતિગૃહો, ૧ દાંતનાં દવાખાના અને ૩ રેફરલ હોસ્પિટલોનું સંચાલન કરવામાં આવે છે. જે પૈકી રેફરલ હોસ્પિટલો શહેરનાં ગોમતીપુર, બહેરામપુરા અને સાબરમતી વિસ્તારોમાં કાર્યરત છે. જેનો વહીવટ ઝોન કક્ષાએ થાય છે. આ હોસ્પિટલોમાં અહેવાલી વર્ષ દરમ્યાન બહારનાં વિભાગનાં ૬૬૫૦૭ નવા અને ૧૪૫૨૭૦ જુના કેસો મળી કુલ ૨૧૧૭૭૭ દર્દીઓને સારવાર આપવામાં આવી છે. જે પૈકી સૌથી વધુ દૈનિક સરેરાશ ૩૭૬ દર્દીઓની ગોમતીપુર રેફરલ હોસ્પિટલમાં અને સૌથી ઓછી દૈનિક સરેરાશ ૧૩૫ દર્દીઓની સાબરમતી રેફરલ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી છે. એકંદરે રેફરલ હોસ્ટિપલમાં દૈનિક સરેરાશ ૭૦૩ દર્દીઓને સારવાર આપવામાં આવી છે. આ અંગેના ઓ.પી.ડી. વિભાગની કામગીરી પત્રક ૬.૧૬.૪ માં દર્શાવી છે.

હોસ્પિટલમાં ઈન્ડોર વિભાગમાં કુલ ૪૫ પથારીઓની વ્યવસ્થા રાખવામાં આવી છે. વર્ષ દરમ્યાન ૩૩૦૩ દર્દીઓને ઈન્ડોર વિભાગમાં સારવાર આપવામાં આવી છે. જે પૈકી ૬૨૮ કેસો પ્રસુતિનાં હતા. આ હોસ્પિટલમાં એક્સ-રે, સ્ક્રીનીંગ તથા ઈ.સી.જી. તપાસની સેવાઓ ઉપલબ્ધ છે. લેબોરેટરી વિભાગમાં લોહી, પેશાબ, ઝાડો, ગળફા વિ.ની તપાસ કરવામાં આવે છે.

## પત્રક ૬.૧૬.૧
## લાયસન્સ વિભાગની ઝોનવાઈઝ માહિતી દર્શાવતુ પત્રક

| અ.નં. | વિગત | મ.ઝોન | ઉત્તર ઝોન | દક્ષિણ ઝોન | પૂર્વ ઝોન | પશ્ચિમ ઝોન | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| | | | | | | | |
| ૧ | નવા કાઢી આપવામાં આવેલ લાયસન્સ | | | | | | |
| અ. | ખાદ્ય લાયસન્સ | | | | | | |
| | ૧. પી.એફ.એ.એક્ટ | ૫ | - | ૧ | - | - | ૬ |
| | ૨. બી.પી.એમ.સી.એકટ | ૭ | - | ૧ | - | - | ૮ |
| | કુલ | ૧૨ | - | ૨ | - | - | ૧૪ |
| બ. | અખાદ્ય લાયસન્સ | - | ૧ | ૨૧ | - | ૪ | ૨૬ |
| | એકંદરે કુલ | ૧૨ | ૧ | ૨૩ | - | ૪ | ૪૦ |
| ૨. | રીન્યુ કરવામાં આવેલ લાયસન્સ | | | | | | |
| અ. | ખાદ્ય લાયસન્સ | | | | | | |
| | ૧. પી.એફ.એ.એક્ટ | ૯ | ૧૪ | ૧૩ | ૧૪ | ૪ | ૫૪ |
| | ૨. બી.પી.એમ.સી.એકટ | ૧૫ | ૧૯ | ૧૨ | ૧૪ | ૪ | ૬૪ |
| | કુલ | ૨૪ | ૩૩ | ૨૫ | ૨૮ | ૮ | ૧૧૮ |
| બ. | અખાદ્ય લાયસન્સ | ૧૨ | ૫૦ | ૧૮ | ૧૦૦ | ૨૩ | ૨૦૩ |
| | એકંદરે કુલ | ૩૬ | ૮૩ | ૪૩ | ૧૨૮ | ૩૧ | ૩૨૧ |
| ૩ | (અ)શરતભંગની ફરિયાદો | | | | | | |
| | ૧. ખાદ્ય ફરિયાદો | ૧૩૨ | ૬૦ | ૪૯ | ૧૮ | ૧૦૮ | ૩૬૭ |
| | ૨.અખાદ્ય ફરિયાદો | ૮૧ | ૮૧ | ૨૦ | ૩૨ | ૨૨ | ૨૩૬ |
| | કુલ | ૨૧૩ | ૧૪૧ | ૬૯ | ૫૦ | ૧૩૦ | ૬૦૩ |
| | (બ)વગર લાયસન્સની ફરીયાદો | | | | | | |
| | ૧. ખાદ્ય ફરીયાદો | ૨૫૮ | ૪૪૦ | ૫૦૮ | ૯૯૫ | ૧૩૦૫ | ૩૫૦૬ |
| | ૨.અખાદ્ય ફરીયાદો | ૧૦૮ | ૫૯૮ | ૪૫૩ | ૮૩૯ | ૩૫૦ | ૨૩૪૮ |
| | કુલ | ૩૬૬ | ૧૦૩૮ | ૯૬૧ | ૧૮૩૪ | ૧૬૫૫ | ૫૮૫૪ |

## પત્રક ૬.૧૬.૨
## આરોગ્ય વિષયક માહિતી દર્શાવતુ પત્રક

| અ.નં. | વિગત | મ.ઝોન | ઉત્તર ઝોન | દક્ષિણ ઝોન | પૂર્વ ઝોન | પશ્ચિમ ઝોન | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | લીધેલાં પાણીનાં નમુના | | | | | | |
| | અ. ફીટ | - | ૭૦૭ | - | ૩૧૮૦ | ૨૩૫૮ | ૬૨૪૫ |
| | બ. અનફીટ | - | ૧૯ | - | ૪૪ | ૨૭ | ૯૦ |
| | કુલ | - | ૭૨૬ | - | ૩૨૨૪ | ૨૩૮૫ | ૬૩૩૫ |
| ૨ | કરેલ રેસીડયુઅલ ક્લોરીન ટેસ્ટ | | | | | | |
| | અ. કુલ કરેલ ક્લોરીનનાં રેસીડેન્ટ ટેસ્ટ | ૬૫૨૫૨ | ૧૧૮૧૩૩ | ૪૪૪૩૪ | ૬૭૬૨૪ | ૨૦૮૯૬૮ | ૫૦૪૪૧૧ |
| | બ. રેસી ક્લોરીન છે. | ૬૪૮૬૧ | ૧૧૭૬૧૭ | ૪૪૩૨૦ | ૬૭૦૬૭ | ૨૦૩૮૦૭ | ૪૯૭૬૭૨ |
| | ક. રેસી ક્લોરીન નથી. | ૩૯૧ | ૫૧૬ | ૧૧૪ | ૫૫૭ | ૫૧૬૧ | ૬૭૩૯ |
| ૩ | ખુલ્લા ખાદ્ય પદાર્થોનાં સદર્ભે આપેલ નોટીસો | ૨૫૪૫ | ૧૯૩૫ | ૨૧૫૭ | ૧૩૬૨ | ૨૧૧૦ | ૧૦૧૦૯ |
| ૪ | ખુલ્લા ખાદ્ય પદાર્થોનો કરેલ નાશ | | | | | | |
| | અ.ઘન પદાર્થ ( કિ.ગ્રા.) | ૧૮૩૫૩ | ૧૯૦૩૧ | ૧૦૩૯૭ | ૭૫૬૩ | ૭૪૨૨ | ૬૨૭૬૬ |
| | બ. પ્રવાહી પદાર્થ ( લીટર) | ૩૫૨૫ | ૫૦૯૪ | ૧૬૮૨ | ૨૪૫ | ૨૦૮૧ | ૧૨૬૨૭ |
| ૫ | માટી પુરણી અંગે આપેલ નોટીસો | ૧૧૩૬ | ૮૭૭ | ૩૯૫ | ૬૯૯ | ૨૮૮૫ | ૫૯૯૨ |
| ૬ | પાણીની ટાંકીની સફાઈ અંગે આપેલ નોટીસો | ૨૩૦ | ૧૬૮૫ | ૯૩૭ | ૯૭૯ | ૨૩૩૬ | ૬૧૬૭ |
| ૭ | વેસ્ટ વોટર તથા ન્યુસન્સની ફરિયાદો | ૭૪૩ | ૭૬૭ | ૧૦૪૫ | ૨૨૬૪ | ૪૯૬૭ | ૯૭૮૬ |
| ૮ | બીફ મટનની ફરિયાદો | ૧૩૩ | - | ૧૫૯ | ૩૮૨ | ૧૫૨ | ૮૨૬ |
| ૯ | જાહેર આરોગ્યને લગતી પબ્લીક ફરિયાદો | | | | | | |
| | અ. ગતવર્ષની ફરિયાદો | ૪૫ | ૫૦ | ૧૨ | - | - | ૧૦૭ |
| | બ. વર્ષ દરમ્યાન નવી આવેલ ફરિયાદો | ૫૯૭૪ | ૨૩૨૯ | ૩૩૦૨ | ૩૧૭૦ | ૩૬૩૨ | ૧૮૪૦૭ |
| | ક.કુલ ફરિયાદો | ૬૦૧૯ | ૨૩૭૯ | ૩૩૧૪ | ૩૧૭૦ | ૩૬૩૨ | ૧૮૫૧૪ |
| | ડ. નિકાલ કરેલ ફરિયાદો | ૬૦૧૯ | ૨૩૫૭ | ૩૩૧૪ | ૩૧૬૧ | ૩૬૩૨ | ૧૮૪૮૩ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | ઈ. વર્ષાંતે બાકી ફરિયાદો | - | ૨૨ | - | ૯ | - | ૩૧ |
| ૧૦ | કચરાનાં ફેરાની વિગત | | | | | | |
| | અ. જે.સી.બી. નાં ફેરા | ૧૩૩૩ | ૨૦૧૦ | ૨૪૪૦ | ૧૯૬૩ | ૧૭૪૧ | ૯૪૮૭ |
| | બ. લોડરનાં ફેરા | - | - | - | - | | |
| | ક. ટ્રકનાં ફેરા | ૨૭૮૪ | ૧૮૫૬ | ૧૮૬૬ | ૨૮૨૯ | ૨૧૪૦ | ૧૧૪૭૫ |
| | ડ. સ્કીપનાં ફેરા | - | ૨૮૫ | ૨૪૧૮ | ૧૫૭૮ | ૧૪૩૮ | ૫૭૧૯ |
| | ઈ. ટોલી કામનાં ફેરા | - | - | - | - | - | - |
| | એફ. એક્સ્ટ્રા ગાડીનાં ફેરા | - | ૭૭૮ | - | - | - | ૭૭૮ |
| | જી. કુલ ફેરા | ૪૧૧૭ | ૪૯૨૯ | ૬૭૨૪ | ૬૩૭૦ | ૫૩૧૯ | ૨૭૪૫૯ |
| ૧૧ | ખાળકુવાને લગતી ફરિયાદ | - | - | - | - | - | - |
| | અ. ગતવર્ષની બાકી | - | ૧૨૪૦ | - | - | - | ૧૨૪૦ |
| | બ. વર્ષ દરમ્યાન નવી આવેલ | - | ૩૫૭૩ | ૭૭૩૦ | - | - | ૧૧૩૦૩ |
| | ક. કુલ ફરિયાદો | - | ૪૮૧૩ | ૭૭૩૦ | - | - | ૧૨૫૪૩ |
| | ડ. નિકાલ કરેલ ફરિયાદો | - | ૩૫૭૮ | ૭૩૫૧ | - | - | ૧૦૯૨૯ |
| | ઈ. વર્ષાંતે બાકી ફરિયાદો | - | ૧૨૩૫ | ૩૭૯ | - | - | ૧૬૧૪ |
| ૧૨ | આરોગ્ય વિષયક દવાઓનો વપરાશ | | | | | | |
| | એ. ક્લોરીનની ગોળીઓ વહેંચી | ૧૩૪૩૭૦૦ | ૮૧૪૭૭૫ | ૧૨૧૭૨૫૦ | ૧૪૮૨૬૯૫ | ૯૧૭૦૫૦ | ૫૭૭૫૪૭૦ |
| | બી. બ્લીચીંગ પાવડર ( કિ.ગ્રા.) | ૨૩૪૫ | ૬૫૩૫ | ૧૧૭૦ | ૪૪૬૦ | ૨૦૫૦ | ૧૬૫૬૦ |
| | સી. ગેમેક્ષીન ( કિ.ગ્રા.) | ૪૨૩૭૩ | - | - | - | - | ૪૨૩૭૩ |
| | ડી. ટયુઝોન ( કિ.ગ્રા.) | - | - | - | ૧૯.૫ | ૯ | ૨૮.૫ |
| | ઈ. ફિનાઈલ ( લીટર) | ૨૧૨૯ | ૨૩૬૨ | ૧૭૬૯ | ૩૦૩૭ | ૧૮૯૦ | ૧૧૧૮૭ |
| | એફ. એસીડ ( લીટર) | ૭૩૫ | ૪૯૯ | ૮૧૪ | ૬૨૮ | ૫૩૮ | ૩૨૧૪ |

**નોંધ :- ખાળકુવાની ફરિયાદોની માહિતી માં પૂર્વઝોનની માહિતી ઉત્તર ઝોનની માહિતીમાં સામેલ છે.**

## પત્રક ૬.૧૬.૩
## વર્ષ દરમ્યાન એપેડેમીક  વિભાગની માહિતી દર્શાવતુ પત્રક

| અ.નં. | રોગનું નામ | મ.ઝોન | | ઉત્તર ઝોન | | દક્ષિણ ઝોન | | પૂર્વ ઝોન | | પશ્ચિમ ઝોન | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | | ૫ | | ૬ | | ૭ | | ૮ | |
| | | કેસ | મરણ | કેસ | મરણ | કેસ | મરણ | કેસ | મરણ | કેસ | મરણ | કેસ | મરણ |
| ૧. | કમળો | ૨૪૩ | - | ૨૦૯ | ૬ | ૮૫ | ૧ | ૪૨૧ | ૧ | ૪૩ | - | ૧૦૦૧ | ૭ |
| ૨. | કોલેરા | ૩ | - | ૭ | - | ૨ | - | ૨ | - | ૩ | - | ૧૭ | - |
| ૩. | ઝાડા ઉલ્ટી | ૫૬૪ | - | ૫૫૭ | ૪ | ૫૮૭ | ૧ | ૭૩૦ | ૧ | ૧૨૨ | - | ૨૫૬૦ | ૫ |
| ૪. | ટાઈફોઈડ | ૨૩ | - | ૫૫ | - | ૪૨ | - | ૧૩૬ | - | ૭ | - | ૨૬૩ | - |
| ૫. | મગજનો તાવ | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૬. | અન્ય | | | - | - | - | - | - | - | - | - | - | - |
| | કુલ | ૮૩૩ | - | ૮૨૮ | ૧૦ | ૭૧૬ | ૨ | ૧૨૮૯ | ૨ | ૧૭૫ | - | ૩૮૪૧ | ૧૨ |

## પત્રક ૬.૧૬.૪
## રેફરલ હોસ્પિટલની ઓ.પી.ડી. વિભાગની માહિતી

| અ.નં. | વિગત | રેફરલ હોસ્પિટલનું નામ | | | | |
|---|---|---|---|---|---|---|
| | | ગોમતીપુર | બહેરામપુરા | લોખંડવાલા | સાબરમતી | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | નવા કેસ | ૨૭૫૭૪ | ૨૮૦૮૫ | - | ૧૦૮૪૮ | ૬૬૫૦૭ |
| ૨. | જુના કેસ | ૮૫૨૯૨ | ૩૦૦૨૨ | - | ૨૯૯૫૬ | ૧૪૫૨૭૦ |
| ૩. | કુલ કેસ | ૧૧૨૮૬૬ | ૫૮૧૦૭ | - | ૪૦૮૦૪ | ૨૧૧૭૭૭ |
| | દૈનિક સરેરાશ | | | | | |
| ૪. | નવા કેસ | ૯૧ | ૯૩ | - | ૩૬ | ૨૨૦ |
| ૫. | જુના કેસ | ૨૮૪ | ૧૦૦ | - | ૯૯ | ૪૮૩ |
| ૬. | કુલ કેસ | ૩૭૬ | ૧૯૩ | - | ૧૩૫ | ૭૦૩ |

**નોંધ :- ઓ.પી.ડી. વિભાગની દૈનિક સરેરાશ માટે કામકાજનાં વર્ષનાં ૩૦૦ દિવસ ધ્યાનમાં લીધેલ છે**

## પ્રકરણ –૭

## કોન્ઝરવન્સી સેવાઓ :- ( સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ)

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની કામગીરીનું સંચાલન ડે. મ્યુ. કમિશ્નરશ્રી(જનરલ) સાહેબનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવે છે. ડાયરેકટર, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ એન્ડ કોન્ઝરવન્સીશ્રીની સીધી દેખરેખ નીચે શહેરની લીમીટમાં ઉત્પન્ન થતો રોજેરોજનો કચરો, નકકી કરેલ કચરાપેટીઓ વાળી જગાઓ ઉપરથી ઉપડાવી ડમ્પ સાઇટ ઉપર તેનો આખરી નિકાલ કરવામાં આવે છે. આ માટે સેન્ટ્રલ વર્કશોપ ખાતેથી ફાળવવામાં આવતા વાહનોને આયોજનપૂર્વક ઝોનવાઇઝ વહેંચણી કરવામાં આવે છે. નિયત કરેલ ૭૦૮ કચરાપેટીઓ ઉપરથી કચરો ઉપાડી, તેનાં નિકાલના સ્થળ પર પહોંચાડવાની આ કામગીરી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારાં બે શીફટમાં કરવામાં આવે છે. છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન નિકાલ કરેલ કચરાની વિગત પત્રક ૭.૧.૧માં તથા વર્ષ દરમ્યાન ઝોનવાઇઝ ઉપાડવામાં આવેલ કચરાની વિગત સામેલ પત્રક ૭.૧.૨ માં દર્શાવી છે.

### ૭.૧ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ :-

શહેરની લીમીટમાં કચરાપેટીઓ ઉપર એકત્રિત થતો કચરો ઉપાડવા જે.સી.બી. મશીન, લોડર મશીન,ટીપ્પર મશીન ,ડમ્પર પ્લેસર તથા રેફયુઝ કલેકટર, કોમ્પેકટર મશીન અને ગલીઓ તથા ટ્રાફીકવાળી જગ્યાઓ ઉપરથી  ટાટા ટ્રક અને  કચરાની રિક્ષાઓ વિગેરે અદ્યતન વાહનો દ્વારા ઉપડાવી કામગીરી કરાવવામાં આવેલ છે.અહેવાલી વર્ષમાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ૩,૮૫,૯૭૦ મે.ટન જેટલા કચરાનો નિકાલ કરવામાં આવેલ છે.

અ.મ્યુ.કો.સંચાલીત જનરલ હોસ્પિટલ,દવાખાનાઓ,પ્રસુતિગૃહો,આરોગ્ય કેન્દ્રો વિગેરેમાંથી ઉત્પન્ન તથા બાયો મેડીકલ વેસ્ટનો ધી બાયો મેડીકલ વેસ્ટ (હેન્ડલીંગ એન્ડ મેનેજમેન્ટ) રૂલ્સ ૨૦૦૦ દ્વારા કરવામાં આવેલ જોગવાઇઓ અનુસાર બંધ બોડીવાળા વાહનોમાં એકત્ર કરી ઈન્શીનરેશન પ્લાન્ટ ઉપર લાવી તેનો આખરી નિકાલ કરવામાં આવે છે.તેની સાથે સાથે નહી નફો નહી નુકશાન ના ધોરણે ખાનગી દવાખાના અને હોસ્પિટલો મેટરનીટી હોમ વિગેરેના બાયો મેડીકલ વેસ્ટને કોમન ફેસીલીટી અનુસાર નિકાલ કરી આપવામાં આવે છે.તેજ પ્રમાણે શહેર લીમીટમાં આવેલી હોટલોનો કીચન વેસ્ટ જરૂરી ચાર્જ વસુલ કરી ઉપડાવી તેનો નિકાલ કરવામાં આવેલ છે.અહેવાલી વર્ષમાં ૧,૫૯,૫૦૮ કિ.ગ્રા.હોસ્પિટલ વેસ્ટનો નિકાલ કરવામાં આવેલ છે.

ઉપરાંત આ વિભાગ દ્વારા શહેર લીમીટ અંદર મરણ પામતા તમામ પ્રકારના નાના મોટા જાનવરોને ઉપાડી તેમજ મ્યુનિ.મીટ માર્કેટ ,ફીશમાર્કેટ તેમજ સ્લોટર હાઉસ વિગેરેમાંથી ઉત્પન્ન થતો પ્રાણીજન્ય વેસ્ટ ઉપાડી તેનો આખરી નિકાલ કરવામાં  આવે છે.અહેવાલી વર્ષમાં મોટા કુલ ૧૮૪૫ અને નાના કુલ ૨૪૨૦૮ મૃત જાનવરોનો નિકાલ કરવામાં આવેલ છે

### વિશિષ્ટ કામગીરી :-

અહેવાલી વર્ષ દરમ્યાન આવેલ અલગ અલગ ધાર્મિકતહેવારોમાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા આગવી વ્યવસ્થા ગોઠવી આયોજનપૂર્વકની કામગીરી કરાવવામાં આવેલ છે.બકરી ઇદના તહેવાર નિમિત્તે મુસ્લીમભાઇઓ દ્વારા આપવામાં આવતી કુરબાનીનો વેસ્ટ શહેરની અલગ અલગ પોળો,મહોલ્લાઓમાં પડી ન રહે અને તેનો ત્વરીત નિકાલ થાય તેવી વ્યવસ્થા ગોઠવી કામગીરી પુરી કરવામાં આવેલ અને આમ તા.૧૨/૨/૦૩થી તા.૧૫/૨/૦૩સુધીના સમય દરમ્યાન કુલ ૨૨૨ ફેરા દ્વારા ૫,૯૮,૯૭૦કિ.ગ્રા.પ્રાણીજન્ય વેસ્ટ ઉપડાવવામાં આવેલ છે.આમ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ દ્વારા અહેવાલી વર્ષમાં અસરકારક કામગીરી બજાવવામાં આવેલ છે.

## પત્રક ૭.૧.૧
## છેલ્લા પાંચ વર્ષમાં કચરાનો નિકાલ દર્શાવતું પત્રક

| અ.નં. | વર્ષ | વાર્ષિક ( મે.ટન) | પ્રતિદિન( મે.ટન) | ખર્ચ રૂા. લાખમાં |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| ૧ | ૧૯૯૮-૯૯ | ૪૮૪૫૨૭ | ૧૩૨૭ | ૫૨૯.૮૪ |
| ૨ | ૧૯૯૯-૦૦ | ૩૮૦૦૬૬ | ૧૦૪૧ | ૬૬૩.૫૮ |
| ૩ | ૨૦૦૦-૦૧ | ૩૯૪૬૫૧ | ૧૦૮૧ | ૮૨૭.૦૩ |
| ૪ | ૨૦૦૧-૦૨ | ૨૭૯૧૩૭ | ૭૬૫ | ૬૮૨.૪૧ |
| ૫ | ૨૦૦૨-૦૩ | ૩૮૫૯૭૦ | ૧૦૫૭ | ૬૯૫.૧૧ |

## પત્રક ૭.૧.૨
## વર્ષ  દરમ્યાન ઝોન વાઈઝ ઉપાડવામાં આવેલ કચરાની વિગત દર્શાવતુ પત્રક

| અ.નં. | ઝોનનું નામ | વાર્ષિક ( મે.ટન) | પ્રતિદિન સરેરાશ ( મે.ટન) | ટકાવારી કચરો |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| ૧ | મધ્યઝોન | ૧૫૯૫૪૧ | ૪૩૭.૧૦ | ૪૧.૩૪ |
| ૨ | પશ્ચિમઝોન | ૮૮૬૩૩ | ૨૪૨.૮૩ | ૨૨.૯૫ |
| ૩ | ઉત્તરઝોન | ૩૫૪૯૦ | ૯૭.૨૩ | ૯.૨૦ |
| ૪ | પૂર્વઝોન | ૫૭૭૦૧ | ૧૫૮.૦૮ | ૧૪.૯૫ |
| ૫ | દક્ષિણઝોન | ૪૪૬૦૫ | ૧૨૨.૨૧ | ૧૧.૫૬ |
|  | **કુલ** | **૩૮૫૯૭૦** | **૧૦૫૭.૪૫** | **૧૦૦.૦૦** |

## પત્રક ૭.૧.૩
## વર્ષ દરમ્યાન ઈન્સીનરેશન પ્લાન્ટ ખાતે નિકાલ કરેલ હોસ્પિટલ વેસ્ટનું માસવાર માહિતી દર્શાવતુ પત્રક

| અ.નં. | માસ | બાળવામાં આવેલ હોસ્પિટલ વેસ્ટ વજન કિ.ગ્રામ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | એપ્રિલ - ૦૨ | ૧૩૭૦૫ |
| ૨. | મે – ૦૨ | ૧૩૮૦૭ |
| ૩. | જૂન- ૦૨ | ૧૪૦૧૧ |
| ૪. | જુલાઈ- ૦૨ | ૧૫૭૯૮ |
| ૫. | ઓગષ્ટ- ૦૨ | ૧૪૩૧૭ |
| ૬. | સપ્ટેમ્બર – ૦૨ | ૧૪૧૦૨ |
| ૭. | ઓક્ટોબર- ૦૨ | ૧૪૧૮૧ |
| ૮. | નવેમ્બર- ૦૨ | ૧૨૦૩૦ |
| ૯. | ડીસેમ્બર- ૦૨ | ૧૨૨૩૦ |
| ૧૦. | જાન્યુઆરી- ૦૩ | ૧૧૯૫૫ |
| ૧૧. | ફેબ્રુઆરી- ૦૩ | ૧૪૩૫૩ |
| ૧૨. | માર્ચ – ૦૩ | ૧૨૦૧૯ |
| | **કુલ** | **૧૫૯૫૦૮** |

## ૭.૨ ઢોરત્રાસ અંકુશ વિભાગ

ધી કેટલ ટ્રેસ પાસ એકટની જોગવાઈ અનુસાર ઢોરોને પક્ડીને ડબ્બામાં પુરવાની તથા પકડાયેલા ઢોરોના માલિકો તરફથી નક્કી થયા મુજબ દંડ તથા ખોરાકી ખર્ચ વસૂલ કરી ઢોરોને ડબ્બામાંથી છોડવાની કામગીરી કરવામાં આવે છે.નિયત સમયમાં પકડાયેલાં ઢોરોના માલિકો ઢોરોને છોડાવી ન જાય તો ઢોરોને ગુજરાતની અલગ-અલગ પાંજરાપોળોમાં મોકલવામાં આવે છે. બી.પી.એમ.સી. એક્ટ શીડયુલ ‘એ’ ચેપ્ટર-૧૪ નાં રૂલ્સ ૨૨ મુજબ ચોપગા જાનવરો રાખવાની પરમીટ લેવી ફરજીયાત છે.આ અંગે ખાતા તરફથી પરમીટ આપવાની કામગીરી કરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં બિનકાયદેસર ઢોરો રાખનાર સામે કોઈ ફરિયાદ કરવામાં આવી નથી.

શ્રી જીવદયા મંડળી મુંબઈ, તરફથી અ.મ્યુ.કોર્પો.ને એમ્બ્યુલન્સ વાન દાનમાં મળી છે. શહેરનાં રસ્તાઓ ઉપર બિમાર રહેતા તમજ ડબ્બાઓમાં બિમાર થતાં ઢોરોને સારવાર માટે આ એમ્બ્યુલન્સ દ્વારાં પાંજરાપોળમાં મોકલવામાં આવે છે.

અહેવાલી વર્ષમાં ત્રણ પાળીમાં ઢોરોને પકડવાની કામગીરી કરવામાં આવી હતી. વર્ષ દરમ્યાન કુલ ૭૧૨૪ ઢોરોને પકડીને ડબ્બામાં પુરવામાં આવ્યા હતા.જુદા જુદા ડબામાં પુરવામાં આવેલ ઢોરો પૈકી કુલ ૧૮૧૩ ઢોરોને તેમના માલિકો પાસેથી દંડ -ખોરાકી, વસુલ લઈને છોડવામાં આવ્યા હતા. વર્ષ દરમ્યાન દંડ પેટે રૂા.૪.૨૭ લાખ વસૂલ કરવામાં આવ્યા હતા. તેમજ ખોરાકી પેટે રૂા.૧.૫૪ લાખ મળી કુલ રૂા.૫.૮૧ લાખ વસૂલ કરવામાં આવ્યા છે.

જન્માષ્ટમી તથા મ્યુ.બોર્ડ નક્કી કરે તે તહેવારોનાં દિવસે ઢોરોને પકડવામાં આવતા નથી. ઉપરાંત જનરલ બોર્ડ નક્કી કરે તે તહેવારોના દિવસે ડબ્બામાં પૂરેલ ઢોરોને દંડ-ખોરાકી વસુલ કર્યા વગર મુક્ત કરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં જન્માષ્ટમીનાં દિવસે કુલ ૭૮૮ (તા.૩૧.૮.૨૦૦૨) ઢોરોને દંડખોરાકી વસુલ કર્યા વગર મુક્ત કરવામાં આવ્યા હતાં. નિયત સમયમાં નહી છોડાવી જનાર ઢોરોને મુંબઈની શ્રી જીવદયા મંડળીને ઢોરદીઠ રૂા.૬/- લેખે ટોકન રેટથી આપવામાં આવે છે. શ્રી જીવદયા મંડળી મારફતે આ વર્ષમાં કુલ ૨૦૪૭ ઢોરોને ગુજરાતની અલગ-અલગ પાંજરાપોળોમાં મોકલી આપવામાં આવ્યા છે. પકડાયેલાં ઢોરોને ડબ્બા દંડ અને ખોરાકી ચાર્જ તથા અન્ય આવકનાં છેલ્લા ત્રણ વર્ષના આંક્ડા આ સાથે સામેલ પત્રક ૭.૨.૧ માં દર્શાવ્યા છે. ગવર્મેન્ટ ઓફ ગુજરાત, હોમ ડીપાર્ટમેન્ટ નોટીફીકેશન નં.જી.જી.૯૭/૧૪૧ સી.ટી.એ ૧૦૯૨/ ૩૫૧૯ એમ તા. ૧૩.૧૦.૯૮ મુજબ જાનવર દીઠ વસૂલ લેવાતા દંડ અને મ્યુ. કોર્પોરેશને નકકી કરેલ ખોરાકીનું પત્રક નીચે મુજબ છે.

| અનુ.નં | ઢોરની વિગત | દંડ રૂા. | ખોરાકી રૂા. |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | હાથી | ૨૦૦૦ | ૭૫ |
| ૨. | ઊંટ | ૪૦૦ | ૭૫ |
| ૩. | ભેંસ,પાડો,ખચ્ચર,આખલો,બળદ,ગાય | ૨૫૦ | ૫૦ |
| ૪. | ધાવતાં વાછરડાં, વાછરડી,પાડો,પાડી | ૧૫૦ | ૨૫ |
| ૫. | ઘોડો | ૨૫૦ | ૭૫ |
| ૬. | ગધેડો,ભૂંડ | ૧૫૦ | ૧૫ |
| ૭. | ઘેટાં,બકરાં | ૧૦૦ | ૧૦ |

છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન પકડેલ ઢોરોની ડબ્બા દંડ તથા ખોરાકીની તથા પરચુરણ આવક પત્રક ૭.૨.૧ તથા અહેવાલી વર્ષમાં પકડાયેલાં ઢોર તથા જુદા જુદા પ્રકારે થયેલ તેનાં નિકાલની છેલ્લાં ૨ વર્ષની માહિતી પત્રક ૭.૨.૨ માં દર્શાવી છે.

અહેવાલી વર્ષમાં દરમ્યાન જાનવરોને પૂરૂ પાડવામાં આવતું ઘાસ (ખોરાકી) અંગેનો ખર્ચ રૂા.૨૦.૦૫ લાખ થયો છે તથા વહીવટી ખર્ચ રૂા. ૯૬.૦૬ લાખ અને અન્ય ખર્ચ રૂા.૧૦.૮૫ લાખ થયો છે.

## પત્રક ૭.૨.૧
## છેલ્લાં ત્રણ વર્ષ દરમ્યાન પકડેલ ઢોરોની ડબ્બા દંડ તથા ખોરાકીની તથા અન્ય આવક દર્શાવતુ પત્રક
## ( રૂા.લાખમાં)

| અનુ.નં | વર્ષ | ડબ્બાની આવક | ખોરાકીની આવક | પરચુરણ આવક | કુલ આવક |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | | | | | |
| ૧ | ૨૦૦૦-૨૦૦૧ | ૯.૬૫ | ૧.૬૯ | ૦.૨૭ | ૧૧.૬૭ |
| | | | | | |
| ૨ | ૨૦૦૧-૨૦૦૨ | ૧૨.૫૪ | ૨.૩૫ | ૦.૧૩ | ૧૫.૦૨ |
| | | | | | |
| ૩ | ૨૦૦૨-૨૦૦૩ | ૪.૨૭ | ૧.૫૪ | ૦.૨૨ | ૬.૦૩ |

## પત્રક ૭.૨.૨
## પકડાયેલાં ઢોર તથા જુદા જુદા પ્રકારે થયેલ તેનાં નિકાલની છેલ્લા ૨ વર્ષની માહિતી દર્શાવતુ પત્રક

| અનુ.નં. | વિગત | ૨૦૦૧-૨૦૦૨ | ૨૦૦૨-૨૦૦૩ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | વર્ષની શરૂઆતમાં ડબ્બાઓમાં બાકી રહેલ ઢોરોની સંખ્યા | ૩૬૬ | ૨૮૩ |
| ૨ | વર્ષ દરમ્યાન નવા પકડાયેલાં ઢોરોની સંખ્યા | ૧૦૧૭૮ | ૭૧૨૪ |
| | **કુલ** | **૧૦૫૪૪** | **૭૪૦૭** |
| ૩ | ડબ્બા-દંડ ખોરાકી વસુલ કરીને છોડેલ ઢોરોની સંખ્યા | ૫૩૯૧ | ૧૮૧૩ |
| ૪ | દંડ ખોરાકી વસુલ કર્યા વગર છોડેલ ઢોરોની સંખ્યા | ૧૪૫૦ | ૭૮૮ |
| ૫ | જીવદયા મંડળીને ટોકન રેટથી આપેલ ઢોર | ૧૧૮૩ | ૨૦૪૭ |
| ૬ | માંદા- અશક્ત ઢોર, તથા પાંજરાપોળે મોકલેલ તેની સંખ્યા તથા મરણ પામેલ ઢોર | ૨૨૩૭ | ૨૨૫૧ |
| ૭ | વર્ષની આખરે બાકી રહેલ ઢોર | ૨૮૩ | ૫૦૮ |
| | **કુલ સંખ્યા** | **૧૦૫૪૪** | **૭૪૦૭** |

## *૮.૧ શેઠ વા.સા. જનરલ હોસ્પિટલ*

સને ૧૯૩૦-૩૧ માં ભારતની આઝાદીની ચળવળમાં સત્યાગ્રહ અને અસહકારનાં આંદોલનમાં ભાગ લેતાં સ્વયંસેવકોની સારવાર આપવાનાં આશયથી , સ્વ.શેઠ શ્રી વાડીલાલ સારાભાઈનાં કુટુંબીજનોને, હોસ્પિટલ શરૂ કરવાની પ્રેરણા મળતાં રૂ.૪ લાખનાં દાનથી, ૧૨૦ પથારીઓથી હોસ્પિટલની શરૂઆત કરવામાં આવી હતી. અ.મ્યુ.કોર્પો.એ ટ્રસ્ટીઓ સાથે કરેલ કરાર મુજબ આ સંસ્થા નિભાવવાની તમામ જવાબદારી ઉપાડી છે. આ સંસ્થા બોમ્બે પબ્લીક ટ્રસ્ટ અન્વયે રજીસ્ટર્ડ કરવામાં આવી છે. અહેવાલી વર્ષમાં પથારીની સંખ્યા વધીને ૧૦૮૫ ની થવા પામી છે. આ સંસ્થાનો વહીવટ ટ્રસ્ટ ડીડ અન્વયે રચાયેલ વ્યવસ્થાપક મંડળના ૧૦ સભ્યો દ્વારા ચલાવવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન આ મંડળની ૧૨ બેઠકોમાં ૨૧૪ ઠરાવ પસાર કરવામાં આવ્યાં છે.

હોસ્પિટલમાં મેડીકલ, કાર્ડિયોલોજી, કીડની તથા પેશાબનાં દર્દોનો વિભાગ, ન્યુરોલોજી, એન્ડોક્રીનોલોજી ન્યુક્લીયર મેડિસીન , સર્જરી, કાર્ડિયો થોરેસીક સર્જરી, ગેસ્ટ્રો એન્ટરોલોજી સર્જરી , પ્લાસ્ટીક સર્જરી, પિડીયાટ્રીક સર્જરી,ઓબસ્ટ્રેટીક્સ અને ગાયનેકોલોજી, સોનોગ્રાફી,ઓર્થોપેડિક, ન્યુરો સર્જરી, ઈ.એન.ટી.સર્જરી, પિડીયાટ્રીક સાયક્યાટ્રીક, ડેન્ટલ, ઓપ્થલ્મીક,એનેસ્થેશીયા, પેથોલોજી, માઈક્રો બાયોલોજી, ફોરેન્સીક મેડીસીન, રેડિયોલોજી, કેજ્યુઅલ્ટી, તબીબી તથા તબીબી શિક્ષણ જેવાં વિભાગો આવેલાં છે.

મેડિસીન વિભાગમાં કુલ ૬ યુનીટમાં ૧૮૦ પથારીઓની વ્યવસ્થા છે.પિડીયાટ્રીક વિભાગમાં૯૦,ઓર્થોપેડિક વિભાગમાં ૯૦ પથારીઓ, જનરલ સર્જરીમાં ૧૮૦ પથારીઓ,સાઇકયાટ્રીક વિભાગમાં ૩૦ પથારીઓ, ઓપન હાર્ટ સર્જરી વિભાગમાં ૨ પથારીઓ, ન્યુરોસર્જરી વિભાગમાં ૨૪ પથારીઓ, ઈ.એન.ટી.માં ૩૦,ઓબ્સ્ટ્રેટીક્સ અને ગાયનેક વિભાગમાં ૧૮૦ પથારીઓની વ્યવસ્થા છે. આ અંગેની વિસ્તૃત માહિતી પત્રક ૮.૧.૧ માં દર્શાવી છે.

મ્યુ.મેડીકલ કોલેજ સાથે સંલગ્ન આ સંસ્થામાં ગુજરાત યુનિવર્સીટી માન્ય થયેલ ક્લીનીકલ અભ્યાસ માટે વિદ્યાર્થીઓ આવે છે. અનુસ્નાતક કક્ષા માટે કે.એમ.સ્કુલ ઓફ પોસ્ટ ગ્રેજ્યુએટ મેડીસીન અને રીસર્ચ દ્વારા ચલાવાતા અભ્યાસક્રમ અહીં કરવામાં આવે છે.જેમાં એમ.ડી.ની ડીગ્રી માટે, જનરલ મેડીસીન , પેથોલોજી, ઓબ્સ્ટ્રેટીક્સ અને ગાયનેકોલોજી, પીડીયાટ્રીક્સ, એનેસ્થેશીયોલોજી, રેડિયો ડાયગ્નોસીસ ડરમેટોલોજી, સાયકોલોજીકલ મેડીસીનનાં વિષયનાં અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. એમ.એસ.ની ડીગ્રી માટે જનરલ સર્જરી, ઈ .એન.ટી. સર્જરી, ઓર્થોપિડીક સર્જરી, ઓપ્થેલ્મીક સર્જરી વિ. વિષયનાં અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. ઉપરાંત એમ.સી.એચ.ની ડીગ્રી માટે ન્યુરો સર્જરી, પ્લાસ્ટીક સર્જરી, પીડીયાટ્રીક સર્જરી, સી.ટી.સર્જરી વિ. વિષયનાં અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. તથા ડી.સી.પી., ડી.જી.ઓ., ડી.પેડ., ડી.એ., ડી.એમ.આર.ઈ.સ, ડી.વી.ડી., ડી.પી.એમ., ડી.એલ.ઓ., ડી.ઓ. જેવાં ડિપ્લોમાં કોર્સ માટે આ સંસ્થાને માન્યકરવામાંઆવીછે.

**એસ.બી.બી.કોલેજ ઓફ ફીઝીયોથેરાપીઃ-**

**આ** હોસ્પિટલમાં નવી ફીઝીયોથેરાપી કોલેજ સદ્ભાવના ટ્રસ્ટના પ્રાથમિક રૂા.૫૧લાખના દાનથી શરૂ કરેલ છે.જે ને ગુજરાત યુનિવર્સીટીની માન્યતા મળેલ હોવાથી જુન-૯૯થી ૩૦ વિધ્યાર્થીઓથી ૪.૫ વર્ષનો બી.ફીઝીયો.ડીગ્રી કોર્સ ચાલુ કરવામાં આવેલ છે.શ્રી.બ્રહમકુમાર ભટટ,સંસદસભ્ય તરફથી સદર કોલેજના ગ્રાઉન્ડ ફલોરના બાંધકામ માટે રૂા.૪૦ લાખ સંસદસભ્યની ગ્રાંટમાંથી ફાળવવામાં આવેલ છે.અહેવાલી વર્ષ દરમ્યાન લેવાયેલ ફીઝીયોથેરાપી પરિક્ષાના જુદા જુદા વર્ષમાં પરિક્ષામાં બેસેલ કુલ ૫૬ વિદ્યાર્થીઓમાંથી ૩૮ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા હતા.

આ સંસ્થામાં અદ્યતન તબીબી પુસ્તકાલય છે જેનો ઉપયોગ શિક્ષણગણ, અનુસ્નાતક વિદ્યાર્થીઓ અને શ્રીમતી નાથીબા હરગોવિંદદાસ લક્ષ્મીચંદ મ્યુનિ.મેડીકલ કોલેજનાં વિદ્યાર્થીઓ કરે છે. અહી મેડીકલ

વિદ્યાશાખાનાં નાના મોટાં થઈને ૨૨૬૬૪ પુસ્તકો વસાવવામાં આવ્યા છે. અહેવાલી વર્ષ દરમ્યાન કુલ ૩૧ નેશનલ અને ૮૧ ઇન્ટરનેશનલએમ કુલ ૧૧૨ મેડીકલ સામાયિકો મંગાવવામાં આવેલ.

આ હોસ્પિટલમાં નર્સીંગનું શિક્ષણ આપવાનું કાર્ય પણ ચાલે છે. પરિચારિકા શાળામાં વ્યાખ્યાન ખંડો, રમત- ગમતનું મેદાન , પુસ્તકાલય, હોસ્ટેલ, મેસ,વિ. સુવિધા મળેલ છે. આ શાળાને ગુજરાત નર્સીંગ કાઉન્સીલની માન્યતા મળી છે. અહેવાલી વર્ષમાં આ વિભાગમાં કુલ ૫૦૦ સ્ટાફની જગા હતી. જેમાં સ્ટુડન્ટ નર્સીસની સંખ્યા ૧૩૫ હતી. પ્રથમ, દ્વિતીય અને તૃતિય વર્ષની નર્સીંગની પરીક્ષામાં કુલ ૧૨૧ વિદ્યાર્થીનીઓમાંથી ૮૪ વિદ્યાર્થીનીઓએ પરીક્ષા પાસ કરી હતી.

હોસ્પિટલમાં અહેવાલી વર્ષમાં કુલ ૪૯૨૪૬ દર્દીઓએ અંદરનાં દર્દી તરીકે સારવાર લીધી હતી. જેમાં નવા જન્મેલા બાળકોની સંખ્યા ૫૫૫૩ની હતી. બહારના નવા દર્દીઓની સંખ્યા ૧૫૨૧૩૭ તથા બહારના જુના દર્દીઓની સંખ્યા ૩૯૧૪૬૨ મળી કુલ દર્દીઓની સંખ્યા ૫૪૩૫૯૯ જેટલી થાય છે. પ્રતિદિન સરેરાશ બહારનાં દર્દીઓની સંખ્યા ૧૪૫૪ હતી, ગતવર્ષે આ સંખ્યા ૧૮૪૬ ની હતી. એન્ટીરેબીક સારવાર નવા ૩૯૩૯ અને જુના ૩૦૯૭૮ મળી કુલ ૩૪૯૧૭ દર્દીઓને સારવાર આપેલ. ગતવર્ષે આ સંખ્યા ૩૩૬૬૮ ની હતી. આ અંગેની વિસ્તૃત માહિતી પત્રક ૮.૧.૨ માં દર્શાવી છે.

અહેવાલી વર્ષમાં મેજર ૧૦૬૪૫ અને માઈનોર ૧૬૭૨૬ એમ કુલ ૨૭૩૭૧ ઓપરેશન કરવામાં આવેલ. ગતવર્ષે આ સંખ્યા ૨૮૪૭૮ ની હતી. આ અંગેની માહિતી પત્રક ૮.૧.૩ માં દર્શાવી છે.

**ઓપન હાર્ટ સર્જરી વિભાગ (કાર્ડિયોથોરેસીક સર્જરી) :-**

ગુજરાતમાં ઓપનહાર્ટ સર્જરીની કોઈ સગવડ ન હતી ત્યારે તા.૨૭/૭/૮૭ના રોજ સૌ પ્રથમ અહીં ઓપનહાર્ટ સર્જરીના ઓપરેશન કરવામાં આવેલ. સને ૯૫ માં સૌ પ્રથમ કોરોનરી બાયપાસ સર્જરીનું ઓપરેશન કરવામાં આવેલ. બહારથી એન્જીઓગ્રાફી કરાવેલ દર્દીનું બાયપાસ સર્જરીનું ઓપરેશન પણ કરવામાં આવે છે. ચાર નિષ્ણાંત સર્જનો દ્વારા અદ્યતન સારવારથી હૃદય અને ફેફસાનાં ઓપરેશન કરવામાં આવે છે. ઉપરાંત વાલ્વ રીપ્લેસમેન્ટ એ.એસ.ડી., વી.એસ.ડી., પેસ મેકર મુકવું બ્રોન્કોસ્કોપીની પણ અહીં વ્યવસ્થા છે. ન્યુ.મોથોરેક્સ,એમ્પાઈમા, લોબેક્ટોચી, ન્યુમોનેકટોચી,લંગ બાયોપ્સી વિગેરે ઓપરેશન કરવામાં આવે છે. આ વિભાગમાં ૧. હાર્ટ લન્ગ મશીન, ૨. ડીફીબ્રીલેટર, ૩. કાર્ડિઆક મોનીટર, ૪. પલ્સ ઓક્સીમીટર, ૫. બ્લડ ગેસ એનાલાઈઝર , ૬. લેટેસ્ટ જર્નલ શોક, ૭. થર્મા ડાયલ્યુશન યુનિટ, ૮. ફલેઈમ ફોટો મીટર, ૯. રેસ્પીરેટર, ૧૦. ઈન્ફ્યુઝન પંપ ટુ ચેનલ મોનીટર, ૧૧. પેરીફરેલ વાસ્ક્યુલર ડોપ્લર, ૧૨. ઈન્ટ્રા એઓર્ટિક બલુન જેવા આધુનિક સાધનો વસાવવામાં આવ્યા છે. ઓપન હાર્ટ સર્જરી માટે અલાયદું થીયેટર અને પોસ્ટ ઓપરેટીવ વોર્ડ ઉપલબ્ધ છે. વાસ્કયુલર સર્જરીની અને લોહીની નળીની સારવાર હવે શક્ય બની છે. ઉપરાંત આ વિભાગમાં કાર્ડીયોથોરેસીક માટે સુપર સ્પેશ્યાલીટી એમ.સી.એચ.નો અભ્યાસક્રમ ચાલે છે.

**ન્યુરો મેડીસીન વિભાગ :-**

ત્રણ નિષ્ણાત તબીબો દ્વારા બહારનાં તેમજ અંદરના દર્દીઓને સારવાર આપવામાં આવે છે. મગજના રોગો, વાઈની બિમારી, મગજમાં સોજો આવવો, ગાંઠ હોવી વિગેરેના નિદાન માટે કેરોટીડ એન્જીયોગ્રાફી ઉપરાંત ઈ.ઈ.જી.- ઈ.સી.જી. ની જરૂરી છે. આ વિભાગમાં ૧૬ ચેનલ વાળો ઈ.ઈ.જી. મશીન છે.

**રેડીયોલોજી વિભાગ :-**

આ વિભાગ અદ્યતન સાધનોથી સજ્જ છે. બેરીયમ મીલ , બેરીયમ સ્વોલો, બેરીયમ એનીમા, ઈન્ટ્રાવીન સપાયલોગ્રાફી, એન્જીયોગ્રાફી, બ્રોન્કોગ્રાફી વિગેરે ઈન્વેસ્ટીગેશન દ્વારા શરીરનાં જુદાજુદા અવયવોના એક્સ-રે લેવામાં આવે છે. સર્જીકલ ઓ.પી.ડી. વિભાગમાં એક્સ - રે ફિલ્મ પ્રોસેસર મુકવામાં આવેલ છે. ઉપરાંત નવું કલર ડોપ્લર અને અલ્ટ્રા સાઉન્ડ મશીન વસાવેલ છે. જેના દ્વારા લોહીની નળીઓમાં લોહીના પ્રવાહની માહીતી મેળવી શકાય છે અને વાસ્ક્યુલર સર્જરીમાં સરળતા રહે છે. નવા ખરીદેલ આઈ.આઈ.ટી.વી. દ્વારા એન્જીયોગ્રાફીની કામગીરીમાં સરળતા રહે છે. યકૃત, બરોળ, સ્વાદુપિંડ, પિત્તાશયની કોથળી, કીડની, પ્રોસ્ટેટ ગ્રંથિ , ગર્ભાશય, અંડબીજ વિગેરેની અલ્ટ્રા સાઉન્ડ પધ્ધતિથી નિદાન કરવામાં આવે છે. આ વિભાગમાં રૂા. દોઢ કરોડના ખર્ચે અદ્યતન હોલ બોડી સ્કેનની વ્યવસ્થા કરવામાં આવી છે.ઉપરાંત તાજેતરમાં ડાહયાભાઇ છોટાભાઇ ચેરીટી ફાઉન્ડેશન ટ્રસ્ટના રૂા.૧૫લાખના દાનથી નવું આઇ.આઇ.ટી.વી.મશીન ખરીદવામાં આવેલ છે.અહીંયા ટેક્નીશીયન, રેસીડેન્ટ અને રેડિયોલોજીની સેવા ૨૪ કલાક મળી શકે છે. અહેવાલી વર્ષમાં આ વિભાગમાં કુલ ૧૮૭૭૭૨ એક્સ-રે કરવામાં આવ્યા છે. જે અંગેની વિગતવાર માહિતી પત્રક ૮.૧.૪ માં દર્શાવી છે.

**<u>ન્યુક્લીયર મેડીસીન વિભાગ :-</u>**

આ વિભાગમાં થાઈરોઈડ અને અંતઃસ્ત્રાવને લગતાં લોહીનાં ટેસ્ટ જેવાં કે સીરમ ટી–૩, ટી-૪, ટી.સી.એચ., સીરમ એફ.એસ.એચ.,એલ.એચ.,પ્રોલેક્ટીન,બીટા એચ.સી.જી.,યુરીનરી માઈક્રો આલ્બ્યુમીન કરવામાં આવે છે. ઉપરાંત ટી.બી.ની તપાસ માટે ટયુબરકલ આઈ.જી.જી.આઈ.જી.એમ. ટેસ્ટ કરવામાં આવે છે.હાલમાં એઈડઝના રોગ માટે અત્યંત સંવેદનશીલ ટેસ્ટ વેસ્ટર્ન બ્લોટ શરૂ કરવામાં આવ્યો છે. અહેવાલી વર્ષમાં એઈડઝના એચ.આઈ.વી.૧૧૯૮૨ ટેસ્ટ કરવામાં આવ્યા છે. ૬૮૦ વ્યક્તિઓને ઈ.સી.ટી. સારવાર તથા ૪૩૮૩૨ વ્યક્તિઓને ઈ.સી.જી. સારવાર, ૧૬૭૫ વ્યક્તિઓને ઈ.ઈ.જી. સારવાર આપવામાં આવી છે. હીમોડાયાલીસીસના ૧૪૧૨ દર્દીઓ તથા પેરી ટોનીયલ ડાયાલીસીસનાં ૧૫ દર્દીઓને સારવાર આપવામાં આવી છે. આ અંગેની વિસ્તૃત માહિતી પત્રક ૮.૧.૫ માં દર્શાવી છે.

**<u>ફિઝીયોથેરાપી વિભાગ :-</u>**

અહેવાલી વર્ષમાં ૨૫૨૯૨ દર્દીઓને ડાયાથર્મી, ૧૩૧૨૧ દર્દીઓને મેડીકલ કરંટ, ૮૦ દર્દીઓને અલ્ટ્રાવાયોલેટ કિરણ, ૧૫૬૦ દર્દીઓને હાઈડ્રો થેરેપી, ૧૮૪૧૬ દર્દીઓને અલ્ટ્રાસોનીક, ૭૨૯૬૫ દર્દીઓને કસરત થેરોપી તથા ૧૧૯૨૦ દર્દીઓને આઈ.એફ.ટી અને લેસરની સારવાર આપવામાં આવી છે. આ અંગેની વિસ્તૃત માહિતી પત્રક ૮.૧.૬ માં આપી છે.

**<u>ઓર્થોપેડીક વિભાગ :-</u>**

હાડકા અંગેની સારવારમાં આ હોસ્પિટલ ગુજરાતમાં આગવું સ્થાન ધરાવે છે. અકસ્માતોની સંખ્યામાં દિન પ્રતિદિન વધારો થવાથી દર્દીઓની સારવાર માટે ત્રણ વોર્ડ રાખવામાં આવેલ છે. આ વિભાગમાં આંગળાનાં સાંધાની માઈક્રો સર્જરી કરવામાં આવે છે. ઉપરાંત સાંધા બદલવાના , ઘૂંટણનો સાંધો , થાપાનો સાંધો બદલવાના ઓપરેશન કરવામાં આવે છે. ઘૂંટણનો સાંધો બદલવાનું ઓપરેશન રૂા. ૨૫૦૦૦ /- ના ખર્ચે કરાવી શકાય છે. આ વિભાગમાં મોબાઈલ ઈમેજ ઈન્ટેન્સીફાયર ટી.વી.યુનિટ દ્વારા ચોકસાઇપૂર્વક સફળ ઓપરેશન કરી શકાય છે.જેનાથી દર્દીઓને ખૂબજ રાહત થાય છે.

**<u>વોલેન્ટરી બ્લડ બેંક :-</u>**

ઓપરેશનના દર્દીઓને લોહીની જરૂર પડતાં યોગ્ય ગ્રુપનું લોહી પુરૂ પાડવાની જવાબદારી બ્લડ બેંક ઉપાડે છે. દર્દીઓના સગાએ દર્દીને અપાયેલ લોહી રીપ્લેસ કરવાનું હોય છે. છતાં જો દર્દીનાં સગા લોહી રીપ્લેસ ન આપે તો બ્લડ બેંકમાં લોહીનો પુરવઠો જાળવવાનું મુશ્કેલ બને છે. આ માટે વોલન્ટરી બ્લડ બેંક , ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીની મદદથી, વિમા કંપની, મીલો, શાળા કોલેજ, બેંકો, સોસાયટીઓ તથા શહેરનાં વિસ્તારો તથા બહારગામથી આઉટડોર ટેપીંગ કરી લોહીની બોટલો પ્રાપ્ત કરી હોસ્પિટલ માટે લોહીનો જરૂરી પુરવઠો જાળવી રાખવામાં આવે છે. આ વિભાગમાં ફાયર બ્રિગેડ હસ્તકની એક સુસજ્જ બ્લડ કલેક્શન વાનની સગવડ મળી છે. લોહીની બોટલો જાળવી રાખવા બ્લડ સ્ટોરેજ કેબીનેટની વ્યવસ્થા કરવામાં આવી છે.આ વિભાગમાં બ્લડ, કોમ્પોનન્ટ સેપરેશન યુનિટમાં નાકો તરફથી રૂા.૨૨લાખની સાધન સામગ્રી મળેલ છે.આ સુવિધાથી દર્દીને જરૂરિયાત પ્રમાણે રક્તના ઘટકો જેવાકે રક્તકણ,ત્રાકકણ,પ્લાઝમા વિ.વિના મૂલ્યે આપવામાં આવે છે. રક્તદાતાના લોહીનો ઓસ્ટ્રેલીયા એન્ટીજન , એચ.આઈ.વી., વી.ડી.આર.એલ. અને એમ.પી.માટે ટેસ્ટ કરવામાં આવે છે.પેથોલોજી વિભાગમાં બ્લડનાં જુદા જુદા ટેસ્ટ કરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં રીપ્લેસમેન્ટ દ્વારા ૮૩૫૫ બોટલ્સ બ્લડ પ્રાપ્ત કરવામાં આવ્યુ. જ્યારે સ્વૈચ્છિક રક્તદાન દ્વારા ૩૬૨૭ બોટલ્સ બ્લડ મેળવવામાં આવેલ. કુલ ૧૧૩૪૭ બોટલ્સ લોહી દર્દીઓને આપવામાં આવ્યું હતું. આ અંગેની વિસ્તૃત માહિતીપત્રક ૮.૧.૭ માં દર્શાવી છે.

અહેવાલી વર્ષમાં પોસ્ટ પાર્ટમ યુનિટ (કુટુંબ કલ્યાણ કેન્દ્ર) દ્વારા વાઝેક્ટોમીના ૧૦ ઓપરેશન તથા ટયુબેકટોમીના ૯૦૮ ઓપરેશન કરવામાં આવ્યા છે. ૧૩૬૧ બહેનોએ આંકડી મુકાવી છે. તથા ૭૪૭ વ્યક્તિઓએ કોન્ટ્રાસેપ્ટીવનો ઉપયોગ કરેલ છે.૪૮૭૩ વ્યક્તિઓએ ઓરલ ગોળીઓ લીધી છે. અહેવાલી વર્ષમાં આ કેન્દ્રને અનામત પથારી માટે રૂા. ૦.૬૬ લાખની તથા કુટુંબ કલ્યાણ ઈન્સેન્ટીવ ગ્રાંટ પેટે રૂા.૨.૩૩ લાખ મળેલ છે.

દર્દી દીઠ દૈનિક ખર્ચ અહેવાલી વર્ષમાં રૂા.૬૬૩ થવા પામેલ છે. જે ગતવર્ષે રૂા. ૬૮૨ નું હતું. અહેવાલી વર્ષમાં વ્યક્તિ અગર સંસ્થા તરફથી મળેલ દાનઅને ભેટની વિગત પત્રક ૮.૧.૮ માં દર્શાવી છે તથા દર્દી દીઠ દૈનિક સરેરાશ ખર્ચ પત્રક ૮.૧.૯ માં દર્શાવેલ છે. અહેવાલી વર્ષમાં રૂા. ૩૮૩.૬૫ લાખની આવક થઈ છે. જનરલ વોર્ડમાં ગરીબ દર્દીને સંપૂર્ણ માફી આપવામાં આવે છે જ્યારે અહેવાલી વર્ષમાં કુલ ખર્ચ રૂા. ૨૬૨૭.૩૦ લાખનો થયો છે. અહેવાલી વર્ષ દરમ્યાન અદ્યતન સાધનો વસાવવામાં આવેલ છે.તેની માહિતી પત્રક ૮.૧.૧૦ માં દર્શાવી છે.

ઉપરાંત આ હોસ્પિટલમાં સને ૫૬ - ૫૭ થી કૃત્રિમ અવયવો બનાવવા માટે એક વર્કશોપ વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. આ વિભાગ મ્યુ.મેડિકલ કોલેજના ભોંયરામાં આવેલ છે.દર્દીને પીટીસી અને બનાવટી હાથ,પગ,સીએન્ડ ઇ હોલ બુટ,કેલીપર ફુટ,સર્વાઇકલ કોલર સ્પલીન્ટ,એન્ટી રીટર,પોસ્ટ રીટયર ગાર્ડ, કેલિપર્સ, લાકડાની ચાલવાની ઘોડી વગેરે વાજબી ભાવે બનાવી આપવામાં આવેછે.ઉપરાંત પી.ડી.બી. કેલિપર્સ શુઝ,બેલ્ટ વિગેરેનું રીપેરીંગ કામ પણ કરવામાં આવે છે.

સને ૭૦ થી ઈમરજન્સી વોર્ડ શરૂ કરવામાં આવ્યો છે. જ્યાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડીગ્રી ધરાવતાં ડોક્ટર્સ સતત ૨૪ કલાક ફરજ પર હાજર રહે છે. સને ૭૨ થી શરૂ કરાયેલ આઈ.સી.સી.યુ. વિભાગને ૧૯૯૭ માં વાતાનુકુલિત બનાવી અદ્યતન સાધનોથી સજ્જ કરવામાં આવ્યો છે, અહી સેન્ટ્રલ કોન્સોલ સીસ્ટમ દ્વારા દર્દીને તુર્ત જ ૨૪ કલાક યોગ્ય સારવાર મળી શકે છે. અહીં દર્દીની આવક પ્રમાણે ચાર્જ લેવાય છે. ગેસ્ટ્રો એન્ટરોલોજી વિભાગમાં, ગાયનેક વિભાગ, ઓબસ્ટ્રેટીક્સ, મેડીસીન, પીડીયાટ્રીક્સ, ન્યુરોસર્જરી, ઈ .એન. ટી., પીડીયાસ્ટ્રીક સર્જરી જેવા અન્ય વિભાગ પણ આવેલ છે.

રાષ્ટ્રીય ભાવનાથી શરૂ કરવામાં આવેલ આ સંસ્થાના નિભાવ પેટે મ્યુ.કોર્પો.નો રેવન્યુ ખર્ચમાં મોટો ભાગ રહેલ છે. આ હોસ્પિટલ શહેર તથા ગુજરાતનું ગૌરવ છે. મ્યુ. કોર્પો. તેની સીમિત આવકના સાધનોથી હોસ્પિટલમાં જરૂરી અદ્યતન સાધનો વસાવવા તથા નિભાવવા , હોસ્પિટલની કામગીરી વધુ ને વધુ લોકોપયોગી બનાવવા શક્ય તમામ પ્રયત્નો કરી રહયું છે.

**પત્રક ૮.૧.૧**

**વિભાગવાર પથારીઓનું વર્ગીકરણ**

| અ.નં | વોર્ડનું નામ | પથારીની સંખ્યા | અ.નં. | વોર્ડનું નામ | પથારીની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | મંડિકલ વોર્ડ-૧ | ૩૮ | ૨૧ | ઓર્થો.પોસ્ટ ઓપ.અને ટ્રોમા વોર્ડ | ૨૪ |
| ૨ | મેડિકલ વોર્ડ-૨ | ૩૮ | ૨૨ | પીડીયાટ્રીક વોર્ડ(મેડીસીન) | ૪૯ |
| ૩ | મેડિકલ વોર્ડ-૩ | ૬૦ | ૨૩ | નિઓનેટલ વોર્ડ(સીએમએચ) | ૩૫ ૬ |
| ૪ | વોર્ડ-૭ (પુરૂષ) અને ૮ સ્ત્રી | ૨૬ | ૨૪ | સ્કીન વોર્ડ | ૧૬ |
| ૫ | મેડિકલ વોર્ડ | ૧૨ | ૨૫ | સાયક્યાટ્રીક વોર્ડ | ૧૮ |
| ૬ | સર્જીકલ વોર્ડ-૪ | ૩૮ | ૨૬ | આઇ.સી.સી.યુ. | ૧૦ |
| ૭ | સર્જીકલ વોર્ડ-૧૧ | ૬૦ | ૨૭ | વોર્ડ નં.૧૪ મેડિકલ સ્પેસ્યાયાલીટી | ૩૨ |
| ૮ | સર્જીકલ વોર્ડ-૧૨ | ૬૦ | ૨૮ | લેબર રૂમ | ૨૪ |
| ૯ | સર્જીકલ વોર્ડ-૧૫(પોસ્ટ ઓપ.) | ૨૦ | ૨૯ | મેટરનીટી વોર્ડ( ૧ થી૪) | ૬૩ |
| ૧૦ | સર્જીકલ વોર્ડ-૧૫(પોસ્ટ ઓપ. સિવાય) | ૨૦ | ૩૦ | મેટરનીટી વોર્ડ(૫ અને ૬) | ૨૮ |
| ૧૧ | ઈમરજન્સી વોર્ડ | ૧૨ | ૩૧ | ફે.પ્લાનીગ વોર્ડ | ૩૩ |
| ૧૨ | સર્જીકલ વોર્ડ ૩ (સ્પેશ્યાલીટી) | ૩૬ | ૩૨ | ગાયનેક વોર્ડ | ૪૪ |
| ૧૩ | સર્જીકલ વોર્ડ ૬ (સ્પેશ્યાલીટી) | ૩૬ | ૩૩ | સેમી.સ્પે.૮ | ૪૩ |
| ૧૪ | પોસ્ટ ઓપરેટીવ વોર્ડ | ૧૦ | ૩૪ | સી.એમ.એચ.સ્પે. | ૧૩ |
| ૧૫ | સીટી ઓટી અને ઓપન હાર્ટ | ૨ | ૩૫ | સેમી.સ્પે. | ૬ |
| ૧૬ | પીડીયા. સર્જરી | ૨૮૩ | ૩૬ | સ્પે.-એ. | ૧૬ |
| ૧૭ | બર્ન્સ(પ્લાસ્ટીક) વોર્ડ | ૧૨ | ૩૭ | સ્પે.-બી | ૭ |
| ૧૮ | ઓર્થો.વોર્ડ ૫ | ૩૭ | ૩૮ | આરોગ્ય ભુવન | ૩૦ |
| ૧૯ | ઓર્થો.વોર્ડ ૯ | ૩૭ | | કુલ | ૧૦૮૫ |
| ૨૦ | હેન્ડ સર્જરી વોર્ડ | ૧૨ | | | |

## પત્રક ૮.૧.૨

## ઈન્ડોર અને આઉટડોર વિભાગમાં સારવાર આપેલ દર્દીઓની માહિતી

| અ.નં. | વિભાગ | ૨૦૦૧-૦૨ | ૨૦૦૨-૦૩ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | અંદરના દર્દી તરીકે સારવાર આપેલ દર્દીની સંખ્યા ( નવા જન્મેલા બાળક સાથે) | ૫૨૬૮૧ | ૪૯૨૪૬ |
| ૨. | નવા જન્મેલા બાળકોની સંખ્યા | ૬૦૭૯ | ૫૫૫૩ |
| ૩. | અંદરનાં દર્દીઓની દૈનિક સરેરાશ સંખ્યા | ૮૮૬ | ૮૨૮ |
| ૪. | બહારનાં દર્દીઓનો વિભાગ<br>અ. નવા કેસ<br>બ. જુના કેસ | <br>૧૫૬૩૫૧<br>૩૯૮૦૧૪ | <br>૧૫૨૩૧૭<br>૩૯૧૪૬૨ |
| | કુલ | ૫૫૪૩૬૫ | ૫૪૩૫૯૯ |
| ૫. | બહારનાં નવા જુના સારવાર આપેલ દર્દીઓની દૈનિક સંખ્યા | ૧૮૪૬ | ૧૪૫૪ |
| ૬. | એન્ટી રેબિક સારવાર<br>અ. નવા દર્દીની સંખ્યા<br>બ. જુના દર્દીની સંખ્યા | <br>૩૭૮૮<br>૨૯૮૮૦ | <br>૩૯૩૯<br>૩૦૯૭૮ |
| | કુલ | ૩૩૬૬૮ | ૩૪૯૧૭ |

## પત્રક ૮.૧.૩

## ઓપરેશનની વિગતો દર્શાવતુ પત્રક

| અ.નં. | ઓપરેશનની વિગત | ૨૦૦૧-૦૨ | | ૨૦૦૨-૦૩ | |
|---|---|---|---|---|---|
| | | મેજર | માઈનોર | મેજર | માઈનોર |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | ઓબ્સ્ટ્રે. અને ગાયનેક | ૩૦૬૬ | ૧૧૯૯ | ૩૧૦૪ | ૧૦૨૬ |
| ૨. | જનરલ સર્જરી | ૧૯૨૪ | ૧૬૮૮ | ૨૧૮૯ | ૧૮૮૫ |
| ૩. | ઓર્થોપેડિક સર્જરી | ૧૬૫૬ | ૩૫૪૩ | ૨૨૪૭ | ૨૭૩૩ |
| ૪. | ઈ .એન.ટી. સર્જરી | ૪૧૫ | ૨૦૧૯ | ૪૫૮ | ૧૮૧૭ |
| ૫. | કાર્ડિયોથોરેસીક સર્જરી | ૩૨૫ | ૧૨૮૩ | ૨૯૩ | ૧૦૮૫ |
| ૬. | ન્યુરો સર્જરી | ૪૩૪ | ૭૩ | ૫૦૦ | ૬૭ |
| ૭. | પીડીયાટ્રીક સર્જરી | ૯૧૩ | ૭૬૭ | ૯૦૬ | ૯૦૪ |
| ૮. | ગેસ્ટ્રો એન્ટ્રોલોજી | ૧૫૭ | ૧૦૬૮ | ૧૪૪ | ૭૪૪ |
| ૯. | ડેન્ટલ સર્જરી | - | ૩૨૮૧ | - | ૪૨૦૧ |
| ૧૦. | કેજ્યુલીટી ઓપરેશન | - | ૧૭૧૮ | - | ૧૮૦૮ |
| ૧૧. | ઓપન હાર્ટ ઓપરેશન | ૧૦૫ | - | ૧૩૫ | - |
| ૧૨. | પ્લાસ્ટીક સર્જરી | ૭૯૬ | ૪૨૬ | ૬૬૯ | ૪૫૬ |
| | **કુલ** | **૯૭૯૧** | **૧૭૦૬૫** | **૧૦૬૪૫** | **૧૬૭૨૬** |

## પત્રક ૮.૧.૪

## કાર્ડિયોલોજી, હેમો ડાયાલીસીસ અને ન્યુરો મેડીસીન તથા ઈ.સી.ટી., ઈ.સી.જી. તેમજ રેડિયોલોજી વિભાગની કામગીરી દર્શાવતુ પત્રક

| અ.નં. | વિગત | ૨૦૦૧-૦૨ | ૨૦૦૨-૦૩ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| અ | કાર્ડિયોલોજી વિભાગ | | |
| | ૧. પેસમેકર ( ટેમ્પરરી) | ૩૨ | - |
| | ૨. પેસમેકર ( પરમેન્ટ ) | - | - |
| | ૩. ઈકો રેકોર્ડસ | ૬૪૯૦ | ૬૫૫૫ |
| | ૪. કાર્ડિયોવર્ઝન | ૮૦૦ | ૧૦૦૦ |
| | ૫. ટ્રેડ મીલ એક્સરસાઈઝ ટેસ્ટ | ૧૬૨૫ | ૧૨૮૯ |
| | ૬. હોલ્ટર ટેસ્ટ | ૬૫ | ૫૨ |
| | ૭. લેઈટ પોટેશીયમ ટેસ્ટ | ૮૦ | ૨૦ |
| | ૮. કાર્ડીયાક કેથેટર્સ | ૮૭ | ૬૦ |
| બ | હેમો ડાયાલીસીસની વિગત | | |
| | ૧. હેમોડાયાલીસીસ | ૧૮૦૨ | ૧૪૧૨ |
| | ૨. પેરી ટોનીયલ ડાયાલીસીસ | ૫૨ | ૧૫ |
| ક | ન્યુરો મેડીસીન વિભાગ | | |
| | ૧. ઈ.ઈ.જી. | ૧૮૨૧ | ૧૬૭૫ |
| ડ | ઈ.સી.ટી. અને ઈ.સી.જી. વિભાગ | | |
| | ૧. ઈ.સી.ટી. સારવાર લેનાર દર્દીની સંખ્યા | ૧૩૭૦ | ૬૮૦ |
| | ૨. ઈ.સી.જી. લેવામાં આવ્યાં હોય તેવા દર્દીઓ | ૪૨૯૯૮ | ૪૩૮૩૨ |
| ઈ | રેડિયોલોજી વિભાગ | | |
| | ૧. દર્દીઓનાં લીધેલ એક્સ-રેની સંખ્યા | ૧૮૩૬૩૨ | ૧૮૭૭૭૨ |
| | ૨. સી.ટી. સ્કેન | ૭૦૧૬ | ૬૮૪૩ |
| | ૩. યુ.એસ.જી. | ૧૩૩૪૫ | ૧૩૭૩૫ |

## પત્રક ૮.૧.૫

## ન્યુક્લીયર મેડીસીન વિભાગની આંકડાકીય માહિતીનું પૃથ્થકરણ

| અ.નં. | વિગત | ૨૦૦૧-૦૨ | ૨૦૦૨-૦૩ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | ટી-૩ અને ટી-૪ ( બાયઆર.આઈ.એ.ટેકનિક) | ૩૪૯૯ | ૩૫૦૫ |
| ૨. | ટી.એસ.એચ. | ૩૮૧૧ | ૩૬૯૪ |
| ૩. | એફ.એસ.એચ. | ૩૦૨ | ૨૬૭ |
| ૪. | એલ.એચ. | ૩૧૫ | ૨૭૩ |
| ૫. | પી.આર.એલ. | ૪૦૫ | ૩૭૫ |
| ૬. | બી.એચ.સી.જી. | ૭૦ | ૬૫ |
| ૭. | થાઈરોઈડ એન્ટી બોડીઝ | ૧૩૦ | ૧૧૫ |
| ૮. | ગ્રોથ હોરમોન્સ | ૬૫ | ૯૫ |
| ૯. | ટેસ્ટોસ ટેરોન | ૨૧૧ | ૧૫૦ |
| ૧૦. | સીરમ ટ્રીયોનીન ટી. | ૧૨ | ૧૦ |
| ૧૧. | યુરીનરી માઈક્રો એલ્બ્યુમીન | ૪૧૫ | ૩૭૦ |
| ૧૨. | કોર્ટીસોલ | ૧૫૫ | ૧૬૫ |
| ૧૩. | ફ્રી.ટી. ૪ | ૯૪૦ | ૬૭૫ |
| ૧૪. | ફ્રી.ટી.૩ | ૪૭૦ | ૩૭૫ |
| ૧૫. | ટી.આર.એચ.સ્ટડી | ૨ | - |
| ૧૬. | વેસ્ટર્ન બ્લોટ ટેસ્ટ | ૨૧ | ૮ |
| ૧૭. | પ્રોજેસ્ટરોન | ૧૨ | ૧૫ |
| ૧૮. | ઈસ્ટ્રેડીયોલ | ૮૫ | ૫૦ |
| ૧૯. | ડી.એચ.ઈ.એ.એસ. | ૫૫ | ૬૫ |
| ૨૦. | આઈ.જી.એફ.-૧ | ૪૦ | ૫૫ |
| ૨૧. | ટી.બી.એન્ટીબોડીઝ | ૧૦ | ૨૮ |
| ૨૨. | પી.એસ.એ. | ૩૯૦ | ૩૬૫ |
| ૨૩. | સીરમ ફેરીટીન | - | - |
| ૨૪. | એ.એન.એ. | ૨૮૫ | ૩૫૫ |
| ૨૫. | એચ.પી.એલ. | - | - |
| ૨૬. | એન્ટી ફોસ્કોલીપીડ એ.બી.એસ. | ૭૫ | ૧૧૭૫ |

## પત્રક ૮.૧.૬

## ફિઝીયોથેરાપી વિભાગની આંકડાકીય માહિતી  દર્શાવતુ પત્રક

| અ.નં. | વિભાગ | ૨૦૦૧-૦૨ | ૨૦૦૨-૦૩ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | ડાયાથર્મી આપેલ દર્દીઓની સંખ્યા | ૨૪૩૯૨ | ૨૫૨૯૨ |
| ૨. | મેડીકલ કરંટ આપેલ દર્દીઓની સંખ્યા | ૧૨૪૭૦ | ૧૩૧૨૧ |
| ૩. | અલ્ટ્રાવાયોલેટ કિરણ આપેલ દર્દીઓની સંખ્યા | ૭૫ | ૮૦ |
| ૪. | હાઈડ્રોથેરેપી | ૧૫૧૦ | ૧૫૬૦ |
| ૫. | અલ્ટ્રા સોનીક | ૧૭૩૧૮ | ૧૮૪૧૬ |
| ૬. | કસરત થેરાપી | ૭૦૮૨૦ | ૭૨૯૬૫ |
| ૭. | આઈ.એફ.ટી.અને લેસર | ૧૦૧૨૫ | ૧૧૯૨૦ |

## પત્રક ૮.૧.૭

## વોલન્ટરી બ્લડ બેંકની માહિતી દર્શાવતુ પત્રક

| અ.નં. | વિભાગ | ૨૦૦૧-૦૨ | ૨૦૦૨-૦૩ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | રીપ્લેસમેન્ટ દ્વારા પ્રાપ્ત કરેલ બ્લડ બોટલ્સ | ૯૧૭૬ | ૮૩૫૫ |
| ૨. | સ્વૈચ્છિક રક્તદાન દ્વારા મેળવેલ બ્લડ બોટલ | ૨૭૭૫ | ૩૬૨૭ |
| | કુલ | ૧૧૯૫૧ | ૧૧૯૮૨ |
| ૩. | દર્દીઓ માટે વપરાશમાં લેવાયેલ બ્લડ બોટલ | ૧૧૪૩૧ | ૧૧૩૪૭ |

## પત્રક ૮.૧.૮(અ)
## અહેવાલી વર્ષ દરમ્યાન રૂા.૫૦૦૦/- થી વધુ મળેલ દાનની રકમ દર્શાવતુ પત્રક

| અ.નં. | વિગત | રકમ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | એન.એન.શાહ | ૦.૧૦ |
| ૨ | ધી સ્ટોક એક્ષચેન્જ, અમદાવાદ | ૨.૧૦ |
| ૩ | બી.સી.ત્રિવેદી | ૦.૨૦ |
| ૪ | જૈફ ડેરી પ્રા.લી. | ૦.૨૭ |
| ૫ | સુકુન કેમીકલ્સ | ૦.૨૭ |
| ૬ | એ.વી.કુતમેટીયા | ૦.૧૦ |
| ૭ | એસ.જી.વણકર | ૦.૧૦ |
| ૮ | એમ.એસ.મારૂતી એન્જીનિયરીગ કંપની | ૦.૦૫ |
| ૯ | બી.એમ.પટેલ | ૦.૦૫ |
| ૧૦ | મે.ગોકલદાસ કુબેરદાસ | ૦.૦૫ |
| ૧૧ | મીનાલક્ષ્મી રબર એન્જી. | ૦.૦૫ |
| ૧૨ | સ્વ.બી.આર.શાહ | ૦.૦૫ |
| ૧૩ | એલ.જે.મહેતા | ૦.૧૧ |
| ૧૪ | વીશાલ એન્ડ કું. | ૦.૮૨ |
| ૧૫ | એ.એસ.શેખ | ૦.૧૦ |
| ૧૬ | અન્ય | ૦.૨૩ |

## પત્રક ૮ (બ)
## ભેટ (દાન) મળેલ ચીજ વસ્તુઓની વિગત દર્શાવતું પત્રક

| અ.નં | દાતાનું નામ | વિભાગ | વસ્તુંનું નામ | જથ્થો/સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ક્રિષ્ણાદેવી સેહગલ | બર્ન્સ વોર્ડ | વોટર બેડ | |
| | શ્યામકુમાર સેહગલ | ઓર્થોપેડિક વોર્ડ | વ્હીલ ચેર | |
| ૨ | જુરીદ અબ્દુલ કરીમ | | વ્હીલ ચેર | |
| ૩ | સુરેન્દ્રભાઇ દેવપ્રકાશ સોની | વોર્ડ નં.૧૦ | નેબ્યુલાઇઝર | નંગ-૧ |
| ૪ | પ્રભુદાસ કી.શાહ | | ગરમ ધાબળા | નંગ-૧૦ |
| ૫ | ઇકબાલહુસેન ફકીરભાઇ | બ્લડ બેંક માટે | ફોલ્ડીગ બેડ | નંગ-૧૫ |
| ૬ | યુ.એસ.વી.લીમીટેડ | ઇ.એન.ટી.વિભાગ | માઇક્રોમોટર ડ્રીલ મશીન | નંગ-૧ |
| ૭ | ગુજરાત સારવાર મંડળ | બર્ન્સ વોર્ડ | વોટર બેડ | નંગ-૧૨ |
| ૮ | નવીનભાઇ ચોકસી(દર્દીનું રાહત ફંડ | ઇમરજન્સી વોર્ડ | ફાઉલર બેડ | નંગ-૨ |

## પત્રક ૮.૧.૯
## દર્દી દીઠ દૈનિક ખર્ચની માહિતી દર્શાવતુ પત્રક

| અ.નં. | વિભાગ | ૨૦૦૧-૦૨ | ૨૦૦૨-૦૩ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ | ૫૧૭ | ૫૨૭ |
| ૨. | દવા, ઈન્જેક્શન એપ્લા. ખર્ચ | ૭૨ | ૫૦ |
| ૩. | ખોરાક ખર્ચ | ૧૪ | ૧૩ |
| ૪. | કાપડ અને ધોવરામણ ખર્ચ | ૪ | ૪ |
| ૫. | બીજા ખર્ચ | ૭૫ | ૭૦ |
| | **કુલ** | **૬૮૨** | **૬૬૩** |

## પત્રક ૮.૧.૧૦

### અહેવાલી વર્ષ દરમ્યાન હોસ્પિટલમાં વસાવેલ મુખ્ય સાધનો અને કિંમત દર્શાવતુ પત્રક

| અ.નં. | સાધનનું નામ | જથ્થો (નંગ) | કિંમત (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | યુ.એસ.વી.ફાર્મા તરફથી ઇ.એન.ટી.ડિપાર્ટમેન્ટ માટે બ્લેનએર માઇક્રોમીટર | | ૦.૮૨ |
| ૨. | કાઉન્ટર પાર્ટ ઈન્ટરનેશનલ તરફથીકન્ઝ્યુમેબલ આઇટમ્સ | | ૪૦.૦૦ |
| ૩. | ડાહયાભાઇ છોટાલાલ ચેરીટી ટ્રસ્ટ તરફથી આઇ.આઇ.ટી.વી.સીસ્ટમ | ૧નંગ | ૧૫.૦૦ |
| ૪. | સ્વામીનારાયણ મંદિર તરફથી -વેન્ટીલેટર્સ<br>-હેમોડાયાલીસીસ મશીન<br>-એન્ડોસ્કો વોશીંગ મશીન | ૨ નંગ<br>૨ નંગ<br>૧ નંગ | - |
| ૫. | એઇડસકન્ટ્રોલ સોસાયટીના ગ્રાંટમાથી પ્લેટલેટ એજીટેટર | ૧ નંગ | ૧.૫૦ |
| ૬. | વા.સા.મેડીકલ રીસર્ચ ફાઉન્ડેશનટ્રસ્ટ તરફથી એલ.સી.ડી./ડીવીડી પ્રોજેક્ટર | ૧ નંગ | ૧.૫૨ |
| ૭. | પલ્સ ઓક્સિમીટર | ૧ નંગ | ૦.૬૫ |
| ૮. | હાઇડ્રોલીક આર્થરોસ્કોપી | ૧ નંગ | ૦.૫૪ |
| ૯. | એનેસ્થેશીયા ટ્રોલી | ૩ નંગ | - |
| ૧૦. | સોની ડીજીટલ કેમેરા | ૧ નગ | ૦.૦૭ |
| ૧૧. | બાયપેપ એપરેટર્સ ઇક્વીપમેન્ટ | ૧ નંગ | ૧.૦૦ |
| ૧૨. | બીપીએલ પલ્સ ઓક્સિમીટર | ૨ નંગ | ૦.૮૬ |
| ૧૩. | સીરીન્જ ઇન્ફયુજન પંપ મોટેલ | ૨ નંગ | ૦.૮૦ |
| ૧૪. | ૮૫૦ એસેસરીઝ કલર ડોપ્લર યુ.એસ.જી.સ્કેનીંગ સીસ્ટમ | ૨ નંગ | ૨૧.૭૦ |
| ૧૫. | ૬૦,ડી.આઇ.ટી.વી.મશીન | ૧ નંગ | ૪.૦૦ |
| ૧૬. | સર્જીકો ૧૦૦ આર.એચ.એફ. | ૧ નંગ | ૮.૦૦ |
| ૧૭. | આઇ.ટી.વી.મશીન (સી.આર્મ.સીસ્ટમ) | | |

# ૮.૨ શેઠ લ.ગો. જનરલ હોસ્પિટલ

શેઠ લલ્લુભાઇ ગોરધનદાસ મ્યુ. જનરલ હોસ્પિટલ સને ૧૯૫૪થી અમદાવાદ શહેરની મણિનગર અને તેની આસપાસનાં વિસ્તારના નાગરિકાને વૈદકીય સહાય પૂરી પાડે છે. અહેવાલી વર્ષમાં હોસ્પિટલની આવક રૂા.૧૩૨.૧૮ લાખ અને ખર્ચ રૂા. ૮૩૫.૯૭ લાખ થયેલ છે. ગત વર્ષે આવક રૂા.૧૨૭.૦૮ લાખ અને ખર્ચ રૂા.૮૩૦.૧૦ લાખ થયો હતો.

આ હોસ્પિટલમાં કુલ ૪૫૨ પથારીઓની સુવિધા કુલ ૩૨ યુનિટોમાં ઉપલબ્ધ છે. હોસ્પિટલનાં જુદા જુદા વિભાગોમાં દર્દીઓને સારવાર આપતાં યુનીટની માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | વિભાગ | યુનીટ | અ.નં. | વિભાગ | યુનીટ |
|---|---|---|---|---|---|
| ૧. | મેડીકલ | ૩ | ૧૪. | ઓર્થોપેડીક | ૧ |
| ૨. | સર્જીકલ | ૩ | ૧૫. | ચામડી -ગુપ્ત રોગ | ૧ |
| ૩. | ગાયનેક | ૩ | ૧૬. | બર્ન્સ એન્ડ પ્લાસ્ટીક | ૧ |
| ૪. | પીડીયાટ્રીક | ૨ | ૧૭. | સાયકયાટ્રીક | ૧ |
| ૫. | આંખ | ૧ | ૧૮. | આઇ.સી.યુ. | ૧ |
| ૬. | દાંત | ૧ | ૧૯. | પોસ્ટ પાર્ટમ | ૧ |
| ૭. | એક્સરે | ૧ | ૨૦. | ટ્રોમા | ૧ |
| ૮. | લેબોરેટરી | ૧ | ૨૧. | સોનોગ્રાફી | ૧ |
| ૯. | ફીઝીયોથેરાપી | ૧ | ૨૨. | સ્પે.રૂમ | ૧ |
| ૧૦. | એનેસ્થેશીયા | ૧ | ૨૩. | નીઓનેટલ | ૧ |
| ૧૧. | બ્લડબેંક | ૧ | ૨૪. | ન્યુરો ફીઝીશીયન | ૧ |
| ૧૨. | આઈ.સી.સી.યુ | ૧ | ૨૫ | ન્યુરોસર્જન | ૧ |
| ૧૩. | નાક-કાન ગળા | ૧ | | | |

હોસ્પિટલમાં દાખલ થતાં દર્દીઓનાં ઓપરેશન માટે નીચે મુજબ જુદા જુદા ઓપરેશન થીયેટર્સની સગવડ ઉપલબ્ધ છે.

(૧) સર્જીકલ - ત્રણ ટેબલ
(૨) ગાયનેક - ત્રણ ટેબલ
(૩) ઈ.એન.ટી.પ્લાસ્ટીક સર્જરી અને ઓર્થોપેડીક - ચાર ટેબલ
(૪) એન્ડોસ્કોપી - એક ટેબલ
(૫) ટ્રોમા થીયેટર - એક ટેબલ

અહેવાલી વર્ષમાં બહારનાં વિભાગમાં નવા ૧,૦૧,૪૯૧ દર્દીઓ, અને જૂના ૧,૬૫,૦૭૯ દર્દીઓ મળી કુલ ૨,૬૬,૫૭૦ દર્દીઓએ સારવાર લીધી હતી. જ્યારે અંદરનાં નવા દાખલ થયેલ દર્દીઓની સંખ્યા ૨૨,૨૦૬ હતી. દૈનિક સરાસરી મુજબ વાર્ષિક સારવાર લીધેલ દર્દીઓની સંખ્યા ૧,૦૨,૬૦૪ હતી. આ અંગેની જુદા જુદા પ્રકારની આપવામાં આવતી સારવાર અંગેની છેલ્લા બે વર્ષની માહિતી સામેલ પત્રક ૮.૨.૨ માં દર્શાવી છે.

અહેવાલી વર્ષમાં કેટલીક નવી વધારાની સગવડો ઉભી કરવા મોટા પ્રમાણમાં આધુનિક સાધન સામગ્રી ખરીદવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

| **અ.નં.** | **સાધનનું નામ** | **કિંમત રૂા. લાખમાં** |
|---|---|---|
| ૧. | ટીવીટ્રોન વેન્ટીલેટર કોમ્પ્રેશર નંગ-૧ | ૧.૨૫ |
| ૨. | પલ્સ ઓક્સીમીટર નંગ-૩૦ | ૭.૪૩ |
| ૩. | મસલ્સ સ્ટીમ્યુલેટરનંગ-૧ | ૦.૧૦ |
| ૪. | હોરીઝેન્ટલ સ્ટીમ સ્ટરીલાઇઝરનંગ-૧ | ૧.૬૧ |
| ૫. | માઇક્રોસ્કોપ નંગ-૧ | ૦.૬૫ |
| ૬. | સેન્ટ્રલ સકશન પાઇપ લાઇન | ૧.૫૦ |
| | કુલ | ૧૨.૫૪ |

ઉપરાંત નીચે મુજબ સાધનો ખરીદવા માટે ઓર્ડર આપવામાં આવેલ છે.

| **અ.નં.** | **સાધનનું નામ** | **કિંમત રૂા. લાખમાં** |
|---|---|---|
| ૧. | સેન્ટ્રલ સકશન પાઇપ લાઇન | ૪.૫૦ |
| ૨. | બોયલ્સ એપરેટસ મશીન નંગ-૮ | ૩.૮૮ |
| ૩. | ફ્લોટેક વેપોરાઇઝર નંગ-૩ | ૨.૫૪ |
| | કુલ | ૧૦.૯૨ |

હોસ્પિટલની બ્લડ બેંકને ફૂડ એન્ડ ડ્રગ કન્ટ્રોલ વિભાગ દ્વારા લાયસન્સ મળેલ છે. અહી સરકારશ્રીના ધારાધોરણ મુજબ દરેક દર્દીને એચ.આઈ.વી. હીપેટાઈટસ વિગેરેની તપાસ કર્યા બાદ લોહી આપવામાં આવે છે. ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીની ગ્રાંટ યોજના સાથે સંકળાયેલ આ બ્લડ બેંકમાં અહેવાલી વર્ષ દરમ્યાન કુલ ૪૬૭૯ બોટલ લોહી મેળવવામાં આવ્યુ છે. હોસ્પિટલનો પેથોલોજી વિભાગ બ્લડ ગેસ એનેલાઇઝર,બ્લડ કેમેસ્ટ્રી એનેલાઇઝર અને બ્લડ સેલ કાઉન્ટર જેવા કીમતી અને અદ્યતન સાધનોથી સુસજજ થતાં દર્દીનું ઓછુ લોહી લઇ વ્યવસ્થિત પૃથકકરણ કરી શકાય છે. અહેવાલી વર્ષમાં ૫,૯૭,૪૫૫ નમૂનાઓનું પૃથક્કરણ કરવામાં આવેલ છે. ગતવર્ષે આ સંખ્યા ૭,૩૮,૬૦૫ હતી. આ અંગેની માહીતી પત્રક ૮.૨.૩.માં દર્શાવવામાં આવી છે.

અહેવાલી વર્ષમાં કુલ ૬૭૦૪૨ એકસ-રે,૨૨૬૯૧ સોનોગ્રાફી ૫૪૨ ઇ.ઇ.જી. લેવામાં આવ્યા હતાં. અહેવાલી વર્ષમાં ૪૭૭૪ મેજર ઓપરેશન, ૬૬૬૧ માઇનોર ઓપરેશન મળી કુલ ૧૧૪૩૫ ઓપરેશન કરવામાં આવેલ છે. ગત વર્ષે આ સંખ્યા અનુક્રમે ૪૮૨૫,૬૮૮૨ અને ૧૧૧૦૭ હતી. આ અંગેનું તુલનાત્મક પત્રક ૮.૨.૪માં આપવામાં આવેલ છે.

અહેવાલી વર્ષમાં ઇન્ડોર વિભાગમાં સરેરાશ દૈનિક દર્દીઓની સંખ્યા ૨૮૧ છે. જે ગત વર્ષે ૩૦૬ની હતી. અહેવાલી વર્ષમાં દર્દી દીઠ સરેરાશ દૈનિક ખર્ચ રૂા.૮૧૫.૦૬ થયું છે. જે ગત વર્ષે રૂા.૭૬૧.૪૮ હતુ. આ અંગેની માહિતી પત્રક ૮.૨.૫. માં દર્શાવી છે.

વર્ષ દરમ્યાન દાતાઓનો સહકાર હોસ્પિટલને મળેલ છે.માનનીય સંસદસભ્યશ્રીઓ,કોર્પોરેટરશ્રીઓએ તેમને ફાળવેલ બજેટમાંથી સંસ્થાને ઉદાર હાથે મોટી રકમો ફાળવી સંસ્થાને અદ્યતન બનાવવામાં ખૂબજ સહયોગ આપેલ છે.જેની આ તબક્કે નોંધ લેવી જરૂરી છે.

આમ હોસ્પિટલનો સઘળો વિકાસ વૃધ્ધિ અને સારી તબીબી સારવારનો યશ દાનવીર સદગૃહસ્થોની ઉદારતા, તબીબોની ઉચ્ચ કુશળ ક્ષમતા અને નર્સીંગ સ્ટાફની સૌજન્યતા અને માવજત તથા દરેક વર્ગના કર્મચારીઓને ફાળે જાય છે.

## પત્રક ૮.૨.૧
## વિભાગવાર પથારીઓનું પૃથ્થકરણ સને ૨૦૦૨-૨૦૦૩

| અ.નં. | વિભાગનું નામ | પુરૂષ | સ્ત્રી | બાળક | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | મેડીકલ વિભાગ | ૩૯ | ૩૯ | - | ૭૮ |
| ૨ | સર્જીકલ વિભાગ | ૩૮ | ૩૬ | - | ૭૪ |
| ૩ | સ્કીન એન્ડ વીડી | ૫ | ૫ | - | ૧૦ |
| ૪ | ઈ.એન.ટી. | ૧૦ | ૧૦ | - | ૨૦ |
| ૫ | ઓર્થોપેડીક વિભાગ | ૨૪ | ૧૪ | - | ૩૮ |
| ૬ | બર્ન્સ એન્ડ પ્લાસ્ટીક | ૧૫ | ૧૦ | - | ૨૫ |
| ૭ | આઈ.સી.યુ. | ૪ | ૪ | - | ૮ |
| ૮ | આઈ.સી.સી.યુ. | ૨ | ૨ | - | ૪ |
| ૯ | પીડીયાટ્રીક વિભાગ | - | - | ૪૨ | ૪૨ |
| ૧૦ | લેબર રૂમ (વેઇટીંગ રૂમ) | - | ૧૩ | - | ૧૩ |
| ૧૧ | ગાયનેક | - | ૭૮ | - | ૭૮ |
| ૧૨ | સ્પે. અને સેમી સ્પે. રૂમ. | | | | |
| | સીંગલ | ૧૫ | - | - | ૧૫ |
| | ડબલ | ૪ | ૪ | - | ૮ |
| ૧૩ | સ્ટાફરૂમ | - | ૩ | - | ૩ |
| ૧૪ | પી.પી.યુનિટ | - | ૧૨ | - | ૧૨ |
| ૧૫ | ટ્રોમા વોર્ડ | ૫ | ૫ | - | ૧૦ |
| ૧૬ | આંખ | ૨ | ૨ | - | ૪ |
| ૧૮ | નીઓનેટલ | - | - | ૧૦ | ૧૦ |
| | **કુલ** | **૧૬૩** | **૨૩૭** | **૫૨** | ૪૫૨ |

## પત્રક ૮.૨.૨
## જુદા જુદા પ્રકારની આપવામાં આવતી સારવારની છેલ્લા બે વર્ષની માહિતી

| અ.નં. | વિગત | ૨૦૦૧-૦૨ | ૨૦૦૨-૦૩ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | પથારીઓની સંખ્યા | ૪૪૬ | ૪૫૨ |
| ૨ | ઓ.પી.ડી. વિભાગની માહિતી<br>(અ) નવા દર્દીઓ<br>(બ) જુના દર્દીઓ<br>**કુલ** | **૧૦૮૦૩૯**<br>**૧૭૦૭૫૮**<br>**૨૭૮૭૯૩** | **૧૦૧૪૯૧**<br>**૧૬૫૦૭૯**<br>**૨૬૬૫૭૦** |
| ૩ | અંદરના દર્દીઓની સંખ્યા | ૨૫૪૧૦ | ૨૨૨૦૬ |
| ૪ | દૈનિક સરેરાશ મુજબ વાર્ષિક સારવાર આપેલ દર્દીઓની સંખ્યા | ૧૧૧૫૩૪ | ૧૦૨૬૦૪ |
| ૫ | અંદરના દર્દીઓની દૈનિક સરેરાશ | ૩૦૬ | ૨૮૧ |
| ૬ | મરણ પામેલ દર્દીઓની સંખ્યા | ૧૩૫૬ | ૧૨૬૨ |
| ૭ | પ્રસુતિની સંખ્યા | ૪૭૭૨ | ૪૪૩૬ |
| ૮ | એક્સ-રે તથા સોનોગ્રાફી<br>(અ) એક્સ-રે<br>(બ) સોનોગ્રાફી<br>(ક) ઈ.ઈ.જી.ની સંખ્યા | <br>૭૬૪૪<br>૬૯૨૨<br>૭૨૨૨ | <br>૬૭૦૪૨<br>૨૨૬૯૧<br>૫૪૨ |
| ૯ | હડકવા વિરોધી રસી<br>(અ) નવા કેસ<br>(બ) જુના કેસ<br>**કુલ** | **૩૮૨૦**<br>**૧૫૫૨૩**<br>**૧૯૩૪૩** | **૩૨૦૬**<br>**૯૪૯૭**<br>**૧૨૭૦૩** |
| ૧૦ | કુટુંબ કલ્યાણની કેન્દ્રની માહિતી<br>(પોસ્ટ પાર્ટમ યુનિટ)<br>(૧) ફેમીલી પ્લાનીગ ઓપરેશન<br>(અ) ટયુબેક ટોમી<br>(બ) વાકેઝ ટોમી<br>**કુલ**<br>(૨) કોપર ટી<br>(૩) એમ.ટી.એક્ટ મુજબ ગર્ભપાત | <br><br><br>૧૧૨૪<br>૧૨<br>૧૧૩૬<br>૭૫૫<br>૪૬૫ | <br><br><br>૧૨૧૬<br>૧૬<br>૧૨૩૨<br>૮૬૭<br>૪૨૮ |

## પત્રક ૮.૨.૩
## પેથોલોજી વિભાગની માહિતી દર્શાવતુ પત્રક

| અ.નં. | વિગત | ૨૦૦૧-૦૨ | ૨૦૦૨-૦૩ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ઝાડાની તપાસ | ૧૭૪૯૮ | ૬૪૩૨ |
| ૨ | પેશાબની તપાસ | ૧૦૧૫૨૦ | ૭૯૬૧૫ |
| ૩ | બ્લડ ટેપીગ | ૫૯૬૪ | ૪૬૭૯ |
| ૪ | બ્લડ ટ્રાન્સફયુઝન | ૫૬૦૭ | ૫૧૨૩ |
| ૫ | સ્પુટમ | ૩૦૯૦ | ૧૯૧૪ |
| ૬ | લોહી | ૩૧૩૬૯૧ | ૨૦૬૩૬૯ |
| ૭ | બ્લડ ગ્રુપીગ - મેચીગ | ૧૪૨૨૯ | ૧૯૦૦૨ |
| ૮ | ઓસ્ટ્રેલીયા – એન્ટીજન | ૬૪૮૧ | ૬૩૫૯ |
| ૯ | અન્ય(વિડાલ,સી.એસ.એફ.વી.ડી.આર.એલ.હિસ્ટોબાયો વિગેરે) | ૨૭૦૫૨૫ | ૨૭૩૩૬ |
| | **કુલ** | **૭૩૮૬૦૫** | **૫૯૭૪૫૫** |

## પત્રક ૮.૨.૪
## છેલ્લા બે વર્ષની ઓપરેશનની તુલનાત્મક વિગત દર્શાવતુ પત્રક

| અ.નં. | યુનીટ | ૦૧-૦૨ | | | ૦૨-૦૩ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | મેજર | માઈનોર | કુલ | મેજર | માઈનોર | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | સર્જીકલ | ૯૭૦ | ૧૩૮૪ | ૨૩૫૪ | ૧૦૭૨ | ૧૩૬૮ | ૨૪૪૦ |
| ૨ | ગાયનેક | ૨૧૮૪ | ૯૮૨ | ૩૧૬૬ | ૨૧૯૧ | ૧૦૩૬ | ૩૨૨૭ |
| ૩ | ઈ.એન.ટી. | ૨૬૨ | ૩૯૯ | ૬૬૧ | ૨૩૯ | ૪૩૫ | ૬૭૪ |
| ૪ | બર્ન્સ- પ્લાસ્ટીક ( ઈન્ડોર) | ૪૨૧ | ૧૪૦ | ૫૬૧ | ૩૭૪ | ૧૭૩ | ૫૪૭ |
| ૫ | ઓર્થોપેડીક | ૭૨૮ | ૧૧૦૭ | ૧૮૩૫ | ૬૮૦ | ૧૦૩૩ | ૧૭૧૩ |
| ૬ | બર્ન્સ – પ્લાસ્ટીક ( ઓ.પી.ડી.) | - | ૧૨૨૮ | ૧૨૨૮ | - | ૯૭૪ | ૯૭૪ |
| ૭ | ટ્રોમા | ૯ | ૧૯૪ | ૨૦૩ | ૧૪ | ૨૬૩ | ૨૭૭ |
| ૮ | એન્ડોસ્કોપી | ૧૩૯ | ૨૧૭ | ૩૫૬ | ૧૨૬ | ૨૦૮ | ૩૩૪ |
| ૯ | આંખ | ૧૧૨ | ૪ | ૧૧૬ | ૭૮ | ૨ | ૮૦ |
| ૧૦ | દાંત ( ઓ.પી.ડી.) | - | ૧૨૨૭ | ૧૨૨૭ | - | ૧૧૬૯ | ૧૧૬૯ |
| | **કુલ** | **૪૮૨૫** | **૬૮૮૨** | **૧૧૭૦૭** | **૪૭૭૪** | **૬૬૬૧** | **૧૧૪૩૫** |

**પત્રક ૮.૨.૫**

**છેલ્લા બે વર્ષની પથારીદીઠ દૈનિક સરેરાશ ખર્ચની તુલનાત્મક માહિતી દર્શાવતુ પત્રક**

| **અ.નં.** | **વિગત** | **૦૧-૦૨** | **૦૨-૦૩** |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ | ૫૭૨.૭૬ | ૬૧૨.૮૬ |
| ૨ | લીનન ખર્ચ | ૦.૪૪ | ૦.૫૯ |
| ૩ | દવા , ઈન્જેક્શન ખર્ચ | ૪૨.૦૩ | ૪૯.૦૦ |
| ૪ | ખોરાકી ખર્ચ | ૩૩.૨૫ | ૩૪.૦૮ |
| ૫ | અન્ય ખર્ચ | ૧૧૩.૦૦ | ૧૧૮.૫૩ |
| | **કુલ** | **૭૬૧.૪૮** | **૮૧૫.૦૬** |

## ૮.૩ શ્રીમતિ શા.ચી.લા. જનરલ હોસ્પિટલ

શેઠશ્રી ચીમનલાલ લાલભાઇ તરફથી મળેલ દાનથી સંસ્થાપિત એવી શ્રીમતી શા.ચી.લા. જનરલ હોસ્પિટલ અમદાવાદ શહેરના ઔદ્યોગિક તેમજ મજુર વિસ્તારના રહીશો માટે તેમજ ગુજરાત રાજય અને રાજય બહારના દર્દીઓ માટે આશીર્વાદરૂપ છે.સ્વર્ગસ્થ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂ દ્વારા તા.૨૮/૧/૫૯ના રોજ ખુલ્લી મુકાયેલ આ હોસ્પિટલે ચાલુ સાલે ૪૪ વર્ષ પુરા કરી ૪૫મા વર્ષમાં પ્રવેશ કર્યો છે.૧૯૬૩સુધી ૮૦ પથારીનાં પ્રસુતિગૃહમાંથી વિકસેલી અને વિસ્તરેલી આ હોસ્પિટલ આજે ૪૮૦+૮ પોષ્ટ ઓપરેટીવ વોર્ડની પથારીવાળી એક જનરલ ટીચીંગ હોસ્પિટલ છે.

અહેવાલી વર્ષમાં હોસ્પિટલમાં સર્જીકલ વિભાગના ત્રણ યુનિટો,ઓબ્સ્ટ્રેટીકસ અને ગાયનેકના ત્રણ યુનિટો તેમજ પીડીયાટ્રીક્સના બે યુનિટો ઉપલબ્ધ છે.ઉપરાંત ઓર્થોપેડિક વિભાગ, બર્ન્સ એન્ડ પ્લાસ્ટીક સર્જરી વિભાગ, કાન-નાક-ગળાનાં દર્દો માટે ઇ.એન.ટી.વિભાગ, માનસિક રોગોના દર્દીઓ માટે સાયકયાટ્રીક વિભાગ, ચામડીના દર્દો માટે ડર્મેટોલોજી વિભાગ, ઇમરજન્સી વિભાગ, એક્સ-રે વિભાગ, પેથોલોજી-લેબોરેટરી વિભાગ, બ્લડબેંક, ડેન્ટલ વિભાગ, નર્સિંગ સ્કુલ, ઓડિયોલોજી એન્ડ સ્પીચથેરાપી વિભાગ, વિ.તમામ સેવાઓ આ હોસ્પિટલમાં ઉપલબ્ધ છે.

આ હોસ્પિટલમાં ૧૦ ઓપરેશન થીયેટરો તથા એરકન્ડીશન્ડ લેબરરૂમની સુવિધા ઉપલબ્ધ છે.વિવિધ વોર્ડઝ તથા એરકન્ડીશન્ડ થીયેટર્સ માટે અત્યંત આવશ્યક એવી સેન્ટ્રલ ઓક્સીજન તથા નાઇટ્રસ ઓક્સાઇડ સીસ્ટમ શરૂ કરવામાં આવી છે.અહેવાલી વર્ષમાં હોસ્પિટલ કેમ્પસમાં એક અલાયદા નવા ઓ.પી.ડી.સંકુલનું બાંધકામ ચાલુ છે.સુચિત દસ માળવાળા મકાનના ગ્રાઉન્ડ ફ્લોર ઉપર શરૂ કરવામાં આવનાર ઓ.પી.ડી.સંકુલ માટે પૂર્વ સાંસદ અને કેન્દ્રીય મંત્રીશ્રી ડૉ.વાય.કે.અલઘના સંસદસભ્યશ્રીના બજેટમાંથી રૂા.૨૦લાખની ગ્રાંટ મળી છે.તેમજ શેઠશ્રી મોતીલાલ હીરાભાઇ ટ્રસ્ટ,અમદાવાદ તરફથી રૂા.૧૫લાખનું દાન મળ્યું છે.શેઠશ્રી મોતીલાલ હીરાભાઈ ઓ.પી.ડી.તરીકે ઓળખતું આ ઓ.પી.ડી.ચાલુ વર્ષે કાર્યાન્વીત કરવામાં આવેલ છે.અહીના કેમ્પસમાં જ નહી નફો નહીં નુકસાનના ધોરણે શ્રી.સ્વાશ્રયી મહિલા લોક સ્વાસ્થ્ય સેવા સહકારી મંડળી,અમદાવાદ સંચાલિત ૨૪ કલાક ચાલતી દવાની દુકાન કાર્યરત છે.

આ હોસ્પિટલમાં ગુજરાત નર્સીંગ કાઉન્સીલ માન્ય એવી નર્સીંગ સ્કુલ તથા ગુજરાત યુનિવર્સિટી માન્ય એવો બી.એસ.સી. ઓડીયોલોજી એન્ડ સ્પીચ થેરાપીનો અભ્યાસક્રમ ચાલે છે.પ્રસ્તુત અભ્યાસક્રમ આખા ભારતમાં અન્યત્ર માત્ર ૯ સંસ્થાઓમાંજ ચાલેછે. અને હોસ્પિટલના આ અભ્યાસક્રમને ઇન્ટરનેશનલ ડીરેક્ટરી ઓફ સ્પીચલેંગ્વેજ પેથોલોજીસ્ટમાં સમાવિષ્ટ કરવમાં આવેલો છે.

અહેવાલી વર્ષમાં હોસ્પિટલની કુલ આવક રૂા.૧૧૩.૬૮ લાખ થઇ છે. જયારે હોસ્પિટલનું વર્ષ દરમ્યાન કુલ ખર્ચ રૂા.૮૨૧.૩૫ લાખ થયેલ છે. અહેવાલી વર્ષમાં હોસ્પિટલમાં ઓ.પી.ડી. વિભાગમાં કુલ દર્દીઓની સંખ્યા ૩,૫૩,૩૧૯ની થઇ છે. રોજની સરેરાશ સંખ્યા ૯૬૭.૯ થાય છે. જયારે અંદરના દર્દીઓની સંખ્યા ૨૦,૧૩૮ ની છે. જે રોજની સરેરાશ ૨૭૮.૪ થાય છે. વર્ષાન્તે હોસ્પિટલમાં કુલ ૩૮૬૪ મેજર, તથા ૫૯૪૧ માઇનોર ઓપરેશનો મળી કુલ ૯૮૦૫ ઓપરેશન થયા છે. હોસ્પિટલની વિભાગવાર પથારીઓનું પૃથ્થકરણ પત્રક ૮.૩.૧માં દર્શાવેલ છે. તથા તેની વિસ્તૃત આંકડાકીય માહીતી પત્રક ૮.૩.૨માં દર્શાવી છે.

દિનપ્રતિદિન વધતા શહેરીકરણ –વ્યાપારીકરણને કારણે આ હોસ્પિટલમાં રાહતદરે મળતી તબીબી સેવાઓ તેની આસપાસનાં વિસ્તારની આમજનતા માટે આશીર્વાદરૂપ છે.હોસ્પિટલના પેથોલોજી વિભાગમાં નીચે મુજબની વિવિધ તપાસ કરવામાં આવી છે. ઝાડાની તપાસ ૧૪૨૫, પેશાબની તપાસ ૨૧,૩૮૮, બ્લડ ટેપીંગ ૨૯૭૭, બ્લડ ટ્રાન્સફયુઝન ૨૬૫૬, સ્પુટમ ૨૨૧૩, ઓસ્ટ્રેલીયા એન્ટીજન ૯૬૬૦,બ્લડ ગ્રુંપીંગ મેચીંગ ૩૦૬૪,અન્ય બિડાલ ૪૯૩૦, વી.ડી.આર.એલ. ૪૫૬૦, બાયોકેમેસ્ટ્રી ૮૧,૫૦૨, હીસ્ટોલોજી ૬૩૫૮, સી.એસ.એફ ૮૭૨ કરવામાં આવી છે. વર્ષ દરમ્યાન એઇડસ અંગેના કુલ ૩૮૪૯ ટેસ્ટ કરવામાં આવેલ છે. એકસ-રે તથા સ્ક્રીનીગ ૫૩,૪૫૬ સોનોગ્રાફી ૭૪૩૮ તથા ઇ.કો.કાર્ડીયોગ્રાફી ૩૫૧, ટ્રેડ મીલ ટેસ્ટ ૧૩૭ પી.એફ.ટી ૧૬૩ અને ડોપ્લર ૧૧૭ જેટલી સંખ્યામાં કરવામાં આવ્યા છે.

હોસ્પિટલનાં દર્દીઓને ઓપરેશન સમયે લોહીની જરૂર જણાય ત્યારે ત્યાંના જ કોલ્ડસ્ટોરેજમાંથી લોહીની બોટલો મળી શકે છે. અહેવાલી વર્ષ દરમ્યાન સ્વૈચ્છિક રકતદાન દ્વારા ૧૧૫૭ બોટલ લોહી મેળવવામાં આવ્યુ છે. જયારે રિપ્લેસમેન્ટનાં કેસોમાં ૧૮૨૦ બોટલો લોહી મેળવવામાં આવ્યું છે. બ્લડબેંકની છેલ્લાં ૨ વર્ષની માહીતી પત્રક ૮.૩.૪ માં દર્શાવી છે.

અહેવાલી વર્ષમાં દર્દીદીઠ દૈનિક સરેરાશ ખર્ચ રૂા.૮૦૮.૨૯ થયુ છે, જે પૈકી સૌથી વધુ એસ્ટાબ્લીસમેન્ટ ખર્ચ રૂા.૬૩૮.૬૦ અને સૌથી ઓછું લીનન ખર્ચ રૂા. ૦.૨૦ થયું છે. છેલ્લા બે વર્ષની ખર્ચની માહિતી પત્રક ૮.૩.૫ માં દર્શાવી છે.

અહેવાલી વર્ષ દરમ્યાન હોસ્પિટલમાં કુલ નવા ૮ સાધનો રૂા.૩૭.૦૧ લાખના ખર્ચે વસાવવામાં આવ્યા છે. અહેવાલી વર્ષમાં ર્ડાક્ટર્સ સ્ટાફ ૧૫૫,સીસ્ટર નર્સીસ સ્ટાફ ૨૩૧, પેરા મેડેકલ સ્ટાફ ૩૭,ઓફિસ સ્ટાફ ૨૫, તેમજ વર્ગ ચારના ૩૩૭ એ મળી કુલ ૭૮૫ કર્મચારીઓએ ફરજ બજાવેલ છે.

દિનપ્રતિદીન વધતા જતા શહેરીકરણ તથા વ્યાપારીકરણના માહોલમાં અ.મ્યુ.કો.સંચાલિત આ હોસ્પિટલ દ્વારા રાહતના દરે અપાતી તબીબી સેવાઓ આ વિસ્તારની આમજનતા માટે આશિર્વાદરૂપ છે.દાનવીરો તથા સદ્‌ગૃહસ્થોની દુરંદેશી, ચુંટાયેલી તથા વહીવટી પાંખની સંનિષ્ટ તથા કુશળ કામગીરી, તબીબોની કાર્યપરાયણતા, નર્સીંગ સ્ટાફની લાગણીસભર સેવા તથા અન્ય કર્મચારી ભાઈ બહેનોની સેવાના પ્રદાનને કારણે હોસ્પિટલનો આ વિકાસ શક્ય બન્યો છે.

**પત્રક૮.૩.૧**

**સને૨૦૦૨-૦૩ દરમ્યાન હોસ્પિટલમાં વિભાગવાર પથારીઓનું પૃથ્થકરણ**

| **અ.નં.** | **વિભાગનું નામ** | **યુનીટ-એ** | **યુનીટ-બી** | **યુનીટ-સી** | **કુલ** |
|---|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** |
| ૧. | મેડીકલ | ૩૦ | ૩૦ | ૩૦ | ૯૦ |
| ૨. | સર્જીકલ | ૩૦ | ૩૦ | ૩૦ | ૯૦ |
| ૩. | ઓબ.એન્ડ ગાયનેક | ૨૦ | ૨૦ | ૨૦ | ૬૦ |
| ૪. | લેબર રૂમ | ૮ | ૮ | ૮ | ૨૪ |
| ૫. | પી.એન.સી/એન્ટેનેટલ | ૨ | ૨ | ૨ | ૬ |
| ૬. | પીડીયાટ્રીક્સ | ૨૫ | ૨૫ | - | ૫૦ |
| ૭. | નીયોનેટલ | - | - | - | ૧૦ |
| ૮. | પ્લાસ્ટીક સર્જરી | ૩૦ | - | - | ૩૦ |
| ૯. | ઓપ્થેલ્મોલોજી | ૩૦ | - | - | ૩૦ |
| ૧૦. | ઓર્થોપેડીક્સ | ૩૦ | - | - | ૩૦ |
| ૧૧. | ઇ.એન.ટી. | ૩૦ | - | - | ૩૦ |
| ૧૨. | ડર્મેટોલોજી | ૩૦ | - | - | ૩૦ |
| | **કુલ** | | | | ૪૮૦ |

**નોંધઃ-નીચે દર્શાવેલ પથારીઓનો ઉપરોક્ત પથારીઓમાં સમાવેશ થયેલ છે.**

| | |
|---|---|
| આઇ.સી.સી.યુ. | ૪ |
| સ્પેશીયલ રૂમ | ૬ |
| સેમી સ્પેશીયલ રૂમ | ૧૦ |
| કેજ્યુઅલ્ટી | ૨ |
| ઇમરજન્સી | ૬ |

**પત્રક ૮.૩.૨**

**અહેવાલી વર્ષમાં હોસ્પિટલની કામગીરીની વિસ્તૃત આંકડાકીય માહિતી**

| અ.નં. | વિગત | ૨૦૦૧-૦૨ | ૨૦૦૨-૦૩ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | પથારીઓની સંખ્યા | ૪૭૬ | ૪૮૦ |
| ૨. | ઓ.પી.ડી. વિભાગની માહિતી | | |
| | (અ) નવા દર્દીઓ | ૯૫૦૨૯ | ૮૭૮૨૧ |
| | (બ) જુના દર્દીઓ | ૨૮૫૭૦૮ | ૨૬૫૪૯૮ |
| | કુલ દર્દીઓ | ૩૮૦૭૩૭ | ૩૫૩૩૧૯ |
| | (ક) ઓ.પી.ડી.ના સરેરાશ દૈનિક દર્દીઓ | ૧૦૪૩.૧ | ૯૬૭.૯ |
| | (ડ) બહારના દર્દીઓના દવા આપી તેના દિવસો | ૧૧૪૨૩૬૬ | ૧૦૬૧૫૬૦ |
| | (ઈ)બહારના દર્દીઓને સરેરાશ દિવસમાં આપવામાં આવેલ દવાઓ | ૩૧૨૯.૮ | ૨૯૦૮.૩ |
| ૩. | અંદરના દર્દીઓની સંખ્યા | ૨૨૪૬૫ | ૨૦૧૩૮ |
| ૪. | દૈનિક સરેરાશ મુજબ વાર્ષિક સારવાર આપેલ દર્દીઓની સંખ્યા | ૧૦૯૦૦૦ | ૧૦૧૬૨૬ |
| ૫. | અંદરના દર્દીઓની દૈનિક સરેરાશ સંખ્યા | ૨૯૮.૬ | ૨૭૮.૪ |
| ૬. | મરણ પામેલ દર્દીઓની સંખ્યા | ૯૬૭ | ૮૮૫ |
| ૭. | પ્રસુતિની સંખ્યા | ૩૫૭૨ | ૩૦૭૦ |
| ૮. | કુલ બાળકો | ૩૬૩૨ | ૩૧૦૮ |
| ૯. | જન્મતાની સાથે મરણ | ૪ | ૮ |
| ૧૦. | એક્સ-રે | ૬૪૫૬૬ | ૫૩૪૫૬ |
| ૧૧. | સ્કીનીગ | - | - |
| ૧૨. | સોનોગ્રાફી ( યુ.એસ.જી.) | ૧૦૪૬૬ | ૭૪૩૮ |
| ૧૩. | મેજર ઓપરેશન | ૩૮૮૧ | ૩૮૬૪ |
| ૧૪. | માઈનોર ઓપરેશન | ૯૦૬૫ | ૫૯૪૧ |
| ૧૫. | હડકવા વિરોધી રસી | | |
| | (અ) નવા કેસ | ૨૩૭૩ | ૨૭૧૧ |
| | (બ) જુના કેસ | ૯૮૨૧ | ૧૨૧૫૮ |
| | **કુલ** | ૧૨૧૯૪ | ૧૪૮૬૯ |
| ૧૬. | રોગ પ્રતિકારક બી.સી.જી. રસીનાં લાભાર્થી બાળકો | ૧૭૮૦ | ૨૧૭૭ |
| ૧૭. | ત્રિગુણી તથા બાળલકવા વિરોધી રસીના લાભાર્થી બાળકો (બાળ લકવા પોલીઓ સાથે) | ૧૦૧૫૩ | ૯૨૬૦ |

નોંધ :- ઓ.પી.ડી, માટે કેજયુલીટી વોર્ડ જાહેર રજાની દિવસે પણ ચાલુ રહેતો હોઈ સરેરાશ માટે ૩૬૫ દિવસ ધ્યાનમાં લીધેલ છે.

**પત્રક ૮.૩.૩**

**પેથોલોજી વિભાગની માહિતી દર્શાવતું પત્રક**

| અ.નં. | લેબોરેટરીનાં જુદા-જુદા વિભાગો | ૨૦૦૧-૦૨ | ૨૦૦૨-૦૩ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | લોહી,સી.બી.સી.,ઈ.એસ.આર. તથા મેલેરીયા માટેની તપાસ | ૧૪૬૯૧૪ | ૧૩૫૦૬૭ |
| ૨. | બાયોકેમીકલ ઈન્વેસ્ટીગેશન | ૮૧૩૧૭ | ૮૧૫૦૨ |
| ૩. | હીસ્ટોલોજી વિભાગ | | |
| | અ. ટીસ્યુ | ૨૪૪૯ | ૨૨૩૮ |
| | બ. સેકસનલ | ૪૧૯૬ | ૪૧૨૦ |
| | **કુલ** | ૬૬૪૫ | ૬૩૫૮ |
| ૪. | બેકટોરીયોલોજી વિભાગ | | |
| | અ. કલ્ચર સેન્ટીલીટી | ૪૧૭૦ | ૪૮૮૦ |
| | બ. સ્મીયર સ્ટડી | ૧૧૩૦ | ૩૦૧૦ |
| | ક. કોલેરા માટે | ૮૧૫ | ૧૧૧૫ |
| | ડ. પ્રેગ્નન્સી ટેસ્ટ | - | - |
| | **કુલ** | ૬૧૧૫ | ૯૦૦૫ |
| ૫. | સીરોલોજીકલ ઈન્વેસ્ટીગેશન | | |
| | અ. સીરમ વીડાલ | ૩૪૭૦ | ૪૯૩૦ |
| | બ. સીરમ વી.ડી.આર.એલ. | ૬૮૫૦ | ૪૫૬૦ |
| | ક. ઓસ્ટ્રેલીયા એન્ટીજન | ૧૦૬૪૫ | ૯૬૬૦ |
| | ડ. બીજા ટેસ્ટ સી.આર.પી.એ.એસ.ઓ. | ૬૩૦ | ૨૩૨૦ |
| | **કુલ** | ૨૧૫૯૫ | ૨૧૪૭૦ |
| ૬. | ક્લીનીકલ પેથોલોજી વિભાગ | | |
| | અ. પેશાબ | ૨૯૮૩૨ | ૨૧૩૮૮ |
| | બ. ઝાડો | ૨૪૪૮ | ૧૪૨૫ |
| | ક. સીમેન | ૨૪૨ | ૧૮૫ |
| | ડ. સી.એસ.એફ. | ૮૪૦ | ૮૭૨ |
| | ઈ. લોહી ફ્લ્યુડ | ૧૭૨૦ | ૧૩૫૬ |
| | એફ. સ્પુટમ | ૨૨૦૨ | ૨૨૧૩ |
| | **કુલ** | ૩૭૨૮૪ | ૨૭૪૩૯ |
| ૭. | ઈમરજન્સી વિભાગ (પેથોલોજી-લેબોરેટરી વિભાગ) | ૪૯૩૧૦ | ૨૯૮૦૩ |

## પત્રક ૮.૩.૪
## બ્લડ બેંક વિભાગની માહિતી દર્શાવતુ પત્રક

| અ.નં. | વિગત | ૨૦૦૧-૦૨ | ૨૦૦૨-૦૩ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | બ્લડગ્રુપીગના કેસોની સંખ્યા | ૨૨૮૦૦ | ૨૨૭૬૦ |
| ૨. | દર્દીઓને આપવામાં આવેલ લોહીની બોટલની સંખ્યા | ૨૯૪૦ | ૨૬૫૬ |
| ૩. | સ્વૈચ્છિક રક્તદાનની સંસ્થા તરફથી મળેલ લોહીની બોટલ | ૮૬૭ | ૧૧૫૭ |
| ૪. | રીપ્લેસમેન્ટ દ્વારા મળેલ લોહીની બોટલ | ૨૨૬૮ | ૧૮૨૦ |

## પત્રક ૮.૩.૫
## દર્દી દીઠ દૈનિક સરેરાશ ખર્ચની માહિતી દર્શાવતુ પત્રક

| અ.નં. | ખર્ચની વિગત | ૨૦૦૧-૦૨ | ૨૦૦૨-૦૩ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ | ૬૧૨.૨૭ | ૬૩૮.૬૦ |
| ૨. | દવા , ઈન્જેક્શન ખર્ચ | ૬૧.૭૮ | ૫૦.૩૧ |
| ૩. | ખોરાકી ખર્ચ | ૩૬.૬૬ | ૨૭.૮૨ |
| ૪. | કાપડ લીનન | ૦.૫૦ | ૦.૨૦ |
| ૫. | અન્ય ખર્ચ | ૧૧૯.૨૫ | ૯૧.૩૬ |
| | **કુલ** | **૮૩૦.૪૬** | **૮૦૮.૨૯** |

## ૮.૪ શ્રી ચી.હ.નગરી આંખની હોસ્પિટલ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત શ્રી ચી.હ.નગરી આંખની હોસ્પિટલમાં શહેરની જનતાને આંખના રોગોની જુદા જુદા પ્રકારની સારવાર આપવામાં આવે છે.અહી આંખના રોગોની સારવાર માટે અધતન સામગ્રી વસાવવામાં આવેલ છે.અમદાવાદ શહેર ઉપરાંત ગુજરાત રાજયના તેમજ અન્ય રાજ્યોમાંથી દર્દીઓ હોસ્પિટલમાં મળતી સારવારનો લાભ લે છે.નગરી હોસ્પિટલમાં ૧૦૦ પથારીઓની સગવડ છે.અહી રોજના ૨૦૦ દર્દીઓને તપાસવામાં આવે છે.તેમજ વર્ષ દરમ્યાન અંદાજે ૫૦૦૦ જેટલા આંખના ઓપરેશન કરવામાં આવે છે.ઉપરાંત ૪૦૦૦થી ૫૦૦૦ જેટલી લેસર થેરોપીથી સારવાર પણ કરવામાં આવે છે.હોસ્પિટલમાં મોતીયાના,,ઝામરના,મોતીયા કાઢી તેની જગાએ નેત્રમણિ મુકવાના, આંખની નવી કીકી બેસાડવાના,આંખના ખસી ગયેલા પડદાનાં, ત્રાંસી આંખના, ઢળી ગયેલાં પોપચાનાં તેમજ નાસૂર તેમજ ફલેરેશીન ફન્ડસ કેમેરા વડે પડદાના રોગોનો અભ્યાસ કરી નિદાન કરી લેસરની સારવાર આપવામાં આવે છે. અહેવાલી વર્ષમાં ઓ.પી.ડી. વિભાગમાં જૂના- નવા મળી કુલ ૫૬,૩૫૩ દર્દીઓને તથા ઈન્ડોર વિભાગમાં ૩૬૯૦ દર્દીઓને વિવિધ આંખના રોગોની સારવાર આપવામાં આવેલ છે. જેની માહિતી પત્રક ૮.૪.૧ માં દર્શાવી છે.

આંખના ઓપરેશન માટે ઓપરેટીગ માઇક્રોસ્કોપ એ-સ્કેન ફોર બાયોમેટ્રી નામના સાધન વડે (ઇન્ટ્રાઓકયુલર લેન્સનો પાવર આપવા માટે તથા કોર્નીયાની જાડાઇ માપવા) પણ યાગ અને આરગન લેસર મશીન વસાવવામાં આવ્યુ છે.જેનો લાભ ડાયાબીટીસ તથા આંખના પડદાના રોગોના ઈલાજ માટે દર્દીઓ લે છે. નેત્રમણિની પાછળ છારી બાળી નાંખવામાં યાગ લેસરનો ઉપયોગ થાય છે. આંખના બધા જ ઓપરેશન માઇક્રોસ્કોપ વડે કરવામાં આવતા હોવાથી દર્દીઓ જલ્દી ઘેર પાછા જઇ શકે છે અને ઓપરેશનના પરિણામ સારા મળે છે. અહેવાલી વર્ષમાં નાના-મોટા મળી કુલ ૩૫૬૫ ઓપરેશન કરવામાં આવ્યા છે. આ અંગેની માહિતી પત્રક ૮.૪.૨ માં દર્શાવી છે. તથા આંખના દર્દીઓના જુદા જુદા પ્રકારના ઓપરેશનોનું છેલ્લા ૨ વર્ષનું તુલનાત્મક પત્રક ૮.૪.૩ સામેલ છે.

નગરી હોસ્પિટલ ખાતે ઝામર,પડદા,કોર્નિયા,કોન્ટેક લેન્સ અને સ્પેશ્યલ ક્લીનીક ચલાવવામાં આવે છે.ઉપરાંત નગરી હોસ્પિટલ ખાતે આઇ બેન્કની સ્થાપના કરવામાં આવી છે.જેમાં મરણ પામેલ વ્યક્તિઓની દાનમાં મળેલ આંખો રાખવામાં આવે છે. જરૂરીયાત મુજબના દર્દીઓના કોર્નિયા બદલવામાં આ દાનમાં મળેલ આંખોનો ઉપયોગ કરવામાં આવે છે.અહેવાલી વર્ષ દરમ્યાન ૩૫૪ આંખો દાનમાં મળી હતી.નગરી હોસ્પિટલ કે.એમ.સ્કુલ ઓફ પોસ્ટ ગ્રેજયુએટ અને રિસર્ચ માટે આંખના વિભાગ તરીકે ગુજરાત યુનિવર્સીટી તથા મેડીકલ કાઉન્સીલ ઓફ ઇન્ડિયાનો માન્ય અનુસ્નાતક ડીગ્રીનાં અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. અહેવાલી વર્ષમાં ડીપ્લોમા ૦૦ તથા ડીગ્રીમાં ૨ એમ મળી કુલ ૨ વિધાર્થીઓ પાસ થયા છે.

૧૯૯૬માં શાળા અને સ્કૂલમાં ભણતાં વિધાર્થીઓની શાળાઓમાં આંખોની તપાસ કરવા માટે તેમજ આંખના રોગોની સમજ આપવા માટે દ્રષ્ટિ પ્રોજેક્ટની સ્થાપના કરવામાં આવેલ.ઉપરાંત ગરીબી રેખા નીચે

જીવતા અને સ્લમ વિસ્તારમાં રહેતા લોકોની આંખોની તપાસ અને સારવાર તેમના રહેઠાણ નજીકના સ્થળેથી મળી રહે તે હેતુથી પ્રોજેક્ટની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.જેમાં ઘણા લોકોની સારવાર કેમ્પમાં તપાસ કરી સારવાર આપવામાં આવેલ.

હેલ્થ ખાતા હસ્તકના સાબરમતી રેફરલ હોસ્પિટલનો આંખનો વિભાગ જે ઘણા લાંબા સમયથી બંધ હતો તે નગરી હોસ્પિટલ મારફતે ચાલુ કરાવી હોસ્પિટલમાં આંખના ૫૬૩૬૩ દર્દીઓની તપાસ અને સારવાર ઉપરાંત ૩૫૬૫ ઓપરેશન નગરી હોસ્પિટલના ડૉક્ટરો મારફતે કરવામાં આવેલ છે.આ રેફરલ હોસ્પિટલમાં ગરીબ દર્દીઓની મફત સારવાર કરવામાં આવે છે.વળી અહી વધુમાં વધુ ઓપરેશનો થાય તે અંગે એક અધ્યતન ઓપરેશન થીયેટર તૈયાર કરવામાં આવેલ છે.

આ હોસ્પિટલમાં ફરજ બજાવતા જે ડૉક્ટરોએ વર્ષ દરમ્યાન જુદા જુદા સંશોધન પેપર્સ રજુ કર્યા હતા.તેની માહિતી નીચે મુજબ છે.

GUJARAT OPHTHALMIC SOCIETY-2002

1. Choreo-retinal anestamosis in CRVO
2. Comparative study of ibopomine & ibopomine with cyclopentolate as a mediatric
3. Argan LASER photocoagulation in corneal vascularization
4. Contrast sensitivity in background diabetic retinpathy

ઉપરાંત નીચેના પેપર્સ રજુ કરવામાં આવ્યા હતા.

ALL INDIA OPTHALMIC SOCIETY CONFERENCE-2002

1. Corneal endothelium,DM & type of ECCE
2. Evaluation of sparfloxacin(0.3%)eyedrops in acute bact.conjunctivitis
3. Indocynin green angiography in Myopia
4. CME in Uveitis.
5. Effect of ACE inhibitors on maculopathy.
6. Study of angle abnormality following ocular Trauma.
7. Contast sensitivity in background diabetic retinopathy
8. Low visual Aids in different eye diseases.

અહેવાલી વર્ષ દરમ્યાન હોસ્પિટલની આવક રૂા.૨૨.૩૮ લાખની થઇ છે. જયારે હોસ્પિટલનો કુલ ખર્ચ રૂા.૧૨૧.૯૬ લાખ થયો છે. દર્દી દીઠ સરેરાશ દૈનિક ખર્ચ રૂા.૧૦૧૨.૫૬ થયો છે. આ અંગેની વિગતવાર માહિતી પત્રક ૮.૪.૪ માં દર્શાવી છે.

અ.મ્યુ.કોર્પો.નાં સ્ટે.ક.ઠ.નં.૨૨૩૮ તા.૨૧-૩-૯૧ની મંજુરીથી નગરી આંખની હોસ્પિટલનો વધુ વિકાસ થાય તે ઉદ્દેશથી હેતુથી નગરી આઇ રીસર્ચ ફાઇન્ડેશન નામનું ટ્રસ્ટ શરૂ કરવામાં આવ્યું છે. આ ટ્રસ્ટને અવારનવાર નાના મોટા દાન રોકડ રકમ અગર ચીજ વસ્તુના રૂપમાં મળતું રહે છે. આ ટ્રસ્ટને મળનાર દાનને ભારત સરકારના ઇન્કમટેક્ષ ખાતા તરફથી ૧૦૦% કરમુક્તિ આપવામાં આવેલ છે.વધુમાં વધુ દાનની રકમ મેળવી અતિ આધુનિક સાધનો વસાવી તેમજ આંખના રોગોની સારવાર માટે સંશોધનની કાર્યવાહી પણ નગરી આઇ રીસર્ચ ફાઉન્ડેશન દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

## પત્રક ૮.૪.૧
## અહેવાલી વર્ષમાં સારવાર આપેલ ઓ.પી.ડી. તેમજ ઈન્ડોર કેસોની માહિતી દર્શાવતુ પત્રક

| અ. નં. | માસ | ઓ.પી.ડી. કેસની માહિતી | | | | | | | | ઈન્ડોર કેસની માહિતી | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ઓ.પી.ડી. કેસ નવા | ઓ.પી.ડી. કેસ જુના | સ્પે. કેસ | મ્યુનિ. કેસ નવા | મ્યુનિ. કેસ જુના | મ્યુનિ. સ્કુલ ચિલ્ડ્રન નવા | મ્યુનિ. સ્કુલ ચિલ્ડ્રન જુના | કુલ | જનરલ | સ્પે. | ડીસ્ચાર્જ | લેસર | દાખલ કેસ ઈન્ડોર |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ૧. | એપ્રિલ ૨૦૦૨ | ૨૧૧૨ | ૨૫૦૩ | ૪૦ | ૧૫૪ | - | ૪ | ૮ | ૪૮૨૧ | ૨૧૩ | ૩૦ | ૨૯૭ | ૨૫૯ | ૨૮૫ |
| ૨. | મે | ૨૪૫૩ | ૨૮૦૭ | ૯૯ | ૨૫૧ | - | ૫ | ૬ | ૫૬૨૧ | ૨૩૬ | ૩૨ | ૩૧૮ | ૩૪૬ | ૩૨૪ |
| ૩. | જૂન | ૨૪૧૬ | ૨૬૩૯ | ૧૨૯ | ૨૫૩ | - | ૩ | ૩ | ૫૪૪૩ | ૨૫૯ | ૨૭ | ૩૬૫ | ૩૩૫ | ૩૫૪ |
| ૪. | જુલાઈ | ૨૦૯૫ | ૨૫૨૯ | ૧૧૬ | ૨૩૪ | - | ૧૯ | ૬ | ૪૯૯૯ | ૨૨૦ | ૨૦ | ૨૪૦ | ૨૮૭ | ૨૪૨ |
| ૫. | ઓગષ્ટ | ૨૧૦૪ | ૨૬૬૩ | ૧૦૫ | ૨૭૭ | - | ૪૨ | ૧૭ | ૫૨૦૮ | ૨૦૯ | ૨૫ | ૩૧૭ | ૨૫૫ | ૩૨૧ |
| ૬. | સપ્ટેમ્બર | ૨૪૧૬ | ૨૭૯૬ | ૮૫ | ૧૯૮ | - | ૨૧ | ૧૫ | ૫૫૩૧ | ૨૮૦ | ૩૦ | ૪૦૭ | ૨૮૨ | ૩૬૧ |
| ૭. | ઓક્ટોબર | ૧૬૬૩ | ૨૦૦૩ | ૫૪ | ૧૩૯ | - | ૩૪ | - | ૩૮૯૩ | ૧૨૬ | ૬ | ૧૭૨ | ૧૯૯ | ૧૭૪ |
| ૮. | નવેમ્બર | ૨૪૭૯ | ૨૬૧૮ | ૬૩ | ૨૪૪ | - | ૨૧ | ૧૧ | ૫૪૩૬ | ૨૧૧ | ૧૮ | ૩૦૭ | ૨૭૬ | ૩૪૭ |
| ૯. | ડીસેમ્બર | ૨૦૩૧ | ૨૨૨૦ | ૭૫ | ૨૨૭ | - | ૬ | ૧૨ | ૪૫૭૧ | ૨૪૯ | ૨૪ | ૩૬૦ | ૨૯૧ | ૩૫૩ |
| ૧૦. | જાન્યુ.૨૦૦૩ | ૧૯૮૩ | ૨૨૧૯ | ૮૫ | ૧૮૬ | - | ૧૨ | ૯ | ૪૪૯૪ | ૨૨૭ | ૧૬ | ૩૩૬ | ૨૩૧ | ૩૧૯ |
| ૧૧. | ફેબ્રુઆરી | ૧૬૨૫ | ૧૯૩૯ | ૮૦ | ૧૫૯ | - | - | ૭ | ૩૮૧૦ | ૧૩૮ | ૭ | ૨૪૦ | ૧૯૪ | ૨૬૫ |
| ૧૨. | માર્ચ | ૨૩૩૩ | ૨૭૧૮ | ૯૭ | ૨૩૪ | - | ૫ | ૮ | ૫૩૯૫ | ૨૫૩ | ૨૪ | ૩૯૨ | ૩૦૯ | ૩૮૦ |
| | **કુલ** | **૨૫૭૧૦** | **૨૯૬૫૪** | **૧૦૨૮** | **૨૫૫૬** | - | **૧૭૨** | **૧૦૨** | **૫૯૨૨૨** | **૨૬૨૧** | **૨૫૯** | **૩૭૫૧** | **૩૨૬૪** | ૩૭૨૫ |

***નોંધ :-*** **લેસર સારવાર દરમ્યાન આઉટડોર સારવાર થતી હોઈ દર્દીને દાખલ કરવાનો હોતો નથી. જેથી ઈન્ડોર આઉટડોર કેસમાં તફાવત હોય છે.**

**પત્રક ૮.૪.૨**

**છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલ ઓપરેશનની માસવાર માહિતી દર્શાવતું પત્રક**

| અ. નં. | માસ | મોટા ઓપરેશન | | નાના ઓપરેશન | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | ૦૧-૦૨ | ૦૨-૦૩ | ૦૧-૦૨ | ૦૨-૦૩ | ૦૧-૦૨ | ૦૨-૦૩ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | એપ્રિલ - | ૨૨૬ | ૧૫૯ | ૫૪ | ૨૩ | ૨૮૦ | ૧૮૨ |
| ૨ | મે – | ૨૪૨ | ૧૯૪ | ૪૦ | ૪૪ | ૨૮૨ | ૨૩૮ |
| ૩ | જૂન- | ૨૮૮ | ૨૧૭ | ૫૭ | ૪૦ | ૩૪૫ | ૨૫૭ |
| ૪ | જુલાઈ- | ૩૦૬ | ૩૦૫ | ૨૪ | ૪૫ | ૩૩૦ | ૩૫૦ |
| ૫ | ઓગષ્ટ- | ૨૭૬ | ૩૦૨ | ૩૩ | ૪૧ | ૩૦૯ | ૩૪૩ |
| ૬ | સપ્ટેમ્બર – | ૩૪૫ | ૨૫૪ | ૩૧ | ૨૭ | ૩૭૬ | ૨૮૧ |
| ૭ | ઓક્ટોબર- | ૨૫૫ | ૨૬૧ | ૨૬ | ૩૮ | ૨૮૧ | ૨૯૯ |
| ૮ | નવેમ્બર- | ૨૨૯ | ૨૪૮ | ૩૧ | ૩૪ | ૨૬૦ | ૨૮૨ |
| ૯ | ડીસેમ્બર- | ૪૦૯ | ૨૬૯ | ૪૧ | ૪૮ | ૪૫૦ | ૩૧૭ |
| ૧૦ | જાન્યુઆરી | ૩૬૦ | ૩૪૧ | ૪૭ | ૪૯ | ૪૦૭ | ૩૯૦ |
| ૧૧ | ફેબ્રુઆરી- | ૩૦૮ | ૨૦૨ | ૩૪ | ૪૬ | ૩૪૨ | ૩૩૮ |
| ૧૨ | માર્ચ – | ૧૦૧ | ૨૪૮ | ૧૪ | ૪૦ | ૧૧૫ | ૨૮૮ |
| | **કુલ** | **૩૩૪૫** | **૩૦૯૦** | **૪૩૨** | **૪૭૫** | **૩૭૭૭** | **૩૫૬૫** |

## પત્રક ૮.૪.૩
## આંખના દર્દીનાં જુદા જુદા પ્રકારનાં ઓપરેશનોનું છેલ્લા ૨ વર્ષનું તુલનાત્મક પત્રક

| અ.નં. | ઓપરેશનનું નામ | ૦૧-૦૨ | ૦૨-૦૩ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | મોતિયાનું ઓપરેશન (કૃત્રિમ નેત્રમણિ) | ૧૮૮૩ | ૧૮૧૮ |
| ૨ | મોતિયાનું ઓપરેશન ( સી.એ.ટી.) | ૮૫ | ૫૪ |
| ૩ | ઝામર જી.ઈ. | ૧૪૪ | ૧૨૨ |
| ૪ | ફેકો સર્જરી ( એલ.ઓ.એલ.એ.બી.) | ૩૬૨ | ૨૨૧ |
| ૫ | ત્રાંસી આંખ | ૪૪ | ૨૫ |
| ૬ | આંખના પડદાનું ઓપરેશન | ૧૦૬ | ૮૪ |
| ૭ | કીકી બદલવી | ૭૩ | ૭૯ |
| ૮ | વિટ્રીયસનું ઓપરેશન | ૨૩૯ | ૨૮૯ |
| ૯ | નાસૂર ડી.સી.આર. | ૧૨૬ | ૯૦ |
| ૧૦ | ૧ થી ૯ ના રીસર્જરી | ૫૫ | ૩૪ |
| ૧૧ | પોપચાના ઓપરેશન | ૪૧ | ૭૯ |
| ૧૨ | આંજણીવેલ ટાંકા લેવા | ૨૫૩ | ૨૧૩ |
| ૧૩ | એફ.બી.રીમુઅલ | ૧૦૬ | ૨૪ |
| ૧૪ | પડદાના ઝામરની નાસૂરની તપાસ,ડોળો ખોતરવો | ૧૪૮ | ૨૩૨ |
| ૧૫ | શેક આપવો,, | ૧૦૫ | ૫૯ |
| ૧૬ | અન્ય ઓપરેશન( લેસર સાથે) | ૭ | ૧૪૨ |
|  | **કુલ** | **૩૭૭૭** | **૩૫૬૫** |

**પત્રક ૮.૪.૪**

**ઈન્ડોર દર્દી દીઠ સરેરાશ દૈનિક ખર્ચની માહિતી ( રૂા.માં )**

| અ.નં. | ખર્ચની વિગત | ૦૧-૦૨ | ૦૨-૦૩ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ | ૧૪૦૬.૩૯ | ૮૯૩.૧૨ |
| ૨ | દવા – ઈન્જેક્શન ખર્ચ | ૧૩૮.૯૦ | ૮૬.૯૫ |
| ૩ | કાપડ ધોલાઈ ( લીનન) ખર્ચ | ૫.૪૩ | ૪.૦૪ |
| ૪ | ખોરાકી ખર્ચ | ૨૫.૦૫ | ૧૯.૬૩ |
| ૫ | અન્ય ખર્ચ | ૩૪.૨૫ | ૮.૮૨ |
| **કુલ** | | **૧૬૧૦.૦૨** | **૧૦૧૨.૫૬** |

# ૯ સાર્વજનિક કેળવણી

ભારત સરકારના બંધારણ મુજબ ૧૪ વર્ષ સુધીના વયનાં પ્રત્યેક બાળકને પ્રાથમિક શિક્ષણ સરકારશ્રી તરફથી વિનામૂલ્યે આપવાનું નક્કી થયેલ છે. રાજ્યસરકાર વતી આ કામગીરી જે તે સંસ્થા સંભાળે છે. અ.મ્યુ.કોર્પોરેશને આ જવાબદારી મ્યુ.સ્કૂલ બોર્ડને સોંપી છે. મ્યુ. કોર્પો. ચાર માધ્યમિક શાળા અને એક ઉચ્ચતર માધ્યમિક શાળાનું સંચાલન કરે છે. માધ્યમિક શાળામાં ધો.૮ થી ૧૦ અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ધો.૮ થી ૧૨ સુધીનું શિક્ષણકાર્ય કરવામાં આવે છે.

## ૯.૧ પ્રાથમિક શિક્ષણ

અમદાવાદ શહેર દેશનું સાતમા નંબરનું સ્થાન ધરાવતું ગુજરાત રાજ્યનુ સૌથી મોટું ઔદ્યોગિક અને ઐતિહાસિક શહેર છે. સને ૧૯૨૦ થી શહેરમાં પ્રાથમિક શિક્ષણ મેળવવાપાત્ર તમામ બાળકોની પ્રાથમિક શિક્ષણની જવાબદારી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ કરી રહી છે. શહેરની મ્યુ. પ્રાથમિક શાળાઓમાં લાખો બાળકો શિક્ષણ મેળવે છે. અહી શૈક્ષણિક વિષયો ઉપરાંત બાળકોના સંર્વાગી વિકાસની વિવિધ પ્રવૃતિઓ દ્વારા સુષુપ્ત શક્તિઓનો વિકાસ, સાંસ્કૃતિક કાર્યક્રમો, ઉત્સવ ઉજવણી, સ્કાઉટ ગાઈડ પ્રવૃતિ, રમતગમત પ્રવૃતિ તથા સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે.

આ શાળાઓનો વહીવટ શાસનાધિકારીશ્રી સંભાળે છે. પ્રાયમરી એજ્યુકેશન એક્ટની કલમ ૬૧(૨)(૩) અને સ્કૂલ બોર્ડ ઠ.નં. ૨૨૧ મુજબ અને ચેરમેન ઠ.નં.૨૭૭૦ તા.૨૫.૧-૦૨ મુજબ મ્યુ.સ્કૂલ બોર્ડના સરળ વહીવટ માટે ૮ સમિતિઓની નીચે મુજબ રચના કરવામાં આવી છે.અહેવાલી વર્ષમાં સ્કૂલબોર્ડની ૯ મીટીગ મળેલ.જેમાં કુલ ૨૨૦ ઠરાવ થયેલ.જ્યારે જુદી જુદી સમિતિની મીટીગની વિગત નીચે મુજબ છે.

| અ.નં | સમિતિઓ | સમિતિનીમીટીંગોની સંખ્યા | થયેલ ઠરાવોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ટેન્ડર સમિતિ | ૦૪ | ૫૩ |
| ૨ | બિલ્ડીગ સમિતિ | ૦૪ | ૧૭ |
| ૩ | પુસ્તક પસંદગી સમિતિ | ૦૪ | ૧૦ |
| ૪ | શૈક્ષણિક આયોજન સમિતિ | ૦૩ | ૦૮ |
| ૫ | વિદ્યાર્થિવિકાસ અને પ્રતિભા શોધ સમિતિ | ૦૪ | ૧૩ |
| ૬ | શિસ્ત,સંસ્કારઘડતર અને સહઅભ્યાસ સમિતિ | ૦૨ | ૦૪ |
| ૭ | નોન ટીચીંગ સ્ટાફ સિલેકશન સમિતિ | ૦૨ | ૦૫ |
| ૮ | શિક્ષક પ્રોત્સાહક અને શિક્ષણ સંશોધન સમિતિ | ૦૩ | ૦૭ |
| ૯ | સ્ટાફ સિલેકશન સમિતિ | ૦૫ | ૧૬ |

મ્યુ.સ્કૂલ બોર્ડની શાળાઓમાં સરળ સંચાલન માટે નીચે મુજબ પાંચ ઝોન પાડવામાં આવ્યા છે.

ઝોન-૧ કાંકરિયા શાળા નં ૫-૬

ઝોન-૨ જમાલપુર શાળા નં.૪

ઝોન-૩ એલીસબ્રીજ શાળા નં.૧૪

ઝોન-૪ ખાડીયા શાળા નં.૨૪

ઝોન-૫ ખાડીયા શાળા નં.૨૪

અહેવાલી વર્ષમાં શાળા દીઠ, શિક્ષક દીઠ, સરેરાશ વિદ્યાર્થીઓની માહિતી પત્રક ૯.૧.૧માં દર્શાવી છે. જ્યારે માધ્યમવાર શાળા, વર્ગ અને શિક્ષકની માહિતી પત્રક ૯.૧.૨માં દર્શાવી છે. સને ૮૧-૮૨ માં શાળાઓની સંખ્યા ૪૯૬ હતી તે વધીને ૨૦૦૨-૦૩ માં ૫૬૧ ની થઈ છે. જેમાં જુદી જુદી ૯ માધ્યમોની શાળાઓનો સમાવેશ થાય છે. શિક્ષકદીઠ વિદ્યાર્થીનું પ્રમાણ જેવર્ષ૮૧-૮૨માં ૩૮.૯ હતું તે વધીને અહેવાલી વર્ષમાં ૪૩.૦ થયું છે.

અહેવાલી વર્ષમાં માધ્યમવાર સૌથી વધુ વર્ગો ગુજરાતી માધ્યમનાં અને સૌથી ઓછાં વર્ગો મલયાલમ માધ્યમનાં હતાં. વર્ગદીઠ સરેરાશ વિદ્યાર્થીઓનું પ્રમાણ ૪૫.૫૭ અને શિક્ષકદીઠ સરેરાશ વિદ્યાર્થીનું પ્રમાણ ૪૩.૦૨ જેટલું રહયું હતું.

અહેવાલી વર્ષમાં માધ્યમવાર શિક્ષકોની કુલ સંખ્યા ૫૨૨૬ હતી. જેમાં સૌથી વધુ સંખ્યા ગુજરાતી માધ્યમમાં શિક્ષકોની સંખ્યા ૩૪૬૬ અને સૌથી ઓછી મલયાલમ માધ્યમમાં શિક્ષકોની સંખ્યા ૪ છે.

અહેવાલી વર્ષમાં વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૨૨૪૮૪૪ની હતી જેમાં સૌથી વધુ ગુજરાતી માધ્યમમાં ૧૫૪૩૪૨ની અને સૌથી ઓછી મલયાલમ માધ્યમની ૬૦ જેટલી હતી બાળકદીઠ સરેરાશ ખર્ચ સને ૮૭-૮૮માં ૫૩૮.૧૮ હતો તે વધીને ૨૦૦૨-૦૩માં ૪૯૬૮નો થયો છે. જે સ્કુલ બોર્ડની સક્ષમ કામગીરી તથા જાગૃતતાના દર્શાવે છે.

## નૂતન તાલીમ વિભાગ :-

ભાવિ પેઢીની બુધ્ધિ પ્રતિભા વર્ગખંડોમાં ગૂંગળામણ ન અનુભવે અને તે પ્રતિભાનું પ્રગટીકરણ સહજ બની રહે તે માટેની સાનૂકૂળતા કરી આપવાનું નાજુક કાર્ય બાળકો સાથે પ્રત્યક્ષ રીતે જોડાયેલ શિક્ષકે કરવાનું છે.શિક્ષકની વિષય સજ્જતા અને પ્રતિબધ્ધતા દ્વારાજ શિક્ષણકાર્યને ગુણવત્તાસભર બનાવી શકાય.સને૧૯૬૮ થી શિક્ષણક્ષેત્રની ચાવીરૂપ બાબત ગુણવત્તા પર ભાર મૂકવાના ખાસ હેતુથી નૂતન તાલીમ વિભાગ શરૂ કરવામાં આવ્યો છે.નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,અમદાવાદ દ્વારા ચલાવાતી તમામ માધ્યમની શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા સાથે સંબંધિત નીચેના ક્ષેત્રો નૂતન તાલીમ વિભાગ સાથે સાંકળવામાં આવેલ.

(૧)પ્રશિક્ષણ અંગેની કામગીરી

(૨)પ્રશ્નપત્ર નિર્માણકાર્યની કામગીરી

(૩)નવા અભ્યાસક્રમને અનુરૂપ સ્વાધ્યાયપુસ્તિકા,પ્રયોગપોથી,નગર શિક્ષણ પત્રિકા અને વાર્ષિક વહીવટી અહેવાલ સહિતના સંપાદન અને સંકલનની કામગીરી

(૪)સ્કૂલબોર્ડના વિજ્ઞાન શિક્ષકો માટે પ્રયોગશાળા

(૫)શિક્ષકો માટે જુદી જુદી ભાષાના ૬૦૦૦ જેટલા પુસ્તકો સહિતના પુસ્તકાલય અને સંશોધનકેન્દ્રની કામગીરી

(૬)નૂતન તાલીમ વિભાગના સંચાલકશ્રી દ્વારા વર્ગખંડોનું શૈક્ષણિક દૃષ્ટિકોણથી મૂલ્યાંકન

નૂતન તાલીમ વિભાગ દ્વારા અહેવાલી વર્ષમાં ધો.૧થી૭ના શિક્ષકો માટે કુલ ૧૬ પ્રવૃત્તિઓ/શિબિરોનું આયોજન થયેલ.જેમાં સંબંધિત શાળાઓના શિક્ષકો/અધિકારીઓએ ભાગ લીધેલ.

## ઉદ્યોગ શિક્ષણ :-

સમાજ અને સમયની માંગને અનુસરી વિષય શિક્ષણ સાથે ઉદ્યોગ શિક્ષણને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ મહત્વ આપે છે.જેમાં માટી કામ,કાગળ કામ,પૂંઠા કામ ઉપરાંત રેક્ઝીન ઉદ્યોગ, ઘડિયાળ ઉદ્યોગ, સુથારી ઉદ્યોગ, સિવણ

ઉદ્યોગ અને સમાજની માંગને ધ્યાનમાં લઈ  કોમ્પ્યુટર શિક્ષણ પણ સ્કૂલબોર્ડની શાળાઓમાં  ધો. ૫ થી ૭ માટે શરૂ કરેલ છે.

**(૧) રેક્ઝીન ઉદ્યોગ :-**

રાજપુરની  ગુજરાતી શાળા નં.૧૨માં ધો.૫ થી ૭ નાં બાળકો અભ્યાસ સાથે રોજગારી મેળવી શકે તે આશયથી રેક્ઝીનવર્ગની શરૂઆત કરેલ. ત્યારબાદ  શાહીબાગ શાળા નં.૧, મણિનગર શાળા નં.૨ માં રેકઝીનવર્ગની શરૂ કરવામાં આવ્યો છે.હાલ આ ત્રણ કેન્દ્રોની આસપાસની શાળાઓના બાળકો રેકઝીન ઉદ્યોગનો લાભ લે છે.જેમાં ધોરણ -૫ના બાળકોને રેશનકાર્ડ કવર અને સાદું મનીપર્સ ધોરણ-૬ના બાળકોને હોલબેગ,ગેઝેટવાળી થેલી અને લંચબોક્ષ કવર બનાવતાં શીખવાય છે.ધો.૭ માં ચેઈનવાળું મની પર્સ અને વિવિધ ખાનાવાળું મનીપર્સ ,લેટર પેડ અને એરબેગ બનાવતાં શીખવાય છે.

આ ઉદ્યોગ શીખીને  બાળકો સ્કૂટરની સીટો, સોફાનાં કવર, લેડીઝ પર્સ, વિ. સીવીને પગભર બની કુટુંબને આર્થિક સહાય કરી શકે છે.

(૨) **ઘડિયાળ ઉદ્યોગ :-**

ધોરણ  ધો.૫ થી ૭ નાં બાળકો માટે સને ૧૯૭૧ થી ઘડિયાળ રિપેરીંગનો વ્યવસાયલક્ષી ઉદ્યોગ શરૂ થયેલ, હાલ પાંચ કેન્દ્રો પર ચલાવવામાં આવે છે. જેમાં પુરાતન સમયનાં ઘડિયાળથી માંડીને આધુનિક કવાર્ટઝ ઘડિયાળો સુધીનું સૈધ્ધાંતિક તેમજ પ્રાયોગિક કામ શીખીને ઓફિસો ઉપરાંત શાળાઓની ઘડિયાળો રિપેર કરી શકે છે.  ત્રણ વર્ષ સુધી શિક્ષકોના માર્ગદર્શન નીચે આ કામ શીખ્યા બાદ બાળકો આર્થિક કમાણી અર્થે ઘડિયાળ રિપેરીંગની દુકાન શરૂ કરી અથવા નોકરી કરી શકે છે.

(૩) **સુથારી ઉદ્યોગ :-**

સને ૧૯૫૫માં રાયખડ ઉર્દૂ શાળામાં આ ઉદ્યોગ શરૂ કરવામાં આવ્યો અને ૧૯૭૦ માં તાલીમ પામેલા શિક્ષકોની ભરતી કરી   બીજા બે કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા.આ ઉદ્યોગ માટે જરૂરી લાકડું વહેરતાં, રંધો મારતાં,ખીલી બેસાડતાં શીખવવામાં આવે છે. બાળકો લાકડામાંથી નાની પાટલી તૈયાર કરે છે. ધોરણ ૬ નાં બાળકોને લાકડાના વિવિધ પ્રકારોની જાણકારી અપાય છે.ધોરણ-૭માં બાળકોને ધોકણાં તેમજ મીટરપટ્ટી બનાવતાં શીખવાય છે.સાથે સાથે લાકડામાં રહેલી ખામીઓ અંગે જાણકારી અપાય છે. બાળકોએ તૈયાર કરેલ તમામ ચીજવસ્તુઓનું વેચાણ કરવામાં આવે છે.

**(૪) સિવણ ઉદ્યોગ :-**

ધો.૫ થી ૭માં સિવણ ઉદ્યોગ પણ શીખવાય છે.આ બાળકોને સિવણના સૈધ્ધાંતિક તેમજ પ્રાયોગિક શિક્ષણ ઉપરાંત આ શાળાઓમાં બાળાઓને ભરતગૂંથણ શિખવવામાં આવે છે. હાલ ગુજરાતી માધ્યમની ૩૫, ઉર્દૂ માધ્યમની ૧૧, મરાઠી માધ્યમની ૧ એમ કુલ ૪૭ શાળામાં આ ઉદ્યોગ શીખવાય છે.

**(૫) માટીકામ, કાગળ કામ, પૂંઠાકામ :-**

ધો.૧ થી ૪ નાં બાળકોને માટીકામ અને  કાગળકામ શીખવાય છે. ધો.૫ થી ૭માં જે શાળાઓમાં રેકઝીન, સુથારી, સિવણ, ઘડિયાળ ઉદ્યોગ કે કોમ્પ્યુટર શિક્ષણ અપાતુ ના હોય તે શાળામાં કાગળકામ અને પૂંઠાકામ શિખવાય છે. નિયત કરેલ અભ્યાસક્રમ અનુસાર બાળકો માટી,કાગળ અને પૂંઠામાંથી  વિવિધ નમુનાઓ બનાવે છે.

**(૬) કોમ્પ્યુટર શિક્ષણ :-**

નગર પ્રાથમિક શિક્ષણએ ૧૯૯૬-૯૭માં ૧૯ કોમ્પ્યુટર સેન્ટર તૈયાર કરાવી દરેક સેન્ટર પર ૫ લેખે કુલ ૯૫ કોમ્પ્યુટરો વસાવ્યા.સ્કૂલબોર્ડના શિક્ષકોને કોમ્પ્યુટરની તાલીમ આપ્યા બાદ ૧૯૯૭-૯૮માં ધોરણ ૫ થી ૭ ના બાળકો માટે કોમ્પ્યુટર શિક્ષણ શરૂ કરવામાં આવ્યું.ગુજરાત સરકારશ્રી તરફથી અપર પ્રાયમરી ૧૦૦ શાળાઓમાં કોમ્પ્યુટર આપવામાં આવ્યા છે.એક સેન્ટર પર એક પ્રિન્ટર આપવામાં આવેલ છે.સેન્ટર દીઠ ૨ શિક્ષકો લેખે કુલ ૨૦૦ શિક્ષકો તેમજ સ્કૂલબોર્ડના અધિકારીવર્ગને કોમ્પ્યુટર તાલીમ અપાઇ છે.મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી કોમ્પ્યુટરરૂમ તૈયાર થયા છે.કોમ્પ્યુટર શિક્ષણનો સ્કૂલબોર્ડના તમામ બાળકોને વધુને વધુ લાભ મળે તેવું આયોજન કરવામાં આવેલ છે.

યુનિસેફના સહયોગથી તેમજ મ્યુનિ.શાળાના તમામ શિક્ષકોને કોમ્પ્યુટર દ્વારા વિષયશિક્ષણ અંગેની તાલીમ મળી રહે તે પ્રકારનું આયોજન કરેલ છે આ અંગે ૨૬ રિસોર્સ સેન્ટર પર તાલીમ કામગીરી ચલાવવામાં આવી રહી છે.

**તરંગ ઉલ્લાસમય અભ્યાસ :-**

ભારતમાં શાળાનું પગથીયું પણ ન ચડયા હોય તેવા બાળકોની સંખ્યા તો ઘણી છે જ.પરંતુ કેટલાંક બાળકો તો પ્રાથમિક શિક્ષણ પૂરૂ કર્યા વિના જ શાળા છોડી દે છે.જેનું એક કારણ નિરસ બોજારૂપ શિક્ષણ પણ હોઇ શકે.જો બાળકોને ઉલ્લાસ ઉમંગભર્યું વાતાવરણ મળે,ગીતો,રમતો, વાર્તાઓ દ્વારા બાળકોને ઉલ્લાસમય ઉમંગભર્યુ વાતાવરણ મળે,ગીતો,રમતો,વાર્તાઓ દ્વારા શિક્ષણ અપાય તો બાળકોને શાળા તરફ આકર્ષી શકાય.ધોરણ ૧માં 'બાલમિત્ર વર્ગ' બનાવાયા છે.જેની ચારેય દીવાલો પર ભાષા,ગણિત,પર્યાવરણના ચાર્ટસ અને ચિત્રો તૈયાર કરાવાયા છે.દીવાલોની નીચેનો ભાગ બ્લેકબોર્ડ કલરથી રંગવામાં આવ્યો છે.જ્યાં બાળકો પોતાની કલ્પનાશક્તિને પ્રદર્શિત કરી શકે છે.

**પર્યાવરણ જાગૃતિ પ્રોજેક્ટ :-**

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદમાં દર્પણ ફોર ડેવલપમેન્ટ સંસ્થાના સહયોગ દ્વારા જુલાઇ ૯૪ થી પર્યાવરણ જાગૃતિ પ્રોજેક્ટનો આરંભ કરવામાં આવ્યો.પાણી ઉર્જા,વૃક્ષો,કચરો તેમજ હવા અને પ્રદૂષણ જેવા વિષયોને ધ્યાનમાં લઇ બાળકોને તે પરત્વે જાગૃત કરવાનો ઉદ્દેશ રાખવામાં આવ્યો છે.આ પ્રોજેક્ટમાં અભિનયકલા દ્વારા પર્યાવરણ શિક્ષણ આપવાની વાતને પ્રાધાન્ય આપવામાં આવે છે.નાટક,વાર્તા, ગીતો, ઉખાણાં, જોડકણાં, ચિત્રો, પ્રદર્શન તથા વેસ્ટમાંથી બેસ્ટ જેવી વિવિધ પ્રવૃત્તિઓ અને પ્રયુક્તિઓ દ્વારા પર્યાવરણ જાળવણી અને જાગૃતિ કેળવવાના સઘન પ્રયાસો કરવામાં આવે છે. એલિસબ્રીજ શાળા નં ૨૮ માં પર્યાવરણ જાગૃતિ પ્રોજેક્ટ અન્વયે એક વર્કશોપ ચલાવાય છે. હાલમાં આ પ્રોજેક્ટ સ્કુલબોર્ડની ૫૦ શાળાઓમાં વિસ્તાર પામ્યો છે.

**મોબાઈલ-શાળા :-**

ગરીબી અને અજ્ઞાનતાના કારણે ગરીબ વિસ્તારના તમામ બાળકો શાળાએ જઇ શકતા નથી. ત્યારે આવા બાળકોને ઘર આંગણે જ મફત શિક્ષણ મળી રહે તે હેતુથી અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા સ્લમ વિસ્તારના બાળકોને શાળામાં જતા કરવા માટે તથા બાળકોને ઘરઆંગણે મફત શિક્ષણ આપવાના હેતુથી રાજ્યમાં સૌ પ્રથમ મોબાઇલ શાળા તા.૩૦/૯/૯૯ના રોજથી શરૂ કરવામાં આવી છે.

**પૂર્વ પ્રાથમિક વિભાગ :-**

૩ થી ૫ વર્ષના બાળકોમાં સારી ટેવો સુસંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સને ૧૯૫૬થી કેટલીક શાળાઓમાં પૂર્વપ્રાથમિક વર્ગો ચલાવવામાં આવે છે. જેમાં બાળકો માટે રમતો, ગીતો, પ્રવૃતિઓ, સમૂહજીવન,વાર્તાઓ વિ.નું આયોજન કરી બાળકો તે દ્વારા શિક્ષણ મેળવી શકાય તેવાં કેટલાંક ઉપકરણો શાળાઓમાં આપવામાં આવ્યા છે.

સ્કુલબોર્ડના તમામ પૂર્વ પ્રાથમિક વર્ગોને બાલ સંસ્કારખંડમાં ફેરવવામાં આવ્યા છે.બાલ સંસ્કારખંડની દિવાલોને આકર્ષક રંગોથી રંગવામાં આવે છે.તેના પર સુવિચારો,મહાપુરૂષોના ફોટા લગાવાય છે.પૂર્વ પ્રાથમિક વર્ગો માટે ટેપરેકોર્ડર,કેસેટ અને વાર્તાચિત્રો આપવામાં આવ્યા છે.અહેવાલી વર્ષમાં તા.૩૦/૯/૦૨ના રોજ પૂર્વ પ્રાથમિક વર્ગમાં કુમાર ૨૯૩૨ અને કન્યા ૨૯૬૮ મળી કુલ ૫૯૦૦ બાળકો હતા.

**વિજ્ઞાન પ્રયોગશાળાઓ :-**

સ્કુલબોર્ડ દ્વારા સને ૧૯૮૨થી બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાય એવા આશયથી ૧૪ પ્રયોગશાળાઓ શરૂ કરવામાં આવી છે. આ પ્રયોગશાળાઓમાં આસપાસના વિસ્તારની શાળાઓમાંથી ધોરણ ૫ થી૭ ના બાળકો આવે છે. અભ્યાસક્રમમાં આવતા પ્રયોગો કરે છે.પ્રયોગશાળાના શિક્ષકો તેમજ બાળકો દર વર્ષે શહેરકક્ષા,જિલ્લાકક્ષા અને રાજ્યકક્ષાએ વિજ્ઞાન મેળામાં ભાગ લે છે.પ્રયોગશાળામાં આવતા બાળકો વચ્ચે વિજ્ઞાન એકમ કસોટીઓનું આયોજન કરવામાં આવે છે.આ રીતે બાળકોમાં વિજ્ઞાન પ્રત્યે રસ પેદા કરવાનો પ્રયાસ કરવામાં આવે છે.

**સ્ટોર વેરીફીકેશન વિભાગ :-**

આ વિભાગનું મુખ્યકાર્ય સ્કુલ બોર્ડની શાળાઓએ બાદ કરાવેલ માલ સામાનનાં પત્રકોના આધારે તે શાળાઓએ તે સામાન ડેડ સ્ટોકમાંથી બાદ કરેલ છે કે કેમ ? તે ચકાસવાનું છે. આ વિભાગના અધિકારીઓ શાળાઓની મુલાકાત લે છે અને શાળાઓના સ્ટોક અંગે તેમજ બાદના સામાન અંગે આચાર્યશ્રીઓને માર્ગદર્શન આપે છે.જો સ્કૂલબોર્ડની કોઇ શાળા મર્જ થાય કે બંધ થાય તો આ વિભાગ આ શાળાનો સામાન બીજી જરૂરિયાત વાળી શાળામાં મોકલવાની વ્યવસ્થા કરે છે.

**ટાઈપ વિભાગ :-**

સ્કુલ બોર્ડની કમિટીઓના એજન્ડા, મીનીટસ, પરિપત્રો,પત્રવ્યવ્હાર, વિ. ટાઇપ વિભાગમાં તૈયાર થાય છે.આ વિભાગમાં સ્ટેનોગ્રાફર સાથે બે ટાઈપીસ્ટ અને ડુપ્લીકેટીંગ ઓપરેટર કામ કરે છે. મ્યુ.કોર્પો.નાં જુદા જુદા ખાતા તેમજ સરકારશ્રી સાથેનાં પત્ર વ્યવહાર વિ.કામગીરી અંગેના પત્રો ટાઈપ તથા સાયકલોસ્ટાઈલ કરવામાં આવે છે.

**દ્રશ્ય શ્રાવ્ય વિભાગ :-**

આ વિભાગ શાળાઓમાં જ્ઞાન સાથે ગમ્મત પૂરા પાડે છે.ઉપરાંત સ્કુલ બોર્ડની શૈક્ષણિક શીબીરો , સમારંભો, વિવિધ સ્પર્ધાઓ તેમજ અન્ય કાર્યક્રમોમાં દશ્ય-શ્રાવ્ય વિભાગ માઇક તથા લાઇટની વ્યવસ્થા સંભાળે છે.

**તબીબી સારવાર વિભાગ :-**

આ વિભાગમાં ૧૦ તબીબી નિરીક્ષકો તેમજ એક મુખ્ય તબીબી નિરીક્ષક કામ કરે છે. જેઓ બાળકોની પ્રાથમિક તપાસ હાથ ધરે છે. શારીરિક ખામીવાળાં બાળકોને જુદા જુદા ૧૬ પ્રકારના રોગોમાં વર્ગીકૃત કરવામાં આવે છે.ખામીવાળા બાળકોને જુદાજુદા ૧૬ પ્રકારના રોગોમાં વર્ગીકૃત કરવામાં આવે છે.ખામીવાળા બાળકોની વધુ તપાસ શેઠ.વા.સા.હોસ્પિટલમાં થાય છે. દર બુધ-શુક્રવારે સ્કૂલ ચીલ્ડ્રન કલીનિક યોજના હેઠળ બાળરોગના નિષ્ણાત તબીબો બાળકોની તપાસ કરે છે.અને દવાઓ આપે છે.ડોક્ટરોનો અભિપ્રાય શાળા મારફતે બાળકના વાલીને પહોંચાડવામાં આવે છે.

**ઘર ખાનગી અભ્યાસ પરિક્ષા-**

સમાજમાંના જે બાળકોને શાળામાં જઇ અભ્યાસ કરવાનું સદ્ભાગ્ય સોંપડતું નથી આવા બાળકોને જો અભ્યાસ કરવાની ઇચ્છા હોય અને તેઓ ઘર બેઠા અભ્યાસ કરતા હોયતો તેવા બાળકો માટે સ્કુલબોર્ડ ઘરખાનગી

અભ્યાસ પરિક્ષાની જોગવાઇ કરેલ છે.આ રીતે ઘર બેઠાં અભ્યાસ કરીને ધોરણ ૧થી૬ પૈકી વિદ્યાર્થી પોતાની ઉંમર પ્રમાણે જે ધોરણની તેઓ પરિક્ષા આપવા ઇચ્છે તે ધોરણની પરિક્ષા આપી ઉત્તિર્ણ થતાં મ્યુનિસિપલ શાળામાં કે અન્ય શાળામાં દાખલ થઇ આગળ અભ્યાસ કરી શકે છે.અહેવાલી વર્ષમાં જુલાઇ માસમાં ઘરખાનગી અભ્યાસ પરિક્ષા કાંકરીયા શાળા નં-૫/૬માં લેવામાં આવી હતી.

**બે-ધોરણની પરિક્ષા :-**

સ્કુલબોર્ડની પ્રાથમિક શાળાઓમાં કેટલાક વિધાર્થીઓ એવા પણ અભ્યાસ કરતા હોય છે કે જેઓ કોઇ કારણસર શાળામાં મોડા દાખલ થયા હોય છે કે કેટલાંક બાળકો અમુક કારણોસર પરિક્ષા આપી ન શકયા હોય, તેવા બાળકોનું વર્ષ ન બગડે તે હેતુથી બે ધોરણની પરિક્ષાની જોગવાઇ મ્યુ. સ્કૂલબોર્ડે કરેલ છે.બે ધોરણની પરિક્ષામાં મ્યુનિસિપલ સ્કૂલબોર્ડની પરિક્ષાઓમાં અભ્યાસ કરતા બાળકો બેસી શકે છે.સ્કુલબોર્ડની પરિક્ષાઓમાં અભ્યાસ કરતા વિધાર્થીઓ પરીક્ષામાં બેસી શકે છે.અહેવાલી વર્ષમાં ફેબ્રુઆરી માસમાં પરિક્ષા યોજવામાં આવી હતી.

**વિવિધ પ્રવૃત્તિઓની ઝલક :-**

- સ્કુલબોર્ડની તમામ શાળાઓમાં ધો.૧માં વધુ ને વધુ બાળકોનું નામાંકન થાય તે માટે નવા પ્રવેશ મેળવનાર ભૂલકાંઓ સાથે જુના વિદ્યાર્થીઓ સહિત શાળાઓના શિક્ષકો દ્વારા ફેરીનું આયોજન કરવામાં આવેછે.શેરી મહોલ્લામાં પ્રવેશોત્સવ બેનરો સાથે ઢોલ-પિપૂડા ટોપીઓ પહેરી આનંદઉલ્લાસથી બાળકો પસાર થાય છે.શાળાના પ્રાર્થના બાળગીત,અભિનય ગીત ,નાટક,વાર્તા કથન જેવા મનોરંજન કાર્યક્રમો દ્વારા વાલીઓની ઉપસ્થિતિમાં બાળકોને આવકારતો પ્રસંગ ઉજવવામાં આવે છે.
- તા.૧૭/૬/૦૨ના રોજ નવા શૈક્ષણિક વર્ષના પ્રારંભે નવા દાખલ થયેલ વિદ્યા સહાયકો અને જિલ્લા ફેરબદલીથી આવેલા આવેલ શિક્ષક ભાઇ બહેનોની ઉપસ્થિતિમાં "સારસ્વત સંમેલન" યોજવામાં આવ્યું.૨૧ મી સદીમાં શિક્ષકની તૈયારી,એજ્યુકેટેડ સાથે કલ્ચર્ડ માણસોની જરૂરિયાત અંગે વક્તવ્યો દ્વારા બાળક,શિક્ષણ અને શિક્ષક અંગે સમજ આપવામાં આવી
- તા.૧૮/૬/૦૨ અને તા.૧૯/૬/૦૨ના સંભવિત યુધ્ધ માટે સમાજમાં જાગૃતિ લાવવાના હેતુથી સકુલ બોર્ડના તમામ આચાર્યશ્રીઓને કોપણ પ્રકારના અકસ્માત વખતે આપી શકાય તેવી પ્રાથમિક સારવાર અંગે સમજ આપવામાં આવી.
- તા.૧/૭/૧૨ અને તા.૨/૭/૦૨ દરમિયાન આચાર્યશ્રીઓને ખાસ શાળા આરોગ્ય કાર્યક્રમ અંગે તાલિમ આપવામાં આવી.શાળામાં બાળકોના આરોગ્યની તપાસણી વખતે આચાર્યશ્રીની જવાબદારી અંગે સૂચનાઓ આપવામાં આવી.
- તા.૪/૭/૦૨ના રોજ સ્વામી વિવેકાનંદજીની ૧૦૦ મી પૂણ્યતિથિ નિમિત્તે કેટલીક શાળાઓમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું .
- ભૂકંપને પરિણામે નુકસાન પામેલ કેશવનગર શાળા નં.૧ અને ૨ નું સ્કુલબોર્ડ ,મ્યુ.કોર્પો. અને રાઉન્ડ ટેબલ -૪૦ના સહકારથી પુન;નિર્મિત તા.૯/૭/૦૨ના રોજ ઉદ્દઘાટન કરવામાં આવ્યું.
- તા.૧૦/૭/૦૨ અને તા.૧૧/૭/૦૨ના રોજ સ્વામીનારાયણગુરુકુળ, સોલા-સરખેજ હાઈવે ખાતે સહચિંતન બેઠકમાં સુપરવાઇઝર્સ ઉપરાંત સ્કુલબોર્ડના તમામ અધિકારીઓને શિક્ષણના વર્તમાન પ્રવાહો ધો. ૩ના નવા અભ્યાસક્રમ,નવાં પાઠયપુસ્તકો અને શિક્ષક આવૃત્તિ સંદર્ભે છણાવટ કરવામાં આવી.

- તા.૮/૮/૦૨ના રોજ જૂના વાડજ ખાતે શાળા નં.૩ અને ૪ નો નામકરણવિધિ યોજવામાં આવ્યો.
- શાંત,ભયમુક્ત અને આરોગ્યપ્રદ વાતાવરણમાં શિક્ષણકાર્ય થાય તે હેતુસર સ્કુલ બોર્ડ દ્વારા જરૂરિયાતવાળી શાળાઓ માટે વૈકલ્પિક નવીનીકરણ યોજના હેઠળ વિનોબા ભાવે નગર ગુજરાતી શાળા નં-૧ માં ૧૦ઓરડાનું અને અંબિકાનગરપ્રાથમિક શાળામાં ૪ ઓરડાઓનો ઉદ્‌ઘાટન સમારંભ યોજવામાં આવ્યો.
- તા.૫/૯/૦૨ ના રોજ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડાઁ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિનને "શિક્ષક દિન" તરેકે ઉજવવમાં આવ્યો.
- પંડિત દીનદયાલ ઉપાધ્યાયની જન્મજયંતિ ૨૫ મી સપ્ટેમ્બરના ભાગરૂપે તા.૯/૧૦/૦૨ના રોજ ચાણક્ય વ્યાખ્યાનમાળાનું પ્રથમ પુષ્પ રજૂ કરવામાં આવ્યું.ચાણક્ય દ્વારા અપાયેલ શિક્ષક ગૌરવ વિધાન સાહતેનો ચાણક્યનો ફોટો શિક્ષકોને ભેટ આપવામાં આવ્યા.
- વિકલાંગ બાળકોને સારવાર અને શિક્ષણ વિના મૂલ્યેમળી રહે તે માટે કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું.
- મ્યુ.સ્કુલબોર્ડ હસ્તકની શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા સુધારવાના ભાગરૂપે તા.૨૯/૧૧/૦૨ નારોજ યુરોપિયન કમિશન દ્વારા મુલાકાત અને ચર્ચાવિચારણાનું આયોજન કરવામાં આવ્યું હતું.
- તા.૩૦/૧૧/૦૨ના રોજ વિશ્વએઈડઝ દિન નિમિત્તે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.શાળાના વિદ્યાર્થીઓએ વાલીઓ સાથે રેલી સ્વરૂપે ફરી એઈડઝ બાબતે સાવધાની અને જાગૃતિ કેળવવા સુંદર પ્રયત્ન કર્યો.
- મ્યુનિ.સ્કુલબોર્ડના ઉપક્રમે વિજ્ઞાનમેળા અને બાળમેળાનું આયોજન કરવામાં આવ્યું.
- તા.૨/૨૦૩ના રોજ રાઉન્ડ ટેબલ લેડીઝ સર્કલ-૬૪ દ્વારા કેશવનગર મ્યુનિ.શાળા નં.૧-૨ ના બાળકોના વિકાસ માટે ઉપયોગી એવા રમતગમતના સાધનોના અર્પણવિધિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો.
- મ્યુનિ.શાળાઓના બાળકોનો અભ્યાસ સાથે શારિરીક શક્તિઓનો વિકાસ થાય તે હેતુસર તા.૪/૨/૦૩ના રોજ પ્રથમ શાળાકક્ષાએ ત્યાર બાદ તા.૭/૨/૦૩ તથા તા.૮/૨/૦૩ ના રોજ જુદા જુદા તેર કેન્દ્રોખાતે આંતરશાળા રમતોત્સવ તથા તા.૧૫/૨/૦૩ ના રોજ સ્કાઉટ ભવન,પાલડી ખાતે અંતિમ રમતગમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું.
- અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડની શાળાઓમાં તા.૧૧/૨/૦૩ થી ૨૧/૨/૦૩ દરમ્યાન સાંસ્કૃતિક કાર્યક્રમ અને હરિફાઈઓનું આયોજન કરવામાં આવ્યું.
- બહેરામપુરા મ્યુનિ.શાળા નં.૧૫,૧૭,૧૮,૨૦ અને બહેરામપુરા ઉર્દૂ શાળા નં.૫,૬ ના શાળાસંકુલના મેદાનમાં નવા તૈયાર કરાયેલ ૧૦ ઓરડાના ઉદઘાટન કાર્યક્રમનું આયોજન સ્કુલ બોર્ડ દ્વારા કરવામાં આવ્યું.
- તા.૨૪/૨/૦૩ ના રોજ સ્કુલ બોર્ડ અમદાવાદની ૫૬૧ શાળામાં "વાર્ષિક દિન "ની ઉજવણી અને વાલીસંમેલનનું આયોજન કરવામાં આવ્યું.
- તા.૮/૩/૦૩ના રોજ મ્યુનિ.સ્કૂલ બોર્ડ દ્વારા આંતર રાષ્ટ્રિય મહિલા દિનની ઉજવણે નિમિત્તે વ્યાખ્યાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.
- મ્યુનિસિપલ શાળાના શિક્ષકોને કોમ્પ્યુટર દ્વારા વિષયશિક્ષણની તાલીમ મળે અને તે દ્વારા બાળકોને શિક્ષણમાં આધુનિક ટેકનોલોજીનો લાભ મળે તેવા હેતુથી ૨૬ મ્યુનિસિપલ શાળાઓમાં કોમ્પ્યુટર રિસોર્સ સેન્ટર તૈયાર કરવામાં આવ્યા.આ સેન્ટર પર તા.૧૭/૩/૦૩ થી શરૂ કરી વીસ વેસના જૂથમાં સ્કૂલ નેટ ઇન્ડિયા ના સહયોગથી તબક્કાવાર તાલીમ આપવાનું આયોજન કરવામાં આવ્યુ.

- તા.૨૪/૪/૦૩ના રોજ સ્કૂલ બોર્ડ સંચાલિત મેઘાણીનગરની શાળાના ભૂકંપથી ધરાશયી થયેલ મકાનનો ઓ.એન.જી.સી.ના સહયોગથી અ.મ્યુ.કો. દ્વારા પુનઃનિર્માણ થયા બાદનો લોકાર્પણ સમારંભ યોજવામાં આવ્યો.
- તા.૨૯/૩/૦૩ના રોજ સ્કૂલ બોર્ડ દ્વારા નગર દર્શન યોજના અંતર્ગત મ્યુનિ.શાળાના બાળકો માટે અમદાવાદ શહેર નગર દર્શનનું આયોજન એ.એમ.ટી.એસ. દ્વારા કરવામાં આવ્યુ હતું.
- તા.૮/૪/૦૩ના રોજ સ્કાઉટ ભવન, પાલડી ખાતે સ્કૂલ બોર્ડ દ્વારા સને-૨૦૦૨-૦૩ના વર્ષમાં લેવામાં આવેલ મેરીટ સ્કોલરશીપ પરીક્ષામાં સ્કોલરશીપ મેળવવાપાત્ર વિદ્યાર્થીઓને સ્કોલરશીપ તથા પ્રમાણ પત્ર એનાયત કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો.
- તા.૧૦/૪/૦૩ના રોજ સ્કૂલ બોર્ડની શાળાઓમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર પાંચ શિક્ષકોને મેયર એવોર્ડથી નવાજવાનો કાર્યક્રમ તત્કાલીન મેયરશ્રીના અધ્યક્ષ પદે યોજવામાં આવ્યો.

## સ્કાઉટ-ગાઈડ પ્રવૃતિ :-

સ્કૂલબોર્ડની શાળાઓમાં  જિલ્લા સ્કાઉટ-ગાઇડ સંઘ દ્વારા શાળાઓમાં આ સ્કાઉટ ગાઇડ પ્રવૃતિ સુંદર રીતે ચાલે છે. શાળાના બાળકો યોજાતી સ્પર્ધાઓમાં ભાગ લઇ એવોર્ડ મેળવે છે.અને એ રીતે સ્કુલબોર્ડનું ગૌરવ વધારે છે.

- જામ્બુઆ (મધ્ય પ્રદેશ) ખાતે યોજાયેલ નેશનલ કબ-બુલબુલ ઉત્સવમાં જિલ્લા સંઘના ૧૨-કબ, ૨ કબ માસ્ટર, ૧૨ બુલબુલ, ૨ ફ્લોક લીડરે ભાગ લઇ સુંદર દેખાવ કરી સ્કુલ બોર્ડ અને ગુજરાતનું નામ રોશન કરેલ છે.
- અહેવાલી વર્ષમાં રાજય રેલી અનાવલ (સુરત) મુકામે યોજવામાં આવી જેમાં જિલ્લા સંઘના ૧૬-સ્કાઉટ, ૧૬-ગાઇડ તથા ૬-સ્કાઉટર ગાઇડર શિક્ષકોએ ભાગલીધેલ.  પાંચ સ્પર્ધામાંથી ત્રણ સ્પર્ધામાં વિજય થઇ સ્કૂલ બોર્ડનુ નામ રોશન કર્યુ.
- અહેવાલી વર્ષમાં રાજ્ય સરકાર ટેસ્ટીગ કેમ્પ, રાજ્ય સંઘ દ્વારા યોજવામાં આવેલ જેમાં સ્કૂલ બોર્ડનાં ૩૩ બાળકોએ ટેસ્ટ આપી હતી જેમાંથી ૨૫ સ્કોઉટ ગાઇડ બાળકોએ સફળતા મેળવી પ્રમાણ પત્ર મેળવેલ છે.
- એડવાન્સ તાલીમ કેમ્પમાં ૬-સ્કાઉટર તથા ૬-ગાઇડરે એડવાન્સ તાલીમ સફળતા પૂર્વક પ્રાપ્ત કરેલ છે.
- તા.૨૬/૧/૨૦૦૨ ના રોજ પ્રજાસત્તાકદિનની ઉજવણીમાં સ્કાઉટ ગાઇડ બાળકો, શિક્ષકો તથા સ્કાઉટીગની બેન્ડ ટુકડીએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.
- મ્યુનિ.સ્કૂલ બોર્ડની ૧૯ શાળાઓમાં ઝોન વાર બેન્ડ વર્ગો ચાલે છે. આ બેન્ડ વર્ગોમાં સપ્તાહમાં બે કલાક શાળા સમય બાદ સ્કાઉટીગની પ્રવૃત્તિ ચલાવતા શિક્ષકો દ્વારા બેન્ડની તાલીમ બાળકોને અપાય છે.

## પત્રક ૯.૧.૧
## શાળાઓ,શિક્ષકો અને વિદ્યાર્થીઓની છેલ્લા પાંચ વર્ષની માહિતી દર્શાવતુ પત્રક

| અ.નં. | વર્ષ | શાળા | શિક્ષકો | વિદ્યાર્થીઓ | વિદ્યાર્થીઓનું સરેરાશ પ્રમાણ | |
|---|---|---|---|---|---|---|
| | | | | | શાળા દીઠ | શિક્ષક દીઠ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | ૧૯૯૮-૯૯ | ૫૬૭ | ૫૩૪૨ | ૨૨૬૧૮૭ | ૩૯૯ | ૪૨.૩ |
| ૨. | ૧૯૯૯-૦૦ | ૫૬૭ | ૫૪૭૨ | ૨૨૪૫૬૪ | ૩૯૬ | ૪૧.૦ |
| ૩. | ૨૦૦૦-૦૧ | ૫૬૩ | ૫૬૭૪ | ૨૨૩૭૩૭ | ૩૯૭ | ૩૯.૪ |
| ૪. | ૨૦૦૧-૦૨ | ૫૬૩ | ૫૧૨૪ | ૨૧૯૭૩૩ | ૩૯૦ | ૪૨.૯ |
| ૫. | ૨૦૦૨-૦૩ | ૫૬૧ | ૫૨૨૬ | ૨૨૪૮૪૪ | ૪૦૧ | ૪૩.૦ |

## પત્રક ૯.૧.૨
## માધ્યમવાર શાળાઓ,વર્ગો,શિક્ષકો અને વિદ્યાર્થીઓ

| અ.નં. | માધ્યમ | શાળાઓ | વર્ગો | શિક્ષકો | વિદ્યાર્થીઓ | સરેરાશ વિદ્યાર્થીઓ | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | વર્ગ દીઠ | શિક્ષક દીઠ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧. | ગુજરાતી | ૩૪૬ | ૩૩૧૫ | ૩૪૬૬ | ૧૫૪૩૪૨ | ૪૬.૫૫ | ૪૪.૫૩ |
| ૨. | ઉર્દૂ | ૯૦ | ૬૫૮ | ૬૮૬ | ૩૦૭૭૫ | ૪૬.૭૭ | ૪૪.૮૬ |
| ૩. | હિન્દી | ૭૪ | ૬૯૫ | ૭૪૭ | ૩૦૭૦૦ | ૪૪.૧૧ | ૪૧.૦૯ |
| ૪. | મરાઠી | ૨૫ | ૧૩૮ | ૧૪૨ | ૪૯૨૪ | ૩૫.૬૮ | ૩૪.૬૭ |
| ૫. | સિંધી | ૧૪ | ૬૫ | ૧૨૪ | ૧૯૭૦ | ૩૦.૩૦ | ૧૫.૮૮ |
| ૬. | તામીલ | ૭ | ૪૩ | ૪૨ | ૧૫૮૬ | ૩૬.૮૮ | ૩૭.૭૬ |
| ૭. | તેલુગુ | ૨ | ૬ | ૯ | ૧૦૯ | ૧૮.૧૬ | ૧૨.૧૧ |
| ૮. | મલયાલમ | ૧ | ૪ | ૪ | ૬૦ | ૧૫.૦૦ | ૧૫.૦૦ |
| ૯. | અંગ્રેજી | ૨ | ૧૦ | ૬ | ૩૭૮ | ૩૭.૮૦ | ૬૩.૦૦ |
| | કુલ | ૫૬૧ | ૪૯૩૪ | ૫૨૨૬ | ૨૨૪૮૪૪ | ૪૫.૫૭ | ૪૩.૦૨ |

**પત્રક ૯.૧.૩**
**ઘરખાનગી અભ્યાસ પરીક્ષાની આંકડાકીય માહિતી**

| અ.નં. | માધ્યમ | ધો.૧ | | ધો.૨ | | ધો.૩ | | ધો.૪ | | ધો.૫ | | ધો.૬ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | બેઠા | પાસ | બેઠા | પાસ | બેઠા | પાસ | બેઠા | પાસ | બેઠા | પાસ | બેઠા | પાસ | બેઠા | પાસ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
| ૧. | ગુજરાતી | ૮૮ | ૭૮ | ૧૬ | ૧૧ | ૧૩ | ૯ | ૨૫ | ૧૯ | ૧૪ | ૧૦ | ૪ | ૩ | ૧૬૦ | ૧૩૦ |
| ૨. | હિન્દી | ૧૪ | ૧૪ | ૧૦ | ૧૦ | ૧૫ | ૧૫ | ૧૩ | ૧૩ | ૭ | ૬ | ૧૨ | ૧૨ | ૭૧ | ૭૦ |
| ૩. | ઉર્દૂ | - | - | ૪ | ૪ | ૩ | ૩ | ૯ | ૯ | ૪ | ૪ | ૧૨ | ૧૨ | ૩૨ | ૩૨ |
| ૪. | અન્ય | ૦૩ | ૦૩ | ૪ | ૪ | ૫ | ૫ | ૬ | ૬ | ૧ | ૧ | ૫ | ૫ | ૨૪ | ૨૪ |
| ૫. | કુલ | ૧૦૫ | ૯૫ | ૩૪ | ૨૯ | ૩૬ | ૩૨ | ૫૩ | ૪૭ | ૨૬ | ૨૧ | ૩૩ | ૩૨ | ૨૭૮ | ૨૫૬ |
| ૬. | પરિણામ ટકામાં | ૯૦.૪૮ | | ૮૫.૩૦ | | ૮૮.૮૮ | | ૮૮.૬૮ | | ૮૦.૭૬ | | ૯૬.૯૬ | | ૯૨.૦૮ | |

**પત્રક ૯.૧.૪**
**બે ધોરણની પરીક્ષાની આંકડાકીય માહિતી**

| અ.નં. | માધ્યમ | ધો.૧ | | ધો.૨ | | ધો.૩ | | ધો.૪ | | ધો.૫ | | ધો.૬ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | બેઠા | પાસ | બેઠા | પાસ | બેઠા | પાસ | બેઠા | પાસ | બેઠા | પાસ | બેઠા | પાસ | બેઠા | પાસ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
| ૧. | ગુજરાતી | ૪૪ | ૩૮ | ૨૨ | ૨૦ | ૯ | ૮ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૯ | ૧૧ | ૧૧૮ | ૧૦૧ |
| ૨. | હિન્દી | ૧૧૦ | ૧૦૨ | ૩૬ | ૩૫ | ૩૮ | ૩૪ | ૨૨ | ૧૮ | ૯ | ૯ | ૧૯ | ૧૯ | ૨૩૪ | ૨૧૭ |
| ૩. | ઉર્દૂ | ૧૨૯ | ૧૨૪ | ૨૨ | ૨૨ | ૩૭ | ૩૫ | ૯ | ૮ | ૯ | ૭ | ૧૩ | ૧૧ | ૨૧૯ | ૨૦૭ |
| ૪. | અન્ય | ૧૫ | ૧૪ | ૪ | ૪ | ૩ | ૩ | ૪ | ૪ | - | - | ૩ | ૩ | ૨૯ | ૨૮ |
| ૫. | કુલ | ૨૯૮ | ૨૭૮ | ૮૪ | ૮૧ | ૮૭ | ૮૦ | ૪૭ | ૪૨ | ૩૦ | ૨૮ | ૫૪ | ૪૪ | ૬૦૦ | ૫૫૩ |
| ૬. | પરિણામ ટકામાં | ૯૨.૨૮ | | ૯૬.૪૩ | | ૯૧.૯૫ | | ૮૯.૩૬ | | ૯૩.૩૩ | | ૮૧.૪૮ | | ૯૨.૧૬ | |

## પત્રક ૯.૧.૫
## શાળાદીઠ / વિદ્યાર્થીદીઠ સરેરાશ વાર્ષિક ખર્ચની માહિતી દર્શાવતુ પત્રક

| અ.નં. | વર્ષ | શાળાની સંખ્યા | વિદ્યાર્થીની સંખ્યા | કુલ ખર્ચ રૂ.લાખમાં | સરેરાશ ખર્ચ (રૂા.) | |
|---|---|---|---|---|---|---|
| | | | | | શાળા દીઠ | વિદ્યાર્થીદીઠ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | ૧૯૯૮-૯૯ | ૫૬૭ | ૨૨૬૧૮૭ | ૭૪૫૦.૦૧ | ૧૩૧૩૯.૦૧ | ૩૨૯૬ |
| ૨. | ૧૯૯૯-૦૦ | ૫૬૭ | ૨૨૪૫૬૪ | ૯૦૬૧.૭૪ | ૧૫૯૮૧૯૦ | ૪૦૩૫ |
| ૩. | ૨૦૦૦-૦૧ | ૫૬૩ | ૨૨૩૭૩૭ | ૧૦૭૪૧.૧૩ | ૧૯૦૭૮૩૮ | ૪૮૦૦ |
| ૪. | ૨૦૦૧-૦૨ | ૫૬૩ | ૨૧૯૭૩૩ | ૧૨૯૭૦.૦૦ | ૨૩૦૩૭૩૦ | ૫૯૦૩ |
| ૫. | ૨૦૦૨-૦૩ | ૫૬૧ | ૨૨૪૮૪૪ | ૧૧૧૭૨.૦૦ | ૧૯૯૧૪૪૪ | ૪૯૬૮ |

## પત્રક ૯.૧.૬
## પ્રાથમિક શાળાઓ અંગે થયેલ કુલ ખર્ચ અને મળેલ અનુદાનની માહિતી દર્શાવતુ પત્રક

| અ.નં. | વર્ષ | શાળાઓની સંખ્યા | કુલ ખર્ચ રૂ. લાખમાં | મળેલ અનુદાન | ખર્ચ સામે અનુદાનની ટકાવારી |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | ૧૯૯૮-૯૯ | ૫૬૭ | ૭૪૫૦.૦૧ | ૫૦૫૫.૦૦ | ૬૭.૮ |
| ૨. | ૧૯૯૯-૦૦ | ૫૬૭ | ૯૦૬૧.૭૪ | ૬૮૨૦.૦૦ | ૭૫.૨ |
| ૩. | ૨૦૦૦-૦૧ | ૫૬૩ | ૧૦૭૪૧.૧૩ | ૮૩૮૦.૦૦ | ૭૮.૨ |
| ૪. | ૨૦૦૧-૦૨ | ૫૬૩ | ૧૨૯૭૦.૦૦ | ૭૯૬૦.૦૦ | ૬૧.૪ |
| ૫. | ૨૦૦૨-૦૩ | ૫૬૧ | ૧૧૧૭૨.૦૦ | ૮૦૭૫.૦૦ | ૭૨.૩ |

# ૯.૨ માધ્યમિક શાળાઓ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અમદાવાદ શહેરમાં પાંચ માધ્યમિક શાળાઓ ચલાવે છે.

(૧) મ્યુનિ.ગર્લ્સ હાઈસ્કુલ-દાણાપીઠ,ગોળ લીમડા

(૨) અસારવા મ્યુનિ.ગુજરાતી માધ્યમિક શાળા-અસારવા મહાપ્રભુજીની બેઠક પાસે,અસારવા

(૩) મણીનગર મ્યુનિ.ગુજરાતી માધ્યમિક શાળા-એલ.જી.કોર્નર પાસે,મણીનગર

(૪) રખિયાલ મ્યુનિ.ઉર્દૂ માધ્યમિક શાળા-રખિયાલ ચાર રસ્તા.રખિયાલ

(૫) બાપુનગર મ્યુનિ.હિન્દી માધ્યમિક શાળા-રખિયાલ ગામ મ્યુ.શાળા નં.૨,અમદાવાદ

ઉપરોક્ત પાંચ માધ્યમિક શાળાઓમાં શહેરની મધ્યમાં કન્યાઓ માટે મ્યુનિ. ગર્લ્સ હાઈસ્કૂલ સને ૧૯૩૦થી ચલાવવામાં આવે છે. અહી ધો.૮ થી ૧૨ સુધીના વર્ગો ચલાવવામાં આવે છે. જયારે અન્ય ૪ માધ્યમિક શાળાઓ અને ૧૯૮૫થી શરૂ કરવામાં આવેલ છે. આ શાળાઓમાં કુમાર અને કન્યાઓ સંયુકત અભ્યાસ કરે છે. જેમાં ધો. ૮ થી ૧૦ સુધીના વર્ગોમાં શિક્ષણ આપવામાં આવે છે. આ શાળાઓમાં સારી લાયકાત ધરાવતા શિક્ષકો દ્વારા ઉત્તમ શિક્ષણ આપવામાં આવે છે.શિક્ષણ ઉપરાંત શિક્ષણને લગતી ઇતર પ્રવૃતિઓનું આયોજન પણ કરવામાં આવે છે. વર્ષની શરૂઆતથી દરેક શાળાઓમાં શિક્ષણ અંગેનું વ્યવસ્થિત આયોજન કરી શાળાઓમાં વિધાર્થીઓને પ્રોત્સાહીત કરી શાળાઓમાં મતદાન પધ્ધતિ દ્વારા વર્ગ પ્રતિનિધીઓની ચૂંટણી અલગ અલગ પ્રતિક દ્વારા કરવામાં આવે છે.

અહેવાલી વર્ષમાં દરમ્યાન શાળાઓમાં વિધાર્થીઓમાં રહેતી સુષુપ્ત શકિતઓને જાગૃત કરવા માટે વિવિધ હરિફાઇઓ યોજવામાં આવી હતી. જેવી કે ગીત સ્પર્ધા, વર્ગ સુશોભન હરીફાઇ, એકપાત્રી અભિનય, જ્ઞાનગોષ્ટિ હરિફાઇ લોકગીત,ભજન,દેશભક્તિના ગીતો,જોક્સ.આ સ્પર્ધાઓમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર આપીને ઈનામ તથા પ્રશંસાપત્રો એનાયત કરવામાં આવ્યા છે. ઉપરાંત શાળાઓમાં હિન્દી, ગણિત, બૃહદ, ગુજરાત સંસ્કૃત પરિષદ તરફથી યોજાતી પરીક્ષાઓ,જ્ઞાનકૌશલ્ય,રાષ્ટ્રભાષા વિ.પરિક્ષાઓમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી ભાગ લેવડાવવામાં આવે છે.આ શાળાઓમાં વેસ્ટ માંથી બેસ્ટ બનાવવાના કાર્યક્રમોમાં કાગળમાંથી જુદા જુદા ફૂલો બનાવવા, મોતીકામ અને ભરતકામના વિવિધ નમૂનાઓ તથા દિવાસળી, દૂધની પ્લાસ્ટીકની થેલી, બિલ્લાઓ, થર્મોકોલ, દવાની નાની બોટલો, આઈસ્ક્રીમની લાકડાની ચમચીઓ, સ્ટ્રો વિગેરેમાંથી જુદા જુદા નમુનાઓ તથા વોલપીસો તૈયાર કરવામાં આવે છે.શાળાઓમાં ગૌરીવ્રત નિમિત્તે મહેંદી હરિફાઈ, કેશગુંથણ હરિફાઈ તેમજ વેશભૂષા હરિફાઇનું આયોજન કરવામાં આવે છે. ઉપરાંત નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, સુલેખન સ્પર્ધાનું નું પણ આયોજન કરવામાં આવે છે.

અહેવાલી વર્ષમાં ૧૫મી ઓગષ્ટના રોજ ધ્વજવંદનના કાર્યક્રમમાં શાળાઓના વિધાર્થીઓ તથા શિક્ષકો એ ભાગ લીધો હતો. દરેક શાળાઓમાં દર વર્ષે શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્વે છે.શાળામાં ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મ દિવસ ૫-મી સપ્ટેમ્બરે શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે છે.તે દિવસે સ્વયં શિક્ષણદિનની ઉજવણી કરવામાં આવી હતી.શાળામાં રક્ષાબંધન-ગુરૂપૂર્ણિમાના જેવા તહેવારોની પણ ઉજવણી કરવામાં આવી હતી.તેમજ દરેક શાળાઓમાં ધોરણ ૧૦માં સારા ટકા મેળવી પાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓનું બહુમાન કરી પારીતોષીક તથા ઇનામ વિતરણ કરવામાં આવ્યું હતું.વિદ્યાર્થીઓ અને શિક્ષકોના સહીયારા પ્રયાસથી વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પાંચ શાળાઓના સામૂહિક વાર્ષિક રમતોત્સવ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ ગોઠવી તેમાં વિજેતાઓને અનુક્રમે પ્રથમ,દ્વિતિય,તૃતીય ક્રમે આવનારને ઇનામ વિતરણ અને પ્રશંસાપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

અહેવાલી વર્ષમાં આ પાંચ માધ્યમિક શાળાઓમાં વિધાર્થીઓ, વર્ગો અને શિક્ષકોની મા હિતી દર્શાવતું પત્રક ૯.૨.૧ તથા ધોરણ મુજબ વિધાર્થીઓની સંખ્યા અને પરિણામ દર્શાવતું પત્રક ૯.૨.૨ સામેલ છે.

## પત્રક ૯.૨.૧
## પાંચ માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓ, વર્ગો, શિક્ષકોની સંખ્યા દર્શાવતું પત્રક

| અ.નં. | શાળાનું નામ | વિદ્યાર્થીઓ | વર્ગો | શિક્ષકો | વર્ગદીઠ સરેરાશ વિદ્યાર્થીઓ | શિક્ષકદીઠ સરેરાશ વિદ્યાર્થીઓ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | મ્યુ.ગર્લ્સ હાઈસ્કુલ | ૨૫૪ | ૮ | ૧૧ | ૩૧.૭૫ | ૨૩.૦૯ |
| ૨. | અસારવા મ્યુ.ગુજરાતી માધ્યમિક શાળા | ૫૦૯ | ૧૧ | ૧૫ | ૪૬.૨૭ | ૩૩.૯૩ |
| ૩. | રખિયાલ મ્યુ.ઉર્દૂ માધ્યમિક શાળા | ૬૭૬ | ૧૧ | ૧૩ | ૬૧.૪૫ | ૫૨.૦૦ |
| ૪. | બાપુનગર મ્યુ. હિન્દી માધ્યમિક શાળા | ૨૫૨ | ૬ | ૯ | ૪૨.૦૦ | ૨૮.૦૦ |
| ૫. | મણિનગર મ્યુ.ગુજરાતી માધ્યમિક શાળા | ૧૩૩ | ૩ | ૩ | ૪૪.૩૩ | ૪૪.૩૩ |

## પત્રક ૯.૨.૨
## મ્યુ.માધ્યમિક શાળાઓમાં ધોરણ મુજબ સંખ્યા અને પરિણામની વિગત દર્શાવતું પત્રક
(સને ૨૦૦૨-૨૦૦૩)

| અ.નં. | શાળાનું નામ | ધોરણ-૮ | ધોરણ-૯ | ધોરણ-૧૦ |
|---|---|---|---|---|
| ૧. | **અસારવા મ્યુ. ગુજરાતી માધ્યમિક શાળા** | | | |
| | પરિક્ષામાં બેસેલ વિદ્યાર્થીઓની સંખ્યા | ૨૩૨ | ૧૫૧ | ૧૦૯ |
| | પાસ થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા | ૧૮૧ | ૧૦૧ | ૬ |
| | પાસ થયેલ વિદ્યાર્થીઓની ટકાવારી | ૭૮ | ૬૭ | ૬ |
| ૨. | **રખિયાલ મ્યુ. ઉર્દૂ માધ્યમિક શાળા** | | | |
| | પરિક્ષામાં બેસેલ વિદ્યાર્થીઓની સંખ્યા | ૨૭૮ | ૨૧૭ | ૧૮૧ |
| | પાસ થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા | ૧૮૦ | ૧૨૩ | ૧૬૩ |
| | પાસ થયેલ વિદ્યાર્થીઓની ટકાવારી | ૬૮ | ૫૭ | ૯૦ |
| ૩. | **મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કુલ** | | | |
| | પરિક્ષામાં બેસેલ વિદ્યાર્થીઓની સંખ્યા | ૭૧ | ૭૧ | ૫૭ |
| | પાસ થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા | ૭૧ | ૬૯ | ૧૪ |
| | પાસ થયેલ વિદ્યાર્થીઓની ટકાવારી | ૧૦૦ | ૯૮ | ૨૪ |
| ૪. | **બાપુનગર મ્યુ.હિન્દી માધ્યમિક શાળા** | | | |
| | પરિક્ષામાં બેસેલ વિદ્યાર્થીઓની સંખ્યા | ૮૩ | ૭૩ | ૬૧ |
| | પાસ થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા | ૮૨ | ૭૩ | ૨૬ |
| | પાસ થયેલ વિદ્યાર્થીઓની ટકાવારી | ૯૯ | ૧૦૦ | ૪૩ |
| ૫. | **મણિનગર મ્યુ.ગુજરાતી માધ્યમિક શાળા** | | | |
| | પરિક્ષામાં બેસેલ વિદ્યાર્થીઓની સંખ્યા | ૫૨ | ૪૨ | ૩૯ |
| | પાસ થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા | ૪૪ | ૩૮ | ૬ |
| | પાસ થયેલ વિદ્યાર્થીઓની ટકાવારી | ૮૫ | ૯૦ | ૧૫ |

## ૯.૩ મ્યુનિસિપલ મેડીકલ કોલેજ

સને ૧૯૬૩ થી શરૂ થયેલ  આ મેડીકલ કોલેજ અમદાવાદ શહેરમાં છેલ્લા ૩૯ વર્ષથી કાર્યરત છે.અહીં મેડીકલ કોલેજમાં સ્નાતક તથા અનુસ્નાતક તબીબી શિક્ષણ આપવામાં આવે છે.આ કોલેજ ગુજરાત રાજ્યની નામાંકીત કોલેજ છે.આ કોલેજને ૧૦૦ તબીબી સીટોની માન્યતા મળેલ હતી.પરંતુ સને ૨૦૦૦ના વર્ષમાં વધુ ૫૦ સીટોનો વધારો કરી કુલ ૧૫૦ તબીબી સીટો રાખવામાં આવેલ છે.મ્યુનિસિપલ મેડીકલ કોલેજને ગુજરાત યુનીવર્સિટી તેમજ મેડીકલ કાઉન્સીલ ઓફ ઇન્ડીયાની માન્યતા મળેલ છે.સને ૨૦૦૨-૦૩ના આખરે કોલેજમાં વિદ્યાર્થીઓની સંખ્યા પ્રથમ ટર્મમાં ૬૦૮ અને બીજા ટર્મમાં ૬૩૨ હતી. જુન-૨૦૦૨ થી શરૂ થયેલ સત્રમાં ૧૪૮ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ હતો. જેમાં પેમેન્ટ સીટ અને એન.આર.આઇ.સીટોનો સમાવેશ હતો.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત વી.એસ.હોસ્પિટલ,શ્રીમતી શા.ચી.લા.જનરલ હોસ્પિટલ,શેઠ લ.ગો.હોસ્પિટલ તેમજ શ્રીચી.હ.નગરી આંખની હોસ્પિટલ મેડીકલ કોલેજ સાથે સંલગ્ન છે.આ કોલેજમાં અભ્યાસ કરતા વિધાર્થીઓને ક્લીનીકલ શિક્ષણ માટે આ હોસ્પિટલોમાં મોકલવામાં આવેછે. અહેવાલી વર્ષમાં અત્રેની  કોલેજના વિધાર્થીઓએ ઓગષ્ટ ૨૦૦૨અને ફેબ્રુઆરી ૨૦૦૩માં આપેલ પરીક્ષાનું પરીણામ પત્રક૯.૩.૧માં દર્શાવેલ છે.

**<u>એનેટોમી ડીપાર્ટમેન્ટ :-</u>**

એમ.બી.બી.એસ.ના વિદ્યાર્થીઓનું  એનેટોમીનું શિક્ષણ કાર્ય આ વિભાગમાં ચાલે છે. તેમજ એનેટોમી એમ.એસ.વર્ગો પણ આ વિભાગમાં લેવાય છે. અહીંના સુવ્યવસ્થિત મ્યુઝીયમની મુલાકાતે આવતા વિવિધ શાળાઓના વિધાર્થીઓને મુલાકાત જાણકારી આપવા અંગેની કામગીરી આ ડીપાર્ટમેન્ટ દ્વારા થાય છે.આ ડીપાર્ટમેન્ટ શૈક્ષણિક કાર્ય માટે દેહદાન પણ સ્વીકારે છે.અહેવાલી વર્ષમાં આ વિભાગને ૨૦ દેહદાન મળ્યા હતા.

**<u>ફિઝીઓલોજી-બાયોકેમીસ્ટ્રી વિભાગ :-</u>**

આ બન્ને વિભાગો સંયુક્ત રીતે કામ કરે છે.પ્રથમ એમ.બી.બી.એસ.ના વિધાર્થીઓને આ વિષયોનું શિક્ષણ આ વિભાગમાં આપવામાં આવે છે.આ ઉપરાંત પોસ્ટ ગ્રેજ્યુએટના વર્ગો આ વિભાગમાં ચાલે છે.અહીં ફીઝીયોથેરાપી કોલેજના ૩૦ વિદ્યાર્થીઓ તાલીમ લે છે.

**<u>પેથોલોજી ડીપાર્ટમેન્ટ :-</u>**

આ વિભાગમાં દર્દીઓનાં  લોહીની તથા સઘળી જાતના લેબોરેટરી તપાસનું કાર્ય થાય છે. ઉપરાંત એમ.બી.બી.એસ., પોસ્ટ ગ્રેજ્યુએટ (એમ.ડી.અને ડી.સી.પી.)ની ડીગ્રી તેમજ લેબોરેટરી ટેકનોલોજીનો કોર્સ (એમ.એલ.ટી.) ના વિદ્યાર્થીઓને પણ શિક્ષણ આપવામાં આવે છે. રીસર્ચ પેપર પ્રગટ કરવાનું અને ડેમોસ્ટ્રેશન તૈયાર કરવાનું કાર્ય વિભાગીય વડાઓનાં માર્ગદર્શન નીચે કરવામાં આવે છે.જેની વિગત નીચે મુજબ છે.

(૧)રીનલ બાયોપ્સીનો અભ્યાસ

(૨)રક્તદાતાના લોહીમાં એચ.આઇ.વી.(એઇડસ)ના વાયરસની હાજરીનો અભ્યાસ

(૩)થાઇરોઇડ અને સ્તનની સોય મારફતે લીધેલ બાયોપ્સી (એમ.એસ.સી.તપાસ)

(૪)કરોડરજ્જુની ગાંઠનો અભ્યાસ

(૫)જઠરના આંતરડા સુધીમાં ગાંઠો અને તેના જેવા પદાર્થોનો અભ્યાસ

અહેવાલી વર્ષ દરમ્યાન જુદીજુદી જાતના કુલ ૬,૫૭,૦૭૫ટેસ્ટ કરવામાં આવેલ હતા અને વર્ષ દરમ્યાન આ વિભાગને ૧૧,૯૮૨ બ્લડ ડોનરો તરફથી રક્તદાન મળેલું હતું.

**માઈક્રોબાયોલોજી ડીપાર્ટમેન્ટ :-**

આ વિભાગ દ્વારા અહેવાલી વર્ષમાં નીચે જણાવેલ વિગત મુજબના નમૂના ટેસ્ટ કરવામાં આવેલ હતા.

| | | |
|---|---|---|
| ૧ | હયુમન ઇમ્યુનો ડેફીશ્યન્સી વાયરસ(એચ.આઇ.વી.ટેસ્ટ) | ૧૦૯૭૧ |
| ૨ | હીપેટાઇટીસ બી સરફેસ એન્ટીજન(એચ.બી.એસ.) | ૧૫૪૦૯ |
| ૩ | વેનરલ ડીસીઝ રીચર્સ લેબોરેટરી ટેસ(વી.ડી,આર.એલ.) | ૮૧૭ |
| ૪ | એ.એસ.ઓ.ટેસ્ટ | ૨૭૬ |
| ૫ | સી.રીએક્ટીવ પ્રોટીન | ૫૨૦ |
| ૬ | વીડાલ ટેસ્ટ | ૨૧૮૬ |
| ૭ | રૂમે ટોઇટ આર થ્રાઇટીસ(આર.એ.) | ૬૨૪ |
| ૮ | યુરીન પ્રેગનન્સી ટેસ્ટ | ૩૬૯ |
| ૯ | સ્ટુલ ટેસ્ટ | ૧૫૭૧ |

**બેક્ટેરીયોલોજીકલ ટેસ્ટ-**

આ વિભાગમાં નીચે મુજબ ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

| | | |
|---|---|---|
| ૧ | સ્વાબ કલ્ચર | ૪૩૨૮ |
| ૨ | સ્ટુલ કલ્ચર | ૧૦૯ |
| ૩ | થ્રોટ સ્વાબ અને ડિપ્થેરીયા | ૨૧૮ |
| ૪ | સ્પુટમ(ગળફા કલ્ચર) | ૩૮૬ |
| ૫ | સ્પુટમ(એ.એફ.બી.અને ગ્રામસ્ટેઇન) | ૧૪૨૫ |
| ૬ | બ્લડ કલ્ચર | ૧૦૯ |
| ૭ | કોલેરા | ૧૩૦ |
| ૮ | સી.આર.એફ. | ૪૯૮ |
| ૯ | યુરીન કલ્ચર | ૩૭૮૦ |
| ૧૦ | ગેસ ગ્રેન્ગીન | ૮૩ |
| ૧૧ | બીજા સેમ્પલના ગ્રામ સ્ટેઇન અને એ.એફ.પી.સ | ૫૯૪૩ |
| ૧૨ | ફુગના સેમ્પલ(કે.ઓ.એચના ટેસ્ટ) | ૨૩૦ |
| ૧૩ | ફુગના કલ્ચર | ૨૩૦ |

શહેરમાં જ્યારે કોઇપણ રોગચાળો ફેલાય ત્યારે તેની બેક્ટેરીયોલોજીકલ તપાસ આ વિભાગમાં થાય છે. દા.ત. મેનેન્જાઇટીસ ,ટાઇફોઇડ,કોલેરા,પ્લેગ વિ.ઉપરાંત એમ.એલ.ટી.ના વિદ્યાર્થીઓનું શિક્ષણકાર્ય તથા પરીક્ષાનું કામ આ વિભાગમાં થાય છે. ઉપરાંત નીચે મુજબના સંશોધનકાર્ય પણ થાય છે.

(૧) ચામડીના રોગોની તપાસ

(૨) એઇડઝના પેશન્ટની બધીજ તપાસ

(૩) ટોક્ષોપ્લાઝમાં એન્ટીબોડીની તપાસ

(૪) ફુગની તપાસ

(૫) ઝાડા-ઉલ્ટીના કારણોની તપાસ

**ફાર્મેકોલોજી વિભાગ :-**

મેડીકલ કોલેજના આ વિભાગમાં દ્વિતિય વર્ષના એમ.બી.બી.એસ. અને અનુસ્નાતક (એમ.ડી.) કક્ષાના વિદ્યાર્થીઓને ઔષધશાસ્ત્રનું શિક્ષણ આપવામાં આવે છે. આ વિભાગમાં એક વિદ્યાર્થી સને ૨૦૦૨-૨૦૦૩ દરમ્યાન લેવાયેલ ગુજરાત યુનિવર્સિટીની એમ.ડી.ની પરિક્ષામાં બેઠા હતા.અને તે ઉત્તિર્ણ થયેલ હતો.જાન્યુઆરી-૨૦૦૩માં મહેસાણા ખાતે યોજાયેલ રાજય કક્ષાના અધિવેશનમાં આ વિભાગ દ્વારા એક સંશોધનપત્ર રજુ કરવામાં આવેલ.ઉપરાંત કોલેજના મેડીકલ એજ્યુકેશન યુનીટનું સંચાલન ડીનશ્રીના માર્ગદર્શન હેઠળ આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.

૧. પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષ એમ.બી.બી.એસ.ના નવા વિદ્યાર્થીઓને શૈક્ષણિક માર્ગદર્શન અંગેનો ઓરીએન્ટેશન કાર્યક્રમ

૨. દ્વિતિય વર્ષના એમ.બી.બી.એસ.માં પ્રવેશ પામેલ વિદ્યાર્થીઓ માટે Problem solving for better health માટેની કાર્યશાળા કોલેજના કોમ્યુનીટી મેડીસીન વિભાગ અનેહેલ્થ એકશન બાય પીપલ ત્રિવેન્દ્રમના સહયોગથી તા.૨,૩ અને૪સપ્ટે.-૨૦૦૨ના રોજયોજાઇ ગયો.જેમાં ગયા વર્ષે શરૂ થયેલ ૨૩ પ્રોજેક્ટ સંપૂર્ણ થયા અને તેની રજૂઆત વિદ્યાર્થીઓ દ્વારા થઇ.નવા વિદ્યાર્થીઓ દ્વારા નવા પ્રોજેક્ટની પસંદગી થઇ જે આવતા વર્ષે સંપૂર્ણ થશે.

૩. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન અને ભારત સરકારના સ્વાસ્થ્ય મંત્રાલયના સૌજન્યથી Health care of Elderly people અંગે કાર્યશાળા તા.૨૫ થી ૨૮ ફેબ્રુઆરી૨૦૦૩ના રોજ યોજાઇ હતી.જેમાં અ.મ્યુ.કો.ના હોસ્પિટલ અને દવાખાનાઓના ૬૯ ડોક્ટરોએ ભાગ લીધેલ હતો.

૪. કોલેજ તેમજ હોસ્પિટલના તબીબી શિક્ષકોને માટે ચાર દિવસના પ્રિન્સીપલ્સ એન્ડ પ્રેકટીસ ઓફ એજ્યુકેશન ટેકનોલોજી ઇન મેડીકલ એજ્યુકેશન અંગેની કાર્યશાળા તા.૮થી ૧૧ ઓક્ટોબર દરમ્યાન યોજાઇ જેમાં ૩૦ શિક્ષકોએ ભાગ લીધો.

**ફોરેન્સીક મેડીસીન ડીપાર્ટમેન્ટ-**

સેકન્ડ એમ.બી.બી.એસ.અને એમ.ડી.(ફોરેન્સીક મેડીસીન)ના વિદ્યાર્થીઓને તે અંગેનું શિક્ષણ આપવાનું કાર્ય આ વિભાગ દ્વારા થાય છે.તે ઉપરાંત પોસ્ટ મોર્ટમ તપાસ જેવી અગત્યની કામગીરી આ વિભાગ સંભાળે છે.અહેવાલી વર્ષમાં પોસ્ટ મોર્ટમના કુલ ૯૦૦કેસો આવેલા હતા.ઉપરાંત નિષ્ણાત અભિપ્રાય માટેના કેસો તેમજ ઇન્સ્યોરન્સ કંપની તરફથી પણ કેસો મોકલવામાં આવેલ હતા.

**પ્રિવેન્ટીવ એન્ડ સોસીયલ મેડીસીન-**

આ વિભાગમાં સ્નાતક,અનુસ્નાતક,અને એમ.ડી.(પી.એસ.એમ.)ના અભ્યાસક્રમ ચલાવવામાં આવ છે.એમ.બી.બી.એસ.નો અભ્યાસ પૂર્ણ થયા બાદ ત્રણ માસ માટે સામુદાયીક સ્વાસ્થ્ય રૂરલ તેમજ અર્બન વિસ્તારમાં ટ્રેનીગ આપવામાં આવે છે.ભારત સરકાર તરફથી ફરજીયાત બનાવેલ રીઓરીએન્ટેશન ઓફ મેડીકલ એજ્યુકેશન યોજનાનું સંચાલન કરી તબીબી તેમજ નર્સીગ વિદ્યાર્થીઓને શિક્ષણ અને ક્ષેત્રીય તાલીમ આપવામાં આવે છે.

ભારત સરકારના પલ્સ પોલીયો ઈમ્યુનાઈઝેશન અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન પ્રોગ્રામમાં તબીબી વિદ્યાર્થીઓ નર્સીગ સ્ટુડન્ટસ,ફાર્મસી સ્ટુડન્ટસ,સેનેટેરી સબ ઈન્સ્પેક્ટર તથા મ્યુ.કોર્પોરેશનના કર્મચારીઓને સાથે રાખી સફળ કામગીરી અહેવાલી વર્ષમાં બજાવેલ છે.આ વિભાગ દ્વારા ચાલતી રોમ યોજના અંતર્ગત અમદાવાદ શહેરની ત્રણ ઝૂંપડપટટી ગુલબાઈ ટેકરા, કાગદીવાડ, અચેર સાબરમતી વિસ્તારની ઝૂંપડપટ્ટીમાં ફરતું દવાખાનુ ચલાવવામાં આવે છે.તેમજ નિવારણલક્ષી અને સારવારલક્ષી સેવાઓ આપવામાં આવે છે.પી.એન્ડ એસ. એમ. વિભાગ સાથે કુલ-૯ સેન્ટરો સંકળાયેલ છે.આ દરેક જગા પર ઈન્ટર્ન ડોક્ટરોને ૧૫ દિવસનું પોસ્ટીગ આપવામાં આવે છે.જ્યાં તેમને વિભાગ દ્વારા નિમાયેલ સ્ટાફ મેમ્બર તથા જે તે જગાના સરકારી કર્મચારીગણ દ્વારા નિવારણ અને સારવારલક્ષી ઘનિષ્ઠ તાલીમ આપવામાં આવે છે.ઉપરાંત આ વિભાગ દ્વારા હેલ્થ ફોરમ અને રાષ્ટ્રીય સેવા યોજનાને લગતી કામગીરી કરવામાં આવે છે.

**લાયબ્રેરી-**

અહેવાલી વર્ષ દરમ્યાન મેડીકલ કોલેજ પુસ્તકાલયમાં ૨૩૮ પુસ્તકોનો ઉમેરો થયો છે.હાલમાં લાયબ્રેરીમાં ૧૬૭૫૪ પુસ્તકો અને ૫૯૧૦ જેટલા બાંધેલા સામયિકો છે.ઉપરાંત ૧૩૨ કેસેટો ૧૩૬ ફિલ્મ સ્લાઈડ અને ૫૩ વિડીયો કેસેટ છે.ઉપરાંત અહેવાલી વર્ષમાં Daisy chalned CD Rom TOWER પણ વસાવેલ છે. અહેવાલી વર્ષમાં કોલેજના પુસ્તકાલય અને કે.એમ.સ્કુલ ઓફ પોસ્ટ ગ્રેજ્યુએટ મેડીસીન અને રીસર્ચ માટે કુલ રૂા.૩૩.૦૦લાખનું ખર્ચ કરવામાં આવેલ છે.જેમાંથી રૂા.૨.૩૫લાખના પુસ્તકો અને રૂા.૧૮.૯૮ લાખના સામયીકો ખરીદવામાં આવેલ છે.રૂા.૧૧.૬૭લાખના જર્નલ્સ ઈન ઈલેક્ટ્રોનીક્સ મેડીયમ સી.ડી.એચ.ખરીદવામાં આવ્યા હતા.

મેડીકલ કોલેજની લાયબ્રેરીમાં મેડીકલ ઈન્ફરમેશન સેન્ટર વિભાગનો તા.૨૯/૪/૯૮થી આરંભ કરવામાં આવલો છે.જેમાં વિંશ્વભરમાં પ્રકાશીત થતા મેડીકલ સામયીકોમાં છપાયેલ લેખો સંબંધી ઈન્ડીકેટીવ અને ઈન્ફરમેટીવ માહિતી મેડલાઈન દ્વારા મેળવી શકાય છે.ચાલુ વર્ષે આ વિભાગનો આશરે ૧૧૩૮ જેટલા મેડીકલ સાયન્સના તજજ્ઞોએ લાભ લીધો છે.જે સંસ્થા માટે એક ગૌરવ સમાન છે.

**પત્રક૯.૩.૧**

**ગુજરાત યુનિવર્સિટીની પરિક્ષામાં બેઠેલ તથા પાસ થયેલ વિદ્યાર્થીઓની માહીતી દર્શાવતું પત્રક**

| અ.નં | વિગત | ઓગસ્ટ-૨૦૦૨ | | | ફેબ્રુઆરી-૨૦૦૩ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | બેઠેલા | પાસ થયેલ | ટકાવારી | બેઠેલા | પાસ થયેલ | ટકાવારી |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ફર્સ્ટ એમ.બી.બી.એસ. | ૧૭૨ | ૧૩૪ | ૭૭.૯૧ | ૩૭ | ૨૫ | ૬૭.૫૭ |
| ૨ | સેકન્ડ એમ.બી.બી.એસ. | ૨૪ | ૨૧ | ૮૭.૫૦ | ૫ | ૩ | ૬૦ |
| ૩ | થર્ડ એમ.બી.બી.એસ.<br>પાર્ટ-૧<br>પાર્ટ-૨ | <br>૮૭<br>૯ | <br>૮૭<br>૪ | <br>૧૦૦.૦૦<br>૪૪.૪૪ | <br>૯૫<br>૮ | <br>૮૭<br>૪ | <br>૯૧.૫૮<br>૫૦.૦૦ |
| ૪ | થર્ડ એમ.બી.બી.એસ. (ઓલ્ડ કોર્ષ) | - | - | - | ૮ | ૫ | ૬૨.૫૦ |
| | કુલ | ૨૯૨ | ૨૪૬ | - | ૧૫૩ | ૧૨૪ | - |

**પત્રક ૯.૩.૨**

જુદા જુદા પ્રકારની લેબોરેટરી તપાસની છેલ્લા ૨ વર્ષની માહિતી દર્શાવતું પત્રક

| અ.નં | નમુનાનું વર્ણન | તપાસાયેલ નમુના (સંખ્યા) | |
|---|---|---|---|
| | | ૨૦૦૧/૦૨ | ૨૦૦૨/૦૩ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ઝાડાની તપાસ | ૧૫૮૫ | ૧૫૭૧ |
| ૨ | પેશાબની તપાસ | ૩૬૭૦૩ | ૧૦૮૬૫ |
| ૩ | કરોડના પાણી( સી.એફ.)ની તપાસ | ૧૧૫૯ | ૧૧૮૮ |
| ૪ | ગળફાની તપાસ | ૩૧૭ | ૩૮૬ |
| ૫ | બાયો કેમીકલની તપાસ | ૪૫૯૬૧૩ | ૪૭૩૦૪૬ |
| ૬ | જંતુ(બેક્ટેરીયા)ની તપાસ | ૧૪૯૯૧ | ૧૭૦૦૯ |
| ૭ | હિસ્ટોપેથોલોજીની તપાસ | ૩૭૪૮૨ | ૨૪૭૬૯ |
| ૮ | લોહીની તપાસ | ૧૮૪૧૧૮ | ૧૨૬૬૧૯ |
| ૯ | લોહીના ગ્રુપની તપાસ(ગ્રુપીંગ મેચીંગ) | ૩૫૦૦૦ | ૪૧૯૮૦ |
| ૧૦ | ઓસ્ટેફીલીયા એન્ટીજન(કમળાના જંતુ)ની તપાસ | ૨૮૦૨૧ | ૨૭૯૩૭ |
| ૧૧ | એઈડઝના જંતુની તપાસ | ૨૫૧૩૬ | ૨૨૭૫૪ |
| ૧૨ | સાયટોલોજીની તપાસ | ૧૧૫૦૯ | ૧૦૯૮૦ |
| | કુલ | ૮૩૫૬૩૪ | ૭૫૮૫૬૪ |

# ૯.૪ પુસ્તકાલયો અને વાંચનાલયો

અમદાવાદ શહેરના નગરજનોની જ્ઞાનપિપાસા સંતોષવા તથા દરેક નાગરિકને દેશ દુનિયાની ખબરોથી વાકેફ રાખવા ,જાગૃતતા લાવવા,માહિતી અને મનોરંજન  તથા જ્ઞાન સાથે ગમ્મતથી જ્ઞાનનું અવિરત ઝરણું વહેવડાવવાની સાથે જ્ઞાનની સીમા વધારવા પુસ્તકાલયખાતું સદા કાર્યશીલ રહયું છે. ઉત્સાહી તેમજ ઉત્સુક વાંચકો માટે અત્યારે શહેરના પાંચ ઝોનમાં વાંચનાલય સાથે પુસ્તકાલય સેવા તથા બાકીના તમામ વિસ્તારોમાં વાંચનાલય સેવા પુરી પાડતા જ્ઞાનની પરબ સમાન  કુલ ૨૦ યુનિટ કાર્યરત છે. માહિતી, મનોરંજન અને પ્રેરણા પુરી પાડતા દરેક પુસ્તકાલય તથા વાંચનાલયમાં ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી મળી કુલ ૮૮૭ સામાયિકો તથા ૨૪૯ દૈનિકો  મંગાવી દરેક પ્રકારના વાંચક વર્ગની જ્ઞાનપિપાસા સંતોષાય તે માટે ખાતુ હંમેશા પ્રયત્નશીલ  રહયું છે.

શહેરના પૂર્વ,પશ્ચિમ,ઉત્તર,દક્ષિણ તથા મધ્યઝોનમાં અનુક્રમે વિમળભાઈ નગીનદાસ શાહ લાયબ્રેરીમાં ૨૪૧૨૦, મહાત્મા ગાંધી લાયબ્રેરીમાંપ૨૮૨, પટેલ કે.કે. પુસ્તકાલય(નરોડા)માં ૪૪૪૪,મણીનગર મ્યુ.પુસ્તકાલયમાં ૧૦૮૬૯ તથા ભાઈશંકર નાનાભાઇ લાયબ્રેરીમાં ૧૬૬૨૧ મળીને કુલ ૬૧૩૩૬ પુસ્તકોનો વિપુલ ગ્રંથસંગ્રહ વિચારશીલ વાચકોના માટે આપ-લે અર્થે મુકાયેલ છે.

અહેવાલી વર્ષમાં ભા.ના. લાયબ્રેરીમાં કુલ ૯૭૨ સભાસદ, શ્રી.વિ.ન.શાહ લાયબ્રેરીમાં ૬૫૯ સભાસદ, શ્રી મહાત્મા ગાંધી લાયબ્રેરીમાં ૧૦૭૮ સભાસદ, કે.કે.પટેલ પુસ્તકાલય ૪૧૪ અને મણિનગર મ્યુ. પુસ્તકાલયમાં ૧૫૮૮ સભાસદ મળી કુલ ૪૭૧૧ સભાસદો ગ્રંથ સંગ્રહનો અવિરત લાભ લેતા રહયા છે. એક વાંચનાલયમાં રોજના સરેરાશ ૧૦૦ થી ૧૨૫ વાંચકો વાંચનાલય સેવાનો લાભ લઇ રહયા છે જે એક ગૌરવની વાત છે.

ઉપરોક્ત પાંચ લાયબ્રેરીમાંથી કોઈપણ  વાચક સભ્યપદ મેળવવા ઈચ્છે તો ગ્રંથાલયના નિયત ફોર્મમાં વિગત ભરવા સાથે કાઉન્સીલરશ્રી મ્યુ.કમિશનરશ્રી સહિત મ્યુ.હદના સ્કુલ કોલેજના આચાર્યશ્રી તથા મ્યુ.કોર્પોરેશનની કોઈપણ કમિટીના ચૂંટાયેલા ચેરમેન; ડે.ચેરમેન તથા મ્યુ.હદમાંથી ચૂંટાયેલ વિધાનસભા અને  લોકસભાનાં પ્રતિનિધિશ્રી વિ.ની સહી જામીનગીરી માટે મેળવી સભ્યપદ પ્રાપ્ત કરી શકે છે.

અહેવાલી વર્ષમાં શાહપુર વિસ્તારમાં જીવણકમળશી પોળ વાંચનાલયનું મકાન માન.સંસદસભ્યશ્રી અને ગૃહમંત્રીશ્રી લાલકૃષ્ણ અડવાણીજીની ગ્રાંટમાંથી તૈયાર કરી જાહેરજનતા માટે ખુલ્લુ મુકવામાં આવેલ છે.

દરમ્યાન અહેવાલી વર્ષમાંરૂા.૪.૦૦લાખના ખર્ચે કુલ ૪૯૧૧ પુસ્તકો વસાવવામાં આવ્યા છે. વર્ષ દરમ્યાન વાંચનાલયમાં દૈનિક સામાયિકો તથા વાંચકોની સંખ્યા દર્શાવતું પત્રક ૯.૪.૧ અને ૯.૪.૨ આ સાથે સામેલ છે. વર્ષ દરમ્યાન દૈનિકપત્રો તથા સામાયિકો મંગાવવાનો કુલ ખર્ચ રૂા.૩.૨૫ લાખ થયો છે.

આમ પુસ્તકાલય ખાતુ સમાજના વિવિધ વાંચકો માટે વિશાળ પટ પર જ્ઞાનની પરબ સમાન પુસ્તકાલયો અને વાચનાલયો દ્વારા  સમાજમાં શિક્ષણ, સંસ્કાર સીંચતું માહિતી અને મનોરંજન પૂરૂ પાડતું તથા લોકકલ્યાણની ભાવના કેળવતું  ઉતમ માધ્યમ છે.

## પત્રક ૯.૪.૧

## ૨૦૦૨-૦૩ વર્ષ દરમ્યાન પુસ્તકાલયોમાં દૈનિકો, સામાયિકો અને વાંચકોની સંખ્યા દર્શાવતું પત્રક

| અનુ.નં | મ્યુ.પુસ્તકાલયનું નામ | શરૂથયા તારીખ | દૈનિકોની સંખ્યા | સામાયિકોની સંખ્યા | વાંચકોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | કાંટોડિયા | ૧.૯.૭૫ | ૧૩ | ૪૦ | ૧૫૨૧૦ |
| ૨ | ખોખરા મહેમદાવાદ | ૨.૧૨.૭૯ | ૧૪ | ૪૭ | ૪૨૦૮૯ |
| ૩ | ગોમતીપુર | ૧૨.૧૦.૭૨ | ૧૪ | ૪૫ | ૩૬૩૮૪ |
| ૪ | દાદાભાઈ નવરોજી | ૧૬.૬.૩૦ | ૧૩ | ૩૯ | ૧૮૭૩૨ |
| ૫ | બહેરામપુરા | ૨૨.૭.૮૪ | ૧૧ | ૩૭ | ૩૫૦૭૫ |
| ૬ | ભાઈશંકર નાનાભાઈ | ૧૧.૧૧.૭૮ | ૧૬ | ૪૪ | ૬૫૫૯૪ |
| ૭ | મણિનગર | ૯.૪.૭૫ | ૧૪ | ૪૫ | ૨૪૭૫૪ |
| ૮ | મહાત્મા ગાંધી | ૨૧.૧૦.૮૬ | ૧૧ | ૪૭ | ૨૯૭૫૨ |
| ૯ | શ્રી વિ.ન.શાહ | ૨૧.૭.૭૬ | ૧૩ | ૪૧ | ૨૯૫૭૦ |
| ૧૦ | શાહપુર મ્યુ. પુસ્તકાલય | ૧૧.૮.૮૪ | ૧૪ | ૪૬ | ૧૭૪૯૯ |
| ૧૧ | પટેલ કે.કે. મ્યુ. | ૧૯૭૬ | ૮ | ૪૪ | ૩૪૪૯૫ |
| ૧૨ | સીની.સીટી પાર્ક | ૩૦-૪-૦૦ | ૧૧ | ૪૭ | ૧૯૬૫૮ |
| **કુલ** | | | **૧૫૨** | **૫૨૨** | **૩૬૮૮૧૨** |

## પત્રક ૯.૪.૨

## ૨૦૦૨-૦૩ના વર્ષ દરમ્યાન વાંચનાલયોમાં દૈનિકો, સામાયિકો અને વાંચકોની સંખ્યા

| અ.નં | વાંચનાલય | શરૂથયા તારીખ | દૈનિકોની સંખ્યા | સામાયિકોની સંખ્યા | વાંચકોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | અસારવા | ૧૩.૨.૮૩ | ૯ | ૪૭ | ૨૦૨૪૫ |
| ૨ | ઢાળની પોળ | ૨૩.૯.૭૮ | ૧૪ | ૪૪ | ૧૫૬૫૩ |
| ૩ | તાનગરવાડ | ૧૨.૧૧.૦૧ | ૧૩ | ૪૫ | ૨૭૦૦૦ |
| ૪ | બારડોલપુરા | ૧.૬.૭૫ | ૧૩ | ૪૭ | ૪૯૭૦૦ |
| ૫ | રા.બ.ગિ.ઉ. | ૧૯૫૨ | ૧૩ | ૪૩ | ૧૩૦૨૫ |
| ૬ | રાયખડ | ૨૨.૬.૮૪ | ૧૩ | ૪૭ | ૨૨૬૨૫ |
| ૭ | સરદારનગર | ૨૩.૪.૮૭ | ૮ | ૪૬ | ૧૭૫૫૬ |
| ૮ | **જીવણકમળશીની પોળ મ્યુ.વાંચનાલય** | **૩૦.૭.૦૨** | **૧૪** | **૪૬** | **૧૦૭૩૩** |
| | **કુલ** | --- | **૯૭** | **૩૬૫** | **૧૭૬૫૩૭** |

## ૯.૫ બાલભવન

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત બાલભવન ખાતા હસ્તક કુલ પાંચ બાલભવનો કાર્યરત છે. જે શહેરમાં ઢાળની પોળ, ફતેહપુરા, મણિનગર, સરસપુર અને ગોમતીપુર વિસ્તારોમાં આવેલા છે. અહી ૫ થી ૧૫ વયજૂથના બાળકોને વિના મૂલ્યે બાલોપયોગી સેવા પુરી પાડી ગમ્મતની સાથે જ્ઞાન પ્રાપ્તી અને પ્રેરણાની સાથે સંસ્કાર સિંચનનું પાથેય પૂરૂ પાડી રહયાં છે.

આપણા દેશનું ઉજ્જવલ ભવિષ્ય એટલે આવતી કાલના નાગરિકો,આપણું આ બાળધન જેમની ઉપર સમગ્ર દેશની પ્રગતિનો આધાર અવલંબે છે.તેથી જ આવતી કાલની ઉજળી આશાસમા ભાવિ નાગરિકોના જીવન ઘડતરની પાયાની ઈંટ બનવા બાલભવનો પ્રયત્નશીલ રહે છે.વિવિધ પ્રવૃતિઓના આયોજન દ્વારા બાળકોમાં સુષુપ્ત રહેલી શક્તિઓને વેગ આપી સંસ્કાર વારસા અને કલાવારસાને વધુ સમૃધ્ધ બનાવી આ બાલભવનો ગમ્મતની સાથે જ્ઞાનનું ભાથુ પીરસી વિકાસની કેડી તરફ અગ્રેસર બનાવવા પ્રેરણા અને પ્રોત્સાહન પુરા પાડે છે.

કહે છે કે પુસ્તક એ શ્રેષ્ઠ, મિત્ર સાચો પથદર્શક અને જ્ઞાન આપનાર ગુરુ છે.આ ઉક્તિને યથાર્થ બનાવવા બાલભવનોમાં વૈવિધ્યસભર વિપુલ પ્રમાણમાં બાળસાહિત્ય વસાવવામાં આવેલ છે.ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાના ચિત્તાકર્ષક,રંગબેરંગી અને મનભાવન વિષયોને આવરી લેતા કુલ ૪૦૩૨૯ પુસ્તકો જે રૂા.૨.૩૫લાખની કિંમતના છે તે બાળકો માટે ઉપલબ્ધ છે.પરંતુ બાળકોને ફક્ત વાંચનરસની સીમામાં ન બાંધતા તેમના વ્યકિતત્વનો સુચારૂ યોગ્ય વિકાસ થાય તેહેતુસર વિવિધ વાંચનેતર ,હસ્તકલા અને સાંસ્કૃતિક પ્રવૃતિ ઓનું આયોજન કરવામાં આવે છે. વળી રમતગમતમાં રુચિ ધરાવતા બાળકો વિશ્વના સાંપ્રત પ્રવાહો થી માહિતગાર રહે તે સારુ વિવિધ જ્ઞાનવર્ધક સામયિકોની જોગવાઇ છે. મણીનગર બાલભવન ખાતેરંગીન ટી.વી.અને વી.સી.આર.ઉપલબ્ધ છે. વિશેષમાં મણીનગર અને સરસપુર બાલભવન ખાતે સુંદર બાલક્રિડાંગણ બાળકોના મનને મોહીલે તેવા છે. બાલભવનોના કેન્દ્ સ્થાને બાળકો છે. તેથી બાળકોની શાળા સમયને અનુરુપ બની બાળકો બાલભવનોનો લાભ લઈ શકે તે હેતુસર આ બાલભવનો બે શીફટમાં એટલે કે સવારે ૮.૩૦ થી ૧૨ક.અને સાંજે ૩.૩૦ કલાકથી ૭.૦ક.સુધી કાર્યરત રહે છે. જાહેર રજાઓ અને શુક્રવાર ની સાપ્તાહિક રજાને બાદ કરતાં દર રવિવારે પણ બાલભવનો બાળકો માટે સેવા પુરી પાડે છે.સને ૨૦૦૨/૨૦૦૩ના વર્ષમાં કુલ ૬૭૭૯૧ બાળકોએ બાલભવનોનો લાભ લીધેલ છે.

**વિશિષ્ટ કામગીરી :-**

અહેવાલી વર્ષમાં મ્યુ.બાલભવનોમાં પર્વની વિશિષ્ટ ઉજવણીરૂપે તેને આનુષાંગીક નાના મોટા કાર્યક્રમોના આયોજન દ્વારા બાળકોમાં રહેલ સુષુપ્ત શક્તિઓને ખીલવવાનો પ્રયત્ન કરવામાં આવે છે.જેની માહિતી નીચે મુજબ છે.

(૧)બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓ બહાર આવે અને તેમનામાં રહેલી સર્જનાત્મક શક્તિઓને વેગ મળે તે હેતુસર,તથા બાળકોના સર્વાંગી વિકાસ અર્થે પર્વોની વિશિષ્ઠ ઉજવણી,પ્રદર્શનો,ઉદ્ઘાટનો,સાંસ્કૃતિક કાર્યક્રમો વિગેરેનું આયોજન કરવામાં આવેલ.તેની સાથે બાળકોની હસ્તકલા,કારીગરીને પ્રોત્સાહીત કરવા શિબિરો તથા પ્રદર્શનોનું પણ આયોજન કરીને વિવિધ કાર્યક્રમો યોજવામાં આવેલ.બાળકો માટે સ્વરોજગારલક્ષી કાર્યશીબીરોનું આયોજન કરવામાં આવે છે.જેમાં વિવિધ સામગ્રીમાંથી ફૂલો,પ્લાસ્ટીકના તોરણો,વોલપીસ,માટીના રમકડાં તથા વેસ્ટમાંથી બેસ્ટ શીખવવાની સાથે દિપાવલીના શુભપર્વ નિમિત્તે ગ્રીટીંગ્સ કાર્ડસ અને રક્ષાબંધનના પર્વનિમિત્તે બાળકોને સુંદર કલાત્મક રાખડીઓ બનાવતાં શીખવવાની કાર્યશીબીરોનું આયોજન કરવામાં આવે છે.

(૨)રાખડી પ્રદર્શન- રક્ષાબંધન પર્વની ઉજવણી નિમિત્તે બાલભવનોમાં બાળકોને સ્વહસ્તે રાખડીઓ બનાવતા શીખવવાની કાર્યશિબિર યોજવામાં આવેલ.શિબિર દરમ્યાન બાળકોએ સુંદર કલાત્મક આશરે ૨૫૦૦ રાખડીઓનું સર્જન કરેલ તેમાંના ૧૫૦૦ સુંદર કલાત્મક શ્રેષ્ઠ ૧૫૦૦ નમૂનાઓનું પ્રદર્શન સંસ્કાર કેન્દ્ર,પાલડી ખાતે તા.૧૯/૮/૦૨ના રોજ યોજવામાં આવેલ.જેનું ઉદ્‌ઘાટન તત્કાલીન મા.મેયરશ્રી હિંમતસિંહ પટેલના વરદહસ્તે કરવામાં આવેલ.

## પત્રક ૯.૫.૧
## સને ૨૦૦૨-૦૩ દરમ્યાન કાર્યરત બાલભવનોની આંકડાકીય માહિતી

| અ.નં | બાલભવન | શરૂ થયા તારીખ | પુસ્તકોની કુલ સંખ્યા | કુલ કિંમત | પુસ્તકો વાંચનાર લાભાર્થી ની સંખ્યા | લાભ લેનાર બાળકોની કુલ સંખ્યા | રમકડાં વિભાગના લાભ લેનાર બાળકોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ઢાળની પોળ | ૧/૯/૫૯ | ૧૪૦૩૧ | ૩૫૧૧૬-૧૫ | ૮૫૬૧ | ૧૫૮૯૨ | ૭૩૩૧ |
| ૨ | સરસપુર | ૨૯/૯/૫૯ | ૮૫૭૦ | ૧૮૬૪૩-૪૬ | ૫૬૫૧ | ૯૯૭૨ | ૪૩૨૧ |
| ૩ | ગોમતીપુર | ૨૪/૪/૬૫ | ૫૬૫૦ | ૩૮૧૩૯-૭૬ | ૧૭૨૫ | ૪૨૫૫ | ૨૫૩૦ |
| ૪ | ફતેહપુરા | ૬/૫/૮૨ | ૧૦૯૪૫ | ૬૧૩૭૧-૦૭ | ૩૨૬૪ | ૯૮૦૯ | ૪૫૪૫ |
| ૫ | મણીનગર | ૧૯/૩/૬૧ | ૨૪૮૧૭ | ૮૧૫૦૩-૮૧ | ૧૫૧૬૦ | ૨૭૮૬૩ | ૧૨૭૦૩ |
| કુલ | | | ૬૪૦૧૩ | ૨૩૪૭૭૪-૨૫ | ૩૪૩૬૧ | ૬૭૭૯૧ | ૩૧૪૩૦ |

**પત્રક ૯.૫.૨**

**૨૦૦૧-૦૨ અને ૨૦૦૨-૦૩માં મ્યુ.કોર્પો. સંચાલિત બાલભવનોમાં લાભલેનાર સરેરાશ બાળકો અને વંચાયેલ સરેરાશ પુસ્તકોની તુલનાત્મક વિગત દર્શાવતુ પત્રક.**

| અ.નં | બાલભવન | વર્ષ | લાભ લેનાર બાળકોની સંખ્યા | વંચાયેલ પુસ્તકોની સંખ્યા | માસિક સરેરાશ | | દૈનિક સરેરાશ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | લાભ લેનાર બાળકો | વંચાયેલ પુસ્તકો | લાભ લેનાર બાળકો | વંચાયેલ પુસ્તકો |
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** | **૭** | **૮** | **૯** |
| ૧ | ઢાળની પોળ | ૦૧-૦૨ | ૮૪૧૫ | ૧૪૭૨૯ | ૭૦૧ | ૧૨૨૭ | ૩૧ | ૫૪ |
| | | ૦૨-૦૩ | ૧૫૮૯૨ | ૧૪૦૩૧ | ૧૩૨૪ | ૧૧૬૯ | ૫૮ | ૫૧ |
| ૨ | સરસપુર | ૦૧-૦૨ | ૬૧૮૯ | ૧૦૦૯૨ | ૫૧૬ | ૮૪૧ | ૨૩ | ૩૭ |
| | | ૦૨-૦૩ | ૯૯૭૨ | ૮૫૭૦ | ૮૩૧ | ૭૧૪ | ૩૭ | ૩૧ |
| ૩ | ગોમતીપુર | ૦૧-૦૨ | ૧૪૫૩ | ૨૦૬૯ | ૧૨૧ | ૧૭૨ | ૫ | ૮ |
| | | ૦૨-૦૩ | ૪૨૫૫ | ૫૬૫૦ | ૩૫૫ | ૪૭૧ | ૧૬ | ૨૧ |
| ૪ | ફતેહપુરા | ૦૧-૦૨ | ૩૬૦૪ | ૯૩૫૫ | ૩૦૦ | ૭૮૦ | ૧૩ | ૩૫ |
| | | ૦૨-૦૩ | ૯૮૦૯ | ૧૦૯૪૫ | ૮૧૭ | ૯૧૨ | ૩૬ | ૪૦ |
| ૫ | મણીનગર | ૦૧-૦૨ | ૧૪૩૧૪ | ૨૦૫૭૦ | ૧૧૯૩ | ૧૭૧૪ | ૫૨ | ૭૫ |
| | | ૦૨-૦૩ | ૨૭૮૬૩ | ૨૪૮૧૭ | ૨૩૨૨ | ૨૦૬૮ | ૧૦૨ | ૯૧ |

**નોંધ :-** સને ૨૦૦૧-૦૨ માટે વર્કીંગ દિવસ ૨૭૩ ગણતરીમાં લીધેલ છે.
સને ૨૦૦૨-૦૩ માટે વર્કીંગ દિવસ ૨૭૩ ગણતરીમાં લીધેલ છે.

## ૯.૬ વ્યાયામ વિદ્યાલય

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત સ્વ.અંબુભાઇ પુરાણી વ્યાયામ વિદ્યાલય દ્વારા વર્ષ દરમ્યાન રમતગમતની વિવિધ પ્રવૃત્તિઓ ચલાવવામાં આવે છે.

અમદાવાદ શહેરના વિવિધ વોર્ડમાં યુવાનો માટે ૬ જેટલા બારબેલ જીમ્નેશીયમ ચલાવવામાં આવે છે.જેમાં મોટી સંખ્યામાં યુવાનો આવી કસરતનો લાભ લે છે.આ જીમ્નેશીયમ નીચે મુજબ સ્થળે ચલાવવામાં આવે છે.

| અ.નં. | વિસ્તાર |
|---|---|
| ૧ | અં.પુ.વ્યાયામ વિદ્યાલય કાંકરિયા |
| ૨ | મણીનગર સાર્વજનિક વ્યા. શાળા ,એલ.જી.હોસ્પિટલ મણીનગર |
| ૩ | માણેકબા સંસ્કારવાડી, કિરણનગર શાહપુર |
| ૪ | સ.પ.વ્યા.શાળા, સાંકડીશેરી, ખાડીયા |
| ૫ | નાની સોદાગરની પોળ વ્યાયામ શાળા.જમાલપુર |
| ૬ | સરદારબ્રીજ હેલ્થ સ્ટાફ કવાર્ટસ વ્યાયામશાળા, જમાલપુર |

ઉપરોક્ત વ્યાયામ શાળાઓમાં વાર્ષિક માત્ર રૂા.૧૫૦/- લઇ યુવાનો આખુ વર્ષ કસરતનો લાભ લઇ શકે છે.પ્રાયવેટ જીમ્નેશીયમની ફી મ્યુ.કોર્પો.સંચાલિત જીમ્નેશીયમની તુલનામાં ખૂબજ વધારે હોય છે.

શહેરના યુવાનો –બાળકો માટે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના સહયોગથી વિવિધ રમતોના કોચીંગ કેમ્પ ચલાવવામાં આવે છે.જેના સ્થળ અને રમત નીચે મુજબ છે.

| અ. નં. | સ્થળ | રમતનું નામ |
|---|---|---|
| ૧ | સરદાર પટેલ સ્ટેડિયમ, નવરંગપુરા | ક્રિકેટ |
| ૨ | અં.પુ.વ્યાયામ વિદ્યાલય, કાંકરિયા | ટેબલ ટેનીસ |

વર્ષ દરમ્યાન ચલાવાતા આ કોચીંગ કેમ્પમાં બાળકો પ્રેકટીસ મેળવી સ્ટેટ કક્ષાએ તથા નેશનલ કક્ષાએ સારી એચીવમેન્ટ પ્રાપ્ત કરે છે.અહેવાલી વર્ષમાં ટેબલ ટેનીસ અને વેઇટ લીફટીંગમાં અત્રેના આઠ તાલીમાર્થીઓએ ઉચ્ચ સિધ્ધિ હાંસલ કરેલ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની આર્થિક પરિસ્થિતિને કારણે કર્મચારીઓનો રમતોત્સવ ઇન્ટર ડીપાર્ટમેન્ટ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજવામાં આવી ન હતી.અગાઉ યોજાતા નગર રમતોત્સવ જેમાં દસ હજાર કરતાં પણ વધુ ખેલાડીઓ ભાગ લેતા હતા અને વિકલાંગ ભાઇ બહેનો માટે યોજાતા વિકલાંગ રમતોત્સવમાં ૧૫૦૦થી૨૦૦૦ જેટલા અંધ,અપંગ,બહેરા-મુંગા તથા મંદબુધ્ધિવાળા વ્યક્તિઓ ભાગ લેતા હતા.તે યોજી શકાયો ન હતો. વ્યાયામ વિદ્યાલય હસ્તકના બે મેદાનો વિવિધ હેતુઓ માટે વિવિધ સંસ્થાઓને ભાડે આપવામાં આવે છે.જેનું ટોકનભાડું લેવામાં આવે છે.

અં.પુ.વ્યાયામ વિદ્યાલય દ્વારા સ્કુલબોર્ડની શાળાઓમાં વ્યાયામ માટેનું નિરિક્ષણ તેમજ માર્ગદર્શનની કામગીરી કરવામાં આવે છે.અહેવાલી વર્ષમાં રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા યોજાયેલ ઓલ ગુજરાત મ્યુ.કોર્પો.ઇન્ડોર ગેઇમ્સ ટુર્નામેન્ટમાં અ.મ્યુ.કો.ના ૨૪ ખેલાડીઓને બેડમીટન,કેરમ,ટેબલ ટેનીસ અને ચેસ ની

રમતોમાં મોકલવામાં હતા.જેમાં જનરલ ચેમ્પીયનશીપ અ.મ્યુ.કોર્પો.એ મેળવી હતી.ઉપરાંત બેડમીટન,ટેબલ ટેનીસ તથા ચેસમાં વ્યક્તિગત ચેમ્પીયનશીપ મેળવી હતી.ફેબ્રુઆરી-૦૩માં સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા યોજવામાં આવેલ ઓલગુજરાત મ્યુનિસિપલ કોર્પોરેશન ક્રીકેટ ટુર્નામેન્ટમાં વર્ષો બાદ અ.મ્યુ.કો.એ ચેમ્પીયનશીપ મેળવી હતી.જેમાં પ્રત્યેક ખેલાડી,મેન ઓફ ધી મેચ અને મેન ઓફ ધી સીરીઝને તત્કાલીન મ્યુનિસિપલ કમિશ્નર તરફથી કેશ પ્રાઈઝ આપી ખેલાડીઓનો ઉત્સાહ વધારવામાં આવ્યો હતો.અ.પુ.વ્યા.વિદ્યાલયને સ્પોર્ટસ એક્ટીવીટી માટે સરકારશ્રી તરફથી ગ્રાન્ટ આપવામાં આવે છે.

આમ વર્ષ દરમ્યાન અં.પુ.વ્યા.વિદ્યાલય દ્વારા રમતગમતની વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.જે અ.મ્યુ.કોર્પો.માટે પ્રશંશનિય બાબત છે.

## ૯.૭ માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલય

મહાત્મા ગાંધીજીએ ઐતિહાસીક દાંડીકૂચના પ્રારંભે સત્યાગ્રહ આશ્રમનાં પુસ્તકો થકી સાર્વજનિક પુસ્તકાલયનો વિચાર રજુ કરતાં સને ૧૯૩૩ માં રૂા. ૫૫,૦૦૦/- નુંશ્રી. રસિકલાલ માણેકલાલ તરફથી દાન મળતાં 'માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલય' અસ્તિત્વમાં આવ્યું. પૂજ્ય બાપુજીના કરકમલોના સ્પર્શે ખાતમુહુર્ત પામ્યા બાદ જયપુરી સ્થાપત્ય ધરાવતું ભવન ૧૯૩૮માં સરદારશ્રીના શુભહસ્તે જાહેરજનતાના લાભાર્થે ખુલ્લું મુકવામાં આવ્યું. પુસ્તકાલયને સને ૧૯૫૦માં અ.મ્યુ.કોર્પો. દ્વારા રૂા. ૫૦,૦૦૦/- નું વિશેષ અનુદાન મળતાં અલગ ગ્રંથભંડારની રચના થઈ. આ અંગેની સંક્ષિપ્ત માહિતી પત્રક ૯.૭.૧ માં આપવામાં આવી છે.

આ પુસ્તકાલયનો વહીવટ વ્યવસ્થાપકમંડળ હસ્તક છે. જેના અધ્યક્ષ સ્થાને અહેવાલી વર્ષમાં શ્રી હિંમતસિંહ પટેલ હતા. તેમની અધ્યક્ષતામાં વ્યવસ્થાપક મંડળની કુલ ૫ સભા મળી હતી. જેમાં કુલ ૬૪ કામોનો નિકાલ કરવામાં આવ્યો હતો.

પુસ્તકો, સામાયિકો તથા અગ્રંથ સામગ્રીની પસંદગી અને પ્રાપ્તિ માટે વ્યવસ્થાપક મંડળની પેટા સમિતિ પુસ્તક પસંદગી સમિતિમાં અહેવાલી વર્ષમાં અધ્યક્ષસ્થાને શ્રી.દિનેશભાઇ રાવલ હતા.જયારે શ્રી.અશોકભાઇ પટેલ અને શ્રી.પી.ડી.વાઘેલા સભ્ય તરીકે રહયા હતા. અને વર્ષાંતે કુલ ૩૯૩ કામોનો નિકાલ કર્યો હતો.

પુસ્તકાલયના કર્મચારીઓની કુલ ૧૧૮ જગાઓ પૈકી ૨૪ જગાઓ ખાલી હતી અને ૯૪ જગાઓ પૈકી ૧૫ વ્યાવસાયિક, ૪૦ અર્ધ વ્યાવસાયિક અને ૩૯ બિન વ્યાવસાયિક કર્મચારીઓ છે.પુસ્તકાલયના ટ્રસ્ટ ડીડ મુજબ પુસ્તકાલયની સઘળી જવાબદારી અ.મ્યુ.કોર્પો. ઉપાડે છે. અહેવાલી વર્ષમાં અંદાજપત્ર મુજબ કુલ રૂા.૨૬૯.૩૭ લાખ મંજૂર થયેલ, જે પૈકી રૂા. ૧૪૬.૪૪ લાખ ગ્રાંટ પેટે પુસ્તકાલયને મળ્યા હતા.

<u>ગ્રંથ સંગ્રહ-</u>

અહેવાલી વર્ષ દરમ્યાન કુલ ૧૫,૫૨૬ ગ્રંથો નવા ઉમેરવામાં આવ્યા હતા.જે પૈકી ૧૫,૧૩૦ ગ્રંથો રૂા.૧૨.૦૭ લાખના ખર્ચે ખરીદવામાં આવ્યા હતા. જયારે ૩૯૬ પુસ્તકો ભેટમાં મળ્યા હતા. વર્ષ આખરે કુલ ગ્રંથ સંખ્યા ૫,૬૧,૩૬૭ હતી.

વિષયાનુસાર ગ્રંથસંગ્રહમાં અંગ્રેજી, ગુજરાતી, હિંદી, ઉર્દૂ, મરાઠી, સંસ્કૃત તથા ભાષાના કુલ ૧૫,૫૨૬ પુસ્તકો નવા ઉમેરવામાં આવ્યા છે.વર્ષાન્તે નવા ઉમેરાયેલા પુસ્તકો સહીતના ૫,૬૧,૩૬૭ની વિષયવાર તથા ભાષાવાર માહિતી પત્રક ૯.૭.૨. માં દર્શાવી છે.

**<u>સંદર્ભ ગ્રંથસંગ્રહ :-</u>**

આ વિભાગની વિપુલતા અને વિવિધતાએ પુસ્તકાલયની વિશેષતા છે.સામાન્ય વાંચકોથી માંડી જીજ્ઞાસુઓ, અભ્યાસુઓ અને સંશોધકો તથા વિદ્યાર્થી સમુદાયે આ ગ્રંથસંગ્રહનો સતત ઉપયોગ કર્યો હતો. વર્ષ દરમ્યાન ૭૩૧૦ વાંચકોએ ૧૪૬૦ જેટલાં સંદર્ભગ્રંથનો ઉપયોગ પુસ્તકાલયમાં બેસીને કર્યો હતો.

**<u>વિશિષ્ટ ગ્રંથસંગ્રહ :-</u>**

પુસ્તકાલયની સેવાઓને વધુ માહિતીસભર અસરકારક અને ચોકસાઇભરી બનાવવા વિશિષ્ટ વિષયના કેટલાક સંગ્રહો અલગ કરવામાં આવ્યા છે.તેમજ અધ્યયન અર્થે ઉપયોગી બની રહે તે માટે ચાર ક્યુબિકલ્સ બનાવવામાં આવેલ છે.અલાયદા ખંડમાં સંગ્રહ કરવામાં આવેલ આ પુસ્તકો ઇસ્યુ કરવામાં આવતા નથી.

૧) સત્યાગ્રહ આશ્રમના ગ્રંથસંગ્રહમાં પુસ્તકાલયની શરૂઆતથી ૧૯૭૭ સુધી પુસ્તકો દેય વિભાગમાં હતા. ત્યારબાદ અદેય સ્વરૂપ ગણી અલગ મુકવામાં આવ્યા છે.

૨) રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ લખેલ તેમજ તેમના વિશે લખાયેલા ગ્રંથોને અલાયદા ખંડમાં સંગ્રહીત કરવામાં આવેલ છે.જે સારો એવો લાભ સંગ્રહનો લાભ અભ્યાસુઓ અને સંશોધકો દ્વારા લેવામાં આવે છે.

૩) નહેરૂ સાહિત્ય માત્ર તેમના અભ્યાસુઓ માટે નહી પરંતુ ભારતીય ઈતિહાસની ઝાંખી મેળવનારાઓ માટે પણ ઉપયોગી બની રહયુ છે.

૪) ગુજરાતના પનોતાપુત્ર એવા સરદાર પટેલ સાહિત્યનો લાભ અભ્યાસુઓ અને જીજ્ઞાસુઓ માટે લાભદાયી બની રહયો છે.

૫) બંધારણના ઘડવૈયા ડૉ.આંબેડકરનું સાહિત્ય તેમનાં અભ્યાસુઓ માટે મહત્તમ ઉપયોગી બનતું જાય છે.

૬) શ્રી.અતુલભાઇ શાહની પ્રદિક્ષા નિમિત્તે પુસ્તક સ્વરૂપે પ્રાપ્ત થયેલ રૂા.૧લાખના અનુદાનથી અહિંસક અને શોષણવિહીત કેન્દ્ર શરૂ કરવામાં આવેલ છે.જેમાં જૈન ધર્મને લગતા વિશિષ્ટ પુસ્તકોનો સંગ્રહીત કરવામાં આવેલ છે.

૭) અમદાવાદ અને અ.મ્યુ.કો.ને સ્પર્શતા અનેક ગ્રંથોનો સંગ્રહ'આપણું અમદાવાદ' માં નગર વિશેની તમામ માહિતી ઉપલબ્ધ છે.

૮) ગુજરાત સ્થાનિક ઈતિહાસ' નાં વિભાગમાં ગુજરાતનાં ઈતિહાસ, ભૂગોળ, રાજકારણ, સમાજજીવન, લોક સાહિત્ય-સંસ્કૃતિ, શિલ્પ, સ્થાપત્ય વિગેરે વિષયોને સ્પર્શતા ગુજરાત સ્થાનિક ઇતિહાસના વિભાગમાં સંગ્રહીત છે.

૯) મુદ્રણકળાના પ્રથમ તબક્કામાં છપાયેલ પુસ્તકોની મહત્તા અને મૂલ્યને ધ્યાનમાં લઇ સને ૧૯૦૦ પહેલાં પ્રકાશિત થયેલ પુસ્તકોનો અલગ સંગ્રહ કરવામાં આવેલ છે.

૧૦)સામાયિક સંપુટો :- સંશોધનકારો અને જીજ્ઞાસુઓ માટે પુસ્તકાલયમાં આવતા સામાયિકોની ફાઈલ બંધાવીને ગ્રંથ સ્વરૂપે રાખવામાં આવ્યા છે. જે પૈકી ગુજરાતીનાં ૭૮૪, અંગ્રેજીનાં ૨૭૨૧, હિન્દીનાં ૨૮૨, મરાઠીનાં ૧૯૬ સામાયિકોનો સમાવેશ થાય છે.

૧૧)ડોરમેટરી વિભાગમાં નહીવત અને ક્વચિત જ ઉપયોગમાં લેવાતા આશરે ૬૦૦૦ ઉપરાંત ગ્રંથોનો સંગ્રહ છે.

**૧૨)** ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલ અને થઇ રહેલ તમામા નવલકથાઓ, કાવ્યો અને નાટકો સંદર્ભ માટે ઉપયોગી બને તે માટે ગુજરાતી સાહિત્ય સંદર્ભ સંગ્રહ અલગ રાખવામાં આવેલ છે.

**<u>ગ્રંથ ગોઠવણી :-</u>**

આ માટે ગ્રંથાલયમાં બે વર્ગીકરણ પધ્ધતિનો ઉપયોગ થાય છે. ભારતીય ભાષાઓનાં તમામ ગ્રંથોની ગોઠવણી કોલન કલાસીફિકેશન પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. આ માટે દેવનાગરી લિપિનો પ્રયોગ કરવામાં આવ્યો છે. ગુજરાતી ભાષાની નવલકથાઓનું વર્ગીકરણ દ્વિબિંદુ માંથી પરિવર્તીત કરી દશાંશમાં ફેરવવામાં આવ્યું છે.

ગુજરાતી નવલકથાની ગોઠવણી લેખક અનુસાર જયારે અંગ્રેજી પુસ્તકોની ગોઠવણી 'ડયુઈ ડેસીમલ ક્લાસીફીકેશન' અનુસાર કરવામાં આવે છે.

**ગ્રંથાલય સૂચિ :-**

કોઈ એક ગ્રંથ પુસ્તકાલયમાં હોય તો તે ક્યાં ગોઠવાયેલ છે તેની માહિતી આમાંથી મળે છે. અંગ્રેજી ગ્રંથો માટે એ.એ.સી.આર. પધ્ધતિ અને ભારતીય ભાષાના ગ્રંથો માટે અનુવર્ગ સૂચિકલ્પનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**વાંચનાલય :-**

પુસ્તકાલયના લોકપ્રિય અને ચહલપહલવાળા આ વિભાગમાં ૧૫૦ બેઠકોની વ્યવસ્થા છે. વર્ષમાં ૩૬૪ દિવસ સતત ૧૨ કલાક સેવાઓ અપાય છે. અહીં ૮ ભાષાના ૫૩૩ સામાયિકો-વર્તમાનપત્રો આવે છે. જે પૈકી ૩૩૧ સામાયિકો-વર્તમાનપત્રો લવાજમથી મંગાવવામાં આવે છે. જેનું લવાજમ અહેવાલી વર્ષમાં રૂા. ૨.૪૫ લાખ ભરવામાં આવ્યુ હતું. ૨૦૨ સામાયિકો-વર્તમાનપત્રો ભેટ સ્વરૂપે આવે છે. ભારતનાં ૧૭ મુખ્ય શહેરોમાંથી પ્રગટ થતા ૫૦ વર્તમાનપત્રો આ વિભાગમાં ઉપલબ્ધ છે. સિંગાપુરથી પ્રગટ થતું 'ઈન્ટરનેશનલ હેરાલ્ડ ટ્રીબ્યુન' પણ અત્રે મંગાવવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન વાંચકોની કુલ સંખ્યા ૧,૫૬,૭૨૦ રહી હતી. આમ વાંચકોની દૈનિક સરેરાશ ૯૮૯ જેટલી રહી હતી.

**સભ્યપદ :-**

પુસ્તકાલયના ગ્રંથ ઘેર વાંચવા લઈ જવા માટે સભ્યપદ મેળવવું આવશ્યક છે. આ માટે નિયત અરજીપત્રકમાં આવશ્યક વિગતો ભરી જામીનદારની સહી લાવવાની રહે છે.

**વયસ્કઃ-**

| | |
|---|---|
| ૧. વાર્ષિક લવાજમ રૂા.૧૨૦/- (નોન રીફંડેબલ) | ૨ ટિકીટ |
| ૨. આજીવન સભ્યપદ લવાજમ રૂા.૫૦૦/- (નોન રીફંડેબલ) | ૪ ટિકીટ |
| ૩. સિનિયર સીટીઝન આજીવન સભ્યપદ લવાજમ રૂા.૨૫૦ /-(નોન રીફંડેબલ) | ૪ ટિકીટ |
| બાળકિશોર :- | |
| ૧. વાર્ષિક લવાજમ રૂા.૬૦/- (નોન રીફંડેબલ) | ૨ ટિકીટ |
| ૨. આજીવન લવાજમ રૂા.૨૫૦ /- (નોન રીફંડેબલ) | ૪ ટિકીટ |

| ડિઝીટલ લાયબ્રેરીઃ | ડિપોઝીટ | વાર્ષિક લવાજમ |
|---|---|---|
| વયસ્ક | ૧૦૦/- | ૫૦/- |
| વિદ્યાર્થી | ૭૫/- | ૩૫/- |
| બાળવાચક | ૫૦/- | ૨૫/- |

અહેવાલી વર્ષના અંત સુધીમા કુલ ૨૪૮૩ આજીવન સભ્યો નોંધાયા હતા.અહેવાલી વર્ષને સમાવતા બે વર્ષના બ્લોકમાં વયસ્ક સભ્યોની સંખ્યા ૧૬,૯૯૯ હતી. બાળકિશોર વિભાગમાંસભ્યોની સંખ્યા ૧૯૭૧ હતી. ફરતા બાળ પુસ્તકાલયની સભ્ય સંખ્યા ૮૭૪ ની હતી. જયારે ફરતા મહિલા પુસ્તકાલયની સભ્ય સંખ્યા ૬૮૪ હતી.વયસ્ક સભાસદોમાં ૧૫થી૨૪ વર્ષના સભ્યો ૫૧.૯૦%,૨૫થી૩૪ વર્ષના ૨૪.૪૦% અને ૩૫ વર્ષથી વધુના ૨૩.૭૦% નોંધાયેલ છે.

**ગ્રંથ પરિક્રમણ :-**

પુસ્તકાલયનું સભ્યપદ મેળવનારને ૨ સભ્યપદ ટીકીટો આપવામાં આવે છે. જેના પર વાચક એક સાથે બે પુસ્તક ઈસ્યુ કરાવી શકે છે. નિયત તારીખે કે તે પહેલા પુસ્તક પરત કરવામાં ન આવે તો ત્યારબાદના દરેક દિવસના પુસ્તક દીઠ રૂા.૧.૦૦ અતિદેય તરીકે વાચક પાસેથી વસૂલ કરવામાં આવે છે. ગ્રંથ લેવડ દેવડ માટે અત્રે રંગનાથન પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે.સાથે જ દિવસ દરમ્યાન ઈસ્યુ થતા પુસ્તકોની પરિક્રમિત સંખ્યાની જાણ અવર્લી ચાર્ટ રાખવામાં આવે છે.અહેવાલી વર્ષમાં સભ્યસંખ્યા અને ગ્રંથપરિક્રમણની મા હિતી પત્રક ૯.૮.૩માં દર્શાવી છે.

**અન્યાદેયીકરણ :-**

ગ્રંથાલયમાં વાંચકોને જો મનવાંછિત પુસ્તક પ્રાપ્ત ન થાય તો પુસ્તક માટે ક્લેઈમ નોંધવાની સુવિધા છે. (નવલકથા સિવાય) આ માટે વાચકે નિયતપત્રક ભરી ટપાલ ટીકીટ લગાવી, તે પત્રક આપ-લે વિભાગમાં આપવાનું રહે છે.

**આંતર ગ્રંથાલય લેવડ-દેવડ :-**

સંસ્થાઓ અને સંશોધકો માટે આંતર ગ્રંથાલય લેવડ દેવડ અન્વયે પુસ્તકો મેળવવાની આ વિશિષ્ટ સુવિધાનો વર્ષ દરમ્યાન ૯૫ જેટલી સંસ્થાઓને તથા વાચકોને ૯૧૦ પુસ્તકો ઈશ્યુ કરવામાં આવ્યા છે.

**વિશિષ્ટ વાચક સેવા :-**

માહિતી- વાંચકોને કોઈપણ માહિતી ત્વરિત મળી રહે તે માટે, માહિતી સેવા શરૂ કરવામાં આવેલ. આ સેવાનો ઉપયોગ વિદ્યાર્થીઓ, વિદ્વાનો અને સંશોધકો કરે છે. આ સેવાનો લાભ રૂબરૂ તથા ટેલીફોન કે પત્ર વ્યવહાર દ્વારા મેળવી શકાય છે.

અનુલય સેવા- નવા આંગતુકને જુદા જુદા વિભાગો અને સેવાઓની માહિતી અનુલય સેવા વિભાગ દ્વારા મળે છે. ત્વરીત અનુલયસેવા આપી શકાય તે માટે સંદર્ભગ્રંથો કાયમ પ્રદર્શિત કરવામાં આવેલ છે. જેનો શાળા-કોલેજનાં વિદ્યાર્થીઓ તથા જીજ્ઞાસુઓ સતત ઉપયોગ કરી શકે છે.

પ્રતિલિપિ સેવા-કોઈપણ વાચકને તેની માહિતી જેવીકે ન્યુઝ પેપર સામાયિક કે સંદર્ભગ્રંથમાંથી મેળવેલ હોય તેની પ્રતિકૃતિ ત્વરાએ મળી રહે તે માટે કોપીયર મશીન વસાવવામાં આવ્યું છે. જેનો લાભ વાચક વર્ગ દ્વારા સતત લેવામાં આવે છે.

ઈન્ટરનેટ સેવા- ટેકનોલોજીના આ યુગમાં ઝડપથી માહિતી પ્રાપ્ત કરવા માટે કોમ્પ્યુટર વિભાગમાં તા.૨૩/૫/૯૯થી ઈન્ટરનેટ સેવાનો પ્રારંભ કરવામાં આવેલ છે. વર્ષ દરમ્યાન ૭૩૫ ઈચ્છુક સભાસદોએ આ સેવાનો લાભ લીધેલ છે.

**બાળ કિશોર વિભાગ :-**

યુનેસ્કો લાયબ્રેરી ડેવલપમેન્ટ પ્લાન અન્વયે ૧૯૫૬ માં ૬ થી ૧૪ વર્ષની વયના બાળકો માટે વૈવિધ્યસભર વાંચન, વાંચનેતર અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા બાળકો માટે વાંચનટેવ ખીલવી શકાય તેમજ તેમના વ્યક્તિત્વનો વિકાસ થાય તે આશયથી આ વિભાગમાં ૭૦ બેઠકોની વ્યવસ્થા કરવામાં આવી છે. અહેવાલી વર્ષમાં આ વિભાગમાં બાળકોની કુલ હાજરી ૧૨,૬૪૮ હતી તેઓ દ્વારા કુલ ૮૨,૪૫૨ પુસ્તકો વંચાયેલ. બાળકોને જ્ઞાન સાથે ગમ્મત મળે તે હેતુથી વિવિધ ભાષાના બાળ સામાયિકો મંગાવવામાં આવે છે. નાના ભૂલકાંઓ માટે રમકડાંગૃહ બનાવવામાં આવ્યું છે.

**<u>મહિલા વિભાગ :-</u>**

વિપુલ વાંચન સામગ્રી ધરાવતાં આ વિભાગમાં ૨૫ બેઠકોની વ્યવસ્થા છે. મહિલાઓને વિશેષ ઉપયોગી એવા ગૃહસજાવટ, પાકશાસ્ત્ર, આરોગ્ય, સૌંદર્ય, ભરત-ગુંથણ, સીવણ, સ્ત્રી ધર્મ, દાંમ્પત્ય, બાળ ઉછેર વિગેરેને લગતાં ગ્રંથો તથા વિશિષ્ટ ફોટોગ્રાફ્સ આ વિભાગમાં ઉપલબ્ધ છે. આ વિભાગમાં મહિલાઓને લોકપ્રિય તેવા વિવિધ ભાષાનાં સામાયિકો મંગાવવામાં આવે છે. અહેવાલી વર્ષમાં ૮,૪૬૦ મહિલાઓએ આ વિભાગનો ઉપયોગ કર્યો હતો.મહિલાઓને કુલ ૬૭૪૫ પુસ્તકો ઈસ્યુ કરવામાં આવ્યા હતા. અર્થાત દૈનિક સરેરાશ ૨૩ હતી.

**<u>સર્જન શીલા :-</u>**

મહિલાઓ રચિત સાહિત્યનો નવીન વિભાગ સર્જનશીલા સને ૯૫માં શરૂ કરવામાં આવ્યો છે.આ વિભાગમાં માત્ર મહિલા લેખિકાઓ દ્વારા રચિત પુસ્તકોનો સંગ્રહ કરવામાં આવ્યો છે.જે મહિલાઓ માટે લેખન પ્રક્રિયામાં પ્રેરક બની રહે છે.

**<u>બ્રેલ અને ટોકીંગ વિભાગ :-</u>**

અંધ વિદ્યાર્થીઓ અને વયસ્ક પ્રજ્ઞાચક્ષુઓ માટેના આ વિભાગમાં અભ્યાસલક્ષી અને આનુષંગિક વિષયોને લગતી ઓડીયો કેસેટસ છે.ઉપરાંત બ્રેલ પુસ્તકો અને બ્રેલ સામાયિકો પણ ઉપલબ્ધ છે.

**<u>અધ્યયન વિભાગ :-</u>**

અદેય ગ્રંથોના ઉપયોગ માટેના આ વિભાગમાં અહેવાલી વર્ષમાં ૫૩૦૨ વાંચકોએ ૭૩૨૫ થી વધુ ગ્રંથોનો ઉપયોગ કર્યો હતો.વિશેષમાં પોતાના ગ્રંથો સાથે બેસવાની વિદ્યાર્થીઓને અત્રે વિશેષ સગવડ આપવામાં આવે છે. અહેવાલના વર્ષ દરમ્યાન કુલ ૬૭૩૦ વિધાર્થીઓએ અધ્યયન વિભાગની વિશેષ સગવડનો લાભ લીધેલ.

**<u>ગ્રંથ બંધામણી :-</u>**

અહેવાલી વર્ષ દરમ્યાન ૩૭૦૦ પુસ્તકો બંધાવવામાં આવેલ હતા .તે માટે રૂા. ૦.૧૮ લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો.

**<u>વિડીયો કેસેટ લાયબ્રેરી :-</u>**

ગ્રંથોની સાથે દશ્ય - શ્રાવ્યનું મહત્વ વધતાં આ લાયબ્રેરી શરૂ કરવામાં આવી છે. હાલમાં આ પુસ્તકાલય પાસે ૨૪૭ ઉપરાંત વિડીયો કેસેટસ છે.

**<u>ઓડિયો કેસેટ શ્રવણ વિભાગ :-</u>**

ગુજરાતનાં સાહિત્ય સર્જકોની ગદ્ય-પદ્ય કૃતિઓનું સ્વમુખે પઠન કરાવે તેવી કુલ ૪૯ કેસેટ તથા વિશિષ્ટ સર્જકોની ભારતીય રાગ સંગીતની માણવા યોગ્ય સ્વર વાદ્યની સંકલિત ૩૪૩ કેસેટસ વસાવવામાં આવી છે.

**<u>આર્ટ પિકચર ગેલેરી :-</u>**

કાયમી ધોરણે આયોજન કરવામાં આવેલ આર્ટ ગેલેરીમાં 'અમદાવાદ ગઈકાલ અને આજના' ફોટોગ્રાફ્સ વિશેષ આકર્ષણ ધરાવે છે.

**<u>પેપર કલીપીંગ ફાઈલ :-</u>**

વાર તહેવાર, જન્મ જયંતિ, પૂણ્યતિથી પ્રસંગે વિવિધ પ્રદર્શનો ગોઠવવામાં આવે છે.તેમજ રાજનૈતિક ઘટનાક્રમને લગતી અલગ અલગ વિષયોની ફાઈલો તૈયાર કરવામાં આવે છે.અહેવાલના વર્ષ દરમ્યાન ૫૦ નવી ફાઈલો તૈયાર કરવામાં આવેલ છે

.

**બાળકો માટેનું ફરતું પુસ્તકાલય :-**

શહેરનાં પરા અને મજૂર વિસ્તારનાં બાળકોને ઘરઆંગણે પુસ્તકાલયની સેવાઓ મળી રહે તે માટે સને ૧૯૭૯ થી આ બાળ પુસ્તકાલય શરૂ કરવામાં આવેલ છે. જે કુલ ૧૦ વિસ્તારનાં ૩૨ સેવા કેન્દ્રો ઉપર ગ્રંથપરિક્રમણ સેવા આપે છે.અહેવાલી વર્ષમાં ૮૭૪ બાળકો સભાસદ બન્યા હતા અને તેઓએ કુલ ૧૩૧૧૦ ગ્રંથનો લાભ લીધો હતો.

**મહિલાઓ માટે ફરતું પુસ્તકાલય :-**

ગૃહકાર્યમાં વ્યસ્ત મહિલાઓ નવરાશના સમયનો સર્જનાત્મક ઉપયોગ કરે અને અદ્યતન માહિતી મેળવે તે હેતુને લક્ષમાં રાખી શહેરના દૂર અને પરા વિસ્તારની મહિલાઓને ઘરઆંગણે સુવિધા પુરી પાડવા સને ૧૯૮૯માં મહિલાઓ માટેના ફરતા પુસ્તકાલયનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જે કુલ ૧૦ વિસ્તારના ૩૪ સેવા કેન્દ્રો ઉપર સેવા આપે છે.અહેવાલી વર્ષમાં ૬૮૪ સભાસદ મહિલાઓએ ૧૩૬૮૬ પુસ્તકોના વાંચનનો લાભ મેળવ્યો હતો.

**ઓડિયો વિડીયો મોબાઈલ લાયબ્રેરી :-**

પ્રગતિશીલ યુગમાં સમયનાં અભાવને કારણે અમદાવાદ તેમજ દૂરનાં અને પરાનાં મજૂર વિસ્તારોમાં જયાં ઈલેકટ્રોનિક સાધનો ઉપલબ્ધ નથી ત્યાં બાળકો તેમજ આમ જનતાને સામાજીક શૈક્ષણિક તેમજ વિજ્ઞાનથી માહિતગાર કરવા માટે આ લાયબ્રેરી વિના મૂલ્યે સેવાઓ પુરી પાડે છે. સોમવારથી શુક્રવાર દરમ્યાન આ મોબાઈલ વાન અલગ અલગ વિસ્તારમાં ૪૫ મીનીટ આ મનોરંજનાત્મક કાર્યક્રમોની કેસેટ બતાવામાં આવે છે.બાળકોમાં દેશભક્તિની ભાવના કેળવાય તે માટે પરમવીરચક્ર,ચાણક્ય જેવી ટી.વી. સીરીયલોની કેસેટસ પણ બનાવવામાં આવે છે. રામાયણ, મહાભારત જેવી સિરીયલોની કેસેટસનું મહિલાઓને બતાવવામાં આવે છે.

**શાખા પુસ્તકાલયો :-**

મા.જે.પુસ્તકાલય સંચાલિત વિજયનગર વાંચનાલય નારણપુરા વિસ્તારમાં તા.૧/૫/૯૭ થી હાઉસીગ બોર્ડના મકાનમાં શરૂ કરવામાં આવ્યું. અહીં વાંચનકક્ષની સુવિદ્યા આપવામાં આવે છે. જેમાં ૧૫૦ વિદ્યાર્થીઓ એક સાથે બેસી વાંચી શકે છે. સામાન્ય રીતે જાન્યુઆરી સુધી વાંચનકક્ષનો સમય સવારે ૮ થી રાત્રિના ૮ સુધી ખુલ્લો રહેતો વાંચનકક્ષ પરીક્ષા સમયે સવારે ૮ થી રાત્રે ૧૦ સુધી ખુલ્લો રહે છે. વાંચનાલય વિભાગમાં કુલ ૭૪ વર્તમાનપત્રો-સામાયિકો પૈકી ૪૮ લવાજમથી મંગાવવામાં આવે છે. જેનું લવાજમ અહેવાલી વર્ષમોં ખર્ચ રૂા.૦.૩૯ લાખ થયો હતો. વર્ષ દરમ્યાન કુલ ૧,૬૧,૮૩૯ વાંચકોએ લાભ લીધો હતો.જે દૈનિક ૩૪૫ ની સરેરાશ દર્શાવે છે.સને૨૦૦૨-૨૦૦૩ દરમ્યાન શાખા પુસ્તકાલય વિજયનગર ખાતે ૧૩૫૭ વયસ્ક,૪૫૧ આજીવન અને ૫૭૦ બાળકિશોર સભાસદ થયા હતા.વયસ્ક સભાસદોમાં કુલ ૩૯,૭૭૬ ગ્રંથપરિક્રમણ થયેલ. બાળ કિશોર વિભાગમાં કુલ ૧૨૫૪૪ ગ્રંથપરિક્રમણ થતાં દૈનિક સરેરાશ ૪૪ ની થયેલ છે.ઉપરાંત પ્રગતિ સાહિત્ય વર્તુળના ઉપક્રમે જુદા જુદા ત્રણ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

અજીત ભગત શાખા પુસ્તકાલય (કાલુપુર)માં મહિલાઓમાં લોકપ્રિય તેવા વિવિધ ભાષાના ૪૦ જેટલા સામાયિકો મંગાવવામાં આવલ હતા.જેનો ખર્ચ રૂા.૦.૧૧ લાખ થયેલ.વર્ષ દરમ્યાન મહિલા વિભાગમાં ૧૨૨અને બાળકિશોર વિભાગમાં ૩૮ સભાસદો રહયા હતા.જેમાં અનુક્રમે કુલ ૧૮૩૦ અને ૧૮૮૪ ગ્રંથ પરિક્રમણ થવા પામ્યા હતા.

સને ૧૯૯૮થી શરૂ કરવામાં આવેલ શાખા પુસ્તકાલય નરોડામાં વયસ્ક, બાળકો તેમજ મહિલાઓને ઉપયોગી થાય તેવા પુસ્તકો, વર્તમાનપત્રો તથા સામાયિકો મંગાવવામાં આવે છે.અહેવાલી વર્ષમાં અહી મંગાવાયેલ ૨૦ સામાયિક-વર્તમાનપત્રો પૈકી ૧૩ લવાજમથી મંગાવવામાં આવેલ.જેના લવાજમનો ખર્ચ રૂા.૦.૧૧લાખ થયેલ.અહી વર્ષ દરમ્યાન વયસ્ક ૧૬૫ અને બાળકિશોર ૫૫ સભાસદો થયેલ. વર્ષ દરમ્યાન ૬૩૫૬ વાંચકોમાં ૨૧૪૫ ગ્રંથપરિક્રમણ થયેલ.જયારે બાળકિશોર વિભાગમાં કુલ ૧૧૫૪૫ બાળકોમાં ૬૨ ગ્રંથપરિક્રમણ થવા પામેલ.

**<u>વિશિષ્ટ સેવાઓ :-</u>**

વધુમાં વધુ લોકો ગ્રંથાલયનો ઉપયોગ કરે તે માટે વિશિષ્ટ વાંચનેત્તર અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ યોજવામાં આવે છે. વર્ષાંતે કુલ ૨૦ પ્રદર્શનોનું આયોજન કરી વાચકોને ગ્રંથાલય પ્રતિ આકર્ષવામાં આવેલ છે. બાળકોની વક્તૃત્વ કલાના વિકાસાર્થે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવે છે.

**<u>સાહિત્ય વર્તુળ :-</u>**

૧૮ જુલાઇ ૧૯૮૫થી સાહિત્ય વર્તુળની રચના કરવામાં આવી છે.આ વર્તુળ દ્વારા આજ સુધીમાં લગભગ ૩૪૨ વાર્તાલાપ અને પ્રશ્નોત્તરી યોજાય છે. જેમાં કવિ, વાર્તાકાર, નવલકથાકાર, નાટયકાર, નિબંધકાર, પત્રકાર, વિવેચક, હાસ્ય લેખક વિગેરેનો સમાવેશ થાય છે.પ્રતિષ્ઠિત સર્જકો ઉપરાંત નવોદિત લેખકો,કવિઓ અને તેમની કૃતિઓની નવોદિત લેખક સમારોહમાં અભિવ્યક્તિ કરવામાં આવી હતી.આ સાહિત્ય વર્તુળના ઉપક્રમે જુદા જુદા લેખકો સાથેનો વાર્તાલાપ અને પ્રશ્નોત્તરીનું આયોજન કરવામાં આવ્યું હતુ.

ભવિષ્યમાં આ પુસ્તકાલય દ્વારા સિનિયર સીટીઝન કોર્નર,પુસ્તકાલયમાં ઓડિયો-વિડીયો,સી.ડી તથા વી.સી.ડી.વસાવવા મ્યુ.કોર્પો. સંચાલિત શાળાઓ અને બાલભવનમાં જગાની અનૂકુળતા મુજબ વિદ્યાર્થીઓ માટે વાંચનાલયની રચના,મા.જે.પુસ્તકાલયભવનનું વિસ્તરણ,મણીનગર ખાતે શાખા પુસ્તકાલયનું આયોજન,શાખા પુસ્તકાલયની અમરાઇવાડી અને બાપુનગર ખાતે રચના,ફરતા મહિલા પુસ્તકાલય માટે નવી વાન ખરીદવી. કોમ્પ્યુટર ઇન્ફર્મેશન ટેકનોલોજી વિભાગના પુસ્તકોની ખરીદી જેવા ભાવિ કાર્યક્રમોનું આયોજન કરવાની વિચારણા ચાલુ છે.

**પત્રક ૯.૭.૧**

**<u>સંક્ષિપ્ત માહિતી</u>**

| | |
|---|---|
| **સ્થાપના વર્ષ** | ૧૯૩૮ |
| **પુરસ્કર્તા** | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન |
| **વ્યવસ્થા** | મા.જે.પુસ્તકાલય,વ્યવસ્થાપક મંડળ |
| **કુલ ખર્ચ** | રૂા.૧,૪૪,૨૬,૮૫૨/- પૂરા |
| **કર્મચારીગણ** | ૧૧૮ |
| **વ્યાવસાયિક** | ૧૫ |
| **અર્ધ વ્યાવસાયિક** | ૪૦ |
| **બિન વ્યાવસાયિક** | ૩૯ |
| **વાચક સેવાઓ :-** | |
| સામાન્ય | વર્તમાનપત્રો- સામયિકો |
| | અધ્યયન( સંદર્ભ ) |
| | અધ્યયન( વિદ્યાર્થી) |
| ગ્રંથ પરિક્રમણ | વયસ્ક |

| | |
|---|---|
| | બાળકિશોર |
| | મહિલા |
| | ફ.બા.પુ. |
| | ફ.મ.પુ. |
| | શાખા પુસ્તકાલય<br>(વિજયનગર, કાલુપુર, નરોડા) |
| | વયસ્ક |
| | બાળકિશોર |
| | બ્રેલ |
| | આંતર ગ્રંથાલય |
| **પ્રલેખન માહિતી સેવા** | અનુલય ( સંદર્ભ ) |
| | માહિતી |
| | વાડમય સૂચિ |
| | પ્રતિલિપિ |
| | રમકડાં વિભાગ |
| **વિભાગીય** | બાળકિશોર વિભાગ |
| | બાળ સંગ્રહાલય |
| | બ્રેલ અને ટોકિંગ બુક |
| | મહિલા |
| વિસ્તરણ | શાખા પુસ્તકાલય |
| | ફરતું બાળ પુસ્તકાલય |
| | આર્ટ અને પિક્ચર ગેલેરી |
| | મહિલાઓ માટેનું ફરતું પુસ્તકાલય |
| | કાવ્યધારા |
| | કેસેટસ શ્રવણ |
| | ગ્રંથ પ્રદર્શન |
| | દ્રશ્ય - શ્રાવ્ય |
| | ઓડિયો |
| | ઓડિયો – વિડીઓ |
| | જ્ઞાનસત્ર |
| | જ્ઞાનોદ્યાન |
| | સાંસ્કૃતિક પ્રવૃતિઓ |
| | વિસ્તરણ પ્રવૃતિઓ |
| | ઉદ્યાન પુસ્તકાલય |
| | કોમ્પ્યુટર |
| | શાખા પુસ્તકાલય - વિજયનગર |
| | અજીત ભગત મહિલા પુસ્તકાલય |
| | શાખા પુસ્તકાલય - નરોડા |
| **શિક્ષણ વિભાગ** | ગ્રંથાલય પ્રશિક્ષણ |

| | |
|---|---|
| | વાંચનાલય |
| | અધ્યયન ( કિશોર ) |
| | અધ્યયન ( વયસ્ક ) |
| **ગ્રંથ ભંડાર ( સામાન્ય )** | દેય |
| | અદેય |
| **ગ્રંથભંડાર ( વિશિષ્ટ )** | આપણું અમદાવાદ |
| | ગુજરાત સ્થાનિક ઈતિહાસ |
| | ૧૯૦૦ પહેલાં પ્રકાશિત ગુજરાતી ભાષાનાં પુસ્તકો |
| | નવલકથા સંગ્રહ |
| **વિશિષ્ટ સાહિત્ય** | સત્યાગ્રહ આશ્રમ |
| | ગાંધી સાહિત્ય |
| | નહેરૂ સાહિત્ય |
| | સરદાર પટેલ સાહિત્ય |
| | ડૉ.આંબેડકર સાહિત્ય |
| | સર્જનશીલા |
| **નવા ઉમેરાયેલાં ગ્રંથો** | ૧૫,૫૨૬ |
| **કુલ ગ્રંથસંગ્રહ** | ૫,૬૧,૩૬૭ |
| **સામયિકો** | ૩૩૧ + ૨૦૨= ૫૩૩ |
| **કુલ સભ્ય સંખ્યા** | ૨૩,૦૧૧ |
| વયસ્ક | ૧૬,૯૯૯ |
| આજીવન | ૨,૪૮૩ |
| બાળકિશોર | ૧,૯૭૧ |
| ફરતું બાળ પુસ્તકાલય | ૮૭૪ |
| ફરતું મહિલા પુસ્તકાલય | ૬૮૪ |
| કુલ વાંચક સંખ્યા | ૧,૭૭,૮૨૮ |
| વયસ્ક | ૧,૫૬,૭૨૦ |
| બાળકિશોર | ૧૨,૬૪૮ |
| મહિલા | ૮,૪૬૦ |
| **કુલ ગંથ્ર પરિક્રમણ કુલ** | ૪,૦૫,૦૫૭ |
| વયસ્ક | ૩,૩૯,૯૮૦ |
| મહિલા વિભાગ | ૬,૭૪૫ |
| બાળકિશોર | ૩૧,૫૩૬ |
| ફરતું બાળ પુસ્તકાલય | ૧૩,૧૧૦ |
| ફરતું મહિલા પુસ્તકાલય | ૧૩,૬૮૬ |
| શાખા પુસ્તકાલય વિજયનગર સભ્યસંખ્યા | |
| વયસ્ક | ૧,૩૫૭ |
| આજીવન | ૪૫૧ |
| બાળકિશોર | ૫૭૦ |

| | |
|---|---|
| **કુલ** | **૨,૩૭૮** |
| **શાખા પુસ્તકાલય-વિજયનગર-વાચક સંખ્યા** | |
| વયસ્ક | ૧,૬૧,૮૩૯ |
| બાળકિશોર | ૧૮,૯૮૯ |
| મહિલા | ૪,૮૯૦ |
| **કુલ** | **૧,૮૫,૭૧૮** |
| **શાખા પુસ્તકાલય-વિજયનગર-ગ્રંથપરિક્રમણ** | |
| વયસ્ક | ૩૯,૭૭૬ |
| બાળ કિશોર | ૧૨,૫૪૪ |
| **કુલ** | **૫૨,૩૨૦** |
| **શાખા પુસ્તકાલય-અજીત ભગત કાળુપુર** | |
| સભ્ય સંખ્યાઃ મહિલા અને બાળકિશોર | ૧૨૨+૩૮=૧૬૦ |
| વાચક સંખ્યાઃ મહિલા અને બાળકિશોર | ૧૧૧૯+૧૭૩૨=૨૮૫૧ |
| ગ્રંથ પરિક્રમણઃ મહિલા અને બાળકિશોર | ૧૮૩૦+૩૮૦=૨૨૧૨ |
| **શાખા પુસ્તકાલય-નરોડા** | |
| સભ્યસંખ્યાઃવયસ્ક અને બાળકિશોર | ૧૬૫+૧૫=૧૮૦ |
| ગ્રંથ પરિક્રમણઃવયસ્ક અને બાળકિશોર | ૨૧૪૫+૮૮૪=૩૦૨૯ |
| વાચક સંખ્યાઃવયસ્ક અને બાળકિશોર | ૫૭૮૬+૧૧,૧૭૮=૧૬,૯૬૪ |
| **ફરતું બાળ પુસ્તકાલય** | |
| વિસ્તાર | ૧૦ |
| સેવા કેન્દ્ર | ૩૩ |
| **ફરતું મહિલા પુસ્તકાલય** | |
| વિસ્તાર | ૧૦ |
| સેવા કેન્દ્ર | ૩૪ |
| **ઓડિયો વિડીયો મોબાઈલ લાયબ્રેરી** | |
| વિસ્તાર | ૧૫ |
| સેવા કેન્દ્ર | ૩૪ |
| **સભ્યપદ** | |
| વાર્ષિક લવાજમ રૂા.૧૨૦/-(નોન રીફંડેબલ) | ૨ ટિકીટ |
| આજીવન સભ્યપદ લવાજમ રૂા.૫૦૦/-(નોન રીફંડેબલ) | ૪ ટિકીટ |
| સિનિયર સીટીઝન આજીવન સભ્યપદ લવાજમ રૂા.૨૫૦/- (નોન રીફંડેબલ) | ૪ ટિકીટ |
| **બાળ કિશોર** | |
| વાર્ષિક લવાજમ રૂા.૬૦/-(નોન રીફંડેબલ) | ૨ ટિકીટ |
| આજીવન લવાજમ રૂા.૨૫૦/- (નોન રીફંડેબલ) | ૪ ટિકીટ |

# પત્રક ૯.૭.૨
## પુસ્તકાલયના તમામ પુસ્તકોની ભાષાવાર અને વિષયવાર માહિતી : ૨૦૦૨-૨૦૦૩

| વિષય | અંગ્રેજી | ગુજરાતી | હિન્દી | ઉર્દૂ | મરાઠી | સંસ્કૃત | બંગાળી | સીંધી | ફ્રેન્ચ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સર્વસાધારણ | ૬૩૮૧ | ૨૭૫૭ | ૭૫૨ | ૭૦ | ૧૪૪ | ૫૦ | ૧૦ | - | - | ૧૦૧૬૪ |
| તત્વજ્ઞાન | ૫૫૧૪ | ૮૩૭૮ | ૧૩૪૩ | ૨૮૭ | ૩૪૩ | ૭૫૨ | ૧૦૦ | ૧૩ | - | ૧૬૭૩૦ |
| ધર્મ | ૪૦૯૩ | ૭૦૮૭ | ૧૮૩૪ | ૧૪૭૯ | ૪૯૫ | ૧૩૬૦ | ૧૪૫ | ૧૧૩ | ૧ | ૧૬૬૦૭ |
| સમાજશાસ્ત્ર | ૨૫૪૫૫ | ૭૨૬૮ | ૨૧૧૯ | ૪૬૨ | ૩૨૬ | ૧૨૨ | ૧૨૦ | ૨૮ | ૨૨ | ૩૫૯૨૨ |
| ભાષાઅલંકાર | ૧૪૧૩ | ૮૮૫ | ૬૦૦ | ૧૯૫ | ૯૦ | ૨૮૪ | ૧૩ | ૧૧ | ૨૮ | ૩૫૧૯ |
| વિજ્ઞાન | ૪૩૩૪ | ૧૬૧૭ | ૪૦૪ | ૬૧ | ૧૦૫ | ૧૬ | ૧૨ | ૨ | - | ૬૫૫૧ |
| ઉપયોગી કળાઓ | ૯૦૩૮ | ૬૮૯૬ | ૮૨૮ | ૨૧૫ | ૨૮૧ | ૫૦ | ૨૯ | ૨૧ | - | ૧૭૩૫૮ |
| લલિતકળાઓ | ૭૩૬૫ | ૩૬૧૧ | ૫૧૯ | ૮૦ | ૧૮૧ | ૪૯ | ૧૦૬ | ૮ | ૧૮ | ૧૧૯૩૭ |
| સાહિત્ય( નવલકથા સિવાય ) | ૧૦૨૭૦ | ૨૭૩૩૧ | ૮૧૬૭ | ૩૮૦૮ | ૧૫૧૪ | ૧૦૯૦ | ૬૫૮ | ૧૩૪ | - | ૫૨૯૭૨ |
| જીવનચરિત્ર | ૬૫૩૬ | ૪૫૯૭ | ૧૩૨૬ | ૩૬૪ | ૪૮૪ | ૫૯ | ૧૧૧ | ૪૮ | ૧ | ૧૩૫૨૬ |
| ભૂગોળ પ્રવાસ | ૩૬૮૧ | ૧૧૦૭ | ૩૨૩ | ૮૬ | ૧૧૦ | ૧૩ | ૧૪૬ | ૧૦ | ૧ | ૫૪૭૭ |
| ઈતિહાસ | ૬૧૨૬ | ૨૦૮૦ | ૮૬૬ | ૪૯૫ | ૩૫૩ | ૩૨ | ૫૭ | ૧૩ | ૩૫ | ૧૦૦૫૭ |
| નવલકથા | ૧૧૨૧૧ | ૧૧૮૬૩૩ | ૧૦૭૨૯ | ૬૭૦૨ | ૪૧૨૮ | ૨૫ | ૯૬૭ | ૪૨૭ | - | ૧૫૨૮૨૨ |
| બાળ સાહિત્ય | ૧૬૧૬૨ | ૭૧૩૫૬ | ૬૬૨૮ | ૭૯૪ | ૭૦૦ | ૯ | ૧૮ | ૯ | - | ૯૫૬૭૬ |
| ફરતું બાળ પુસ્તકાલય | ૫૮૫૬ | ૫૬૯૦૨ | ૩૩૮૮ | ૭૮૧ | ૬૮૭ | - | - | - | - | ૬૭૬૧૪ |
| મહિલા વિભાગ | ૯૬૨ | ૪૨૫૬ | ૧૯૬ | - | ૧૪૫ | - | - | - | - | ૫૫૭૭ |
| સર્જનશીલા | ૨ | ૯૦૮ | ૩૨૧ | - | ૮ | - | - | - | - | ૧૨૩૯ |
| ફરતું  મહિલા પુસ્તકાલય | ૧૧૪૬ | ૫૪૭૦ | ૮૩૧ | - | ૬૧ | - | - | - | - | ૭૫૦૫ |
| શાખા પુસ્તકાલય – વિજયનગર | ૩૦૫૧ | ૧૬૩૨૩ | ૧૬૫૮ | - | ૨૦૬ | - | - | - | - | ૨૧૨૩૮ |
| શાખા પુસ્તકાલય – કાલુપુર | ૧૬૦ | ૪૩૧૧ | ૨૩૩ | - | ૧૪ | - | - | - | - | ૪૭૧૮ |
| શાખા પુસ્તકાલય – નરોડા | ૫ | ૩૫૧૧ | ૩૯૪ | - | ૨૪૮ | - | - | - | - | ૪૧૫૮ |
| **કુલ** | **૧૨૮૭૫૮** | **૩૫૫૨૮૪** | **૪૩૪૫૯** | **૧૫૮૭૯** | **૧૦૬૪૧** | **૩૯૧૧** | **૨૪૯૨** | **૮૩૭** | **૧૦૬** | **૫૬૧૩૬૭** |

## પત્રક ૯.૭.૩
## માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલયના જુદા જુદા વિભાગોમાં સભ્ય સંખ્યા અને ગ્રંથ પરિક્રમણની માહિતી

| વર્ષ | વિભાગ | સભ્ય સંખ્યા | ગ્રંથ પરિક્રમણ | સભ્યદીઠ વંચાયેલ સરેરાશ પુસ્તકો |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૨૦૦૧-૦૨ | (અ) વયસ્ક | ૧૨૬૩૨ | ૧,૭૨,૨૨૫ | ૧૪ |
| | (બ) બાળકિશોર | ૧૨૭૧ | ૨૧,૧૪૨ | ૧૭ |
| | (ક) ફરતું બાળ પુસ્તકાલય | ૧૪૧૦ | ૧૮,૯૭૬ | ૧૩ |
| | (ડ) ફરતું મહિલા પુસ્તકાલય | ૫૭૫ | ૬,૪૦૯ | ૧૧ |
| | **કુલ** | **૧૫,૮૮૮** | **૨,૧૮,૭૫૨** | **૧૪** |
| ૨૦૦૨-૦૩ | (અ) વયસ્ક | ૧૬૯૯૯ | ૧,૬૩,૩૩૪ | ૧૦ |
| | (બ) બાળકિશોર | ૧૯૭૧ | ૩૧,૫૩૬ | ૧૬ |
| | (ક) ફરતું બાળ પુસ્તકાલય | ૮૭૪ | ૧૩,૧૧૦ | ૧૫ |
| | (ડ) ફરતું મહિલા પુસ્તકાલય | ૬૮૪ | ૬,૭૪૫ | ૧૦ |
| | **કુલ** | **૨૦,૫૨૮** | **૨,૧૪,૭૨૫** | **૧૦** |

# ૧૦ અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ.

મ્યુનિસિપલ કોર્પોરેશન અને ટ્રાન્સપોર્ટ કમિટી દ્વારા નક્કી થયેલ નીતીઅનુસાર અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસનું સંચાલન ટ્રાન્સપોર્ટ મેનેજરશ્રી, મ્યુ.કોર્પો.એક્ટની જોગવાઈ અનુસાર સંભાળે છે. સને ૧૯૪૭માં શહેરનાં બસવ્યવહારનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું. અહેવાલી વર્ષમાં શહેરનાં બસપરિવહનનાં ભગીરથકાર્યને ૫૬ વર્ષ પૂરા થયા છે. જનતા દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધીઓ દ્વારા સામાન્ય રીતે એ.એમ.ટી.એસ.નું સંચાલન કરવામાં આવે છે. પ્રતિવર્ષ વધતી વસ્તી અને વધેલા શહેરના વિસ્તારને પરિવહનની સગવડતા આપવા સંસ્થા પોતાના મર્યાદિત સાધનો દ્વારા શક્ય તમામ પ્રયત્નો કરે છે.

અહેવાલી વર્ષમાં રોડ પરની ફરતી બસોની સંખ્યા ૪૧૦ અને વર્ષ આખરે રૂટોની સંખ્યા ૧૧૫ થઇ છે. આ અંગેની માહિતી આ સાથે સામેલ પત્રક ૧૦.૧ માં દર્શાવવામાં આવી છે. સંસ્થાના કર્મચારીઓનાં મોંઘવારી ભથ્થામાં, પેટ્રોલિયમ પેદાશમાં, સ્પેરપાર્ટસના ખર્ચમાં, વ્યાજના ખર્ચમાં પ્રતિવર્ષ વધારો થાય છે. અને ખર્ચનું ભારણ દિનપ્રતિદિન વધતુ જાય છે. જેનો અમલ તાત્કાલિક અસરથી થાય છે. જયારે બસભાડાના દરોને અમલમાં આવતા ઘણી લાંબી પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. સંસ્થાની નાણાંકીય પરિસ્થિતિ વિષમ હોવાથી ઓછી આવકવાળા રૂટોમાં ફેરફાર કરી, પ્રવાસીઓને વધુ સગવડ મળે તે રીતે આવક સુધારવાના પ્રયત્નો કરવામાં આવે છે. કેટલાંક રૂટોનેભેગા કરવામાં આવ્યા છે. જયારે કેટલાક રૂટોના માર્ગમાં ફેરફાર કરવામાં આવ્યા છે. મુખ્ય માર્ગ પર, હાઈ ફ્રીક્વન્સીથી બસો મળે તેવુ આયોજન કરવામાં આવ્યુ છે. પ્રવાસીઓને ઓછામાં ઓછી બસો બદલવી પડે અને સીધી જોડાણની બસો ઉપલબ્ધ બને તેવું આયોજન અહેવાલી વર્ષમાં કરવામાં આવ્યુ છે. એ.એમ.ટી.એસ.ના બસભાડા તથા લગેજ ભાડાની માહીતી પત્રક ૧૦.૨માં દર્શાવી છે. જયારે બસોનું ઉંમર પ્રમાણેનું વર્ગીકરણ પત્રક ૧૦.૩ માં દર્શાવવામાં આવ્યુ છે.

દેશના અન્ય રાજયોની ટ્રાન્સપોર્ટ અંડરટેકીંગ્ઝને ઓછા વ્યાજનું કેપીટલ કોન્ટ્રીબ્યુશન મળે છે. તેવું કોઈ કોન્ટ્રીબ્યુશન આ સંસ્થાને મળતું નથી. કેપીટલ કામો માટે પબ્લીક લોન, બેન્કો કે નાણાંકીય સંસ્થાઓ પાસેથી લોન લેવી પડે છે. આ લોન વ્યાજ સાથે તથા ટૂંકાગાળામાં પરત કરવાની હોઈ, સંસ્થા આર્થિક મુશ્કેલી અનુભવે છે. અહેવાલી વર્ષના અંત સુધીમાં કુલ અંદાજીત રૂા.૩૪૯.૬૦ કરોડની ખોટ ગઈ છે. અહેવાલી વર્ષમાં મ્યુ.કોર્પો. પાસેથી રૂા.૧૬૯૧.૦૦ લાખની કુલ લોન મળેલ છે.

અ.મ્યુ.ટ્રા.સ.ની રોડ ઉપર ફરતી બસોની છેલ્લા ત્રણ વર્ષની કેરીગ કેપીસીટી અને તેનો ટકાવારી ઉપયોગ પત્રક ૧૦.૪ માં દર્શાવવામાં આવ્યો છે. જયારે ૮૧-૮૨થી આવક ખર્ચ અને દૈનિક ખોટની માહિતી પત્રક ૧૦.૫ માં દર્શાવી છે. સંસ્થામાં અમલી બનેલા પાંચમાં પગારપંચની ભલામણોને પરિણામે તેમજ ડીઝલમાં થયેલ ભાવ વધારા, લીઝ ચાર્જીસ વિગેરેના કારણે સંસ્થા પર ભારણ વધતાં તેને પહોંચી વળવા છેલ્લે તા.૧૯/૧/૨૦૦૩થી બસભાડામાં વધારો કરવામાં આવેલ છે.

**<u>સ્ટોર્સ વિભાગની કામગીરી :-</u>**

સંસ્થાને જરૂરી સ્ટેશનરી, કન્ટીજન્સી તથા વર્કશોપને જરૂરી માલસામાન ખરીદવાનું તેમજ તેનું વિતરણ અને હિસાબી કામકાજ આ વિભાગ સંભાળે છે. આ વિભાગમાં જુદી જુદી જાતની અને સાઈઝની ૬૦૦૦ થી વધુ આઈટમો ઉપરાંત પીનીયન હોલ, ટાઈપ રેકશો રેન બેલ્ટ રેકસ વિ. રાખવામાં આવે છે. માલસામાન ઈસ્યુ કરતાં પહેલા જૂનો માલસામાન જમા લઈ તે વેચવાનું તેમજ તેનાં હિસાબો રાખવાનું કામ આ વિભાગમાં કરવામાં આવે છે.સ્ટોર્સ વિભાગ ખાતે કોમ્પ્યુટર દાખલ કરવામાં આવેલ છે. વર્કશોપને સમયસર માલસામાન મળી રહે તે માટે જુદા જુદા ટેન્ડરો તથા રેટ કોન્ટ્રાક્ટનાં ફોરકાસ્ટ, ડેટાશીટસ તથા રીન્યુ રીપોર્ટસ ખાતામાં વસાવેલ કોમ્પ્યુટર મારફતે વિગત મેળવી ઈન્વેન્ટરી કન્ટ્રોલ મારફત જરૂરી તજવીજ કરવામાં આવે છે.કોમ્પ્યુટર સિસ્ટમ દાખલ કરવાથી, કામગીરીનું લેવલ ઊંચુ આવતાં, સંસ્થાને

આર્થિક ફાયદો પણ થાય છે. કોમ્પ્યુટર દ્વારા મળેલ માહિતી મુજબ ખરીદ ઓર્ડરનાં શીડયુલમાં જરૂરી રીવીઝન થવાથી બિનજરૂરી સ્ટોક થતો નથી. આમ નાણાંનું બિનજરૂરી રોકાણ થતું અટકાવી શકાય છે.

**ટ્રાફિક વિભાગ :-**

અમદાવાદ શહેરનો વાહન વ્યવહારનો પ્રશ્ન દેશના અન્ય શહેરોથી તદ્ન ભિન્ન પ્રકારનો છે. શહેરના વિકાસની સાથે સાથે રસ્તાઓનો વિકાસ ન થવાને કારણે ટ્રાફીકની સમસ્યા ઉદ્ભવી છે. આમ છતાં પ્રર્વતમાન રૂટોનું આયોજન કરી, પ્રવાસીઓની વધતી જતી બસ સુવિધાની માંગણીને પહોંચી વળવા પ્રયત્ન કરી વધુ ટ્રીપોની બસ સેવાઓ આપવામાં આવી છે.

**પ્રવાસીઓને આપવામાં આવતી વિવિધ પ્રકારની સુવિધાઓ સ્પેશયલ બસ વર્ધી :-**

શહેરની જનતાને લગ્ન, ઉજાણી તથા સારા માઠા પ્રસંગોએ પ્રર્વતમાન દરે સ્પેશયલ બસ વર્ધીની સુવિધા આપવામાં આવે છે. આ બસોનું બુકીગ સંસ્થાની જમાલપુર ખાતે જનરલ સેકશનની ઓફિસમાં થાય છે. સામાન્ય બસનો પ્રથમ દોઢ કલાકનો મીનીમમ દર રૂા. ૧૨૫૦/- લેવામાં આવેલ છે. ત્યારબાદ દોઢ કલાક ઉપરાંતના સમય માટે દર ૧૫ મીનીટે કે તેના ભાગ માટે રૂા.૧૨૫/- લેવામાં આવેલ છે. તા.૧૨/૩/૦૩ થી સદરહુ વર્ધીના દરમાં વધારો કરવામાં આવેલ છે. તે મુજબ પ્રથમ દોઢ કલાકના રૂા.૧૭૫૦/- અને ત્યાર પછીની દરેક ૧૫ મીનીટ અથવા તેના કોઇ પણ ભાગ માટે રૂા. ૧૭૫/- લેવામાં આવે છે.અહેવાલી વર્ષમાં શહેરની જનતાની સગવડ માટે કુલ ૧૯૨૨ વર્ધીઓ દ્વારા રૂા.૫૫.૪૧ લાખની આવક થયેલ છે.

**પર્યટન બસ વર્ધી. :-**

શહેરની સ્કુલોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે રાહતના દરે શહેરના જોવાલાયક સ્થળોની મુલાકાત લેવા પર્યટન બસ વર્ધીની સેવા અમલમાં છે. આ દર અઢી ક્લાક માટે બસ દીઠ રૂા.૧૦૦૦ /- અને તે ઉપરાંત દરેક ૩૦ મીનીટ કે તેનાં ભાગ માટે રૂા.૨૦૦/- લેવામાં આવે છે. અહેવાલી વર્ષમાં ૬૬ પર્યટન બસ વર્ધીથી સંસ્થાને રૂા.૨.૨૭ લાખની આવક થયેલ છે.તદુપરાંત શહેરની અલગ અલગ સંસ્થાઓ દ્વારા સ્પે.વર્ધીની બસોની માંગણીથી રૂા.૪.૭૪ લાખની આવક થવા પામેલ છે.

**ટુરીસ્ટ-કોચ બસ સેવા :-**

દેશ વિદેશના પ્રવાસીઓને શહેરનાં પ્રાચીન-ઔતિહાસિક સ્થળોની મુલાકાત લેવા માટે આ સેવા અમલમાં મુકવામાં આવેલ આ યોજન અહેવાલી વર્ષમાં સ્થગિત રહેલ છે.

**વિદ્યાર્થી બસ કન્સેશનની યોજના :-**

સરકારી અનુદાન મેળવતી સ્કુલ, કોલેજ, તથા વ્યવસાયલક્ષી તાલીમી સંસ્થાનાં વિદ્યાર્થીઓને, તેમની શૈક્ષણિક સંસ્થાનાં પ્રમાણપત્રના આધારે વિધાર્થીના નિવાસસ્થાનથી શૈક્ષણિક સંસ્થા સુધી જવા માટે સ્કુલ, કોલેજ તરફથી નકકી કર્યા મુજબ પ્રથમ અને બીજા સત્રની સત્ર દીઠ માસિક રૂા. ૫૫/-એક માર્ગી મુસાફરી અને રૂા.૬૫/- બે માર્ગી મુસાફરીના અગાઉથી લઇને જે તે સત્રની મુદત માટેનો પ્રિપેઈડ પાસ કાઢી આપવામાં આવે છે.૩ થી ૧૨ વર્ષના બાળકોનો ચાર્જ સરખો લેવામાં આવે છે. અહેવાલી વર્ષમાં બન્ને સત્રમાં મળી કુલ ૧,૦૯,૫૧૨ પાસ ઇસ્યુ થયેલ છે જે પેટે સંસ્થાને રૂા.૨૮૩.૩૯ લાખની આવક થયેલ છે.

**અંધજન કન્સેશન :-**

અંધજન વ્યકિતઓને સિવિલ સર્જન અગર માન્ય મ્યુનિ.જનરલ હોસ્પિટલનાં આર.એમ.ઓ તેમજ અંધજન શાળાનાં આચાર્યનાં પ્રમાણપત્રનાં આધારે કાઢી આપવામાં આવતા ઓળખપત્રથી તેઓ વિનામૂલ્યે બસમાં પ્રવાસ કરી શકે છે. અહેવાલી વર્ષમાં કુલ ૪૫૧ નવા ઓળખપત્ર કાઢી આપવામાં આવેલ છે જે પૈકી ૩૦૪ પાસ રીન્યુ થયેલ છે.

સીનીયર સીટીઝન પાસ યોજના-

આ યોજના હેઠળ અમદાવાદ શહેરમાં વસતા ૬૫ વર્ષથી ઉપરની ઉમરના સીનીયર સીટીઝનોને મ્યુ.સંચાલીત બસ વિસ્તારમાં પ્રવર્તમાન ટીકીટના૫૦% મુજબની ટીકીટ લઇ ગમે ત્યાં ગમે તેટલા વખત મુસાફરી કરી શકે છે.સને ૨૦૦૨-૦૩માં કુલ ૩૫૫૯પાસ ઇસ્યુ કરવામાં આવ્યા છે.

વિકલાંગ(ખોડખાંપણ)કન્સેશન-

શારીરિક ખોડ ખાંપણ ધરાવતી કે અપંગ વ્યકિતઓને સીવીલ સર્જન કે માન્ય મ્યુ. જનરલ હોસ્પિટલના આર.એમ.ઓ.ના પ્રમાણપત્રના આધારે વિનામુલ્યે ઓળખપત્ર કાઢી આપવામાં આવે છે.આ ઓળખપત્ર ધરાવનાર વ્યકિત મુસાફરી દીઠ પ્રવર્તમાન લઘુત્તમ દરની ટીકીટ લઇને ગમે તેટલી વખત ગમે તેટલા અંતરની મુસાફરી કરી શકે છે. આ યોજના પેટે સને ૨૦૦૨-૦૩માં કુલ૮૯૫ વ્યકિતઓએ લાભ લીધેલ છે.જે પૈકી ૩૭૪ નવા પાસ ઇસ્યુ કરવામાં આવેલ છે.

**બહેરા- મૂંગા, માટે કન્સેશન :-**

બહેરા-મૂંગા હોય તેવી વ્યકિતઓને સીવીલ સર્જન અગર માન્ય મ્યુનિ.હોસ્પિટલનાં આર.એમ.ઓ. અથવા બહેરા-મૂંગા શાળાના આચાર્યનાં પ્રમાણપત્રને આધારે વિનામૂલ્યે કાઢી આપવામાં આવતા ઓળખપત્રથી વ્યક્તિ ગમે તેટલી વખત ગમે તેટલા અંતરની મુસાફરી માટે મુસાફરી દીઠ પ્રર્વતમાન દરના ૫૦% દરની ટિકિટ લઇ મુસાફરી કરી શકે છે. અહેવાલી વર્ષમાં ૩૩૫ નવા અને ૨૮૯ પાસ રીન્યુ કરવામાં આવેલ છે.

**મંદબુધ્ધિ-વિદ્યાર્થીના વાલીને કન્સેશન :-**

મંદબુધ્ધિબાળક જે પોતે શાળાએ જવા અસમર્થ છે તેમને શાળાએ મુકવા જવા માટે તેમજ તેમને શાળાએથી પાછા લઇ જવા માટે તેમના વાલીઓને તથા મંદબુધ્ધિબાળા બાળકોને ફકત બે વખતની મુસાફરી માટે વિદ્યાર્થી કન્સેશન દરથી પ્રિ.પેઈડ કન્સેશન પાસની સગવડ આપવામાં આવે છે.

માસિક-ત્રિમાસિક પાસ યોજના-

આયોજના હેઠળ અમદાવાદશહેરના શહેરીજનો કે જેઓ નોકરી કરતાં હોય તેમને ઘેરથી નોકરી જવાના સ્થળ સુધીની મુસાફરી માટે પાસ કાઢી આપવામાં આવે છે. આ યોજના હેઠળ પાસ કઢાવનાર ઇસમને માસિક-ત્રિમાસિક પાસ ઇસ્યુ કરવામાં આવે છે. તેમજ મન ફાવે માસિક તેમજ મન ફાવે ત્રિમાસિક પાસ પણ અપાય છે.અહેવાલી વર્ષમાં આ પ્રકારના કુલ-૫૩૨૨ પાસ કાઢી આપવામાં આવેલ છે.

**અકસ્માત વિભાગ : -**

અહેવાલી વર્ષ દરમ્યાન પોલીસમાં નોંધાયેલ અકસ્માતોની સંખ્યા ૫૬ છે જેમાં ૭ ફેટલ, ૧૫ ગંભીર અને ૩૪ સામાન્ય પ્રકારના અકસ્માત નોંધાયેલ છે.જ્યારે પોલીસ કેસ ન થયા હોય અને સમાધાનથી જે કેસો નોંધાયા છે તેવા કેસોની સંખ્યા ૧૬૦ છે. જેમાં બસોને થયેલ નુકશાન પેટે રૂા.૦.૧૯ લાખ વસૂલ લેવામાં આવેલ છે. ચાલુ બસે ચઢવા ઉતરવા જનાર પ્રવાસી અથવા બસમાં પ્રવાસ કરી રહેલ પ્રવાસીને ઇજા થઇ હોય તેવા એકસીડન્ટ કેસની સંખ્યા ૪ છે.

અ.મ્યુ.ટ્રા.સ.ની બસોથી કુલ -૩૪૫ અકસ્માતો નોંધાયા છે. ઇજા પામનારે કરેલ મોટર એકસીડન્ટ કલેઇમ્સ, ટ્રીબ્યુનલમાં વળતર માટે દાવા થયા હોય તેવા કેસોના ચુકાદા આવતા રૂા.૬૧.૩૩ લાખ સંસ્થાએ વળતર પેટે ચૂકવેલ છે.વર્ષ દરમ્યાન રૂા.૮૬.૬૯ લાખ ચૂકવવાના આદેશ થયેલ છે.

**<u>ફલાઈંગ સ્કવોડ :-</u>**

રોડ પર ફરતી બસોમાં ચેકીંગ રાખવા તથા તેના સ્ટાફની કામગીરીમાં ક્ષતિ જણાતા, જરૂરી પગલાં લેવા આ સ્કવોર્ડમાં આસી. ટ્રાફિક ઈન્સ્પેક્ટર્સની નિમણૂંક કરવામાં આવેલ છે. આ સ્કવોર્ડ ટ્રાન્સપોર્ટ મેનેજરશ્રીની સીધી દેખરેખ હેઠળ ચેકીંગની કામગીરી સંભાળે છે. જે જાહેર તહેવારો, મેળા મહોત્સવ, સભા-સરઘસ, હડતાળ કે આંદોલન જેવા પ્રસંગોની વ્યવસ્થા અંગેની વિશિષ્ટ ફરજો બજાવે છે. રેવન્યુ લીકજ રોકવા તથા બસ સંચાલનની સેવાને નિયમીત અને કાર્યદક્ષ બનાવવા, ચેકીંગ દરમ્યાન વગર ટિકીટે મુસાફરી કરતા પ્રવાસીઓ પાસેથી પેનલ્ટી વસૂલ કરવા ઉપરાંત ચોરી અગર અન્ય ગેરરીતીઓ આચરતા સ્ટાફ સામે પગલાં ભરવાની કામગીરી સંભાળે છે. બસોમાં નિયમીત ધોરણે પ્રવાસીઓ બેસાડવા જુદા જુદા સ્ટેન્ડે પોઇન્ટ ડયુટીની ફરજો બજાવે છે.

**<u>ટ્રાફિક ગુના તપાસ વિભાગ :-</u>**

ટ્રાફીક વિભાગના વિવિધ ખાતાઓનાં કર્મચારીઓની ગેરશીસ્ત, ઉધ્ધતવર્તન, ફરજ પ્રત્યે બેદરકારી, ચોરી, સંસ્થાનાં નીતિનિયમોનું ઉલ્લંઘન, શિસ્ત વિરૂધ્ધ વર્તન વિગેરે કિસ્સાઓમાં રીપોર્ટ આવતાં કર્મચારીઓ સામે ખાતાકીય પગલાં ભરવામાં આવે છે . અહેવાલી વર્ષમાં ૭૧૩ ડ્રાયવર અને ૮૦૮ કંડકટરને શો કોઝ નોટીસ આપવામાં આવેલ છે.

અહેવાલી વર્ષમાં કસૂરદાર કર્મચારીઓને આપેલ નોટીસો તથા તેના નિકાલની માહિતી પત્રક ૧૦.૭(બ) માં દર્શાવી છે.

## પત્રક ૧૦.૧
## બસોની ફ્લીટ, દૈનિક સરાસરી આવક, મુસાફરો અને ગ્રોસ કીમત દર્શાવતુ પત્રક

| અનુ.નં | વર્ષ | બસોની સંખ્યા | બસ રૂટસની સંખ્યા | રસ્તા પર ફરતી બસો | દૈનિક સરાસરી ગ્રોસ કી.મી. | દરરોજની સરેરાશ મુસાફરોની સંખ્યા. |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ૧૯૮૧-૮૨ | ૬૫૦ | ૨૦૮ | ૫૫૧ | ૧૦૫૩૯૭ | ૮૩૯૧૭૮ |
| ૨ | ૧૯૯૧-૯૨ | ૭૩૨ | ૨૩૨ | ૬૧૩ | ૧૧૯૫૦૮ | ૭૧૯૩૯૯ |
| ૩ | ૨૦૦૦-૦૧ | ૮૮૬ | ૧૪૦ | ૭૨૯ | ૧૫૭૯૭૧ | ૬૭૮૮૬૧ |
| ૩ | ૨૦૦૧-૦૨ | ૮૦૧ | ૧૩૬ | ૬૩૦ | ૧૨૯૯૦૦ | ૫૭૪૨૫૭ |
| ૪ | ૨૦૦૨-૦૩ | ૬૮૭ | ૧૧૫ | ૪૧૦ | ૮૫૭૩૨ | ૩૮૫૬૮૨ |

## પત્રક ૧૦.૨
## અહેવાલી વર્ષમાં અ.મ્યુ.ટ્રા.સ.ના બસભાડાનાં પ્રવર્તમાન દરો( પૈસામાં)
## (અમલ તા.૧૯/૧/૦૩)

| અંતર | સ્ટેજ | મ્યુ.હદના પ્રવાસીઓ માટે(પૈસામાં) | મ્યુ.હદ બહારના પ્રવાસીઓ માટે (પૈસામાં) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૦-૨ | ૧ | ૨૦૦ | ૨૫૦ |
| ૨-૪ | ૨ | ૩૫૦ | ૪૫૦ |
| ૪-૬ | ૩ | ૪૫૦ | ૫૫૦ |
| ૬-૮ | ૪ | ૫૫૦ | ૬૫૦ |
| ૮-૧૦ | ૫ | ૬૦૦ | ૭૦૦ |
| ૧૦-૧૨ | ૬ | ૭૦૦ | ૮૦૦ |
| ૧૨-૧૪ | ૭ | ૭૦૦ | ૮૦૦ |
| ૧૪-૧૬ | ૮ | ૮૦૦ | ૯૦૦ |
| ૧૬-૧૮ | ૯ | ૮૦૦ | ૯૦૦ |
| ૧૮-૨૦ | ૧૦ | ૯૦૦ | ૧૦૦૦ |
| ૨૦-૨૨ | ૧૧ | ૯૦૦ | ૧૦૦૦ |
| ૨૨-૨૪ | ૧૨ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ૨૪-૨૬ | ૧૩ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ૨૬-૨૮ | ૧૪ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ૨૮-૩૦ | ૧૫ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ૩૦-૩૨ | ૧૬ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ૩૨-૩૪ | ૧૭ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ૩૪-૩૬ | ૧૮ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ૩૬-૩૮ | ૧૯ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ૩૮-૪૦ | ૨૦ | ૧૩૦૦ | ૧૪૦૦ |

નોધ :- મ્યુ.હદ અને મ્યુ.હદ બહાર પ્રવાસ કરતાં પ્રવાસીઓ માટે ૧૩ સ્ટેજ પછી દર ૩ સ્ટેજ દીઠ ૧૦૦ પૈસા વધુ લેવામાં આવે છે.
બહેરા-મુંગા,બોબડા,સીનીયર સીટીઝન્સ અને બાળકો માટે અડધા દરે ટીકીટો આપવામાં આવે છે.

## પત્રક ૧૦.૩
## અ.મ્યુ.ટ્રા.સ. ની બસોની ઉંમર પ્રમાણેનું વર્ગીકરણ દર્શાવતુ પત્રક

| અનુ.નં | વર્ષ | બસની ઉંમર (વર્ષમાં) | | | | બસોની કુલ સંખ્યા | સરેરાશ ઉંમર |
|---|---|---|---|---|---|---|---|
| | | ૧ થી ૪ | ૫ થી ૮ | ૯ થી ૧૦ | ૧૧ અને વધુ | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ૧૯૮૧-૮૨ | ૧૭૫ | ૧૩૦ | ૮૯ | ૨૬૮ | ૬૬૨ | ૯.૮૧ |
| | | (૨૬.૪૪) | (૧૯.૬૫) | (૧૩.૪૪) | (૪૦.૪૮) | (૧૦૦) | |
| ૨ | ૧૯૮૮-૮૯ | ૯૬ | ૧૭૨ | ૨૦ | ૪૨૦ | ૭૦૮ | ૧૧.૭૭ |
| | | (૧૩.૫૭) | (૨૪.૨૯) | (૨.૮૨) | (૫૯.૩૨) | (૧૦૦) | |
| ૩ | ૧૯૮૯-૯૦ | ૧૬૭ | ૧૧૨ | ૭૯ | ૩૮૮ | ૭૪૬ | ૧૧.૨૮ |
| | | (૨૨.૩૯) | (૧૫.૦૧) | (૧૦.૫૯) | (૫૨.૦૧) | (૧૦૦) | |
| ૪ | ૧૯૯૦-૯૧ | ૨૦૭ | ૧૦૫ | ૬૭ | ૩૭૭ | ૭૫૬ | ૧૧.૨૦ |
| | | (૨૭.૩૮) | (૧૩.૮૯) | (૮.૮૬) | (૪૯.૮૭) | (૧૦૦) | |
| ૫ | ૧૯૯૧-૯૨ | ૧૪૦ | ૧૫૧ | ૧૯ | ૪૨૨ | ૭૩૨ | ૧૨.૦૬ |
| | | (૧૯.૧૩) | (૨૦.૬૨) | (૨.૬૦) | (૫૧.૬૭) | (૧૦૦) | |
| ૬ | ૧૯૯૨-૯૩ | ૧૫૭ | ૮૫ | ૧૦૫ | ૪૧૨ | ૭૫૯ | ૧૨.૦૧ |
| | | (૨૦.૬૯) | (૧૧.૨૦) | (૧૩.૮૩) | (૫૪.૨૮) | (૧૦૦) | |
| ૭ | ૧૯૯૩-૯૪ | ૯૫ | ૧૧૬ | ૯૩ | ૪૨૦ | ૭૨૪ | ૧૩.૨૬ |
| | | (૧૩.૧૨) | (૧૬.૦૨) | (૧૨.૮૫) | (૫૮.૦૧) | (૧૦૦) | |
| ૮ | ૧૯૯૪-૯૫ | ૫૫ | ૧૩૭ | - | ૫૧૨ | ૭૦૫ | ૧૪.૪૪ |
| | | (૭.૮૦) | (૧૯.૫૮) | - | (૭૨.૬૨) | (૧૦૦) | |
| ૯ | ૧૯૯૫-૯૬ | ૧૦૦ | ૮૦ | ૫૮ | ૪૮૬ | ૭૨૪ | ૧૪.૧૦ |
| | | (૧૩.૮૧) | (૧૧.૦૫) | (૮.૦૧) | (૬૭.૧૩) | (૧૦૦) | |
| ૧૦ | ૧૯૯૬-૯૭ | ૨૦૩ | ૧૩૩ | ૫૮ | ૪૨૬ | ૮૨૦ | ૧૧.૫૬ |
| | | (૨૪.૭૬) | (૧૬.૨૨) | (૭.૦૭) | (૫૧.૯૫) | (૧૦૦) | |
| ૧૧ | ૧૯૯૭-૯૮ | ૩૧૧ | ૯૫ | ૪૦ | ૪૩૬ | ૮૮૨ | ૧૦.૪૮ |
| | | (૩૫.૨૬) | (૧૦.૭૭) | (૪.૫૪) | (૪૯.૪૩) | (૧૦૦) | |
| ૧૨ | ૧૯૯૮-૯૯ | ૩૧૧ | ૫૫ | ૮૦ | ૪૩૬ | ૮૮૨ | ૧૧.૪૮ |
| | | (૩૫.૨૬) | (૬.૨૪) | (૯.૦૭) | (૪૯.૪૩) | (૧૦૦) | |
| ૧૩ | ૧૯૯૯-૦૦ | ૩૨૬ | ૧૦૦ | ૪૦ | ૪૭૬ | ૯૪૨ | ૧૧.૭૫ |
| | | (૩૪.૬૧) | (૧૦.૬૧) | (૪.૨૫) | (૫૦.૫૩) | (૧૦૦) | |
| ૧૪ | ૨૦૦૦-૦૧ | ૧૭૦ | ૨૦૨ | ૫૩ | ૪૬૧ | ૮૮૬ | ૧૧.૮૨ |
| | | (૧૯.૧૯) | (૨૨.૮૦) | (૫.૯૮) | (૫૨.૦૩) | (૧૦૦) | |
| ૧૫ | ૨૦૦૧-૦૨ | ૬૧ | ૩૧૦ | ૫૫ | ૩૭૫ | ૮૦૧ | ૧૧.૫૪ |
| | | (૭.૬૧) | (૩૮.૭૦) | (૬.૭૮) | (૪૬.૮૨) | (૧૦૦) | |
| ૧૬ | ૨૦૦૨-૦૩ | ૬૧ | ૩૧૦ | ૨ | ૩૧૪ | ૬૮૭ | ૧૦.૯૪ |
| | | (૮.૮૮) | (૪૫.૧૨) | (૦.૨૯) | (૪૫.૭૧) | (૧૦૦) | |

## પત્રક ૧૦.૪
## અ.મ્યુ.ટ્રા.સ.ની રોડ પર ફરતી બસોની છેલ્લા ત્રણ વર્ષની કેરીંગ કેપીસીટી અને તેનો ટકાવારી ઉપયોગ દર્શાવતુ પત્રક

| અનુ.નં | વિગત | ૨૦૦૦-૦૧ | ૨૦૦૧-૦૨ | ૨૦૦૨-૦૩ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | રોડ ઉપર ફરતી બસોની સંખ્યા | ૭૨૯ | ૬૩૦ | ૪૧૦ |
| | | | | |
| ૨ | રોડ ઉપર ફરતી બસોની કેરીંગ કેપીસીટી | ૪૮૯૮૯ | ૪૨૩૪૭ | ૨૭૨૨૮ |
| | | | | |
| ૩ | રોડ ઉપર ફરતી પ્રતિબસ દીઠ સરેરાશ કેરીંગ કેપીસીટી | ૬૭.૨૦ | ૬૭.૨૨ | ૬૬.૪૦ |
| | | | | |
| ૪ | દરરોજની સરેરાશ સીગલ ટ્રીપોની સંખ્યા | ૧૦૦૬૫ | ૮૩૮૨ | ૫૪૯૫ |
| | | | | |
| ૫ | રોડ ઉપર ફરતી બસોની સરેરાશ દૈનિક કેપીસીટી | ૬૭૬૩૬૮ | ૫૬૩૪૩૮ | ૩૬૪૮૬૮ |
| | | | | |
| ૬ | ખરેખર દૈનિક સરેરાશ મુસાફરોની સંખ્યા | ૬૭૮૮૬૧ | ૫૭૪૨૫૭ | ૩૮૫૬૮૨ |
| | | | | |
| ૭ | કેરીંગ કેપીસીટીનો ટકાવારી ઉપયોગ | ૧૦૦.૩૭ | ૧૦૧.૯૨ | ૧૦૫.૭૦ |

## પત્રક ૧૦.૫
## આવક ખર્ચ અને ખોટની માહિતી દર્શાવતુ પત્રક

| અનુ.નં | વર્ષ | વાર્ષિક ( રૂા. લાખમાં) | | દૈનિક ( રૂા. હજારમાં) | | |
|---|---|---|---|---|---|---|
| | | આવક | ખર્ચ | આવક | ખર્ચ | ખોટ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ૧૯૯૧-૯૨ | ૩૬૩૨.૬૩ | ૪૪૩૬.૩૨ | ૯૯૨ | ૧૨૧૫ | ૨૨૩ |
| | | | | | | |
| ૨ | ૧૯૯૮-૯૯ | ૭૬૨૮.૫૧ | ૯૨૦૦.૨૧ | ૨૦૯૦ | ૨૫૨૧ | ૪૩૧ |
| | | | | | | |
| ૨ | ૧૯૯૯-૦૦ | ૮૦૨૫.૦૪ | ૧૦૫૬૯.૫૯ | ૨૧૯૯ | ૨૮૯૬ | ૬૯૭ |
| | | | | | | |
| ૩ | ૨૦૦૦-૦૧ | ૮૫૪૨.૭૮ | ૧૩૭૫૨.૩૦ | ૨૩૪૦ | ૩૭૬૮ | ૧૪૨૮ |
| | | | | | | |
| ૪ | ૨૦૦૧-૦૨ | ૮૦૫૬.૯૫ | ૧૧૯૯૬.૫૩ | ૨૨૦૭ | ૩૨૮૭ | ૧૦૮૦ |
| | | | | | | |
| ૫ | ૨૦૦૨-૦૩ | ૪૯૮૪.૭૦ | ૧૦૧૩૪.૫૩ | ૧૩૬૬ | ૨૭૭૭ | ૧૪૧૧ |

## પત્રક ૧૦.૬

## સ્ટોર્સ વિભાગ દ્વારા છેલ્લાં ત્રણ વર્ષમાં કરવામાં આવેલ ખરીદીની માહિતી દર્શાવતુ પત્રક

| અનુ.નં | ખરીદીની વિગત | ખરીદીની કિંમત ( રૂા. લાખમાં) | | |
|---|---|---|---|---|
| | | ૨૦૦૦-૦૧ | ૨૦૦૧-૦૨ | ૨૦૦૨-૦૩ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | લેલેન્ડ અને માઈક્રો | ૩૪૫.૮૮ | ૩૪૦.૫૧ | ૧૭૮.૯૮ |
| | | | | |
| ૨ | મીની બસ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| | | | | |
| ૩ | સ્ટાફકાર અને મીસે.વેહીકલ્સ | ૩.૬૦ | ૨.૫૫ | ૧.૦૨ |
| | | | | |
| ૪ | બેટરી | ૧૫.૭૩ | ૮.૬૫ | ૧૪.૮૦ |
| | | | | |
| ૫ | મીસેલીનીયસ | ૪૧.૩૬ | ૨૯.૩૧ | ૧૪.૩૬ |
| | | | | |
| ૬ | ટાયર રીસોલ્ટ | ૩૨.૨૦ | ૨૯.૯૦ | ૧૭.૧૫ |
| | | | | |
| ૭ | ટાયર ટયુબ | ૧૨૩.૭૪ | ૭૦.૯૨ | ૨૭.૪૭ |
| | | | | |
| ૮ | લુબ્રીકેન્ટ | ૧૦૩.૦૬ | ૧૦૪.૫૩ | ૮૯.૯૮ |
| | | | | |
| ૯ | ટુલ્સ | ૧.૯૭ | ૧.૯૦ | ૦.૮૩ |
| | | | | |
| ૧૦ | તાતા | ૦.૧૮ | ૨.૬૪ | ૪.૬૨ |
| | | | | |
| | કુલ | ૬૬૭.૭૨ | ૫૯૦.૯૧ | ૩૪૯.૨૧ |

## પત્રક ૧૦.૭ (અ)

## કસુરદાર કર્મચારીઓને આપવામાં આવેલ નોટીસો તથા તેના નિકાલની માહિતી દર્શાવતુ પત્રક

| અનુ.નં | વિગત | કુલ નોટીસ આપેલ કર્મચારીઓની સંખ્યા | નોટીસ કેસના નિકાલની માહિતી | | | |
|---|---|---|---|---|---|---|
| | | | દંડ | તાકીદ | દફતરે | પેન્ડીંગ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ડ્રાયવર્સ | ૭૧૩ | ૨૭૫ | ૧૫૦ | ૧૧૩ | ૧૭૫ |
| ૨ | કન્ડક્ટર્સ | ૮૦૮ | ૪૦૦ | ૨૦૪ | ૧૦૦ | ૧૦૪ |
| ૩ | ઓફિસ સ્ટાફ તથા સુપરવાઈઝરી સ્ટાફ | ૪૬ | ૧૨ | ૩ | ૫ | ૨૬ |
| ૪ | પબ્લીક ફરિયાદ—ડ્રાયવર | ૫૧ | ૧૧ | ૧૩ | ૭ | ૨૦ |
| ૫ | પબ્લીક ફરિયાદ---કંડકટર | ૬૦ | ૧૨ | ૧૬ | ૭ | ૨૫ |
| ૬ | પબ્લીક ફરિયાદ- કન્ટ્રોલર | ૮ | ૨ | ૩ | ૨ | ૧ |
| | કુલ | ૧૬૮૬ | ૭૧૨ | ૩૮૯ | ૨૩૪ | ૩૫૧ |

## પત્રક ૧૦.૭ (બ)
## કસુરદાર કર્મચારીઓ સામે મુકવામાં આવેલ ચાર્જશીટો અને તેનાં નિકાલની માહિતી દર્શાવતુ પત્રક

| અનુ. નં | વિગત | કુલ ચાર્જશીટ કેસો | ચાર્જશીટ કેસમાં નિકાલની માહિતિ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | તાકીદ | લઘુત્તમ પગાર | દંડ | ઈન્ક્રીમેન્ટ રોકવા | સસ્પેન્ડ | બરતરફ | દફતરે | પેન્ડીંગ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | ડ્રાયવર્સ | ૨૬૨ | ૨૧ | ૨ | ૪ | ૬ | ૪ | ૨૩ | ૪ | ૧૯૮ |
| ૨ | કન્ડક્ટર્સ | ૧૪૪ | - | - | ૫ | ૪ | ૧૧ | ૧૮ | ૧ | ૧૦૫ |
| ૩ | પબ્લીક ફરિયાદ | ૬ | - | - | - | - | - | - | - | ૬ |
| ૪ | ઓફિસ સ્ટાફ તથા સુપરવાઈઝરી સ્ટાફ | ૪૦ | - | - | ૩ | ૧ | - | ૨ | ૭ | ૨૭ |
| | કુલ | ૪૫૨ | ૨૧ | ૨ | ૧૨ | ૧૧ | ૧૫ | ૪૩ | ૧૨ | ૩૩૬ |

## પત્રક ૧૦.૮
## અકસ્માત અને બ્રેકડાઉનની માહિતી દર્શાવતુ પત્રક

| અનું.નં | વર્ષ | પોલીસમાં નોંધાયેલ કેસો | પોલીસમાં નહીં નોંધાયેલ કેસો | કુલ | દૈનિક સરેરાશ બ્રેકડાઉન | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | ગ્રોસ કી.મી. લાખમાં | ટાયરમાં પંક્ચર સાથે | ટાયરમાં પંક્ચર વગર |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| | | | | | | | |
| ૧ | ૧૯૮૧-૮૨ | ૨૦૦ | ૫૧૪ | ૭૧૪ | ૩૮૪.૭૦ | ૬૦ | ૫૦ |
| | | | | | | | |
| ૨ | ૧૯૯૧-૯૨ | ૨૨૨ | ૩૯૫ | ૬૧૭ | ૪૩૭.૪૦ | ૫૧ | ૪૧ |
| | | | | | | | |
| ૩ | ૧૯૯૯-૦૦ | ૧૧૬ | ૪૦૧ | ૫૧૭ | ૫૯૪.૦૮ | ૬૩ | ૫૨ |
| | | | | | | | |
| ૩ | ૨૦૦૦-૦૧ | ૧૪૪ | ૨૯૧ | ૪૩૫ | ૫૭૬.૫૯ | ૬૮ | ૫૫ |
| | | | | | | | |
| ૪ | ૨૦૦૧-૦૨ | ૧૦૪ | ૫૯૨ | ૬૯૬ | ૪૭૪.૧૩ | ૮૨ | ૬૮ |
| | | | | | | | |
| ૫ | ૨૦૦૨-૦૩ | ૫૬ | ૧૬૦ | ૨૧૬ | ૩૧૨.૯૨ | | |